૫૬ ગાથાવાળી
અને
અપરત્વાની દેશની

LIGHT OF THE AVESTA AND THE GATHAS.

પાક ગાથાવાણી અને અવસ્તાની રોશની.

(મોટા સુધારા, ફેરફાર, અને કેટલાંક પ્રકરણોના વધારા સાથે.)

લખનાર—ફરેદુન કે. દાદાચાનજી, બી. એ., એલ. એલ. બી.;
સોલીસીટર.

તરજુમો કરનાર—બા. અ. દા.

'અએવો પથાઓ યો અષહે : વીસ્પે અન્યેશામ્ અપંથામ્
માર્ગ માત્ર એકજ છે, અને તે અષોઇનો : બીજા સર્વે રસ્તાઓ ખોટા.'

કીમત રૂ. ૧-૧૨-૦

મુંબઈ.

૧૯૧૫.

મી૦ રૂસ્તમ ન. વાચ્છાગાંધીએ "સાંજ વર્તમાન" પ્રેસમાં છાપ્યું. નાં૦ ૨૨–૨૪–૨૬,
મીન્ટ રોડ, કોટ, મુંબઈ.
તથા મી૦ ફરેદુન કે. દાદાચાનજી, બી. એ., એલ એલ. બી. સોલીસીટરે ખંબાલા હિલ, મુંબઈ
મધ્યે પ્રગટ કરયું છે.

સાંકળીયું.

પ્રસ્તાવના.

આ પુસ્તક અસલ ઈંગ્રેજી ગ્રંથનો તરજુમો છે. પણ આ આખું પુસ્તક કર્તાને સોંપવામાં આવ્યું હતું, તેથી તેનું દરેક વાકય તેમની નજર હેઠળથી પસાર થયું છે. માટે અસલ લખાણનો ખરો અર્થ બરોબર જાળવી રાખવામાં આવ્યો છે. અસલ લેખમાંથી એક આખું પ્રકરણ અને શરેહોના ઘણાક ભાગો કાપી કાઢવામાં આવ્યા છે. વળી ચાર બીલકુલ નવાં પ્રકરણો અને ઘણીક શરેહોમાં બહોળો સુધારો વધારો, કર્તાએ પોતે કર્યો છે. યથા, અષેમ, યેંઘહે હાતામ્ અને સરોષ યઝદ ઉપરનાં નવાં પ્રકરણો કર્તાની પોતાની કલમથી લખવામાં આવ્યાં છે. અવસ્તાના અભ્યાસીઓ અવસ્તાને લુખ્ખી બનાવી દે છે, તેમ કરવાનું કોઇ વાજબી કારણ નથી, એમ એ નવાં પ્રકરણો વાંચવા ઉપરથી જણાઇ જશે, એવી આશા રાખું છું.

વળી અવસ્તામાં ઉંડાં લખાણો હોવાથી, તે ભાષાનો અભ્યાસ કેટલો જરૂરનો છે, તે પણ આ પુસ્તકના અભ્યાસ ઉપરથી સમજાશે. બાળકોને ગુજરાતી બારાખડી સાથે સાથે, અવસ્તા બારાખડી પણ શીખાડવાથી, તેઓ સ્પષ્ટ રીતે ભણતર ઉચ્ચારી શકશે. તેમને તેથી અવસ્તા સારૂં દરકાર કરવાની આદત પડશે. જરા આગળ ચાલતાં, તેમને અવસ્તા ભાષાનું શીક્ષણ આપવાનું સહેલ થશે. અને એ રીતે આપણી ઉધરતી ઓલાદ અવસ્તાના અજ્ઞાનપણાના અંધકારમાંથી છુટશે. તે ઉપરાંત અનજાણી ભાષામાં ભણનારાઓ સામેની જે સુગ કેટલાકો દેખાડે છે, તે પણ દુર થવા પામશે. અને તેથી દીન ઉપર પ્રતીષ્ઠા વધશે, તથા વળી ભાષાઓ શીખવાની કાબેલ્યાતમાં વધારો થશે. સ્વકોમ માટે દરેક જરથોસ્તી જીગરમાં માન વધારવા સારૂં, તે એક સાધન થઇ પડશે. બંદગી અને ઈમાન, દર દીવસના વીચાર, વચન અને આચારમાં, આગળ મુજબ, સહેલાઇથી આમીઝ કરી શકાશે. અને એ રીતે હૈયાંમાં ઠંડો પડેલો દીન ભક્તિનો ચેરાગ રોશન થશે.

અસલ પુસ્તક ઇંગ્રેજીમાં હોવાને લીધે જરથોસ્તીઓનો કેટલોક ભાગ તેનો ઉપ્યોગ કરી શકતો નથી. માટે ઘણાક દોસ્તોની સુચના ઉપરથી આ પ્રયાસ કરવામાં આવ્યો છે. અસલ બુકની કીંમતને લગભગ ત્રીજે હિસ્સે આ બુક મળી શકશે. તેથી ઘણાકોના હાથમાં તે જઇ શકશે. અલબત દરેક ગ્રંથ વીષે સર્વે વાંચકો એકજ અભીપ્રાય ધરાવી શકે નહિં. તે ધોરણ મુજબ, જેઓને ભક્તિરસની લેહઝત નહિ હશે, તેઓને આ પુસ્તક કદાચને કસ વીનાનું જણાશે. પણ તેમાં કસુર લખનારનો નથી. અમુક દરજજે કેળવાયલાં હૈયાં અને મનનેજ, એ પુસ્તક રૂચશે. જેઓ જરથોસ્તી ધર્મનું રહસ્ય અને ભેદ સમજવાને અંતઃકરણથી ચાહતા હશે, તેમને માટે આ પુસ્તક સારો ખોરાક પૂરો પાડશે, એવી આશાથી તે પ્રગટ કરવામાં આવ્યું છે. આજ કાલ આપણા ધર્મની ઉન્નતી કરવા સારૂં અનેક હિલચાલો ઉભી થઇ છે,અને જરથોસ્તીઓનેજ ખાતર, જરથુશત્ર સાહેબ સારૂં સંપૂર્ણ માન અને ચાહ ધરાવનાર જરથોસ્તીને હાથે લખાયલું, અવસ્તા અને ગાથાઓની રોશની દેખાડતું આ નાનું પુસ્તક, તે ઉન્નતીના કાર્યમાં પોતાનો અદના ફાળો આપશે, એવું

માનવાની હું હિમ્મત કરૂં છું. વળી આપણા પવીત્ર મઝહબની બુલદી અને તેના માશોની મહત્વતા, અને તેના પેગમબરના યઝદી દરજ્જા, અને માનવીના દૈવીકપણા વીષે, શહાદતે સાથે, આ પુસ્તક બહાર પડે છે, ત્યારે વાંચક વર્ગને એ મહાન સવાલોનો તાલ કરવાનું, અમુક દરજ્જે સહેલ થઇ પડશે. પારકા ધર્મવાળાઓ આપણા દીન, આઇન અને તરીકા વીષે જોઇએ તેટલાં માન, આદરભાવ અને ઉત્સાહથી લખી શકયા નથી. એ અનુભવ ઉપરથી પૂરતું રોશન થઇ ચુકયું છે. હવે આપણા જરથોસ્તી ધર્માભ્યાસીઓએ પોતેજ, ધર્મનો મર્મ ઉમંગથી, હેતથી અને તરીકત ઉપર અમલ કરીને શોધવો જોઇએ. એ ખ્યાલ દીન પ્રતીદીન વધુ મજબુત થતો જાય છે. તે ખ્યાલના પરીણામ તરીકે અસલ પુસ્તક લખાયું છે. એરવદ કાવસજી એદલજી કાંગા જેવા નેક, પરહેઝગાર અને સાફ દીલના આથ્રવને કરેલા તરજુમાઓને, હવે જરથોસ્તીઓમાં વધારે ચાહ અને ઉલટથી અભ્યાસ થતો જાય છે. તે એરવદ સાહેબે ઘણીક બાબદો ગુંચવાડા ભરી રાખી હતી, અને ઘણાંક વીષયો ઉપર તેમને જરા પણ અજવાળું નાખ્યું ન હતું. આ પુસ્તક કેટલેક દરજ્જે તે બાકી રહેલું કામ પણ પૂરૂં કરે છે.

વળી આ પૂસ્તકમાં અનેક ભાષાઓ અને પંથો અને દીનોની ધર્મપોથીઓના લખાણોની સરખામણી કરીને, ગાથા અને અવસ્તા ઉપર અજવાળું નાખવાની કોશેષ થઇ છે. જયારે અવસ્તાના અસલ પુસ્તકોની ગેરહાજરીમાં, કોઇક બાબદો ગુઢ દેખાઇ છે, ત્યારે કર્તાએ બીજા ધર્મો અને પુસ્તકોની મદદથી, તેમને ઉકેલી છે. જરથોસ્તી મઝહબના નીતી, જાતીભોગ, પ્રાણીમાત્રની સેવા, દયા અને પ્યાર, સહનશીલતા, પવીત્રાઇ, ઉંચ નેમો, જ્ઞાન માટેની અભીલાષા, અને ભક્તિભાવ વીષેનાં શીક્ષણો, બીજા કોઇપણ ધર્મ કરતાં ઉતરતે દરજ્જેનાં નથી, એટલું આ સરખામણીઓ ઉપરથી સ્પષ્ટ થશે. હાલમાં ડો૦ સ્પુનર પાસે આપણા શહેરના જાણીતા શેઠ રતનજી જમશેદજી ટાટાએ, સખાવતનો હાથ બહાર કાઢીને, શોધો કરાવી છે, તે ઉપરથી ગૌતમ બુદ્ધને, અસલ જરથોસ્તી મઝહબવાળા તરીકે સાબીત કરવાની કોશેષો થઇ છે, તેના ટેકામાં પણ, આ પુસ્તકમાં ગૌતમ બુદ્ધ (શાકયમુની)ના લખાણોની સરખામણી કરી આપવાથી, કેટલેક દરજજે દલીલ ઉભા થએલી જણાશે. લાખો રૂપીયા કાઢી આપીને, ખાસ કરીને હિન્દુસ્તાન, તુર્કસ્તાન, હીમાલય, ઇરાન, અફઘાનીસ્તાન, ટીબેટ, ચીન, ગ્રીસ, અને રોમનાં જુના ખંડીયેરોની, જો ચીવટાઇથી અને હિમ્મતથી ખોળ કરવામાં આવે, તો કાતરેલા લેખોજ નહિં, પણ આપણાં ગુમાંઈ ગએલાં, ઘણાક પવીત્ર ધર્મ પુસ્તકો પણ જડી આવશે, એ ઘણુંજ સંભવીત છે. હવે જે પ્રમાણે આ બહારની જગતમાં આવી શોધોની જરૂર જણાય છે, તેજ પ્રમાણે આપણાં જણાએલાં ધર્મ પુસ્તકોનો મર્મ સમજવા માટે પણ, તેઓનાં ઉંડાણ અને બાતેનમાં ઉતરવાની સાથે સાથે જરૂર છે. અને તે દીશામાં આ ગ્રંથ મારફતે કેટલુંક કાર્ય બજાવવાનો પ્રયત્ન કરેલો જણાશે.

આ પુસ્તકમાં વપરાએલી જોડણીની તેમજ છાપણી ઇત્યાદીમાં જે ખામીઓ દેખાય છે, તે માટે દરગુજર ચાહવાની જરૂર જોઉં છું.

બા. એ. દા.

મુંબઇ, ૧-૧૨-૧૯૧૫.

Light of the Avesta and the Gathas.

પાક ગાથા વાણી અને અવસ્તાની રોશની.

(લખનાર:—ફરેદુન કે. દાદાચાનજી.)
(તરજુમો કરનાર–આ. અ. દા.)

વસે જે મુજ દીલમાં તેજ તારો ખોદા
નેક ધર્મની રાહ તેજ બતાવે સદા.
ખુદા જેને કહે તું વહેમ માત્ર તારો!
વીના અંતરજ્ઞાન કરે ખાલી બકબકારો!
કર લે તઈયારી તુજની આખેર આગમજ!
જે મારો કીરતાર તેનીજ શરેષટાઈને ભજ,
અકુદરતી તુજના સઘલા કાયદા ને ધર્મ, તારો
સાહેબ અજ્ઞાની શીખાવે શું આકાશી મર્મ (!!) ૧.

"જેઓની ઇચ્છા સર્વે સચ્ચાઇ ભરેલાં કામો કરવાનીજ હોય છે, તે ઇચ્છા બીજી કોઇપણ ઇચ્છાઓ કરતાં શ્રેઠ છે." યસ્ન હા ૬૬–૧૪.

"સચ્ચાઇભર્યાં કાર્યો કરનારાઓની ઇચ્છા જે હંમેશાં સર્વોત્તમ હોય છે તે જગતકર્તા હમેશાં પુરી પાડે છે, કારણકે પાક મનશનીથી તેઓ એવાં કામો કરે છે." યસ્ન હા ૫૦.

"આ અમુલ્ય બોલો અહુરમજદે જરથોસ્તને જાહેર કીધા; એજ પ્રમાણે તારી હઇયાતીના છેડા સુધી તું જાહેર કરતો રહેજે." યસ્ન ૭૧–૧૪.

"ધર્મનીતિ વગર ખાલી નીતિના પાઠો શીખવવા મુસ્કેલ છે, કારણકે તે વગર એકલપેટાઇનો દુર્ગુણ, જે આ દુન્યાના સુધારાવધારા ઉપર અટકાવ નાખે તે નાબુદ થઇ શકે નહી."

"બીનજરૂરની બાબદોને જરૂરીઆતની બાબદો તરીકે લેખવી એ ખાલી 'વહેમ' કહેવાય, કે જે ધર્મના દોસ્ત નહીં પણ દુશમનની ગરજ સારે છે, અને તેનો નાશ કરે છે. ધર્મ તરફની પવીત્ર લાગણીને ટેકો આપવાને બદલે વહેમ તેને કમજોર બનાવે છે. ફકત ઉંડા અભ્યાસની રોશનીજ વહેમના એવા ભયંકર અંધકારને મારી હઠાવવામાં ફતેહ પામે છે."

જયાંસુધી તમારો પોતાનો અંતર આત્મા ધર્મપોથીઓના પડઘા પોતાની અંદર ઉપજાવી શકતો નથી, ત્યાંસુધી તે ધર્મપોથીઓ તમારાં અંતઃકરણમાં સાચી ગણાય નહીં. જયાંસુધી એવા પડઘા પડે નહીં ત્યાં તુલીક શોધ કરો, શીખો, વીચારો, પ્રાર્થના કરો, આગળ વધવાનો ઉમંગ રાખો, અને ભલાં કામો બજાવો.

"ઓ અહુરમજદ! તારી અશોઇ, ભલી મનશની અને રૂડી પાદશાહીને લીધે તારી સ્તુતી સઘલી બીજી સ્તુતીઓ કરતાં ચઢતી છે, તારી કીર્તીના ગાયનો બીજાં સર્વે ગાયનો કરતાં વધુ શ્રેષ્ટ છે, અને તારી આરાધના બીજી સઘલી આરાધનાઓ કરતાં વધારે બુલંદ છે." (યસ્ન ૩૫–૧૦.)

"ધર્મ પીતલના જેવો છે, જેને જેટલો વધારે ઘસશો, એટલો વધારે ચલકાટ આપી શકશો."

---

૧. ધર્માંધપણાના ઉદગારો.

અવસ્તાથી થતી ભલી અસરો વીશે.

આ લખનારે ગાથાવાણી બદલ ફક્ત સીલસીલાબંધ બ્યાન આપવાનો પ્રયત્ન કર્યો છે, પણ વ્યાકરણ શાસ્ત્રની બારીકીઓની નોંધ લીધી નથી, કારણકે તેવું કરવાથી કંટાળો ઉપજે એવો સંભવ રહે છે. બનતાં સુધી ગાથાવાણીમાં વારંવાર પુછાતા સવાલોના અનુક્રમીક જવાબો નહીં હોવાને લીધે, તેમજ જુદી જુદી બાબદો વચ્ચેનો સંબંધ ગાથામાં દર્શાવેલો નહીં હોવાને લીધે, જોકે બ્યાન બીલકુલ સરલ થઇ શકતું નથી, તો પણ બનતો પ્રયત્ન કરી સીલસીલો જાળવવામાં આવ્યો છે. પુર્વ તરફના શાસ્ત્રના પશ્ચીમ દેશોના અભ્યાસીઓ કુદરતી રીતેજ પોતપોતામાં અથડી પડે છે. ધર્મ સંબંધી દંતકથા, તેમજ દરેક ધર્મનો ખરો અરક પીછાનવાનું ભાન ન હોવાથી, અને વળી ફક્ત તુરંગો અને તર્કો જે ભાષાશાસ્ત્રમાં ચપળાઇનું ડોળ ઘાલે છે, તેમની ઉપરજ ઘણી વેળાએ તે અભ્યાસીઓએ આધાર રાખેલો હોવાથી, તેઓ ધર્મના બીકટ સવાલોના ગુંચડાંમાં ભુલા પડી જાય છે. એક ધર્મની બરાબર સમજ મેળવવા માટે અવશ્યનું છે કે અભ્યાસીએ તેના સઘળાં ફરમાનો તેમજ ક્રીયાકામો અમલમાં મુકવાં, અથવા કમમાં કમ તેઓની પુરેપુરી માહીતી ધરાવવી; અને એ રીતે મનને ધર્મ સંબંધી કેળવણી આપી શકાય છે. જ્યાં સુધી બીત્તરના ભેદો, તથા આત્માની ખીલવણી જે ઇમાનથી મેળવાય છે, તેમની મારફતે દરેક જણ પોતે અનુભવ મેળવતો નથી ત્યાં સુધી ધર્મની ચોપડીની બાહારની બાંધણી અને પુઠું ફક્ત જોઇ શકયો છે એવું નક્કી માનવું. મહુર્મ એરવદ કાવસજી એદલજી કાંગા જેઓ અવસતાના એક માનવંત અભ્યાસી અને લેખક હતા, તેઓને બીજા અવસ્તાના અભ્યાસીઓ તેમજ વીદ્વાનોના તરજુમાઓનો બારીક અભ્યાસ કરવાની ખાસ તક મલી હતી. તે સબબથી અવસ્તાના શબ્દોના લાગુ પડતા જુદા જુદા અર્થોની તેઓ પુરેપુરી માહીતી ધરાવતા હતા, અને વળી વધુ એ ખુબી હતી કે તેઓ એક સાદા, સાચા, નમ્ર અને ખુદાપરસ્ત જરથોસ્તી ધર્મગુરૂ હતા અને સર્વે જરથોસ્તી ધર્મ ક્રીયાની વાકેફગારી ધરાવતા હતા, તેટલા માટે બીજા સઘળાઓના અવસ્તાના ગુજરાતી તેમજ અંગ્રેજી તરજુમાઓના કરતાં, એમના ગુજરાતી તરજુમા એમની અંતર લાગણીનું નીષ્કપટ જોમ તથા ઝમક ધરાવે છે. તેથી કરીને હવે પછીના આ લેખકના ગાથા ઉપરના લખાણમાં એઓના તરજુમાને ઘણું વજન આપવામાં આવ્યું છે.

બીજું તો એ કે પશ્ચીમ દેશોના અભ્યાસીઓની ઉપર દરશાવેલી કસુર ઉપરાંત તેઓમાં પક્ષપાતી વીચારો અને અમુક વહેમો પેઠા છે, જેમને તેઓ "એકજ ઇશ્વરમાં માનનાર મત" (Monotheism), "કાંઇ જાણી ન શકાય" એવું મત (Agnosticism), ઉંચા પ્રકારની નુકતેચીની (Higher Criticism) "ગુપતભેદ વીદયાનો ઇનકાર કરનારૂં" મત, "વઇરાગ્ય લેવો એ અનઘડપણું દેખાડે છે" એ મત, વીગેરેને નામે ઓળખે છે. ૧૯ મી સદીના આખેરના ભાગમાં જરથોસ્તી ધર્મના સંબંધમાં અવસ્તા અને પેહેલવી ભાષા તરફનો પયાર પાછો સજીવન થયો હતો. પણ બીજી બાજુથી તે સાથે યકીન તરફ અવીશ્વાસ, તથા આંખવીચામણાથી જોનાર નાસ્તીક અધર્મી મત, તેમજ અયાસીપણું, એશઆરામ અને હલકી પ્રકારની મોજશોખો જેમને તેઓનાં પુંજારીઓ તરફથી ધર્મના વેહમોનો તુચ્છકાર કરનારા, ધર્મના ઝનુનને મારી હઠાડનારા તથા ધર્માંધપણાનો નાશ કરનારા સદ્દગુણો તરીકે લેખવામાં આવે છે, તે દાખલ થવા પામયા. તેમજ ધર્મના ખરા તત્વો તરફની બેદરકારી, અને ખાલી ઉપરના દેખાવો તરફ ઢળાણ, બેઅંદાજ ગુમાન અને તુમાખી કે જે સઘળી આત્માની શકતીઓની ઉપર "માણસાઇ અક્કલ"ની સત્તાનેજ સર્વોપરી આપી, તેના એકલાનાજ હાથમાં કુદરતની લગામ છે એવું બેધડક જણાવે છે, તે પણ દાખલ થવા પામ્યાં. વળી એ પ્રમાણે હદ ઓળંગી જવાથી માત્ર માણસની જડવાદી અક્કલને થોડાક વખત ત્રાસભર્યું ઝોહાકી

રાજ જે ગઇ સદીમાં મળ્યું હતું, તે થોડાંક વરસની પાદશાહી ભોગવી આ ચાલુ સદીમાં પડી ભાંગ્યું છે.

પશ્ચીમ દેશોના વીચારો હાલ ખરી દીશા તરફ ઢલતા જાય છે. અને વળી ગરીબ બાપડાં પુર્વના દેશો આસ્તે આસ્તે પોતાની ખાસ લાયકાત, ઉપયોગીપણું અને મોટાઇ જેમાં પશ્ચીમના મુલકો મોટે ભાગે હીસ્સો પાડી શકતા નથી, તેનો કાંઇક ખ્યાલ મેળવતા ચાલ્યા છે. ઝનુની ખ્રીસ્તી ધર્મગુરૂઓ કરોડો વરસોથી ચાલતી આવેલી આપણી ધરતી, તેની ઉપર વસ્તા માનવીઓનું છુટાપણું, તથા સુધારાવધારાને ખ્રીસ્તી ધર્મની ૨૦૦૦ વર્ષ ઉપરની શરૂઆત થઇ ત્યારથી શરૂ થયલી ગણવાની જે મુર્ખાઇ બતાવે છે, તેનું ખોટારૂં તેઓની નજર શીવાય બીજાંઓની નજરે સ્પષ્ટ દેખાઇ આવે છે. ન્યાતજાતના તફાવતો, ગોરી કાલી ચામડીની સુગ, તથા ધર્મોના અલગપણા અને મારામારી સંબંધનો અંધકાર ધીમે ધીમે દુનીયામાં ઓછો થતો જાય છે. ખરેખરી લાયકાત અને કસુરો શું છે, તેનો વધારે ચોકકસ અને સાચ્ચો તોલ જયારથી એશીયા (ભરતખંડ) ખંડની જાગૃતી થવા સાથના ઝણઝણાટની અસર પશ્ચીમના મુલકોની સર્વે નેસોમાં પેસવા પામી છે, ત્યારથી થવા માંડયો છે. ''પશ્ચીમ'' તરફનું મકકમ, ઉત્સાહ ભરેલું, ખંતીલું ઉદયોગીપણું ''પુર્વ''ની રગેરગમાં ફેલાવું જોઇએ, અને તેની સાથે સાથે '' પુર્વ '' પોતાનું સમતોલપણું, શાંતી અને આત્મીક તથા દઇવીક અંતરજ્ઞાનની રોશની પશચીમ તરફ, તથા આખી દુનયામાં ફેલાવવામાં, મદદ આપવી જોઇએ. માણસ જાતને જો એક માનવીના ફકત શરીર તરીકે ઓળખાવ્યે, તો પશ્ચીમ તે શરીરનું ભેજું અને અવયવો તરીકે પીછાની શકાશે, જયારે ''પુર્વ'' તેનું હઇયું તથા આત્મા તરીકે ઓલખાશે, અને એ ''પુર્વ'' અને ''પશ્ચીમ'' પરસ્પર સાથે જોડાણમાં આવ્યા પછીજ એક સંપુર્ણ માણસાઇ શરીર ઉભું થયલું ગણાશે. વળી હાલ ''પુર્વ'' અને ''પશ્ચીમ''નું એકમેક તરફ ખેંચાણ અને દોરવાનું ખુલ્લું જણાઇ જાય છે. હાલ હેગ (Hague) શેહેરની કોનફરન્સ અને આખી દુન્યાના સઘળા મોટા મોટા વીદ્વાનો, ધર્મચુસ્તો, બેપારીઓ, કામદારો, ન્યુસપેપરોના અધીપતીઓ વીગેરેની કોનફરંસો, તથા હાલની બ્રીટીશ ઇમ્પીરીઅલ કોનફરંસ, અને તેમજ આ જમાનાની સ્ટીમરો, આગગાડીઓ, વીમાનો, બલુનો, તારના દોરડાં, જબરાં રાક્ષસી લસ્કરો, નઉકાનાશક યંત્રો, શેહેરોના નાશ કરનારા દારૂગોળાઓ, બાળીને ભસ્મ કરનારા પાઉડરો, હાલના વખતની બડાઇખોર માનવી જાતના મોટા ભાગની દીલ કચવાવે એવી હેબતનાક ગરીબ સ્થીતી, નારીજાતીની વરસોથી ચાલતી આવેલી પરાધીનતા, અને નબળાઇથી ભરપુર દયાજનક બાબત, પૃથ્વીના સઘળા ભાગોમાં પંથરાઇ ગયલી ભાઇબંધીના ગાંઠને મજબુત કરનારી અને માણસ જાતને ખુદાઇ રાહ તરફ દોરવનારી છુટીછવાઇ પ્રતાપી ટોળીઓએ, સઘળાં માનવીઓને એકયતાની અને ભાઇબંધીની ગાંઠને ખરી દીલસોજી અને માનથી વધુ અને વધુ મજબુત કરે છે. ત્યારે જો ગુજરી ગયલા વખતના સઘલા ઉંધા રસ્તાઓ ભુલી જવાની કોશેશ કરીએ, અને અનુભવથી ડહાપણભર્યો માર્ગ અખત્યાર કરી આપણા પુરાણા ધર્મશાસ્ત્રો તરફ માનથી જોઇ, તેમની અંદર સમાયલાં ગોહરોનો જો પુખ્ત અભ્યાસ કરવાનો પુરેપુરો ફાયદો મેલવવા માગતાં હોઇએ તો, આપણી મગરૂરી, અભીમાન, તેમજ બીજાઓની ખોડખાંપણ શોધવાની ટેવ, વેહેમભર્યાં મતો, ઇંદરીઓની મોહ, આડે માર્ગે લઇ જનાર શીક્ષણ, અને જાતી વખાણ, એ સઘળું બાજુએ મુકીને જે સદગુણી જીંદગી મીનોઇ જેહાનમાં પહોંચાડનાર દરવાજાની ચાવી છે, તે પ્રાપ્ત કરીશું. સંપુર્ણ મનશની (પવીત્ર મન) કે જે દરેક આસામીની પોતપોતાની દુન્યાને બનાવે છે તે, તેમજ ચાલુ મેહેનત, પાક પવીત્ર શબદો તથા કાર્યો, સાદી જીંદગી અને સખાવત—સ્વાર્થી નહી પણ અહુરમજદ તરફના પ્યારને ખાતરની—તથા સંસાર ત્યાગથી સઘળા માણસ જાત તરફનો પુર્ણ પ્યાર, સેતાનીઅત શકતીઓ સામે બચાવ મેળવવા હંમેશની ચાલુ બંદગી, અને છેવટની ઉમેદ પાર પાડવાની મક્કમ ખાહેશ—એટલે કે તે અહુરમજદની નજદીક, તેની હંમેશની દોસ્તી, તેની

ઝલકાટભરી રોશની, એ સઘ-લા તરફ પહોંચવા માટેની અતીશય તલબ—એ સઘળાં હમેશગીના દરવાજા આપણે માટે ખુલ્લા કરે છે.[1] એની સાબેતીને ખાતર આપણે નીચલા ફકરાઓ ટાંકીશું.

"જરથોસ્તી ધર્મ આપણા આત્મા ઉપર સઘળું લક્ષ આપે છે જે આત્મા પોતાની આસપાસ બનતા બનાવો સાથ નીસ્બત ધરાવે છે. એ ધર્મ આપણને એવો કાયદો શીખવે છે કે દરેક માણસ પોતેજ પોતાના સુખ અથવા દુ:ખ અને પોતાની દુનયાનો કર્તા છે.[2]"

જરથોસ્તી સંતોએ એક પાક અને ભલા મનને સર્વે સદગુણોનું મુળ ગણ-વામાં મોટામાં મોટું ડહાપણ વાપર્યું છે. બહારના બનાવોથી આપણી ખાસીયતો ઉપર ચોકકસ દરજજે કાંઇક અસર થવા પામે છે એમાં તો કાંઇજ શક નથી, તો પણ આપણી ભીતરમાં સમાયલી શકતી ઓથી આપણી ચાલચલગત રચી શકાય છે. એક વખત જો આપણાં વીચારો ઉપર કાબુ મેળવતાં શીખશું તો પછી કોઇ વખત આપણે પોતા ઉપર પુરેપુરો કબ-જો મેળવવામાં ફતેહ પામશું, કારણકે વીચારોમાંથીજ બોલો તેમજ કાર્યો[3] ઉત્પન્ન થાય છે.

"અવસ્તા કહે છે કે મહેનત કરવી એ ખુદાઇ કાર્ય છે. જાતી મહેનત ઉપર ખોદાતાલાના આશીરવાદ ઉતરે છે અને તે માટે માણસ જાતે તેને માન આ-પવું જોઇએ."[4]

"કુદરતના કાયદા તોડવાથી નહિં પણ તેઓને બરાબર સાચવવાથીજ માણસ જાતના સર્વે ભલા ગુણોની ખુબી બહાર આવે છે. અહુરમઝદની તથા તેના પેદા કરેલાં સર્વે પ્રાણીઓની સેવામાં માણસે પોતાનુ ફકત શરીરજ નહીં અને આત્માજ નહીં, પણ એ બન્ને અને સર્વસ્વ અર્પણ કરવાં જોઇએ.[5]"

દીનકર્દમાં એક સવાલ પુછવામાં આવેલો છે કે દુન્યાની અંદર માણસ જાતના કામોમાં સર્વથી ફાયદાભર્યું કામ કયું છે, કે જે યઝદોને ખુશાલી આપે છે અને દેવોને મોટું દુ:ખ આપે છે, અને જે સર્વથી ચઢીઆતું છે. તેનો ઉત્તમ જવાબ નીચે પ્રમાણે છે:—"તે લાયક અને અદલ ઇનસાફી રાજકર્તા કે જે લોકોના ભલાં માટે રાજ ચલાવે છે, તેના તરફની વફાદારી એ સર્વથી ફાયદાભર્યું કાર્ય છે. જેઓ માઝદીઅસની ધર્મને મકકમ-પણે વળગી રહે, અને લોકોને સાચ તરફ હંમેશાં દોરવે છે તે યજદોને ખુશાલ કરે છે. વળી લાયક ચેલાઓ જેઓ ખરેખર સાચવટભર્યા કામોનો આરંભ કરનારા હોય છે, તેમને જ્ઞાન આપવું એ કાર્ય સર્વેથી ચઢીયાતું છે." (હીંદુઓ પણ જ્ઞાનની રોશનીની ઉત્તમ બક્ષેસને જ્ઞાનદાનને નામે ઓળખી, સઘળાં સખા-વતી કામોમાં ઉત્તમ ગણે છે).

દીનકર્દમાં બીજે ઠેકાણે કહે છે કે "આ ધર્મી શીક્ષકો જેઓ ધર્મ સમજવાનો દાવો કરે છે અને બીજાઓ (જેઓ અથોરનાન ટોળાના નથી) તેઓને પાપી રાહે દોરવી લઇ જાય છે, તેઓ જરથો-સ્તી ધર્મની નજરમાં મોટા પાપીઓમાં ગણાય છે, અને તેઓનું રહેઠાણ દોજ-ખમાં થશે, અને તેઓ તરફ કાંઇ પણ દયા બતાવવામાં આવશે નહીં." ઘેટાંના સાહયા હેઠળ છુપાયલાં વરૂઓનો છેવટે આ ફેંજ છે.

સખાવત એ જરથોસ્તી ધર્મે ફરમાવે-લા સદગુણોમાંનો મુખ્ય છે. તે ધર્મ આપણને શીખાડે છે કે માણસ જાત તરફ ચાહ બતાવવો એ ખોદાતાલાને

---

૧. ખુદાઈ રોશનીને પહોંચવાની આ ઇચ્છાની અવસ્તામાં એટલી બધી વાર ખાહેશ બતાવવામાં આવી છે, કે તે બાબે અવસ્તાની શહાદતો ટાંકવા માટે હવે પછીના પાનાઓમાં એક આખું બાબ રજુ કરવામાં આવ્યું છે.

૨. નાયબ દસ્તુર રૂસ્તમજી એદલજીનું જરથોસ્ત અને જરથોસ્તીઝમ, પાનું ૨૫૬.

૩. ઉપલું પુસ્તક પાનું ૨૫૪.

૪. ઉપલું પુસ્તક પાનું ૨૦૮.

૫. ઉપલું પુસ્તક પાનું ૨૦૪.

ચાહવા બરોબર છે. જે કોઇ બીજાંના ભલાં કાજે તેને શીખામણ આપે છે, તે અહુરમઝદ તરફના પયારની પોતાની વફાદારીભરી જાનફેસાનીની સાબેતી જા હેર કરે છે.[1]

"અવસ્તાના લખાણોમાં સખાવતના સદ ગુણની સર્વથી મજબુત સીફારસ કરવામાં આવી છે, કે જે સદગુણમાં ઇશ્વરી ભક તીભાવ, પ્યાર, દોસ્તી વીગેરેના શ્રેષ્ટ સદગુણો સમાઇ જાય છે, અને જે ગુણ માં નેક વીચારો, નેક સુખનો, અને નેક કામોનો સમાવેશ થઇ જાય છે. ધર્મનું સર્વેથી ઉત્તમ રૂપ શું છે? સખાવત ધર્મનું સર્વેથી શ્રેષ્ટ રૂપ છે. સર્વેથી દુષ્ટ કાર્યોનો ઉત્તમ ઇલાજ શું છે? મોટા હાતમ દીલની સખાવત એજ તેનો રામબાણ ઉપાય છે. નીરંગીસ્તાનના એક ભાગમાં કહેલું છે કે જે ઉમદા શકતી આ તમામ હાડમંડ દુન્યાને સઘળી જંજાલો માંથી મુકત કરે છે તે કાંઇજ નહી પણ નેક વીચારો, નેક સખુનો તથા નેક કામોની બક્ષીસ[2] છે." (નીરંગીસ્તાન ૨, અવ સ્તાનો ભાગલો ૮૪).

"આ દુન્યામાં માણસ જાતની સર્વથી ઉંચામાં ઉંચી નેમ સંપુર્ણ સુખ મે ળવવાની છે." "ઓ અહુર! જે આ બાદ સુખી હાલતો માણુસ જાતે આગ લા વખતમાં ભોગવી હોય, હાલના વખત માં ભોગવતાં હોય, અને ભવીષ્યમાં ભોગવશે તેવી સુખી હાલત મારી તરફના તારા પ્યારને ખાતર તું મને બખશ[3]!" સંપુર્ણ સુખ પહે લવહેલાં સંપુર્ણ જીંદગી[4]માં મળે છે. તેમજ સરસ ખુશાલ વીચારો[5]માં મળે છે તથા પાક પવીત્ર આત્મામાં[6] અને ઉત્તમ તંદરોસ્ત કીર્તીમાન શરીર[7]માં સમાયલું છે. બીજું તે અહુરમઝદના મેલાપમાં તથા તેની દોસ્તી અને ગુફતેગુમાં સંપુર્ણ સુખ સમાયલું છે."

બેશક, જરથોસ્તી ધર્મ ફકત દુન્યાની આબાદીની શોધને વખોડી કાઢે છે. "આત્મીક દુન્યાને ભોગે આ હાડમંદ, પંચી દુન્યાની ધનદોલત મેલવવાને લોભ કરવો નહીં, કારણ કે જે શખસાહાડદ મંદ, સંસારીક દુન્યાનું માનપાન તથા દોલત મેલવવા માટે પોતાના આત્માનો નાશ કરે છે તે મારી (અહુરમઝદની) રોશનીને કદી પોંહોચી શકશે નહી.[8]"

તે ફીરતાર તરફનો અશોઇનો કાયદો અવસ્તામાં સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યો છે.

પોતાના પેદા કરનાર અહુરમઝદ તરફ માણસ જાતે નમનતાઇભર્યા તથા પુરે પુરા તાબેદાર[9] થવું જોઇએ. ખોદાતાલા તેની પાસે શું માંગે છે તે જાણવાની અને ત્યારબાદ તે રસ્તે જવાની તેની પેહેલી ફરજ છે. (યસ્ન ૩૯.૪, ૪૬.૧૮, ૨૮.૧૧, ૩૨.૧, ૩૪.૧૨, ૪૫.૫ (વીગેરે) આ બોલોમાં અહુરમઝદને માનનારાઓની તેના તરફની પુર્ણ આધીનત તેમજ દુ:ખ અને સંકટના વખતમાં પ ણ સંપુર્ણ આશા અને અહુરમઝદ ઉ પરનો વીશ્વાસ, આપણે ખોહલા રીતે જો ઇ શકીએ છીએ. ખોદાતાલા ઉપર સંપુ ર્ણ ભરોસા સાથે જરથોસ્તીએ તેને હમે શાં વળગી રહેવું જોઇએ; અને આ દુ નયામાં ભલાઇની આખરે ફતેહજ છે એ વીચાર ગમે એવા ભંયકર આફતના વખતમાં પણ ભુલવો નહી........ યસ્ન ૪૫.૨ માં લખ્યું છે કે અહુરમજદને જેઓ ખરા ચુસ્ત દીલથી ભજે છે તેઓ નો તે એક દોસ્ત ...એક ભાઇ...એક

---

૧. ઉપલું પુસ્તક પાનું ૧૯૭.

૨. નાયબ ઉપલું પુસ્તક પાનું ૨૫૫.

૩. યસ્ન ૩૩. (૧૦)

૪. યસ્ન ૪૪. (૮. ૧૪)

૫. યસ્ન ૩૦. (૧૪)

૬. યસ્ન ૪૦. (૧૪)

૭. યસ્ન ૪૦. (૨)

૮. તેમુરસ્પના લખાણોના મલી આ વતા ટુકડાઓમાંના ફકરા ૯૦-૯૩. નાયબ દસ્તુર રૂસ્તમજીનું જ. અને જ. પાનાં ૧૯૨ અને ૨૦૯.

બાપ સમાન છે. એક જરથોસતીની બંદગીનો મુખ્ય ભાગ વખાણુમાં સમાય લો છે. જેની મારફતે અહુરમજદ તરફની મમતા અને આભારની લાગણી તે દર્શાવે છે. બંદગી એ એક જરથોસ્તીની મુખ્ય ફરજ તેમજ ખાસ હક છે. માણુસ જાત અને ખોદાતાલા વચ્ચેના પ્રીતીભર્યા સંબંધની અવસ્તાની બંદગીઓ જાહેર સાખેતીઓ છે. એ બંદગીઓમાં એક જરથોસ્તી ઇશ્વરની ઓહોળી સત્તા તેમજ તેની સંપુર્ણ દયા તથા કીર્તી કબુલ રાખે છે. તેની ખુબીઓની તેમજ તેની પેદાયશની તે સ્તુતી કરે છે. તેની સહાય માંગે છે, અને તે મેળવવા માટે તેનો ઉપકાર માને છે. તેના ઉપર પુર એતેકાદ રાખી નમનતાઇ બતાવે છે. તેના કાયદા તથા મરજી વીરૂધ જતી સઘળી ચીજો તરફ તે ધીકકાર બતાવે છે, અને પોતાના પાપોનો પશ્ચાતાપ કરીને તેને માટે માંફી ચાહે છે. (યસ્ન ૩૭-૩,૩૯-૪,૪૧-(૪-૫),૪૩.(૪–૬) ઇ.)

જરથોસ્ત તરફથી અહુરમઝદને સૌથી પેહલો સવાલ પુછવામાં આવ્યો તે એ હતો કે, "દુન્યામાં સૌથી ભલો માણુસ કોણુ છે?" જેનો જવાબ મળ્યો કે "જેનું દીલ પાક છે, જે પોતાની સખાવતથી સર્વેના દીલ ખુશી કરે છે, તથા જે બે ઉ આંખે સરખા ઇનસાફથી જુએ છે, અને અહુરમઝદની પેદા કીધેલી સઘળી ચીજો, આતશ, પાણી, જાનવર, ઢોર તેમ જ **સર્વે જીવવાળાં પ્રાણીઓને** ચાહે છે અને કોઇબી રીતે તેઓને દુખ આપતો નથી તે આ દુનયામાં ભલો માણુસ છે."[1]

" જુના વખતમાં પુર્વ તરફના ઇરાની ઓના સુધારા વધારા" એ નામના ડોકટર ગાઇગરના પુસ્તકના તરજુમામાં દસ્તુરજી સાહેબ દારાબજીપે.સંજાનાએ "બંદગી અને ધરગતુ રાહરસમો "ના મથાલાવાળાં બાબમાં, કરેલા તરજુમાને ૭૦ મે પાને આપણે વાંચીએ છીએ કે "ઉંચ શકતીઓ અને ખુદાઇ નુરો દુર્ગુણો સામે લડવાને માણુસ જાતને તરેહવાર રીતે મદદ લાવી આપે છે. આવી જાતની મજબુત મદદથી દરૂજોની ખરાબ નાશકારક અસરને તોડી નાખવામાં માણુસજાત ફતેહ પામે છે. અહુરમઝદે જરથોસ્તને જાહેર કરેલા અશોઇથી ભરપુર આ શબદો છે અને એવી બંદગીઓ તેણે જરથોસ્તને શીખવી છે......એ પાક બોલોમાંજ એક જાતની **ભેદી જાદુઈ** શકતી છે; જો ફકત સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારે તેઓને ઉચારવામાં આવે તો તે શકતીની અસર ખરેખરી થાય છે. આ બંદગી કાંઇ ફકત ચોકકસ અવસરો ઉપરજ ભણી જવા માટેની નથી. ભયંકર આફત અને ભયમાંથી છુટકારો મેળવવા માટે એ બંદગી ફકત મદદ મેળવી આપે છે એટલુંજ નથી. હેરાન કરનારી (દરૂજી) શકતીઓ જે માણુસ જાતને ઇજા કરવા માટે હમેશાં આજુબાજુ ભમ્યા કરતી હોય છે, તેમની સામે બચાવને માટે, અને જે સઘળાં કામકાજોમાં હરહંમેશા તેમજ વળી દીવસના ચોકસ કલાકો એ પણુ બંદગી કરવા માટે ફરમાવવામા આવ્યું છે. અહુનવર (યથા અહુ વૈરીયો) એ સર્વેથી શ્રેષ્ટ:અને ઉતમ બંદગી, તે દુનયાની હઇયાતી સુધી ચાલુ ભણવી જોઇયે અને જે શખસ એ બંદગી ચાલુ રાખી રાખે છે, તથા ભણે છે તેનો હંમેશા (આત્મીક) મોતમાંથી બચાવ થાય છે."

---

૧ દસ્તુર પેશોતન બે. સંજાનાનો જરથોસ્તની જીંદગીનો ગુજરાતી તરજુમો જુઓ. અહુર અને અમશાસ્પંદોને જરથોસ્તે પુછેલા સવાલો, તેમજ જરથોસ્તે બતાવેલા ચમત્કારોનું એ ચોપડીમાં વાસ્તવીક વર્ણન છે.

નાસ્તીકપણા વીરૂદ્ધ અકકલ અને ધર્મ.

૧૯ મી સદીના છેલ્લા ભાગમાં માણુસ જાતમાં ફેલાવો પામેલું નાસ્તીકપણું શાને આભારી છે તે ચોકકસ દેખીતા કારણોને સબબે અત્રે સમજાવવું જોઇએ. વગર વીચારના માણસો ધારી બેશેછે તેમ નાસ્તીકપણામાં કાંઇ ઉંડાણ અકકલ સમાયલી નથી. લોકો જેમ સેહેલાઇથી માની લે છે તેમ તે નાસ્તીકપણું કાંઇ ખાસ શીખેલાં મગજની નીશાન નથી. કાંઇપણ તલાશ કરવાની મહેનત માંથી મુકત થવા માટે એમ કહેવું સહેલું છે કે, "માણુસ જાત કરતાં કોઇ પણ ચઢીઆતી શ્રેષ્ટ શકતી હઇયાતીમાં નથી." એક અવીચારી, અયાસી, તોછડો શખસ કે જેને શોધખોળ કરવાની રીતોનો કકકો, ખખ્ખો પણ ખબર નથી તે આવી રીતે ખોદાતાલાની ભેદી શકતીનો એકે ફટકે નાશ કરવા તૈયાર થાય છે. જે અજ્ઞાનતાના અંધકારના ઉંડાણમાં તે ઘસડાતો જાય છે, તેને માટે દીલગીર થવાને બદલે, પોતાની ચતુરાઇને વખાણથી નીહાળતો, અને કોઇ વધુ ચઢતી હસ્તી તથા જ્ઞાન વીગેરેની હઇયાતીનો તે જે ઇનકાર કરતો બેસે છે તે ખરેજ બચ્ચાંસહી દેખાવ રજુ કરે છે. લોર્ડ ફ્રાનસીસ બેકન દુન્યાના એક જાણીતા કાયદાની યાદ આપે છે જે "અધુરી કેળવણી માણુસ જાતના મગજને ધર્મ તરફ ડામાડોળ બનાવે છે, જયારે પુખ્ત જ્ઞાન તેને ઉંડાણમાં લઇ જઇ ધર્મ તરફ પાછું ચુસ્ત બનાવે છે." આજના જુવાન્યાઓ કે જેઓ ફકત પશ્ચીમ તરફની ભરડવાની કેળવણી લઇને કેળવાયલામાં ખપે છે તેઓ સુધરેલામાં ખપવા માટે ધર્મની તરહેવાર ઠેકડીઓ કરે છે, અને તેને વેહેમી ગણી પુરાણા લોકો અને તેઓની રાહરીતીને હસી કાઢે છે. કારણ કે બેકન કહે છે તેમ તેઓ પોતાને પુરાણા લોકો કરતાં વધુ ઉમ્મરે પોંહોચેલા તથા ડાહયા ગણે છે. એવા અધુરી કેળવણી લીધેલા લોકો સઘળી ચીજ કુદરતના કાયદાથી ઉલટી જુએ છે અને બીજાઓને પણ તેજ માફક દેખાડે છે એ બહુ અફસોસકારક બીના છે. આપણા વડવાઓ કે જેઓ તરફથી આપણને તનની તંદરોસ્તી, તેમજ સઘળી વળાણો અને મનની ઉમદા શકતીઓનો વારસો મળ્યો છે, અને જેઓની મદદથીજ આપણુ શરીર તથા મન જે ઉપર હાલના જમાનાના લોકો મોહી પડયા છે તે ભોગવીએ છીએ, તેઓનો આભાર નહી સ્વીકારવો એ અકકલથી ઉંધુ છે. જોકે આપણે પોતાને તેઓના કરતાં વધારે ચઢતા તરાકે લેખવા ચાહીએ છીયે.

આપણે પુરતા લાંબા વખત થયા એક અખતરો અજમાશતો જોતા આવ્યા છઇએ, જેમાં નીતિનો પાયો તદન ખોટી રીતે અંતકરણની ખીલવણી ઉપર નહી, પણ મગજની ખીલવણી ઉપર રચવામાં આવે છે. પોતાના મગજની ચંચળાઇથી અમુક લોક મગરૂરી લે છે, કે તેઓએ આ કાયદો શોધયો છે કે "નીતિનો નીયમ આજ છે કે સઘળી બાબદોમાં દુનયાના લોકની મોટામાં મોટી સંખ્યાનું સર્વથી વધુ ભલું મગજની ચંચલાઇ ખીલવવામાંજ સમાયલું છે." સઘળાં માણસોને એક સરખી રીતે ઠંડા પાડવાની અને સધયારો આપવાની તે એક યોજના છે એમ તેઓ માને છે. વળી તેથી સઘળી લડાઇ, કજીઆ, ફેસાદો, માથાફોડ, ગુનાહો, બોમબ ફેંકવું વીગેરે નાબુદ કરવા માટેની જડીબુટી હાથ લાગી છે, એમ તેઓ સમજે છે. અને સખાવતી દીલના તથા સુલેહ શોધનાર માણસને માટે પણ તે સંતોષકારક નીયમ છે એમ તેઓ ધારી લે છે. પણ એ શોધ પણ હાલની ખામીભરી કેળવણીથી નીપજતી તામસથી ભરપુર નીતિમાં કોઇએક પણ માણસનો સુધારો કયાં કરી શકી છે? આવી કેળવણીને લીધે માણસ જાતમાં ગુનાહો વધતા ચાલ્યા છે. યુરોપના ઘણાજ ડાહાપણવાળા રાજદ્વારીઓ અને સંસારને ઇનસાફી નજરથી, જોનારાઓ એ મામલો જોઇ ગભરાઇ ગયા છે. ઘણાકો કબુલ કરે છે કે તેઓની નજર ઉંઘડી છે અને તેઓ બીહીને પોતાના વીચારોની ભુલો જોઇ ચુકયા છે; કેટલાકો કબુલ કરવા મંડયા છે કે ધર્મના પાયાનો ટેકો નીતિને માટે ખાસ અવશયનો

છે, કે જેની જગા બીજું એવું કોઇપણ સાધન પુરી શકતું નથી. હાલની કેળવણી મગજમાં અહંકાર, અભીમાન તથા નાતાબેદારી ઉતપન્ન કરે છે અને મોટી મોટી ખોટી આશાઓ ઉપજાવીને મગજને એટલું તો નબળું બનાવી દે છે, કે મુશ્કેલીની વખતે તે હીંમત હારી જાય છે, અને કાંઇ પણ સહનશકતી બતાવી શકતું નથી. તેટલા માટે અજબ થવા જેવું નથી કે આપણામાંથી સ્વમાન નાબુદ થતું જાય છે, અને ધર્મના ટેકા તથા સધીઆરાની ગેરહાજરીમાં મુશ્કેલીઓ, લોભો, લાલચો, તથા આફતોથી આજના જમાનાના કમજોર, કમ તાકાત, અને ઉદાસ જીવો, ગભરાટમાં પડી પોતાનું સમતોલપણું ખોઇ દઇ, પોતાને હાથે પોતાનો નાશ કરે છે. આવા માણસોથી બનેલી દુન્યામાં ખરેખરા નીતિમાન માનવીની લાયકાતની કદર પીછાનવામાં આવતી નથી, તથા નીતિધર્મને ઉતરતી પંકતી ઉપર મુકવામાં આવે છે, અને માલદાર થવામાંજ માણસની ખુબી ગણાય છે, તથા ખરી લાયકાત કે જે ધન એકઠું કરવામાં ફતેહ પામી શકતી નથી, તેના તરફ કાંઇપણ માન બતાવવામાં આવતું નથી.

ધારો કે એક ગંજાવર મીલનું સાંચાકામ, કે જે સઘળું બરાબર કામ કરતી હાલતમાં ગોઠવેલું અને પોલાદનું બનાવેલું છે, પણ ફકત તેના પૈડાંઓ અને વીભાગો લોખંડના સ્ક્રુથી એકેક સાથે મજબુત કરવામાં આવ્યા નથી, પણ તેઓની જગાએ અમથા ગોઠવી દેવામાં આવ્યા છે. ત્યારે શું તમો એમ ધારો છો કે ગમે એવી ચાલાકીથી તે સાંચાકામ બનાવવામાં આવ્યું હશે તોપણ તે પોતાનું કામ બરાબર બજાવી શકશે? કદી બી નહી! કારણ કે જરાક પણ ધસારો થતાને વાર સઘળા ભાગો ભાર ખમવાને અશકત હોવાને લીધે સર્વ દીશાઓમાં ઉડી જશે તેજ પ્રમાણે આપણી જીંદગીમાં પણ ભેજાની શકતીનું સાંચાકામ ગમે એવું મજબુત હશે, તોપણ જો ધર્મના પોલાદી ખીલાઓ અને સ્ક્રુઓથી તેને સંગીન રીતે જડી લીધામાં નહીં આવ્યું હશે, તો દરરોજની મુશ્કેલીઓ હીંમતથી ખમવાની, યા તો કોઇપણ અનીતિભરી મોહીનીની સાંમે થવાની, આપણામાં કાંઇ પણ તાકાત રહેશે નહીં. ખાલી ચોપડીનું શીક્ષણ ભરડાવવું તથા નીતિના સબકો વંચાવવા એ એક મીલના સાંચાકામમાં લાકડાંના સ્ક્રુઓ ગોઠવવા બરાબર છે, કે જે દુન્યાના ચકકરના ધપકારા હેઠળ સેહેલાઇથી તુટી જાય છે.

જ્ઞાનથી મેળવેલો ધર્મ ઉપરનો સંપુર્ણ વીશ્વાસ, શરમાવે એવી માન્યતાઓની ઉપર આધાર રાખતો નથી. ધર્મની માન્યતાને કબુલ રાખવાને તમોને કોઇ ફરજ પાડતું નથી. હાલના વીચારવંત જમાનાને સતાધીકારી ફતવાઓથી નહીં, પણ ભેજાંના તર્કને આધારે ધર્મની રોશની દેખાડી શકાય છે. એ ખરૂં છે કે હમણાના જડવીદ્યાશાસ્ત્રીઓ તથા થોડાક યુનીવરસીટીવાલાઓ એમ ધારે છે કે તર્ક વાપરવાનો તેમનો એકલાઓનો ઇજારો છે. તે ઉપરાંત આગલા જમાનાની કાંઇપણ વીગતો જાણવા, જોવા યા તો અભ્યાસ કરવાને બદલે તમો તેવા સાહેબો તેને હસીજ કાઢો છો. તમો એમ ધારો છો કે આગલના લોકો બધા વેહેમી હોવાને લીધે જુદા જુદા આકારમાં ધર્મને માનતા હતા. તમો હાલની રૂઢીની કેળવણીથી ઘણા અનુભવી અને ડાહાપણવાળામાં ખપો છો. અને વીજળી તથા વરાળયંત્રો, ઇન્જીનો, વાહાણો, વીમાનો એ સર્વેની માહીતી ધરાવવામાં તેમજ ઝાડપાનો, ફળફુલો, જાનવરો વીગેરેની ખાસીયતો અને ગુણોનું જ્ઞાન ધરાવવામાં પોતાને પ્રવીણ લેખો છો. તમો એમ ધારો છો કે આગલા જમાનાઓમાં એ બધું કાંઇ હતું નહી; પણ જો તમો તમારા મનમાંથી મગરૂરી દુર કરી ધીરજથી આગલા જમાનાઓના ઇતીહાસનો અભ્યાસ કરશો, તો હાલના તેમજ આગલા જમાના વચ્ચેનો ખરેખરો સંબંધ તમોને જણાઇ જશે. કુદરતની બાહારની શકતીઓના કાયદાઓ જેવી કે આકર્ષણ શકતી, વરાળ વીગેરેનું થોડુંક જ્ઞાન મેળવી એમ ધારોછો કે તમો સુધારામા ઘણા આગળ વધી ગયા છો. પણ ખરૂં જોતાં જે મજબુત મન શકતી, તેમજ ખોહોળુ આત્મજ્ઞાન અને ફીલસુફીનું તેજ અસલ

ના ધર્મ શાસ્ત્રોમાં માલમ પડે છે તે કોઇ પણ વીસમી સદીના ધર્મરહીત ખ્રીસ્તી માણુસમાં નજર પડતાં નથી. વળી સોચો ! કે હાલના અથવા આગલના મોટી મોટી સ્ટીમરો વીગેરેના શોધકોમાંથી કોઇ પણ એવો વીરલો દેખાડશો કે જેના દરેક હોકમને માન આપી ચાલનારા થોડાક પુંજારીઓ હોય ? અને જેની કીર્તી એક યા બે સદી કરતાં વધુ લાંબો વખત સુધી ટકી રેહેવા પામી હોય ? આજનાં મગતરાઓમાંથી કોઇ એક પણ મળી આવશે કે જે કુદરત તેમજ માણુસ જાતની શકતીઓ ઉપરનો પોતાનો સંપૂર્ણ બળવાન કાબુ બતાવી શકયો હોય અને જેને માનવીની મોટી સંખ્યા એક મહાગુરૂ તરીકે માનથી ભજતી હોય? આ સવાલ ધ્યાનનાં રાખી વરસો સુધી એવા કોઇ માણુસની શોધમાં રહો અને જયારે તમોને એ શોધમાં નીષ્ફળતાજ મળે, ત્યારેજ માલમ પડી આવશે કે જડવાદી માનવીની કીર્તી ઘણીક સદીઓ ટકતી નથી. અને તે માનવી ઇનસાન જાતના મોટા ભાગના મન અને અંતઃકરણોને દોરવી શકતો નથી ! પછી સોચજો કે નજીવા નજીવા નાના બનાવો (જે ધીકકારવાજોગ તો નથીજ) તેઓમાં ફતેહ મેળવી મોટા ભાગે માનવીની મોટાઇનો ત્યાંજ છેડો આવે છે; અને એવા બનાવો ફકત માણુસ જાત તરફથી કાંઇક ટુક વખાણ અને બદલો મેળવવા લાયક થવા શીવાય બીજો કાંઇ પણ સંતોષ આપી શકતા નથી. પછી ખાતરી કરો કે ઇતીહાસમાં એવો કોઇ પણ વકતા અથવા ભાષણકર્તા યા ઉતમ લખનાર યા કોઇ વીદવાન ફીલસુફ યા તો બાહાદુર લડવૈયો અથવા સરદાર યા તો કોઇ રાજદવારી માણુસ અથવા કોઇ હુન્નર ઉદયોગમાં તેમજ જડશાસ્ત્રમાં વખણાયલો એવો કોઇ માણુસ નથી, કે જે ધર્મથી અલગ રહયો હોય, તોપણ સેંકડો સદી થઇ ગઇ તેમાં માણુસજાતના સલાહકાર, મદદગાર, ચાહાનાર, તારણ કરનાર, પાક ગુરૂની જગા મેળવી શકયો હોય, અને જે સઘળી દુનયાના આશીરવાદો તથા ચહા મેળવી ગયો હોય અને સર્વે દુનયાની મોટી પ્રજાઓની તાબેદારી મેળવવામાં ફતેહમંદ થયો હોય ! હવે બીજી બાજુનું ખરા ગુરૂઓનું ચીત્ર તપાસો અને શાંત મને વીચાર કરો તથા તમારૂં જીગર એ સવાલનો શું સાચ્ચો અને સીધો જવાબ વાળે છે તે ઉપર ધયાન આપો. હાલના વખતનું મનોબળ યા તર્કશાસ્ત્ર યા આત્મજ્ઞાન અથવા તમારી બીજી કોઇ પણ સખતમાં સખત કસોટી હોય તે ઉપર એ બાબદ મુકીને જુઓ. ગમે એટલી કરડાઇથી તેનો ઇનસાફ કરો. કોઇપણ ચીજ માનવાની કોઇ તમોને ફરજ પાડતું નથી, કારણ કે એ બાબદના જવાબની ઉપર તમારૂં ભવીષ્ય, તમારી આ જીંદગીના છેડા સુધીનું લટકેલું છે. દુરબીન યા તો સુક્ષમદર્શક યંત્ર વડે ધ્યાનથી જુઓ, યા તમારી બારીક તર્ક શકતી અને અંતઃકરણ યા મગજ અથવા લાગણી યા ઇંદ્રીનુ દુર્બીન અથવા શુક્ષમદર્શક યંત્ર બરાબર લગાડી જુઓ. તમારામાં સમાયલી ઉ-તમમાં ઉ-તમ શકતીઓનો પુરેપુરો ઉપયોગ કરીને તમારી જીંદગીના તારણ માટે એ બાબતના ફડચાનો તોડ શોધી કાઢવાની કોશેષ કરો. એક આળસુ માણુસ જેનું કીટાયલું મગજ બીજાઓના વીચારો અને બોલવા પ્રમાણે ચાલે છે તેનું એ માહાભારત કામ નથી; અથવા તો દુન્યાદારીમાં અટવાયલા અડધાં દીલના એક માણુસનું એ કામ નથી, કારણ તે દુન્યવી કારોબારમાં રાત દીવસ ગુંટાયલો રહે છે, યાતો એક તુંદ મીજાજી માણુસ કે જે પોતાના વીચારો સઘળા ખરાજ માને છે, અને જે એમ વીચારે છે કે તેના અજ્ઞાનપણાથી દુન્યામાંનુ જ્ઞાન ઢંકાઇ જશે અથવા તેની મુર્ખાઇ અને વગર વીચારની બકબકથી તે દુનયાને પોતાના જેવા અંધકારમાં ગાંધી શકશે, તેનું એ કામ નથી. અથવા તો જે ધણી પોતાની જ માનીતી ભ્રાંતીની ભુલાવો ખવાડનાર રોશનીથી આ દુનયાને જોય છે તેને માટે, યા તો કોઇ એકલપેટા બદખસલતના આ દુનયાની મોજશોખમાં પડેલા બદહવસી, રાગ તથા દવેષ ધરાવનાર જીવનું એ કામ નથી; યા તો અસલી રીતભાતોને અણઘટતી રીતે વળગી રેહેનાર અથવા નવી રીતભાતોને અણસમજુ રીતે ચાહાનારને માટે એ કામ નથી. ધર્મતરફ

ઢળેલો એક વેહેમી માણુસ કે જે પોતાના બેહેસ્ત અને દોજખના હવાઇ ખયાલો ઉપર અકકલ અને અંતરજ્ઞાનની સ્વચ્છ રોશનીના કીરણો પડે તેથી બીહી જાય છે, તેનું પણ એ કાંઇ કામ નથી. એક દુરવ્યસની માણુસ યા તો શરીરમાં, હઇયામાં અથવા મગજમાં એક નબળો માણુસ જે પોતે પોતાનું મગજ, હઇયું યા તો શરીર જરા પણ મહેનત કરી વાપરતો નથી પણ બીજા મોટા દરજજાના લોકોના ફેશન તરીકે મનાતા મત ઉપર આધાર રાખે છે તેનું એ કાંઇ કામ નથી; પણ જીંદગીના એ મોટા સવાલનો જવાબ તો આપણું તન, હઇયું તેમજ મન કસવાથીજ મલી શકે છે. કારણ કે એ રીતે તે સઘળાંઓ ભરૂસેદાર યંત્રો બને છે જેઓને સહી સલામતીથી વાપરી શકાય. જ્યાં સુધી તમો તમારાં મન ઉપર મજબુત કાબુ મેળવી સાફ દીલના અને પાક મગજના નહી થશો,-જ્યાં સુધી તમો તમારાં મગજમાંથી જડ ઘાલી બેઠેલો દરેક જાતના વેહેમો અથવા ધખારાઓ દુર નહી કરશો; જ્યાં સુધી તમારા સર્વે વીચારો, બોલો અને કાર્યો અકલવંત અને નીતિમાન નહીં થશે,-જ્યાં સુધી, સચ્ચાઇને તમો પઇસા ટકા તથા માન અકરામ અથવા વખાણ કીર્તીને ખાતર નહી, પણ સચ્ચાઇ સચ્ચાઇનેજ ખાતર માંગશો, જ્યાં સુધી જીંદગીના સઘળા પાઠો અને અનુભવો ઘણીજ સંભાળ અને બારીકીથી જાણવાની અને શીખવાની તમો મેહેનત લેશો નહીં-ત્યાં સુધી જગતને લગતી કોઇ પણ સમજ કે જે આ દેખઇતી તેમજ અણુદીઠ સૃષ્ટિનો ખોલાસો આપે છે તેની સચ્ચાઇથી યા ખોટાપ વીષે ઇનસાફ કરવાને અને મત ઉચારવાને તમો લાયક ગણાઓ નહીં. યાદ રાખજો કે એક રસાયણ શાસ્ત્રીને કોઇપણ નવા ખુલાસાને પુરવાર કરવા માટે સેંકડો અખતરાઓ ફરી અને ફરી સખત મેહેનત લઇ કોઇપણ ભુલ પડે નહી તે કારણથી સંપુર્ણ સંભાળથી કરવા પડે છે. સત્યતા એ કાંઇ ખાલી રમવા માટેની ઢીંગલી નથી પણ સઉથી શ્રેષ્ટ અને જીવને બેહેલાવનાર દીલદાર છે જે અસ્વચ્છ અને મોજમજામાં ચકચુર બનેલા જીવડાથી દુરજ રહે છે, પણ પોતાના ધીરજવંત પુંજારીઓની આગલ સૃષ્ટીનો ભેદ ખોલે છે. ખરાં ખોટાનું તોલ કરવાને લાયક થવા અગાઉ ચુકાદો કેમ આપવો તેને લગતું જ્ઞાન તમારે મેળવવું જોઇએ. એમ ધારીને સધીઆરો ના લેતા કે તમારૂં શરીર જો કે નબળું છે, નીતીમાં પણ જો કે તમો ઉંધા જાઓ છો તોપણ ન્યાય કરવા માટે તમારી અકકલ તીક્ષણ અને ચપળ છે. તમારૂં અંતઃકરણ અને શરીર જ્યારે તમારા કાબુમાં નહીં હોય ત્યારે તમારૂં મગજ ખરેખર ચપળ અને મજબુત છે એમ માનશો નહીં. એકાંતવાસમાં દુન્યાના લોકથી થોડેક દુર જઇ અંતઃકરણને પુછો કે તમારી ખાત્રી છે કે નહિં કે તમો પોતે કેટલીક બાબદોમાં નબળા છો જે નબળાઇ કદાચ ચુકાદો આપવા માટે તમોને નાલાયક બનાવતી હોય. એવું તમોને લાગે ત્યારે પણ શું ચુકાદો આપવા માટે તમો ખરેખર લાયક છો કે? માટે ધીરજથી ખુલ્લાં મનથી ચુકાદો કરવાને લાયક બનીને જગત વીષે સમજણ આપનાર કોઇપણ મત અથવા અનુમાનને ખરૂં ઠેરવો; અને એ પ્રમાણે તમો ન્યાયધીશ થવાના આ કાર્યને માટે દરેક તૈયારી કરી તેને એક પવીત્ર ફરજ લેખો. દુન્યાઇ ન્યાયાધીશો કાયદાથી ઘણીવાર બીનવાકેફ હોય છે, જે બાજુ જાણીતા ધારાના હીમાયતીઓ હોય છે અથવા જે બાજુ સાથ તેઓને દોસ્તી યા કાંઇ સગાઇ હોય છે, તે તરફ તેઓ કુદરતીજ રીતે ઢળી જાય છે. અને પોતાના સ્વતંત્ર મત પ્રમાણે ખરા કાયદા માફક વરતવાને બદલે વકીલના દોરવ્યા પ્રમાણે પોતાનું મત આપે છે. કેટલાક દુન્યવી ન્યાયાધીશો એક બાજુ ન્યાયાસન ઉપર બેસીને ચીત્ત બીજી બાજુએ ભમવા દીએ છે, અને ગમે એવા ગંભીર કેસમાં ધ્યાન આપવામાં ગફલતી કરે છે. એવાઓમાંના ઘણાકો પોતાની કાબેલીઅત ઉપર એટલા મુસ્તાક હોય છે કે તેઓ કોઇનું સાંભળતા નથી, અને ઘણા ઉતાવળા થઇને ખોટા ચુકાદા આપી દે છે; ઘણાકો એકતરફી, અને કેટલાકો લાંચરૂસ્વત લેનાર હોય છે, અને ખારીલા તથા હીચકારા અને લુચ્ચા હોય

છે, અને કોઇ તરફના દબાણને લીધે ખોટો ચુકાદો આપવાને જરાએ આંચકો ખાતા નથી. ચુકાદો આપવામાં આવી સઘળી નડતરો અને ભુલો ન્યાયાધીશોથી થાય છે તે ધ્યાનમાં રાખી, તેઓને દુર કર્યા પેહેલાં પોતાને ભરૂસેદાર ન્યાયાધીશ અથવા ચુકાદો આપનાર લેખશો નહી. અને ત્યાર કેડે પણ તદન અપક્ષપાતપણે અને ધીરજથી ન્યાય કરજો અને ખરો ન્યાય કરવા માટે હંમેશાં આતુર રહેજો. સઘળી બાબદોનો અભ્યાસ કરી અને અનુભવ પ્રથમ મેળવી, તે સઘળો એકઠો કરી પછીજ તોલ કરજો. ચુકાદો આપનારને આ સઘળી જોગવાઇઓની જરૂર છે.

ત્યાર પછી ધર્મના સ્થાપકો અને ધર્મ તમો સનમુખ શું દેખાવ રજુ કરે છે તેનો તમારી ઉંડી, અનુભવી અને કેળવાયલી તથા—ધર્મ—નહીં—માન્ય રાખનાર—નજરે જુઓ. અને આટલું સોચજો કે તમે પોતે યા તો તમારા કોઇપણ ઓળખાણુવાળાંઓમાં કોઇબી, માણુસ યા જાનવર તરફની અત્યંત ચાહા તથા તાબેદારી મેળવી શકયું હોય એવું કોઇ છે. આ બોહોળી દુન્યામાં તમોએ યા કોઇએબી બાપ, મા, ભાઇબેન, સગાવાહાલાં, દોસ્તઆસ્નાવ, નોકર, ચેલા, વીગેરે કોઇએક તરફનું પણ સંપુર્ણ, પ્યારભર્યું માન મેળવ્યું છે?

(ક) એવું હોય તો ત્યારબાદ તપાસ કરો કે શું એઓમાનું કોઇબી તમારા દરેક બોલ પ્રમાણે રાત ને દીવસ અને જીંદગીના છેડા સુધી દરેક વાતમાં સંપુર્ણ રીતે તમારી તાબેદારી કરે છે કે?

(ખ) એમનામાંનું કોઇપણ દરેક દરેક બાબદની જે તમે સમજણ આપોછો તે ઉપર પુરેપુરી રીતે ભરૂસો રાખે છે કે?

(ગ) શું એઓમાનું કોઇબી તમોને તદન ઇનસાફી અને અશો માને છે કે?

(ઘ) એઓમાંનુ કોઇપણ તમોને વગર શકે શ્રેષ્ટ અને સંપુર્ણ ચાહને લાયક માને છે કે?

(ચ) અને એમનામાંનું કોઇપણ પોતાનુ શરીર, અંતકરણ, વીચારો, મગજ શકતી, ચાલચલણ વીગેરે સર્વસ્વ તમને અર્પણ કરી તમારીજ દયા ઉપર પોતાની જીંદગી શરણ કરે છે કે? ઇતીહાસો તથા જીંદગીના વૃતાંતો ઉથલાવો અને હાલની દુન્યામાં પણ ચોપાસ નજર ફેરવો અને એવો કોઇબી દાખલો શોધી કાઢવાની કોશેશ કરો. ધારો કે તમોને એવો કોઇ મલ્યો. ત્યારપછી તે કેળવાયલો, બોહોળા વીચારનો, ઉંચી મનશકતીવાળો, ઉમદા, પવીત્ર, પાક અંતઃકરણનો તથા પ્યારથી ભરપુર છે કે નહીં તે તપાસો. જયાં સુધી એવો કોઇ મળે ત્યાં સુધી શોધો અને જયારે તમને મળે ત્યારે એ બેઉની જીંદગીનો મુકાબલો કરતાં માલમ પડશે કે તેઓનો સંબંધ અમુકજ હશે. કોઇ સગુંવાહલુ યા દોસ્તઆસ્નાવ આટલો મજબુત પ્યાર બતાવી અથવા આત્માર્પણ બજાવી શકે નહી. ફકત આખી દુન્યામાં એક ગુરૂ અને એક ચેલા વચ્ચેજ એવો મજબુત સંબંધ હોઇ શકે. તમારી જો ખાત્રી ન થઇ હોય તો આખી જીંદારી તુલીક તપાસ કર્યાજ કરો. હીંમતથી એ બાબદનો અભયાસ કરો અને પછી જયારે તમે સંતોષ પામો કે એક ગુરૂ અને ચેલા વચ્ચેજ આ જાતનું જોડાણ થઇ શકે ત્યારે આ જોડાણ શાને આભારી છે તે તપાસો. પ્યાર અને પુર્ણ વીશ્વાસની આ શ્રેષ્ટમાં શ્રેષ્ટ શકતી આગળ, આ દુન્યામાં સર્વેથી ઉત્તમમાં ઉત્તમ ગણાતી શકતીઓ, ઝાંખી પડી જાય છે. હવે સોચો કે શું તમો પોતે એક ગુરૂ તરીકે બીજા પાસે પુરેપુરો વીશ્વાસ અને પ્યાર મેળવવા લાયક હોવાને પોતાને ગણો છો અને તેમ ગણાવાની હીંમત કરશો? જો ન કરી શકો તો શું સંપૂર્ણ વીશ્વાસથી કોઇ ગુરૂને પ્યાર અને તાબેદારી આપી શકશો? શું તમારામાં ગુરૂના મહાન પ્યાર, શકિત અને જ્ઞાન છે, કે ડગમગ્યા વીનાનો એક ચેલાનો પવીત્ર ઇમાન અને વીશ્વાસ, જે ગુરૂના હુકમ બજા લાવી શકે છે, અથવા ગુરૂના પ્યારને જવાબવાળી શકે છે, તે છે? હવે સવાલનો જવાબ આપો. આપણે અહિયાં એક મજબુત અને આપણા પ્રકટીકરણ પ્રમાણે જેટલો ભલો માનવી બની શકે તેની તપાસ લઈએ છીએ અને નબળાં

મગજવાળા, સુસ્ત, એકલપેટા માનવીનો દાખલો લીધો નથી તે ધ્યાન રાખો. અને હવે ગુરૂ, ચેલા બન્નેનું જોડાણ શાથી થાય છે તેનો વીચાર કરીએ. કઇ ચીજના ખેંચાણથી એક ગુરૂને પુંજવામાં આવે છે તે હવે જોઇએ. શું તે રાજા છે કે તેની પાસે ધન, દોલત, લશ્કર, માનમરતબો વીગેરે છે તેથી, યાતો મોટા મોટા મેહેલો, ગંજાવર બાગો, રમવાની કુશાદે જગાઓ, તરવા માટેના તળાવો, સુંદર વાજીંત્રો, ઉત્તમ ચીત્રો અને ખુબસુરત બચ્ચાંઓ છે તેથી, યા તો શું તે ચેલાને તે સ્વાદીષ્ટ ખાણીપીણી અથવા દારૂ પીવાડવા માટે સાધન પુરાં પાડે છે તેથી, યા તો જડવાદી શાસ્ત્રોના અનુમાનો અને કલ્પનાઓ, જે એક દીવસ ઉભાં થાય છે અને બીજેજ દીવસે સમશાને પોહોંચી જાય છે, તે સમજાવવામાં આવે છે તેથી,—શું ગુરૂ અને ચેલા વચ્ચે આપણે જોયો તેવો અજાયબ ગાંઠ બંધાય છે? જે દોઢચતુરોએ પોતાની જીંદગીનું એક આખું વરસ આ બાબદના અભ્યાસમાં રોકયું નથી, પણ અવીચારી છાલકાપણામાં, લોકની દામાં, અને અધર્મીપણામાં અટવાય છે, કે જેથી તેઓની અયાસી અને અનીતીવાન જીંદગી ગુજારવામાં તેમનું હઇયું ડંખતું અટકે છે, તેવાઓના ખાલી ભેજાંઓથી ભોળવાઇ જશો નહીં, પણ સચ્ચાઇ શોધી કાઢવાની તમો પોતેજ કોશેષ કરજો. અને તમોને શું માલમ પડશે? કે જે ગેબી શકતીઓને તમો સર્વજ્ઞાની, સર્વ શકતીમાન, સર્વવ્યાપક ઇશ્વરની છે એમ લેખો છો તે મોટે દરજજે એક ગુરૂમાં હોય છે, ત્યારેજ એક ચેલો માનથી તેની પુંજા કરેછે. જ્યારે એક "ખોદાના દીકરા" સમાન તે ગુરૂના સઘળા ગુણો પ્રકાશતા હશે, ત્યારેજ તેને માન્ય કરી, તેની સેવા કરવામાં આવેછે. ત્યારેજ તેવા ગુરૂની સંભાળમાં ચેલો પોતાની જીંદગી અર્પણ કરી દે છે, જેને તે પોતાના રાહબર તરીકે ખુશાલ જીવે અને પુર્ણ તાબેદારીથી ગુરૂ તરીકે કબુલ રાખે છે. જરથોસ્ત, ક્રાઇસ્ટ, બુધ્ધ, અને શ્રી કૃષ્ણના ચેલાઓ જેઓએ પોત પોતાના ગુરૂને ખાતર ઘરબાર, સંસાર, દ્રવ્ય, માનપાન, અને સર્વસ્વ છોડી, તેઓના ભકત થયા હતા, તેમના ભણી જરા નજર ફેંકો. ખોદા તરફજ બતાવી શકાય એવો સંપુર્ણ ભકતીભાવ તેઓએ પોતપોતાના ગુરૂ તરફ દેખાડયો હતો. દરેક ગુરૂએ શીક્ષણ એક આપ્યું હતું અને તે એકે આ દુન્યાનું રાજપાટ મેળવવાની અભીલાશા રાખવાને બદલે તે કીરતારનું દઇવીક રાજય મેળવવા માટે તલપ રાખવી. અજ્ઞાન ખણખોદીઆ માણસો અને હલકાઇ બતાવતા ધર્મગુરૂઓ, જેઓ આવા પાક ગુરૂઓના નીતીમાન સબકો અને નીશાનોના ભાવાર્થ સમજતાજ નથી, તેઓ ધર્મના શાસ્ત્રોના શબ્દોને વળગી રહે છે. પણ તેમના ખરા અરક અને ભાવાર્થની કીંમત પીછાનતા નથી. અને એવાં પવીત્ર શીક્ષણોનો તદન ઉંધો અર્થ કરી પોતે પોતાને પણ હાણી પોહોંચાડે છે, તેમનાથી ચેતીને ચાલજો. હવે આપણે તપાસ કરતા કરતા એવે દરજજે આવી લાગ્યા છીએ કે જયારે નાના અને મોટાં, અદનાથી તે આલા, તવંગરથી તે ગરીબ, રાજા અને ફકીર પોતાના વખતમાં સર્વથી શ્રેષ્ટ મન શકતી ધરાવનારા સઘળી વરણના માનવીઓ, એવા ગુરૂઓ તથા પેગમબરો પાસે સમજણ લેવાને ગયા હતા, જેમની સોડેથીજ ભુત અને વર્તમાનમાં શું શું થયું અને થશે તેનો ખરો જવાબ મેળવી શકાય, એવું તેઓ મકકમ માનતા હતા, અને તેઓજ એખલા ખરી મુકતી શું છે અને તે કેમ મેળવાય તે શીખાડી શકે એવું તેઓ કબુલ રાખતા હતા. એવું ઇતીહાસ અને દંતકથાઓ ઉપરથી આપણને શીખવાનું મળ્યું છે. એમાંના કેટલાક ચેલાઓ આપણે ઉપર સઘળા ગુણો જોઇ ગયા તે બધા ધરાવતા હોવાથી ખરેખરા ચેલા બન્યા અને જ્ઞાનની રોશની તથા શાંતી જેની તલબમાં તેઓ હતા તે આખરે મેળવવાને ભાગ્યશાલી બન્યા હતા. તેઓ નામાંકીત્ત કેખશરૂ જેવા, કે સોક્રેટીસ યા પ્લેટો જેવા, યા તો અફલાતુન, પાઇથેગોરાસ, મારકસ ઓરીલીઅસ, કે ફીલસુફ સીનેકા જેવા, યા તો રાજકુંવર બુધ્ધ, કે શેખશાદી, કે હાફીઝ, કે હરીશચંદર, કે નરસીંહ મેહેતા જેવા, યાતો તુકારામ, રામકૃષ્ણ, કે અકબર જેવા,

યાતો સીતા, રાધા, મેરી, જોબ, મોઝીઝ યા ઇબ્રાહીમ જેવાં સઘળાં મહાન નર-નારીઓ દરેક નાત, જાત અને પેશા-માંથી ધર્મ તરફ દોરવાયાં હતાં. વળી ધર્મનીજ રોશનીથી દુન્યામાં અને દીનમાં શ્રેષ્ઠાઇ મેળવવા પાંમયા હતાં, અને ધર્મના જોસથીજ મોટામાં મોટા કવીઓ, ગાયનકારો, ફીલસુફો, શાસ્ત્રીઓ, વકતાઓ, પરોપકારીઓ, રાજાઓ, સેનાપતીઓ અને રઇયતો ઉભાં થવા પામ્યા હતાં. જે ઉત્તમ શકતી, પવીત્ર સુંદરતા, તથા ખુદાઇ પ્યાર ધર્મના રસ્તા ઉપર દીઠામાં આવે છે તે કોઇપણ બીજા રસ્તા ઉપર આપણે દેખી શકતાં નથી. માણસજાતને સૌથી આગળ વધારનાર સાધન ધર્મજ છે ! સર્વેથી પુરાણા વખતથી હાલના વખત સુધી તે સર્વોપરી સત્તા ભોગવે છે. આ બાબદ પડતી મેલવા આગમજ એટલું તો ચોક્સ ધ્યાનમાં રાખવું જોઇએ કે જ્યારે બીજી કોઇપણ મતલબ ખાતર માનવીઓ જે કાર્યો બજાવી ન શકયાં તથા જે જીંદગી ન ગુજારી શકયાં, તે તેઓ ધર્મને સારૂ બજાવી અને ગુજારી શકયાં છે, અને કોઇ પણ જાતનો નબળો યા પ્રબળ પ્રકારના જુસ્સા સાથનો ધર્મ, માણસ જાતમાં હંમેશા જારી રહોવેજ છે, કારણ કે તે વીના આ દુન્યામાં માણસ જાતને કદી પણ શાંતી મલી શકતી નથી. તે કીરતારની હસ્તી ન માનનારા અધર્મીઓની સંખ્યા દુન્યામાં મુઠઠીભરજ હોય છે. દરેક પ્રજામાં નાસ્તીકો હઇયાતી ભોગવે છે, પણ તેમનામાં ઘણાખરા તો હીચકારા ખવાસના લોકો હોય છે, જેઓ દુઃખ અથવા આફત આવી પડતાંને વાર, કોર મરડી દે છે, અને તુરતજ નસીબમાં ચુસ્ત માનનારા બની જાય છે તથા દેવ દેવ-તાઓ યાતો ખવીસોને પુંજવા મંડી જાય છે. જેઓ પ્રમાણીકપણે ખોદાતા-લાની હસ્તીનો ઇનકાર કરે છે, અને માણસજાત કરતાં કોઇપણ બીજી ઉંચી શકતી હઇયાતી ભોગવે છે એવું કદી માનતા નથી, અને જીંદગીના છેડા સુધી એવુંજ માની રાખે છે, કે મરવા બાદ આખું માણસ જે ફકત શરીર છે તે મટટી સાથ મટટી થઇ જાય છે, તથા કદી પણ તે માણસ પાછો સજીવન થઇ શકતો નથી, તેવા લોકો આગલા જમાનામાં તેમજ હાલમાં ઘણાજ જુજ જોવામાં આવે છે. આવા માણસોના કોઇપણ મોટા ચેલાઓ હોય એવું કદાચજ આપણા સાંભ-ળવામાં આવ્યું હશે. અને ખોદાવંદતાલાને પુજનારા પેગમબરો લખખો અને કરોડો લોકો તરફથી જે માનમરતબો અને ચાહ સદીઓ થયા મેળવતા આવ્યા છે, તેવું માન અને પ્યાર કદીબી એવા અધર્મી લોકોને પોતાના ચેલાઓ તરફથી મલ્યું હોય, એવું કોઇ દીવસ બન્યું નથી. તેઓ ઘણુંઘણું તો મનની કલ્પનાઓ ઉડાવી ગયા છે, જે તરફ થોડાક કાચી વીચાર શકતીવાળાઓ, જેમની વીચાર કરવાની શકતી બાળ અવસ્થામાં હોય છે, તેઓ ખેંચાઇ જતા માલમ પડે છે. પણ તેવા થોડાકમાં જેઓએ સત્યની દરેક બાજુનો ઉંડો અભ્યાસ કર્યો હોય છે તેઓ આવી જતા નથી. વળી પેલા નાસ્તીક લોકો અલ્પ વખતમાં ભુલાઇ અને અટવાઇ જાય છે અને માણસ જાતને આશીરવાદને બદલે શ્રાપ સમાન થઇ પડે છે. હવે જો આપણા ખુદાતાલાને પુંજનારા મહાન પેગમબરો તરફ નજર ફેંકશું તો શું માલમ પડશે, કે જો કે તેઓએ આ દુન્યાની સખતમાં સખત ગરીબાઇ અને કષ્ટ વેઠયાં હતાં, અને જો કે તેઓ ઉપર હર કોઇએ દુનયવી જોરજબરદસ્તી વાપરી હતી, તોપણ તેઓના સઘળા શ્રેષ્ઠ ઉમદા ગુણો ભીતર-નાજ હતા. આ દુન્યાના તકલીદી બહારના છાયાઓ તરફ જે જુવાન, બીનઅનુભવી અંતકરણો ખેંચાઇ જાય છે, તેમની તેઓએ કાંઇપણ પરવા કીધી નહોતી. આ પૃથ્વીની તેમજ તારાઓ વીગેરેની બનાવટ તથા બંધારણના કાયદા કાનુનો તેમજ માણસ જાતના લોહી, માંસ વીગેરેની બનાવટનું સઘળું જ્ઞાન કે જે આ સદીની વીચારને ઉથલપાથલ કરનારી બાબદો અને સર્વે ખરા સુધારાવધારાની નીશાનીઓ લેખાય છે, તે ઉપર તેઓએ ખાસ ધ્યાન આપ્યું હોય અથવા આપ્યું હોય તો તે બાબદો જાહેર થઇ હોય એવું કાંઇ જણાતું નથી. તોપણ આ દુન્યાને અને તેને લગતી સઘળી વસ્તુઓને લાયક અગત્યતા તેઓ આપતા હતા. અને સેંકડો બલકે હજારો વર્ષો થયાં આ દુન્યાની ખુશાળીઓ તેમજ દલગીરીઓનો તેઓ જે તોલ

કરી ગયા છે, તે લખ્ખો અને કરોડો માનવીઓ કબુલ રાખતા આવ્યા છે, જો કે અધુરી કેળવણી પામેલા ગુમાનીઓ ધર્મની પવીત્રાઇને હસી કાઢવામાં ફેશન સમજી તેની ઠેકડી કરે છે અને ધારે છે કે આવી હસી પોતાના સ્વતંત્ર વીચારો દરશાવે છે. તેથી વળી તેઓ એમ સમજે છે કે ધર્મનાં ખોટા ઢોંગ ધતુરા ઉપર તેઓએ હંમેશની ફતેહ મેળવી છે. એવા ગુમાનીઓનું છલકાપણું તેમના બોલોમાં, તેમજ તેઓના કામોની અંદર અને ચાલચલણમાં ખુલ્લું દેખાઇ આવે છે. તેથી તેમની સાથે આપણને કાંઇ લાગતુંવળગતું ન હોવાથી, આપણે આપણી તપાસ આગલ ચલાવીશું.

પેગંબરોએ માણુસની અમરગી અને આત્માના દઇવીકપણા અને તેના સેવટના (ઇશ્વરની અંદરના) મુકામ ધ્યાનમાં રાખી, માણુસની ચાલચલણના સર્વે કાયદાઓ રચ્યા છે. સઘળા નીતિના કાનુનો ધર્મ ઉપર રચાયલા છે અને જ્યાં ધર્મનો પાયો અને ધર્મનો એતેકાદ હોતો નથી, ત્યાં ગમે એટલું બોલવામાં આવે યા લખાણ કરવામાં આવે તો પણ નીતિના કાયદાઓની કોઇ દરકાર કરતું નથી તે આજે આપણે આંખે જોઇ શકીએ છીએ. જન્મની શરૂઆતથી તે મરણ સુધીની સઘળી મુખ્ય બાબદો અને ક્રીયાઓ જેવી કે જનોઇની, લગ્નની તેમજ મરણની એ સવ હજુરપણ ધર્મનેજ આધારે કરવામાં આવે છે, પછી જોકે ધર્મના પડતીના વખતમાં ગમે તો તે સઘળું નામતુંજ ધર્મના ઓઠાં હેઠળ કરવામાં આવે છે. પણ હવે તપાસ કરો કે માણુસ જાતનો મોટો ભાગ લાંબા કાળથી હમણા સુધી ધર્મના ફરમાનોને નમી તેનાજ કાનુનોને આધીન થતો આવ્યો છે, જો કે ખરાં દીલથી ધર્મને પાળનારા પ્રતીનીધીઓ જતા રેહેવાના સબબથી ધર્મનો જોશ તુટી જવા પામ્યો છે. હજુર પણ શું ધર્મને તમો માણુસ જાતની મગજશકતીમાંથી ઉપજાવી કાઢેલી એક કલ્પના યા નબળાઇનું પરીણામ અથવા તો કાંઇ માણસાઇ ફાંટો સમજો છો? તમો શું એક પેગંબરનો ભાગ ભજવવા ચાહી એવી આગાહી કરવા માંગો છો કે વખતના વેહેવા સાથ જેમ જેમ વીજળીક યંત્રો બદલ, તેમજ રેડીઅમ, પલેટીનમ વીગેરે ધાતુઓ બદલ નવી નવી શોધો થતી જશે અને જેમ હાલ પાણી ઉપર ચાલો છો તેમ હવામાં પણ સેહેલાઇથી મુસાફરી કરી શકશો તેમ તેમ આ ધર્મ તરફનું 'ચેટક' ઓછું થતું જશે? તમો શું મનમાં એમ મલકાઓછો કે ધર્મ જેવી ઉમદા બાબદના અભયાસ તરફ તમો તમારી મુર્ખાઇને યા તો મગરૂરીને લીધે અથવા આળસાઇને ખાતર અથવા બદસોહોબતને લીધે જે બેદરકારી બતાવો છો, તેટલા માટે શું બીજાઓ પણ પોતાની તક ખોઇ તમારા જેવી દયાજનક નાસ્તીક હાલતને દરજજે ઉતરી પડશે? માનવીની મુખ્ય ફરજ એ છે જે પહેલાં પોતે પોતાને ઓળખે. જીંદગીની શાંત પળોમાં જ્યારે આસેપાસેની જંજાળોની ઝુસરીમાંથી તથા સંજોગોના બંધનો, અને જન સમાજના સ્પર્શ તથા લોભ લાલચો અને હવસોથી જ્યારે બે ઘડી તમો છુટા થાઓ છો, ત્યારે તમારૂં અંતઃકરણ શું કહે છે તે ઉપર જરા વીચાર દોડાવો. બીનતરનો તે શાંત ધીમો અવાજ તમોને હમેશાં ચેતવણી આપતો રહે છે. પણ જ્યારે તે તરફ તદન બેદરકાર બની તમો જીંદગી અતીશય હેવાન્યતભરી બનાવો છો, તયારે તે ચેતવણી આપતો અટકી જાય છે અને છેવટે તે અવાજ નાબુદ થઇ જાય છે. એવા અવાજની મનોહર તાજગી અને ઉમદા શ્રેષ્ટાઇ તમારી કુકર્મી જીંદગીથી કરમાઇ અને દબાઇ જાય તે આગમજ તથા તેવી ચાલથી તમારૂં અંતઃકરણ અને મગજ ફીટાઇ જાય તે અગાઉ સાવધ થઇ તેમને સાંભળવાનો પ્રયત્ન કરો.

પેગમબરોએ કુદરતના કાયદાઓની તાબેદારીના બદલા તરીકે તમોને ફકત સસ્તા ખેતાબો, યુનીવરસીટીઓની ડીગ્રીઓ, દરમાયાઓ વીગેરેની લાલચ આપી નથી. બલકે આ જીંદગી ફકત કાંઇ રમતગમતનું કાંઇ મેદાન નથી એ બાબદનું રણસીંગડું તેઓ ફુંકી ગયા છે. સદા અચલ કાયદાઓની રૂયે જીંદગી કેવી રીતે ગુજારવી તે તેઓએ શી

ખાડયું છે, જે કાયદાઓને આધીન થવાથી આત્માની જીત થાય છે અને ખરી શાંતી તથા અખંડ સુખ મેળવાય છે, જેવું સુખ માણુસ જાત બાહારની તકલીદી ચીજો અને મોજોમાંથી મેળવવા જતાં નાહક અને ફોકટ પટકાઈ ઝીકાઈ જાય છે. પેગંમબરોએ પોતાની જીંદગીથી પુરવાર કરી આપયું છે અને તેમના સઘળા બનવા ચાહતા ચેલાઓ અશો જીંદગીથી પુરવાર કરી લેવાને સામર્થવાન થયા છે, કે માણસ જાત બે ભાગનું બનેલું છે, જેમાં એક તો તેનું શરીર છે, જે એક ડગલા સાથ સરખાવી શકાય, કારણ કે તે ડગલાની માફક તેનો પણ નાશ થાય છે; અને બીજો તેનો આત્મા છે જે અમ્મર છે, અને જે પ્રકૃતીની અંદરથી પોતાનું તેજ બતાવવાની હંમેશ કોશેશ અને તજવીજ કરે છે અને પ્રકૃતી ઉપરનો પોતાનો પુર્ણ કાબુ મેળવવા ચાહે છે. જ્યારે પ્રકૃતી અથવા પદાર્થને ધર્મ તેમજ જડવાદી શાસ્ત્ર (સાયનસ) અમર તરીકે જાહેર કરે છે, ત્યારે આત્મા પણ તેજ માફક અમર હોય એમાં શું અજબ થવા જેવું છે. આખી જગતને રૂહ અથવા ફ્રવશીની શરીર (તનુ) અથવા પ્રકૃતીની અંદરની ગમત હેરવી છે, જે રમતથી ફ્રવશી જુદી જુદી જાતના અનુભવો મેળવે છે, પણ આખરે પ્રકૃતીના સમાગમથી ઉપજતા સર્વે અનુભવો ચાખવા પછી, પૃકતીથી અસંતોષ અને નીરાશ થઈ પોતાની અસલ અશો હાલતનું ભાન મેળવે છે, અને ખરેખરૂં સુખ તથા ખુશાલી પૃકતીમાં કદીજ નહીં પણ પોતાના (આત્મા) નીજ અંદર સમાયલાં છે એમ ખાત્રી કરી લે છે. પેગંબરોએ એ પ્રમાણે માણસ જાતનું બુલંદ તોખમ અને આત્માની, પ્રકૃતી તેમજ માણસાઈ શરીર જે પ્રકૃતિના તત્વનુ બનેલું છે, તેની ઉપરશ્રેષ્ટતાઈ પુર ખાત્રીથી દેખાડી આપ્યાં છે. હવે કુદરતની કુલ રચના પ્રમાણે સઘળા નીમેલા કાયદાઓ જે તે જગતના પીતાએ હંમેશ માટે ઘડયા છે તેઓનો અભ્યાસ કરી તેમને તાબે થવાથીજ આ દુનયામાં સઘળી ચીજો ઉપર જીત મેળવી શકાય છે, તેજ પ્રમાણે માણુસ જાત ઇશ્વરને પહોંચવા માંગે છે ત્યારે **ધર્મ** તેમજ **નીતિના** શાસ્ત્રો તેને શીખાડવામાં આવે છે તે પ્રમાણે તેને ચાલવું પડે છે. તેટલા માટે માણુસ જાતની હઇયાતીનો ભરમ કદી જણાઇ શકેજ નહીં એવું જુઠું ડાહાપણ ડોળવાને બદલે અને એ ધર્મ જે સૌથી ઉત્તમ શાસ્ત્ર તથા સર્વથી શ્રેષ્ટ ફીલસુફી છે તેનો અભ્યાસ કરવા, મારા બંધુઓ! તમો તત્પર થાઓ અને પેહેલાં તેની બારાખડી શીખી લઇ તેની ભાષાનો તથા સાહીત્યનો અંતઃકરણપુર્વક અભ્યાસ કરો. દરેક બાબદનો ખરો અથ સમજવાની તજવીજ કરો પણ તે ઉપર તમારૂં મત બાંધી દેવાની ઉતાવળ કરશો નહીં. જે ચીજો કંટાળાભરેલી તથા વગર અર્થની હાલ લાગતી હશે તેઓની ખુબી ધીરજ રાખવાથી પ્રગટ થશે. ફકત એકજ ધર્મનો અથવા એકજ ફીલસુફીનો યા શાસ્ત્રનોજ અભ્યાસ કરશો ના, પણ તે દરેક વાંચો અને તેમનો અભ્યાસ કરીને જીંદગી ગુજારવાની ખરી રીત શું છે તે શીખો. તે શીખ્યા પછી, તેની ઉપર અમલ કરીને કુદરતની ઓહોળી રચનાના બંધારણનું બારીક અવલોકન કરવા માટે હંમેશાં મથ્યા કરો. આત્મા અને તેને લગતા કાયદાઓનો અભયાસ, નીતિવાન અને પાકીજેહ જીંદગીના સાંધનો વગર તમારેથી કદીબી થઇ શકશે નહીં. એટલું નકી યાદ રાખજો કે સઘળી સામગ્રી જેવાંકે સુક્ષમદર્શક યંત્ર, ત્રાજવાં, એસીડ વીગેરે રસાયન પ્રયોગો માટે એક રસાયણ શાસ્ત્રીને અવસ્યના છે અને એ સઘળા સાંધન વીના રસાયણ શાસ્ત્ર શીખવા ધારવું એ ઘેલા માણસનું કાર્ય લેખાય છે; તોપણ અજબ થવા જેવું છે જે ગમે એવો બેથડ માણસ પણ આત્માને લગતું જ્ઞાન મેળવવા માટે પોતાને લાયક ધારે છે, અને નીતિના કાયદાઓ કે જેઓના પુખ્ત અભયાસથીજ આત્મજ્ઞાન મેળવી શકાય છે, તે કાયદાઓનો ગમે એવો તોડનાર પણ પોતાને એવાં જ્ઞાન માટે લાયક માની લે છે! એક જડવીદ્યાશાસ્ત્રી પોતા કરતાં અમુક

શાસ્ત્રનું વધુ જ્ઞાન ધરાવનાર બીજાને કાંઇ પણ બબડયા વીના અને તકરાર કરવા વીના ડાહ્યાપણુથી નમે છે, અને તે જેમ શીખાડે છે તેમ પહેલે શીખી લે છે, તેજ મીસાલ તમારી ખાલી બડાઇ છોડી દઇ તમો પણ આત્મ જ્ઞાન ધારણ કરવા નમ્રતા અખત્યાર કરી આત્મ વીદયાના શીક્ષણને આધીન થાઓ. સોચો કે ગેલીલીઓએ જયારે ખગોલ વીદયામાં મોટી શોધ જાહેર કીધી કે જે હાલ તદન ખરી પુરવાર થયલી ગણાય છે, ત્યારે કમઅકલી લોકોથી તેને કેટલું કષ્ટ ખમવું પડયું હતું; તેજ પ્રમાણે 'હારવી'એ જયારે માણુસના શરીરોના નીયમો, તેના લોહીના ફરવા વીશેની શોધ ઉપર સમજાવવા માંડયા, ત્યારે લોકો તેની મશ્કરી કરતાં હતાં. એજ માફક મેસ્મેરે જયારે મેસ્મેરીઝમની શોધ કરી ત્યારે તેને લોકો ગાંડો કહેતાં હતાં. તેજ મેસ્મેરીઝમ આજે હીપનોટીઝમના નવા નામથી ઓળખાય છે, અને તેને લોકો હવે વગર શકે માની લે છે. અને એવીજ રીતે પશ્ચીમની દુન્યા જે આ દુન્યા કરતાં બીજી સુક્ષ્મ દુન્યાઓની હઇયાતીનો ઇનકાર કરતી હતી તે હવે 'સાઇકીકલ રીસર્ચ સોસાયટી'ની (સુક્ષ્મ ભુવનો ઉપરના બનાવોની શોધખોલ કરવાની) ખંત ભરી મેહેનતથી બીજી દુન્યામાં માનવા લાગી છે, અને અમેરીકામાં એવીજ ઘણીક મંડળીઓ મારફતે સુક્ષ્મભુવનોના જ્ઞાનનો ફેલાવો થતો જાય છે. બેશક સર્વે ધર્મોનો સાર એ છે જે સૃષટીના પીતાની સંપુર્ણતા આપણે દરેકે મેળવવી જોઇએ, પણ તે મેળવવા માટે અસાધારણ મેહેનત લઇનેશીખી, તે ઉપર અમલ કરી, તે પુર્ણજ્ઞાની સાહેબના સઘળા ગુણો ધરાવવા કાજે અતીશય કાળજી કરવી જોઇયે. બીજાઓને પુછવાથી નહી પણ તમારી જાતી મેહેનત અને અનુભવથી એ સચ્ચાઇ શોધશો તો તમને તે આપોઆપ માલમ પડી આવશે. અને બુધના આઠ, જરથોસ્તના ત્રણ અથવા ક્રાઇસ્ટના દસ ફરમાનો એમાંથી કોઇ પણ પ્રમાણે જો ચાલશો (કારણ કે દરેક ધર્મ ફકત કુદરતની બારાખડીનો એકજ અક્ષર છે) તો તમોને માર્ગ સઘળો ખુલ્લો દેખાઇ આવશે. બધા ધર્મોની ફકત ઉડતી તપાસ લઇશું તો તુરત જણાશે કે અસલ વારેના ઇજીપ્ટના ધર્મ મારફતે જ્ઞાન મેળવવાનું માનવી જાતને શીખાડવામાં આવ્યું; તેમજ હીંદુ ધર્મ ઇશ્વર ભકતી અને ફરજો કેમ બજા લાવવી તે વીષે દુનયાને અજવાળું આપે છે. ઇરાનનો ધર્મ સઉથી ઉત્તમ જાતની પાકીજગી તથા અશોઇ કેમ મેળવવી અને પાલવી તે શીખાડે છે. ગ્રીસના ધર્મ મારફતે સર્વોત્તમ ખુબસુરતી કેવી આવે તે વીશે દુન્યાને શીખવાનું મલ્યું છે. રોમનો ધર્મ અખંડ કાયદાઓની ખુબી શીખાડે છે. ખ્રીસ્તી ધર્મ મારફતે ખામોશી અને આપભોગ શીખવવામાં આવ્યાં છે. અને ખરા મુસલમાન ધર્મ મારફતે ખુદા સાથની સર્વેની એકત્રતા બતાવવામાં આવી છે. એ પ્રમાણે દરેક ધર્મે દુન્યામાં કાંઇને કાંઇ જુદું જુદું શીક્ષણ આપ્યું છે; ત્યારે તો તમો દરેક તમારા ધર્મના ફરમાનો પ્રમાણે ચાલીને પોતપોતાના ધર્મનો અને સઘળા બીજા ધર્મોનો સામાન્ય અભ્યાસ કરી તે ઉપરથી દેખાતા રસ્તા ઉપર સાતેક વર્ષો સુધી સાબીત કદમથી ચાલો. પછી જુઓ કે તમારી જીંદગી સુખી, મેહેનતુ, પવીત્ર અને લોકોપયોગી બને છે કે નહી. અને આવો અખતરો કર્યા પછીજ ધર્મનું શીક્ષણ ખરૂં છે કે ખોટું છે તેનું તોલ કરવાનો તમોને કાંઇ પણ હક રેહેશે. આ બધી મેહેનત જો તમોને નહીં લેવા ગમતી હોય તો બીજી એક સેહેલી ચીજ કરો. આ દુનીયામાં એક એવો હુશયાર વીદવાન માણુસ શોધી કાઢો કે જેણે કાંઇપણ ઢોંગસોંગ વગરની સીધી, પ્રમાણીક ધર્મી જીંદગી એક પછી એક સાત વરસ સુધી ગુજારી હોય અને તે અરસામાં તેને એવો અનુભવ થયો હોય કે શરીર તાબે રાખીને સઘળા જુસ્સા પર કાબુ રાખવાથી, તેમજ સુખદુ:ખમાં તથા હારજીતની વેળાએ મગજનું સમતોલપણું જાળવી રાખવાથીજ ખરી સુખવાસી જીંદગી ભોગવી શકાય છે. આવી શ્રેષ્ટ જીંદગી ગુજારનારાં માણેસોના જીવતા જાગતા ઘણાક દાખલા મલી આવશે, અને તમારી

ખાત્રી થઇ જશે કે ધર્મ પાળવાથીજ એ ચમતકાર બને છે. અને જો તમોને એવી·કાંઇપણ શોધ ન કરવી હોય તો ડાહપણથી ચુપકીદી પકડો. પણ દરેક રખડતા પીંજારડા જેવા, દુરાચરણી, દયાહીન માણસને એ માહાભારત શુભ કામ સોંપો ના, કારણ કે એ ખુદાઇ ભેદભરમોની ચાવી એવા લોકો કદીપણ મેળવી શકતા નથી. એક હીરો ખરીદ કરતી વેળાએ તમો તે હીરો કોઇ ભરોસેદાર ઝવેરીને બતાવવા ઝડપથી દોડી જાઓછો ને! ત્યારે જીંદગીના ઉંડા સવાલોના ખોલાસા માટે તમારે તેજ પ્રમાણમાં કેટલાં સાવચેત રહેવું જોઇએ, અને ખરો અને ખોટો માર્ગ ઓળખવા માટે તમારે કેટલો બધો પ્રયતન કરવો જોઇએ અને કેટલા બધાઓની સલાહ લેવી જોઇએ?

બીજા ધર્મો તરફ અભાવ દેખાડી તમારાજ ધર્મના ફરમાનો ખરાં છે એવું બીજાંઓને મનાવવા જતા ના, તથા તેઓના ધર્મની મશ્કેરી કરતા ના. કારણ કે શું તમો એમ સમજોછો કે ખોદાવંદતાલાની દયાવંત રેહેમી નજર ફક્ત આ દુન્યાની અમુક પ્રજાનાં થોડાંક માનવીઓ ઉપરજ લંબાયલી છે? શું તેના સખાવતી દસ્તને કાંઇ પણ હદ છે? પારકો ધર્મ સત્યનું એક પાસું છે. ગમે એવી ભાષામાં લખાયલાં હોય અને ગમે તે ઠેકાણે પાળવામાં આવતાં હોય, તોપણ પારકાં ધર્મ પુંસ્તકો તરફ માનની નજરથી જુઓ, અને બાહારના સંસારી તેમજ સરકારી મર્યાદા ઠોકનાર ચલીત બંધનોથી ભુલ નહી ખાતાં સહન શીલતા પેહેલાં જાળવો. કયાં છે એવો કોઇ હીમતવાન શુરવીર નર કે જે સાંકડાં મનની હદ છોડી દઇ આવી અનહદ સહનશીલતા અને પ્યાર દેખાડી શકે?

અષો જરથુશત્રની જીંદગી.

ઘણાંક કારણોને સબબે જરથોસ્તી ધ
ર્મને ખ્રીસ્તી ધર્મ સાથે સરખાવતાં હ
લકો ચીતારવાની કોશેશ થાય છે. કેટલા
ક ખ્રીસ્તી લખનારાઓ જરથોસ્તનો ક્રાઇ
સ્ટના જન્મથી થોડોકજ વખત અગાઉ
જન્મ પામેલો જણાવવાની તજવીજ
કરે છે. પારકા ધર્મવાળાઓ વારૂં એવી
ભુલ કરે તો તે સમજી શકાય. પણ
દલગીરીભર્યું એ છે કે આપણા કેટલાક
જરથોસ્તીઓ પણ આવી હવાઇ કલ્પના
ઓને ટેકો આપે છે. એવું માલમ પડે છે
કે ઇરાનના મોટા પેગંબરે જે ઉમદા નીય
મો તથા કાયદાઓની સ્થાપના કરી અને જે
માંથી સંભવીત છે કે ક્રાઇસ્ટે ઉતારો કીધો
હશે, તે વખત પછી લગભગ ૧૦૦૦૦
વર્ષો કરતાં પણ વધુ લાંબો વખત વીતી
જવા બાદજ ક્રાઇસ્ટ પેગંબરનો
જન્મ થયો હતો, એમ કબુલ કરવાને
ખ્રીસ્તીઓ ખોટી રીતે શરમાતા હોય.
બેઉ પેગંબરોને કદાપી એકજ ઉંચ
તબક્કાના મુળ તરફથી બશારત થઇ
હોય, અને તેટલા માટેજ તેઓના શીક્ષણો
પણ એકસરખાં મલતાં આવતાં હોય
એ બનવાજોગ છે. પણ જયારે આગળા
વખતનાં ઝનુની ખ્રીસ્તી ધર્મગુરૂઓના
મતોને કેટલાક આજના ખ્રીસ્તી લે
ખકો ગંભીરાઇથી ટેકો આપે
છે, કે જરથોસ્ત જેવો માહાન
પેગમબર કે જે બીજા પેગંમબરો કરતાં
ઓછો શ્રેષ્ટ ન હતો, તેની પ્રસીધતા
તથા માન મરતબો પવીત્ર મોઝીઝ અને
ક્રાઇસ્ટ (કે જેઓએ મોટે ભાગે જરથો
સ્તના લખાણમાંથી ઉતારો કરેલો હોય
એવું જણાય છેતેઓ) કરતાં ઉતરતો ગણવો
જોઇએ, ત્યારે ધર્માંધપણાને લીધે એક
તરફી એવું મત દરશાવનારાઓને આપ
ણે મોટાં દીલથી માફી દેવી જોઇએ.
દરેક ધર્મ આપણને તે માહજ્ઞાની સઘળાંને
ચાહાનાર પીતા તરફ દોરવી લઇ જાએ
છે, માટે દરેક મોટા ધર્મો સ્થાપનાર
પેગંબરને તેના હક તથા પદવી પ્રમાણે
ઓહદવવામાં આપણે ઘણાજ સમતોલ મ
ગજથી વરતવું જોઇએ. જરથોસ્ત શીવાય
બીજા પેગંબરોના ધર્મો માનનારાઓ સાથે
આપણે કાંઇ તકરાર કરતા નથી, પણ
તદન ખાતરીપુર્વક કહી શકીએ
છીએ કે આપણા મહાન પેગંબરના
શીક્ષણોના લખાણોના જે કકડા હાલ મ
ળી આવે છે તેમાંથી ખુલ્લે ખુલ્લું દે
ખાઇ આવે છે કે પુરાણા વખતમાં મેહે
નત કરીને સમજાવીને દુન્યાના લોકોને
તે પેગમબર એવા તબકકા ઉપર લાવ્યો
હતો કે પછીજ બીજા ધર્મો જે સ્થાપ
વામાં આવ્યા તે કબુલ રહી શકયા, અ
ને એ પ્રમાણે ધર્મોનો ફેલાવો થવા પા
મયો. જોકે દેશ, ખવાસ અને કાળની સ્થી
તી પ્રમાણે પેગમબરોના ફરમાનોમાં
ફેર પડે છે તોપણ જરથોસ્તના
મુખ્ય ફરમાનોની નવા ધર્મો એટલે ખ્રી
સ્તી, મુસલમાન, ઇસરાઇલ, બુધીસ્ટ, વી
ગેરે ધર્મોમાં નકલ મળી આવે છે.
આટલું તો આપણને કબુલ કર
વા શીવાય છુટકો નથી કે જીંદગીની
ફીલસુફીને લગતા અશો જરથોસ્તના
ઉમદા લખાણો, સીકંદરની ઘાતકી અને
જંગલી લુટફાટના વખત પછી અને
ધર્મ તરફના આંધલા ઝનુનવાળા આર
બોનાં આપણા દેશમાં દાખલ થવા પછી
હાલ નાબુદ થવા પામ્યાં છે. અને તે
સબબથી બીજા ધર્મોની ફીલસુફીના સં
પુર્ણ લખાણોની રોશની મારફતે જર
થોસ્તીઓ પોતાના ધર્મના પવીત્ર લખા
ણોના ફકરાઓ ઉકલાવી અને સમજી શકશે.
અને એમ કરવાથી પોતાના વડવાઓએ બી
જા ધર્મને આપેલા શીક્ષણોનો થોડોક ભાગ
તેઓ પાછો માંગે છે તેમાં શું વાંધો
હોય? જોકે સઘળા ધર્મોને બહેનો તેમ
જ માણસજાતને જો ભાઇબંધ તરીકે
લેખીએ તો પછી આપવું અને લેવું
એ બધું એકજ છે! દરેક ચીજ અને
જ્ઞાન ઉપર દુન્યામાં વસ્તા દરેક જીવડાનો
હક છે. આત્મીક તેમજ મગજને લગતી
સર્વે શકતીઓની ઉપર સઘળાનો એક
સરખો હક છે એ તો ખુલ્લી રીતે જણાય
છે. પણ આ દુનયાઇ પદાર્થો અને પૈસા ટકા
નો સંગ્રહ વાડીમાં નાખવાના ખાતરની
માફક જો વપરાસમાં ન આવે તો સદં
તર નકામાં છે, અને હઇયું પથ્થર જે
વું બનાવીને હરીફાઇ કરવી તેમજ જોર
જબરજસ્તીથી મોટાં વ્યાજો ખાવાં, તથા
ત્રસ્ટમાં વીશ્વાસ ઉપર આપેલાં નાણાં
ઉચાપત કરવાં અને એવીજ બીજી રી
તોથી ગરીબોના મુખમાંથી દોલત ખુંચ

વી લેવી એ પાપ સમાન છે, એવું શીખવા માટે માણસ જે અમર જીંદગી ધરાવે છે, તેને જાતીભોગ આપનાર પર મકૃપાળું પરમેશ્વરે અનહદ વખત આ પર્યો છે. એમ હોવાને લીધે દુન્યાના દરેક પેગંમબરને આપણા ભલું કરનાર તરીકે લેખવો જોઇએ, જો કે તે દરેકના આપણે કેટલાં પ્રમાણમાં આભારી છીએ તે ઉપર મતફેર રહેશે. તેથી જયારે આપણે કાંઇ પણ જાતની તકરાર અથવા કડવાસ બતાવવા વગર એવો એક ધર્મ સ્થાપક કે જેને ખોટી રીતે એક પાયરી ઉતારી પાડવાની ધર્માંધપણાંની કોશેષ થઇ છે તેનું અવીવેકીપણું બતાવી આપ્યે, ત્યારે આપણે આપણી ફરજ પુરતી રીતે બજાવી ચુકયા છીએ એમ સમજીશું. ખ્રિસ્તી લોકો જેઓ ડહાપણનો ઇજારો લઇ બેઠા હોય એવું માને છે, તેઓ છેવટની થોડીક સદી વીતી ગઇ ત્યાં તુલીક એવું માનતા હતા કે દુન્યા ફકત ૬૦૦૦ વર્ષ ઉપર હસ્તીમાં આવી. આ પાદરીઓના અજ્ઞાનપણાનો ધખારો, જે ખરેખર હસવા સરીખો છે, તે આખાં યુરોપમાં થોડુંક સુધી જાયજ હતો. હમણા પણ જ્યારે ખોદકામો કરવા પછી ઇજીપ્ટ વીગેરેમાં અચુક શહાદ તો મળી આવી છે કે ૩૦,૦૦૦ વર્ષો ઉપર ઉત્તમ જાતની પ્રજાઓ મહાન રાજ્યો અને સુધારાઓને શીખરે પહોંચી ગઇ હતી, ત્યારે પણ ધર્માંધ ખ્રિસ્તીઓ બીજા ધર્મોનું પૂરાતનપણું કબુલવાને નારાજી દેખાડે છે. આજ પોતાના ધર્મ બદલનો અણસમજુ ખ્યાલ ખ્રિસ્તી લોકના ભેજાંમાં હોવાથી જરથોસ્તી ધર્મના પુરાતનપણા કબુલવામાં તેઓ આનાકાની કરે છે. ત્યારેજ હાલના ખ્રિસ્તી લેખકો અષો જરથુશત્રનો જમાનો ફકત ઇસુક્રાઇસ્ટની પૂર્વે ૧૦૦૦ વર્ષ ઉપર થઇ ગયો એવું ઠોકીઠાકીને સમજાવી દેવા માંગેછે. પણ જુના અને તેથી દેખઇતા વધારે ભરૂસા રાખવા લાયક યુનાની લેખકોએ જરથુશત્ર સહેબનો જમાનો ઘણોજ કદીમ વખતનો હતો, એવું કબુલી ગયા છે. દાખલા તરીકે અરસતાતાલ, એનડોક્ષસ, હરમીપસ અને હરમોનડર જેવા મહાન લખનારાઓ જરથુશત્ર સાહેબ ઇસવી સન પૂર્વે ૬૩૪૮ માં થઈ ગયા એવું જણાવે છે, અને ડાયોજીનીસ તેમનો જમાનો યુનાન ઉપર ઝરસીસની ઇસવી સન પુર્વે ૪૮૦ ની લડાઇની પણ આગળ ૬૦૦૦ વર્ષ ઉપર થઇ ગયો એવું જણાવે છે. ત્યારે તેમની ગવાહિ શા માટે નામંજુર કરયે? જરથુશત્ર સાહેબ એથી પણ વધારે કદીમ લેખી શકાય!

કેટલાક ખ્રીસ્તી લખનારાઓની જરથોસ્તી ધર્મ તરફની વખાણ જાણે તેઓ તેને આશરો, ટેકો અને સાહયો આપતા હોય એવી છે. સ્વમાન જાળવનારા જરથોસ્તીઓએ આવા લખાણોનું બરાબર તોલ કરવું જોઇએ. એવો કોઇ લખનાર જયારે જરથોસ્તી ધર્મને જુડીઇઝમ (યાહુદીઓનો પંથ) તથા ખ્રીસ્તી ધર્મથી ઉતરતો ત્રીજી પદવીએ લેખે છે, ત્યારે એક જરથોસ્તી તો શ્રેષ્ટ અને ઉત્તમ પ્રકારના ધર્મ ઉપરના એતેકાદ અને ફીદાગીરી જરથોસ્તી ધર્મ ઉપર કદાચજ બતાવી શકે. એવો એક ખ્રીસ્તી લખનાર નીચે પ્રમાણે જણાવે છે કે "પુર્વ તરફના પુરાણા ધર્મ શીક્ષકોમાં જુડીઇઝમ અને ખ્રીસ્તી ધર્મોના સ્થાપકો બાજુએ મુકીએ, તો **તેમની** પછી અસલી ઇરાનનો પેગંબર અથવા ઇરાની રૂષી જરથોસ્ત અથવા ઝોરોઍસ્ટરનું નામ સર્વથી વીખયાતી પામેલાં નામોમાનું એક છે.......ખ્રીસ્ટીધર્મમાં દરશાવેલા કેટલાક મોટા વીચારો પણ જરથોસ્તે જાહેર કરેલા હોય એમ જણાય છે કે જે બીના ધ્યાન પુગાડવાજોગ થઇ પડવી જોઇએ."[૧]

જરથોસ્તની જીંદગીને લગતી સઘળી બાબદો જરથોસ્તી ધર્મ બાબેના લખાણો તથા અવસ્તા અને પેહેલવીના લખાણોમાંથી, તેમજ લાંબા વખતથી ચાલતી આવેલી દંતકથાઓ ઉપરથી ઉપજાવી કાઢવામાં આવી છે. જુદાજુદા પેહેલવી તેમજ અંગ્રેજી લખનારાઓએ જરથોસ્તના બાપદાદાઓ, તેમજ તે સાહેબના નજદીકના કુટુંબની ઓળખ દંતકથા જે પ્રમાણે ક

---

૧ મી૦ એ. વી. વીલીઅમ જેકસનનો ઝોરોઆસ્ટર, અસલી ઇરાનનો પેગંમબર, પા. ૧.

રાવે છે તેને અનુસરતી કરાવી આપી છે. હવે "જરથુસ્ત્ર" શબ્દના અર્થો નીચે પ્રમાણે જુદા જુદા ઉઠાડવામાં આવે છે:- તારાઓનો પુજનાર, આતસનો દોસ્ત, સોનેરી તારો, 'ઇસ્ટરનું બી,' સોનેરી ઝલકાટ, તેજી ઉંટો ધરાવનાર, ઉંટોને દુઃખ દેનાર, આત્મજ્ઞાનનું શીક્ષણ આપનાર ગુરૂ,' ખેતીવાડીનો શોખીન, સોનેરી રંગનો,-એ રીતે જુદા જુદા ભાષા શાસ્ત્રીઓએ જુદા જુદા અર્થ ઉઠાડયા છે. વળી જયોર્જ રોબીનસન એવો અર્થ કરે છે કે જરથોસ્ત એટલે "વીનસનું બીજ અથવા ઓલાદ" જે અમુક અનુમાનને બરાબર મલતાપણું ધરાવે છે જે જાહેર કરે છે કે વીનસ(શુક્ર) માં પ્રગટીકરણ આપણી દુન્યા કરતાં આગળ વધેલું હોવાને લીધે આપણી દુનયાની મદદ અને સંસ્કાર માટે આતશના[1] થાંભાઓના આકારના ગંજાવર ઉંચ નરો તેણે આપણા તરફ મોકલ્યા હતા. રેવરંડ મેલ. મીલસના ગાથા તરજુમાની બીજી આવરૂતીના પ્રસ્તાવનામાં ખોલ્લું લખવામાં આવેલું છે જે જરથોસ્તો ઘણા હતા અને પહેલો પેગંબર કયો, અને પછીના તેજ નામના જરથોસ્તો કયા તે વીશે બરાબર ખોલાસેવાર લખાણો ન હોવાને લીધે, આગળો વખતમાં કંઇક ગુંચવાડો ઉભો થવા પામયો હતો. રેવરંડ મીલ્સ કહે છે કે "ઇતીહાસમાં વારંવાર નોંધાયલો તથા પુરાણી કથામાં જાણીતો થયલો જરથોસ્ત તેજ જરથુશત્ર બદલ હાલની નીસબતમાં પણ ઇશારો છે એમ હું કહેતો નથી; અસલી રાજાઓની તેમજ અવસ્તાની ટીપમાં તેમજ પ્રાંતો અને કસ્બાઓના સુબાઓના ખેતાબોમાં સઘળે એ 'જરથુશત્રનું" નામ વપરાયલું છે. તે ઉપરાંત અતીશયાર્થવાચક આકારમાં 'સર્વથી ઘણો જરથોસ્ત' એ માફક તે શબ્દ વાપરવામાં આવેલો છે. તોપણ આપણે એટલો તો દાવો કરીએ છીએ કે જરથોસ્ત અને તેના શ્રેષ્ટ ચેલાઓ બદલ લખાણો 'ગાથા'માં મળે છે તે જરથુસ્તના નામના પ્રતાપને લીધે બીજા બધા જરથોસ્તોના નામે તેની પછી આવનારા નરોને ખોટી અગત્યતા આપવામાં આવી છે." પણ આપણે તો હવે અવસ્તામાં વર્ણવેલા સ્પીતમાન જરથોસ્ત વીશે તપાસ કરીશું.

જરથોસ્તના આ દુન્યામાં પેદા થવા આગમજ તેના જન્મની આગાહી આપવામાં આવી હતી. ગાથામાં તેમજ પેહેલવી લખાણોમાં ધર્મના ફેલાવાની ૩૦૦૦ વરસ આગમજ પેગંબર જરથોસ્તની ફ્રવશીનો દૈવીક દેખાવ દુન્યાના આત્માએ નજરે જોયો હતો. વળી જમશેદનાં તેમજ કએઉસના રાજમાં એ પાકીજેહ નરની આ દુન્યામાં પધરામણી થનાર હતી તે વીષેની ગેબી બસારત થઇ હતી. અવસ્તામાં ખુલ્લું દરશાવેલું છે કે અહુરમઝદનું ખુદાઇ બોરેહ રાજાઓમાં ઉતરી એકેક પછી રાજાઓને તેમજ માહાત્માઓને વગર ખાંચે મળતુંજ ગયું, અને છેલ્લે ઇરાનના એ માહાન પેગંબરના આત્માની અંદર દાખલ થયું હતું. મોટા બનાવો, જેને ખોટી ભુલથી અદભુત miraculous બનાવોનું નામ આપવામાં આવ્યું છે,-અને જેઓને કુદરતી બનાવોથી ઉલટા ગણીને દઠાબાજે જેઓના નસીબમાં એવા અદભુત દેખાવો જોવાનું સરજેલું નથી, તેઓ હસી કાઢે છે, અને તેમની હસ્તીજ મુતલક ના પાડે છે-એવા બનાવો જયારે જરથોસ્ત બાળકના એની માતાને હમેલ રહયા તેની આગમચ અને ત્યારપછી બનવા બાબેનું વર્ણન દીનકર્દ, ઝાદસ્પરમ, જરથોસ્ત નામા, દબેસ્તાન અને બીજે ઠેકાણે પણ આપવામાં આવ્યું છે. જરથોસ્તી દીનદારો આ સઘળી બાબદોથી પુરેપુરા માહીતગાર હોવાના સબબથી આપણે એ સઘલા હેવાલો પાછા વરણવી તેઓને કંટાલો આપીશું નહી. એવી ધર્મ પોથીઓના તરજુમાની ચોપડીઓ હાલ મોજુદ છે અને જેઓનો પોતાના ધર્મ તરફ ચાહ હશે તેઓ એવા લખાણો વાંચવાની તલપ દખાવી શકશે નહીં. ખુદ અવસ્તામાં પણ આપણે વાંચીએ છીએ કે ઇશ્વરની પસંદગી પામેલો માહા ગુરૂ જરથોસ્ત જે

૧. દસાતીરમાં જમશીદ પેગંબર વીશે લખાણ છે જેનો તરજુમો મુલ્લાં પીરોઝ બીન કાઉસે ૭૦ મે પાને કરેલો છે, તે આ બાબદ ઉપર બરાબર અજવાળું નાખે છે.

ને અહુરમઝદે આ દુન્યામાંના રખડતાં અને ટવલતાં બચ્ચાંઓના સુખ માટેનો પવીત્ર સંદેશો પુગાડવામાં અતરે મોકલ્યો હતો, તેના જન્મ વખતે સઘળી કુદરત ખુશબખતીમાં ગરકાવ બની હતી. જરથોસ્તનુ જન્મ લેતી વેળાએ હસવું તથા તેના જન્મની થોડોક વખત આગમજ તેની માતાના ઘરની આસપાસ ખુદાઇ નુરનું ફરી વળવું, એ મહાન નરના જન્મ વખતે સઘળા દેવો અને જાદુગરોની પોતાનો નાશ અને જમીનના ભીતરમાં ઢંકાવાનો વખત આવેલો જાણી તે માટેની દુખભરી કલાપીટ, તે પાક નીર્દોષ બાળકનુ મરણ કોઇ પણ રીતે નીપજાવવા માટે મુતીર્પુંજક ધર્મ ગુરૂઓ તથ જાદુગરોની, તેના બાપ પૌરૂશસ્પની મદદથી, નીચ અને પાપી કોષેષો, જેમાંથી અહુરમઝદની અને તેની ભલી માતાની ફીદાગરી ભરી સંભાલથી તેનું બચવું, આપણા ધર્મગુરૂને સાતમે વર્ષે એક શીખેલા અને કીર્તીમાન શીક્ષકના હાથ હેઠળ સોંપવામાં આવ્યો હતો તે બાબેતું વર્ણન, તેમજ તેના દુશમનો તરફથી વખતોવખત તેનો જીવ લેવા માટે રચવામાં આવેલા કાવત્રાંઓ, તથા જાદુમંત્રોના કસ્રામો જે સઘળા તે વેળાએ પુર બાહારમા જાણીતાં હતા, તે વડે તેને આજેઝ કરવા અને ગભરાવવાની યુકતીઓ, એ સઘળું જેઓ જરથોસ્તી ધર્મના સ્થાપકનો ઈતીહાસ જાણે છે તેઓને માલમ છે. તે હાતમ દીલનો, અને ખુબીવતો જવાન જયારે ૧૫ વરસનો થયો ત્યારે તેને સુદરેહ અને કુસ્તી પહેરાવવામાં આવ્યા હતા અને તે વખતથી જાદુઇ હુન્નરો જાણનારા સાથે ધર્મની બાબદ ઉપર તે વાદવીવાદ અને તકરાર ચલાવતો કે જેમાં તે તેઓને માહાત કરતો હતો. ત્રીશ વરસની ઉંમરે તેને લાગયું કે ડહાપણવાલા જ્ઞાની પુરૂષો પાસેથી તેને વધારે નવું શીખવાનું કાંઇ બાકી રહયું હતું નહીં અને દુષ્ટ કર્મોની નાબુદી કેમ થાય, અને હઇયાતીના ભેદો, સૃષ્ટીનું પ્રકટીકરણ અને સંપુર્ણતાની પ્રાપ્તી કેમ થાય તે સવાલો સમજવા માટે, અને ખોદાતાલા વીશે જ્ઞાન મેળવવા માટે કાંઇ બીલકુલ અસાધારણ ઢપની કોઇશ કરવી જોઇએ એવી તેની ખાત્રી થશે. એકદમ પુરાણા જમાનાઓથી આવેલી રીતી પ્રમાણે, શરીરની ઇંદ્રીઓના તેમ જ લાગણીઓના જુસ્સાઓ ઉપર કાબુ મેળવવા માટે તથા શ્રેષ્ટ અશોઇ ખીલવવા અને આત્મા માટે નીચ શરીરો ઉપર જીત મેળવી આપવા અને પુણા સમતોલપણું મેળવવા તથા સર્વોત્તમ સ્વાર્થત્યાગ કરવા માટે દુન્યાદારીથી થોડોક વખત સદંતર અલગ રહેવાની તેને જરૂર માલમ પડી માટે તે એક પાહાડ ઉપર ગયો, અને લગભગ એક આખો દાયકો ખોદાતાલાની એકચીત ભકતીમાં તથા ઉંડાં મનન, ચીંતનમાં પસાર કર્યો. એવું કેહેવામાં આવેલું છે કે જયારે તેનો આત્મા ઉંચ ભુવનો ઉપર કાર્ય કરતો હતો ત્યારે એક પખવાડયાં સુધી તેનું શરીર તે પાહાડ ઉપર તદન અચલ અને સ્થીર પડી રેહેતું હતું.[1] ખ્રીસ્તી સંતો તેમજ રાજયોગી સાધુઓ જેઓ એક ચીત સમાધીમાં દીવસો સુધી પડી રહે છે તે જાતની સમાધી સાથે જરથોસ્તની એ હાલત મલતી આવે છે. એ પ્રમાણે ચીંતન કરવા પછી તેને ઇશ્વપ્રેરીત જ્ઞાન (Revelation) મળ્યું હતું. ગાથાની ઉતમ સન્તાને આધારે એવું કેહેવાયલું છે કે ખુદાતાલા તરફના ભલા અને નેક ખેપીઆ સરોશ યજદે જરથોસ્તના કાનમાં ખુદાઇ ડાહા પણ રેડયું જે જરથોસ્તે ૨૧ નુસ્કના આકારમાં જાહેર કર્યું. એ લખાણોના મોટા ભાગનો હાલ પત્તો મલતો નથી પણ કહેવામાં આવ્યું છે કે તે સઘળા લખાણોમાં સઘળાં પદાર્થ શાસ્ત્રો, કળાશાસ્ત્રો, તમામ ફીલસુફી અને છેવટે ખુદાશેનાસી અથવા બ્રહ્મજ્ઞાન-એઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મનુષય જાતથી લાંબો વખત અલગ રેહીને જે આત્મ વીદ્યાનુસાર જીંદગી તેણે ગુજારી તેથી તેની ફ્રવષી (આત્મા) ખીલવા પામી અને એટલે તો શ્રેષ્ટ દરજજે પહોંચી કે તે પેગમબરીના મહાન કાર્યને અશો જરથુશત્ર લાયક બન્યો. માઉંટ સીનાઇના પાહાડની ટોંચ ઉપર 'મોઝીઝ'ને પણ એજ પ્રમાણે પાછલા જમાનામાં ખુદા

[1] જુઓ જરથુશત્ર અને જરથોસ્તીઝમ, મી૦ આર. એચ. મીસ્ત્રી, પાન ૪૭.

તરફનો પેગામ મળ્યો હતો. પોતાના એકાંત વાસ પછી ત્રીસેક વરસની ઉમરે બહુમનની (વોહુમનોની) મદદથી જરથોસ્ત અહુરમઝદની હાજરીમાં પહોંચી શકયો હતો અને ત્યાર પછી અહુરમઝદ (અમશાસ્પંદ) અને બીજા છ અમશાસ્પંદો સાથે તેને સાત જુદી જુદી વેળાએ ગોફતેગો થઇ હતી. પછી જરથોસ્ત પોતાના સગાંઓ સાથે ઇરાન ચાલ્યો, ત્યાં સુધી તે કઇ જગ્યા ઉપર હતો તે નકકી કહેવાતું નથી. ત્યાર બાદ તેને ધર્મનો પ્રસાર કરવા માંડયો. જ્યારે કેટલીકવાર જુદા જુદા પ્રાંતોના દુશ્મન રાજાઓ તરફથી તેને કેદખાનામાં સબડવું પડયું હતું તે છતાં તે રાજાઓને ધર્મ સમજાવવાની તે કોશેશ કરતોજ રહયો હતો. આ દુન્યાના જે લોભ લાલચો અને મોહીનીઓ સાંમે બુદ્ધ તેમજ ક્રાઇસ્ટને લડવું પડયું હતું તેવીજ રીતના લોભ લાલચો અને મોહ પમાડનારા વીષયો એના રસ્તાની વચ્ચે પણ મુકવામાં આવ્યાં હતાં.[1]

ઘણીજ મોટી ઝેહેમત અને કષ્ટીના આ જાતની ધર્મના ફેલાવા માટેની પ્રયત્નોના દશ વરસ વીત્યા પછી, તેનો પીત્રાઇ મેધ્યોમાઓંગો તેનો પેહેલ વેહેલો અને માનીતો ચેલો બન્યો. દસ વર્ષના હેબતનાક રંજના આવાં જુજ પરીણામથી આપણા પાક ધર્મગુરૂને ચાંતા ઉતપંન થઇ હતી. પણ અહુરમઝદ સાથની વાતચીત થઇ ગઇ હતી તેને લીધે તેને આ મહાભારત કામ ચાલુ રાખવાને ઉલટ તેમજ ધીરજ મળી હતી. ખુદાતાલા તરફની પ્રેરણા અને ફરમાન મુજબ પેગંબર જરથોસ્ત ઇરાનના રાજા વીસ્તાસ્પ[2]ની દરબારમાં ચાલ્યો, કે જેનું રાજ અસંખ્ય દેવદરૂજોની પુંજાઓ અને ભયભીત જાદુમંતરની રાહારસમોથી અને હલકા વહેમોથી તે વેળા ખળભળી રહ્યું હતું. મીદીઆ પ્રાંતનાં આઝર બાયજાનના કસ્બામા દરજ નદી ઉપર આવેલા રએ શેહેરમાં જરથોસ્તનો જન્મ થયલો કેટલાકો તરફથી કેહેવામાં આવે છે. ત્યાં તેમજ વીસ્તાસ્પના રાજમાં એકલપેટી મતલબને ખાતર ખુદાઇ શકતીઓને ખરાબ રીતે ઉપયોગ કરવામાં આવતો હતો. જાદુમંતરના કાવાદાવાઓથી તે વેળાની દુન્યામાં ત્રાસ ફેલાઇ રહયો હતો અને તેવા જાદુગરોના ભયંકર પંજામાંથી આલમને છોડવવા માટે કોઇ મજબુત અને પવીત્ર મનશકતીવાળા નરની ખરેખરી અગત હતી. વીસ્તાસ્પના રાજભણી જતી વેળાએ રસ્તામાં જે રાજાઓએ જરથોસ્તનો પેગામ સ્વીકારવા ના પાડી તેઓ કેવે ભયંકર ફેજે પુગયા અને આખરે જરથોસ્તને કેવી કેવી ફતેહો મળી તે વીશે ઘણીક કથા કહાણીઓ મોજુદ છે. વીસ્તાસ્પની આસપાસના ડાહપણવાળા દરબારીઓની સાંમે બળતવારીથી તકરારો ચલાવીને તે કેવી રીતે મજબુત ખડો રેહેવા પામયો એ ખરેજ ધ્યાનમાં રાખવા જેવી બીના છે. તરેહવાર વાદવીવાદ પછી પોતાના હરીફોને ચાલુ હાર આપવાથી તે લોકો તેને ચાહવાને બદલે તેનેથી બીહવા લાગ્યા. આખરે તેના ઉપર જાદુગર હોવાનું તોહોમત મેલવામાં આવ્યું અને કેટલાક કાવત્રાંબાજો કે જેઓએ બીજાઓ પાસે તેના ઓરડામાં તથા તેના બીછાના હેઠળ નખો તથા બાલના ગુંચડાં તથા કુતરાના માંથા વીગેરે નજીસ અપવીત્ર ચીજો મુકાવી તેના ઉપર એવી ચીજો પોતાના ઓરડામાં રાખી જાદુમંતર કરવાનું જુઠું બોહોતાન મેલયું હતું, તેઓએ તેને વીસ્તાસ્પ બાદશાહ પાસે જાદુગર તરીકે હેડવી બંદીખાને નખાવ્યો. ત્યાર પછી વીસ્તાસ્પનો માનીતો કાળો ઘોડો સીક પડવાનો જાણીતો બનાવ બનયો કે જેના ચારે પગો પેટની અંદર ખેંચાઇ ગયા હતા અને જેને જરથોસ્તે વીસ્તાસ્પે પાસ ચાર કબુલાતો લઇ સારો કીધો હતો. તે કબુલાતો એ હતી કે વીસ્તાસ્પે, તેની બઇરીએ અને તેના છોકરાએ જરથોસ્તનો ધર્મ માન્ય રાખવો, તથા તેની સામે કાવત્રાં કરનારાઓ જેઓના નામો તેણે જાહેર કીધાં હતાં તેઓને યોગ્ય શીક્ષા કરવી. વીસ્તાસ્પે ઘોડો સાજો થતાંજ ધર્મ કબુલ કર્યો અને ત્યાર પછી એ શ્રેષ્ટ ધર્મનો ફેલાવો ઝડપથી આગળ વધયો. જરથોસ્ત અહુરમ

૧. દીનકર્દ ૯-૧૦-૩. ઝાદસ્પર્મ ૧૨-૧૩. વંદીદાદ ૧૯-૧-૧૦ વીગેરે.

૨. હાલ વળી એવું મત પડે છે કે આ રાજા વીસ્તાસ્પ, છેવટે થઇ ગયલો દારાયસ હીસ્તાસ્પીસ નહીં હોય.

ઝદનો કાસદ હતો એ બાબે વીસતાસ્પની ખાતરી કરવા માટે બેહમન અને અરદીબેહેસ્ત તથા બુરજીન મેહેર નો આતશ એ સઘળાઓએ વીસ્તાસ્પના મેહેલ અંદર ઉતરી આવીને વર્ણન ન કરી શકાય એવા તેજનો પ્રકાશ પ્રસરાવયો અને જરથોસ્તના ધર્મની સચ્ચાઇ બાબે વીસ્તાસ્પને ખાતરી આપી[1]. દરેક ધર્મ જયારે નવો પ્રસીધ થવા પામે છે ત્યારે તેની આસપાસ જે તેજસ્વી મહીમા ફરી વળે છે તે ધર્મ સાથે એટલો તો શ્રેષ્ટ અને અચલ રીતે જોડાયલો હોય છે કે સાંકડાં અને વીવેક વીનાના મગજોજ આવી દરેક ધર્મ પ્રજા અને દરેક દેશમાંથી મળતી સાહાદતો તરફ આંખ બંધ કરે છે, અને તેઓની ખરી ખુબી પીછાનવામાં પછાત રહે છે. આપણને યાદ રાખવું જોઇએ કે એવી સંગીન સાહાદતો ફકત ૫૦૦ વરસ ઉપરની ઇતીહાસીક સાહાદતો કરતાં વધુ વજન ધરાવે છે, કારણકે તવારીખનવેસો દરેક કહેવાતા ઇતીહાસમાં પોતાના અંગત વીચારો અને લાગણીઓના ચશમાની નજરથી જેવું જોઇ શકે છે તેવુંજ ઘસડી કાઢે છે.

હવે જરથોસ્તને દેશના પેગંબર તરીકે વીસ્તાસ્પના રાજમાં નેમવામાં આવ્યો. તેની કીર્તીના વખાણ સાંભળીને નજદીક તેમજ દુરથી લોકો વીસ્તાસ્પની દરબારમાં ટોળે ટોળા આવવા લાગયાં કે જે જરથોસ્તના તેજથી દીપી રહી હતી અને ગ્રીકો તથા બ્રાહમણોએ ઘણીક તકરારો અને વાદવીવાદ પછી જરથોસ્તના દેવતાઇ જ્ઞાન અને શકતીના અજબ જેવા પુરાવા નજરે જોવા પછી તેનો ધર્મ આખરે કબુલ રાખયો હતો. ક્રાઇસ્ટ જેમ પાછળા વખતમાં કરી ગયો તેમ એ માનવંત પેગમબર દર્દીઓને હાથ લગાડી દરદોમાંથી છુટકારો આપતો હતો. કુદરતના કાયદાઓનું તેને સર્વો-તમ જ્ઞાન હતું અને તેની બનાવેલી ૨૧ નુસ્કો તેના બુલંદ જ્ઞાનનો ભંડાર હતો એમ માનવામાં આવે છે. જરથોસ્તની મુખ્ય ઇંતેજારી અને સંભાળ પવીત્ર આતશ માટે હતી કે જે આતશબેહરાંમના અને આતશકદેહોના આતશને આપણા ભીતરના (આત્માના) આતશ સાથ સરખાવામાં આવેલા છે. અલબત જેઓ ઉડાંણ અર્થ સમજતા નથી તેઓ અંદર ખાનેના આ આતશને જે મરતબો આપવામાં આવે છે, તેને બહારના આતશની પુંજા તરીકે લેખી હસી કાઢે છે. દરેક ધર્મ અને દુન્યાની લગભગ દરેક જાત આતશને માનથી વખાણે છે, અને તેના ઉપર લોબાન, અગર, સુખડ વીગેરે તરેહવાર ખુશબોઇ ભરેલા સુગંધી વસ્તુઓ બાળે છે તથા બહુજ અશો અને બીદાર મરદ અને ઓરત, ધર્મ ગુરૂઓ આતશને હમેશાં રોશન રાખતાં આવ્યાં છે, કારણકે આતશ આ નીચલી દુનયા ઉપર બચાવ કરનાર, ઉદયોગ, તથા હુશયારી, ચપળાઇ વીગેરેનું સ્થુલ ભુમી ઉપરની કાર્ય કરનાર સઘળી શકતીઓનું મુળ તેમજ ચીન્હ છે. તેમજ તે ઉ-તમમાં ઉ-તમ જોર, અખંડ ઉદયોગ તથા પ્રકાશીત ખોદાઇ રોશની, અને અહુરમજદ તરફ પોંહોચવાની આલા નેમ, એ સઘળાની પણ નીશાની લેખાય છે. બાઇબલ, કોરાન, વેદ તથા ગાથા એ સર્વ એ રોશની, ગરમી તથા જીવનશકતી આપનાર આતશના દબદબાભર્યા સ્વરૂપને માનથી વખાણે છે.

હવે આગળ ચાલતાં પેહેલાની લખાણોમાં અરજાસ્પની કે વીસ્તારપ અને બીજાઓની જરથોસ્તી ધર્મમાં વટલવાના સબબ સર ઇરાનપર બે વાર ચઢાઇ થઇ હતી તેમાં જરથોસ્તને રોકાયલો દેખાડવામાં આવ્યો છે. એ બે હુમલા વચ્ચે ઘણા વરસોનો તફાવત હતો. સખત ઝપાઝપી પછી ઇરાનના લશ્કરે એ ચઢાઇ લાવનારને તેની રાજધાનીમાં બન્ને વેળાએ મારી હઠાવ્યો હતો. એવું કેહેવાયલું છે કે બીજા હુમલાની વેળાએ જ્યારે અશો જરથોસ્ત આતશ કદેહમાં બંદગી કરતો હતો ત્યારે તુરબરાતુર નામના શખસે તેને મારી નાંખ્યો હતો. દરેક માણસ, જે જાતે તો ખરેખર દઇવીક છે, તેના મનમાં નીચલા તેમજ ઉંચ મનસ વચ્ચે જે સખત ચાલુ ઝપાઝપી ચાલે છે, તેનેજ જગને બાહારની લડાઇનાં રૂપમાં ઘણીક વેળા ચીતારવામાં આવી છે એમ માનવાને આપણને

---

[1] જુઓ દીનકર્દ ૭–૬–૧૩; ઝાદસ્પર્મ ૨૩.૭ અને બુનદેશ.

પુરતાં કારણો છે. તેથી જ્યારે જ્યારે લડાઇઓ બાબે અવસ્તાવાણીમાં આપણે વાંચીએ ત્યારે આ તેમનો ભેદ યાદ રાખવો જોઇએ. વળીએ અશો નર કેવી રીતે ગુજર પામયા તે બાબેના તરેહવાર જુદા જુદા વર્ણનો છે. ઘણાકોનુ કહેવું એમ છે કે તેની પોતાની આગાહી પ્રમાણે આકાશી આતશ તેના શરીર ઉપર પડયો તેથી તેનું મરણ નીપજયું હતું અને પોતાની રાખને સંભાળથી સાચવવા માટે તેણે આગળથી તાકીદ ફરમાવી હતી. જ્યારે તે દુનયાદારીના કામકાજમાંથી અલગો થયો ત્યારે તેની ઉમર ૮૦ વરસની ધારવામાં આવે છે. મી૦ એ. વી. ડબલ્યુ જેકસન કહે છે કે જરથોસ્તે તે રણસીંગડું તે વેળાએ ફુકયું હતું, જેનો હીંદુસ્તાનમાં જ્યારે ભલો બુદ્ધ આવ્યો અને તે જમાનાના દ્રઢ આત્માઓને ત્યાગની મારફતે મુકતી કેમ મેળવાય તે સમજાવી આબેહુબ પડઘો પાડયો.[1] જરથોસ્તી ધર્મનો છેવટનો અવતાર મીથરેઇઝમ તથા નીઓપલેટોનીઝમ અને જરથોસ્ત્રીઅન મેનીકીઝમમાં થયો. એઓમાના પહેલાં મીથરેઝમે (મીથ્ર પુંજાએ) ખ્રીસ્તી ધર્મ સાથે જીવલેણ લડાઇ કરી અને એ બે માંથી એકને પસંદ કરવાનું રોમની મુનસફી ઉપર રહયું હતું. રોમની પસંદગી ખ્રીસ્તી ધર્મ ઉપર ઉતરી હતી, પણ જો રોમમાં આ ટાંકણે ખ્રીસ્તી ધમ ઉભો થવા ન પામયો હોત તો આજની દુનયામાં ખ્રીસ્તી ધર્મને બદલે જરથોસ્તી ધર્મજ સઘળે ફેલાઇ રહયો હતે, કારણકે ઇરાનના મુસલમાનોનું રાજય સ્થપાયું તોપણ પશ્ચીમ તરફથી જરથોસ્તીઓ આવી તેને પણ કચડી નાંખી શકતે; પણ ઇશ્વરે એવું નીર્માણ કર્યું ન હતું ત્યારે થયું શું? "પવીત્ર આતશનો શોલો હજુર બુજાવા પામ્યો નથી; તેની પાક રોશની તો પોતાનું તેજ હજુર તુલીક આપતી જ રહી છે અને જરથોસ્તી ધર્મ હજુ કાયમ છે."[2]

૧ મી૦ જેકસનનો અસલી ઇરાનનો પેગંબર જરથોસ્ત, પા. ૧૪૦.

૨ મી૦ જેકસનનો અસલી ઇરાનનો પેગમબર જરથોસ્ત, પા. ૧૪૨.

અશો જરથોસ્તને પોતાને લગતી બાબદ છોડી, અગાઉ તેનાં કહેવાતાં સઘળાં સગાં વહાલાં તરફ આપણે નજર દોડાવીશું.[3]

અવસ્તામાં કેથે પણ તેની માતાનું નામ દરશાવેલું નથી પણ બુનદેહશમાં દુગદો કરીને તેનું નામ જણાય છે.

અવસ્તામાં જરથોસ્તની બઇરી માટે કેથેપણ કાંઇ ઇસારો નથી. ડોકટર વેસ્ટ એમ માને છે કે પેહલવી બુનદેહશમાં જરથોસ્ત વીષે એવું લખાણ આવેલું કહેવાય છે કે તેને ત્રણ બાયડીઓ હતી. તેમાંની બે બાયડીઓની હસ્તી વીષે તો સદંતર ભુલ થઇ છે, ફકત ત્રીજી કેહેવાતી બાયડી જેણીનું નામ હવોવી છે, અને અવસ્તામાં જેણીનો જરથોસ્ત સાથ સંબંધ ગણાય તેણી કોણ હતી તે જોવાનું રહયું છે.

એક ખરા અભ્યાસીને અને તેજ પ્રમાણે ઉપર ટપકેના વાંચનારની આંખે ખેહલું સમજાય છે કે હવોવી જરથોસ્તની બઇરી હોઇ શકે નહી. હજુતો ભવીષકાળમાં તેણી જરથોસ્તના ત્રણ બેટાઓ હોશેદરમા, હોશેદરબામી, અને સોસીઓષને જનમ આપવાની છે. હવોવી જેણી જરથોસ્તના ત્રણ દીકરાઓને હવે પછી જન્મ આપશે (જે ભેદી બીના છે) તેણી જરથોસ્તની પરણેતર બાયડી હતી એવું કેહેનાર કેવી બુધ્ધીવાલા હોવા જોઇએ? આપણે ભુલવું ન જોઇએ કે સદીઓના વીતાબાદ તે ત્રણે દીકરાઓનો જન્મ થનાર છે અને કુદરતના કાયદાથી માહીતગાર શખસ તુરત કહી શકશે કે ૮૨૫૯ વરસ આગમજ થઇ ગયલી હવોવી એટલાં બધાં વરસો પછી આવા વીચીત્ર બચ્ચાંઓને જન્મ આપી શકે નહી. અંદરખાનેના ભેદ ભરમોને સમજવા વીના ઉપર ટપકેનું વાંચણ સઘળી ડાહપણ ભરી બાબદોનો નાશ કરી નાંખે છે, અને આપણા બુલંદ ધર્મને મજાક મશકેરી કરવાનું રમકડું અને સચ્ચાઇ અને અકલના દુસમન તરીકે જાહેર કરી તેને હસીમાં લાવી મેલે છે. શું એક માણસને આપણે અમુક ફીલસુફી અથવા ધર્મના ઉપાધ્ય,

૩ એ બાબદો માટે સમશુલ ઓલમા એ. જીવનજી મોદીના અવસ્તા ફરહંગનું પાનું ૮૬ વીગેરે જુઓ.

થડ, મુળ અથવા પીતા તરીકે ઓળખતા નથી? જેમકે અમેરીકા જેવા દુરદરાજ પરમુલકમાં માજદીયશનાન નામના ટોળામાં જરથોસ્તના સઘળાં ફરમાનોનું પાછું સજીવન થવું એ આપણી નજરો નજર શું જોતા નથી? ત્યારે એ ધર્મનો આતશ તેઓમાં કયાંથી જાગવા પામ્યો? એ માઝદયશનીઝમ સ્થાપનાર જરથોસ્તના વંશનો છે એમ કહેવામાં કાંઇબી વાંધો હોયકે? જો તે જરથોસ્તી ધરમને જાળવી રાખવા તથા તેનો ઓહોલો પ્રસાર કરવા માટે પોતાથી બનતું કરતો હોય તો તે ખરી રીતે જરથોસ્તનો આત્મીક પુત્ર કેમ ન કેહેવાય? એ એક માત્ર દલીલ છે અને હાલનો અમેરીકાવાલો માજદીઅસનીઝમ ટોપો આપણો જરથોસ્તી ધર્મ ખરેખર પાળે છે કે નહી એ બાબદ હાલ તુરત આપણે સદંતર બાજુએ મેલશું.

અવસ્તામાં જરથોસ્તના કોઇ પણ પુત્ર પુત્રી વીષે ઇશારો કરવામાં આવ્યો નથી. પહેલવી બુનદેહેસ અને વજર કરદેદીનીમાં એ બાબદ આવેલી છે. જો જરથુસ્ત્રની શ્રેષ્ટ બુલંદી ધયાનમાં લેતાં ઘણું સંભવીત છે, તેમ તેની કોઇ પણ પરણેતર ન હોય—કારણ કે પાછલા વખતના ઇસુ ક્રાઇસ્ટની માફક તે પણ માણસ જાતને કેળવીને તેઓને શ્રેષ્ટ દરજજે ચઢાવવા તેમજ અબજો આત્મીક બાળકો પેદા કરવા તથા દુન્યાઇ હવસો, લોભ લાલચો તથા ખવાસ ઉપર જીત મેળવી તેઓને દાબી દઇ અહુરમઝદ તરફનો રસ્તો તે અબજો જીવડાઓને બતલાવવા માટેજ જનમ્યો હતો તો તેના છોકરાંઓ વીષેની બ.બત એક ઉપજાવેલી કથા તરીકે યા ગોળાપીંડાળા તરીકે બાજુ મુકવી જોઇએ. પવીત્ર ગાથાવાણીમાં વચન આપવામાં આવ્યું છે તે પ્રમાણે જયારે આપણામાંનું કોઇ એક સઘળા આગળ વીતી ગયલા બનાવો ખુલ્લે ખુલ્લા જોઇ શકશે ત્યારે જરથોસ્તની બઇરી છોકરાં બાબેની વાતનું ખરૂં કારણ તરત જણાઇ આવશે. યાદ રાખવું જોઇએ કે દુન્યાદારીમાં પડેલા મૃત્યુને પાત્ર જીવડાઓ જેઓ પ્રકટીકરણના કાયદાને આધીન, અપુર્ણ અને ઇંદ્રીઓને વશ થયલા, તેવાને લાગુ પડતા નીયમ અને એક પુરેપુરા આગળ વધેલા સંપુર્ણ નર જેણે પ્રકટીકરણ પુરૂં કરી, સંપુર્ણ બની, સર્વે ઇંદ્રીયો ઉપર કાબુ મેળવેલો હોય છે અને જે એક મોટો ધર્મ સ્થાપી કરોડો લોકોમાં ધર્મની રોશની ફેલાવનાર હોય છે, તેને લાગુ પડતા નીયમની વચમાં મોટો તફાવત છે. જેથી બનવા જોગ છે કે ક્રાઇસ્ટની માફક જરથોસ્તે પણ લગ્ન કર્યા ન હોય, પણ પોતાની અશો જીંદગી સઘળી અહુર સાથની દોસ્તીના સુખમાં ગુજારી હોય અને ઘણા બુલંદ પ્રકારના આત્મીક અને ધર્મ ઉપયોગી કામો કરવામાંજ તેનો સઘળો વખત ગાળવામાં આવ્યો હોય. જરથોસ્તના ભાઇઓ વીશે પણ અવસ્તા અને બુનદેહેસમાંથી આપણને કાંઇ પણ ઇસારો મલતો નથી તો પણ કેટલાક લોકોને તાણીતોડીને તેના ભાઇઓ વીગેરે ઉપજાવી કાઢવા વીના ચેન પડતું નથી.

હવે અસલી ઇરાન વતનન. પેગમ્બરની સન્તા અને મોબો કેટલા હતાં તે તપાસવા એક પશ્ચીમના પંડીતના બોલો ટાંકીશું. રેવરંડ ડોકટર એલ. એચ. મીલ્સ ગાથાવાણીના પ્રસ્તાવનામાં કહે છે કે "જરથોસ્ત એક ખરેખર ઇતીહાસીક પુરૂષ હતો કે તે બાબે તકરાર ચાલે છે તે મુદલ બેવકુફાઇનું પરીણામ છે. જરથોસ્તી ધર્મ બાબે હકીકતો જે સંભાળથી લખાવી જોઇએ તે સંભાળની ગેરહાજરીને લીધે સમજણ આપવાનું કામ બહુ મુશકેલ થઇ પડે છે." અલબત જરથોસ્તી ધર્મના પાછલા વખતમાં મલી આવતા લખાણોમાં જરથોસ્તનુ જન્મચરીત્ર તેમજ તેના કેહેવાતા ગુણો કલ્પીત છે એમ કહી શકાય છે, પણ ખુદ પાછલા વખતની અવસ્તામાં પણ તેને એક કલ્પીત અર્ધ દેવતા તરીકે ગણેલો છે. ખરૂં જોતાં દરેક ઠેકાણે આખેરીના જરથોસ્તી લખાણોમાં કે જેઓ ક્રીસ્ચીઆનીટી મીડીવલ વખત સાથ મળતાપણું ધરાવે તેમાં તેમજ નવી અવસ્તાના સર્વથી જુના ભાગોમાં પણ સઘળે જરથોસ્તને માણુસજાત કરતાં ઉંચી પદવીનોજ લેખવામાં અને માનવામાં આવ્યો છે."

ગાથાવાણીમા દરશાવેલા જરથોસ્તનેજ એક ઇતીહાસીક માણુસ તરીકે

કબુલી શકયે છીએ, એમ પ્રોફેસર ચાઇન વાજબી ટીકા કરે છે. તે વધુ કહે છે કે "જરથુસ્ત્રે જે પ્રજા સનમુખ ધર્મનો ઉપદેશ કર્યો તે પ્રજા મુસા પેગંબરે જે પ્રજા સનમુખ પોતાના ઇશ્વરી ગાયનો (psalms) ગાઇ સંભળાવયાં તેના કરતાં ઉંચ પ્રકારની હતી તેમાં કાંઇ સંદેહ નથી. પણ આ ખુલ્લા તફાવતોપર બરોબર ધયાન આપવું જોઇએ (જો આ બાબદ જે આટલા બધા ભુલભર્યા વીચારોમાં વીંટલાઇ છે તે બદલ ધયાન ઠેકાણે રાખી મુકાતું હોય તો,) કે માત્ર અસલના અવસ્તાના લખાણોમાંજ દરશાવેલા જરથોસ્તને એક જીવતાજાગતા પુરૂષ તરીકે લેખવો જોઇએ. બાકી અવસ્તાના બીજા સઘળા ભાગોમાં અસલ વારેના ગ્રીક દેવના અંશવાળા ગણાતા માહાન નરોથી વધતા અથવા ઓછા પ્રમાણમાં દઇવીક માનવામાં આવ્યો છે...ટુંકમાં સર્વ સાર લેતા ગાથાવાણી પુરાણી એટલા કારણસર લેખાવી જોઇયે કે અસલના હીંદી વેદો સાથ તેનો ધ્રાડો સંબંધ છે અને જુની તેમજ નવી (પાછળના વખતની) અવસ્તા ઉપરથી દેવના તેમજ અહુરના પુંજારીઓ વચ્ચે સંબંધ હતો એમ ખુલ્લી રીતે જાહેર થાય છે."

પાક ખુરદેહ અવસ્તાની હવે આપણે ફરવરદીન યસ્તના ૨૩, ૮૮-૧ વાળા ફકરા તરફ નજર કરીએ અને જરથોસ્તના ઉત્તમ ગુણોનું ઉમદા વર્ણન તેમાંથી મેળવી તે ઉપર વીચાર કરીશું. "અશો જરથોસ્તના પવીત્ર ફરોહરની (આત્માની) અમે વખાણ ગાઇએ છીયે. અશો જરથોસ્ત કે જે ઉત્તમ વીચારો વમાસ્તો, ઉત્તમ બોલો બોલતો અને ઉત્તમ કામો કરતો હતો; કે જે સર્વથી શ્રેષ્ટ ધર્મગુરૂ તથા સર્વેથી જોરેમંદ લડવઇયો (દેવોને મારનાર) હતો; અને જે એક સરસમાં સરસ ખેડુત હતો; જેણે ધર્મ વીષેનું જ્ઞાન ફેલાવયું હતું, તથા જેણે સર્વથી પહેલાં ગાય, ઢોર, સત્ય, ધર્મ, ધાર્મીક કાયદાઓની તાબેદારી, અહુરની ઉત્તમ પેદાયસના સઘળા આશીરવાદોની ઉપર પયાર રાખયો તથા દેવદરૂજોના જુલમાતને તોડયો; અને જેણે આ ખાકી દુનયામાં પેહેલીજ વાર અશોઇની વખાણ તથા જરથોસ્તી માજદીઅસની ધર્મ એખત્યાર કર્યો, અને દેવદરૂજોનો રસ્તો છોડી દઇ, અહુરના કાયદાની પુઠે ચાલનાર તરીકે પોતાને ઓલખાવ્યો. જેણે દેવ દરૂજોના સઘળાં ફેલ ફરેબો અને પ્રાણીઓ જે વખાણુ યા વીશ્વાસને તદન બીનલાયક છે તે સર્વે ખાકી દુન્યા સનમુખ ખુલ્લાં રજુ કીધા. જેણે મીનોઇ દુન્યાના પવીત્ર માથ્રવાણીના કલામો સાંભળવાની તક આપવામાં આવી હતી, કે જે સઘળા દુનયવી તથા ધર્મના ઉપાધ્યાઓનો ઉપરી હતો. જે સર્વથી શ્રેષ્ટ સત્યતાનો વખાણનાર હતો, જે તે વખતના સઘલા ધર્મ કરતાં શ્રેષ્ટ ધર્મની સમજણ આપનાર હતો. ('તે વખતના' એ ઉપયોગી બોલો ધયાંનમાં રાખવાલાયક છે). અને જેને અમશાસ્પંદોએ (કે જેઓ ખોરશેદ યઝદ સાથે મલીને કામ કરે છે) દેશોના વડા તરીકે, તેમજ સઉથી ઉત્તમ દરજ્જાની નેકીના વખાણનાર તરીકે અને સઘળા તે વખતના લોકપ્રસીદ્ધ મોટા ધર્મોમાંના સર્વથી શ્રેષ્ટ ધર્મનો ફેલાવો કરનાર તરીકે પસંદ કર્યો હતો. તેના જન્મથી અને ઉધરભાવ સાથે ઝાંડપાન તેમજ પાણી સર્વે ખુશખુશાલ થયાં અને આગળ વધતાં થયાં અને સપેનતામીનોની સઘળી પેદાયશે તેના વખાણમાં પોકાર કર્યો કે "સ્પીતમાન જરથોસ્ત એક આથ્રવાન જન્મયો તેથી હમો કીરતારના શુકર કરીએ છીએ, કારણ કે હવે જરથોસ્ત ક્રીયાકામોની ભેટો સાથે હમારી આરાધના કરશે, અને ભલો માજદીઅસની ધર્મ હઇયાતીના સાત (આસ્માનો) તબકકાઓ ઉપર ફેલાવો પામશે અને મેહેર ઇઝદ તથા અપામ નપાત દેશોની આબાદી વધારશે ને સઘળા ફેસાદો દાબી દેશે."

વળી પાછું આપણે એજ ફરવરદીન યસ્તના ૩૧-૧૩ ફકરામાં વાંચીએ છીએ કે "જરથોસ્ત સઘળી જેહાનનો સરદાર

અને મુખી અને પાર્યોદકેશ ૧ હતો. જરથોસ્ત સર્વથી વધુ ડાહાપણવાલો, સર્વથી વધુ અશોઇથી રાજ કરનાર, સર્વથી વધુ કીરતીવાન, સર્વથી ઉતમ તે જસ્વી નુરવાલો (ખોરેહવાલો), અતી ઘણા માનને લાયક તથા વખાણવાલાયક, ઘણોજ ખુશી કરવાને લાયક ઉંચે દરજ જેની કીર્તી મેળવવાને લાયક હતો. અ શો જરથોસ્ત ચાહ વખાણ અને માન ને લાયક જણાયલો છે."

વળી જમયાદ યશતમાં ૧૩, ૭૯, ૮૦, અને ૮૧ માં કરદામાં વાંચયે છીએ કે "જે ગેબી ખોરેહ પવીત્ર જરથોસ્ત સાથે જોડાયલું હતુ તેથી જરથોસ્ત ધર્મના કાયદા પ્ર માણે વમાસ્તો, બોલતો તથા કાર્યો કરતો હતો. તેથી જરથોસ્ત આ સ્થુલ ભુમી ઉપર સર્વથી સાચ્ચો, અશોઇથી ભરપુર, સર્વ થી અધીક ચળકતા નુરનો ઘણોજ પ્રકાશીત ખોરહવાળો અને ઘણોજ ફતેહમંદ પુરૂપ હતો. ફકત તેની પવીત્ર નજર પડતાંજ દેવ દરૂજો તેની આગલથી નાસી જતા હતા અને તેઓની ખરાબ દુષ્ટ અસરો નાબુદ થઇ જતી હતી, તથા સેતાન, બદખ સલતની ઓરતો, પુરૂષો તરફના પોતાના નીચ મનસુબાઓ છોડી દેતી હતી અને એવી ઓરતો તથા દેવો રોવા અને કુટવા પડીને જુલમાટ તથા બળાતકાર વરસાવતાં અટકયાં હતાં. ફ કત જાણીતા અહુનવરના (યથા–અહુ–વૈ રયો)ના કલામો ગાઇને તે ફરીથી મોટે સાદે ભણી જતો. તેની અસરથી ખરાબ દેવોને આરાધનાને માટે નાલાયક બનાવી દીધા અને તેમને જમીનના ભીતરમાં બંધ કરી દીધા." આવા પેગમબરની સરખામણી કોઇ દુન્યાના સાધારણ ફીલસુફો, સુધારાવાળાઓ, અથવા વેહેવારૂ સખાવત કરનારાઓ સાથે કરી શકાય નહીં. એ સઘળાઓ કરતાં તે ઉત્તમ દરજજેનો છે. તેની પદવી કાંઇ ફકત સ્થુલ મનની ચંચળાઇ અને કાબે લીઅતથીજ મેળવાઇ નહોતી પણ તેની ઇચ્છાશકતી, તેનું ડાહાપણ અને કાર્ય કરવાની શકતી તેણે મીનોઇ જેહાનમાંથી મેળવી હતી, માટે આત્મબળના પ્રતાપે સઘળું તે સરસ રીતે બજાવવાને શકતીવાન થયો છે. તેની ચાલચલણની તો ફકત નકલ કરવાને માનવીજાત હામ બાડી શકે. તેના અસલ ફરમાનો જે પણ મલી આવતા હોય તે ઉપર તકરાર થઇ શ કેજ નહીં.

જે આત્મા આગળ વધેલો નથી તેને એ ફરમાનો કદાપી ગુચવાડાભર્યા અને અસંતોષકારક લાગે. પણ એક પુખ્ત થયલા આત્માને એ ફરમાનો વગર શકે સંપુર્ણ અને ચોકકસ છે એમ જણાય છે. માણસ જાતનાં સઘળાં ધર્મ પુસ્ત કોમાં છુપાયલાં અમુલ્ય જોહરો નો અભયાસ કરવા આપણે તતપર રહીશું. અને જરથોસ્તીઓ તરીકે આ પે ગંબરોનો મહાન રાજા, જે એક સંપુ ર્ણ નર હતો, તથા જે ગુમરાહોનો રાહ બર હતો અને દુન્યામાં ધર્મ ની રોશની ફેલાવા માટે અહુરમજદની પંસદગીથી આવેલો બોમ્યો હતો, જેણે દુન્યામાં અજવાળું પાથર્યું, જે જીંદગીના સર્વ ભેદભરમોથી જાણીતો હતો, જેણે સઘળી અપવીત્રાઇ, અધર્મી પણા અને દેવોની પુંજાનો નાશ વાળયો, તથા જે અશોઇનો શેહેનશાહ હતો તેને માનથી નમીશું! તેના દઇવીક આત્મા ઉપર લાખો આશીરવાદ હોજો!

---

૧ અસલી ધર્મમાં એક માનનાર જરથોસ્તી. આ અસલી ધર્મને અશોઇ પાછી શીખવી માઝદયસની ધર્મ જે તેવા વખતમાં વેહમોથી ભરપુર થયો હતો તેને જરથુશત્ર સાહેબે સુધારીને તેની અસલની પવીત્રાઇ પાછી બક્ષી.

થોડાંક મુખ્ય જરથોસ્તી સીધ્ધાંતો. ઈશ્વરની એકયતા અને અમશાસ્પંદો તથા ઇજદોની આત્મીક શકતીઓ તરીકેના હયાતી.

શમશુલ ઉલમા એરવદ જીવનજી જ. મોદી વીશેષ નામોની અવસ્તાની પોતાની ફરહંગમાં સંપેંતોમેન્યુની ઇબારત આપતાં ૧૯૪ મે પાને કહે છે કે, "અહુરમઝદ જીંદગી બક્ષે છે અને તે પાછી પણ લઇ લે છે. જરથોસ્તી ધર્મની ફીલસુફી પ્રમાણે અહુરમઝદ પોતાની બે મીનોઇ અને અણુદીઠ શકતીઓની મારફતે એ બે અકેકથી ઉલટાં હસ્તીમાં અને નીસ્તીમાં નાખવાનાં કાર્યો બજાવે છે. તેની નાશકારક શકતીને અંગ્રેમીનો તરીકે પીછાનીએ છીએ, જયારે તેની આબાદી ફેલાવતી શકતીને સ્પેન્તામીનોને નામે ઓલખીએ છીએ. એક જયારે નાશ કરે છે, ત્યારે બીજી હયાતીમાં લાવે છે...છ અમસાસ્પંદો હંમેશા આ સ્પેન્તામીનોની શકતીની મદદ લે છે." એ રીતે આપણને ખુલ્લું માલમ પડે છે કે આ ઉપલા લખાણને આધારે અંગ્રે અને સ્પેન્ત કાંઇ બે અમર અને એક સરખું બળ નથી. રાવના ધર શકતીઓ હીંદુઓ જેને "દ્વૈત" મત તરીકે ઓળખે છે તેને જરથોસ્તી ધર્મ ટેકો આપતો નથી, પણ "અદ્વૈત" મત યાને એક ખુદાની અંદર માન્યતા શીખાડે છે.

"અસલી વખતના પુર્વના ઇરાનીઓનો સુધારો વધારો" એ બાબદના ડોકટર ડબલ્યુ. ગાઇગરના લખાણના દસ્તુર દારાબ પેશોતન સંજાનાએ કરેલા તરજુમામાં[1] આપણે વાંચયે છીએ કે "અહુરમજદ અણુદીઠ તેમજ પ્રગટ દેખાતી ભુમીઓની ઉપર હકુમત ચલાવનાર એક ગેબી આત્મીક શકતી છે. તેને માનવીનો અથવા કોઇ પણ આકાર હોતો નથી, જો કે અલંકારમાં કેટલીક વેળા સુરજને તેના પ્રકાશીત શરીર તરીકે અને કોઇક વખતે તેની આંખ તરીકે લેખવામાં આવે છે, અને આર્મઇતીને કેટલીક જગાએ તેની દીકરી તરીકે, તથા આતશને તેના દીકરા તરીકે વર્ણવવામાં આવ્યો છે. તે અચુક અને સર્વવ્યાપક છે તથા ડાહાપણવાળો, ઇનિસાફી, પવીત્ર તેમજ ભલો છે. સઘળા દુન્યાઇ તેમજ આત્મીક ખજાનો જેવાં કે તંદરોસ્તી, ભલી મનશકતી, અમરગી, સચ્ચાઇ, ભકતીભાવ વીગેરે તે ધરાવે છે અને જેઓ અશો અને નેક વીચારવાલા, નેક ઉચ્ચારવાલા તથા નેક આચારવાળા, હોય છે તેઓને તે નીઆમતો બક્ષે છે. ભલું તેમજ બુડું, સારૂં નસીબ તેમજ કમનસીબ, સર્વે તેનાથીજ બનયાં છે."

"સર્વે આત્માઓમાં તે ઉંચામાં ઉંચી પદવી ધરાવે છે. તેની આસપાસ ફરેસ્તાઓનું મંડળ ફરી વળેલું છે, જેઓ તેના કામમાં મદદ આપે છે, અને જેઓને અમુક કાર્યોનો અધીકાર સોંપી આપવામાં આવ્યો છે. તેઓમાં સર્વેથી બળવાન અને પવીત્રાઇભરેલા માનને લાયક ફરેશતાઓ, અમસાસ્પંદો છે...... ગાથા વાણીમાં પણ અમેશાસપંદોની સાથે અને મુખ્ય કરીને તેમનામાંના વોહુમનો, અશ, ક્ષથ્ર અને આરમઇતીની સાથે અહુરમજદને વારંવાર આરાધવામાં આવ્યો છે[1]........આ દાખલાએ ઉપરથી

---

૧. જુઓ દીબાચો, પાનું ૨૫ મું અને તે પછીનાં.

૧ અહુરમઝદ તે પેહેલો અમસાસ્પંદ જે મુખ્ય હકુમત માણસો ઉપર ધરાવે છે, (ફ્રવશીનું ચીન્હ). બહમન બીજો અમસાસ્પંદ જે ઢોર જનાવર ઉપર હકુમત ધરાવે છે,(બોધંગ, સઉથી ઉત્તમ ડાહાપણનું ચીન્હ). અરદીબેહેસ્ત ત્રીજો, જે આતશ ઉપર હકુમત ધરાવે છે, (ઉદયોગ તથા સર્વોત્તમ બુધ્ધીબળનું ચીન્હ). શેહેરેવર ચોથો જે પથ્થર ઉપર હકુમત ધરાવે છે, (ગડબડ ઘોંટાલો અને ગેરબંદોબસ્તને બદલે નીયમીત રચનાનું ચીન્હ). અસ્પંદાદ પાંચમો જે જમીન ઉપર હકુમત ધરાવે છે, (નમ્રતા અને સહનશીળતાભરી તાબેદારી જે ખોરદાદ તરફ દોરવે છે. ખોરદાદ છઠો જે પાણી ઉપર હકુમત ધરાવે છે, (જે દોલત તથા સુખ માટે અવશ્યનું છે.) અમરદાદ સાતમો, જે ઉરવરો ઉપર રાજ્ય ચલાવે છે (જે દુખો મટાડે છે, જીંદગી લંબાવે છે, અને અમર્ગી બક્ષે છે).

એટલે હા ૨૮ (૪) અને (૮), હા ૩૦ (૭) ઉપરથી આપણને માલમ પડે છે કે મજદ અને પહેલા ચાર અમેશાસ્પંદો જરથોસ્તી ધર્મના બંધારણમાના ઘણા જુના ભાગો છે, અને એ ફરીશતાઓના મુળ પાયા ઉપર એ આખો ધર્મ રચવામાં આવ્યો છે." વળી પંચ મહા ભુતો અને પંચ મહા ભુતી યઝદો (Elements and Elementary Yazats) નામના ડોકટર ગાઈગરની ચોપડીના પ્રસ્તાવનામાંના બાબમાં અશવહીશત, અમેરેતાત તથા આતશ માટે વારંવાર કેહેવામાં આવ્યું છે કે "જરથોસ્તી ધર્મના લખાણો ઉપરથી ફકત છુટાછવાયા દાખલાઓમાં મત બાધવું મુશકેલ થઈ પડે છે, કે અશવહીશત, અમેરેતાત અને આતશનો અર્થ યઝદી કે ખાકી કરવો, એટલે કે ભરૂસાથી કેહેવાતું નથી કે અમુક બાજુએ યઝદની આરાધના છે એમ માનવું કે એ શબ્દોના સાધારણ અર્થોજ કબુલ રાખવા......... આતશને અડધા દઇવીક તથા અડધો સ્થુલ તરીકે ગણવામાં આવ્યો છે. ......"આતશ! અહુરમજદના પુત્ર! અમો તને વીનંતી કરી બોલાવીએ છીએ." અહીં વગર શકે આતશને યઝદ તરીકે ઓળખવામાં આવ્યો છે. પણ તેજ વેળાએ ધર્મગુરૂની બોલવાની સીધી રીત ઉપરથી અત્રે માલમ પડે છે કે તેનું ધ્યાન અફરગાનીઆમાં બળતા પવીત્ર આતશ ઉપર તેજ વેળાએ સાથે સાથે હોય છે....... ...... યશ્ત ૧૪, (૪૬-૪૮) માં આતશને એક યઝદના આકારમાં વીચાર કરતો, બોલતો તથા નોંધ લેતો ચીતારવામાં આવ્યો છે, પણ ઘણાક દાખલાઓમાં આપણને ફકત તેને અંગાર તરીકેના મુળતત્વીક બંધારણ સાથેજ નીસબત રાખવાની હોય છે." આ બાબદ ઉપર ડોકટર ગાઇગરના એજ પ્રસ્તાવનામાં "ભાવાવાચક વીચારો આત્મીક શકતીઓના નામો તરીકે" એવાં મથાલાં હેઠળ વધુ વીવેચન કરવામાં આવ્યું છે.

ડોકટર ગાઇગર ઉપલી પ્રસ્તાવનાનાં ભુત પલીદને લગતા પોતાના બાબમાં ખુલ્લું જણાવે છે, કે "આ ભલી અને ભુંડી એકેકની સામેની એ શકતીઓના ખુલ્લા બયાનને લીધે, જરથોસ્તી ધર્મને વારંવાર દવૈત મતવાળો ગણવામાં આવે છે, પણ એમ કહેવું ખરૂં નથી. આટલું જોકે ખરૂં છે કે ભલી શકતી સાથ દુષ્ટ શકતી પણ પહેલાંથી જ હસ્તીમાં આવી છે, તોપણ એ અવસ્તા પ્રમાણે "સઘળી બાબદોનું છેવટ શું છે," એ નામના બાબમાં જેમ ખુલ્લી રીતે દરશાવેલું છે, તેમ "દુષ્ટ શકતીનું બળ આખરની મોટી લડાઇની વખતે તુટી જશે અને તેનો નાશ થશે." આ તરજુમો કરનાર, જેઓ આ પણા વખતના ધર્મગુરૂઓ યા દસ્તુરોમાંના એક છે, તેઓ પોતાની નોંધમાં, વેસ્ટ વાળી પેહેલવી લખાણોના બીજા ભાગની પ્રસ્તાવનાને ૨૪ મે પાને એક ફકરો ઉમેરે છે, કે ખ્રીસ્તી ધર્મને અસલી લખનારાઓ જેટલો એક ઇશ્વરવાદી (Monotheistic, અદવૈત) તરીકે લેખી ગયા છે, તેટલોજ એક ઇશ્વરવાદી ન હોતાં "જરથોસ્તી ધર્મ દવૈત વાદી છે એવું પારકા ધર્મવાળાઓનું મત છે. પણ તેનો પુરાવો મેળવવા માટે વાંચનાર કોશેશ કરશે તો તે તેમાં જરૂરી નીષ્ફળ થશે. એ બન્ને (ભલી તેમજ ભુંડી) શકતીના મુળ બાબે (હાલ) કોઇપણ હેવાલ મલતો નથી, પણ દુષ્ટ શકતીનું ક્ષણભંગુરપણું અને દોજખમાં (તેને) થતી શીક્ષા એ બાબદો તે ખુલ્લી દરશાવવામાં આવેલી છે." અંગ્રેમીનોની આસપાસ સપેનામીનોની માફકજ શકતીઓ છે, પણ તેઓ ભયંકર કાળી મીનોઇ શકતીઓ છે, જેમાંની નર શકતીઓને દેવોને નામે ઓળખાવી છે, અને નારી શકતીઓને દરૂજોના એલકાબ હેઠળ વર્ણવી છે, એ બીના જાણવાજોગ થઇ પડશે. ૭ રાક્ષસોનું ટોળું ૭ અમશાસ્પંદોને મળતું આવે છે. વોહુમનોની સામે 'અકોમનો' (એટલે દુષ્ટ મગજનો ધરાવનાર) છે. અશવહીસ્તની સામે અનદ્ર (ઇંદ્ર) છે. ક્ષથ્રવેરીયોની સામે 'શરૂ' એટલે જુલમગાર છે. સપેંતઆરમઇતીની:સામે 'નઉંગતય' (અથવા "તરોમતી" એટલે તુનદી), હઉરવતાત અને અમેરેતાતની સામે "તરૂ અને ઝરૂના," (જેનો અર્થ કદાચ ભુખ અને તરસ એવો થઇ શકે,) એ નામની શકતીઓ છે.

"અહુરમઝદ" બોલના અવસ્તામાં જુદા જુદા અર્થો.

'અહુરમઝદ' બોલની આસપાસ જે ધુકકર મીસાલ ગુંચવાડો ફરી વળયો છે તે હવે તપાસીશું અને ત્યાર બાદ તે પોતે આપણી છેવટની નેમ, અને આપણો પીતા કેમ છે તે જોઇશું.

હોરમઝદ યશત ફકરા ૭ માં 'અહુરમઝદ' ના ૨૦ નામો આપ્યાં છે, તેમાં તે કોણ છે, કે જેને ચુસ્ત જરથોસ્તીઓ તરીકે આપણે પહોંચવાને ઇચ્છીએ છીએ, તે જણાઇ આવે છે. વલી તે યશતના ફકરા ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ માં તેનું વધારે બારીક વર્ણન છે. તેમાં તેનો જાહેર, પ્રગટેલો સ્વભાવ શું છે તે જણાઇ જાય છે. આ બંને ભાતનાં વર્ણનો ઉપર આપણે અવલોકન કરીશું. નીચલા કોઠામાં આંકડા મુકયા છે, તે ઉપલી યસ્તના ૭)માં ફકરામાં અહુરમઝદના નામોના અનુક્રમ પ્રમાણે મુકયા છે:-

(અનદીઠ અહુરમઝદનો ગુપ્ત સ્વભાવ.)

ક

હઇયાત (૧)
સર્વ વ્યાપક (૩)
સર્વોતમ અખોઇ (૪)
અજીત (૧૫)
દુશમન વીનાનો (૧૪)
મહા જ્ઞાની (૨૦)
અકકલ (૬)
અકકલવાળો (૭)
ડાહાપણ (૮)
ડહાપણવાળો (૯)
માણસોનો હીસાબ ગણનાર (નોંધનાર) (૧૬)
તમામ જોનાર (૧૭)

(અનદીઠ અહુરમઝદનો જાહેર સ્વભાવ).

ખ

પેદા કરનાર (૧૯)
જીંદગી બક્ષનાર (૧૨)

ગ

ટોળાનો પાસબાન (અથવા પ્યાર વાળો) (૨)
વૃદ્ધી (૧૦)
વૃધ્ધી કરનાર(૧૧)
મઝદે પેદા કરેલી અખોઇની તમામ નીઆમત (૫)
ઘણોજ ફાયદો કરનાર (૧૩)
તનદરોસ્તી આપનાર (૧૮)

ક. ઉપરથી જણાય છે કે અહુરમઝદે સૃષ્ટીના દરેક અનુંમા પ્રવેશ કર્યો છે, અને તે તેમાં હાજર છે. એટલે દેખાતી જગતમાં તે વ્યાપી રહયો છે. અને આ નેજ કોઇ લોકો જગદીશ્વર મત કહે છે.

ખ. અને ગ. ની નીચે દર્શાવેલાં નામો ઉપરથી આ નકકી થાય છે કે બનાવનાર તરીકે ફકત એજ વેળાએ એને ઓળખાવ્યો છે, જયારે ૬ વખત પાળનાર તરીકે જણાવ્યો છે, માટે પ્યાર, મદદ, દીલસોજી, આપભોગ એ સઘળા ગુણો, જે તેજ ગુણ દેખાડે છે, તે અતી અગત્યતા ધરાવે છે.

બારકર હડસન જણાવે છે કે "ખુદા અથવા જરથુશ્ત્ર તેને ઓળખાવે છે તેમ

-અહુરમઝદ, કોઇ અમુક પુરૂષ નથી, પણ જાહેર હસ્તીના ભુવન ઉપર 'સર્વ હસ્તી' છે. એટલે સૈન્ટ જોને બાઇબલમાં જણાવ્યું છે તેજ 'લોગોસ' છે; એટલે તે 'વાખ' જે પહેલે ખુદા પાસે હતી, જે ખુદા હતી, તેજ એ ખુદા છે. ઝરવાન એટલે બેહદ વખતમાંથી તે સર્વથી પહેલો જન્મેલો છે, પણ જે વખતની હદથી બંધાયો નથી. અને અનહદ વખતથી હસ્તી ધરાવે છે. સર્વ જગત તેના એકલામાંજ સમાઇ જાય છે. ત્યારે જરથોસ્તી ધર્મ પ્રમાણે સઘળું તેના એકલામાંથીજ નીકળયું છે, જેનો એકલો એક ગુણ ભલાઇજ છે.''

હોરમઝદ યશત ફકરા ૧૨, ૧૩, ૧૪, ૧૫ માંથી નીચલો કોઠો ઉપજાવી શકાય છેઃ-

(અનદીઠ અહુરમઝદનો ગુપ્ત સ્વભાવ).

અષો નામવાળો
ઘણોજ અષો નામવાળો
નહી ઠગનાર (અથવા ધીકકાર વીનાનો)
ઠગનારથી દુર (અથવા ધીકકારવાળાથી દુર)
આથ્રવન
સર્વોતમ આથ્રવન
વૃધ્ધી કરનાર માથ્રેોરેહ
ઘણુંજ ખોરેહ રાખનાર
તમામ સુખ
પુર રોશની
રોશનીવાળો

સર્વ વ્યાપક

(સર્વ શકતીમાન.)
મરજી પ્રમાણે રાજ્ય કરનાર
સર્વથી શ્રેષ્ટ મરજી પ્રમાણે રાજ્ય કરનાર
ફીર્નીથી રાજ્ય કરનાર
ફીર્નીથી સર્વોતમ રાજ્ય કરનાર
બુલંદ
બાદશાહી રાખનાર
સર્વથી મોટી પાદશાહી રાખનાર
શુરો

મહાજ્ઞાની
જાણનાર
પુર જોનાર
સર્વથી શ્રેષ્ટ જોનાર
દુર જોનાર
સર્વથી દુર જોનાર
ઓળખનાર
સર્વોતમ ઓળખનાર
સારૂં ડહાપણ ધરાવનાર
સર્વોતમ સારૂં ડહાપણ ધરાવનાર
દુર સુધી જોવાને શકતીમાન.

(અણદીઠ અહુરમઝદનો જાહેર સ્વભાવ).

ક

બધાને બનાવનાર (ઘડનાર)
જાન બક્ષનાર
પેદા કરનાર

ખ

પોષણ કરનાર
વૃધ્ધી કરનાર
સર્વથી વધુ વૃધ્ધી કરનાર
તંદરૂસ્તી આપનાર
સર્વોતમ તંદરૂસ્તી આપનાર
નીગેહબાની કરનાર
બક્ષીસ કરનાર
રક્ષણ કરનાર
પાળનાર
એકસરખી રીતે (સમદ્રષ્ટીથી) બચાવનાર
ફાયદો કરનાર
કાર્યોમાં ઉપયોગી
ફાયદાઓથી ભરપુર
સર્વોતમ ફાયદો કરનાર.

ગ

એકદમ મારનાર
બધાને મારનાર
ખરાબીને તોડનાર.

આ કોઠામાં 'પેદા કરનાર' તરીકેના ૩) નામો છે, મારી નાખનાર (નાશ કરનાર) તરીકેના ૩) છે, જ્યારે પાળનાર અને પોષનાર તરીકેના ૧૪) છે, જે ઉપરથી અહુરમઝદના જાહેર સ્વભાવનો સર્વોતમ ગુણ જે મદદ કરવાનો છે, તે સહેલથી સમજાય છે.

હવે આ ખાસયતવાળા અહુરમઝદ માટે, ખરો જરથોસ્તી વધતા જતા પ્યારથી આરઝુ રાખે છે. કારણ કે અવસ્તામાં તે શીખાડયું છે. અને હવે નીચલી અવસ્તાની શહાદતો ઉપરથી જણાશે કે 'અહુરમઝદ' શબ્દ એક કરતાં વધુ અર્થમાં વપરાયો છે, અને એ બાબેની ખાત્રી પણ થશે. ગાથામાં જે શહાદતો આવી છે તે પાછળ તરજુમો થએલા ગાથાઓના, હા ૩૦-(૬), ૪૩, (૫ અને ૧૬), ૪૪, (૨), ૪૫, (૪ અને ૬), ૪૭, (૧, ૩, ૪ અને ૬) જોવા ઉપરથી માલમ પડશે, માટે અહીં તે રજુ કરી નથી.

જે પ્રમાણે ખ્રીસ્તીઓ ગોડ ધી ફાધર, સન, એન્ડ હોલી ઘોસ્ટ, અને હીંદુઓ શીવ, વીષ્ણુ અને બ્રહ્મ અથવા સત, ચીત, આનંદની ત્રીપુટીને પોતાના ધર્મ શાસ્ત્રોને આધારે કબુલ રાખે છે, તેવીજ રીતે અવસ્તા ઉપરથી મળી આવતી શહાદતોનાં ભેગાં બળને આપના મન સાથ લડવાની તક આપીશું, તો અવસ્તામાંથી એકજ 'અહુરમઝદ'નું નામ ત્રણ જુદે અર્થે વપરાયલું સ્પષ્ટ જણાઇ જશે. આપણે આખી અવસ્તાજ ખોળી જોઇશું, અને હાલ તુરત ખુલ્લે ખુલ્લી પહેલવી અને પાઝંદ શરેહો ટાંકશું નહીં.

ઉપર આપણે જોયું છે, કે હોરમઝદ યશતના ફકરા સાત અને ફકરાઓ ૧૨, ૧૩, ૧૪ અને ૧૫, એ સઘળાઓ બારીકીથી તપાસી જોતા, આપણને એવી ગવાહી મળે છે, કે અહુરમઝદ 'પેદા કરનાર,' અહુરમઝદ 'રક્ષણ કરનાર,' અને અહુરમઝદ પોતેજ 'નાશ કરનાર' છે. આ તેના જાહેર રૂપના ગુણો છે. અને તેના ગુપ્ત ગુણો 'સર્વવ્યાપકતા,' 'સર્વ શકતી,' અને 'સર્વ જ્ઞાન' છે. હવે એકજ 'અહુરમઝદ' નામ જુદી જુદીજ ઇબારતમાં કયાં વપરાયું છે, તે જોઇને ખાત્રી કરીશું, કે અવસ્તાનો કુલ અભ્યાસ, જ્યાં તુલીક દરેક વેળાએ એ બોલ વપરાયો છે તે કયા અર્થે છે, તે નકકી નહીં કરીયે, ત્યાં સુધી અધુરો રહેલો ગણાવો જોઇએ.

પ્રથમ એક નીગાહ ફેંકો હોરમઝદ યશતના ફકરા ૧ ઉપર. "હાડમંદ જેહાનના (તથા) ખુદરતી હમેશતથેહાનના અને ઘણાજ વૃધ્ધી કરનાર મીનો, અષો પેદા કરનાર હોરમઝદ." હવે હોરમઝદને આ 'હાડમંદ' દુનીયાંનાં 'પેદા કરનાર'નો એલકાબ આપ્યો છે. પણ અવસ્તા પ્રમાણે 'મીનોઇ' દુનીયાં હસ્તી ધરાવે છે. ત્યારે તે 'મીનોઇ' હસ્તીનો 'પેદા કરનાર' બીજો હોરમઝદ હોવો જોઇયે, નહી તો તેને "હાડમંદ અને મીનોઇ દુનીયાં બન્નેનો પેદા કરનાર" તરીકે ઓળખાવ્યો હતે. વળી આપણે જોઇ ગયા તેમ હોરમઝદ પેદા કરનાર, તેમજ રક્ષણ અને નાશ કરનાર, છે. ત્યારે હયાં 'પેદા કરનાર' હોરમઝદને ઓળખાવ્યો છે, માટે બીજો હાડમંદ દુનીયાંનું 'રક્ષણ કરનાર હોરમઝદ' અને ત્રીજો 'નાશ કરનાર હોરમઝદ,' તેમજ 'મીનોઇ દુનીયાનો પેદા, રક્ષણ અને નાશ કરનાર' હોરમઝદ, એ સઘળાઓથી તેને જુદો પાડયો છે. વળી હોરમઝદ યસ્ત ફકરા ૭) માં પાંચમું નામ અહુરમઝદનું "મજદે પેદા કરેલી અષોઇની તમામ નીયામત" (વીસ્પ વો હુમઝદ્ધાત અષચીશ્ર) છે. હવે એ ઉપરથી સાબેત થાય છે કે અહુરમઝદ, પોતાને મઝદથી પેદા થયેલો કબુલ કરે છે.

હવે વાંચો અરદીબેહસ્ત યસ્ત ફકરો ૧. "હોરમજદે સ્પીતમાન જરથોસ્તને કહયું અએ સ્પીતમ જરથોશ્ત! હુમો અમસાસપંદોની આરાધના માટે તથા ખુબીઓ ગાવાને માટે અરદીબેહસ્તને ....વખાણ કરનાર તરીકે તું ઠેરવ." હવે આપણે અહુરમઝદને હયાં બોલતાં સાંભળીયે છીએ. આત્મ અથવા તત્વ વીદ્યા આપણને શીખવે છે, કે સર્વથી શ્રેષ્ટ ઇશ્વરની જ્યારે "પરબ્રહમન" ની સ્થીતીનો ખ્યાલ કરીયે, ત્યારે આપણે કબુલ કર્યા વીના ચાલે નહીં, કે તે સ્થીતી અચલ, ફેરફાર વીનાની હોવી જોઇએ. જેમાં ફેરફાર થાય તે કાળને આધીન કહેવાય, પણ "પરબ્રહમન" ની સ્થીતીનો

અહુરમઝદ કાળની ઉપર છે. માટે આ સર્વથી ઉંચ અહુરમઝદ નજ હોય જે સ્પીતમાન જરથુસ્ત્ર સાહેબ સાથ વાત કરતો દેખાડયો છે. તેતો અહુરમઝદની એક કેટલેક દરજજે ઉતરતી શકતી હોવી જોઇએ. વળી એટલુંજ નહી પણ '**હુમો અમસાસપંદો**' કરીને '**અહુરમઝદ**' પોતાની ઓળખાણ આપે છે અને આપણી પાસ ઘણા પુરાવાઓ છે કે અવસ્તા પ્રમાણે 'અહુરમજદ' અને '**અમસાસ્પંદો**' એ જુદા જુદા છે, જેમકે ગાથાની શરૂઆતમાં લખ્યું છે કે 'અહુરમઝદ ખજાનનો રાખનાર અને ખોરેહવાલાની, અમસાસ્પંદોની, અષો લોકોના જોરાવર અને ગાલેબ ફરોહરોની, અને પોરયો દકેશો અને નબાનઝેદીસ્તના ફરોહરોની યાદ, કીર્તી, જોર, અને શકતીની હું વખાણ કરૂં છું. હવે આ વર્ણન કરતાં કરતાં 'અહુરમજદ' અને 'અમસાસ્પંદો' એઓને ભીન્ન ભીન્ન બયાન કરતાં ઓળખાવ્યા છે. તર્ક શાસ્ત્રના સાધારણ કાયદા ઉપરથી આ સાબીત થાય છે કે જ્યારે એક પાછળ અનેક નામો લેવામાં આવે, ત્યારે એવુંજ જાણવું કે પહેલાં બીજાં અને ત્રીજા નામો જુદાં જુદાં ધણીઓને જ લાગુ પડે છે. ત્યારે 'અહુરમજદ' અમેસાસપંદોથી જુદા ન હોય તો એ વખત તેનું નામ શા માટે લેવું જોઇતું હતું? વળી '**અહુરમજદ**' ના ખાસ ગુણો વર્ણવ્યા છે પણ અમસાસ્પંદોને તે જ લાગુ પાડવામાં આવ્યા નથી. તે પણ આપણી દલીલને ટેકો આપે છે. ત્યારે 'અહુરમજદ' જુદો અને અમશાપંદોમાનો **પહેલો** 'અહુરમજદ **અમશાસપંદ**' એ જુદો છે એવું ઠરે છે.

હવે સરોશ યસત હાદોખ્ત ફકરો ૩ જુવો શું કહે છે? "સર્વથી વૃધ્ધી કરનાર (યાને અહુરમજદ) ના (પેદા કીધેલા) અમશાસપંદો હફતેકેશવર જમીન ઉપર પાસબાની કરે છે." હવે અહુરમજદના અમશાસપંદો છે. અમશાસપંદો સાધારણ રીતે જાણુયે છીએ કે સાત છે ત્યારે સાતે 'અહુરમજદના' છે એટલે અહુરમઝદમાંથી ગમે એવી રીતે નીકળયા છે. ત્યારે જે અહુરમજદ અમશાસ્પંદ અને જે અહુરમજદના અમશાસ્પંદો છે, તે જુદા પુરવાર થઇ ચુકયા. મોટી હપતન યશતના ફકરા ૩ (૧)માં લખ્યું છે કે "અહુરમજદ જેણે જાનવર તથા અનાજ પેદા કરયો જેણે પાણી તથા **સારાં ઉરવરો** પેદા કરયાં તેને યાદ કરીએ છીએ." **સારાં ઉરવરો** પેદા કરનાર અહુરમજદ **બુરાં** ઉરવરો પેદા કરનારથી જુદો જણાય છે. જે અહુરમઝદ સારૂ અને બુરૂ બનને પોતામાં સમાવે છે અને જેમાંથી સ્પેના અને અંગ્રે મીનો બન્ને નીકળ્યા (અને જે અંગ્રે **મીનોના** મારફતે **બુરાં ઉરવરો**ની ઉત્તપતી થાય છે) તે અહુરમઝદ **સારાં ઉરવરો** પેદા કરનાર અહુરમઝદ કરતાં સાદી અક્કલથી જોતાં બુલંદ ગણાવો જોઇએ.

હવે તીસ્તર તીર યસતમાં ફકરો ૪ થો ઉઘાડો અને વાંચો. "વળી તેને (યાને તેસ્તરને) દાદાર **અહુરમજદે** તેમજ પાણી તથા ઓરવરોએ મદદ આપી." હવે આપણે આગળ દલીલ જોઇ ગયા કે અહુરમઝદની ઉંચમાં ઉંચ પદવી (જેને હીંદુ શાસ્ત્રમાં "પરબ્રહમ" તરીકે ઓળખી છે) તેમા કોઇ ફેરફાર ન થઇ શકે. કોઇપણ વહેવારૂ બાબદમાં તે સાહેબનો હાથ સીધો પડતો નથી, જો કે તેમનામાંથી નીકળતી બીજી શકતીઓ સર્વ સ્રષ્ટી ચલાવે છે. તેઓ અખંડ, અચળ, સઘળાના પીતા તરીકે એટલી ઉંચી હદે છે કે અમશાસ્પંદો પણ તેમને પુરેપુરા ઓળખતા હશે કે તે પણ આપણે બોલવાને હીમત કરી શકતા નથી. તેમની અંદર દરેક પ્રાણી અને પદાર્થ જે જોઇએ અથવા કલ્પી શકયે તે છે. અને તેઓ શાંત અને પુર્ણ છે, અને તેમણે પોતાની અંદરથી નીકળેલા અમશાસ્પંદો, અને યજદોને જગતનું કાર્ય સ્વાધીન કર્યું છે, એટલે પોતાને જગતના ચલીત કામો જેવા કે તીરને મદદ આપવા સાથે શું નીસબત? તેમના દરજાજાને અનુસરતું આવું કાર્ય નથી. આપણા અને બીજા ધર્મોના ઉંડો અભ્યાસ જેઓએ કયો હશે તેઓ સમજી શકશે કે મીનો આન મીનો પાક અહુરમઝદ જે શ્રેષ્ટમાં શ્રેષ્ટ છે, તે જગતની જીંદગી અને વખત, નભો મંડળ, સ્થળ (space), અને ક્રીયા (motion) ને લગતી કોઇ પણ

હદવાળી બીનામાં બંધાયલો નથી. આપણે અહુરમઝદ જે જગતની ઉપર દેખરેખ રાખે છે તે અવસ્તામાં ઘણીક બાજુએ યજદોને મદદ કરતો જોઇએ છીએ. જેમકે તીરયસ્ત ફકરો પહેલો જણાવે છે કે 'અહુરમઝદે સ્પીતમાન જરથુસ્ત્રને કહયું કે (તેશરની) સાહેબી અને સરદારીને તથા માહતાબને અને (તેની) મનજ્લને, ખ્યરશેદને હું બચાવીશ, કે જેથી મારા (બીજા) તુરમંદ સીતારાઓ બરાબર ચાલે'. વળી ફકરા ૨૫માં જણાવ્યું છે કે 'હું (એ) અહુરમજદે ચલકતા (તથા) ખોરેહવાળા તેશતરને વખણાયલી યજશ્નીએ કરીને યાદ કર્યો (તથા) દશ ઘોડાનું જોર, દશ ઉંટનું જોર, દશ બળદનું જોર, દશ પહાડનું જોર, (તથા) દશ નહેર (અથવા નદી)ના પાણીનું જોર તેને માટે હું લઇ ગયો." તેમજ ફકરો ૩૮ મો કહે છે કે "જ્યાં સુધી તે (તીર) ખનવન્ત પહાડ સુધી ચાલતો આવી પહોંચ્યો (ત્યાં સુધી) **અહુરમજદે તેને મદદ કરી**, અમશાસ્પંદોએ તથા બહોળા ખેતરવાલાં મહેરે તેને માટે પુરતો માર્ગ તઇયાર કર્યો. ત્યાર પછી ભલી અશીશવંઘે (તથા) ઝડપથી ચાલતી ગાડીવાલી પારેન્દીએ તેને માટે (માર્ગ) સાફ કર્યો." તેથી હવે મીથ્ર (મહેર) અને અશીશવંઘ યજદ જેવાઓને મદદ કરવાનું કાર્ય કરનાર 'અહુરમજદ'ને, આપણે સઘળાંના પીતા 'અહુરમજદ' સાથે ભેળી નાખશું નહીં.

હવે વાંચો સરોશ યશ્ત વડી ૧૦ મો ફકરો. "અગો અહુરમજદ, બહમન, અર્દીબહેશ્ત, શહરીવર, અસ્પંદાદ, ખુરદાદ, અમરદાદ, (તથા) અહુરમજદી (દીનને લગતા) સવાલો કરનાર (તથા) અહુરમજદી રાહ રસમ દેખાડનાર (એ બધા) આ દીનથી **રાજી થયા.**" આ વાંચો અને વીચારો કે સર્વનો પીતા અહુરમજદ જેમાંથી હરેક શકતી અને પ્રકૃતી પેદા થઇ તે અહુરમજદ 'દીન'થી રાજી થાય કે? તેની અંદર સઘળુંજ સારૂં અને બુરૂં જ્ઞાન અને અજ્ઞાન, તે રાજી અને દલગીર થઇ શકે તો તે મર્યાદાવાળો બની જાય. ચાહે તે થાય તોપણ આપણી પૃથ્વી જેવી લાખો, કરોડો અને અબજો દુનીયાંનો પાલનાર, અને તેમના પ્રાણ કરતાં વધુ, તે શું આ દુનીયાંની દડી ઉપર દીન ફેલાય તેથી 'ખુશી' થાય કે? બેશક તેના **હાથ નીચેનાઓ** જેઓ દેખરેખ રાખનાર છે તેઓ 'પીતા અહુરમઝદ'નું કામ બજાવતાં ખુશી થઇ શકે તે સમજી શકાય છે.

હવે યશ્ત ૧૬, ફકરા ૩ અને ૪, અને યશ્ત ૩૭, ફકરો ૧ તરફ નજર નાખશું તો 'પેદા કરનાર અહુરમજદ' અથવા 'અહુરમજદ જેણે પ્રાણી, અનાજ, પાણી, સારાં ઉરવરો અને રોશનીઓ, જમીન અને સઘળી નીયામત તો **પેદા કરી**.' તેની બદલ વાંચશું. ત્યારે 'પેદા કરવાનું' મહાન કાર્ય 'અહુરમજદ અમશાસ્પંદ'ને અનુસરતું દેખાય છે. વળી શ્રેષ્ટ 'અહુરમજદ' જે અપાર અને અરૂપી છે તેનું શરીર (એટલે હદ) કેમ હોય? અને અવસ્તામાં ઠેક ઠેકાણે વાંચીયે છીયે કે 'ઓ અહુરમજદ તારી રોશનીઓમાંની સર્વથી બુલંદ જે ખુરશીદ છે, તેને તારા સર્વથી સોહામણા **શરીર** તરીકે હમે જાહેર કરીયે છીયે.'

આગળ ચાલો અને આવાં યસ્તમાં જુઓ, ફકરો ૫ મો. "તેણી (આવાં અર્દવીસુર) ને દાદાર અહુરમજદે વહેદાતી (નદી) આગળના ઇરાન વેજમાં, હોમ જે જીવામ (તથા) બરસેમ સાથેનો, (તથા જે હોમ) મન, વચન, તથા કરણી સાથની જબાનની દાનેશ વડે, (તથા જે હોમ) કીયાની જોરને માટે રાસ્ત બોલેલા સખુનોથી, (તઇયાર કરવામાં આવે છે તે વડે) **આરાધી.**" કેવું વીચીત્ર? અહુરમજદ એક યજદને આરાધે? પીતા બાળકને આરાધે? સર્વશકતીવાનને આવી જરૂર હોય કે? સર્વવ્યાપકની પદવીને એ અનુસરે કે? શું અહુરમજદને પોતાને પણ આટલી પરતંત્રતા હોય કે? કોઇક અવસ્તા અભ્યાસીઓ અહુરમજદના જુદા અર્થોનો તફાવત સમજાવવાને બદલે એવું કહેવા મંડી જાય છે કે ગાથામાંના અહુરમઝદની બુલંદી યશ્તોમાં ઓછી થવા પામી છે. આપણે ધર્મશાસ્ત્ર વાંચી તેની સમજ લેવાની છે, અને આવી માત્ર કલ્પના કરી મન મનાવવાની કશી પણ જરૂર નથી. કોઇ સાબેતી એવી નથી મળી કે

'અહુરમજદ'ના અન્યો અન્ય અર્થો અસલથીજ નહોતા.

રશને યસ્ત ઉઘાડી કરદો ૧ લો ફકરો ૪ થો જુવો. "હું **અહુરમઝદ** તે તઇયાર કરેલી ભેટ તરફ, આતશ તથા બરસમ તરફ, પુષ્કળ દુધની (ભેટ) તરફ, રોગન સાથની ભેટ તરફ, (તથા) ઝાડોના રસ તરફ, ફતેહમંદી પવન સાથે, દામી ઉપમન (ફરેશતા) સાથે, કયાની ખોરેહ સાથે, (તથા) અહુરમજદના પેદા કરેલા સઓક (ફરેશતા) સાથે (આવીને) **તારી મદદે હું પોંહચીશ.**"
એવું કદી કલ્પી શકાય કે શ્રેષ્ટ 'અહુરમજદ' જેના આપણે ઉપર ગુણો જોઇ ગયા, તે હાદમંદ દુન્યા સુધી ઉતરીને, તેની ભેટો સ્વીકારીને, ભણનારની મદદે આવે? શું તેના અસંખ્ય ફરેસ્તાઓ અને યજદો જેઓ પ્રગટેલા છે, તેઓ આ કરવાને પુરતા શકતીવાળા નથી? શું ફેરફાર વીનાના શ્રેષ્ટ અહુરમજદનો આ દુન્યાના દર ઘડીએ અને પળે બદલાતા સંજોગોની વચમાં પડવાનો સ્વભાવ કદી હોઇ શકેજ કે?

વળી બહુજ સમાધાન કરનાર ફકરો ફ્રવર્દીન યશતનો પહેલા કરદાનો પહેલોજ છે. "અહુરમજદે સ્પીતમાન જરથુસ્ત્રને કહયું, અએ સ્પીતમાન અશોના જોરાવર, ગાલેબ ફરોહરોના કઉવત, એજમત, ખોરેહ, મદદ તથા ખુશાલી બાબે આ રીતે તુને હું જાહેર કરૂં છું; જેવી રીતે **અશોના જોરાવર ફરોહરો મારી મદદે** આવ્યા તથા જેવી રીતે (તેઓએ) મને ટેકો આપ્યો તે (ફરોહરો)**ના તેજ તથા પ્રતાપને લીધે** આ આસમાન જે બુલંદ, ચલકાટવાળું, દેખામણું (છે તથા) જે આસમાન આ પરૂથવીને આસપાસ ઘેરી લે છે (તેને) **હું ટેકાવી રાખું છું.**" ફરી પ્રશ્ન કરીશું કે 'સર્વ શકતીવાળા' અહુરમજદને 'ફરોહરો' ની મદદ વીના ન બને એવું કદી કલપી શકાય કે? બીલકુલ મહાલ છે. જે 'અહુરમજદ' ફ્રવરદીન યસ્તમાં બોલે છે તે ઉતરતી પંક્તીનોજ હોવો જોઇએ.

ફ્રવરદીન યસ્તનો કરદો ૩ જો ફકરો ૨૮ પણ એજ અનુમાન ઉપર આપણને લઇ આવે છે. "**હોરમજદે તેઓને** (ફરોહરોને) તે આસમાનની પાણીની, જમીનની, તથા ઉરવરોની **મદદને માટે બોલાવયા** જે (ફરોહરોની મદદ)થી **સ્પેનામીનો** આસમાનને, પાણીને, જમીનને, ગાયદોરને, ઝાડપાનને, તથા વીઘોતુ (દેવ) ના હુમલાથી માતાઓ(ના પેટ)માં બચ્ચાંઓને બચેલા (તથા) મરણ નહીં પામતાં ટેકાવી રાખે છે..." વળી ફકરા પહેલામાં 'અહુરમજદ' માત્ર સ્પેનામીનોનાં અર્થે વપરાયો છે, એ બન્ને પહેલા અને ૨૮ માં ફકરાનાં ઉપર ટાંકેલાં છેવટનાં વાકયો ઉપરથી સ્પષ્ટ અને અચુક રીતે જણાય છે. પહેલામાં આસ્માન વીગેરેને અહુરમજદ કહે છે કે ફરોહરોની મદદથી 'હું ટેકાવી રાખું છું", અને બીજામાં કહે છે કે ફરોહરોની મદદથી 'સ્પેનામીનો' ટેકાવી રાખે છે. આ કરતાં વધુ મજબુત પુરાવો કયાંથી મળી શકે કે 'અહુરમજદ' જુદા જુદા અર્થોમાં વપરાયો છે. કારણ કે ગાથામાં સ્પષ્ટ જણાવ્યું છે કે ખુદ સ્પેનામીનોને અહુરમજદે પેદા કર્યો.[1]

જો વધારે રોશની જોઇતી હોય તો ફ્રવર્દીન યસ્તનો ૨૨ મો કરદો અને ૭૬ મો ફકરો ખોલો. "જયારે બે મીનો જે સ્પેનામીનો અને જે અંગ્રેમીનો (એમને) **પેદાયશ બનાવી હતી,** (ત્યારે) તેઓ (યાને ફરોહરો) ત્યાં (મદદ આપવાને માટે) **ઉસ્તેવાર ઉભા હતા.**" વળી આપણી ઉપલી દલીલને ટેકો મળે છે એટલુંજ નહીં પણ સાબીત થાય છે કે **શ્રેષ્ટ 'અહુરમજદ' તો પેદા કરનાર નથી, પણ તેની બે શકતીઓ સ્પેના અને અંગ્રેમીનો પેદા કરનાર છે, અને જયારે પેદાયશ થઈ તેની આગમચથીજ ફરોહરો તો હયાત હતાં.** પેદા કરનાર અમેશાસ્પંદ અહુરમજદને સ્પેનામીનો સાથ શું સંબંધ છે તે સ્પષ્ટ જણાતું નથી. કદાચ બન્ને એકજ હોય.

---

૧. જુઓ યસ્ન ૩૦, (૩,૪,૫,૬): ૪૩, (૧૬).

જો ફ્રવર્દીન યશ્તનો કરદો ૨૩, ફકરો ૮૬[1] મો તપાસીયે છીયે તો અચુક પુરાવો મળે છે કે 'અહુરમજદ' અને 'સાત અમશાસ્પંદો' જુદા છે અને આ 'સાત' તે અહુરમજદના પુત્રો છે. "જે સાત (અમશાસ્પંદો) એકજ વીચારના, જે સાત એકજ સખુનના, જે સાત એક જ કામ કરનારા (છે.) જેઓનો વીચાર એક સરખો, સુખન એક સરખો (તથા) કાર્યો એકસરખાં છે. **જેઓનો પીતા** તથા શીખવનાર **એકજ યાને અહુરમજદ** (છે)." જો 'અહુરમઝદ' સાત અમશાસ્પંદોનો પીતા છે અને અમશાસ્પંદોમાંનો પહેલો 'અહુરમજદ' નામનો છે, તો સાદી અકકલ કબુલ રાખશે કે 'અહુરમજદ' જે પીતા છે તે અને 'અમશાસ્પંદ અહુરમજદ' જે પુત્ર છે તે, બે જુદા હોવાજ જોઇયે. કદી બાપ અને બેટા એક હોય એવું આપણા લખાણોમાં સુચવવામાં પણ આવ્યું નથી !

રામ યશત કરદો ૧, ફકરો ૨, જણાવે છે કે "તે (વાએ યજદ) ને અહુરમજદે વેહદાતી (નદી) આગળના ઇરાનવેજમાં સેનેરી બેઠક ઉપર, સોનેરી ગાલીચા ઉપર, (તથા) સોનેરી છત્ર તળે (બેસીને) પાંથરેલી બરસમથી (તથા) પુષકળ (અને) તાજાં દોહવાડેલાં (દુધની ભેટો)થી આરાધયો." આપણે જોઇ ગયા તેમ 'અહુરમજદ' જે એક યજદને આરાધે તે 'સર્વ શકતીવાન' અહુરમજદ કદી બની શકે નહી. અને આપણે શ્રેષ્ટ 'અહુરમજદ'ની જયારે આવી આરાધના સમજી ન શકયે ત્યારે બીજો અહુરમજદ જે તેના કરતાં ઉતરતો છે તે માટે ઇશારો છે એવું માન્ય રાખવુંજ પડે છે. જો કોઇ શક હોય તો એ યશતના ૧ લા કરદાનો ફકરો ૪ થો વાંચો. "જોરેમંદ વાએ યઝદે તેને તે મુરાદ બક્ષી જેથી **અહુરમજદે પોતાની મકસદ હાંસેલ કીધી.**" હવે જો આ અહુરમજદ સર્વથી શ્રેષ્ટ છે એવું કોઈ મનાવવા માંગે તો તે શ્રેષ્ટ, સર્વનો પીતા 'અહુરમજદ'ને અપમાન કરે છે એવું જણાવ્યા વીના ચારો નથી. તે 'અહુરમજદ' ને કોઇની મદદની જરૂર હોય શકેજ નહી', કારણ કે આપણે તેને 'સર્વ શકતીમાન' ગણ્યો છે. ફરી રામ યસ્ત કરદો ૧૧, ફકરો ૪૪ મો વાંચો. "અએ અશો જરથુશ્ત્ર! (હું) બધાઓની ઉપર ફતેહ મેળવનાર નામવાળો છું. (હું) બધાઓની ઉપર ફતેહ મેળવનાર નામવાળો છું, કારણ કે **બે (જાતની) પેદાયશ** કે જે **સ્પેનામીનોએ** બનાવી તથા જે **અંગ્રેમીનોએ** તે બન્ને પેદાયશો ઉપર ફતેહ મેળવું છું. અએ અશો જરથુસ્ત્ર! (હું) ભલું કામ કરનાર નામવાળો છું. (હું) ભલું કામ કરનાર નામવાળો એટલા માટે છું કારણ કે **દાદાર અહુરમજદનું** (તથા) **અમશાસ્પંદોનું** (હું) **ભલું કરૂં છું.**" આ ઉપરથી સુર્યની માફક ખુલ્લું જણાય છે કે એક 'અહુરમજદ' જેનું ભલું વાય યઝદ જેવો કરી શકે તે શ્રેષ્ટ અહુરમજદ કદી હોય નહિં.

જો અશીશવંઘ યસ્ત કરદો ૨ જો, ફકરો ૧૬ મો ખોલીશું તો વાંચશું:- "અહુરમજદ જે બધા યજદોમાં સર્વથી ચઢતો (તથા) જે (સર્વે) યજદોમાં સર્વથી શ્રેષ્ટ (તે) (ઓ અશીશવંઘ) તારો પીતા (છે); (તારી) માતા અસફંદારમદ (છે); તારો ભાઇ ભલો સરોશ, અશો, બુલંદ દરજાનો, (તથા) હીમતવાળો રશને, (તથા) બહોળાં ખેતરવાળો ૧૦,૦૦૦ આંખવાળો તથા ૧૦૦૦ કાનવાળો મહેર યજદ (છે); (અને તારી) બહેન માજદયસ્ની દીન (છે)." જો અસફંદારમદ માતા હોય અને અહુરમજદ પીતા હોય તો, માતા અને પીતાની લગભગ એકજ પદ્દી ગણાય છે, ત્યારે લગભગ અસફંદારમદ અમશાસ્પંદના જેટલો (માત્ર અમશાસ્પદના જેટલો) દરજજો આ 'અહુરમજદ'નો થયો. અને આપણે આગળ જોયું કે એક 'અહુરમજદ' સાતે અમશાસ્પંદો, જેમાં 'અહુરમજદ અમશાસ્પંદ' આવી ગયો, તેમનો પીતા છે. તેથી તે અહુરમજદ આ અશીશવંઘ યસ્તના ઉપલા ફકરામાં જણાવેલા અહુરમજદ કરતાં શ્રેષ્ટ હોવોજ જોઇયે.

---

૧. જમ્યાદ યશ્ત કરદો ૩, ફકરો ૧૬, આજ શબ્દો ફરી ઉચરે છે.

હવે 'અહુરમઝદ' એક જરથોસ્તીનો દોસ્ત, શીક્ષક, પીતા, અને છેવટની નેમ છે એવું નીચલી શહાદતો ઉપરથી સાબી ત થાય છે. અહીં તે લંબાણુથી ન આ પતાં ફક્ત ટાંકી બતાવી છે તે વાંચી જુઓ.

ખોરદેહ અવસ્તામાં **હોશબામ**માં; દુ **આ નામ સેતાયશની**માં; **અરદ્દવીસુર નીયાએશ** ફકરા ૮ માં; **પતેત પસેમાની** માં; **આફ્રીને પેગમબર જરથુશત્ર**માં; **હુપ્તન યશ્ત વડી** ફકરા ૧ (૫), ૨ (૧), ૨ (૩), ૨ (૪), ૫ (૫), ૭ (૪), ૭ (૫), ૭ (૬) માં; **અરદીબહેશ્ત યશ્ત** ફકરા ૩ અને ૪ માં; **મહેરયશત** ફકરા ૭૭ અને ૧૧૮ માં; **રશને યશ્ત** ફકરા ૧ (૪) અને ૧ (૬) માં; **ફ્રવરદીન યશત** ફકરા ૧ (૧) અને ૧ (૨) માં; **જમયાદ યશત** ૧૬ (૯૨) માં; **યજશને** **હા** ૭ (૨૫) અને ૪૦ (૨) માં; **હા** ૧૦ (૯) માં; હા ૧૨ (૭) મા; **હા** ૧૩ (૬) માં; અને ૩૯ (૫) માં; **હા** ૩૫ (૯) માં; **હા** ૩૬ (૧) માં; **હા** ૫૬ (૧ અને ૪) માં; **હા** ૫૮ (૭) માં; **હા** ૬૦ (૧૨) માં; **હા** ૭૦ (૧) માં; ગાથા **હા** ૨૮ (૨ અને ૧૧) માં; **હા ૩૦** (૧૦) માં; **હા ૩૧** (૨,૩ અને ૧૬) માં; **હા** ૩૩ (૬) માં; **હા** ૪૩ (૨) માં; **હા** ૪૪ (૧૦ અને ૧૭) માં; **હા** ૪૫ (૮) માં; **હા** ૪૬ (૧૨ અને ૧૪) માં; **હા** ૪૮ (૩ અને ૪) માં; **હા** ૪૯ (૫) માં; **હા** ૫૦ (૮ અને ૯) માં; **હા** ૫૧ (૩) માં.

પવીત્ર ગાથાઓ તથા તેમની ઉપરનું વીવેચન.

યસ્ન ૨૮.

અશો જરથુસ્ત્રના વીચારો શબ્દો તથા કામો આબાદી અને આશીરવાદ ફેલાવે છે. અને અમેશાસ્પંદો ગાથા વાણીની પવીત્રાઇ તથા સત્તા કબુલ રાખે છે. (અથવા ગાથા વાણીને આવકાર દેવા માટે અમેશાસ્પંદો (અહી) આવે !) એ પવીત્ર ગાથાઓ હમો તમોને નમીએ છીએ !

ગાથાઓને પવીત્ર ગણવામાં આવયા છે.

વીવેચનઃ સપીતમાન જરથુસ્તના ઓલાદના ભણવામાં આશીરવાદ સમાયલા હોય છે, અને ગાથાઓમાં જે શ્રેષ્ટતા છે તે ખુદ અમેશાસ્પંદો કબુલ રાખે છે. ગાથાઓની મુળ મતલબની ચાવી ખોઇ દેવાને લીધે દેખઇતી રીતે તેમની ઉંડાણ સમજણ મેળવવી અશકય થઇ પડયું છે. ફકત આપણે એટલુંજ અનુમાન કરી શકીએ છીએ કે તેના શબ્દાર્થો છુપું ગુપ્ત જ્ઞાન ધરાવે છે, અને તેનો ખરો અર્થ તો તેના બોલોના અક્ષરોની સંખ્યાની ઉપર, તથા તેજ બોલોના ખગોલ વીદયા, ભુરતર વીદયા, શરીર વીદયા અને જગતપતીના વરૂતાંત વીદયા પ્રમાણે જુદા જુદા અર્થો નીકલતા હોવા જોઇએ. ઘણીજ બારીક જુગતેજો અને મજબુત તપાસ પછી ચુંટી કાઢવામાં આવેલાં અંતકરણોની અંદરજ આ પુરાતન ધર્મના શીક્ષણો સપુરદ કરવામાં આવતાં હતાં. તેઓનેજ આ અવીનાશી સત્યોની રખેવાલી સોંપવામાં આવી હતી, જે ગુપ્ત સત્યો જાહેર પ્રજાસન્મુખ કદી મુકવામાં આવતાં ન હતાં.

ગુપ્ત ધર્મ વીધ્યા જે સઘલા ધર્મોના બાતેનમાં હસ્તી ધરાવે છે તે જાણનારાઓજ ફકત, પોતાના માથાં નીચાં નમાવીને, ખરા ભકતીભાવથી અને માનથી બોલી શકશે કે "અએ પવીત્ર ગાથાઓ હમો તમોને નમસ્કાર કરીએ છીએ." જેઓ પ્રાચીન કાળના લોકોને મુરખો તરીકે લેખી, તેઓના લખાણો તથા કાર્યોને વીચીત્ર તથા કથા જેવાં લખી હસી કાઢે છે, તેઓના મન ઉપર આ ચોપડીના અભયાસથી કાંઇ પણ નોંધવા જોગ અસર થશે નહીં. ખરી બાબદોને ખોટી તરીકે ગણવાની પશ્ચીમના કેટલાક લોકોની મમત, તેમજ પુર્વની મોટાઇ અને જાહોજલાલી, તેની વીદયા, તેના શાસ્ત્રો, તેનો હુન્નર અને ધર્મ ઉપર વરસો સુધી ચાલુ રાખેલી જુઠી બદગોઇ, તેમજ પશ્ચીમની રાજયદવારીમાં તેમજ અકકલમાં પુર્વની આધિનતા હોવાને લીધે, પુર્વની પરતંત્રતા આવી પડી છે. તેથી લોક ધર્મની બાબદોને કથા તરીકે ખુણે નાંખવાની રૂઢી લઇ બેઠાં છે, તે સારે ભાગ્યે હાલ કમી થતી જાય છે. પશ્ચીમના સપાટી ઉપરના ઝલકાટથી હાલ આપણા દેશબંધુઓ અંજાઇ ગયા છે. પણ વખત જતાં એ નજરબંધી જેવો ખેલ છે તે દેખાઇ જશે, અને જ્યારે પુર્વ તથા પશ્ચીમનું અપક્ષપાતપણે તોલ કરવામાં આવશે, ત્યારે માણસ જાતમાં છુપાઇરહેલી ચોકકસ જુદી જુદીજ શકતીઓ ખીલવવામાં પુર્વ અને પશચીમ ભાગ લે છે એમ જણાશે.

યસ્ન ૨૮ થી ગાથાઓ શરૂ થાય છે, અને આ ચોપડીના સાંકલીઆં ઉપરથી જણાશે કે ગથાઓમાં કેટલી યસ્નોનો સમાવેશ થયલો છે.

નમ્રતા, સકર્મો, ડાહાપણ.

૧ નમ્રતાથી હાથો ઉંચા કરી હું અણદીઠ અને આબાદ કરનાર મજદના સઘળાં ભલાં કાર્યો અને ભલાં મનની બુધ્ધી, આ સુખી વખતમાં માંગી લઉં છું, કે જેથી કરીને આ જગતના (અથવા ગાયના) આત્માને હું ખુશાલ કરૂં.

વીવેચનઃ-આપણે ઉપર જોઇ ગયા કે જેઓ આગલા વખતના વીચારોને માન આપતા નથી, તેઓના મતો આવાં આત્મીક રોશની આપનાર શીક્ષણોની સામે થશે. ઉપલો ફકરો એ બાબદ ઉપર કાંઇક અજવાળું નાંખશે. જુઓ "નમ્રતાથી હાથો ઉંચા કરીને" એ પ્રમાણે ગાથાઓની શરૂઆત કરવામાં આવી છે. જેઓ નમ્રતા વાપરે છે તેઓજ અહુર મઝદ તરફનો રસ્તો કાપી શકે છે. ગર્થી સત્ય કહે છે કે દુનયામાં સર્વથી મોટાં કામો નાની શરૂઆતોથીજ બજાવવામાં આવ્યાં હોય

છે,–એટલે કે નાના માણસો, નાની વસ્તુઓ અને નાની શકતીઓથીજ. પેહેલાં નાના થશો તોજ પછીથી મોટા થવાની આશા પાર પાડી શકશો. "જો તમારે એક મોટી અને ઉમદા બનાવટની ઇમારત ઉભી કરવી હોય તો તેના પાયામાં પેહેલા નમૃતા વાપરો" એમ સેંટ ઓગસ્ટાઇન કહેછે. સેંટ એનસેલ્મનું કેહેવું એ છે કે "વીદવાન માણસોની કુશલતા કે જે તેમના પોતાનાજ સ્વાર્થને માટે કામ કરે છે, તેની મારફતને બદલે અભણ માણસોની ખુદા ઉપર ફીદા થયલી જીંદગી મારફતે યઝદાન પોતાના સર્વ કામો બજાવે છે."

"ત્રણ સદગુણો, 'નમ્રતા, ચુપકીદી અને તાબેદારી' એ જુવાનીનો મુખ્ય શણગાર છે," એવું સેંટ બર્નાડનું મત છે. બીચર કહે છે કે "મોટા સદગુણ તમો ધરાવત. ન હોંવ તો દલગીર થશો નહી. પરમેશ્વરે ઘાસના તણખલાં જ્યારે કરોડ બનાવ્યા ત્યારે તેણે એક મોટું ઝાડ બનાવ્યું છે. એક વીરલો નર અથવા સાધુ ન બની શકાય તેનો ગમ કરવાને બદલે, નાન. સદગુણો જોઇએ એટલાં ગ્રહણ કરવા જોઇએ. અને સાધારણ કામો નીમકહલાલીથી બજાવવ.ની કોશેશ કરવી જોઇએ." થોમસ આ કેમ્પીનું ખાત્રીપુર્વક મત એજ છે કે "ખોદાતાલાના પ્યારને ખાતર જેઓ ખરાં જીગરથી અને રાજીખુશીથી તે સાહેબની તાબેદારી કરે નહીં, તેઓના મનને કદીપણ છુટાપણાની બક્ષીસ મલી શકે નહીં. સઉને પોતાના મતો મુબારક છે કારણ કે તેઓ ઘણીકવાર ખરાંપણ હોય. પણ જ્યારે જરૂર પડે ત્યારે ખરાં અથવા ખાસે કારણ માટે બીજાંના મતને આધીન થવાની જરૂર હોય ત્યારે તેમ કરવા ના પાડવું એ મગરૂરી અને તકોબરીની નીશાન છે." "જેઓ સત્યતા તેમજ ઇશ્વર સ્તુતીમાં લીન્નથઇ ગયલાં હોય છે તેઓને એનો આ દુન્યાની ખાલી બડાઇ જોઇતી નથી. જેઓ તે કીરતારમાંજ મજબુતાઇથી યકીન રાખે છે તેઓ મગરૂર હે.ઇ શકેજ નહીં," એવો જેરમી ટેલરનો ઉંડો અભીપ્રાય છે. અને વલી થોમસ આ કેમ્પી ઉમેરે છે કે "એ ખરૂં છે કે જે પોતાને ગરીબ તથા નાલાયક ધારે છે તેને દુખ દલગીરીથી નીગશી હોવી ન જોઇએ. બલકે તેથી ઉલટું તેને હમેશાં ખુશાલ અને આરામમાં રહેવું જોઇએ. કારણકે ઓ ખોદા! તારા અંગત ખીજમતદારો તરીકે આ દુનીયામાં જેઓ રાંક તથા હીણાયલા હોય છે તેઓને તે પસંદ કર્યા છે. તારા ભકતો (apostles) તે બદલ પોતેજ શાહેદીઓ છે જેઓને સઘળી દુનયા ઉપર તેં રાજકર્તાઓ બનાવ્યા હતા, અને તોપણ તેઓ એટલા સાદા અને નરમ સ્વભાવના હતા, કે કોઇ પણ ઉપર કીનો રાખવા વીના તારા નામને ખાતર કોઇબી જાતની નામોશી ખમવાને તૈયાર હતા અને જે બદલ દુન્યાના લોક બહુજ બબડે છે તે આ દુન્યામાં સઘલું પ્યરથી સહન કરતા હતા." અને વલી તેજ લેખક કહે છે કે "એક વખત આ જીંદગીમાં હીણાયલા અને ધીકકારમાં આવેલાઓ હાલ બેહેસ્તમાં જે મોટી કીર્તી ભેગવી આનંદમાં તાજ પેહેરીને બેઠા છે તે જો તમે જોયું હોત તો તમે પણ નમ્રતા અખત્યાર કરતે અને જમીનના જેટલું નીચું સર નમાવતે અને એક માણસ ઉપર પણ હુકમ કરવા માંગવા કરતાં સઘલાઓના હાથ હેઠલ રેહેવાને પસંદ કરતે."

મગરૂર બડાઇખોર અને તુંમાખી લોકોને જ્યાં સુધી દરેક જાતની હસ્તી અને જુદાં, જુદાં રૂપોમાંથી પસાર થઇ સઘલી જાતના અનુભવો મળે નહી ત્યાં સુધી થોભવું જોઇએ. અને ત્યાં સુધી ખરૂં ડાહાપણ તેઓ પ્રાપ્ત કરી શકશે નહી, જે ડાહાપણ ટુંકમાં વર્ણવ્યે તો આટલામાંજ છે કે "દરેક જણ પોતે કેટલું થોડું જાણે છે તે બરોબર સમજે."

વળી ગાથાના ઉપલા ફકરામાં કહયું છે કે જે ભકત ગાથા ભણવા શરૂ કરે છે તેનું દીલ મઝદ તરફના અખંડ પ્યારના આનંદથી ઉભરાઇજાય છે કારણ કે એક આશકને મનથી તેની પ્રાયાની સમક્ષ તેણીના વખાણ ગાવા કરતાં વધારે ખુશ અને સંતોશ આપનારૂં બીજું કાંઇ નથી. વળી ઉપલા ફકરા ઉપરથી જણાય છે કે દરેક ભકત જે ખુદાતાલાનો દોસ્ત હોય છે તે પોતાના સુખ ઉપરાંત આખી દુનયાના લોકોનું ભ

લું શોધે છે. તેમજ એવું અનુમાન ઉઠે છે કે દુન્યામાં ખોટે રસ્તે જતાં એકલ પેટાં અને દુખી માણસોની જીંદગીમાં ખુશાલી ફેલાવવા માટે મઝદના સત્યતા ભર્યાં કામોની જરથોસ્તીભકત માંગણી કરે છે. આ ભલું કાર્ય બજા લાવવા માટે તે તરફ તર્ક શકતીની રોશની માટે બંદગી કરે છે અને પવીત્ર મનની મારફતે મેળવાતી ઇશ્વર પ્રેરીત જ્ઞાન માટે આતુર રહે છે. ગાયના અથવા આ દુન્યાના આત્માને એક માણસે ખુશાલ કરવો જોઇએ, કારણ કે આપણે આગળ જોઇશું તેમ (જુઓ યસ્ન ફકરો ૨૯) અપવીત્ર માણસોના વીચારો, બોલો તથા કાર્યોનો બોજો પોતાના શીરપર હોવાને લીધે શરમ અને નામોશી તેમજ અંત્યંત દુ:ખથી તે દુન્યાના આત્માને ગભરાટમાં પડેલો ચીતારવામાં આવ્યો છે.

૨. ઓ ! સર્વવ્યાપક મઝદ અહુર સાહેબ, પવીત્ર મનની મારફતે હું તારી નજદીક પોંહોંચું. નેકીથી નીપજતા આ દુનયાના તેમજ પેલી મીનોઇ દુનયાના ફાયદાઓ તું મને બક્ષ કે જેથી કરીને હું સઘલે ખુશાલી પાંથરતું સુખ મેલવવા પામું.

અહુરમઝદ તરફ પોંહોચવાની ઉમેદ.

વીવેચનઃ ગાથાના જે સઘલા ફકરાઓ અહુરમજદની નજદીક પોંહોંચવાની નેમથી ગાથાનો ગાનાર ભણે છે, અને જે સઘલા આપણે આગળ તપાસી ગયા છીએ તે ફકરાઓમાંનો આ એક પેહેલો ફકરો છે. પ્યાર, શકતી અને ડાહાપણની સંપુર્ણતા મેળવી અહુરમજદ સાથ મેલાપ કરવાના આ સરળ અને શ્રેષ્ઠ ઇરાદા કરતાં જરથોસ્તી ધર્મ પ્રમાણે કોઈ ઉતરતી નેમ શીખાડવામાં આવવી ન જોઇએ. સુફીઓ પણ તેટલાજ ભારથી એજ નેમને કબુલે છે. અહુરમજદના જરથોસ્તી ભકતોમાના ફકત થોડાક સુફીઓજ બાકી રહેલા છે, જેઓએ મોસ્લેમ ધર્મના નામ હેઠળ, કમતાલેના સાસાનીઅનોના રાજના પડી ભાગવા પછી, જમાનાઓ થયાં હજીપણ અહુરમજદ તરફના ખુદાઇ પ્યારનો પવીત્ર આતશ ચાલુ બળતો રાખ્યો છે. તેની અંદરનો ગર સુફીઓએ પોતાને કબજે રાખ્યો, જ્યારે બહારનું કોટલું અથવા દેખાવ મુસલમાન રાજાઓના જુલમાતને લીધે, તેઓએ મુસલમાનીજ રાખ્યો. ખરેખર ''અશોઇથી ભરેલા મન''થીજ અહુરમજદને પોંહોચી શકાય છે માટે ''ત્યાં પોંહોચવાનો રસ્તો સીધો અને વળી બારીક અને સાંકડો છે.'' ખરેખરી મનની અશોઇ શામાં છે તેજ આપણે સમજવું જોઇએ. અશોઇનો આ ખુલ્લો માર્ગ આપણુને ઉંચ અને આ સ્થુળ એ બન્ને દુન્યાઓના ફાયદાઓ મેળવી આપે છે એમ આપણુને અંહી ખુલ્લે ખુલ્લું કહેવામાં આવેલું છે. અને વળી એ સઘલા ઉપરાંત એમ ખાતરી આપવામાં આવે છે કે અશો લોકોજ ખરેખરૂં સુખ ભોગવવા પામે છે. અશોઇ શીવાય બીજી બધી ચીજો પાછળ દોડવું એ ફોકટ જંજાલ છે અને જીવનો ખાલી સંતાપ છે. સત્યતા અથવા અશોઇમાં પ્યારનું બળ અને ડાહાપણ સમાઇ જાય છે અને એ સઘલું મેળવવાથી માણસના જીવાત્માને બેશક ખુશાલી તથા સુખ પ્રાપ્ત થાય છે.

૩. હું મજદ અહુરની કીર્તીના વખાણના ગાયનો ગાઉં છું, કે જેનાથી વધુ શ્રેષ્ટ કોઇ નથી, અને ઓ અશ (વહીશત) અને બેહમન તમો કે જેઓના પ્રતાપથી અશોઇ અને હંમેશની દોલત મેળવાય છે, તમારી પણ હું કીર્તી ગાઉં છું. મારી બંદગીઓ તરફ મારા સુખને માટે તમો આવો.

અમસાસ્પંદોની આરાધના.

રાસ્ત મનની દોલત.

વીવેચનઃ કેટલાક લોકો તર્ક શકતીનો ઇજારો રાખવાનો દાવો કરી આપણુને એમ મનાવે છે કે બંદગી ખાલી બડબડાટ છે, પણ તેમ નથી. સંપુર્ણ અશોમન મેળવવા, (કે જેથી હમેશગીની અનહદ ખુશાલી હાથ આવી શકે છે,) બંદગીનુંજ સાધન ઉપલા ફકરા પ્રમાણે ફરમાવ્યું છે. અહુર મજદ, અશવહીશત અને બેહમનની બંદગીનો જવાબ તેઓ પુર માયાથી વાળે છે. જે અશો

જરથુશત્ર અહુરમજદનો દોસ્ત હતો, તે
નાથી લખાયલા આ પવીત્ર કલામોમાં,
બંદગીના ગુણ તથા અસર વીશે કશો વાંધો
યા શક દેખાડવામાં આવ્યો નથી. ધર્મોના
ચોકકસ અસલી લખાણોમાં બંદગીને એ
ટલું મોટું વજન આપવામાં આવ્યું છે,
કે એક માણસની આખી આતમીક જીંદ
ગી, તે અતી કીર્તીમાન સાહેબની છેડા વી
નાની બંદગીની સેવા તરીકે ચીતારવામાં
આવી છે; અને અવસ્તા પ્રમાણે સર્વથી
અશો કાર્ય ફકત એજ છે કે "સૃષ્ટી
માં જે અશોઇની અંદર સર્વોત્તમ છે તેના
વખાણ ગાવા" (યજશને હા૧૯ ફકરો ૧૯).

૪. મઝદઅહુરના કામોના આશીરવા
દો ધ્યાનમાં લઇને, મનશનીની મારફતે
મારા આત્માને હું ગરોનમાનની નજદીક
લઇ જાઉ! જ્યાં સુધી હું તાકાત અને
બળ ધરાઉ છું ત્યાં સુધી અષોઇની
ખાહેશ રાખવાને હું દુન્યાને શીખવું!

વીવેચન: "મઝદઅહુરના કાર્યો" એ
બોલોમાં વીચાર તથા શબ્દ પણ સમાવી
શકાય, એ સેહેલાઇથી જણાઇ આવશે.
ઠીક ત્યારે ખરેખરાં અશો મનના ભલા
વીચારો, બોલો તથા કામોના બદલા તરીકે

**ગરોનેમાન. ધર્મ
નો ફેલાવો.**

સંપુર્ણ ડાહપણથી
ઉપજતી અતી આ
નંદકારી હાલત જે
માં અહુરમજદની
સાથે ગરોનમાનમાં રહેવાનું છે તે, આપ
ણને મળશે, એવું વચન અહીં આપવા
માં આવે છે. ઇશ્વર જ્ઞાનનો પ્રસાર કરવો,
એટલે જેને હીંદુભાઇઓ જ્ઞાનનું 'દાન'
કરી કહે છે, તેનો અર્થ અહીંયાં એક
ઉલટવાયો ભકત એવો કરે છે, કે જેટ
લી પણ તન તથા મનની શકતી હોય,
તેટલી જ્યાં સુધી વાપરી શકાય તેટ
લી કામે લગાડી, ફરજ તરીકે ઇશ્વર
જ્ઞાન ફેલાવવું. ભુખમરો, શરીરની પીડા
ઓ વીગેરે થોડોક વખત મટાડીને મા
ણસ જાતનું દુ:ખ ઓછું કરવાને, સખા
વતી કામોમાં પઇસો વપરાય
છે ખરો, પણ ખરેખરાં જ્ઞાનનું દાન
તો કીરતારના પસંદ કરેલા થોડાકજ
અશોમાં અશો અને જ્ઞાનનો અખુટ ભં
ડાર ધરાવતા જીવડાઓ બક્ષી શકે છે.
અને એ મીનોઇ જ્ઞાનની રોશની ભટક
તાઓને રૂડા રસ્તાપર લઇ આવે છે. ત
થા આડે રસ્તે ગયલાઓને શરમભર્યા રસ્તા
છોડાવીને તેઓની ચાલચલણ સુધારીને ઉમ
દા બનાવે છે, જેથી તેઓનું હંમેશ સુધીનું
ભવીષ સુધરી જાય છે. તે કારણ
સર ધર્મના ઉપદેશ કરનારને માથે ખો
ટા અથવા જુદે રસ્તે દોરવનારા વીચારો
ફેલાવવાની જે જોખમદારી રહેલી છે, તે
પણ તેટલાંજ પ્રમાણમાં મોહા જબરી
છે. દુન્યાના તખ્તાઓ ઉપરથી હાલ જે
જુદાં સાચ્ચાંઓનો બેધડક ફેલાવો થતો
જાય છે, તેઉપરથી ભુલાવો ખાઇને આ
પણે એક ખોદાપરસ્ત ધર્મ બોધકના
ગુણો અને કાબેલીઅતપણું તેવાંજ હલ
કા પ્રકારના હોય તો ચાલી શકે, એવું
લેશભાર પણ માનવું ન જોઇએ. સત્ય
તાની મનમોહક ખુબી અને બળ ચોમેર
ફેલાવવાને માટે માણસ જાતને બોલવાની
વાચા આપવામાં આવી છે.

અત્રે જે ગરોનેમાન વીષે બોલવામાં
આવયું છે, તેનો કેટલીક વેળા 'બેગીર'
અથવા 'રોશનીની ટોંચ' એવો તરજુમો
કરવામાં આવે છે. તે એક જગ્યા, જેને
બેહેસ્ત ધાર્યે છીએ, તે હોઇ ન શકે, પ
ણ જે અહુરમજદ આકાર વગરનો અને
અસ્પર્શ છે, તેની સર્વોતમ હોશ અથવા
ભાનની એક હાલતજ હોવી જોઇએ. તોપણ
પ્રસ્તાવનામાં જે આપણે ત્રણ અહુરમ
ઝદ જોયા છે તેમાં આકાર વગરના
તથા આકારમાં જણાયલા અહુરમઝદને
જુદા ચીતાર્યા છે, તેમાંના આકાર અથ
વા રૂપવાલાનું કદાચ ઉંચે ટોંચ ઉપર
રેહેઠાણ અલંકાર રીતે સમજી શકાય.

૫. ઓ! પવીત્ર (અષવહીશત)! મીનો
ઇ જ્ઞાનની રોશની મેળવીને હું તને તથા
બેહમનને તથા સરોશ યઝદને કયારે જોઇશ
અને અહુરમજદના ફાયદાકારક રેહેઠાણને
પણ કયારે જોવા પામીશ? આ માથ્રોના
હથીઆર વડે, અને જબાન (ની સબળ
અને છટાદાર શકતી) વડે બુરા માણસોને
આપણે બરાબર ધર્મ સમજાવી શકીએ.

**બે અમશાસ્પંદો;
માથ્રવાણી માર
ફતે યકાનનો
ફેલાવો.**

વીવેચન:- આપણે
અત્રે ગાથાના ભણ
તરોના દઇવીક ગા
યનો જેમાં એક ભ
કત, એક ખુદાઇ
આશક, પોતાની
આરજુભરી ઉમેદ રાખી, તેના પ્રાણનાથ

અહુરમઝદ, તેમજ તેની સાથ કામ કરતા તેના યઝદો તથા અમશાસ્પંદોની દોસ્તી અને એકત્રતા માટે તળપે છે, તે વીષે અહીં પાછી નોંધ લઇશું. આ ફકરામાં એકમાં આમેજ થયલા ત્રણ (જે પ્રમાણે તેઓ કોઇવાર કહેવાય છે) અષ, બોહુમન અને અહુરમઝદની સાથે વળી સરોશ જે ખોદા અને માણસજાતની વચ્ચે પડનાર (મધ્યસ્થ) યઝદ છે, અને ઇશ્વરપ્રેરીત જ્ઞાન પુરૂં પાડે છે, તેનું પણ નામ આવે છે. કેટલાકો સરોશને સાતમો અમશાસ્પંદ તરીકે ગણે છે, અને અહુરમજદને તેમાનો એક ગણુતા નથી. આપણુને યાદ રાખવું જોઇએ કે અવસ્તામાં વર્ણવેલા ૩૩ યઝદોમાંનો એ સરોશ એક યઝદ છે, અને ૩૩ માના ૭ અમશાસ્પંદો અને આ સરોશ યઝદ સીવાય કોઇ પણ યઝદનું ગાથામાં વર્ણન અથવા નામ આવતું નથી.

વળી માથ્રવાણી એટલી તો બળવાન છે કે જેને જો સઘલી તરફથી સમજવામાં આવે, તેના તરેહવાર જાતના અર્થો, ખરાબ ગુણોનો નાશ કરનારી તેની શકતી, રંગ, આકૃતી અને બળ પેદા કરવાના તેના જોરાવર ગુણોની સમજણ મળે, તો ધર્મ સજીવન કરનારી સભાઓ (revival meetings) માં ઉપજતી દીનદારી અને ઇમાનના કરતાં વધારે મજબુત અસર થાય, અને તે ઉપરાંત જે "મુરખો ત્યાં ખાલી તીરસ્કારથી ઠઠા મશ્કેરી કરવા આવ્યા હોય, તેઓ પણ બંદગી કરવા મડી જાય."

૬ અરે મજદઅહુર બક્ષેસોના આપનાર, હમારી રાસ્તીના બદલામાં પવીત્ર મનની મારફતે હમો તરફ આવ(અને) લાંબી જીંદગી (હમોને) બખશ! અરે મઝદઅહુર ખરેખર જરથુસ્ત અને હમો (તેનાં ચેલાઓ)ને મોટી ખુશાલી સાચા દીલની બંદગી મારફતે (છે), જે (બંદગીથી) પાપીઓથી થયલી ખરાબીને દુર કરી શકીએ છીએ.

રાસ્તી અને બંદગી.

વીવેચનઃ—એક ખરેખરો આત્મીક જીંદગી ગુજારનાર શખ્સ ખુદાતાલાને તેના વાજબી કાયદાઓને માટે વખાણે છે, તથા તેને મલવા માટે ફરીફરીથી આરજુમંદ રહે છે. અને લાંબી જીંદગીની માંગણી કરી ખુદાને પોતા પાસે તેડે છે. બીચર એમ કહે છે કે "જીંદગીને આપણુને ચાહવી જોઇએ (કારણ કે તે એક સરસ નીશાળ સમાન છે); ખોદાતાલાની મરજી હોય ત્યાં વેર અત્રે જીવવાની આપણે ખાહેશ રાખવી જોઇએ; પણ એવી રીતે આ દુન્યામાં સીકડાઇ જવું ન જોઇએ કે જેથી તેમાંથી નીરાળા થઇ બીજી જીંદગી માટે આપણાથી બહાર નીકળી શકાય નહી."

વળી એક આત્મીક જીંદગી ધરાવનાર શખ્સ, ઉમદા, ખરાં દીલની બંદગી, અતીશય હર્ષથી તથા જોમથી વધાવી લે છે, કારણ કે તેની મારફતે દુષ્ટ માણસોના કાવતરાં સામે, તેનું બળ તેમના ભોગ થઇ પડનારા બાપડાઓને બચાવી લે છે. અત્રે સુચના લેવા જોગ બીના એ છે જે 'પાપીઓ'ને માટે અસલ બોલ અહીં 'ખ્રફ્સ્ત્ર' વપરાયલો છે કે જેનો અર્થ રેવરંડ ડો૦ મીલ્સના કહેવા પ્રમાણે 'માંસ ખાઉ રાક્ષસો' થાય છે! લોહી માંસ વગરના સાદા ખોરાકની હીમાયત કરનાર આ સીધી, વગર ગડબડની તકરાર ઉપર ધ્યાન આપવું ઘટે છે.

૭ ઓ અશ, તે આશીરવાદ કે જે ભલા મનનું પરીણામ (છે) તે તું મને બખશ! ઓ આરમઇતી! મારી તેમજ ગુસ્તાસ્પની છેવટની ઉમેદો નજદીક હમોને તું પોહોંચાડ. અરે સર્વજ્ઞાની હાકમી ચલાવનાર મઝદ! તારાં સુખ આપનાર માથ્રો હમો સાંભલીએ એવું તું હમોને બખશ.

બે બીજા અમેશાસ્પંદોની આરાધના; માથ્રો.

વીવેચનઃ ભલી મનશનીની બક્ષેશ અને તે ઉપરથી નીપજતાં પરીણામો માટે, ખરે રસ્તે ચાલનારાં, ગાથા ભણુનાર, ભલાં માનવીઓની અરજનો, ગાથા ખતમ થશે ત્યાં પર્યંત છેડો આવશે નહીં. દુન્યાના સઘલા ભાગોના ધર્મી શખસો જો બીનસ્વાર્થી હશે, તો તેમની છેવટની નેમ એકજ છે એમ જણાશે. વળી એકવાર ફરીથી અહીં એવી અરજ કરવામાં આવી છે કે પવીત્ર માથ્રવાનીના ભણુતરો, શુધ્ધ ભાષામાં ખરે ઉચ્ચારે સાંભ

ળવાની તક આપવામાં આવે, કે જેથી કરીને તેના ગાયન તથા તેજની અસર થી, તે ભણનારનું દીલ ખુશાલ તથા જોરેમંદ અને આરમઇતીની આરાધ ના કરવામાં આવે છે, કારણ કે તેણી યઝદોમાં એક નારી યઝદ છે, કે જે સ ઘલી પવીત્ર મુરાદો પુરી પાડવા ઉપર મુવક્કલ છે. દેખઇતી રીતે તેણી અમ શાસ્પંદ સપેંતઆ-મઇતી છે.

૮ ઓ સર્વેથી ઉતમ ! સરસમાં સરસ અશોઇની મારફતે તું સર્વથી શ્રેષ્ટ દોસ્ત અહુર સારૂ, શુરવીર ફરશોસ્ત્ર અને તારે માટે, પયારથી આરજુ રાખું છું, જે ઓ બંનેને તું હંમેશ માટે એક ભલાં મનની (બક્ષીસ) ભેટ કરશે.

વીવેચન: ખોદા એક સરસમા સરસ દોસ્ત છે, અને જેઓ પયારથી તે ની શોધ કરે છે, તેઓને તે ભેટ આપે છે. તેની દોસ્તી હંમેશગી માટે સ્વચછ અને અશો મન મેળવી આપે છે, કે જે કરતાં વધુ સરસ આશીરવાદ આ ઓહોલી દુનયામાં બીજી કોઇજ નથી.

૯. ઓ અહુરમજદ, તે ભલી બક્ષેસો થી, તને, અશ (વહીશત) અને ઉત્તમ વીચાર (બેહેમન) ને દુખ દેઇશું નહી, (અમો) જેઓએ તમારી વખાણો બાપો કાર જાહેર કરી છે. (તમો) ઘણુાજ હેત વંતા અને માનવીઓને ફાયદા બ ક્ષનારા પસંદગી પામેલા સાહેબો છો !

અહુર, અશ, અને ઉતમ વીચાર.

વીવેચન:- અહીંઆ ચેલાઓ ખોદાતાલા અને અષ અને બે-હમન કે જે ડાહાપણનો ભંડાર છે, તેમને વચન આપે છે કે તેમના હાથમાં દુ:ખી માણસોને રાહાત બખશવાને અને સંકટમાં આવેલાઓને છોડવવાને માટે, જે શકતીઓ મુકવામાં આવશે, તેમનો તેઓ ગેરઉપયોગ કરશે નહીં. આપણે જેઓ ખરાં અંતકર ણથી બંદગી કરીએ છીએ, તેઓ એ વી ખોટી વર્તણુક ચલાવી શકીએજ નહીં. ખરેખર મોટા પ્રતાપી બળવાન સોશીયંતો, આ દુન્યાના ભલુ કરનારાઓ ના અંગી દોસ્તો છે. નહીં તો આટલી હદ સુધી તેઓના સુખમાં વધારો થયલો જોવાની ઇચ્છામાં તેઓ ચકચુર થાય નહીં.

૧૦. જેઓને ઓ મઝદ અહુર તેમની અશોઇને લીધે તું બેહેમનની પેદાશ ત રીકે ઓળખે છે, તેઓની ઇચ્છાઓ પુરે પુરી પાર ઉતાર. હું બરાબર સમજું છું કે તારા ફ્તેહભર્યા 'બોધો' (માથ્રો) સુરદા ર ખુબીઓથી ભરપુર છે.

બેહમનની પેદાયશ. ફ્તેહભર્યા માથ્રો

વીવેચન:-જે પ્રમાણે એક દુન્યાઇ માતામાંથી એક બચ્ચાંનો જનમ થાય છે, તેજ માફક મીનોઇ ડાહાપણ બેહમન અમશાસ્પંદમાંથી જનમ લે છે. ક્રાઇસ્ટના મરણ પછી તેનું પાછું સજીવન થવું આજ બાબદ ઉપર આધાર રાખે છે. જયારે માણસનો જીવાત્મા ઇંદ્રીઓની લાગણીઓથી વેગળો થઇ આ સ્થુલ હસ્તીનું ભાન ભુલે છે, ત્યારે તેણે એકવાર પાછો જનમ લીધો છે, એમ કેહેવામાં આવે છે. ખરેખર રીતે તે દ્રીજ (બેવાર જન્મેલો) કેહેવાય. તેની જીંદગી પરમેશ્વરને અર્પણ થઇ છે, ત્યારે એ હાલતે પોહોચ્યા પછી તેની પવીત્ર ઇચ્છાઓ કેમ પાર નહી પડી શકે ?

ઉપલા ફકરાને છેડે આપણને યાદ આપવામાં આવે છે કે ખોદાના બોધો જીતનાર છે. ખ્રીસ્તીઓ કહે છે કે, "ઇશ્વરવાકય પોતે ખુદા હતો." હવે શબ્દ ધ્રુજની ઉપજાવે છે, અને આત્માવિધ્યા પ્રમાણે જગત પ્રકૃતી (Matter) ની બની છે, જેને તેની અંદર કાર્ય કરતા આત્માએ જાત જાતની કમ્પનાઓમાં નાંખી છે, જેથી આત્મા પોતે કોણ છે તે જાણવા અને જાતી અનુભવથી પીછાણવાનું બની આવે. જો બહારની કુદરત સઘલી ધ્રુજની ઉપરજ રચાયલી હોય, તો સમજવું સેહેલ છે, જે શકતીવાલા શબ્દોની કમ્પનીઓમાં પણ એવું બળ હોઇ શકે છે કે જે સ્થળો અને મુલકો ઉપર પણ ઉંડી અસર કરી શકે.

૧૧ આ (બોલો) મારફતે મારી દુન્યાઇ કારકીદીના છેડા તુલીક હું અષોઇ તથા ભલો વીચાર જાળવી રાખીશ; ઓ ! મઝદ અહુર દુન્યામાં જાહેર કરવા માટે, જગત પહેલાં (કેવી રીતે) પેદા થઇ, તે વીશે તારાં મીનોઇ (તખત ઉપરથી) તારાં મુખથીજ હમોને શીખવ.

વીવેચનઃ અહીંઆ અશોઇ, ભલાં મન અને આ ખોદાલી સૃષ્ટીના સઘળા કાયદાઓ જે માથ્રવાણીમાં દરશાવેલા છે તેની મદદથી એક એવો બંદગી કરે છે, કે માણસ જાતમાં જ્ઞાનની રોશની ફેલાવા માટે, જગત ઉત્પત્તીના કાયદાઓ અને તેની રચના, તેની નજર સામે ખુલ્લા કરવામાં આવે. એવી અરજ કરવામાં આવે છે જે કાંઇ પણ અપવાદ વીના, અને કોઇને પણ વચ્ચે નાંખવા વગર, આત્મીક શકતીઓની યારીથી મોહોડે મોહડું, તે ચેલાનો મીનોઇ બાપ, તેને તે જ્ઞાન આપે. ખુદાનો તે દીકરો આવો પ્રસ્ન કરે તે યોગ્યજ કહેવાય! આ સવાલનો જવાબ યસ્ન ૩૦ માં આપવામાં આવ્યો છે.

સતયતા, ભલા વીચાર, ખુદ અહુર તરફથીજ શીખવાની અભીલાષા.

યસ્ન ૨૯.

૧. (ઓ અહુરમઝદ અને અમેશાસ્પંદો) જગતના આત્માએ તમો આગલ કરગરીને પુછયું કે "શા માટે તમોએ મને પેદા કર્યો? કોણે મને પેદા કીધો? મારી ઉપર સઘળી બાજુથી ક્રોધ, જાસ્તી, ફેસાદ, હાની તથા જુલમ (ગલબો કરે) છે. તમો સીવાય કોઇ મારો બચાવ કરી શકે એમ નથી; તેટલા માટે મને ભલો ઉદયોગ શીખવો."

વીવેચનઃ—આ પૃથ્વી તેમજ જગતનો અંતરઆત્મા જુદાજુદા છે, જેઓના પૃથ્વી તથા જગત માત્ર બાહારના શરીરો છે. આપ્રમાણે વીચારતાં જ્યોતીષ વીદયાનો ભેદ આપણને સમજ પડે છે. જેમ આપણા વખતના અજ્ઞાન અને વેહેમી, અર્ધશીખેલાં, દોઢડાહ્યા ચતુરો ધારે છે તેમ, એકલા સેતારાઓનીજ ફક્ત અસર થતી નથી. પણ ઇનસાનની કારકીર્દી ઉપર દરેક સેતારાનું સ્થુળ ચક્ર, તેમજ તે સેતારા ઉપર નેગેહબાન બળવાન દેવ અથવા ફરેસ્તો, અસર કરી શકે છે.

બળાપો તથા દલગીરી–ઉદ્દયોગ તેનો ઉપાય.

ત્યારે હવે આખરે આપણે જોઇ શકીએ છીએ કે આ દુનયાના બચ્ચાંઓ આપણે એકલાંજ કાંઇ વીલાપ કરતાં નથી. કારણ કે દુનયા પોતેપણ પોતાના નસીબથી અસંતોષી થઇ છે. અને કદાચ જે મારફાડ, લુટફાટ, જુલમાત અને પાયમાલી તેની સપાટી ઉપર ખરાબી ફેલાવી તેને અપવીત્ર કરે છે, તેના કારણથી તે અણુ જાણુ પણ હોય. તેટલા માટે તેણી પેદાના કરનાર સાહેબને અને તેના પ્રતાપી સત્તાધીકારીઓ અમશાસ્પંદોને અરજ કરે છે, કે પવીત્ર ઉદયોગ, અથવા મેહેનત કઇ છે તેની સંપુર્ણ સમજણ તેને આપીને એવાં દુઃખમાંથી તેને બચાવે. પૃથવી માતાની આ દુર્દશાના બે કારણો આપણને અહીં મલી આવે છે, એટલે કે આળસ અને અપવીત્ર જીંદગી. આળસુ હાથોને માટે સેતાન કાંઇપણ નુકશાનીભર્યું કામ શોધી કાઢે છે, એ કેહેતી કોણને ખબર નથી? આળસાઇ જેનું નામ હીંદુશાસ્ત્ર પ્રમાણે 'તમસ' છે, તે આપણો સર્વથી હલકો અને સર્વથી સ્થુળ અને ઘટ દુર્ગુણ છે. તેમાથી આપણને છોડવવા માટે મનોવીકાર અને ઇચ્છાઓના બે ઓછા ઘટ દુર્ગુણો કુદરતે આપણને પુરા પાડયા છે. તેમની મદદ વડે આ કાળી ભયંકર 'આળસ'માંથી છુટી ઇશવર તરફ જવાને રસ્તે માનવી પહોંચી શકે છે. કાર્લસ લખે છે કે "આલસુ રેહેવા કરતાં, કાંઇક વગર ઉપયોગનું કામ પણ કરવું, કે જેથી સેતાન તને રોકાયલોજ જુએ. એક બેઠેલું પક્ષી તુરત બંદુકના સપાટામાં આવે છે, જયારે ઉડતાં પક્ષીઓ શીકારીના પંજામાંથી છટકી જાય છે. આલસાઇનો સ્થીર દરીઓ સઘલા સદગુણોને ગરક કરી નાંખે છે; અને અયાસીપણું એ એક જીવતાં માણુસની પોતાનાં હાથનીજ ખોદેલી કબર છે." બીશપ હોલ ટીકા કરે છે કે "એક આળસુ માણુસ સેતાનના તકીઆ સમાન છે, જેના ઉપર તે સેતાન છુટથી આરામએસ લે છે; અને તે આળસુ માણુસ કાંઇપણ ભલુ કરવાને જેટલો અશકત છે તેટલોજ ભુંડા કામો કરવાને લલચાયા કરે છે." "આળસાઇ એ આ

દુન્યામાં મોટામાં મોટું ઉડાઉપણું છે; હાલ ઉપયોગમાં આવી શકે એવી કીંમતીમાં કીંમતી ચીજ તું ફેંકી દે છે, કે જે ચીજ હવે પછીના કોઇ પણ કાળે કુદરતની કોઇ પણ શકતી યા કળા પાછી મેળવી આપી શકનાર નથી," એવું જેરમી ટેલરનું કહેવું છે. સી. એ. એમ્સનાં વચનો સત્ય છે કે "જ્યારે આપણે આપણા સંકટો અને દુઃખો ઉપર ગંભીર વીચાર કરતાં વખત ગુમાવયે છીએ, તેટલા વખતમાં આ બો હાળી દુન્યા શાંતીથી અને થોભયા વીના પોતાનું કામ આગળ અને આગળ ચલાવતીજ જાય છે."

અધર્મીપણા બાબે આપણ હવે પછી જોઇશું; અને જો આપણે તદન આંધળા ભીત ન હોઇશું તો આપણી ખાતરી થશે કે અધર્મીપણું એ ફકત અહંકાર, અજ્ઞાનતા અને મોહ–કે જે અંધકારના બાળકો છે, અને સચ્ચાઇ, રોશની તથા આનંદના મુખ્ય વેરીઓ છે,–તેમનું પરીણામ છે. વળી આવા આજના દયા ઉપજાવે એવા, અને બેહદ, મગજના ગુંચવાડાના વખતમાં, ઘણાજ થોડા જણ પોતાનું અંતઃકરણ સાબુત રાખીને આટલું પણ ખુલ્લાં દીલથી કહિ શકે છે કે "અમારો આત્મા તો દરેક ભલુ કામ કરવા કબુલ અને તત્પર છે, પણ શરીરની નબળાઇને લીધે તે બજા લાવી શકતો નથી." સોશયન્તો અથવા દેવતાઓ સેવાય આવા અંધકારમાંથી આપણને કોઇ છોડવી શકે નહીં.

આ દુન્યાનો જીવાત્મા જે અધમ દુઃખો અને પાપી સંકટો હેઠળ સબડે છે, તે સઘળાંને દુર કરવાને માટે વાજબી પ્રકારનો ઉદયોગ કયો છે, તે બદલ રોશની માંગે છે. ભગવત ગીતાના મીનોઇ ભજનમાં, શ્રી કૃષ્ણના વચન સાથ અતરે આપણે સરખામણી કરીશું. તેઓ કહે છે કે "જ્યારે પણ સત્યતાનો નાશ થાય છે અને ઓ ભારત! જ્યારે અસત્યતાની ફતેહ થાય છે, ત્યારે હું પોતે બાહાર આવું છું. ભલાંઓના બચાવ માટે, ખરાબી કરનારાઓનો નાશ કરવા માંટે, અને સચ્ચાઇને મકકમ પાયા ઉપર મેલવા માંટે હું જમાના પછી જમાનાંમાં જનમ લઉં છું" (ચોથો ઉપદેશ). ગાથાવાણી ઉપરથી અહુરની રોશની, તેના માનીતા પેગંબર જરથુરત્રની મારફતે, આ દુન્યા ઉપર ફેલાવામાં આવી હોય એવું દીસે છે.

૨ તારી સૃષ્ટી ઉપર કોણ વડો (નેમાવો જોઇએ) અને તેને બચાવનાર તથા તેના ઉપર હકુમત કરનાર કોણ (થશે) કે જે ઉદયોગ અને ચપળતાની મારફતે આ દુન્યામાં હંમેશાં આબાદીનો ફેલાવો કરનાર નીવડે? કોણુ મુખી સાહેબને હમો દુન્યાની આબાદી અને આગળ વધવામાં (પ્રગટી કરણમાં) મદદ કરનાર તરીકે (પીછાણીએ)? દુષ્ટ માણુસોના પાપી હવસોને કોણુ મારી હઠાવશે?

વડો કોણ; ઉદયોગ, ચપળાઇ. હવસો ઉપર કાબુ.

વીવેચનઃ આગલા ફકરાને છેડે દરશાવેલા વીચાર ઉપર આ ફકરામાં વધુ બોલવામાં આવ્યું છે. સત્તા ચલાવવાની તેમજ રક્ષણુ કરવાની ખરી ચાવીઓ ઉદયોગ તથા ચપળતા છે, એવું બતાવવામાં આવે છે. અહુરમજદે પોતે પણ ચપળ હીલચાલની ખુબી પીછાણી, સંપુર્ણ આરામ અને શાંતીમાંથી આ આપણી દ્રવના ઉપર રચાયલી, વાજતી ગાજતી, જગત, કે જે એક તાલ સુર સાથની, ખુશનુંમા, મોહીત કરનારી રાગણી, અથવા રાસલીલા (નાચ) સમાન છે, તેને કુદરતના અચળ નીયમોના ધોરણ ઉપર કામ કરતી બનાવી છે. હદ વીનાના વીસ્તારમાં, મંદ પ્રકૃતીમાં, ઉતસાહ ભરી અને પ્રાણ બક્ષનારી ધ્રુજનીઓ ફેલાવવાનું જ્યારે અહુરમજદે પોતે વાજબી વીચારયું છે, ત્યારે તો આપણે તેના પોતાનાઓએ પણુ, તેની મરજીને ખુશી અને ઉતકંઠાથી આધીન થઇને, તેની કુદરતના કાયદાઓને માન આપીને, તેણે ઉપજાવેલા સઘલાં રૂપો અને આકરતીઓને જાળવવાની, તેમજ પ્રગટી કરણમાં આગળ વધારવાની ફરજ, તેમજ અગત માનીને, બનતી કોશેષ કરવી જોઇએ. આપણુને યાદ રાખવું જોઇએ કે એક અણુઘડ માણુસ એમ ધારવાની ભુલ કરે છે કે એક પાણી ભરનાર પખાલી અથવા તો જંગલમાં લાકડાં કાપનાર કઠીઆરો જે કાર્ય કરે છે, તે એક પ્રખ્યાત ચીતારો, અથવા એક કવી, જેઓ

પોતપોતાની પીછી અથવા મન વાપરી જે સુંદર ચીતાર અથવા કવીતા ઉતપન્ન કરે છે, તેના કરતા વધુ મેહેનત કરે છે. અથવા તો તે એવી ભુલ કરે છે કે એક ચીતારાની પીછી યા તો એક કવીની કલમ, એક પેગમબરના, એક દીર્ઘ દ્રષ્ટિવાળા સાધુના યા તો એક સમતોલ મગજના ભલા ભકતના, આત્મીક પ્રયાસથી નીકળતી, અતી સુક્ષ્મ અને શ્રેષ્ટ મીનોઇ કલ્પનાઓથી, વધુ તેજી અને ચાલાક હોય છે. પહેલાં માનવીની શારીરીક, પછી માનસીક, અને ત્યાર પછી વધુ સુક્ષ્મ, અને ચઢીઆતી શકતીઓ, કાર્ય કરતાં આસ્તે આસ્તે શીખે છે. અને છેહલે ન વર્ણવી શકાય એવી ભુમી ઉપરના ભાનમાં, આત્મા પોતે છુટથી પોતાનું કાર્ય કરે છે. ખરૂ જોતાં તો એક દુકાનદાર જે પૈસા પેદા કરે છે, તેના કરતાં એક ફીલસુફ કાંઇ ઓછું લાભકારી કામ બજાવતો નથી બલકે વધુ સારૂંજ કરતો રહે છે. કારણ કે એક દુકાનદાર તો પોતાની ટુંક અકકલ વાપરી સસ્તું અને નજીવું કાર્ય કરવામાં દીવસ ગુજારે છે. પણ એક ફીલસુફની જગ્યા તો આ મોજાની માફક ઉછળતી, જોશભરી ઝુમ સાથે કામ કરતી, માણુસ જાતમાંથી, ઘણાજ થોડાઓ પુરી શકશે. કારણકે તેઓ એકલાજ ફકત આ દુન્યાના અનુભવોને એકઠા કરી, તેઓમાંથી રૂડો સાર અને અચુક શીક્ષણો, ખેંચી કાઢવાની તાકાત, વીદવતા અને હુશયારી ધરાવે છે. તેજ પ્રમાણે જયારે સઘળી જીવવાળી કુદરત તરફના બીનસ્વાર્થી અને આપભોગવાળા પ્યાર ધરાવવા પછી, એક ફીલસુફના ગ્નાન કરતાં વધુ ઓહોળું અને ઉંડુ ગ્નાન પ્રાપ્ત થાય છે, તો ફીલસુફથી પણ ચઢતી પાયરી ઉપર માણુસ જાતનો વીરો, એક ખરો સાધુ, ખરો રૂષી, અથવા એક ખરેખરો પેગમ્બર આપણી નજરે પડે છે. આપણે ભુલવું ન જોઇએ, કે એથી વળી વધુ આગળ ચાલતા અકેકની ઉપર, અને અકેકની પછવાડે, બીજી એવી ચકરી ખવાડે તેવી પ્રકાશીત ઉંચાણો છે, જે ઓળંગ્યાબાદ એક ફરેસ્તાને દરજજે પોહોચી શકાય છે. અને વળી વધુ, એ હાલતે પોહોચતાંજ કાંઇ માણુસાઇ વારસો ખલાસ થતો નથી. હજુ વધુ ઉંચાણમા જવાની શોધ કરતાં, ચકચકીત, રોશનીવાળા અને દુન્યાને ટેકવી રાખનારા, યઝદોની હરોલમાં જવા માટે, માનવી પોતાની બળવાન પાંખો ફફડાવવાને આતુર રહે છે. વળી તેથી આગલ વધતાં વડા ફરેસ્તાઓ (archangels), જેઓ પરમાત્માનાં અણદીઠ સુર્યના તખતની આસપાસના અમેશાસ્પંદો છે, તેમની સાથે એકત્ર થવા માટે વધુ અને વધુ ઉંચી મીનોઇ શ્રેષ્ટતાએ પોહોચાય છે. ત્યાંથી પછી એક મનુષય તે સર્વવ્યાપક, સર્વશકતીમાન અહુરમજદ, જેની આગળ સઘળી હદ ખલાસ થાય છે, જે અનહદ છે, અને જેના કરતાં કોઇ પણ ચઢયાતું નથી, તેની પ્રૌઢતાએ પોહોચી શકે છે. દુન્યાના ભલાં અર્થે, માનવી જાતને માટે નીરમાણ કીધેલી આ ટોચ હોવાને લીધે, અહુરમજદ તરફથી અશવહીશત (એટલે નીયમોનો સરદાર તે)ને ફરજ સોંપવામાં આવી, કે બદહવસોથી નીપજતાં નાસ્તીકપણાને દુન્યામાંથી નાબુદ કરવાને તથા દુન્યાઇ આબાદી અને લાયક ઉદયોગમાં વધારો કરવાને માટે, કયો ભલો અને બાદશાહી રાહબર નેમવો, તેની સુચના કરવી ? અતરે આપણને ગૌતમ બુધ્ધના એવી ઉમદા ફકરા ઉપરથી જણાય છે. આઠ સનમાર્ગો (કરણીના કાયદા) "સાચ્ચું બોલવું, સત્ય ચાલચલણ, ખરી રીતે રળવું કમાવું. સત્ય કાર્યો કરવાં, ખરા વીચાર, ખરૂં યકીન, ખરી યાદદાસ્ત શકતી, અને ખરૂં ચીંતન" એમાંના બીજા ત્રીજા તથા ચોથા સદગુણોની, ગાથાના ઉપલા ફકરામાં યાદ આપવામાં આવે છે. લેકોરડેર કહે છે કે "આ દુનીયના કર્મ રેખો ઉદયોગની ઘડીની આસપાસ ફરે છે." "મારી પાસે જે મતા છે તેમાં નહી પણ હું જે કામો કરૂં છું તેમાં મારૂં રાજપાટ સમાયલું છે," એમ કારલાઇલ નોંધ કરે છે. વળી વીલબરફોર્સ આગ્રહથી જણાવે છે જે "ખોદાતાલાએ માણુસનું મન એવું બનાવ્યું છે, કે તેના પોતાના જાતી ઉદયોગના ફળમાં તેને કાંઇ અજબ જેવો મીઠાશ મલે છે." અને ડૉ૦ મારસીટ ટીકકા કરે છે કે "ચપળતા અને ઉદયોગના કરતાં કાંઇ બીજામાં

બુધીસામર્થ્ય (genius) સમાયલું નથી. જુવાનયાઓમાં હાલ ચાલતી કેહેતી ઓ જે એવું શીખવે છે, કે સઘલા મોટાં માણુસો, માત્ર ઇશ્વરી પ્રેરણાથીજ તેઓની મોટાઇએ પોહોંચ્યાં હતાં–તે મોટી ભુલથાપ આપે છે." "આપણે ઉંઘીએ છીએ. પણ જીંદગીની વનત વણુતી સાળ કદી પણ થોભતી નથી, અને જે તરાહ સુરજના આથમવા સાથ તે વણુતી હતી, તેજ તરાહ કાલે સુરજના ઉગવા સાથે પણ તે વણુતીજ જશે," એમ બીચર કબુલ કરે છે. ઇસાબેલા એફ. મેયો જણાવે છે, જે "આપણે એમ ધારીએ છીએ, કે આપણુને જો કામ કરવાની ફરજ ન હોય, તો છુટાં અને આતમીક થવા સાથે, આપણુા આચાર વીચારો ઉંચા પ્રકારના થઇ શકે. પણ ખરૂં જોતાં ફક્ત કામકાજને લીધેજ આપણ એટલું છુટાપણુ ભોગવવા ઉપરાંત, ઉંચ અને આત્મીક વીચારો ધરાવી શકીએ છીએ. જે શખ્સ ઉદયોગથી અણુજાણુયો હોય, તે માલમતા ધરાવી શકે, પણ તેની ખરી મોજ ચાખી શકતો નથી. મેહેનત અને શ્રમજ મોજમજાને સ્વાદીષ્ટ બનાવે છે. એક મજબુત શરીર તેમજ મજબુત મન મેળવવા માટે, મેહેનત કરવી બીલકુલ અવશ્યનીજ છે," એવું ડોકટર બલેરનું મત છે. "તેટલા માટે હંમેશાં ઉદયોગ અને મેહેનતને ચાહતાં રેહેવું. કદાચ તમને રોટલી પેદા કરવા માટે મેહેનત કરવાની અગત ન પડશે. પણ તંદરોસ્તી મેળવવા અથવા જાલવવાની દવા તરીકે તેનુ તમને કામ પડશેજ. શરીરને પુષ્ટી આપવા ઉપરાંત મગજને પણ તે ફાયદો કરે છે, અને આલસાઇથી થતી ખરાબીઓનો અટકાવ કરે છે," એમ ડબ્લયુ પેન સલાહ આપે છે. પાલી જણાવે છે જે "ડાહયાઓ સાબેત કરી આપે છે, તથા મુરખાઓ પોતાની ચાલચલણથી બતાવી દે છે, કે કામકાજવાલી ઉદયોગી જીંદગીજ ફકત એક ખરેખરી ગુજારવા લાયક જીંદગી છે."

૩. અશોઇથી તેને (અષે પ્રતી ઉતર વાહ્યો) "દુન્યાને માટે તે કાંઇ ધાતકી દીલનો નથી, (પણ રાંક) અહીંસાવાળો છે. એમનામાના (દુન્યાના લોકોમાના) કોઇને પણ હું ઓલખતો નથી કે જે આબરૂવાલા અને ધર્મી લોકોને મદદ કરે. તે (સરદાર) સરવે જીવવર્તા માણુસોમાં સઉથી મજબુત છે, જેના હોકમોને તેના મદદનીસો માન આપશે (અને બજા લાવશે)"

વીવેચન:–અતરે જાણીતી હીંદુ કેહેવત "અહીંસા પરો ધર્મ" અવસ્તાના ઉપલા ફકરાઓમાં પાછી લખાયલી જોવામાં આવે છે. જે મોટો સરદાર થવાનો છે, તે અષો પેગંબર જરથુસ્તનું નામ સુચવવાને અપવહિસ્ત અશકત હોયાથી, તે સરદાર કેવો હોવો જોઇએ તેનુ માત્ર બયાન કરે છે, કે તેનામાં અ. ઉપલા બેમુલા સદગુણુનો શૃંગાર હોવો જોઇએ. અને ગાથાના ઉપલા ફકરા પ્રમાણે તે એક એવો પુરૂષ હોવો જોઇએ કે જે માનવંત અને સાચ્ચા પુરૂષોને, સર્વોતમ ઉત્તેજન તથા રક્ષણ આપે. અને તે એટલો શુરવીર હોવો જોઇએ, કે પોતાના બાહાદુર ગોઢયાઓની નમ્ર વફાદારી મેળવી શકે. અપવહિશ્ત આવા એક લાયક સરદારની શોધમાં નીષ્ફળ નીવડવાથી, એ બાબદ સર્વજ્ઞ અહુરના હાથમાં સોંપી દે છે.

૪. દેવો તેમજ માણુસોથી આગલા વખતમાં શું શું બજાવવામાં આવ્યું હતું, તેમજ ભવીપયમાં જે જે બજાવવામાં આવશે, તે બાબેની ચોકકસ યાદદાસ્તો અહુર ધરાવે છે. અહુર પોતે ઇનસાફનો આપનાર (છે). જે પ્રમાણે તેની ઇચ્છા હોય તે પ્રમાણે (ભલે) આપણા ઉપર વીતે!

વીવેચન:અહુરને આગળ થઇ ગએલો વખત (ભુત), તેમજ ભવીષય, બન્ને વર્તમાન કાળ જેવાજ છે. કોઇ પણ

વીશ્વની યાદ દાસ્ત. ન્યાય. અર્પણતા.

લાયક યા દુષ્ટ કર્મ તેની નજર સામેથી ખસતું નથી. અને તે પ્રમાણે ઇન સાફ આપી તેનો બદલો યા તો ઇનામ આપી વાળે છે, યા શીક્ષાથી આપે છે. હવે તેના અસલ ઇનસાફનો આપણુને ખુહલો ખ્યાલ કરવો જોઇએ. આપણે ઇનસાફનો આ ખ્યાલ લઇને તેને બારીકીથી આપણા જનમથી તે મરણ સુધીની દરેક હાલતમાં લાગુ પાડી જોવા જોઇએ! આ

પણ તેનું ચલણ જનમથી દુ:ખી અને
અપંગ, તેમજ મજબુત, અને તેજ
નજરનાઓ વચ્ચેના તફાવતોમાં શોધવો
જોઇએ! અપવીત્ર જીવડાઓની આ દુન્યામાં
થતી દેખઇતી જીત, અને નીર્દોષ અને
ડાઘ વગરની દરેક વાતે જોતાં સ્વચ્છ
જીંદગીને આ દુન્યામાં મલતી હાર
મધે ઇનસાફ શોધવો જોઇએ! કુદરતના
ઇનસાફમાં મક્કમ યકીન રાખીને સર્વે પે
દાયશ જેવી કે માણુસજાત, ઝાડપાન, પશુ
પંખી, તેમજ ખનીજ પદાર્થોની હઇયા
તીના સઘળા ભાગોમાં ઇનસાફ જોઇએ!
તેમજ નભો મંડળના (space)ના એક
પણ બીંદુને તે ઇનસાફમાંથી બાકાત
ન રાખવો જોઇએ. આપણે અચળ સર્વ
વ્યાપક અને અપક્ષપાતી નીયમ તરીકે,
ઇનસાફને જોવા ચાહાતા હોઇએ, તો એ
શ્રેષ્ટ "સીસમ ઉંધડ" ઇનસાફના
કાયદા ઉપર આપણે મનન કરવું જોઇએ.
સ્થુલભુમીના કાયદાઓ તો અત્યાર આગમ
જના જાણીતા થયલા હોવાથી, તેઓના અ
ચળ મક્કમપણા વીષે, આપણે હવે જરાપણ
શંકાશીલ થતા નથી. એ અનુભવ આગ
ળ વધારીને જો નઇતીક અને આત્મીક
(moral and spiritual) ભુમીઓ,
જેમાં જોકે થોડાંક લોકો માનતાં નથી,
તોપણ ભલી લાગણીવાળા અને બુધ્ધી
શાળી તથા ધામીંક લોકોનો જેમાં ખરે
ખરો વસવાટ છે, અને જેની અંદ
રજ તેઓ રહે છે, ફરે છે અ
ને જીવે છે,—(જે આ ઉપરથી જણાય
છે કે નવી બાબદો, ભલાઇ, લાયકાત
સુધારા વધારા, ઉદારતા, સચ્ચાઇ, દયા
વીગેરે સર્વે સદગુણો તરફ તેમનો પ્યાર
જરૂર હોય છે, તેમજ કંટાળો ઉપજે એ
વું એકસરખાપણું (Monotony),
દગો ફટકો, છાલકાપણું, પછવાડે પડી
રેહેવું, એકલપેટાઇ, કરૂરતા વીગેરે જીંદગી
ના તખ્તા ઉપરના સઘળા આડાતીડા
દુર્ગુણો અને દુરવ્યસનો તરફનો તેમનો
મજબુત ધીક્કાર જરૂર હોય છે,)—
તે નઇતીક અને આત્મીક ભુમીઓ
ઉપર આ ઇનસાફનો નીયમ લંબાવીશું.
ત્યારે આ દુન્યવી જીંદગીના સઘળા જાત
જાતના ગુંચવાડો ઉતપન્ન કરનારા સ
વાલોનો જવાબ મલી જશે. અને આપ
ણી ખીજવાયલી, ખળભળેલી, ટુંકી દ
ષ્ટીની લાગણીઓ શાંત થશે. અને આ
પણી ખાત્રી થશે કે આપણા દયાળુ
"પીતાના ભલા અને ડાહાપણભર્યા કાય
દાઓની સંભાળ હેઠળ, આત્મા જાતજાત
ના આકારોમાં, તરેહવાર રીતે, પોતાની મંદ
રહેલી શકતીઓ ખીલવે છે. નકકર, પ્રવાહિ
યાતો હવાઇ અથવા તો જીવ વીનાના,
દેખીતા અને જડ, યા તો જીવ ધરાવતા,
મંદ અથવા તેજી, ખીલેલી મગજ શક
તીવાળા અથવા મનશકતી વીનાના, એવા
એવા આકારો જે આપણી નજર સામે
આવે છે, તે સઘળાંને જો ઇનસાફના જા
દુઇ પ્રતીબીંબ હેઠળ, એક પછી એક
મુકીને જોઇશું, તો અનહદ જમાનામાં
તેમની હાલની અવસ્થા જે પણ છે,
તે ફકત તેમની અગાઉ બતાવેલી લાય
કાત યા બીનલાયકાત ઉપરથી નીપજેલી
છે, એવું સીધ્ધ થશે. એક પથરાને પણ
ઝેરની અસર તેમજ થાક લાગે છે, તે
થી તેનામાં પણ જીવવાની અને લાગણીની
શકતી છે, એ હવે પ્રોફેસર બોઝના અ
ખતરા અને પ્રયોગો ઉપરથી સાબેત
થઇ ચુકયું છે. તે ઉપરથી ગર્વથી
ભરપુર માણસ જાતે, વનસ્પતીથી
ઉતરતી સઘળી દેખાતી જડવાદી
પદાર્થની હઇયાતી નાકબુલ રાખી હતી,
તેમાં હવે તદન ફેરફાર થઇ ગયો છે. અને
હાલ જડ પદાર્થની બારીકમાં બારીક
અણું (atom અથવા રજકણુ) જે
પોતાનું નેમેલું કામ વખતસર અને ન
ભો મંડળ (space) ના ચક્રમાં કર્યું જ
જાય છે તેને પણ જીવન શકતી હોવાનું
કબુલવામાં આવ્યું છે. તેથી એવું અનુમા
ન ઉઠે છે, કે પોતાની બીન લાયકાતને
લીધે, જાનવરની સાથે સરખાવતા હાલ
એક પદાથ, ધાતુની હાલતમાં પડી રહી
છે; અને તેજ પ્રમાણે તેની લાયકાતને
લીધે, પથર કરતાં ઉંચે દરજ્જે ચઢ
ડીને ધાતુની પદવીએ પોહોંચી છે.
સામાન્ય કાયદાઓની બોહોળાઇ સાંકડા
મનથી સંકોચાવવી ન જોઇએ. આપણે
જો ફીલસુફના જેવો બોહોળો વીચાર, ડાહાપ
ણથી ધારણ કરીશું, તો ઉંચ તેમજ હલકાં,
દેખાતાં તથા અણુદીઠ, એ સઘળાંમાં જો
ધીરજ અને દીલસોજીથી શોધ ચલાવી
શું, તો જે નીષકલંક અને નીયમીત હી
સાબ પ્રમાણે ચાલતો ઇનસાફ આપણી

આગમજના સર્વે ઉત્સાહી અને સાચાં જીગર ધરાવનારા માનવીઓ જોઇ ગયા, તેજ પાછો આપણને જણાઇ જશે. એ બાબદનું જ્ઞાન આપણો ખરેખરો છુટકો કરનાર, મોક્ષ આપનાર, તેમજ બચાવનાર છે. કારણ તે આપણને છક કરી નાંખે એવી અજબ જાતની, ફકત કલ્પીજ શકાય એવી, ફરેસ્તાઇ હાલતની ઉંચાઇએ પોંહોચવાનો માર્ગ, ખુલ્લો કરી આપે છે. ત્યારે ખુલ્લું જણાય છે, કે લાયકાતથી દરેક શકતી અને ઇનામ જીતશો, અને જો નબળાઇ અને નાલાયકાત દેખાડશો તો બધું ખોહશો. કેળવણી, આસપાસના સંજોગો, નસીબદેવી તથા ગ્રહોની ચાલોની હકુમત, જેને મુરખાઓ તાબે થાય છે, તથા ડાહયાઓ જેના ઉપર સરદારી ભોગવે છે, એ સઘળાંની મજબુત અસરો એ મહાન અજીત 'લાયકાત'-જે ઇનસાફનું સર્વથી વડું બાળક છે, તેની આગળ પોતાનું શીર ઝોકાવે છે. નજીવી તેમજ ભુલભરેલી ચીજો સાથે, જગતની રચનાને લગતી અને અચુક ખામી વગરની ચીજોનો મુકાબલો, એક ક્ષણવાર કર્યે, ત્યારે માલમ પડશે કે એક સાચો શેહેરી ઇનસાફની સર્વથી છેવટની અદાલતનો (જેવી કે પ્રીવી કાઉનસીલ (Privy Council) નો ચુકાદો મેળવવાથી સંતોશ પામી, તે ખરો કે ખોટો હોય, તોપણ માન સાથે તેને બાહાલ રાખવામાં ડાહાપણજ સમજે છે. તેજપ્રમાણે એક ડાહયો, પુખ્ત અકલનો, જ્ઞાની પુરૂષ, આ ક્ષણ ભંગુર ઘડીભરની દુન્યામાં બનતા બનાવોથી મળતા, પોતાની તરફેણનો યા પોતાની સામેનો ચુકાદાઓ, જે ઇશ્વરી ઇનસાફ આપે છે, તેમને સંતોષથી આધીન થાય છે. કારણ કે તેને માલમ છે કે ખરેખરો અદલ ઇનસાફજ તેને મળે છે, જેને તાબે થવાની તેનામાં પુરતી હીંમ્મત છે. થોમસ આ કેમ્પીના બોલોમાં બોલીએ તો, "ઇનસાફી માણસોની ખુશાલી ખુદાતાલા તરફનીજ છે, અને તેઓ નો હર્ષ સચ્ચાઇમાંજ સમાયલો છે." ત્યારે તો આપણે નમાના, સબુરીથી ખમનાર અને સાલેસ લોકોને નબળા અને બીકણ કહી બીધરાવશું નહી, અથવા તો તેમને ખોટી કેળવણી લીધેલા ટુંક બુધ્ધીના, ખોટી સમજ પ્રમાણે ચાલનારા તરીકે લેખી, વગોવશું નહી. પણ કુદરતના અચુક ઇનસાફી કાયદાઓને માન આપવા માટે, તેમની હીંમતને આપણે વખાણીશું. નબળાં માણસો કુદરતને ઘાતકી લેખી, તેની સામે પોકાર કરે છે. અજ્ઞાન લોકો આ દુન્યામાં કુદરતને પોતાને મલતી કહેવાતી નીરાશી તથા નીષ્ફળતા માટે બદનામ કરે છે. જયારે તેના અચુક કાયદાની ચુંગાલમાંથી છટકવાની આશામાં પાયમાલ થયલાઓ, તેને ભુલથાપ આપવાની તજવીજ કરે છે. માણસજાતના સઘલા સરદારો, જેઓની કાંઇક સદીઓ થયાં આપણે ખુશીથી અને માનથી સેવા કરીએ છીએ, તે પેગંબરો અને ખુદાઇ કાસદોએ ધીરજ, સહનશકતી તથા પરીત્યાગની પવીત્રાઇ ઉપર પોતાની પ્રસન્નતાનો છાપ માર્યો છે. એ બધા ગુણોને, કમઅકકલ અને નબલાઇના પરીણામ તરીકે આપણે તરછોડી કાઢવા જોઇએ નહીં. 'હાઉ' ની શીખામણ છે જે "આપણાં સઘળાં સુખ સગવડોમાં ખોદાનો હાથ નક્કી જાણવો, અને એ બધી બક્ષેસો મેળવો છો, ત્યારે માનજો, કે તેના હસતા મુખડાના દરશન નીહાળો છો! વળી સંકટ અને દુ:ખોમાંથી તે ડાહપણવાળો બાપ જે બોધ આપણને આપે છે તે શીખો. એમ કરવાથી તમારી ખુશાલી વધશે, અને જંજાળો ઓછી થશે !"

૫. આ (બાબદો)માં મારા તથા ફરતી દુન્યાના આત્માએ, અહુરને જુદી જુદી જાતના સવાલો પુછ્યા, અને તે સાહેબે તેમનો જવાબ વાલ્યો. તેથી હમો ઉંચા હાથ કરી મઝદની વખાણો ગાઇએ છીએ.

(તેઓમાનો એક જવાબ એ છે જે) એક પ્રમાણીક જીંદગી ગુજારવામાં (કાંઇપણ) નુકસાન નથી. ઉદયોગી લોકોએ પાપીઓની નજદીક જવું પડતુ નથી.

વીવેચનઃ—આગલા સર્વે ગુચવણભર્યા પ્રશ્નોનો, અહુરમ મજદે કૃપાની રાહે દીધેલા ખુલાસાવાર જવાબો માટે ભજનગાનારાઓના, તેમજ સઘળી દુન્યાના આત્માઓ, સ્તુતીના કીરતનો ગાય છે.

વખાણ, પ્રમાણીકપણું, ઉદ્યોગ.

ખુદા તરફનો એક જવાબ આ મળયો છે કે નેકી અને પ્રમાણીકપણું અજીત છે, જે મોતને અને માણુસાઇ નબળાઇને મોહાત કરે છે. દુન્યાઇ ડાહાપણના ઓઠાં હેઠળ બીકણ લોકો ધંધા વેપારમાં, રાજદવારી તેમજ સંસારી સવાલોમાં, અને વળી ધર્મની સચ્ચાઇઓની નીસબતમાં પણ, અપ્રમાણીકપણાને ઉતેજન આપે છે. તેઓની ચતુરાઇના ડોળનું પોકલપણુ ઉપલા લખાણમાં ઉઘાડું પાડવામાં આવયું છે. તે ઇશ્વરપ્રેરીત જ્ઞાન હોવાને લીધે, માણુસ જાતને ઉંચા તબકકાની જીંદગી ગુજારવામાં જે જે દુષ્ટ હરકતો આવે છે, તેમને મારી હઠાડવામાં મદદ આપવાને, તેમજ દરેક દુઃખમાં રાહત મેળવી આપવાને શકતીવાન છે, એવું આપણને કબુલવુંજ પડે છે. વળી અપ્રમાણીક લેવડદેવડની સામે શીક્ષણ આપી આપણને સીધે રસ્તે ઉતારવામાં આવે છે, કે સખત વહીતરૂં કરવાવાળાંઓને, તો પાપી માણસો, જેઓ તેમને ઘાતકીપણે દુઃખ આપીને તરેહવાર લોભ લાલચો અને બુરાં કાર્યોમાં ફસાવી શકે છે, તેમના આશરામાં કદી જવું પડતું નથી. આપણને બરોબર કેહેવામાં આવયુ છે જે "પ્રમાણીકપણું એ સચ્ચાઇના કાયદાનું ખુલ્લું અને નમ્ર સ્વરૂપ છે. લાયક માણસો બનવા માટે જે સદગુણો અવશ્યના છે, તે એ છે જે દરેકને બરાબર તોલીને આપવું, દેખાડેલા નમુના પ્રમાણેજ વેચવું, સેવા કરવામાં આનાકાની કરવી નહી, અને સઘળાં વચનો પુરેપુરી રીતે બજા લાવવા."ની એજ ફકરાઓમાં બીજા સવાલોના પણ જવાબો આપવામાં આવ્યા છે.

૬. જે ઉપરથી તે સર્વજ્ઞાની આબાદીભર્યા અહુરે, પોતાના ગુપ્તજ્ઞાનને આધારે જવાબ દીધો, કે નેકી અને સત્યતા (અષોઇ) માટે(જરથુસ્ત તારા શીવાય) એક પણ એવો અહુ (સરદાર), યાતો એકપણ એવો રતુ (મોટો દસ્તુર), જણાયો નથી, તેટલા માટે પેદાના કરનારે તને આબાદી ફેલાવનાર અને શ્રમ ખેંચનાર તરીકે બેશક પેદા કર્યો છે.

વીવેચનઃ-હીંદુઓ કહે છે કે 'સત્યતા' કરતાં વધુ ઉંચો ધર્મ કોઇપણ છે નહી (સત્યાત નયેપરો ધર્મ)! એ આપણે આપણા ધર્મના નીતીબોધક ફકરાઓમાં વારંવાર વાંચીએ છીએ.

નેકી; સચ્ચાઇ; અને આબાદીનો ફેલાવો કરનાર શ્રમ.

ઉપલો ફકરો તપાસ્તાં માલમ પડે છે કે જરથુસ્ત્રને સર્વથી સાચ્ચા (અષો) તરીકે લેખવામાં આવ્યો છે. સઘલી દુન્યાનો આત્મા, એક સરદાર માટે પોકાર ઉઠાવતો હતો, તે આપણે સાંભલ્યું છે. અને હવે પછીના એક મુકીને બીજા ફકરામાં, અહુરની સલાહ પ્રમાણે ચાલતો, એકલા જરથુસ્ત્રનેજ જણાવવામાં આવ્યો છે. જેથી હાલના ફકરામાં ઇશારો કરેલો, તે પોતેજ એક અપવાદ છે, એમ અનુમાન બાંધી શકાય છે. સરદારમાં સત્યતા અને અશોઇ જોઇએ. અને વળી તેની છેવટની નેમ અને મતલબ શું છે તે બરાબર જણાવી છે, કે તે માત્ર આ દુન્યાની આબાદીનો વધારો અને તે માટે ચાલુ ઉદયોગજ છે.

આ કાયદો કે મોટાઓએ નાનાને માટે, આગળ વધેલાઓએ પછાત વર્ગ માટે, તથા વૃધ વયનાઓએ જુવાનો માટે મેહેનત કરવી જોઇએ તેનો પ્રતીલેખ લેટીન કેહેતીમાં મળે છે—"કામ એજ ખુદાની ભકતી છે," અથવા "ઉદયોગ એજ બંદગી છે." બંદગી જાતેજ જબાન તથા આત્માની કસરત અથવા મહેનત છે. કોઇ પણ વીચાર, કોઇપણ શબ્દ, યા કોઇપણ કામ શ્રમ લીધા વીના પ્રગટ થઇ શકે નહી. તોપણ ઉપલા ફકરા માટે ઉદયોગ અને મેહેનત બોલનો આપણે ગૌતમ બુધ જે "શુદ્ધ ચાલચલણ" તથા "શુધ કાર્ય" કરી અર્થ કરે છે, તે ખાસ અર્થ કરીએ છીએ. આપણા ગાથાના ઉપલા ફકરા ઉપરથી સખાવતી કામોને તથા સઘલાં જીવવાલાં પ્રાણીઓ તરફની આપ

ણી ભલી મેહેનતને સાચ્ચી, આબાદી (અને વધારા)ની નીશાનીઓ તરીકે પી છાનતાં શીખયે છીએ.

૭. આબાદીના ઇચ્છનાર અહુરએ અશોઇની મારફતે આ માથ્રવાની બનાવી. વધારો કરનાર મઝદે પોતે દુન્યાના ફાયદાને માટે તથા સત્યવાદીઓને માટે શીખામણનાં બોલો (જાહેર કર્યા).

તારી પેદાયશમાં એવું કોણ છે કે જે અશોઇભર્યા મનથી માણસોને આ બે (માથ્રો અને પેલા શીખામણના બોલો) હંમેશ આપે!

માથ્રો. મઝદના શીખામણભર્યા બોલો.

વીવેચનઃ અવસ્તામાંથી માથ્રની શ્રેષ્ટાઇનો કાંઇક ખ્યાલ આપણને આવે છે. જે થોડાકો, હાલના વખતનો 'સુધારો', 'વધારો', જડવાદી શાસ્ત્ર (Science) અને બીજા એવાંજ, ખાલી, મન સમજાવનારાં નામોના, મન ગમતાં ઓઢાં પછવાડે, સંતાઇને ચાલે છે, તેઓની હજુરમાં બંદગીનું નામ લેવામાં આવે છે, તયારે નાકના ટીચકાં ચઢાવે છે, અને છટ નોનસન્સ કરી તેને હસી કાઢે છે. તેઓની અકકલની કોતાહી ઉપલા ફકરા ઉપરથી સાબેત થાય છે. "યકીન વગર ખરી બંદગી હોયજ નહી, અને બંદગી વગરનું ખરૂં યકીન હોય નહી. એ બે હાથોના ટેકા વડે એક આતમા ખુદાઇ પ્યારના ગળાં ઉપર લટકેલો હોય છે," એ પ્રમાણે જે. એ. જેમ્સ જાહેર કરે છે.

"ખરાં દીલ વગર ખુદાતાલાને યાદ કરતી એક જબાન ખાલી અવાજ કરતાં ઢોલ સમાન છે; જ્યારે જબાનથી બોલવા વીના અંતકરણમાં મુંગે મોઢે તે કીરતારને યાદ કરવું, એ એક મધુર પણ ધીમાં સ્વરના ગાયન બરોબર છે. પણ એ બેઉ ભેગા મળવાથી, એક એવી જાતનો સુર નીકળે છે, કે જે આ દુન્યા તેમજ પેલી દુન્યામાં પથરાઇ જઇ, ખુશાલી ફેલાવી રહે છે." સ્પર્જીઅન કહે છે કે "જેમ અભયાસ આપણને લાયક માનવીઓ બનાવે છે, તેવીજ રીતે બંદગીથી આપણે સંતો અથવા માહાતમાઓ બની શકશું. બંદગીના દારૂખાનામાંજ એક અશો જીંદગી ગુજારવા માટેનો સઘલો પવીત્ર સામાન સમાયલો છે. એકવાર એ પવીત્ર લડાઇમાં દાખલ થયાં, કે આપણને ખુલ્લું જણાશે, કે બંદગીથીજ એ લડાઇનું બખતર વીગેરે ઓજારો, સાફ અને ચલકતાં રાખી શકાય છે."

માથ્રવાણી કાંઇ આદમજાતના ભેજાંમાંથી નીકલેલા એસ્પરેન્ટો નામની, નવી, માનવીઓએ બનાવેલી, ભાષા જેવી નથી. પણ માથ્રો પવીત્રાઇ ભરેલા ઇશ્વરી શબ્દો છે. અને જે માફક કોઇ પણ જાતની બતીની રોશની સુરજની રોશનીને પોંહોંચી શકે નહી, અથવા તેની જગા પુરી શકે નહી, તેજ પ્રમાણે સ્થુલભુમી ઉપર કામ કરતું કોઇપણ માણસાઇ મગજ, એવી ઉચ્ચાર વાણીની શોધ કરી શકશે નહી, કે જે માથ્રોની ગુપ્ત, ભેદી અને સર્વને પુગી શકે એવી, શકતી ઉપર, સરસાઇ ભોગવી શકે. કેટલાક મોજમજાને આધીન થયલા આજકાલના કહેવાતા, સુધારાવધારાવાળા અયાસીઓ, જયારે માથ્રોના ઉચ્ચાર કરવા જાય છે, ત્યારે તેઓ બાપડા ફરી આદ કરે છે, કે તેમનાં જડબાં લચકાઇ જાય છે! જો એ ખરૂં હોય તો એવી નબળી પડી ગયલી તેમની હાલતના કારણો શોધવા, આપણે તરત તજવીજ કરવી જોઇએ. કારણકે જયારે પારસી જાતને એકત્ર બનાવવા માટેની જે એક તેમની પવીત્ર ભાષા બાકી રહેલી છે, અને જે અખંડ ખજાનો ધરાવવા માટે તેઓએ મગરૂર તથા ખુશાલ થવું જોઇએ, તેને તેઓ હીચકારી રીતે છોડી દે છે! જેઓ પારસી કોમની પાયમાલી ઇચ્છતા હોય, તેઓ ભલે એવી રીત પસંદ કરે. પણ જેઓ પારસી વસ્તીને હજુર જાળવી રાખવાને, દુન્યામાં પારસીનું નામ અને કામ નાબુદ ન થાય એવું જોવા જેઓ આતુર છે, તેઓ એ સાંમે પોતાનો બળવો ઉઠાવે છે. માથ્રોની શકતીનો ભેદ સમજવાને માટે, શાસ્ત્રનું ઉંડું જ્ઞાન તથા 'અવાજ' અથવા ધરૂજનીમાંથી સઘળા દુન્યાઇ આકારોનું પ્રગટીકરણ કેમ થયું, તે બાબેની પુરતી સમજણ ધરાવવી અવશ્યની છે. ઉપર ટપકેનું

જ્ઞાન ધરાવનાર તેટલા માટે માથરોની ગંભીર શ્રેષ્ઠપની કદાચજ કીંમત ગુણી શકે. ઉપલા ફકરામાં આ સવાલ છે કે "તારૂં એવું કોણ છે જે માણસજાતને આ બે ચીજ આપી શકે." "તારૂં" એ બોલ ૨૯ મી યસ્નના બીજા ફકરામાં જે અશવહીશત વીષે ઇશારો છે, તેને લાગુ પડી શકે તેમ હોય, તો હવે પછીનો ૮ મો ફકરો પણ અશવહીશતે ઉચર્યો હોય એમ લેવું પડે.

૮ (અશવહીશત અથવા મજદ કહે છે) સ્પીતમાન જરથુસ્ત્ર જેણે એકલાએ મારી નસીહતો ઉપર લક્ષ આપ્યું છે, અને જે સત્યતાને ખાતર, મજદની મારફતે, દુન્યાને તેની ખરી ફરજો સમજાવવા માટે ખાહેશ ધરાવનાર તરીકે, મને આ દુન્યામાં જણાયલો છે, તે કારણ માટે તેને હું બોલવાની છટાની બક્ષીસ કરીશ.

સત્યતા, ડાહાપણ, ફરજો, બોલવાની છટા.

વીવેચનઃ—સ્પીતમાન જરથુસ્ત્રની પદવીની સાથ, કેટલાક લોકો, હાલના આગલ વધેલા વીચારના સાધારણ બોલમાઓની સરખામણી કરે છે. તે સરખામણીનું બેહુદાપણું, આપણા ધાર્મીક લખાણોમાં જે શ્રેષ્ઠ દરજજો તેને આપવામાં આવયો છે, તે ઉપરથી ખુલ્લે ખુલ્લું જણાઇ આવે છે. તેઓમાનો ઉપલો ફકરો એક દાખલો છે. હવે જરથુસ્ત્ર મજદ પાસેથી સતા મેળવીને દુન્યામાં નેકી તથા સચ્ચાઇનો ફેલાવો કરવાની ઉમદા નેમ રાખે છે. ઉપલા ફકરામાં મજદ અથવા અશવહીશત, પ્રકાશવાલા જરથુસ્ત્રને બોલવાની છટાની બક્ષેશ આપવાનું કારણ એ જણાવે છે, કે તે દુન્યાને તેની ખરી ફરજો શીખવવાની પાક ઉમેદ ધરાવે છે. "જ્ઞાન મળવાથી બોલવાની શક્તી આવે છે, જ્ઞાન સંપાદન કરો અને તમો બોલવાને શક્તીવાન થશો." આ પ્રમાણે આપણે એવા અનુમાન ઉપર આવીએ છીએ, કે જ્યારે એક પુરૂષ જ્ઞાન અને અશોઇથી દુન્યાને ફાયદો કરવા માટે પુરેપુરો લાયક ઠરે છે, ત્યારે ખુદાતાલા તેને ખરેખર સરલ એબારતમાં અને છટાદાર રીતે બોલવામાં મદદ આપે છે, કે જેથી તેનું ઉપયોગીપણું ઘણું અધીક બને. મોટા મોટા પેગંબરો તથા રૂષીઓના નામો જો આપણે યાદ કરશું, તો તેમના તે વેળાના બોલોનો જોશ કેટલો હશે, તે ત્યારેજ સમજાશે, જ્યારે આપણે ધ્યાન રાખીશું કે તેમના પડધા સદીઓ અને જમાનાઓ વહી જવા છતાં, તેમની બુલંદી અને સફાઇમાં જરાપણ ઘટાડો થવા વીના, આજ દીવસ પર્યંત આપણા સાંભલવામાં આવે છે.

ઉપલા ફકરામાં જે ફરજની પવીત્રાઇ વીશે લખવામાં આવયું છે તે વીશે મીસીસ ફ્રેક મીઠાસથી કહે છે, કે "પયાર કરતાં વધુ ચઢતો સનમાર્ગ હું એકજ માનું છું, અને તે ફરજ છે."

બીચરનું એવું મત છે કે "હાલની ફરજ તરફ જે પણ બેટો નીવડીને તે બજાવશે નહીં, તો જેમ એક વણતની સાલમાં દોરો તુટી જવાથી, ગાળો અને ગાબડું પડે છે, તેમ છેવટે એવી ખામી, (પોતાની જીંદગીમાં) એવે વખતે જોવા પામશે, કે જયારે તેનું કારણ પણ તે ભુલી ગયો હશે."

ફરગ્યુસન ખાતરીથી કહે છે કે "જે માણસ બાહારની સઘળી વીરૂધતાઓ છતાં પોતાની ફરજ બજાવે છે, અને પોતાના અંતકરણને માટે એટલું મોટું માન ધરાવે છે, કે ગમે એવી મુશકેલીઓ તેમજ હાડમારીઓ છતાં, અંતઃકરણને સઘળી અપવીત્રાઇમાંથી બચાવી લઇ, સર્વે નુકસાન ભરી બદીઓથી દુર રાખે છે, તે એક મહાન નર લેખાવો જોઇએ."

૯. જે ઉપરથી આખી જગતનો જીવાત્મા, અતી ઘણા દુખ સાથે વીલાપથી પુકારી ઉઠયો કે, "મારી આફતની વેળાએ મને એક ન ઇચ્છેલો, નબલા અવાજવાળો સરદાર મલ્યો છે. (મને તો) એક સ્વતંત્ર સરદાર જોઇએ છે, એવો એક કયારે મલી આવશે કે જે (સઘલી પેદાયશને) મોટા ટેકા સમાન થઇ પડે?"

અજ્ઞાનોની ફરીયાદ.

વીવેચનઃ— આ એક જાણીતો ફ કરો છે જેમાં દુ નયાના રાહબર ત રીકે સર્વજ્ઞની મજદ તરફથી થ યલી જરથુસ્ત્રની નેમણુંક, આ ધરતીનો આત્મા ટીકા કરવા લાયક મા ને છે. માહાજ્ઞાની સાહેબની મ રજીને તાબેદારીથી શીર નમાવી, ભકત તેને શરણ થાય છે. કારણ કે તેને પુરેપુરો વીશવાસ છે, કે તે કીરતાર, જે શ્રેષ્ટ હશે તેજ કરશે, અને તેની કદીપણ ભુલ થશેજ નહી. તોપણ દુન્યાના આ ત્માને એટલે વીશવાસ નથી. અને તેથી એક નર, જેને સતા વાપરવામાં બીનકુ શલ તે ધારે છે, તેને પોતાની અરજના જવાબમા આ દુન્યા ઉપર નેમવા માટે, તે માહાપ્રતાપી સાહેબના ડાહા પણ ઉપર શક લઇ જાય છે. પરીણામ શું આવે છે તે આપણે જાણીએ છે. તે સર્વોપરી ઇનસાફી સાહેબના ફરમાનને પાછું ફેરવવામાં આ વતું નથી. અને પાક તથા ડાહાપણ વાલો જરથુસ્ત તેનું ફરમાન બજા લાવ વા માટે, આ ધરતી ઉપર ઉતરી આવે છે.

૧૦ (હવે જરથુસ્ત બોલ્યો) ઓ અહુ ર અને ઓ અશવહીશત, તેઓને (મારા મદદનીશોને) તું જોર તથા હીમત બખશ, કે જેથી પાક વીચારોની મારફતે તેઓ સઘ ળે સુખ અને આનંદ પાથરે. ઓ મજદ! તે સુખના મુખય જાળવનાર તરીકે, હું તને ગણું છું.

પવીત્ર ફરમાન.

પાક વીચારો.

મીનોઇ સુખ.

વીવેચનઃ— જોકે જરથોસ્તે હજી આ દુનયામાં જનમ લીધો નથી, તોપણ પોતાના મદદનીશો ને જોર બક્ષવા મા ટે તે બંદગી કરતો જણાય છે. કે તેથી પોતાની હવે મુકરર થએલી સતા હેઠળ ના મુલકોમાં મીનોઇ સુખની ખુશાલી ઓનો પ્રસાર કરવામાં, તેઓ તેને મદ દ કરી શકે. અલબત મીનોઇ સુખ, અહુરમજદનું એક પાસું (સ્વભાવ) છે, જે અહુરમજદને આપણા હીંદુ ભાઇબંધો "સત–ચીત–આનંદ" અથવા "સત્ય–ચઇતનય (હસ્તી) પરમાનંદ"ના સુંદર નામે ઓળખે છે. જે સઘલી શકતીઓ, ખુશાલી, સુખ અને ડહાપણુ સ્થુળ તરીકે જણાતી, આ તકલીદી, ફાની દુન્યામાં આપણે જોઇએ છીએ, તે અહુરમઝદના જાહેર ઝલકતા, અને ન વર્ણવી શકાય એવા સવભાવનો, ઝાંખો પડછાયો છે. તે ટલા માટે કુદરતી રીતે પરમસુખનો (જે બેહેસ્તના સુખ કરતાં પણ વધુ છે તેનો)મુખ્ય ધરાવનાર, જાળવણી કરનાર અને બખશનાર તેજ અહુરમઝદ સાહે બ છે. ખ્રીસ્તીઓ આનંદને બેહેસ્ત ત રીકે પીછાને છે. સુફીઓ પોતાની "વા હલી"ના મેળાપમાં ખરો આનંદ લખે છે. બુધીસ્ટો અને હીંદુઓ નીર્વા ણ અને મોક્ષ તથા મુકતીને ખરાં મીનોઇ આનંદ તરીકે ઓળખે છે. અને એ પ્રમાણે સઉ ભીન્ન ભીન્ન નામે એજ આનંદને કબુલે છે. ઉપલા ફકરા માં જરથુસ્ત્ર પોતાનો ધર્મ ફેલાવવામાં મદદ કરવા માટે બીજા મોટા મદદનીશ ધર્મગુરૂઓ (apostles) ની સહાયતા સારૂં બંદગી કરે છે.

૧૧. (જરથુસ્ત બોલ્યો) હું કયારે અ શોઇ, પાક વીચારો અને (મન ઉપરનો) સંપુર્ણ કાબુ મેળવીશ. ઓ અહુર (અને અમશાસ્પંદો) એ માહાન સાહસ બજા લાવવા માટે તમો અમને પુરતી મદદ આપો. તમો તરફની બક્ષેસો ની હમોને ઘણી જરૂર છે.

વીવેચનઃ અત્રે જે કાબુ વીશે ઇસારો કરવામાં આવ્યો છે તે મગજ ઉપરના કાબુ વીશે છે, કે જે મેળવયાથી કુદરત ની સઘળી શકતીઓ ઉપર સત્તા ભોગ વી શકાય છે. વળી જો પવીત્રાઇ અને નેકી, મનની ઉપરના કાબુ સાથ જોડાણ કરે, તો આ દુન્યાને નવી શકતી આપી ને, તે ફરી નવ જવાન બનાવી શકાય. પણ મગજનો સંપુરણ કાબુ અને સમ તોલપણું મેળવવું એ એક એવું મોટું અદભુત કાર્ય છે, કે જે બજાવવા માટે અહુર અને અમશાસ્પંદોની કરપાળુ મ દદની ખાસ અગત્ય, છે ચંચળ પણ કલ્પના શકતી વીનાના મગજો, જેમનું જ્ઞાન આ સ્થુળ મગજ પહોંચે તે કરતાં

વધુ ઉંચ નેમો સમજી શકતું નથી, તેઓ જગતના મીનોઇ સરદારો પાસે આશીરવાદો માંગવાની અરજ કરવા બદલ, તથા બંદગી કરવા બદલ, ભયેને તીરસ્કાર બતાવે. તો પણ ખોદાતાલાનો પસંદ કરેલો, મીનોઇ જેહાનથી નેમાયલો, સર્વેનું તારણ કરનાર જરથુસ્ત્ર પોતે, પોતાની પુર અક્કલ અને ડાહાપણ વાપરીને, તે આશીરવાદોની માંગણી કરે છે. અત્રે એ તુમાખીભર્યાં, નાનાં, અભણ, ભેજાંઓને પોતાની ભુલ જોઇને, તે સુધારવાની શું અરજ ન કરીશું? જરથુસ્ત્રના જનમ વેળાએ તથા તેની આગમજ શું શું બન્યું હતું, તેનો તુવોતવીલ, ઝમકદાર દેવાલ પેહલવી દીનકર્દમાં જાળવી રાખવામાં આવ્યો છે, જે અવસ્તાનાં ખોવાઇ ગયલાં લખાણોમાંથી ઉતારી લેવામાં આવ્યો હશે, એમ જણાવવામાં આવે છે. આપણા ધરમની ગુપ્ત બાજુનો જો ખરેખરો ખ્યાલ મેળવવો હોય, તો જરથુસ્ત્રનાં આગમનને, આ દુન્યા ઉપરના એક સ્થુલ શરીરના જન્મ સાથ ભેળી નાંખવો ન જોઇએ. જે તૈયારીઓ તે નરના શરીરને ઘડવા માટે, અને આ દુન્યા ઉપર તેને મુકવા માટે કરવામાં આવી હતી, તે ઉપરથી માણસની જીંદગી અને આતમાની ગુપ્ત બાજુ બેશક જાહેર થાય છે. જો તમો ગુપ્ત વીદયા નામંજુર રાખતા હોવ, તો સઘળાં અવસ્તા તેમજ પેહેલવી લખાણોને, ન સમજ પડે એવા ગડબડ સડબડ ભરેલાં પીજણો તરીકે, બાજુ મેલવાં જોઇએ. પણ આપણે વીસરવું ન જોઇએ કે આ દુનયાને લગતા સ્થુલ અથવા શારીરીક શાસ્ત્રોનો સઘલો સુધારો વધારો, આગલા વખતથી મોજુદ સુધારા અને જ્ઞાન કરતાં વધુ ચઢીઆતાં જ્ઞાન માટે બેદરકાર રહી તેનો ત્યાગ કરવાથી નહી, પણ કુદરતના અણદીઠ કાયદાઓ તથા શકતીઓની શોધખોળ માટેની ઇંતેજારીભરી, ઇંતલબથી જ નીપજયો છે. તેજ પ્રમાણે આતમીક બાબદોમાં પણ સુધારોવધારો થઇ શકે છે. જો ખંતીલા અને અશો જીવડાઓ શોધ કરવાને રાજી હશે, તો તેઓ આત્માને લગતા તથા સુક્ષ્મ ભુવનોના કાયદાઓ જરૂર ખોળી કાઢી શકશે. અજ્ઞાનતાથી જો આવી શોધ અટકાવવામાં આવશે, તો અલબત આત્માને લગતી શકતીઓ, અને તેની છેવટની નેમ અને કીમ્મત બદલ, ભયંકર તેમજ સર્વથી વધુ સીહા, અંધકાર ફેલાશે. આપણા સમજુ અને શુરા ન્યાગાનોએ, આત્માના રાજ અને આત્માને લગતા નીયમો વીષે શોધખોલ ચલાવી હતી. તેથીજ તેમને તેનો પુરતો બદલો મલ્યો હતો. જો કે આપણે તેમની અયાસી ઓલાદ, એવી શોધની જરૂરીઆતને તરછોડી કાઢીએ છીએ, તોપણ જે શોધો તરફ આપણે બેદરકાર રહીએ છીએ, તે આપણા વધુ ડાહાપણવાલા દીકરા દીકરીઓ ઉપાડી લેશે, અને આપણી ટુંકી દ્રષ્ટી તરફ તેઓ દયાની નજરથી જોશે.

યસ્ન ૩૦.

૧. ઓ જ્ઞાન માટેના તલબગારો! હું તમને સ્પેના અને અંગ્ર, અહુર તરફનો ભકતીભાવ, બંદગી તથા ભલાં મનની વખાણ, અને સત્યતાની મારફતે (ખોલાયલા) શ્રેષ્ટ માથ્રોની બાબદો વીષે કહીશ. જે "આતમજ્ઞાન" તેઓ તમોને શીખાડે છે, તે માટે આ બાબદો હું તમારે શીખવા લાયક તેમજ લાભકારક લેખું છું.

આત્માને લગતું ડાહાપણ.

વીવેચનઃ "આપણી નજરમાં ડાહયા ગણાવું, દુન્યાની નજરે ડાહાપણવાળા લેખાવું, અને ખોદાતાલાની નજરમાં ડાહયા ઠરવું એ ત્રણ ચીજો એકેકથી એટલી જુદી છે, કે કવચીતજ તેઓ એક મળતી થઇ શકે," એવી ઇશ્વરની ગંભીર સુચના છે. કુદરતની બે એકેકથી વીરૂધ શકતીઓના જ્ઞાનની મારફતે બળ, ધીરજ, ઉત્કંઠા અને કીર્તીવંત ફતેહ એ સઘળું મેળવાય છે. માટે સ્પેના અને અંગ્ર વચ્ચેની ચાલુ લડાઇનું જ્ઞાન તદન અવશ્યનુંજ છે. વળી તે ન હોય તો દુષ્ટપણું અને નીર્દયતાની સેહેજવાર ફત્તેહ જોઇને, ભકત થવાને ઉમેદવારનું યકીન અને તેની શ્રધ્ધા, હવામાં ઉડી જાય. વળી અહુર તરફની ભકતીભાવની શ્રેષ્ટ અસર બાબે ચેલાએ શીખવું જોઇએ, કારણ કે તે સંપુર્ણ

સાહેબ તરફના પુર્ણ પ્યાર વગર, માણસ જાત જેનું શરીર બધી ચલીત વસ્તુઓનું બનેલું, નબળાઇઓથી ભરપુર, જડ અને મંદ છે, તે એ સદાના દુન્યવી સ્વભાવો સાથનો સંબંધ તોડીને, તે જ્ઞાની સાહેબ સાથના સત સંગમાં, પોતાને ઉંચકીને મુકી શકે, એ અશકય છે. વળી રાસ્ત મનથી કરેલી બંદગી અથવા ખુદાતાલાની સ્તુતી, આપણા પોતા ઉપર જીત મેળવવા માટે, એટલે સઘળી હલકી ઇચ્છાઓને આપણામાંથી નાબુદ કરવા માટે, અવશયની છે. એવી બંદગી, માથ્રવાણી જેવી ખુદાઇ ભાષા, જેનો પાયો ધ્રવનિના શાસ્ત્રના બારીક નીયમો અને જ્ઞાન ઉપર રચાયલો છે, તેની જ મારફતે શ્રેષ્ટ રીતે દરશાવી શકાય છે. અલબત્ત માથ્રે. શીખવાનો રસ્તો એ જ છે, કે રાસ્ત અથવા અષો બનવું. કારણકે થોડાક ચુનંદા નરોનેજ તેમનો ખરો ઉચાર બશારતથી દેખાડવામાં આવે છે. જેઓ પોતાના ભાઇબંધોના ભલાં માટે, એ સઘલા ઉચ્ચ રોની શકતીઓનો ડાહાપણ ભર્યો ઉપયોગ કરે એવી ખાત્રી થઇ હોય છે, તેઓ શીવાય કોઇને તેની ખુબી પ્રગટ કરવામાં આવતી નથી. આતમજ્ઞાન એજ પરોપકારથી મેળવી શકાય છે, જે નાલાયક અને તઇયાર ન બનેલા અયાસીઓને હાથ કદી આવતું નથી.

૨. મોટા બનાવો :(દીક્ષા મેળવવા ?) આગમજ, દરેક જણે પોતાના (મન કબુલ કરે તેવાં) યકીનની ચુંટણી કરવી જોઇએ. અને ત્યાર કેડે પોતેજ ઉતમ શીક્ષણો કાને સાંભળીને પોતાની પ્રકાશીત વીચારશકતીથી, તે ઉપર મનન કરવું જોઇએ. (અથવા તો તમારે તે ઉમદા ફરમાનો સાંભળીને પ્રકાશીત મગજથી તેમની ઉપર ચીંતન કરવું જોઇએ. કેમજે તમો દીક્ષા મેળવો તે આગમજ તમારે એવું યકીન ગ્રહણ કરવું જોઇએ, કે જેનો પાયો અનુભવ અને તર્કશકતી ઉપર રચાયલો હોય.) જાગ્રત થાઓ કે આ બાબદનું શીક્ષણ તમે અમારી પાસેથી લઇ શકો.

વીવેચનઃ આગલા ફકરામાં ઉમેદવાર માટે જે સુચનાઓ કરવામાં આવી છે તે બજા લાવવાથી જે પાયરીએ પહોંચાય છે, તે હવે દરશાવવામાં આવ્યું છે. તે ઉમેદવારે આત્માને લગતું ડાહાપણ પ્રાપ્ત કર્યું છે, અને વધુ ઉંડાણ ભેદોમાં જવાને દીક્ષા મેળવવા માટે તઇયાર છે. પણ તે દીક્ષા મેળવવા માટે તેને બીજા ગુણો સંપાદન કરવા જોઇએ છે. તેનામાં પુર્ણ યકીન જોઇએ કે જે અકકલ પસંદ હોય, કે જેથી કરીને તેના મનને પોતાના યકીન ઉપર પુરેપુરો, શક વીનાનો, વીશવાસ આવી શકે.

તર્ક શકતીથી પુરવાર થયલું યકીન.

અત્રે આંધલા યકીનને વખોડી કાઢવામાં આવ્યું લેખવું જોઇએ, પછી તે ગમે એવાં મોટાં માણસની સતા ઉપર બાંધવામાં આવ્યું હોય. કારણ કે જયારે એક ચેલા ઉપર ભયંકર હાદસાઓની કસોટી આવી પડે છે, ત્યારે તેના પોતાના જાતી અનુભવથી મેળવેલી મગજ અને અંતકરણની રોશની સેવાય, બીજી સઘલી રોશનીઓ, તેની નજર સામે ઝાંખ મારી જશે. બનાવટી, ઉપજાવી કાઢેલું, યકીન એ એક જાતનો ઢોંગ છે, કે જે સ્વાનને કંપાવનાર તરેહવાર કસોટીઓના તાપ આગલ ટકી શકતું નથી, પણ પીગળી જાય છે. અને ખરેખરૂં ઇશવરપદ સંપાદન કરવા માટે, સચ્ચાઇની સ્વચ્છતા શીવાય બીજું કાંઇ કામ આવી શકે નહીં. ત્યારબાદ ચેલાએ પોતાની ભીત્તરની સાંભળવાની શકતી કે જે અતયાર આગમજની ખીલેલી હોવી જોઇએ, તે વડે વધુ શ્રેષ્ટ ભરમોનું જ્ઞાન મેળવવું પડે છે. તેજ પ્રમાણે ઉંચ મનસનું (ભીતરના મનનું) ઝલકાટ ભરયું તેજ મેળવી, ઉંચ ભુવનોના (planes) ભેદો ઉપર તેણે મનન ચલાવવું પડે છે. એક ચેલાએ દીક્ષા મેળવવાની અગાઉ ગુરૂના સરવે ફરમાનો ઉપર ધ્યાન આપી, પ્રથમના પગથ્યાંઓ બદલનો પુખત અભયાસ કરવા માટે, જાગ્રત થવું જોઇએ, એવી સલાહ તેને આપવામાં આવી છે.

૩. એ બે મીનો (સ્પેના અને અંગ્ર) જેઓ બંને જોડયા છે,

અને જે બંનેએ એકેક સાથે વાત કરી છે, તેમાંનો એક વીચારમાં, બોલોમાં, અને કામોમાં ઘણોજ ભલો છે, જ્યારે બીજો ઘણોજ બુરો છે. ડાહ્યા લોકો (ભણેલાઓ)એ રાસ્તી ગ્રહણ કરી છે. જ્યારે કમઅકકલવાળા (ખોટી સમજવાળા) લોકોએ તેને તજી દીધી છે

વીવેચન:-અહીં આપણને યાદ આપવામાં આવે છે કે સઘળી દેખાતી જગતમાં, દ્વિતભાવનો કાયદો (duality), તેમજ સામસામે કાર્ય કરતી શકતીઓ હોવી જોઇએ. તે દ્વિતભાવનો કાયદો, તથા વીરૂધતાનો કાયદો, જે જોવામાં આવે છે, તેમનું કારણ એજ છે, કે સ્પેના અને અંગ્રમીનો એ બે શકતીઓ તેમનાં મુળ છે, અને સર્વ આકૃતીઓ તથા આકારો તેમનીજ ઉપર રચાયલાં છે. દુન્યામાં અપવીત્રાઇ અને અસ્વચ્છતા હસ્તી ધરાવે છે એવું જાણ્યા પછી, અશોઇ અને પાકીજગી અખત્યાર કરવી જોઇએ. અપાસીપણુ અને બેદરકારીના દુર્ગુણો બરાબર પીછાનવા પછી, ઉદયોગી અને ચપળ બનવું જોઇએ. હલકી અને નીચ વર્તણુક કેવી રીતની હોય, તે જાણ્યા પછી જે અમીરી ઉમદા ખવાસ બતાવે, તે ખરો લાયક માણુસ ગણાય. બખીલાઇ તથા નીચાઇ મારા હાથમા છે એમ જાણવા છતાં, જે ઉદાર દીલ દેખાડે છે, તે ખરી લાયકાત જણાવે છે. ખરાબમાં ખરાબ દુર્ગુણોની બરાબર પીછાન કરવા પછીજ, સારા સદગુણોને પસંદ કરવામાં નક્કર અને મજબુત, ચાલુ, વધારો અને પ્રગટીકરણ સમાયલા છે. દુષ્ટ કર્મો તથા અંધકારની હયાતીને ગાથાઓ કાંઇ છુપાવતા યા ના પાડતા નથી. ખરે ખરી મુકતી તો જગતને લગતા સઘળા કાયદાઓ અને બાબદોની સમજ ધરાવવાથી, તથા તેમને લગતાં સઘળાં કારણો જાણવાથી, અને તેમનાથી નીપજતા અનુભવોનો સાર ધ્યાનમાં રાખવાથી, તેમજ શારીરીક, નીતીરીતીને લગતાં, માનસીક અને આત્મીક ક્ષેત્રો અને ભુમીઓ (કે જે ક્ષેત્રો હજી સાધારણ મગજશકતીના માણુસ માટે એક સીલબંધ ચોપડી સમાન છે તે) ઉપર માણુસના સ્વભાવમાં દરેક ખરાબ ખવાસ દેખાય છે, તેની સામે લડીને કાઢી નાખવાથીજ, મેળવી શકાય છે. ઉપલા ફકરામાં બે સામસામી શકતીઓ (જેઓ પુરૂષ અને પ્રકૃતી સમાન છે તેમ) ની હયાતી વીષેનું જ્ઞાન આપવા પછી, જીંદગી ગુજારવાના ડહાપણ અને યુકતી વીશે ટુંકમાં કહેવામાં આવ્યું છે. તેનો ભાવાર્થ એ છે કે રાસ્તી એ ડાહ્યાપણવાળા માણસ માટે અમૃતમીસાલ છે, જ્યારે એક અવીવેકી માણુસ માટે તે ઝેરસમાન છે.

૪. જ્યારે સ્પેના અને અંગ્રે પહેલા મલ્યા (ત્યારે સ્પેનાએ) "જીવન શકતી" (જીવાતમા) તથા (અંગ્રેએ) "નાશ" (પ્રકૃતી) પેદા કર્યાં; અને એજ પ્રમાણે હયાતીના છેડા સુધી (દેખીતીજગતની નાબુદી તલક) થયા કરશે. અંગ્રે સર્વેથી અધીક દુષ્ટ મનનો છે, જ્યારે સ્પેના શ્રેષ્ટ રાસ્તીવાળો છે. (અથવા અંગ્રે ખરાબ દુષ્ટ મગજોમા સર્વથી વધુ ખરાબ છે, અને સ્પેના અશો માણુસો માટે શ્રેષ્ટ મન ધરાવનાર છે.)

વીવેચન:-જીંદગીની પેહેલી શરૂઆત કેમ થઇ તે બાબેનો આ ફીલસુફીભર્યો ખુલાસો છે. સ્પેના અથવા (આતમા), અંગ્ર અથવા પ્રકરૂતી[1] માં દાખલ થયો અને એ તેથી સૃષ્ટી ઉતપન્ન થઇ. આવી રીતનું જોડાણ કુદરતી રીતેજ થોડા

જીંદગી અને મોતના મુળ તત્વો.

વખતનું હોવું જોઇએ. કેમકે જીવાત્મા કદીપણ પ્રકૃતીની મર્યાદાવાળી બંધમાં હમેશ સુધી બંધાઇ રહેવામાં સંતોશ માને, એ તદન અશકય છે. એનો અર્થ એવો થાય છે કે સર્વે પ્રકૃતીવાળી દુનીયાનો નાશ અવશ્યજ છે. અને તેથી કરી એવી કહેતી છે કે પ્રકૃતીની યોનીમાં જે કાંઇ દાખલ થયું, અને ત્યાંથી જનમ લે છે, તે કોઇક ગમે એટલે લાંબે વખતે પણ મરણ પામવુંજ જોઇએ, તે ખરી ઠરે છે. જે ફીલસુફો ધાર્મીક વચનોના તત્વોમાં ઉંડાણ ઉતરી શકે છે, તેઓનું ધ્યાન આ ફકરા ઉપર પુરતું ખેંચાયું હોય એમ લાગતું નથી. એ ફકરાનો અર્થ એ છે,

૧. જડ પદાર્થ.

કે જ્યારે સ્પેના અને અંગ્રે મલ્યા, ફકત ત્યારેજ સર્વ પેદાયશની ઉતપત્તી થઇ. અને આ સૃષટીના છેડા સુધી(અને ફીલસુફીની નજરે જોતાં જેની શરૂઆત તેનો છેડો હોવોજ જોઇએ), અંગ્ર દુષટ મનવાળાઓમાં સઉથી બુરો, અને સ્પેના અશો મનવાળાઓમાં સઉથી શ્રેષટ મનવાળો, તરીકે ચાલુજ રહેશે. જયાં સુધી સ્પેના અને અંગ્રે સાથે કામ કરતા રહેશે, ત્યાં સુધી જીંદગી અને નીસ્તી ચાલુ રહેશે. ઘણુંજ જાણવાજોગ તો એ છે, કે અહુરમજદ જે અચલ અને અનીરવચનીય (ન વર્ણવી શકાય એવો) સઘલાં રૂપ, અરૂપ, તેમજ સર્વે દુનયાઓ અને શકતીઓનું મુળ છે, તેને પાછળા વખતમાં ખ્રીસ્તી ધર્મમાં "ગોડ ધી ફાધર" ની માફક, અંધકાર અને ગડબડ ગોટામાંથી દુન્યાને, પોતે જાતેજ બાહાર લાવનાર, તથા બનાવનાર તરીકે ચીતારવામાં આવયો છે. તેમ ઉપલા ફકરામાં અહુરમઝદને ચીતારવામાં આવ્યો નથી. સ્પેના અને અંગ્રે જેઓને આપણે તેની અંદરથી પ્રગટ થએલી શકતીઓ તરીકે ગણીશું, તેઓનો તે પીતા છે. જે સુધારોવધારો અને પ્રગટીકરણ કરાવનાર અને ખુદાશેનાસી વધારનાર અને ફેલાવનાર શકતી છે, તેને સ્પેના તરીકે ઓળખ્યે છીએ. જે પાછળ હઠાવે છે તથા ગુંચવાડો પેદા કરી, આડે રસ્તે દોરવે છે, તે અંગ્રેનું કાર્ય અથવા કર્તુક લેખાય છે. આ બે સામસામી કાર્ય કરનાર શકતીઓ છે, કે જે ખીલતા આત્માને કસોટી ઉપર અજમાવે છે અને જાગૃત સૃષ્ટીના તખ્તા ઉપર તેનું પ્રકટીકરણ કરાવનાર થઇ પડી છે. જેઓ જેપાનીસોની "જીઉ જીટસુ"ની અંગ બળની કસરતોથી માહીતગાર છે, તેઓ સામ સામું બળ કરવાથી કેવી અદભુત શકતી મેળવી શકાય છે, તે સમજી શકે છે. અહુરમજદ એ સ્પેના અને અંગ્રે નામના બે દીકરાઓના બાપ જેવો છે, જેઓ એકેક ઉપર સરસાઇ ભોગવવા માટે એકેક સાથે હરીફાઇમાં ઉતરેલા છે. તે બાપ બંને તરફ એકસરખી નજર રાખીને, અખંડ, અને શાંત ઉભો રહે છે, અને તેમને પોત પોતાનું કાર્ય બજાવવા દે છે. અંગ્રેનો (પ્રકૃતીનો) સ્વભાવ અને ફરજ સર્વ ચીજને હદમાં બાંધી લઇને સંકોચી નાખવાની છે, જયારે સ્પેનાની સર્વને વધારવાની અને છુટકારો તથા મુકતી બખશવાની છે. વેદાંત ફીલસુફીના બોધોમાં અહુરમજદ તે "પરબ્રહમ છે", સ્પેના તે "પુરૂષ" અથવા "ઇશ્વર" ("અવલોકીતેશ્વર") છે, અને અંગ્રે "મુળપ્રકૃતી" છે. અને આ સૃષ્ટીના છેડા સુધી સ્પેના અને અંગ્રે વચ્ચેની લડાઇ અથવા લીલા (sport) એ "દૈવીપ્રકૃતી" છે, અથવા તો પ્રગટીકરણ છે.

૫. એ બે મીનોમાંથી બુરાં મીનોએ સઉથી ખરાબ કાર્ય પસંદ કર્યું, જયારે સઉથી આબાદીભર્યો મીનો, જે મજબુત "આકાશ"માં વસે છે, તેણે સત્યતા પસંદ કરી. અને તેજ પ્રમાણે જેઓ અશોઇનાં કામો યકીનથી અહુરને ખુશ કરવા બજાવે છે, તેઓ પણ કરે છે (એટલે તેઓ સત્યતા પસંદ રાખે છે.)

વીવેચનઃ-અત્રે આપણે એ બન્ને મીનોના કામોના ભાગો પાડેલા જોઇએ છીએ, જેમને સાધારણ શબદોમાં આપણે ભલુ અને ભુંડુ, એવાં નામો આપીએ છીએ. જેઓનું યકીન, સત અકકલ અને તર્ક શકતી ઉપર મજબુત રીતે રચાયલું છે, અને જેઓ પવીત્ર મનથી સચચાઇ ભર્યાં કામો કરે છે, તેઓ અહુરને ખુશી કરે છે. અને સતયતાને પસંદ કરીને સ્પેનાની માફક તેઓ આબેહૂબ વરતે છે. અત્રે નેકીની પસંદગી ઉપર ભાર મેલવામાં આવયો છે, અને જોર જબરજસ્તીથી યાતો કીસમત યા કજા અને કદરની રૂએ "નેકી" કરવા ઉપર નહીં. જોરજુલમથી યાતો ધાસતીને મારે સીધે રસ્તે ચાલવું, તેમાં અને ખુશીથી સત્યનો માર્ગ પસંદ કરવામાં, આસમાન અને જમીન જેટલો મહાન તફાવત છે. ખ્રીસ્તીઓને એવો કાંઇ ખ્યાલ છે, કે કેટલાક લોકો સારૂંજ નસીબ લઇ આવેલા હોયછે, અને પેદા થયા ત્યારથી ઇશ્વરના માનીતાજ હોય છે, જેઓને માટે મુકતી આગલથીજ નીર્માણ થઇ છે. જયારે વળી બીજા બાપડા કેટલાકો,

હંમેશ સુધી હીણાવા માટે, અને ભયંકર ગંધકના વરસાદો, અને બળતા અંગારોમાં સબડયાજ કરવા માટે, પેદા થયલા અથવા સરજાયલા છે. આવો ખ્યાલ જરથોસ્તી ધર્મથી, જેમાં દરેક માણસના હાથમાં પસંદગી હક સોંપવામાં આવ્યો છે, તેનેથી તદનજ વીરૂધ્ધ અને ઉલટો છે.

દરરોજની જીંદગીમાં સત્યતા વાપરવા બાબે, એસ. સ્માઇલ્સ વાજબી ટીકકા કરે છે, કે "સચ્ચાઇ એ નીતી ધર્મ, નેકી, તથા સ્વતંત્રતાના અરક સમાન છે. દરેક માણસની એ જરૂરી આતજ છે. આપણા ઇનસાન જાતનાઇતીહાસમાં, કોઇપણ આગલા વખત કરતાં હાલના વખતમા, સંપુર્ણ સાચવટની ઘણીજ વધુ અગત છે."

૬. આ બે (મીનો) વચ્ચેના તફાવત વીષેનું અજ્ઞાનપણું અંગ્રેના પક્ષપાતીઓએ બતાવયું હતું, જો કે આપણી સાથે જયારે તેઓ આતમજ્ઞાન બાબેના સવાલ જવાબો અને તકરારો કરતા હતા, ત્યારે આપણે તેઓની ભુલ બતાવી આપી હતી. તોપણ તેઓએ (જાણી બુજીને) સઉથી ખરાબ વીચાર પસંદ કર્યો, અને એશમ દેવ સાથ એકમત થઇને દુન્યાને દુઃખ દેવા માંડયું. (એ પ્રમાણે અંતકરણ તેમજ તર્કશકતીની આજ્ઞાની સામે થઇને પણ, તેઓએ બુરાઇનો ફેલાવો કરવા માંડયો.)

અજ્ઞાનતા, ખરાબ વીચાર, દુઃખ.

વીવેચનઃ—અત્રે એવી ફરીઆદ કરવામાં આવી છે કે આડે રસ્તે દોરવાઇ ગયલાઓએ જયારે તર્કશકતીને આધારે તકરાર કરી, ત્યારે ફાવ્યા નહીં. અને પોતાના વીરોધીઓ ખરા છે એવું જોઇ લીધું તોપણ, તેમનો રસ્તો અનીતીવાન અને દુષ્ટ હતો એવું બરોબર સમજવા છતાં, ખાખસુસ તેઓએ તે રાહા અખતયાર કર્યો. અને એશમ દેવ ("ગુસ્સાનો દેવ") સાથે પોતાનુ જોર મેળવી નાંખ્યું. એ પ્રમાણે દુનયાના માણસોનો નાશ કરવાનો તેઓએ કસ્દ કર્યો. જીવાતમા રાસ્તીને રસ્તે જવા ગમે એટલી ખુશી બતાવે, તોપણ માણસાઇ ખવાસ એટલો તો નબળો છે કે અંગ્રેના (પ્રકૃતીના) વીષયી મોજશોખોના મોહના બળવાન હુમલાઓથી તે માહાત થઇ, આખરે અનીતીના રાહમાં પડે છે. તેથી એવું કહેવાયલું છે, કે "ડાહયા લોકો ઇંદરીઓને મોજશોખ આપનાર રણો અથવા ક્ષેત્રોમાં શોધતાજ નથી. ડાહયા લોકો મોહ (illusion) પમાડનાર મીઠા અવાજ ઉપર ધ્યાન આપતા નથી. જે (નવો) જનમ (એટલે આતમીક જન્મ) આપનાર છે, (એટલે) તેની શોધ ડાહાપણ અથવા વોહુમનોના દીવાનખાનામાં થાય છે, જે દીવાનખાનામાં કોઇપણ જાતના કાળા પડછાયા પડતા નથી, અને જયાં સચ્ચાઇની રોશની, નહીં ઘટે એવી કીર્તી સાથ, પ્રકાશે છે. જે પેદા નથી થયો (એટલે આતમા જે હંમેશાગીથી હાજરજ છે) તે તારા જેવા મેલાના હૈયામા, જેમ ડાહાપણના દીવાનખાનામાં રહે છે, તેજ પ્રમાણે વસે છે. જો તારે તેને (આત્માને) પોહોંચવું હોય, અને તેમાં મળી જવું હોય, તારે અને તેણે એકત્ર થવું હોય તો આ દુન્યાની મોહીનીના અંધકાર અને પડદાને તારી નજર સામેથી દુર કરી નાંખ. મોહને દાબી નાંખી, ઇંદ્રીઓના કોઇપણ હવસને, તારી અને તારા તે આત્માની સ્વચ્છ રોશનીની વચ્ચે આવવા દઇશ નહીં, કે જેમ થવાથી તમે બન્ને એકત્ર થઇ જઇ શકો. અને તારી અજ્ઞાનતા વીષે તું સાવધ થઇ, ફકત મગજની વીદયાના દીવાનખાનામાંથી નીકળીને (ડાહપણના દીવાનખાના તરફ), ચાલતી પકડી શકે. અંગ્રે જે જાળ પાથરે છે, તે એટલી તો પ્રપંચથી ભરેલી, જીગર જીતી લેનારી, મનમોહક હોય છે, કે ઘણીક વેળાએ જેઓ મનમાં સમજે છે કે સારો રસ્તો કયો છે, તેઓ પણ ખરાબ રસ્તે ઘસડાઇ જાય છે. તેટલા માટે અંગ્રે અહુરનો દોસ્ત થાય છે. અને માણસો સ્પેનાને ખરાં દીલથી ચાહે છે કે નહી, તેની તે એકરીતે અજમાયેશ કરી બતાવે છે. તેથી જણાઇ આવે છે, કે તેઓ સ્પેનાના ખાલી મોઢેથી વખાણનારા છે કે કેમ, અને અંગ્રેની લાલચો સામે ટકી શકે છે કે નહી.

૭. પછી તે (મદદગાર) અમારી તરફ (હકવીક) રાજ્ય, ભલા વીચાર અને સત્યતા સાથે આવ્યો; અને અનંત તથા છેડા વીનાની (સ્પેંત)આરમઇતીએ (પછી) શરીર બખશ્યું. જે માફક તું પેહેલાં હસ્તીમા આવ્યો, તેજ રીતે જેઓ તારા છે, તેઓ સાથે તેણી હંમેશ સુધી રહે (એવું અમે ઇચ્છીએ છીએ.)

પ્રકૃતીમાં આત્મીક શકતીનું દાખલ થવું.

વીવેચનઃસ્પેના અને અંગ્રે મીનોની હાજરીથીજ જગતની શરૂઆત થયલી જોયા પછી, બીજો તબકકો એ આવ્યો કે જે અહીં જણાવ્યો છે. એટલે કે પ્રકૃતીના બનેલાં શરીરમાં આતમા (ફ્રવષી) પેવસ થયો. અને અત્રે અરજ અને પ્રાર્થના કરવામાં આવે છે, કે એ પ્રમાણે શરીરમાં દાખલ થયલા આતમાઓને પણ, અહુરના હુકમથી, તેના અંતઃકરણમાંથી નીકળતી વેળાએ જે મદદ અને ફાયદાઓ મળ્યા હતા, તેવીજ મદદ અને સઘળા ફાયદાઓ ભવીષયમાં મલતા રહે. જયારે જીવાતમાઓ તે સાહેબના એક ભાગ સમાન છે, તયારે તેઓના પેદાયશની હસ્તીમાં દાખલ થવા સાથે, તે સાહેબ કે જેનાથી તેઓ જુદા નથી, તે પોતે પણ તેમની સાથે આવે છે. હવે જયારે તેઓ વધારે અને વધારે ઘટ પ્રકૃતીની અપવીત્રાઇમાં સપડાય છે, તયારે તેઓ પોતાનું જોર, ભાન, તેમજ વીશ્વ વ્યાપકપણું, (Omnipresence) ખોઇ દે છે. અને તેટલા માટે અહીં પ્રાર્થના કરવામાં આવી છે, કે અહુરમજદમાંથી નીકળ્યા તેવા તુરતજ, દુન્યાઇ પેદાયશમાં અસલી પ્રકાશીત દબદબા અને સુખી હાલતમાં રહેતા હતા, તે વેળાએ આરમઇતી (સપન્દાર્મદ) જેમ તેમને મદદ કરતી હતી, તેમજ હાલ પણ કરવાનું ચાલુ રાખે. નમ્રતા (આરમઇતી) એકલીજ માણસ જાતને તેની અસલ ખુદાઇ હાલતે પોહોચાડવાની શકતી ધરાવે છે, એ આપણે બરાબર યાદ રાખવું જોઇએ.

૮. સજા (એટલે દુઃખ) પાપીઓને, ઓમઝદ! તુને ખરા ગેબી સાહેબ તરીકે, નેક મનથી ઓળખતા શીખવશે. ઓ અહુરા! તુંજ માણુસ જાતની ઠગબાજી અને ખોટારાંને (શીક્ષા કરવા માટે) અશોઇના હાથમાં સોંપવા માનવીઓને શીખાડે છે.

આશીર્વાદો, સજા, ઠગાઇ અને જુઠાણું.

વીવેચનઃ દુઃખ એ માણુસ જાતનો સઉથી મોટા ગુરૂ તથા દોસ્ત છે. તેમનને પવીત્ર બનાવે છે. જયારે કાયદાનું ઉલંઘન કરવામાં આવે છે, અને તેથી આપણુને શીક્ષા થાય છે, તયારે આપણુને અનુભવ અને નસીહત મળે છે, જે આપણી ખાતરી કરે છે, કે અશોઇ એજ આપણો ખેરખાહ અને રક્ષણકર્તા છે, અને અહુર અશોઇવાળો સરદાર છે.

જર્યોજ ઇલીયટ કહે છે કે "દુઃખ અને કષ્ટી વેઠવા સેવાય, નમ્રતા તથા દયાના પાઠો ભાગયેજ શીખી શકાય છે."

અને રસ્કીન ખરેખરી રીતે જીંદગી ગુજારવાનો સઘળો હુન્નર ટુંકમાં સમજાવે છે, તે એ છે કે "દલગીરીના અને પશ્ચાતાપના બીજ રોપવાથી પરહેજ અને દુર રહો."

થોમસ એરસ્કીન ટીકા કરે છે, કે "આ જગત કેવો અજબ દેખાવ રજુ કરે છે, કે તે જાણે એક નીશાળ સમાન છે જયાં ખોદાતાલા હંમેશગીને માટે અમર આત્માવાળી હસ્તીઓને તાલીમ આપે છે......ખરેખર આ સઘળાની અંદર ડહાપણભર્યા પ્યારની મતલબ સમાયલી છે જે ધીમે ધીમે પ્રગટ થતી જશે."

હવસી જુસ્સાઓની ઉશ્કેરણીને આધીન થવાથી, પારકાઓને જે ખમવું પડે છે, તેનો વીચાર એક માનવી કરતો નથી. પોતાની બદચાલના બદલામાં, ઇનસાફના નીયમની રૂએ, બીજાઓના પાપી હવસોનો જયારે તે પોતે ભોગ થઇ પડે છે, ત્યારે જ અધર્મી દુષ્ટ કર્મોને, અને તેમનાથી નીપજતી ભયભીત હાલતને, ખરી રોશનીમાં તે જુએ છે. ઠગાઇ અને જુઠાઇની સામે બળતવારી બતાવનારાં કામોને ગમે એવાં નીર્જીવ દેખાતાં હોય તો પણ, અહુરનો ઘણો મજબુત ટેકો હોય છે.

૯. જેઓ દુન્યામાં આબાદીનો ફેલાવો કરી ગયા, તેમના જેવા થવાની અમે કોશેશ કરીશું, અને મઝદ અહુરના સરદારો (તે કામ બજાવવામાં) અષોઇની મારફતે આપણને મદદ તથા ટેકો આપે. કારણ કે ભલા મનનો માણસ હંમેશ ડાહાપણ જયાં હોય છે તે તરફ ઢળે છે.

મહુતવેચ્છા.
સતયતા.
ડહાપણ.

વીવેચન: "સદગુણી ચાલચલનની ખીલવણી માટે, કોઇપણ જાતનો પંથ યાતો નીતીરીતીનો એક ચોકકસ કાયદો જોઇએ," એમ ન્યુમેન સ્મીથ જણાવે છે. અને વધુમાં નીચલી ડાહાપણભરી કહેતી તે કહે છે કે "એક માણસ પોત'ના દીલમાં જેવા જેવા વીચારો કરે છે (એટલે કે જે બાબદો તે ખરેખર માને છે) તેવોજ તે થાય છે." એ કહેતી ખરીજ છે, અને આપણું ડાહાપણ તેથી ચઢીઆતું થઇ શકયું નથી. ગાથાનો આ ફકરો સખાવત અને પરોપકાર કરવા માટેની સૌથી ઉમદામાં ઉમદા ઇચ્છા દેખાડી આપે છે. અને ઇ. બી. બ્રાઉનીંગનું અનુમાન ભુલવું જોઇતું નથી કે "દરેક ઇચ્છા એ ખુદાની નજરમાં એક અરજ, એટલે પ્રાર્થના સમાન છે." ઉપલા ફકરામાં ભકતની ખરી ફરજ જણાવેલી છે, કે ઇશ્વરે જે કર્યું અને કર્યોજ જાય છે, તે બજાવવાની ઇચ્છા ધરાવીને વર્તવાની છે. એટલે કે તેણે પેદા કરેલી જગતમાં ખુશાલી, આબાદી અને શાંતી પાંથરવાની છે. એક ભકત દુન્યાને બરાબર ઉપયોગી થવા માટે યઝદો અને અમેશાસ્પંદો જેવા મોટા સરદારોની મદદ અને પ્રસંશા માંગે છે, તે દરોબસ્તજ છે. કારણકે તે પોતાની અને તે જગતકર્તા સાહેબની વચ્ચે નહી પુરાય એવો અને નહી જણાયલો તફાવત છે, એમ માનતો નથી. તે ખરેજ માની લે છે, કે માનવી જાત ઉપરાંત બીજી ઘણીક હોશદાર હસ્તીઓથી આ જગત ભરપુર છે. માણસ તરીકે તેજ એકલો વીચારવંત અને વીવેકી પ્રાણી છે, એવું માનવાને તે શેખી કરતો નથી. તે એવું માનતો નથી, કે કરોડો અને અબજો વર્ષોના શ્રમ પછી, આ ઓહોળી જગતમાં, તે માણસ તરીકે પોતે, જે તે સાહેબની ઉત્તમમાં ઉત્તમ પેદાયશ છે, તે એવું કેહેવાનો દાવો કરતો નથી, કે પવીત્ર પેગંબરો અને મહાગુરૂઓ, જેમને ચરણે હજારો સદીઓ થયા માણસ જાત પડતી રહી છે, તેમનાં કરતાં એ ગુપ્ત બાબદોમાં તે પોતે વધુ જાણે છે. તે ખુલ્લાં દીલથી કબુલ કરે છે, કે આ દુન્યાની ચીજો, અસુલ્યાતમાં એટલે જાતે સ્વભાવે શું છે, તેનો તેને સહેજ પણ ખયાલ નથી. એટલે તેમના બાહાર દેખાતા રૂપો અને રંગો ઉપરાંત, તે તેમના બદલ કાંઇજ જાણતો નથી. તે માન્ય રાખે છે કે તેનું શરીર જે તે જુએ છે, તે વીશેનું તેનું જ્ઞાન તદન અપુર્ણ છે. અને તેના પોતાના શરીરને અંદરખાને શું શું ક્રીયાઓ ચાલે છે, તેનો અભયાસ હાલના વખતના "સુધારા"ના જ્ઞાન પ્રમાણે, અંધારામાં અઠડામણ સમાન છે. અને તેના પોતાના શરીરના અવયવોના કાર્યો, તેના જ્ઞાનતંતુઓ, ભેજું, પાચનશકતીની ઇંદ્રીઓ, ગોટલાંઓ વીગેરેની કામ કરવાની રીતી, એ સંબંધી તો તેની બજ્ઞાને પણ ચોકસ રીતે કાંઇ ખબર નથી. વળી તે કબુલે છે, કે તેજ પ્રમાણે પોતા શીવાયના બીજાં પ્રાણીઓ કઇ રીતે વીચાર કરે છે, તેમને શું અને કેમ લાગણીઓ થાય છે, એ બાબદ વીષે તે હજુર વધારે ઓછું જાણે છે, બલકે બીલકુલ અંધારામાં છે, અને કશુંએ સમજી શકતો નથી. શરીર ધરાવનારા માનવીઓ અને પ્રાણીઓ બાબે જયારે તે એટલું થોડું જાણે છે, તયારે પોતાના ગોઠયાઓ જેઓ અજ્ઞાન અને ઇંદ્રીઓની મસ્તી અને મોજ મજામાં ચક્ચુર હોવાને લીધે તેની ઠેકડી કરે છે, તેઓની મજાક મશ્કેરીઓ છતાં, તે એટલો નમ્ર, સચાઇને ચાહનાર અને હીમતવાન છે, કે તે કબુલ કરે છે કે શરીર વીનાની (અરૂપી) હયાતીઓ તેની આંખ અને જ્ઞાનથી દુર છે. તયારે આતમ જ્ઞાન વીષેનું ડાહાપણ મેળવવા માટેની નીશાળમાં ચેલાઓની વચમાં તે નમ્રતા ભરી રીતે સર્વથી છેલ્લી બેઠક લે છે. અને ધીરજ, ખુશા

લી તથા ઉતસાહથી અમલના મોટા પેગંબરો, તેમજ આ જમાનાના પવીત્ર, તેમજ સર્વસ્વ અર્પણ કરવાવાળા જીવોનાં પગપાસે બેસી, તેમના અરૂપી, અદ્રષ્ય હસ્તી વીષેના શીક્ષણો ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે. ધીમેધીમે અહુરના સરદારોની હયાતી તેની સમજમાં ઉતરતી જાય છે. અને તેમના અમલનો હેતુ તથા ધારણા તેને પ્રગટ દીસે છે. તથા તેઓની મદદ અને ટેકો મેળવવાનો રસ્તો કયો છે, તે તેને ખુલ્લો માલમ પડે છે. તેમ થવાથી અંદરખાનેની પવીત્રાઇની બળવાન અદ્રષ્ય શકતી, જાહેરમાં મુકવાને બની આવે છે. આવા જ્ઞાની પુરૂષના કામો જ, તેટલા માટે પહેલીવાર હવે શ્રેષ્ટ ડાહાપણવાળાં લેખાય છે. તેના જ્ઞાનના પ્રકાશને આંધળાં યકીનની કાંઇજ જરૂર પડતી નથી. સઘળા ભેદભરમો, કાંઇ પણ આડા પડદા યા ધુમસ યા ઝાકળની અડચણ વગર, તેની નજર સાંમે ખુલ્લા થાય છે.

૧૦. જેઓ તે પ્રતાપી તેજમાં જનમયા (જાગરૂત થયા) છે, તેઓ જયારે મઝ્દ, બેહેમન અને અષવહીશતના ધામમાં જોડાય છે, ત્યારે અંગ્રેની શકતીનો તેઓ તુરત નાશ કરે છે.

વીવેચનઃ જેઓ એવું લઇ દોડેલા છે, કે માણુસના નસીબમાં એક અર્ધ જંગલી જીંદગી ગુજારીને મરણને શરણ થવાનું સરજેલું છે, અને બળવાન ફીરસ્તાઓ, અમેશાસ્પદો અને છેવટે માહાપ્રતાપી, માહાજ્ઞાની, અપોઉર્વીમ અહુરમજદની નજદીક જઇ તેમના સતસંગમાં આવવાની માણુસ જાતને કાંઇજ આશા નથી, એમ શીખાડે છે, તેમને આ ફકરો ઘણોજ સખત પ્રતીઉતર વાળે છે. અત્રે અહુર, બેહેમન અને અશ (વહીશત) ની ખરેખરી હસ્તી તરીકેની હયાતીની સાબેતીમાં, (અમેશાસ્પંદો તરીકે તેમની નીચલી દશા અથવા અવસ્થામાં), તેમનાં 'રેહેઠાણુ' વીશે ઇશારો કરવામાં આવે છે. એટલે તેઓ ભાવવાચક ગુણોના ફકત નામજ નથી, એવું પુરવાર થાય છે.

સુખી અને પ્રતાપી લોકોનો અમેશાસ્પંદો સાથે મેળાપ થાય છે.

સત્યતાના પ્રતાપી તેજમાં જેઓ જનમ્યા હોય છે, તેમનો એ અમેશાસ્પંદોના રેહેઠાણમાં, તેમની સાથે મેળાપ થાય છે, એવું જણાવવામાં આવ્યું છે. આ "રસ્તાખેજ"નો, (જે "ફ્રશોકરત"ને મળતો છે, તેનો) ભાસ આપે છે, કે જેનો અર્થ એ છે, કે "મુવા પછી પાછા જીવતા થવું". એટલે કે તે ગતીએ પોહોચવું, કે જેમાં માણુસ પોતાના નીચ ભાનને તદન જીતી લઇ, અને સ્વચ્છ કરવા બાદ, ઉર્ચા ભાનને એટલું તો આગલ વધારે છે, કે તે (આ સ્થુળ શરીરમાં નહી પણ ખુદ) આત્મામાં (નવો) જનમ લે છે. તે ઉપરથી તેને "બીજો જન્મ લેનાર" તરીકે ઓળખયે છીએ. હીંદુ શાસ્ત્રો "દ્વીજ" એટલે જનોઇવાળો, અથવા બે વખતે જનમેલો, એવાજ માનવીને કહે છે. તે પ્રકાશીત, નીર્મળ તેજમાં નવા જન્મેલાંઓનો વખત યા મહેનત, સ્થુળ શરીરો પાછળ જતાંજ નથી. પણ તેમનાં શરીરો ફકત તેમના ઓજાર અથવા હથીઆર બનીને રહે છે. તયાર બાદ જયારે તેઓ શ્રેષ્ટ બની અહુર, બેહેમન, અને અશવહીશતમાં મળી જાય છે, તયારે તુરતજ ભલાઇ (સ્પેનામીનો)ની શકતીમાં વધારો થાય છે, અને બુરાઇની બાજુનુ બળ સ્વભાવીક રીતે તુટે છે. આવા મોટા માહાતમાઓ, જે જુદી જુદી દુન્યાઓ ઉપર તેઓ કાર્ય કરી ગયા હોય છે, ત્યાં ત્યાં પોતાના નીષકલંક અને નમુનેદાર દાખલાઓ મુકી જાય છે. તેથી કરીને તેમના પાછળ પડી જતા અયાસી ભાઇબંધો અને દોસ્તોને, તથા તેમની પાછળ આવનાર ઓલાદોને, તેઓ પોતાનાજ રસ્તા ઉપર દોરવી લઇ જવાને આકર્ષણ (ખેંચાણ) કરે છે. જયારે આવી રીતની તેમને પગલે ચાલવાની અભીલાષા(ખાહેશ) ઉતપન્ન થવા પામે છે, તયારે બદીને નસાડવાનો રસ્તો મોકળો થાય છે. આપણામાંના જેઓ આ સ્થુળ ભુમી ઉપર ભલાં અને મોટાં દીલના અશો માણુસોના સમાગમમાં આવવાને નસીબદાર નીવડયા છે, તેઓ બરાબર જાણે છે, કે તેમના સતસંગથી આપણો વીશ્વાસ કેટલો મજબુત થાય

છે, તથા આપણા વીચારો કેટલા દ્રઢ બને છે, તથા આપણી આશાઓ કેટલી તેજી અને તાજી બને છે, તથા દુષ્ટ અંગ્રેમીનોના કાવતરાં સામે આપણે કેવા મકમ ખડા રહી શકીએ છીએ. અને તે કારણને લીધે, શકમંદ બની જઇને, બીહી ધ્રુજીને આપણે છુટા પણ શરણ કરી દઇ, એકવાર પાછા ઇચ્છાઓના ગુલામ થઇ પડતા અટકયે છીએ. અને વખત આવવે સઘળાં તોફાનોની વચમાં, ખડક અને પાહાડની માફક મજબુત ઉભા રહી શકીએ છીએ. એ ઉપરથી પાપી અંગ્રેમીનોના નાશનો વખત આવેલો જણાઇ જાય છે.

૧૧. ઓ માનવીઓ! મઝ્દથી રચાયલા (અપક્ષપાતથી અમલમાં આણેલા) સુખ અને દુ:ખના કાયદાને પીછાણીને, તેનો સ્વીકાર કરો. તે કાયદો એ છે કે પાપીઓ લાંબો વખત સુધી દુ:ખ અને દલીદ્રતામાં (પોતાના પાપી કર્મો ધોઇ નાંખવા ખાતર) સબડે છે, અને ભલાંઓ ફાયદાઓ મેળવે છે જે તેમને ખરો આનંદ આપે છે.

વીવેચન: આ કરણીના ફળનો કાયદો ઇનસાફી છે. તેને હીંદુઓ કર્મના કાયદાને નામે ઓળખે છે. ક્રાઇસ્ટ કહે છે કે "જેવું વાવશો તેવું કાપશો." અને ઇનસાફના આવા બુલંદ અને અવીકારી કાયદાથી ઉપજતો ઉપદેશ તે કરે છે, કે "જે માફક બીજાઓને તમારી તરફ વરતવા ઇચછો છો, તેજ માફક તમો પણ તેમની સાથે વરતો." હવે જે કોઇ ગાથા વાણીના અધીકારને બાહાલ રાખે છે, અને તોપણ બાહારથી દેખાતાં નીર્દોષ માણસો અન્યાયથી નાહક દુ:ખી થાય છે, એવું મત ઉચરે છે, તે ખરેજ અવીચારી છે. જો એ દુ:ખોના દુરના કારણો શોધવાને તે અશકત હોય, તો પણ ઉપરનો ગાથામાં જણાવેલો કરણીનો

ઇનસાફનો સાર્વજનીક કાયદો.

કાયદો, જે ભલાઇના બદલામા ખુશાલી અને બુરાઇના બદલામાં શીક્ષા આપે છે, તેને આધારે તેને આટલું તો કબુલ કરવુંજ પડશે, કે આવાં 'દુખનું' કાંઇ પણ કારણ હઇયાતી ભોગવતું હોવું જોઇએ. અને વળી તે કાંઇજ નહી પણ તેના આગલાં કાંઇક પાપો હોવાં જોઇએ. આ ફકત એક સધીઆરો છે એમ જો કહેતા હોવ, તો પછી એમ સાબીત થાય છે, કે તમારાં ધારમીક સત્તાધીકારી લખાણો ફકત તમોને આડે માર્ગે દોરવનારી જાળો સમાન છે, તમારૂં યકીન ફકત મોહોડેનુંજ છે, અને ધર્મ, પેગંબરો તેમજ ખોદાએ જાહેર કરેલા ફરમાનો વીગેરે, સઘળા ખુલ્લા ઢોંગ ધતુરાજ છે. જો આ તમો કબુલ રાખતા હોવ, તો પછી તમારે માણસાઇ ભેજાંને તથા પ્રકૃતીને પુજવા મંડી જવું જોઇએ, અને મીનોઇ ડાહાપણ તથા આતમીક પ્રગટીકરણને હમેશની સલામ કરવી જોઇએ. ધયાન રાખવું જોઇએ, કે ખોદાતાલા તરફથી થતી પાપોની સજાની મુદત કેટલાક ખ્રીસ્તી ધર્મગુરૂઓ આપણને મનાવવા માગે છે, તેમ કાંઇ "હમેશગી" તુલીકની હોતી નથી. પણ આપણી ગાથા વાણીમાં ઉપલા ફકરામાં ફરમાવ્યું છે, તે પ્રમાણે તેની મુદત લાંબી હોય છે. એ તો વાજબીજ છે, કે એક ચોકકસ હદના પાપને માટે અનહદ શીક્ષા થવી ન જોઇએ. ઇનસાફનો કાયદો કરડાઇથી ફરમાવે છે, કે પાપની સજા તેના પ્રમાણની બાહાર જવી ન જોઇએ; પણ જેટલું પાપ તેટલીજ બરોબર રેહેવી જોઇએ. દસ્તુર પેશોતન દસ્તુર બેહેરામજી સંજાનાએ તરજુમો કીધેલી જરથુસ્ત્રની જીંદગીમાં, જરથુસ્ત્ર ગુસ્તાસ્પને જે આઠમો બોધ આપે છે, તે ઉપર ધયાન આપો. ઇનસાફ અને તર્કશકતીને અનુસરીને, એ ફકરામાં ખુલ્લે ખુલ્લુ સમજાવેલું છે, કે આ પૃથવી ઉપર જે કોઇ પાપ કરશે, તેનો આત્મા તેના પાપના બરાબર ચોકસ પ્રમાણમાંજ, દોઝખમાં સજા ભોગવશે. વળી જયારે આ શીક્ષા પુરી થશે, ત્યારે તેનો આત્મા દોઝખની દેવાલોમાંથી છુટો થશે. જરથુસ્ત્રે આ પ્રમાણે ચાલચલણના બે સામસામા માર્ગોની ખુબી, ખામીઓ દેખાડી છે. અને એ બે રસ્તાઓમાંથી કયો પસંદ કરવો, તે પોતાના સાંભળનારાઓની ડહાપણ ભરી અકલ ઉપર તેને છોડયું છે.

યસ્ન ૩૧.

૧. ઓ ચેલાઓ ! કદી નહી સંભળાયલા શીક્ષણો તમો આગલ ખુલી રીતે રજુ કરવામાં આવ્યાં છે. જેઓ બદમીનોની ઉશ્કેરણીથી, અશોઇના મુલકોને ખરાબ કરે છે, તેઓને (પોતાની બદચાલથી પરહેજ રેહેવા માટે સમજાવવાને) સારૂ એ ઉપદેશો આપયા છે. પણ જેઓ મઝદની ભકતીમાં તદન લીન્ન થયલા હોય છે, તેમને માટે એવા શીક્ષણો સર્વથી વધુ અસરકારક છે.

વીવેચનઃ આપણને ખાત્રીપુર્વક કહેવામાં આવે છે કે આ બોધો આગળ કોઇપણ ચેલાના સાંભળવામા આવયા ન હતા. એ ઉપરથી એવું અનુમાન થાય છે, કે એ ઉપદેશો ઘણાજ ઉમદા, ગુપ્ત અને શ્રેષ્ટ હોવા જોઇએ. અને એવી મદદ મેલવવા માટે લાયક થવા સારૂ ચેલાઓએ ખાસ હક મેળવેલો હોવો જોઇએ. ગાથાઓનો દેખઇતો અર્થ, ઇંદ્રીઓના હવસોને વશ થયલી, અને શકમંદ, માણુસ જાતને જે સધીઆરો આપે છે, તે હાલમાં ઘણો મોટો છે. તોપણ આપણને એવો કાંઇક ભાસ ઉપલા ફકરા ઉપરથી મળે છે કે જરથુશત્ર સાહેબના વખતમાં ગાથાઓ સર્વથી વધુ અસરકારક હતા. તેનું કારણ એજ હોવું જોઇએ, કે તેમને વાંચવાની, સમજવાની તથા ગાઇને ભણવાની કાંઇક ખાસ છુપી રીતો હતી, જે 'ચાવીઓ'ને નામે ઓળખાય છે, અને જે હાલ આપણી વચમાંથી અલોપ થઇ ગઇ છે. જેઓ ભુંડે રસ્તે દોરવાઇ જતા હોય છે, તેઓને ગાથાના શીક્ષણો બદીના ખાડામાં પડતાં અટકાવે છે. પણ જેઓ સારા રસ્તા ઉપર હોય છે, તેઓને તો એ શીક્ષણોમાંથી અજબ ખુશાલી અને ઊમદા નસીહતો મલી આવે છે.

૨. આ ધર્મના ઉપદેશોને જો કોઇ બરોબર અમલમા મુકવાનું શરૂ કરે, તો પેહેલી નજરે જો કે તે સઘળુ માન્ય ન કરે, તોપણ આગળ ચાલતાં એવી ખુલ્લી સાબેતીઓ તેની નજરે પડશે, કે જે તેના યકીનને મજબુત બનાવશે. ઓ અહુર ! સર્વેનો ગુરૂ તથા પીતા તુનેજ સમજીને, સઘળા તારા તરફ ખેંચાશે[1]. હમો એકલા મઝદમાંજ જીવીએ છીએ, અને અમારૂં સત્યવાદ પણ તેનાથીજ છે (એટલે ક્રાઇસ્ટના કેહેવા મુજબ "અમે જીવીએ, ચાલીએ અને હઇયાતી ધરાવીએ છીએ, એ સઘલું તેનાથીજ છે").

વીવેચનઃ આ તરજુમો ડારમસ્ટેટરનો છે. આ અહુરમઝદે પોતે મોકલેલો અમુલ્ય ધર્મ પ્રકાશ, કે જે આત્માની ઐકયતાના અને આત્મા અથવા ફ્રવષીની ખોદાઇ બનવાની સરજત બદલના પાઠો, ડામાડોલ મગજોને શીખવે છે, તેઓ ઉપર જેટલો ભાર મુકીએ એટલો થોડો છે.

તરવાની, સ્વારી કરવાની, સાંચાકામ શીખવાની, તબીબી વીદયા શીખવાની અને બીજી કોઇપણ વીદયાઓ બદલની નીશાળો તેમજ કોલેજોમાં, તર્યાના શીક્ષકો ઉપર આપણે પુરતો વીશવાસ મેલીને ભણીયે છીએ. અને તર્યાના શીક્ષણોની કદર પીછાણીએ છીએ ત્યારેજ આગળ વધાય છે. તેજ પ્રમાણે આત્મીક બાબદોની નીશાળમાં પણ એક ચેલો શીક્ષકોને પુરતી તાબેદારી બતાવ્યા સેવાય, તેનો ઉંબર ઓળંગી શકે નહીં. જો તે દરેક કાયદા માટે તથા દરેક બાબદ સારૂ શરૂઆતથીજ સવાલો અને વાંધાઓ ઉઠાવે, અને આખો અભયાસક્રમ ધીરજ અને શાંતીથી શીખ્યા અગાઉ, તે બાબે તકરાર કર્યા કરે, તો છેવટે તેને ઇજા થતી હોય એવું માનીને, તે નીશાળ છોડી ચાલ્યોજ જાય. આવી રીતની નડતલો અને ખલલોથી જે તકો ગુમાવવામાં આવે છે, તેમને માટે ઠપકો કોણને શીર છે, તે માટે ડાહયા માણુસો પુરતી રીતે વાકેફગાર છે. ઉપલા ફકરામાં ખાતરી આપવામાં આવી છે, કે રફતે રફતે જેમ જેમ રીદાગીરી અને ખંતથી મીનોઇ રસ્તો કાપવામાં આવે છે, તેમ તેમ તત્વ ગ્નાન તથા ધર્મના છુપા ભેદોમાં ઉંડાણ ઉતરવાની એક ચેલાની કોશેશો

---

૧ આ વીચાર જે સુફીઝમ, બુધીઝમ, વેદ, નોસ્ટીસીઝમ અને બીજા ધર્મોમાં અથવા પંથોમાં પ્રખયાત થયલો છે, તે કર્તાએ પાના ૩૭) ઉપર બરાબર સીધ કર્યો છે.

પ્રફુલ્લીત થાય છે, અને દેખઇતી અને સ્પષ્ટ ખાતરી ભરી સાબીતીઓ તેને મલી આવે છે. અલબત તે મળવાથી તેનું યકીન વધુ મજબુતી પકડે છે, અને તેનું જ્ઞાન તથા હાલત અનીવાર્ય તથા અજીત થાય છે. સર્વનો માલીક જે અહુર છે, તેની આગળ દરેક જણે જવું તો છેજ. માણસજાતની છેવટની નેમ તેને ભેટવામાંજ સમાયલી છે. આપણી ભલાઇ તેમજ આપણી જીંદગી સર્વ મઝ્દનીજ છે. આ વીચારની ખ્રીસ્તીઓએ નકલ કરી છે. જે. બનીઅન કબુલ કરે છે, કે "આગલતો હું ખોટી અફવા અને આંધળાં યકીન ઉપર જીવતો હતો, પણ હવે તો મારી નજર ખુલી છે. અને તયાં જાઉં છું, જયાં ખુદાને જોઇને હું જીવીશ, અને જેની સંગતમા હું હાલ ખુશાલ રહું છું તેની સાથે રહીશ." અહુરની સર્વવ્યાપકતા, તેમજ સર્વ ઠેકાણેની જરૂર જોગી હાજરી ઉપરથી નીપજતું અનુમાન, ઉપલા ફકરામાં જણાવ્યું છે. તે "પાનથીઝમ" (જગતમાં બધે ઇશ્વરજ પ્રસરેલો છે એવાં મત) ના નામે ઓળખાય છે. જો સઘળું ખુદાનુજ છે, અને ખુદામાંથીજ નીકળેલું છે, અને વળી આપણા ગાથામાં ખુલ્લું દરશાવેલું છે, તે પ્રમાણે જો સર્વે ખુદામાંજ પાછું જવાતું હોય, તો એ સઘળાંનું પરીણામ એજ આવે છે, કે સર્વસ્વ ખુદાવંદતાલાજ છે, અને તેના શીવાય કોઇપણ ચીજ હઇયાત નથી.[1] ભલાઇ અને ભુંડાઇ, તેમની ઉપરથી ઉપજતા સીધ્ધાંતો, તેમનો બદલો તથા સજા એ સઘળાં આપણી ક્ષણભંગુર જીંદગીને માટે, થોડોક વખતના શીક્ષકો છે. અને આપણે તો ઉપર જોઇ ગયા તેમ, તે એકજ પરવરદેગારનાં ટુકડા છીએ, અને આ જાતના શીક્ષકોની મદદથી, આપણા ટુકડાઓને પોતાના મુળ કીરતારનુ ભાન મેળવી આપવામાં આવે છે.

૩. ઓ મીનો ! હમારી ઉમંગી ઉલટ અને સત્યતાના બદલામાં, જે અનંત સુખ તેં હીમતવાન લડવઇયાઓ અને ધર્મનો ભેદ જાણનારાઓ માટે નીર્માણ કર્યું છે, તે હમોને બક્ષ. ઓ મઝદ ! અમને રોશન કરવા માટે તારી પોતાની જબાનથી તું બોલ, કે જેથી કરીને (તારી વહી (revelation) નો ભાવાર્થ બરાબર સમજીને), હું સઘળા લોકોને (તારા) ધર્મ ઉપર યકીન રાખવા માટે સમજાવી શકું.

વીવેચન: એ ઉપરથી એવા અનુમાન પર આવી શકાય છે કે જેઓ ધરમના પુરેપુરા જ્ઞાન સાથે ખડા રહી, જુદાઇ અને અપવીત્રતા સામે સત્યતાના હથીઆર વડે ચાલુ લડત મચાવે છે, તેમને માટે ખુદાઇ કાયદા મારફતે અનહદ સુખ નીરમાણ થયું હોય છે. આપણી લાયકાતથી એવું સુખ આપણે દરેક મેળવીએ, એવી દુઆ ગુજારીશું. રસ્કીન પુછે છે, કે "સુખ કેવી રીતે મેળવીશું?" "અનાજ ઉગતો તપાસવો તથા ફુલો ખીલતાં ધયાનથી જોવાં, ખેતરમાં હળો અને પાવડાઓ પકડી મેહેનત કરવી, વાંચવામાં, વીચાર કરવામાં, પ્યાર કરવામાં, આશા રાખવામાં, અને બંદગી કરવામાં ચીત રોકવું, એજ ચીજો માણસ જાતને સુખી બનાવે છે."

ચપળતા. સાચવટ. પરમ સુખ. વહી.

"આપણા સુખોનો આધાર કામની ખરેખરી કીંમત કરતાં, તે કેવા શુધ વીચારથી બજાવવામાં આવ્યું છે, તે ઉપરજ હોય છે," એમ ડયુક ઓફ આલબની કહે છે. તે વધુ જણાવે છે કે "એક માણસ ઘણુંજ નજીવું અને સરળ કામ પણ, જો પોતાની પુરતી શકતી મુજબ બરાબર રીતે બજાવે, તો તેમાં તેને મોજ મલી શકે છે, અને તે માટે તે મગરૂર પણ થઇ શકે છે." પલ્સ ફોર્ડ કહે છે, કે "માણુસ જાતની (આદમ તરફથી મળેલી) પડતીના વખતથી તે અત્યાર સુધી, ખોદાતાલાએ કુદરતમાં અથવા માણસાઇ અવતારમાં, આસાએશ મેળવી નથી. મુકતી મેળવ્યાથી ખરેખરો સાતમો (એટલે આરામનો) દીવસ હાથ લાગશે. એટલે કે માણુસજાતમાં સમાયલી ખુદાતાલાની હમેશગીની ખુશીભરી આસાયશ, તેમજ ખુદાવંદતાલામાં માણુસ જાત

---

[1] ફારસી વાકય "નીસ્ત હસ્તી મગર યઝદાં" આ બાબદ દરશાવે છે, કે જે એક ખરેખરો ખુદાપરસ્ત ચેલો નીત્ય યાદ કરે છે.

ની આનંદકારી શાંતી મેલવી શકાશે.'' હેનરી કર્કવાહીટ દેખાડી આપે છે કે ''માનવી માત્રની મુખ્ય નેમ અત્રેજ સુખી થવાની છે. સુખી થવા માટે તેણે ભલો થવુંજ પડશે. સુખી અને ખુશીભર્યા થવાની આપણી ફરજ છે. પણ તેમ ફકત કાયદાપુર્વક અને ભલા રસ્તાઓ મારફતેજ બનવું જોઇએ.'' આર્થર હેલપસ એ સંબંધી આ પ્રમાણે સુચના કરે છે કે ''આનંદી થાઓ. તમારી માનીતી ઉમેદોમાં નીષ્ફળતા મળે એવા વીચારોનું ગુચળું, અંતકરણની આસપાસ વીટળાવા દેશો નહી. કુદરતે તમોને સંસારી જીંદગીના તેમજ આનંદવૃતીના મુળ તરીકે નીરધાર્યા છે. અને નીરાશી અને દલગીરીનાં સ્થંભ તરીકે અતરે મુસાફરી કરવાને આ જીંદગીની તમને બક્ષસ કરવામાં આવી નથી.'' કાલાઇલ ખરી રીતે ઉમેરે છે કે ''આનંદી રેહેવાના ગુણનું બળ અજાયબ જેવું છે. અને તેનેથી નીપજતી સહનશીલતાની શકતી, વગર હદની છે. હંમેશને માટે ચાલુ રીતે ઉપયોગી થવા માટે, માણસાઇ પ્રયત્નો એક સરખી રીતે, ખુશીથી કરેલાં હોવાં જોઇએ, તેઓમાંજ ચલકાટ અને સુંદરતા નજરે પડશે.'' ''દરેક માણસના આત્મામાં કોઇપણ સુગંધી ફુલનું બીજ છુપાયલું હોય છેજ, અને તેને ખીલવા માટે તડકો તથા ખુલ્લી હવા અવયસ્ના છે. હું તમોને હમેશાં કહેતી આવી છું કે દુનયા દુઃખી હોવાનું કારણ, ખુશાલીના સુર્યના પ્રકાશની કોતાહિ છે,'' એવું મીસીસ ચાઇલ્ડનું મત છે. સેંટ ઓગસ્ટાઇન ખરાં સુખનું બયાન આ બોલોમાં કરે છે, કે ''તારે (એટલે ખુદા) માટે, તારા તરફ, અને તારા અંદર હર્ષ બતાવવો એજ ખરૂં સુખ છે, અને તે શીવાય બીજું કોઇ સુખ નથી.'' અહુરના નાના મોટા કાસદો મારફતે, ગોળ ફરીને આવતાં ફરમાનો અને ધર્મો માટે નહી, પણ તેના મુખમાથી નીકળતાં સ્પષ્ટીકરણ મારફતે જાહેર થતા, તેના ધર્મ અને હુકમો માટે, એક ચેલો માંગણી કરે છે. અત્રે જે ઇચ્છા જાહેર થયલી છે, તે ઉપરથી એકજ અનુમાન નીકળે છે. તે એ કે ઇશ્વર પાધરૂં શીક્ષણ વહી મારફતે આપી શકે છે, અને આપે છે. નહીં તો એવી રીતે જ્ઞાન મેળવવાની ઇચ્છા ઉપલા ફકરામાં દર્શાવી ન હોત. અહુરની પોતાની જબાન સાંભળવા ઉપરથી, તેની પોતાની હાજરીનો ભાસ મળે છે. અને ઇશ્વરપ્રેરીત જ્ઞાન, જે સર્વે પુખ્ત અને તૈયાર હોય છે, તેમને માટે નીમાંણ થયુ છે, તે ઉપલા ફકરામાં જણાવેલા ''અમને રોશન કરવા માટે'' એ શબદો ઉપરથી જાહેર થાય છે''

૪ જયારે મઝદ અહુર અને બીજા સરદારો કૃપાળુ હોય છે, ત્યારે તો અશોઇ, નમૃતા અને ભલાં મનની મારફતે, દુષ્ટ દેવો (માનવીના નીચ તત્વો) ઉપર મોટી સત્તા મેલવવા માટે, (એટલે ઇંદ્રીઓ ઉપર જીત મેલવી અંદરની શકતીઓ મેળવવા સારૂ), હું પ્રાર્થના કરૂં છું.

વીવેચનઃ અત્રે એવી કબુલાત આપવામાં આવે છે, કે જો અહુરની અને તેના સરદારોની મદદથી માણસ જાતનું ઉંચ (મીનોઇ) ભાન અને આતમીક શકતીના બીજાં શ્રેષ્ટ તત્વો, ખીલવવામાં આવે, તો અશોઇ, નમૃતા અને ભલાં મનની વધુ મદદથી, નીચ તત્વો ઉપર પણ મોટો કાબુ મેળવી શકાય. તેથી કરીને નીચ શકતીઓના શયતાનને આપણે હેઠો પાડી શકીયે. જ્યારે નીચ તત્વો ઉંચ તત્વોની તાબેદારીથી ખીદમત કરે છે, ત્યારેજ ખરૂં સ્વતંત્રતાપણુ (છુટાપણું) મેળવી શકાય છે. જે. પલ્સફોર્ડ કહે છે, કે ''આપણો અને કુદરતનો સ્વભાવ, જયાં સુધી સંપુર્ણ એકયતાની એકતાનમાં મળી જાય નહી, ત્યાં સુધી છુટાપણું ભોગવવાનો આપણને હક નથી. આપણે આ માંસના ઘરમાં છઇએ તેટલાંજ, બોહાતાલા આગલ. સર્વે શીખી લેવા માટે. ઉમરભર ઉમેદવારી કરવી જોઇએ. હમણાજ જો યકીનથી નીમકહલાલ રીતે એ કામ કરશું. તો પછી આપણને ભવીષયમાં છુટાપણુ મલશેજ.''

૫. (સામસામે અથડતા પંથો અને મતોમાંથી) પસંદ કરવા માટે સર્વથી ઉત્તમ માર્ગ સત્યતાના કાયદા પ્રમાણે કયો છે, તે તું મને બતાવ. મારાં ભલાં મનની મદદથી, તે પસંદગી માટેનું કારણ, તર્ક

શકતી મારફતે સમજવા હું ચાહુછું. અને એ પ્રમાણે તે પસંદગીનો પુરેપુરો ફાયદો મેળવીશ (સબબકે તયારે મારી તર્કશકતી પણ યકીનની તરફેણમાં શામેલ થશે.) ઓ મઝદ અહુર! શું બનવાનું છે અને શું નથી બનવાનું, તે જાણવા માટે (ભવીષયમાં જોવા માટે) હમારી અંતરદ્રષ્ટી તુ ખીલવ.

વીવેચન: જયારે એક માણુસ સચાઇની શોધમાં નીકળે છે, ત્યારે તે બીકટ અને ભયંકર સાહસ માથે ઉઠાવે છે, અને મુખ્યતવે કરીને જો એક માણુસ તીક્ષણ તર્કશકતી વીનાનો હોય, અને તેનુ મગજ સઘળા બાબતોના ગુંચડાંમાંથી તેમનો અર્થ સમજવામાં, તથા બારીક તપાસ પછી, તેમાંથી કારગત લાગતી બાબદો તારવી કહાડવામાં, તથા તેના અંદરથી પ્રસંગોપાત બાબદોને બરાબર ગોઠવવામાં, અને તે સઘળી બાબદોનુ પુરં તોલ કરવામાં, અને સવાલની સઘળી બાજુએથી બારીક તલાશ કરી ખરાં છેવટ ઉપર આવવા માટે, જો અશકત હોય, તો તેવાં મગજ માટે એ માર્ગ અતીશય કઠણ છે. જેમ જેમ આપણે આગલ વધીએ છીએ તેમ તેમ માણુસીક બુધ્ધીનું ક્ષેત્ર વટાવવા પછી પણ, તેથી ઉંચ ભુવન ઉપર ગુંચવાડાઓ અધીક થતા (વધતા) જાય છે. જે ચેલો આતમીક સુધારા વધારાના રોહમાં ઝોકાવે છે, તેની સામે ઘણાક ગુચવાવી નાંખનારા, એકેકની વીરૂધ થઇ એકેક સાથ અથડતા કાયદાઓ અને લખાણો, આગળ આવી ઉભાં રહે છે. તેવે વખતે ઉપલા ફકરામાં સમાવેલી બંદગી વેળાસરની થઇ પડે છે, કારણ કે તેમાં રાહબરીની માંગણી કરી છે. એક ગુરૂના શીક્ષણો તદન સ્પષ્ટ સમજાવા માટે, ભવીષયના બનાવનો ભેદ, નજર સામે ખુલો રજુ થવાની ઘણીજ અગત છે, અને તેથી એક ચેલો તે માટે માંગણી કરે છે.

બુધ્ધીમાન અષોઈ. અગમચેતી.

૬. જે ડાહપણવાલો પુરૂષ મને પરમસુખ, અશોઇ અને અમરગી મેળવવા માટેની માંથ્રવાણી જાહેર કરે, તેના ઉપર સર્વોતમ આશીરવાદો ઉતરજો! સત્યતા (અષોઇ)ને લીધેજ હોરમજદનું રાજય અચળ છે.

વીવેચન: ભલા કાયદાઓ સમજીને પ્રવીણ થયલો, એક નેક શખસજ સરળ અને સાદી ભાષામાં તે માથ્રવાણી, કે જે સુખ અશોઇ અને અમરગી મેળવવાનું સાધન છે, તે ખુલ્લી સમજાવે છે. તેના ઉપર લાયક આશીરવાદોનો અત્રે વરસાદ વરસાવવામાં આવ્યો છે. આત્મા હંમેશનો અમર છે એ ખરી વાત છે. તોપણ આતમા જયાં સુધી દુ:ખદાયક સાંકળોમાંથી, ગ્નાન મેળવ્યાથી જુદો થતો નથી, ત્યાં સુધી મોતનાં બંધનમાં ફસેલોજ રહે છે. આવી જાતની, માણસાઇ, મરણને આધીન થવાની ખાસીયતના પરીણામ તરીકે, કેટલાકો દુનયા ઉપર એકેક પછી આવતા પુનરજનમો સુચવે છે. વળી બીજા કેટલાકો મરણ પછીની હાલત, બીજી નીચ અથવા ઉંચ દુન્યાઓ ઉપર, જેઓ પણ કોઇ રીતના પ્રકૃતીના બંધારણમાંજ હોય છે, તેઓ ઉપર મેલે છે. અને જયારે મોક્ષ, તારણ, મુકતી, નીરવાણ, વેહદત (જોડાણ), અમેરેતાત એ સઘલું મેળવાય છે, ત્યારે અમરગી મલી શકે છે![1] જયારે આ સાહસ બજાવવામાં આવે છે, ફકત ત્યારેજ આબાદી અને અખુટ પરમ સુખનો સ્વાદ, અહુરનો કાયદો છે, તે પ્રમાણે ચાખી શકાય છે.

એક ડાહયો પુરૂષ. માથ્રો. સતયતા.

૭. તે સાહેબ કે જે પેહલો વીચાર કરનાર છે, જેની રોશની સઘલી તેજસ્વી અનહદ રોશનીઓમાં આમેજ થયલી છે, (એટલે કે જે સર્વવ્યાપક છે,) તે સર્વગ્નાની પેદા કરનાર સાહેબ (છે), અને પોતાના ડાહાપણ મારફતે તે નેક વીચાર અને સત્યતાને મદદ કરનાર છે. ઓ મીનો મઝદ અહુર, તમો જેઓ દુ:ખ અને સુખમાં, ભલા અને ભુંડાંમાં,

---

[1] અવસ્તાની રોશનીવાળા આગળા ભાગમાં આ બાબદ ઉપર પુરતું લખાયલું છે.

અંધકાર તેમજ રોશનીમાં સમતોલ છો, તેઓ તેમને આબાદ કરો.

વીચારવંત આદમી
રોશનીનો પ્રસાર.
સર્વવયાપક.
સમતોલ.

વીવેચન: આજ ચોક્કસ ફકરાનો બાઇબલમાં જે રીતે તરજુમો કરવામાં આવ્યો છે, તે અતરે આપણને યાદ આવે છે. "ખોદાએ કહયું છે કે રોશની ફેલાય ! અને રોશની ફેલાઇ !" રોશની એ બોલ અતરે આત્માના અંશ માટે વાપરવામાં આવ્યો હોય એવું ભાસે છે. ખોદાતાલાની રોશની, આકાશ તેમજ પૃથવી ઉપરના તરેહવાર જાતના અને અસંખ્ય ખુશનુમા રંગો ઉતપન્ન કરનાર, તેજ અને પ્રકાશમાં સમાયલી છે. ત્યારે યઝદાન દરેક રોશનીમાં હાજર છે (જે રોશની સર્વે ઠેકાણે છે). એ બાબદ ઉપરથી કુદરતી રીતે, તેમજ તર્કશાસ્ત્રને આધારે, ખુદાની સર્વવ્યાપકતા જાહેર થાય છે. સર્વવ્યાપકતાનો અર્થ વળી એ થાય છે, કે સર્વે ઠેકાણે યઝદાનનું પ્રકાશીત ભાન હાજર હોય છે. હવે થોભીને જરા સોચો. તે શ્રેષ્ટમાં શ્રેષ્ટ મીનો અહુરમજદ, કે જે પેદા થતી તેમજ નાશ પામતી કોઇપણ ચીજ, અથવા આ દુન્યાની દુ:ખ, દલગીરી તથા ખુશાલીથી અલગ રહેલો છે, તે, જેઓ મક્કમ વીશ્વાસ અને યકીનથી દીનદારો, ભકતો અને લડવૈયાઓ તરીકે, સ્પેનાની લડાઇમાં ઉતરે છે, તેમને આબાદ કરે છે. અત્રે જણાવેલો પેહલો વીચારશકતીવાળો આપણો મહાજ્ઞાની સાહેબ 'અપોઉરવીમ' અહુરમઝદ[૨] નથી, પણ ફકત તેનું એક પ્રગટ થયેલું સ્વરૂપ છે, કે જેમાં મીનોઇ અને સૃષ્ટીને લગતી, માહાન વીચાર શકતી સમાયલી હોય છે. સઘળી સચાઇ અને પાક વીચારની પાછળ, મઝદ અહુરની હાજરી જણાવવામાં આવેલી છે. અને તેટલા માટે સઘળાં સત્યવાદી અને અશોઇથી ભરેલાં મનવાલાં પ્રાણીઓમાં તે સમાયલો હોય છે, એમાં કાંઇ પણ સંદેહ રહેતો નથી. એને જગદીશ્વર મતવાદ (આખું વીશ્વ એ ઇશ્વરજ છે એવું મત) કહે છે. પણ ખ્રીસ્તી ધર્મને અનુસરતું એ એકેશ્વર મતજ છે, કારણ કે ખ્રીસ્તી ધર્મ પણ ખોદાની સર્વવ્યાપકતા, એટલે જગતની સઘલી ચીજોમાં તેની હાજરી, માને છે.

૮. ઓ અહુર ! જયારથી મારી આંખયોમાં તું વાહાલો થઇને રહયો છે, અને જયારથી મેં તને કલ્પયો છે, ત્યારથી મેં તને સવોપરી ગણયો છે, જે અશોઇભર્યા મનની ભકતીને ખરેજ લાયક છે; જે ખરેખર ભલી બુદ્ધીનો પીતા અને સચ્ચાઇનું મુળ છે; અને જે આ દુન્યા ઉપર થતાં સઘલાં કામોનો કર્તા તેમજ સ્થાપક છે !

જગદીશ્વર મતવાદ.
દરેક કામમાં અહુરનો હાથ.

વીવેચન: અત્રે દીનનો કલમો પઢવામાં આવે છે. જે પોતાના અંત:કરણ ઉપર હાથ મુકીને આટલુંજ ફકત કબુલ કરે, અને તેની હસ્તી સ્વીકારે તેજ ધર્મી તરીકે લેખાય. માટે તે અહુરની હસ્તી સ્વીકારો. તે અસલી જમાનાઓમાં સર્વથી પેહલો છે એમ માની, તે સાહેબને સચ્ચાઇનું મુળ, અશો મનનો પીતા, દરેક કાર્યનો પોતેજ કર્તા છે એમ ગણો. અને માણુસ જાતના, જાનવરોના તેમજ પક્ષીઓના તરહેવાર જાતનાં આકારો તે સાહેબ પોતે ધારણ કરે છે, કે જેની મારફતે આપણે શીક્ષણ અને શકતી મેળવ્યે છીએ, એવું સમજતા થાઓ. એમ કહેવામાં આવયું છે, કે એક ચેલાને તેના અધયાતમીક ગુરૂ તરફથી શીક્ષણ મલયું, કે અહુરમઝદ દરેક ઠેકાણે અને દરેકની અંદર છે. અને તે ચેલો એક દીવસ રસ્તેથી પસાર થતો હતો, તેને સામેથી આવતો એક હાથી રસ્તામાં મલ્યો. તે હાથીના માહાવતે તે ચેલાને રસ્તામાંથી બાજુ થવાને બુમો પાડી. પણ પોતાના ગુરૂએ જે કાંઇ સમજાવેલું તેનો કાંઇક ઝાંખો ખયાલ રાખતો હોવાથી, તે ચેલો હઠયાવીના સીધો ચલ્યાજ કીધો. અને કાંઇ ધયાન આપયું નહીં.

---

૨. "અવસ્તામાં 'અહુરમજદ'ના જુદાં જુદાં નામો અને અર્થો" એ બાબદનો આગળ આવી ગએલો બાબ જુઓ.

પણ મન સાથે વીચારવા લાગયો, કે હાથીમાં પણ જયારે અહુરમઝદ છે, તો તે મને કદીબી ઇજા કરશે નહી. એક ઝપાટામાં તે જંગી પ્રાણીએ પેલા હઠીલા શાહદારીને, પોતાની સુંઢમાં લઇને બાજુએ ફેંકી દીધો, અને પોતે આગલ વધયો. આથી કરીને પેલા ચેલાના હાડકાનો ખુરદો થઇ ગયો, અને તેને અતી દુખ થવા સાથે તે ગભરાઈ ગયો. તેણે પોતાના ગુરૂને બોલાવી મંગાવ્યો, અને તેને પુછવા લાગ્યો કે જો અહુરમઝદ પોતે હાથીમાં હાજર હોય, તો આવો ભલો અને ઉતમ અહુરમજદ તેને કેમ નુકશાન કરી શકયો? તે ડાહયા ગુરૂએ જવાબ દીધો, કે તે માહાવત જેના દીલની અંદર પણ અહુરમઝદ પોતે વસ્તો હતો, તેણે તને બાજુ થવા માટે અચુક ચેતવણી આપી હતી કેની? તેની જબાનમાંથી નીકળેલા અહુરમજદના બોલોને તેં મચક આપી નહી, તેઃ હવે તુંને તેનો પસ્તાવો કરવો પડે છે તે કર!

ખોદાતાલાથીજ આપણે જીવીએ છીએ. તેનામાંજ આપણી સઘળી હીલચાલ છે અને તેજ આપણી જીવનશકતી છે, એમ કેહેવાયલું છે તે સતય છે. આપણે જો દરેક જીવવાળાં પ્રાણીમાં ખોદાની હસ્તી માનયે, તોજ ઉપલો ફકરો સમજી શકીશું. ગાથામાં તયારે જે અચુક શબ્દોમાં દરશાવવામાં આવયું છે, કે ઇશ્વર સઘળી જગતમાં પંથરાયલો છે, એ જગદીશ્વર મતવાદ ખરોજ છે. આ ફકરા અને એની ઉપરના ફકરા ઉપરથી સાબીત થય છે, કે અહુરમજદ માણુસના જેવા આકાર અને ગુણુવાળો મોટો નર નથી, યા તો સ્રષ્ટીની બાહાર, તખત ઉપર બેઠેલો, કોઇ તમાશો જોતો રાજકર્તા પણ નથી.

૯. ઓ મઝદ અહુર, મનની સંપુર્ણ અશોઇ (અથવા આરમઇતી) તારીજ છે. તે મીનોઇ બુધ્ધી જે દુનયા પેદા કરે છે, તે પણુ તારીજ છે. જેઓ ઉદયોગી અને ઉમંગી જીંદગી ગુજારે છે, તેજ પ્રમાણે જેઓ અયાસી છે, તેઓ સઘળા માટે તેં બરાબર બદલાઓ નીર્માણ કર્યા છે.

મનની અંશોઇ. દુનયાની ઉતપતી ઉદયોગ અને ચપળતા.

વીવેચનઃ "કર્મમાર્ગની" (કામકાજની તથા ઉપયોગી જીંદગીની) આ હીમાયત છે અનેવળી ઇનસાફ તથા 'કર્મ' એટલે કરણી પ્રમાણેનો બદલો મલવો જોઇએ. એ કાયદાઓ આ ફકરો પ્રસીધ્ધ કરે છે. ખોદાતાલાના જે ફરમાનો છે તે વીષે ડાહયા મણુસો જ્ઞાન મેળવવાને તલપે છે, કે જેથી કરીને તેના હુકમો બજા લાવવાને તેઓ તઇયાર રહે. ખીલતી આતમીક શકતીની પેહેલી નીશાન સઘળાં પ્રાણીઓ તરફનો પયાર છે, અને બીજી નીશાન, પોતાની જીંદગીની શારીરીક, માનસીક તથા આતમીક, થાકવા વગરની, મહેનત છે. જયારે ખુશીથી એક જણુ ઉદયોગી થવાની આદત પાડે છે, જયારે તેને મનથી કામ એક જાતનો ખોરાક તેમજ મોજ બને છે, તયારેજ જ્ઞાન તથા સત્તા તેના પગ આગળ આવી પડે છે. કારણ કે એ બને દરવાજાની ચાવીઓ ઉદયોગજ છે. ઉપયોગી અને મજબુત મેહેનતથી માણસ જાતના ખુદાઇ અંશના સ્વભાવની, મંદ પડી રહેલી ઉંચ શકતીઓ ખીલે છે. ખુદાતાલા મોટો છે, કારણ કે તે નીત્ય મહેનત કરે છે, અને સઘળાઓને મદદ આપી તેમનું પાલણુ, પોષણ કરે છે. જો એક પળવાર પણ આ જાગરૂત સ્રષ્ટી ઉપરની પોતાની દેખરેખ, તે સાહેબ ખેંચી લે, તો જગત અંધકાર અને લય (એટલે નાશ) માં જરૂરજ પડી જાય.

૧૦ આ બેમાંનો પહેલો આબાદી વધારનારો ખેડુત (ઉદયોગ કરનાર), એક ખરેખરો ગુરૂ, અને ભલાં મનને પોષનાર તરીકે ઓળખાયલો છે. ઓ અહુર, ભલા ધારમીક કાયદાઓના ફાયદાઓ મેળવવામાં, એક અયાસી ઠગારાનો કોઇ પણુ ભાગ નથી હોતો.

વીવેચનઃ અતરે ખેડુતની ઉપમા એવા માણુસને આપવામાં આવી છે, કે જે કોઇ પણ જાતની જમીન જેવી કે પ્રકૃતીની (પદાર્થની) અથવા તો માનસીક, ધારમીક

અથવા આતમીક શકતીની ભોંયમાં, ઘણીજ નાદર જાતના બીયાં, પોતાના ફાયદા અરથે નહીં, પણ દુનયા જેની અંદર અહુર વસે છે, તેના ઉપયોગને કાજે રોપે છે તેમ કરીને તે ભોંયોમાં સઘળી મંદ પડી રહેલી શકતીઓને ખીલવી, તેમને ઉપયોગમાં લે છે, તયારેજ તે એક ખરો ગુરૂ ગણાવાને લાયક થાય છે. તે ભલાં મનને પોષણ આપે છે એ કોણ ના પાડી શકશે?

ખેડુત. ભલુ મન. અભ્યાસી ઠગારો.

પણ એક આલસુ માણસ જે પોતાનો સ્વાર્થ સાધવાને ઠગબાજી કરે છે, તેનો બદલો એ મલે છે. કે તે કાયદાના રક્ષણની બહાર, 'નયાત બહાર' અથવા 'દેશપાર ડાકુ' જેવો બની જાય છે. ભલા કાયદાની હદ અને રક્ષણમાંથી તે નીકલી જાય છે. એક લુટારા પાસ ગમે એટલું દ્રવ્ય (નાણું) હોય તે પણ તેનો ખરાબ રસ્તે મેળવેલો એ પૈસો, તેના કરતાં કોઇ વધુ મજબુત લુટારો આવીને, કોઇવાર લુટી લઇ જઇ શકે છે. એ પ્રમાણે મેળવેલી દોલતનો એવોજ ફેજ થાય છે. જોરજુલમ વાપરીને તે એકઠી કરવામાં આવેલી હોવાથી, તેના ઉપર કોઇ પણ રીતનો આધાર રાખી શકાય નહીં એવી દોલતના ધણી ઉપર તેના કુકર્મોના પરીણામે, કોઇબી બહારનો માણસ ઘાતકીપણે હુમલો કરે, તો તે અટકાવવા માટે ધારમીક (કર્મનો) કાયદો, કદીપણ તેને મદદ આપી શકશે નહીં.

૧૧. ઓ મઝદ! તારા વીચારથીજ સઘળાં જીવતાં પ્રાણીઓ તથા અમર કાયદાઓ હસ્તીમાં આવયા. અને આ સ્થુળ (નકકર) દુનયા ઉપર જીંદગી અને તર્કશકતી, કાર્યો અથવા ઉદયોગી અને ચંચળ બનવાની તાકાત, અને ધાર્મીક આજ્ઞાઓ (કે જેથી ઉમંગ સીધે રસ્તે બતાવી શકાય) એ સઘળાંની તેં બક્ષેસ કરી છે; કે જેથી કરીને હમો (ચાલાકી અને કામ કરવાની લાયકાતની) ઇચ્છા રાખી શકીએ, અને તેમાં (ધર્મની આજ્ઞાઓમાં) અમારૂં યકીન રાખીએ.

વીવેચનઃ આ બાઇબલના બરાબર તે ફકરાનું મુળ છે, જે જણાવે છે, કે "ખોદાએ હુકમ કરયો કે રોશની થાઓ! અને તુરત રોશની ફેલાઇ."

ખુદાઇ કલ્પના. હસ્તી, કાયદા, જીંદગી, તર્ક શકતી, ચપલાઇ, જીવન, શ્રમ, ધર્મ.

હસ્તી, કાયદાઓ, પૃથવી ઉપરનું જીવન, તર્કશકતી, તાકાત, ચપળતા, અને ધાર્મીક શીક્ષણો એ સઘળાં અહુરમાથીજ નીકળયાં છે. અહુરને મદદે તેડવા અગાઉ આપણેજ આપણા ખભાંની મદદ લેવાની જરૂર છે, એ ઉદયોગ અને શ્રમ વીશેનો કાયદો, અત્રે સમજાવવામાં આવ્યો છે.

૧૨. એ દીશામાં દરેક સચો અથવા જુઠો, શીખેલો અથવા અજ્ઞાન માનવી, પોતાના હઇયાં અને અશો મનથી ઉચરે છે. (એટલે કે દરેક પ્રકારનો માણસ જયારે અંતઃકરણના ઉંડાણમાં અશો મનથી ઉતરે છે, તયારે તે મજકુર ધાર્મીક શીક્ષણો અને ઉદયોગ અને શ્રમ મંજુર રાખે છે.) તયાર પછી તુરતજ સંપુર્ણ અશો મન પુછેછે, કે સ્પેના અને અંગ્રેમીનોની વલણ કઇ બાજુએ છે.

વીવેચનઃ આગલા ફકરાના છેવટના ભાગને હાલના ફકરાના પેહેલા ભાગ સાથ જોડવામાં આવયો હોય, એમ દીસે છે. અને એ ફકરાઓ એકેકથી કેટલેક દરજજે અલગ હોવાના સબબથી, સમજવાનું મુશકેલ થઇ પડે છે. આ ફકરાનું છેવટનું વાકય, એ ફકરાના ખરા અરથની બાતમી સારી રીતે આપતું નથી. તેથી તરજુમો કરનારે તે ફકરાની કાંઇક સમજ આપવા માટે થોડી ઘણી છુટ લેવાની જરૂર જોઇ છે. કદાચ એનો ભાવાર્થ એમ હોય કે પાપીઓનું, તેજ પ્રમાણે રાસ્ત લોકોનું અંતઃકરણ, અંદરખાનેથી તો એકસરખી રીતે શ્રમ, ઉદયોગ અને ધર્મ આજ્ઞાઓની શ્રેષ્ટાઇ પ્રેરણાથી સમજી શકે છે.

બન્ને મીનોની વલણ.

૧૩. ઓ મઝદ, જાહેરમાં અથવા તો બાતેનમાં (મનના ખુણામાં) પુછવામાં આવતાં સઘળા સવાલો તું સાંભળે છે. અને ઓ સાહેબ એક નાના સરખા (દેખીતાં) સહેજ પાપની એક માણસને જે મોટી સજા ભોગવવી પડે છે, તેપણ તું તારી તીક્ષણ અને અશોઇભરી દ્રષ્ટીથી બરાબર જોઇ જાણી શકે છે. (અથવા, ઓ અહુર! સઘળાઓના જાહેર તેમજ બાતેન કામોથી તું જાણીતો છે, અને એક નાના સરખા પાપની સજા માંથી છટકવા માટે, જેઓ વધુ મોટા ક રપીણ ગુનાહો કરે છે, તેમના દુષ્ટ કર્મો પણ તુંને બરાબર ખબર છે).

વીવેચનઃ અવીચારી લોકો જે ગેરઇનસાફ આ દુનયામાં જુએ છે, તે માટે અત્રે ઇશારો કરવામાં આવયો છે. અહુર સઘળી ચીજો બારીકીથી જુએ છે તથા જાણે છે, અને કાંઇ પણ તે ચુકી જતો નથી. આપણે જો ખુદાતાલાની સર્વવ્યાપકતા અને પુર્ણ ઇનસાફ આગલથી કબુલ રાખીએ છીએ, તયારે તો અયોગય શીક્ષા અથવા બદલાની વાત કરવી એ બેહુંદુ કેહેવાય. ઉપર જણાવેલો બીજો તરજુમો

સવાલો. ઇશ્વરની સઘળે ઠેકાણે પોહોંચી વળતી દ્રષ્ટી. અશોઇ.

આપણને પેશી કેહેતી ની યાદ આપે છે, કે એક જુડાને ટેકો આપવા માટે એક માણસે વીસ જુઠી વાતો ઉપજાવી કાહાડવી જોઇએ.

૧૪. ઓ અહુર, હાલના તેમજ ભવીષયના બનાવો બાબે (માહીતી મેળવવા માટે) હું તુને પુછુંછું. (એટલે કે જગત માટે શું નીરમાણ કરેલું છે, તે બાબે પુછુંછું). ઓ અહુર હું વલી તને પુછુંછું, કે ભલાં માણસોનાં નેક કામો માટે, તેજ પ્રમાણે પાપીઓના ગુનાહો માટે, છેલ્લે સરવાલે તેં શું બદલો ઠેરવયો છે.

વીવેચનઃ એક વીચારવંત મગજની મહતવેચ્છા હોય છે, કે સઘળી જાહેર દેખાતી પેદાયશની છેવટની નેમ શું છે, તે બરાબર સમજવું.

એક આતમા હાલનો વખત તથા ભવીષ. ભલાં અને ગુનહેગાર.

શાંતી ભોગવવા ચાહે, તો ભુતકાળમાં શું શું બની ગયું તેમજ ભવીષયમા શું શું બનશે, તેનો ખયાલ ધરાવતો હોવો જોઇએ. અને તયારેજ તે આતમા આગલા વીચારો તથા કામોથી જેવી વણુત વણાયલી હોય, તે વણુત સંજોગો તરીકે તેની આસપાસ આવી ઉભી રહે, તયારે તેમને સંતોષથી આધીન થઇ, પોતાનું કામ બજાવ્યો જાય. નેકી તેમજ બદીનો છેલો અંજામ જે હોય છે, તે વીચારવંત મગજનું એકસરખી રીતે ધયાન ખેંચે છે. ગાથાઓ પણ બુલંદ અવાજે તે અંજામ શું છે તે દેખાડે છે.

૧૫. ઓ અહુર, જે માણસ એક દુષ્ટ અને પાપી માણસને સતા મેળવવામાં મદદ આપે છે, અને જે ખેડુતને, ઢોરોને તથા એક સાચા માણસને સતાવે છે, અને એથી (એવા ગુનહે થી) જીવતો રહેવાનો હક ખોઇ દે છે, તેવા માણસ માટે તેં આખેરનો બદલો શું રાખયો છે, તે માટે હું તને પુછુંછું.

વીવેચનઃ "પાપ ખુદાતાલા સામે લડાઇ સમાન છે. ખુદાની પોતાની જીંદગી સામે, તે લડાઇ સીધી નેમ ટાંકે છે. દુનયાનો મુળ પાયો પડયો, તયારથી માણસ જાતે પોતાની અહંકારભરી મરજી અથવા ઇચ્છાથી, પોતામાં સમાયલી ખોદાઇ જીંદગીનો નાશ કરયો છે." પદ્મસફોર્ડ વધુ પણ ખાતરીથી કહે છે, કે "પાપનો સ્વભાવ હમેશાં (મજકુર) એકજ જાતનો હોય છે." એક

નઠારાં કામોને દુષ્ટ માણસને મોટા તથા પાપીને ઉતેજન આપનાર દુઃખ દેનાર.

મરતબાવાલો ઓધો મેળવવામાં મદદ કરવી, એ અગતયતા ધરાવનારી બાબદ છે, જેની અસર ઉંડી થાય છે. દુષ્ટ કરમોની અસરો, મોટા ભાગે તેવા કામો કરનારાઓની જીંદગીની સ્થીતી, અને દરજજા ઉપર, આધાર રાખે છે. કારણ કે તેની ઓહોલી સતા હોય, તો ખચીત તેનો દાખલો માનવીઓની વધારે મોટી સંખયામાં ફેલાય છે. એ પ્રમાણે એક

કુકરમી માણસને તેના અધર્મી કામોમાં મદદ તથા ઉતેજન મળે છે. અને તેટલા માટે, તેવા કામોની સજાનો બોજો ખરાબ કામ કરનાર, અને તેને તેના ઉંચ ઓધા અથવા સતા ઉપર પોહોચાડનાર મદદગાર, એ બેઉને શીર છે. આપણો ઉમદા ધર્મ, દુષ્ટ કરમોને સહેજ પણ ઉતેજન આપવાની, અથવા તેઓ તરફ દયા દેખાડવાની આપણને સાફ મના કરે છે. નીચ, પાપી કામો તરફ આંખવીંચામણા કરવાની દુષ્ટ અસર, આપણી આસેપાસે વસતા લોકોની નીતી રીતી ઉપર, એટલી તો જબરી થાય છે, કે એ પ્રમાણે વર્તવાથી આપણે પોતેજ, એક ગુનેહગારીમાં ભાગીદાર તરીકે ઠર્યે છીએ. હવે એક ખેડુત અથવા ઢોરોને આબાદ કરનાર અથવા એક ખોદાપરસ્ત, સચ્ચા, પ્રમાણીક માણસને સતાવવો એ મહા બુરૂં પાપ છે, જે માટે બેમત છેજ નહીં. આવા ગુનાહ કરનારને ઉપલા ફકરામાં મોતની સજાને પાત્ર લેખવામાં આવ્યો છે. દુન્યામાં હાલ ચોમેર આવા અધર્મી કુકર્મો ફેલાતાં જાય છે, એ દેખીતું છે. તે બતાવી આપે છે કે નીતીની કેટલી હદ સુધી હાની થઇ છે, અને વેપાર ધંધાની હરીફાઇ, 'ચપળાઇ,' વીગેરે નામોનાં સાહયા હેઠળ, અધર્મીપણાનો કેટલો બધો ફેલાવો થતો ચાલ્યો છે. સંપુર્ણ અહીંસાજ ધર્મનો મુળ પાયો છે, અને ઉપલો ફકરો પણ જુદાજ રૂપમાં એ ગુણને શ્રેષ્ટાઇ આપે છે.

૧૬. ઓ મઝદ અહુર! જે ડાહાપણવાળો, પરદુખ ભંજન બુધીવાળો, માણસ પોતાના કુટુંબનું, શેહેરનું તેમજ દેશનું વાજબી રીતે અને રૂઢીએ, ભલું કરવાનો ઉલટભર્યો પ્રયતન કરે છે, તેનો કેવો તોલ તું કરે છે, તે બાબે હું તને પુછું છું. એ અહુર! તારી આખેરની દોસ્તીનું શુભ ફળ તે કયારે પામશે (તારામાં તે કયારે મળી જશે?), અને (એમ કરવા માટે) તેણે શું કરવું જોઇએ?

વાએચનઃ માણસજાત તરફનો પ્યાર એ દરેક મોટા ધર્મનો મુખ્ય નીયમ છે. માણસ જયારે પોતાનું હુંપણું છોડી દઇ, અને એકલપેટાઇ શોધવાનું બંધ કરે છે, અને પોતાના ભાઇ બંધો સાથે એકતાન થઇ જાય છે, ત્યારેજ તે ખુદાતાલામાં પોતાનો અંશ ભેળી શકે છે.

સત્તાનો વધારો.

અહુરની છેવટની દોસ્તી.

ભલો પરોપકારી માણસ પહેલે કુટુંબની, પછી શેહેરની, પછી દેશની સતા વધારવાને, તેમજ તેની આબાદી ઇચ્છી તેનું ભલું કરવાને, ખરા અંતકરણ પુર્વક કોશેશ કરે છે, તે કામની ઉપલો ફકરો સ્તુતી કરે છે.

"દરેકે એક બીજાને મદદ કરવી જોઇએ; મજબુત માણસોએ નબળાને, પૈસાવાળાઓએ ગરીબોને, શીખેલાઓએ અભણોને. અને વળી તેજ કાયદાને જો ઉલટી રીતે તપાસીએ તો, જેઓ આ દુનયાના ફાયદા સૌથી ઓછા પ્રમાણમાં ભોગવતા હોય, તેઓએ પણ ઘણા ફાયદા ધરાવનારાઓને મદદ આપવામાં પાછળ પડવું ન જોઇએ," એ પ્રમાણે એસ. સ્માઇલ્સ ટીકા કરે છે. ફકત વાજબી રીતેથી આ સઘળું બજાવવામાં, ખરેખરી લાયકાત સમાયલી છે. પણ રાજદરબારીઓ તો, રાજ્યના ક્ષણભંગુર દુન્યાઇ લાભો જાળવવા, અને વધારવા માટે, રાજ વહીવટ ચલાવવામાં, જે કેહેવાતી કુશળતા અને ચપળતા વાપરે છે, તેની જો બારીકીથી તપાસ કરીશું, તો વારંવાર માલમ પડી આવશે, કે તેમાં કાંઇજ નહીં પણ હલકા પ્રપંચો, દગાઇ, નીર્લજપણું વીગરે સમાયલાં હોય છે. ગાથાનો ઉપલો ફકરો, તેમનાં એવા પ્રપંચી કામોમાં, તેમને એકલા છોડી, તેમનાથી વેગળેજ રહેવાને શીખાડે છે. માણસ જાતને ખરા પ્યારથી ચાહાનારને, અહુર પોતાની દોસ્તીને લાયક ગણે છે, પણ એક ચેલાએ તે હાલતે પોહોચવા માટે, શું શું શરતો પાળવી જોઇએ, તે આ ફકરાનાં છેલ્લા પ્રશ્નમાં પુછવામાં આવ્યું છે.

૧૭. (ફકત) ભણેલા માણસે બીજા ભણેલા શખ્સને પુછવું જોઇએ, કે બેમાં શ્રેસ્ટ શું છે, એક સત્યવાદી માણસ

ની પસંદગી જેના ઉપર ઉતરે છે તે, કે એક દુષ્ટ કંગાળની પસંદગી જેની ઉપર ઉતરે છે તે. (ધ્યાન રાખજો કે આ બાબદમાં ઠરાવ ઉપર આવવાનું કામ) એક અજ્ઞાન શખ્સના હાથમાં કદીબી સોંપના ના. ઓ ખુદા! એક અશો મન શોધી કાઢ વાની નીશાનીઓ (ચીન્હો). તું અમને ખુલ્લી કરી બતાવ, (કે જેથી કરીને, અજ્ઞાન અને અપવીત્ર અંતઃકરણ, અને પવીત્ર મન એ બન્નેને પારખી શકીએ. નહીં તો ઉપલો સવાલ મુકવા માટે લાયક શખ્સ, અમે શોધી કાઢી શકીશું નહીં.)

વીવેચનઃ ફકત જેઓ પવીત્ર ચાલચલણથી પાકીજેહ થયલાં હોય છે, તેઓનેજ એવા મોટા સવાલોના તોડો શોધવાનું સોંપવામાં આવે છે. ફકત તેઓએ પોતપોતામાં નકકી કરવું જોઈએ, કે કયો રસ્તો પસંદ કરવાજોગ છે, અશોઈનો કે દરૂજીથી ભરેલો. અહીંઆં એક અભણ અને બીન અનુભવી માનવીના ચુકાદા ઉપર જે દોરવાય છે, તેના પુરાં કમભાગય સમજવાં. અને ઉપલા ફકરામાં ખુદાતાલાને અરજ કરદામાં આવે છે, કે તે એવાં સર્વે ચીનહો ખુલ્લાં કરે, કે જે વડે એ સવાલોનો જવાબ દેવાને, લાયક માણુસ, તુરત માલમ પડી આવે. કારણ કે માનવીને જો એજ નીયમ આપયો હોય, કે "એવા સવાલોનાં જવાબને માટે ડાહયા શખસોનેજ શોધવા," અને જો ડાહાપણવાળાઓને પીછાની શકવાની રીત બતાવી ન હોય, હોય તો પછી શોધજ કેમ થાય?

ડાહયો માનવી. અજ્ઞાન માનવી. અશો મનની નીશાનીઓ.

૧૮. સંભાળ રાખજો! પાપી અને દુષ્ટ માણસોને મોહોડેની માથવાની સાંભળશો મા, અને તેમની સલ્લાહ ઉપર અમલ કરશો મા. કારણ કે દેશને, શેહેરને તેમજ ઘેરને (એટલે તેઓમાં સઘળાં વસનારાંઓને) તેઓ મહા દુઃખ અને સંતાપના વમલમાં લાવી નાંખશે. તેટલા માટે તેમની (એટલે તેમના કુકર્મો અને સલ્લાહોની) સામે લડજો, અને તેમને (આતમીક) હથયારો (એટલે અશોઈ, બંદગી, ધર્મોપદેશ વીગેરે)વડે કચડી નાંખજો.

વીવેચનઃ-આ ફકરો તેની ઉપલા ફકરાની સમજણને આગળ વધારે છે. ફકત ડાહયા માણુસો નીજ સલ્લાહ લેવી, અને વળી તેથીબી વધુ, પાપી દુષ્ટોને તો ખાસ દુરજ રાખવા. જો તેમની મીઠી લીસી વાતો ઉપર ધ્યાન આપવામાં આવશે, તો દેશની શહેરની, ઘરની, સર્વેની પાયમાલી થશે. ગાથાવાણીની વળાણુ ઉપરથી, કુકરમોની સામે દરૂઢતાથી થવા માટે એકજ રસ્તો જણાય છે. નજીસ પાપોનો ઘણીજ અસરકારક રીતે નાશ કરવા માટે ફકત અશોઈ, ધર્મોપદેશ, અને બંદગીના આતમીક હથયારોનોજ ઉપેયોગ કરવો યોગય છે.

દુષ્ટો તરફનાં માંથરો. ખરી જહાદ.

૧૯. ઓ અહુર! જે ભણેલો પુરૂષ બેઉ દુન્યા (આકારવાળી તેમજ આકાર વીનાની) ઉપર અમલ ચલાવતી અષોઈ (ના કાયદાઓ) તરફ ધ્યાન આપી, તે ઉપર વીચાર કરે છે, તે સત્તા અને સચ્ચાઈથી બોલી શકે છે. (અને) ઘણોખરો તે (ઉંડો હોવાથી), ચુપકીદીજ અખતયાર કરે છે. ઓ અહુર! તેં જે આતશ (તેનામાં) સળગાવ્યો છે, તેની મદદ વડે, તે તારા તરફની ભલી લડાઈમાં (હઈયાતીના આ ક્ષેત્રમાં, માનવીના ઉંચ અને નીચ તત્વોની વચ્ચેની મીનોઈ ઝપાઝપીમાં) ઉતરે છે.

વીવેચનઃ અત્રે છેલ્લા ફકરાની આગળ આવી ગયલા ફકરામાં ડાહાપણના જે ચીન્હો વીષે પુછપરછ કરવામાં આવી છે, તેની શાનીઓ મળી આવે છે. જે શખ્સ દેખીતી અને અણદીઠ એ બેઉ જગતના બંધારણને લગતા, અષોઈના કાયદાઓને તાબે થાય છે, તે ડાહયો પુરૂષ છે. બીચર સત્ય કહે છે, કે "એક સાચ્ચો માણુસ જેની બા

અષોઈભરી લડાઈ.

જુએ ખુદા હોય છે, તે જોકે એકલો હે શે તોપણ તેની બાજુએ બહુમતી છે, એવું કેહેવાઇ શકાય; કારણકે પૃથવીની સઘળી પ્રજાની સંખ્યા ગણાઇ શકે છે, પણ ખુદાતાલા એકલો છે, તોએ અસંખ્ય છે." એ પ્રમાણે દુનયામાં ડહાપણ ધરાવનારાં, ચાલાક, અને કેહેવાતા ભણેલા શાસ્ત્રીઓ અને પંડીતો, જેમનું ધયાન બસ ફક્ત બાહારની દેખીતી દુનયા ઉપર રોકાયલું હોય છે, તેઓ ડાહયા લોકોની પંકતીમાંથી એક ફટકે બાતલ કરવામાં આવયા છે. પોતાને "સમજુ" માં ખપાવતા લોકોના આગ્રહ ઉપર લક્ષ દેશોમા. તેમની સ્થીતી ઉપલો ફકરો આપણને બરાબર સમજાવે છે. જો છકડ ખાવા નહિ માંગતા હોવ, તો તેમને કરડાઇથી બાજુજ રેહવા દેજો.

જેઓ ફક્ત અશોઇની તાબેદારી કરે છે, તેઓ શીવાય કોઇપણ, ગંભીર અગતયતા ધરાવનારા સવાલો ઉપર, "સત્તા અને સચ્ચાઇથી બોલી શકે નહી." ચોપડીઓ ઘણી વાંચી અને તેઓમાથી મળતું ગ્નાન ધરાવવાથી, અને વહેવારૂ અનુભવ મેળવવાથી, ઘણાજ બુધીશાળીમાં ખપવાથી, અથવા ચાલાક દેખાવાથી, ગાથાવાણી પ્રમાણે દેખાતા એક ડાહયા માણસની પંકતીમાં, દાખલ થઇ શકાય નહીં. તે 'ડાહયો' પુરૂષ સાધારણ રીતે થોડું બોલે છે, એવી ઉપલી સાદી અને અસરકારક ટીકા, ઘણી બોધકારક છે. જીંદગીમાં લાગતા ડંખોના લગભગ પોણા ઝેરની અસર, આપણી જબાન બંધ રાખવાથી, કમી થઇ શકે છે. જુઠી બકબક કરવી, નાની વાતોને મોટું રૂપ આપવું, અથવા આપણી જંજાળોને કોઇપણ માનવી આગળ મોટી ચીતારવી, અથવા તો આપણને મળતાં અપમાનો અને સંભળાવેલા તુચ્છ બોલોને વજન આપવું, એ સઘળું, આપણા સ્વભાવની ફક્ત સપાટીપરનાં જીણા જીણા ઘસારાઓ, જેમની આપણે દરકાર કરીએ નહી, તેઓને ઉંડા મોટા ધાઓમાં ફેરવી નાખે છે. જે મોટા મોટા શુરવીરો એ આળસાઇ, ધીક્કાર, નાપાકી, અને વીપરીત બુધ્ધી, એ સઘળાઓની ફોજે બંધી ઉપર ઘેરો ઘાલી, તેમને જીતી લીધા છે, તેઓ બરાબર જાણે છે, કે "ગ્નાન મેળવવું, મરજીને કાબુમાં રાખવી અને મકકમ બનાવવી, પુર્ણ હીમતથી આગલ વધવું, અને ચુપકીદી જાળવવી," એજ તે ફતેહ મેળવવાના અચુક સાધનો છે. અસલના વખતમાં પાઇથેગોરાસ ગુરૂ, જે શખસ પાંચ વરસ સુધી તદન ચુપકીદી (મુગાપણું) જાળવતો હતો, તેનેજ ખાસ પોતાના ચેલા તરીકે સ્વીકારતો હતો. તે ચેલાને એ રીતે પોતાના વીચારો મનમા વાગોળવાને, ચીંતન કરવાને, તથા સતયભાવ અને સતમાર્ગ માટેની તેની ઉતસાહને ખરી સાબેત કરવાને, પુરતો વખત મળતો હતો. ફોકટના વાદવીવાદો તથા તકરારોમાં પોતાની શકતી, તેમજ વખત-ગુમાવવામાંથી, તે બચી જતો હતો. કારણ કે સઘળા સવાલો અને શંકાઓના ખુલાસાઓ, એ બોધકારક, નીતીદાયક કસોટીના હીંગામમાં, તેને પોતાની મેળે મળી જતા હતા.

'અજીત 'જોવ'ના વીજળીક આતશ' એટલે આત્માના, સર્વશકતીમાન, આતશની મદદ વડે, એક લાયક 'ડાહયો' પુરૂષ લડાઇમાં ઉતરે છે. અને આવાં હથયાર વડે તેની નકકીજ ફતેહ થાય છે. થોમસ આ કેમ્પી સત્ય લડાઇને નીચલા વાકયમાં ઉત્તેજન આપે છે. "એક સારા સીપાહ બચ્ચાની માફક લડજે; અને કેટલીક વેળા જોકે કમ તાકાતને લીધે તારી હાર થાય, તોપણ ખોદાતાલાની વધુ કૃપામાં વીસ્વાસ મુકીને, વધારે હીંમતભર્યા જોરથી ફરી અને ફરી લડજે." એડમંડ બર્ક ખરી રીતે ટીકા કરે છે, કે "જે આપણી સાથે બાથ ભીડે છે, તે આપણા ગ્નાન તંતુઓ (nerves) ને મજબુત કરે છે, તથા આપણી ચાલાકીને તેજ (sharp) બનાવે છે." "યકીનની ભલી યુધ્ધમાં તું જીપલાવ, અને હંમેશગીની અમર જીંદગીને મજબુત પકડી રાખ. હંમેશગીની અમર જીંદગી એ શું છે? એ કાંઇંજ નહીં પણ માત્ર માણસજાતની એકલપેટી મરજીથી વેગળી, ખુદાતાલા પોતાની પવીત્ર અને ન ફેરવાય તેવી મરજી છે," એ પ્રમાણે થોમસ

એસકીન બોધ દે છે. આ બાબદમાં વળી સેંટ ઓગસ્ટાઇન, આપણને એવી સલાહ આપે છે, કે "જીત મેળવનાર સેનાપતીની ફતેહ થાય છે, તોપણ જો તે લડયોજ ન હોત, તો તેને જીત મળી શકતે નહી. અને નવી લડાઇમાં જેટલો વધુ ભય હોય છે, તેટલા પ્રમાણમાં વધુ ખુશાલી તો, લડાઇમાં મેળવેલી ફતેહની અંદર સમાયલી હોય છે.

૨૦. જે કોઇ એક અશો માણુસને ઠગે છે, (તેના બદલામાં) તેને લાંબી મુદત સુધી ભયંકર અંધકારમાં રેહેવું પડે છે. ખરાબ (અને ગલીચ) ખોરાક ખાવો પડે છે, અને (તે ઉપર જીવવું પડે છે,) અને કડવી અને કકલાટ ભરી બુમો પાડવી પડે છે. ઓ પાપી લોકો તમારી ખરાબ (દુષ્ટ) ધારણાઓ, તથા તમારા પોતાના (કુ)કર્મો, તમને એવી (અંધકાર ભરી) દુન્યામાં લઇ જઇને પટકશે.

અષો સાથે ઠગબાજી. ઉદાસીપણું.

વીવેચન: દુનયામાં એવી સાધારણ કેહેતી છે, કે ભલાઓ. જેઓ, આ દાવપેચથી ભરેલી દુનયામાં, પ્રપંચો વાપરતાં નથી, તેઓ સેહેલાઇથી ઠગાઇ જાય છે, અને દુનયવી આબાદીમાં પછાત પડી જાય છે. એ ખરી વાત છે, કે કમનસીબે જેઓ ભલાં હોય છે, તેઓ સામા માણુસોને પણ પ્રમાણીક સમજીને, તેમના ઉપર પુર વીશ્વાસ મુકે છે. તેઓએ નીચલો કાયદો સોખયો નથી. કે "કબુતર જેવો નીર્દોશ બનજે કે કોઇને તારેથી ઇજા ન થાય. નાગ જેવો ચતુર બનજે; કે કોઇથી તને નુકશાન ન થાય." તોપણ ગમે એવા સાવચેત લોકબી હાલના જમાનાના પકા ઉઠાઉગીરોને હાથે, થાપ ખાઇ જાય છે. એવાં લોકોને માટેની સજા ઉપલા ફકરામાં દર્શાવી છે. તેને સારૂં રહેવાને કાળો ભયભીત અંધકાર, ખાવાને ગંધ મારતો ખોરાક, અને તેની સાથે વળી અસહ્ય દુખના તથા વીલાપના અફસોસ ભરયાં ડચકાંઓ જોડાયલાં છે. માણુસાઇ ઇનસાફની નજરે જોતાં પણ, એક કેદી આ આપણી સ્થુલ ભુમી (physical plane) ના કાયદા પ્રમાણે, ફોજદારી ગુનાહો માટે બરાબર તેવીજ ઢપની સજા ભોગવે છે. તેજ માફકની અંધારી એકાંત કોટડી (cellar), ગંદો, નજીસ, વાસ મારતો ખોરાક,[1] અને વીલાપ અને રૂદન એ સઘળું જેલની મુસાફરી કરવાથી અનુભવાય છે. એ જાણુવાજોગ છે, કે ગાથાના ભણુતરોમાં, કોઇબી ગુનાહ માટે હંમેશ સુધીની સજા મળે છે, એવું જણાવવામાં આવ્યું નથી.

૨૧. જેબી કોઇ, પાક વીચારો અને કામોથી, મઝદ અહુરનો દોસ્ત (થાય) છે, તેના ઉપર તે, પોતાની મીઠી નજરથી, શરીરની સુખાકારી, (આત્માની) અમરગી, આબાદી ઉપર અધીકાર, અષોઇ, અને (આત્મીક) સત્તા, અને અશો મનથી ઉપજતાં પરમસુખની નવાજેશ કરે છે.

મઝદ અહુરનો દોસ્ત. તંદરોસ્તી. અમરગી. પવીત્રાઇ. સતા, પરમ સુખ.

વીવેચન: અત્રે તે પરમકૃપાળુ મઝદ અહુરની રેહેમદીલી જુઓ. તંદરોસ્તી જે હજારો આશીરવાદ સમાન છે, તે પેહેલાં મઝદ અહુરના દોસ્તને મલી શકે છે. ત્યારબાદ આતમાનું પ્રબોધન થય છે, કે જેથી અમરગીનું ભાન આપણામાં ખરેખર સજીવન થાય છે; અને તેથી વળી આપણી આસપાસની સ્થુળ પદાર્થોનું તકલીદીપણું અને ચલીતપણું દેખાઇ જાય છે. ત્યારપછી આબાદી ઉપરનો અધીકાર અથવા કાબુ આવે છે. તેની મતલબ એ છે, કે ખરી આબાદી તથા સુખચેન મેળવવાના સાધનો મેળવવામાં આવે છે, તે બાદ પવીત્રાઇ (અષોઇ) પ્રાપ્ત થાય છે. તેનાં પ્રતાપથી આત્મીક સતા જન્મ પામે છે. છેવટે, સઉમાં વધુ અગતનું એ છે, કે ખોદાતાલાના દોસ્તના અશો મનની, જે પરમસુખની બક્ષીસ મળે છે, તે તેના સુખનો પ્યાલો આખરે છલાછલ ભરી આપે છે. આવાં ઇનામો અને બદલાઓ કાંઇ હવાઇ અથવા હલકાં નથી, જોકે તેઓ વળી વીષયી (sensual) પણ નથી. અને ફકત જેઓ ઇંદ્રી વીષયક મોજશોખની હદ છોડીને, ઉંચે ચઢી ગયા છે, તે

૧. વાંચો દક્ષીણ આફ્રીકાના વીરા મી૦ એમ. કે. ગાંધીના તુરંગના અનુભવો.

ઓજ તેમની ખુબી તથા શ્રેષ્ટતાનું તોલ કરી શકે છે.

૨૨. એક ગ્નાની શખસ જે ભલું (આત્મીક) ડહાપણ પણ ધરાવે છે, તેને સારી રીતે રોશન છે, કે ઉપર દર્શાવેલો માનવી, ભલી સ-તા, વીચાર અને કામ (ના બળ)થી, અશોઇનો બચાવ કરે છે. ઓ મજદ અહુર! આવો નર ખરેજ તારો મોટો સાથી અને મદદગાર ગણાતો થશે.

મજદ અહુરની સાથે કામ કરનાર. (હમકાર.)

વીવેચનઃ જે લોકો મગજની ખીલવણી સાથે આત્માને પણ ખીલવીને ડહાપણ મેળવે છે, તેઓ પુરી રીતે વાકેફ છે, કે આગલા ફકરામાં જે મઝદ અહુરનો દોસ્ત જણાવેલો છે, તે પોતે સત્યતાનો પ્રસાર અને બચાવ કરવામાં એક જંગી બળવાન શક્તી છે. બેશક મઝદ અહુરની સાથે કામ કરનાર સોઠયા તરીકે, તેને લેખવો જોઇએ.

યસ્ન ૩૨.

૧. તેના (નીચ ભાનના) સગાંઓ સાથે કામ કરનારાઓ, પુઠે ચાલનારાઓ અને પાપી માણુસો, જે તેની સાથવાળાઓ છે. તેઓ સઘળા કાલાવાલા કરી મને (એટલે, ઉંચ ભાનને) વીનંતી કરવા લાગા, (કે જેથી કરી તેમને જીવવા અને ફાંટા મુજબ કરવાની છુટ મળે,) પણ મારા મનમાંતો ફક્ત અહુરમઝદતુજ સુખ છે, (કે જે ઉંચ ભાનને ટેકો અને મદદ આપે છે). ઓ અહુરમજદ ! અમે તારા કાસદો બનયે; જેઓ તને ઇજા કરે તેમને અમે હાંકી કાઢી શકયે (એટલું બક્ષ)!

લાલચ. આનંદ.

ઇજા કરનારાઓને મારી હઠાવવું.

વીવેચન: આ ફકરાનો સાધારણ અર્થ એવો કરવામાં આવે છે, જે જરથુસ્ત્ર અહીં ફરીઆદ કરે છે, કે તેના વેરી અંદરના સગાઓ તથા તેની પુઠે ચાલનારાઓએ, અહુરમઝદ પાસેથી બંદગી કરીને માંગી લીધું, કે તે (જરથુસ્ત્ર) ધર્મનો ફેલાવો કરે તે કામમાં હરકતો નાંખી શકે. તોપણ એવી અરજો છતાં, જરથુસ્ત્ર પરવા નથી કરતો, અને દુન્યવી ખુશાલીઓ તેમજ દલગીરીઓથી અલગ રેહેવાથી, અહુરમઝદ ઉપર વીશ્વાસ મુકીને સુખમાં રહે છે. ઉપલાં કાંઉસોમાં, એજ વાકયનો બીજો અર્થ પણ દરશાવયો છે. તે વાકયના છેડાના ભાગમાં, પહેલા પુરૂષનું બહુ વચન વપરાયલું છે. 'અમો' નો અર્થ જો આપણે 'ઉંચ ભાનો' કરીએ, તો તે કદાપી એમ દેખાડે છે, કે પ્રગટીકરણમાં આગળ વધેલા ચેલાઓની ઇચ્છા, સ્પેંતોમેન્યુશ સાથે, સીધા સમાગમમાં આવવાની પદવીએ ચઢવાની છે. તેમ કરીને માણુસ જાતને, તે સાહેબ તરફનાં ફરમાંનો પોહોંચાડવાને સામર્થવાન થવાની આરજુ તે રાખે છે. અત્રે અહુરમજદનો અર્થ, સ્પેંતોમેન્યુશ કરતાં વધુ નથી, કે જે પોતે અહુરમજદની પ્રગટ થયલી ભલી શકતી છે. કારણકે સંપુર્ણ અપોઉરવીમ અહુરમજદ ૧, મરણ આધીન માણુસજાત સાથ, કેવી રીતે વહેવાર રાખી શકે, અથવા તો તે કોઇથીપણ કેમ ઇજા પામી શકે?

૨. ત્યારબાદ તેમનો શુભેચ્છક દોસત અહુર, કે જે પોતાની સત્તાથી સર્વોતમ રાજ ભોગવે છે, તેણે (પોતાના) ભલા વીચાર અને ઝમકભર્યા સત્યથી, તેમને જવાબ આપ્યો "અમે (સ્પેન્ત) આરમઇતી (નમ્રતા) ને પસંદ કરી છે, તેણી હમારી થશે".

સ્પેંતઆરમઇતી (નમૃતા)

વીવેચન:-અતરેનું લખાણ ખુલ્લું ગાથાના એક શ્લોકમાં આવેલા આ તમબોધને, તેની પછીના આવતા શ્લોકો સાથે જોડીને, આખી યસ્ન અંદરથી, સીલસીલા બંધ ચલાવી લઇ જવાનું કામ, બહુ મુશકેલ છે. જો આપણે સંવાદ ઉંચ અને નીચ ભાન વચમાંનો છે, એવું ઠરાવ્યે, તો ઉંચ ભાનની પસંદગી, સ્પેંતઆરમઇતી અથવા નમરતા ઉપર ઉતરવી જોઇએ, તે સમજી શકાશે. તેની મારફતે અશો બનીને, સ્પેન્તામઇન્યુશના કાસદ બની શકાય છે. અને વળી તેની પેદાશને ઇજા કરવાની કોશેષ કરનારાઓને, હઠાવી કાઢી શકાય છે.

આ ફકરા ઉપરથી નમ્રતાના સદગુણની શ્રેષ્ટાઇ વીશે વીચાર ચલાવવાની આપણને તક મલે છે. આપણે વાંચીએ છીએ, કે ઉદાર મનનો શેખ સાદી ઘણોજ નમ્ર છે. જે કોઇ હારી ગએલો, નીચે પડેલો અને આશરો માગતો આવેલો હોય, તે શખસ સાથે કોઇ વધુવાર લડવાને રાજી હોતું નથી. વળી જે ઝાડ ઉપર ઘણા ફળ થયાં હોય છે, તે પોતાનું માથું ઉંચું રાખતું નથી. પણ જેમ જેમ તેનાં ઉપર ફળોનો વધારો થતો જાય છે, તેમ તેમ તે પોતાનું સર નીચું નમાવે છે. ફરીને સાચો, કે ભારી ત્રાજવુંજ નીચું નમે છે. અપશબ્દો ભાંડનાર, કજીઆખોર માણુસ, મકકાનો જાત્રાળુ કેહેવાઇ શકાય નહીં. પણ જે ગરીબ ઉંટ, તે જાત્રાળુ

---

૧. જુઓ અહુરમજદ નામના જુદા જુદા અર્થો બદલનો, આગળ આવી ગયલો બાબ.

ઓને ઘસડી જાય છે, અને કાંટા કચરો
ખાઇને, માથું ફાડી નાખે એવા તાપમાં,
પોતાના બોજા હેઠળ સબુરી પકડે
છે, તે ખરૂં જાત્રાળુ કેહેવાય. ખલીફ
જાફર અલમનસર, નામનો એક મોટો
મુસલમાન પાદશાહ, એક વેળા જ્યારે
પોતાના તખત ઉપર બેઠો હતો, ત્યારે
એક એંટાલ માંખી, ઘણીબી ઉડારવા
છતાં, તેના નાખ ઉપર આવી આવીને
બેસતી હતી. તેથી તેને બહુ કંટાલો આ
વ્યો. તે ઉપરથી તેણે પોતાની દરબારના
એક ડાહયા અને પાકીજેઉ શખસ
ને બોલાવીને સવાલ કીધો, કે "ખોદાતા
લાએ માખીઓને શું કારણસાર પેદા કી
ધી છે?" તેનો જવાબ આ મલ્યો, "કે
આપખુદ અને જબરા લોકોને નરમાસ
શીખાડવાને માટે, તેમને જનમ આપવા
માં આવયો છે." જો ખોદાતા
લાની અંદર દાખલ થવા માંગતા હોવ, તો
મગરૂરીના, તેમજ દુન્યાઇ ઇચ્છાઓના દો
રાઓને, તમારી અંદરથી દુર કરો.
કારણકે ખયાલ કરો, કે આસપાસના વગર
અગતના દોરાઓ તોડી કાઢીનેજ, સોયમાં
એક દોરો પરોવી શકાય છે. નમૃતાનો ગુણ,
સાથે સાથે પરીત્યાગ તથા ધીરજ અને
સહનશક્તી, જે એક ખરા સાધુના ઉતમ
સદગુણો છે, તે ખીલવે છે.

૩. પણ તમે સઘળા દેવો, તમે અ
કોમન (બુરા વીચારવાળા) દેવની ઓલા
દના છો. જે તમારી ઘણી પુંજા કરે છે,
તે ધુતારો (ઠગારો) હોય છે, અને ખ
રે રસ્તેથી આડો ગયલો હોય છે. તમે
ઘણી ઠગબાજીઓ કીધેલી છે, જે માટે
પ્રથવીના (અથવા સૃષ્ટીના) સાતે ભાગો
(અથવા ભુવનો ઉપર)[2] તમો જણાય
લા છો.

વીવેચન: અહીંઆ અહુર, સ્પેન્તઆર
મઇતીને પસંદ કરવા પછી કહે છે, કે દે
વદરૂજો જેઓ અંગ્રેના છીલપીલ છે, તે
મનો રસાલો ઠગારાઓ અને રદબાતલ
જીવડાઓનો, બનેલો છે, જેઓ પો
તાના કાવત્રાંઓ માટે સાતે કેશ્વરો
(ભુવનો, planes)માં જાણીતા થયલા છે.

અહુર તેમને પોતાના તરીકે કબુલતો
નથી, અને હંમેશાં તેમના માથાં ભાંજ
વાની તજવીજ કરે છે. એક વેશધારી
ઢોંગી અને ધુતારાને શું તમો પીછાણતા
નથી? ઘઉંનો નમુનો દેખાડી, તે
વેચવા કહીને, જે માણસ જવ
વેચે છે, તેને પુછો કે તેણે વાંકી
લાકડીનો, સીધો ઓળો, કોઇ દીવસ
જોયો છે? તે તરત પકડાઇ આવશે.
તે માણસ, પોતાના બદ હઇયામાં,
પોતાના હાથમાંની બંદગીની હાર
ડીમાં પરોવેલા સો દાણા જેટલી સં
ખ્યામાં, સો નવાં પાપોને, દર સહવારે ઉતે
જન આપતો હશે! એવો માણસ, આ
ખી જીંદગી સુધી મોઢેથી ગમે એટલી
બંદગી કરે, તોપણ તેનું કાંઇ વળે

દેવો. બાતલ થયલાઓ. ઠગબાજીઓ.

નહીં. કારણ તે પો
તાના ભાઇબંધોને
દુખ અને સં
તાપ દે છે. જેઓ
ઠગાઇ કરી અને પા
રકાને ઇજા આ
પી, સુખ મેળ
વવાની ભરાંતીમાં પડયા હોય છે,
તેઓ વીસરી જાય છે, કે પાણીથી ભ
રેલા ચકચકતા સોનાના પયાલાઓથી
કાંઇ તરસ છીપાતી નથી. પણ ભીતરની
તરસ તો સાદું સ્વચ્છ પાણીજ છીપા
વી શકે છે. પયાલાંઓ તો ફકત જોવાના
છે. કદી વીસરતાના, કે તમારા દોસ્તો,
જેઓ તમને મરણતુલીકના અખંડ વફા
દાર પ્રેમભાવથી ચાહે છે, તેમની પાસે
તમારી તંગીની વેળાએ, જો તમો દસ
પાઇ માંગવા જશો તો, તેઓ તમને ત
મારા એવા નાચાર વખતમાં મદદ કરવાને
બદલે, જગતના સખાવતી કીરતારનો ફક
ત તેઓ હવાલો આપશે! એક ઠગારા સા
ધુને, એક દીવસ એક મોટા રાજાએ ખા
ણા ઉપર નોતર્યો હતો, તેની અત્રે આ
પણને યાદ આવે છે. પણાજ સાધુપણાં
તથા ઇશ્વર ભકતીભાવની નીશાન તરી
કે, શરીરની નબળાઇ બતાવવાના ઢોંગ
કરવા માટે, અને રાજાનું પો
તા તરફ વધુ માન ખેંચવા
માટે, તેણે આ નોતરૂ મળવા પછી
મજબુત જોલાબ લેવાનો ઠરાવ કીધો.

---

૨. આપણે જયાં પણ જઇશું, ત્યાં
છેવટની ફતેહ તુલીક, બુરી શકતી, હ
મેશા ભલી શકતીની સામે થતીજ જોઇશું.

હવે ખોદાતાલાનો ઇનસાફ એવો અદલ છે, કે ભુલથી તેને બદલે તેણે ઝેર પી લીધું. અને તર્યાને તર્યાજ પ્રાણ છોડી દીધો. ખુદાની હસી કરાવનારનો આવો ફેજ થયો! તે ઠગારાના આવા દલગીરી ભરયા અંત માટે તે રાજાને માત્ર દયા લાગી. દુન્યાઇ મોજ મજાહમાં પડેલાં સગાંવહાલાંઓના ઢોંગનો એક દાખલો, આપણને કહેવામાં આવયો છે. એક ઘણા આગલ વધેલા મોબેદને તેના એક મેલાએ, સગાંઓના પ્યાર અને ચાહ બાબે સવાલ કીધો. તે સંસારી મેલો હતો, અને તેને પોતાના નજદીકનાં સગાંઓ ઉપર અતી ઘણો ચાહ હોવાને લીધે, તેના આત્મીક વધારામાં નડતલ થતી હતી. તે મોબેદે તેની સાથે ઘણી તકરાર કીધી, અને તેને સમજાવવાની તજવીજ કરી, કે ઘણાં ખરાં સગાવાહાલાંઓ, ફકત જળો સમાન હોય છે. પણ તે સંસારી માણસ એવું માનવાને સાફ ના પાડતો હતો. તેનું એક ઘણુંજ અંગત વહાલું, જે હંમેશા તેને માટે જાન આપવાને પણ તઇયારી બતાવતું હતું, તેના પ્યારની અજમાએસ લેવાને, તે મોબેદે સુચવ્યું. તે શખસે આ ગુંચવાડાનો, એ રીતે બરાબર ખુલાસો થશે એમ ધારીને, તે સુચના માન્ય રાખી. તે મોબેદે તેને ઘણોજ સીક હોવાના ઢોંગ કરવા કહયું, અને એક ડોકટરને પોતાના વીશ્વાસમાં લઇ, તેને તેની દવા કરવા બોલાવવાની સુચના કીધી. તે માણસ ઘેર ગયો, અને એક ભયંકર રોગથી પીડાતો હોવાના ઢોંગ, ઘણીજ સફાઇથી અને ફતેહમંદીથી કરયો. એક અઠવાડયું સુધી, ડોકટરે આવજા કરી. પછી તેણે કહયું, કે કેસ ઘણો ગંભીર હોવાથી દર્દીની બચવાની આશા ન હતી. તે સાંભળીને કુટુંબમાં રડારોળ ચાલી રહી. કાંઇબી કરીને તે ધણીને બચાવવા માટે, ડોકટરને આગ્રહ કરવામાં આવ્યો. ઘણાજ દબાણ અને વીનંતી પછી, તેણે ઘણાક દીવસો પછી એવું જાહેર કરયું, કે એક ઘણોજ આગળ વધેલો જોગી, જેને પેલા સીક માણસની જન્મપત્રીકા બતાવવામાં આવી હતી, તેણે એવું જાહેર કર્યું હતું, કે તેને બચાવવાનો ફકત એકજ રસ્તો હતો, અને તે એ હતો, કે જે પ્રમાણે મોગલ બાદશાહ બાબરે, પોતાના છોકરાને બદલે પોતાને માટે મોત માંગી લઇ, તેને બદલે તે મરણ પામ્યો હતો, તેમ કોઇ પણ માણસ તે દર્દીનું દરદ લઇને, આ જેહાન છોડી જવાની બંદગી કરે, તોજ તેનો જીવ બચી શકે. તે દર્દીની માતાને પુછી જોવામાં આવ્યું, કે પોતાના પ્યારા જાનનો ભોગ આપવાને તેણી તઇયાર હતી કે નહી. તેણીએ કહયું, કે તે તઇયાર તો હતી, પણ તેણીના બીજા મોટા છોકરાઓની સંભાળ લેનારૂં, તથા તેમના સુખ સગવડ પાછળ ધ્યાન આપનારૂં કોઇ ન હતું. માટે તે બહાનાના ઓઠાં હેઠળ, તેણીએ ના પાડી. તેની બઇરીને જયારે તેજ પ્રમાણે પુછવામાં આવ્યું, ત્યારે તેણીએ જવાબ દીધો, કે તેણીના બુઢા બાપને ખાતર, તેણી તે ભોગ આપી શકતી ન હતી. તેના દીકરાને પુછતાં, તે કગલીને કેહવા લાગ્યો, કે તેની જુવાન બઇરીની સંભાળ લેનારૂં કોઇ ન હોવાથી, તેને જીવવું પડતું હતું; બાકી તો તે જરૂર જીંદગી ત્યાગ કરતે. દીકરીને પુછતાં, તેણીએ કાલાવાલાથી કહયું, કે તેણીનો ધણી બુઢી વયનો હોવાથી, તેની એવી નાતવાન વયે, તેને એકલો મુકી શકાય નહી. તે દર્દીનાં સઘળાં વાહાલાંઓને, એકેક પછી એકેક, તેનાં ઓરડામાં લાવીને, તેમને એજ રીતે પુછવામાં આવ્યું. કાંઇને કાંઇ બહાનું કાઢીને, તેઓ સઘળાંઓએ છટકી જવા માંગયું. તે દર્દી પોતાના બીછાના ઉપરથી તુરતજ ઉઠયો. પોતાના ઘણાંજ વહાલા સગાંઓને છેલ્લી સલામ કરી. અને જે સગાંઓ અતી વાહલામાં ખપવાનો દાવો કરતાં હતાં, તેમની અજમાસ લેવા, તેને જે દુર અંદેશ મોબેદે આગ્રહ કરયો હતો, તેની નેગેહબાની તથા રાહબરીનો તેણે આશરો લીધો. એમ થતાંનિવાર તેની આત્મીક જીંદગી ઝલકાટવાળી બની. ત્યારબાદ પીચકારીમાં અળગ રહેતા, એક ડાટાયા ઢુચાની માફક, તે દુનયામાં વસવા લાગ્યો. એટલે કે, જોકે તે દુનયામાં વસતો હતો, તોપણ તેનાથી તદન અલગ થયો હતો.

અઝીઝીએ બરાબર કહયું છે, કે "આ જીંદગી દરવીશોનું મોત છે; ખરેખરી હસ્તીની દુનયાનેજ દોસ્ત તરીકે ગણો." આજ ખરૂં જ્ઞાન છે. નીશાળોમાં તથા કોલેજોમાં મળતું દુનયવી જ્ઞાન, કુવામાંથી ચાળણી વડે કાઢેલાં પાણી સમાન છે. વળી યાદ રાખવું, કે "જે ઘણી શીખે છે, પણ પોતે જે જાણે છે તે ઉપર અમલ કરતો નથી, તે ઘણી જમીનને ખેડયાજ કરે છે, પણ કોઇ દીવસ કાંઇબી વાવતો અને કાપણી કરતો નથી." જ્ઞાનને ઉપ્યોગમાં ન લેવું, એ ફક્ત ભેજાં ઉપર બોજો ઉઠાવવા સમાન છે; જયારે જ્ઞાન ધરાવવા વીના, એટલે ડહાપણ વીનાના કૃત્ય કરવાં, એ ચેડાંઓ કાઢવા બરોબર છે.

૪. કારણકે તમો (તમારા સાંભળનારાઓના) મગજોને ગુચવાડામાં તથા મુજવણમાં નાખો છો, જેથી કરીને લોકો સર્વથી ખરાબ, દુષ્ટ કરમો કરતાં શીખે છે, અને આખો મન(ની હયાતી તથા તેના કાયદાઓ) માનવા ના પાડે છે, તેઓ (નીંદક, બીભીત્સ અને ન્યાય અને તર્ક વીરૂધ,) દેવોના ભાઇબંધોની માફક, દુષ્ટ બોલો બોલે છે. વળી તેઓ અષોઇ ખોહતા જાય છે, અને અહુરમજદે આપેલું (આત્મીક, જાતી) ડહાપણ પણ ગુમાવી બેસે છે.

વીવેચનઃ આ ફકરો બાઇબલમાં જણાવેલા 'બેબલ'ની ભાષાઓના ગુચવાડાનો ભાસ આપે છે. હયાતી, અમરગી અને આતમાની છેવટની ફતેહ, તેમજ કીરતારને જગતનું મુળ તથા હયાતીના આધાર તરીકે ગણવાના, ઘણાજ જરૂરી અને અગત્યના સવાલો બાબે, લાખો લોકો, લાખો જુદી જુદી જાતના મતો ધરાવે છે. એ જયારે આ પણને ખુલ્લું જણાય છે, ત્યારે જે બીચારા સાદા ભોળા લોકો, જેઓ જેમ દોરવવામાં આવે, તેમ ચાલવા માટે તઇયાર અને તાબે થાય છે, તેઓ લોકોનાં ગુંચવાડાભર્યાં ઉલટાં, સુલટાં જાહેર કરેલાં મતોથી, તદન ગભરાઇ જાય, એમાં

ગુંચવણ. ગડબડ ગોટાળો. દુષ્ટતા.

કાંઇ શક નથી. વળી દેવો પોતાનાં અયોગ્ય ભાષણો, અને બેહુદી, મુર્ખાઇભરી વાતોથી, અને નીંદાખોર ચાપલુસીથી, એવા ગુચવાડામાં એટલો ઉમેરો કરે છે, કે તેમાંથી સાધારણ વીચાર શકતીવાળાથી છુટું થઇ શકાયજ નહી. ખોટે રસ્તે દોરવી લઇ જનારાઓનો ફેજ, ચલકતા આરસીના તખ્તાની માફક, આપણને ખુલ્લો દેખાય છે. તેઓ અપવીત્રાઇના ઉંડા ખોહમાં નીચેને નીચે ગબડતા જાય છે. અને છેવટે સમજશકતી, જે તેમને ખરા રસ્તાપર દોરવી લાવવાને માટેનું સાધન છે, તે સાધન પણ તેઓ ગુમાવી બેસે છે. એક માનવીનો એથી વધુ દલગીરીભર્યો ફેજ બીજો કયો હશે? જાણે એવું બને છે, કે અકકલને લગતું કામ બજાવવાને માટે જન્મેલા માણસ પાસેથી, ભેજાંની સઘળી સમજશકતી, ધીમે ધીમે ઓછી કરી, છેવટે તદન ખુંચવી લેવામાં આવે છે, અને આખરે તે એક બકબકારો કરતો, ઘેલો માણસ થઇ જાય છે. તયારે દરેક માણસ, જે આત્મીક કાર્યો કરવાને અવતર્યો છે, તેના આતમાની સમજ શકતી જો નાબુદ કરવામાં આવે, તો તે એક મોટામાં મોટી આફત સમાન થઇ પડે. તે એટલી તો મોટી અને ભયંકર ગજબ છે, કે તેના કરતાં મોટી સ્થુલ શરીરની વીપતી, માણુસ જાત માટે કલ્પી પણ શકાય એમ નથી.

૫. (આત્માની) અમરગી અને જીંદગીના (ખરાં) સુખ બાબે, તમે માણુસ જાતને ખોટે રસ્તે દોરવો છો, કારણ કે અકોમન નામની દુષ્ટ શકતીએ તમો દેવોને જાહેર કર્યું છે, કે અંગ્રેમઇન્યુશ બદ વીચારો, બદ બોલો, અને બદ કામોની મારફતેજ પોતાની સત્તા ચલાવે છે.

વીવેચનઃ દેવોની દગાબાજી અને કરામતો એવા કાયદા ઉપર રચાયલી છે, કે "કોઇ સેજબી ભલું કરવું એ હમારી ફરજ નથી, અને હંમેશા બુરૂં કરવામાંજ હમારી મુખ્ય મોજ અને ખુશાલી છે." જો અકોમન પોતાની દુષ્ટ, ઘાતકી છાતીમાં, દયા, સત્યતા અને પરોપકારનો જરાબી

સુખ, અમરગી, અકોમન.

અંશ પેસવા દે, તો તેની સત્તાની આખી ઇમારત, કાંડીની પેટીઓના બનાવેલાં ઘરની માફક, ધસી પડે.

૬. જે હથીયારો ઉપર દર્શાવવામાં આવ્યાં છે, તેઓ વડે, પાપીઓને બરાબર શીક્ષા કરવામાં આવશે. ઓ અહુર! તારાં ઐફીનાર જ્ઞાનથી, તું બરાબર સમજી શકે છે, કે માનવી જાતનો હીસાબ કેમ લેવો. તારી સત્તા હેઠળ અશોઇ સ્થાપવા માટે, હું ધર્મના ફરમાનો (અહુરના કાયદાઓ) પ્રમાણે ચાલું, અને તેમને જાથુકના બનાઉ.

હથીઆરો. માણુસ જાતનો હીસાબ. ધર્મ.

વીવેચન: જે હથીઆરો વીશે ઉપર ઇશારો કરવામાં આવ્યો છે, તે ઉપલા ફકરાની આજુબાજુ કેથે જણાવ્યાં નથી. યસ્ન ૩૧, ફકરાઓ ૧૮ અને ૧૯ માં જણાવેલાં હથયારો બદલ ઇશારો હોય. નેક વીચારો, નેક સખુનો અને નેક કામો, એજ મોટાં હથીઆરો હોવાં જોઇએ, કે જે સર્વ દુષ્ટ કીલ્લાઓના ચુરેચુરા કરી નાંખે છે, અને તેમની પછવાડે છુપાઇ રહેલા પાપીઓ ઉપર સ્પેનામીનોને સરદારી મેળવી આપે છે. પ્રોફેસર હારલી, પેહેલા વાક્યનો અર્થ કદાચ વધારે સાચી રીતે કરે છે, કે 'જે પુરતી સજા તમોને થઇ છે, તેના તમે પોતેજ ખરાં કારણ છો.' માણુસ જાતનું કોઇપણ દુષ્ટ કર્મ, તે સર્વજ્ઞાની અહુરથી છુપું રહેતું નથી. અલબત, ઉપલા ફકરામાં ફરમાવ્યા મુજબ અશોઇ જાળવવા માટે, અહુરના કાયદાઓ, જે પેગમબરની મારફતે ધર્મના ફરમાનો તરીકે આપવામાં આવ્યા છે, તેમને તાબે રહી ચાલવું જોઇએ.

૭. આ પાપી લોકો, જેઓ પોતાની ખરાબ ઉશ્કેરણીઓથી, પોતાને શીર જે ભયંકર સજા ખેંચી લે છે, તે સજા તેમને 'સ્વચ્છ ધાતુ'ની મારફતે મળશે પણ તેમના પાપોની, તું અહુરમજદ! સર્વથી અચ્છી માહીતી ધરાવે છે.

વીવેચન: અત્રે પાપીઓ તથા બદસલાહકારોને શી રીતની શીક્ષા થશે તે બાબે જણાવવામાં આવયું છે. પછી ગમે તો તેઓ મોટા ધંધાદારી ઠગબાજો હોય, યા ધર્મગુરૂના સાહયા હેઠળના ધુતારાઓ હોય, અથવા તો કોઇ ઉલથાપ આપનારા, માનચાન ખોળનારા, કાવત્રાંબાજો હોય તો શું થયું? ખ્રીસ્તી લખનારાઓ બાઇબલમાંથી આપણને એને મળતા વીચારો આપે છે. સેંટ ઓગસ્ટાઇને પુકાર, કર્યો હતો, કે "હું કંગાલ હતો; અને આ દુન્યાની નાશકારક ચીજોની દોસ્તી અને મોહમાયામાં, દરેક આત્મા, જે વીંટળાયલો રહે છે, તે કંગાલ થાય છે. જયારે તે ચીજો તે ખોઇ દે છે, ત્યારે તેમનાથી છુટા પડતાં તેનું જીગર ચીરાઇ જાય છે." "પોતાની હલકી ઇચ્છાઓ તરૂપ્ત કરવા માટે દોડનારા લોકો, માછલીઓ જેવા બેવકુફ છે. તે માછલીઓ, હજારોની સંખયામાં એક જીવલેણ ગળની આસપાસ, સંભાળથી વીટાળી દીધેલા, કોહેલા સડેલા, કીડાની પાછળ દોડે છે," એવું જીરેમી ટેલરનું કહેવું છે. ગરનોલ વાજબી સવાલ કરે છે, કે "આખો દીવસ તારા અંતકરણને દુન્યાઇ વીચારોથી ભરપુર રાખીને, રાતે તેમાંથી બેહેસ્તની ખુશાલી ખેંચી લાવવાની ઉમેદ તું કેમ રાખી શકે?"

ભયભીત સજા. પાપોની નોંધ.

જે હલકી ઇચ્છાઓ માણુસ જાત ઉપર કાબુ મેળવવાને યત્નો કરે છે, તેમની સતા બાબે સેંટ જોન ડંકન કલાર્ક આ પ્રમાણે કહે છે, કે "જયારે "હું પણું" રાજય કરે છે, ત્યારે હવસ પ્રધાન બને છે, અને (નીતીરીતી અને અષાઇનો) નીયમ, દરબારના મશ્કેરાની જગા લે છે." "નીષ્ફલતામાં નહીં, પણ હલકી ઇચ્છામાં મોટો ગુનાહ છે," એ પ્રમાણે લોવેલ બરોબર સમજાવે છે. બીચર આપણને કહે છે, કે "એક અમીર માણુસ, પોતાના કરતાં ઉંચાજ વીચારથી ગણત્રી કરીને, સરખામણી તેની સાથે કરે છે, જયારે એક હલકો માણુસ, પોતાના કરતાં હલકા સાથે પોતાની

સરખામણી કરે છે. એમનામાંનો પહેલો ખરી ઉંચાઇ ઉપર ચઢવાની આશા રાખે છે, જ્યારે બીજો દુન્યવી લોભ દેખાડે છે. એક નીચ અધમ માણસ, લોભનો રસ્તો પકડે છે." ડીન સ્વીફ્ટ પોતાની હમેશની ઝમકદાર ભાષામાં, લોભ બદલ ટીકા કરે છે, કે "લોભ લાલચ માણસોને નીચમાં નીચ કામ કરાવે છે, અને દરયાફ્ત કરશો તો સમજાશે, કે ઉંચે ચઢવાને માટે પણ, પેટ ઉપર (સાંપની માફક) હલકટ અને અકુદરતી રીતે ચાલવું પડે છે."

"યાદ રાખવું, કે કાંઇ ફક્ત પૈસા ટકા અને સત્તાનીજ ઇચ્છા, આપણને નીચ બનાવી અને બીજાંઓને આધારે નાખતી નથી. બલકે કામમાંથી ફારેગ થવાનો, અને શાંતી તથા જ્ઞાન મેળવવાનો, અને મુસાફરી કરવાનો અભખરો પણ, આપણને તેજ હલકી પકતી ઉપર ઉતારી પાડે છે. કારણકે, સાધારણ રીતે કોઇ પણ બહારની ચીજને આપણે કીમતી લેખીએ, તો આપણે તેના અથવા કોઇના તાબેદાર બનીએ છીએ."

જે સજા "સ્વચ્છ ધાતુ"ની મારફતે મળનાર છે, તે કદાચ આપણા ખાકી શરીરો કરતાં વધુ સ્વચ્છ અને સુક્ષમ[૧] પદાર્થનાં બનેલાં, ઉંચ શરીરોને ખમવા પડતાં દુખોને માટે ઇશારો હોય. બીજો અર્થ એમ પણ થઇ શકે, કે પીગળેલી ધાતુનો રસ ચામડીપર નાખવાથી જેટલું દુઃખ થાય છે, તેટલું અસહ્ય દુઃખ, પાપીઓના શરીર ઉપર આવી પડે છે. આગળ પાપીઓના તનો ઉપર પીગળેલી ધાતુ નાખી, તેમને શીક્ષા કરવામા આવતી હતી, તે બદલ અહીં સુચના થઇ હોય, એવું કેટલાકો ધારે છે. વળી તેઓ સજા બદલ અજ્ઞાન છે. તેની સાથે અહુરમઝદના સંપુર્ણ જ્ઞાનની સરખામણી કરેલી જણાય છે.

૮. એવાં પાપી કર્મો કરવાવાળો એક જમશેદ નામનો, વીવહામનો (દીકરો) હતો, કે જેણે ફુલાઇ જઇને, એવા બે અદબ શબ્દો ઉચર્યા હતા, કે જેથી આપણ માણસ જાતના દીલ, વીંધાઇ ગયાં હતા. ઓ મઝદ! એવાઓને તું જે શીક્ષા કરે છે, તે સાથે હું મળતો થાઉં છું.

જમશેદની બેઅદબી.

વીવેચનઃ માઝદીઅસની રાજકર્તાઓ માંનો જમશેદ નામનો એક ઘણોજ કીર્તીવંત રાજા હતો, કે જે ઘરાની અન દંતકથા પ્રમાણે, સઘળી માનસાઇ કળાઓ તેમજ હુનરોનો સ્થાપનાર હતો, અને જે સર્વ બાહાદશાઓમાં અનુપમ હતો. એવું કહેવાયલું છે, કે તેણે આખરે અહંકાર બતાવવા માંડયો, તથા અંગ્રેની ઉશ્કેરણીથી માણસના શરીરમાં હોવા છતાં, પોતે ખોદા હતો એવો દાવો કરવા માંડયો, તથા લોકો પાસે પોતાની પુંજા કરવવા માટે ફરમાનો કાઢ્યાં. શાહનામામાં હંમેશા મહું મરચું ભભરાવીને સઘળી વાતોની માફક, એ બીના લખવામાં આવી હોય એમ લાગે છે, અને તેમાંથી જે બ.બદો ગુપ્ત વીદયા જાણનારાઓજ સમજી અને તેમનો ખુલાસો કરી શકે તે પડતી મેલવામાં આવી હોય. જમશેદ જેવો એક આવો મોટો દીક્ષા પામેલો, દઇવીક રાજા, કે જેને દુનયાની એક નવી પ્રજાની સ્થાપના કરવાનું મહાન કાર્ય સોંપાયું હતું, તથા જેનું રાજ્ય શાંતી, જુવાનીની તાજગી, અને ઉપયોગીપણાથી ભરપુર હતું, અને જે લગભગ હજાર વરસો સુધી ચાલુ રહયું હતું, તેના જેવામાં એવી તુમાખીની સાધારણ ખામી, બચ્ચાંસહી લાગે છે. જમશેદ, સઘળા હુન્નર ઉદયોગોનો સ્થાપક હતો, એ બીના પુરવાર કરે છે, કે તેનું રાજ્ય કેટલા પુરાણા વખત ઉપર થઇ ગયું. જો એ કથાને આપણે ખોટી ન પાડવા માગતા હોઇએ, તો એનો જમાનો આપણી પુર્વે લાખો વરસનો થઇ ગયલો ગણવો જોઇએ. હીંદુ શાસ્ત્રના એક મન વનત્રના વડા મનુ સાથે, તેની સરખામણી થઇ શકે.

ઉપલા ફકરામાં જમશેદ ઉપર, અવીચારી, બેમલાહજાભર્યા, બેઅદબ, ખોટો ઉચ્ચારવાનું તોહોમત, મુકવામાં આવ્યું છે. તે સઘળા જમશેદના જેવા નામુનાસેબ

૧. ઝીણા.

ઓથી માટે સજા નીરમાણ થઇ છે, તેનું વાજબીપણું દરેક સાચો જરથોસ્તી કબુલ રાખે છે.

૯. જેઓ ધર્મને ખોટી રીતે સમજાવે છે, તેઓ ધર્મના કાયદાઓના અર્થો ઉલટાવી નાંખે છે, અને તેમની દુષ્ટ સુચવણીઓથી (એટલે એવા ખોટા, ઉઠાવી નાંખેલા, અર્થોથી) માણુસ જાતની સમજને ગુંચવાડામાં નાંખી દેછે. તેઓ મારી (હમારી) શુભ નઇયતની મહત્વેચ્છાઓ, તેમજ નેક ઉમેદો છીનવી લે છે. તેટલા માટે ઓ મઝદ! અને ઓ અષ! હું મારા ખરાં અંતઃકરણથી (તેમનું જોર તોડવાને) તમોને વીનંતી કરૂં છું.

ખોટા અર્થોથી અમને બચાવો.

વીવેચનઃ ધામીંક આજ્ઞાઓના ખોટા અર્થ ઉઠાડવાની સબબે, 'બેબલ'ના મીનારાના ગુંચવાડામાં, હજુર વધુ અને વધુ ગુંચવાડો ઉમેરાય છે. ખરી તથા ખોટી ધારણાઓ વચ્ચે શું તફાવત છે, તેમજ ચોકકસ જાતની ચાલ ચલાવવાથી, ભવીષ્યમાં તેનો કેવો બદલો મલવાની આશા રાખવી, એ સઘળી બાબદો, આવો ગુંચવાડો થાય છે, ત્યારે લોકો ભાગયેજ સમજી શકે છે. એક નમ્ર ભકત, એવી મુંજવણની વેળાએ, મઝદ અને અશવહીશતની મદદ ચાહે છે કે, તેથી માણુસ જાતને, સીધા પણ સાંકડા રસ્તા ઉપરથી, આડાતીડા દોરવી લઇ જનારા અને ખરાબી કરવાવાળાઓની, ઉંધે રસ્તે દોરવનારી વાણીની અસર, મજબુતીથી નાબુદ કરી શકે. અનાત્મવાદીઓ, નાસ્તીકો, જાદુગરો અને બીજા એજ વર્ગવાળાઓ માટે અત્રે સુચના થઇ હોય, એવું જણાય છે.

૧૦. જે શખ્શ, સુરજ તેમજ પૃથવીને બે આંખે નીહાળીને તેનું બારીક અવલોકન કરવાનું (અને વખાણવાનું) ઘણું ગેરવાજબી ધારે છે, જે માનવી દુષ્ટ માણુસોને બક્ષેશ (અથવા મદદ) આપે છે, જે ઘણી ખેતરો ઉજડ કરે છે, અને અશો લોકો ઉપર જુલમ ગુજારે છે, તે મારા ધર્મના ફરમાનોને એકદમ ઉઠલાવી નાંખે છે.

ધર્મનું ઉઠલાવું.

વીવેચનઃ અધર્મીપણું અહી સમજાવવામાં આવ્યું છે. જે પૃથ્વી ઉપર આપણે વસીએ છીએ, તે ને બારીકીથી નીહાળવી જોઇએ. આપણો જન્મ, અવલોકન અને મેહેનતથી, આગળ વધવા માટે છે. સુરજની પણ આપણે તપાસ લેવી જોઇએ, તથા તેના ઉપર મનન કરી, તેની વખાણ ગાઇ, તેનું પુજન કરી. તેની નકલ કરવી જોઇએ. તેના દેખાવમાં જણાતું નીયમીતપણું, તેનુ તેજ, તેનું પરોપકારી ઉપયોગીપણું, તેનું નભોમંડળને ગરમ આલીંગન કરવું, તેની જીંદગી બક્ષનારી, ખુશાલી આપનાર, જીવનશકતી, દુષ્ટ તેમજ ભલાંઓ તરફની તેની એક સરખી ઉદારતા, તેનું જોર, તેના આતશ તેમજ રોશનીની અમુલ્ય બક્ષેસ, તરસી જમીનને રસાળ બનાવવા માટે દર્યા, નદી, તળાવોના પાણીને ઉપર ખેંચી લઇને, જમીનને ફળદ્રુપ કરવા પાછું વરસાદના આકારમાં પાણીને નીચે ફેંકવાની તેની શકતી, પાણીઓમાં ભરતી અને ઓટનો ફેરફાર, કે જે પૃથ્વીપરના વાતાવરણની સ્થીતીમાં ફેરફાર કરી, જુદા જુદા પવનો ઉભા કરે છે, સઘળી જીંદગીમાં તેનું જરૂરીઆત, સર્વવ્યાપકપણું, આ અને એના જેવા બીજા અનેક બુલંદ અને અખુટ વીચારો, અવલોકન ઉપરથી ઉભા થાય છે. તેઓને છોડી દેવામાં, ન માફ થઇ શકે એટલું ગાફેલપણું ગણાય, કે જેને ગાથાઓ પાપી લેખે છે. અધર્મીઓને મદદ કરવી અને તેમના બદકામોમાં તેઓને ફતેહ મેળવી આપવી, એ અહુરના ફરમાનોનો અનાદાર કેહેવાય. અશો લોકોનો નાશ કરનાર, તથા તેઓ ઉપર જુલમ ગુજારનાર ખચીત અધર્મી ગણાય છે. હાલના વખતમાં આગલ કરતાં વધુ પ્રમાણમાં, અશો સ્ત્રી પુરૂષો ઉપર હસી, ઠઠા, ધીકકાર, અપમાન તથા બેદરકારી મારફતે, જુલમ ગુજારવામાં આવે છે. જ્યારે અસલના વખતમાં તેમના શરીરો ઉપર બળતવારી કરવાનું, તથા તેમને રીબાવીને મારવાનું કાર્ય, ઘણું

જાણીતું અને આધારણ હતું. હાલનાં કહેવાતાં "હીમંતવાળાં" લોકો, અશોધ પાલનારાઓની ઉપર દોર કરવાને આંચકી ખાતાં નથી, અને તેમનાં એવાં ઘાતકી છાલકાપણામાંથી, જેમ એક 'સુધરેલો' માણસ પાક ફીરતારના નીદોષ, સુશોભીત, પ્રાણીઓને મારવામાં, તથા તેમને ઘાયલ કરવામાં, ગમત મેળવે છે, તે પ્રમાણે તેઓ મોજ મેળવે છે.

ખેતરોને ઉજ્જડ કરવાં, એ પણ ભલાઇના કાયદા સામે ગુનાહ કીધા બરોબર છે. કારણ કે તે કાયદો ઉદયોગ, ફળદ્રુપતા, તથા મનશકતીના સઘળા ઉંચમાં ઉંચ ગુણોની ખીલવણી તથા પ્રગટીકરણ, એ સઘળાની ખાસ કરીને માંગણી કરવાનું ફરમાવે છે.

૧૧. જે લોકો બદચાલના લોકોને (ખરેખર) મોટા માને છે, જેઓ પોતાના શેઠ તથા શેઠાણીઓનાં પૈસાનો (ઠગાઇથી ઉચાપતંકરી) કબજો મેળવે છે, તથા જેઓ અશો લોકોને ઉત્તમ વીચારોથી દુર લઇ જાય છે, અથવા (અહુરને જઇ મળવાના) તેમના પાક હેતુને અમલમાં મુકવામાં, ખલલ કરે છે, તેઓ જીંદગીમાં જે ચાલચલણ બતાવવાનો મેં બોધ દીધો છે, તેનો નાશ કરે છે.

વીવેચન: આ એક અજબ જેવો સ્પષ્ટ ફકરો છે, કે જે દુન્યવી બાબદોમાં, ઘણીજ ધરખમ સલાહ આપે છે, અને પ્રપંચી, કાવાદાવા ભરેલાં લોકો માટે, અપવીત્રાઇના આરોપમાંથી છટકવાને, એક પણ બારી રાખતો નથી. હવે પછી આવતા બે ફકરાઓની સાથે, એ ફકરો વંચાવો જોઇએ. દરેક જણ જે દોલતવાન થાય છે, અથવા જે પદવીએ ચઢવામાં ફતેહમંદ બને છે, અથવા જેની વાખવાખી થાય છે, તેનામાં ભલે તો એક પનીરમાંના કીડાએની સંખ્યા જેટલાં પણ દુરવ્યસનો ઉભાઇ જતાં હોય, તોપણ તે 'મોટા' ગણાય છે. આવી

દુષ્ટ જીંદગી.

રૂઢી એક પ્રજાની ધર્મ ઉપરની આસ્થાની તેમજ ધાર્મીક લાગણીની, તથા ધાર્મીક ખાઉશોની પાયમાલી કરે છે. કારણકે અલબત ઘણાજ બળવાન અને ઉમદ ખવાસના લોકો, દુનયાના મતની દરકાર રાખતાં નથી, પણ ઇનસાન જાતનો મોટો ભાગ, સર્વથી મુશકેલ બાબદોમાં પણ, લોકપ્રીય મતો પ્રમાણેજ પોતાના મતો બાંધે છે. નીતી માર્ગની ધાર, જે અસ્ત્રાની ધારના જેવી તીક્ષ્ણ રહેવી જોઇએ, તે દુન્યવી હરીફાઇના સબબે, બુઠી થઇ ગઇ છે. અને એક નોકર જો કોઇ પણ રીતે પોતાના શેઠનું સત્યાનાશ વાળીને, દોલત મેળવવામાં ફતેહ પામે છે, તો તે નીહાળનારાઓમાં કોઇ પણ રીતનો ગુસ્સો ઉત્પન્ન થતો નથી. વળી તે નીમકહરામ કંગાલ નોકરે, પોતાના શેઠને પાયમાલ કરીને પોતાનું ધન એકઠું કર્યું હોય છે, તેનાં સખત હઇયામાં તે વીશે જરાપણ પશ્ચાતાપ જાગ્રત થતો નથી. અશો માણસોને ખરા રસ્તામાં આગલ વધતાં અટકાવવાં, એ ઉપલા ફકરા પ્રમાણે પાપી કાર્ય છે. પણ આજકાલનો મતોના સાચા તફાવતના ઓઠા હેઠળ, આ સદીના લોકો, ભલા, આત્માઓના કાર્યોમાં, તરેહવાર જાતની નડતરો નાખી, તેમની પાયમાલી કરવાને જરાએ આંચકી ખાતા નથી.

૧૨. જેઓ પોતાની બદઉશકેરણીઓથી માણસ જાતને શ્રેષ્ટ કામ (જે અહુરમઝદને ભેટવાનું છે, તે) કરતાં અટકાવે છે; જેઓ રમુજને ખાતર, (કોઇપણ) જીવવાળાઓનો જીવ લે છે; જે ધણીઓ નેકીના રસ્તથી રૂખસદ લઇને, અપ્રમાણીકપણે મેળવેલી દોલતને પસંદ કરે છે; જેઓ પરજાતની સતા તથા જુઠા લોકોની (ચઢતી)ને ઇચ્છે(અને ચાહે), તેઓને મજદ દુષ્ટ તરીકે લેખે છે.

હરકત નાખનારાઓ. ઢોરોને મારનારાઓ. અપ્રમાણીક. નીંદાખોરો. ઠગારા, જુઠાઓ.

વીવેચનઃ આ ફકરામાં જેઓ ધર્મનો નાશ કરે છે, તેમના વીશે બોલવામાં આવે છે. જેઓ ઠઠા મશ્કેરી તથા અપમાનથી, ખોદાઇ રાહ તરફ જનારાઓના રસ્તામાં હરકત નાખે છે, જેઓ શીકાર અથવા તો રમુજને ખાતર તે મહાન દયાળુ સાહેબના પેદા કરેલા પ્રાણીઓનો જાન લે છે, જેઓ ગેરકાયદેસર પોતાના ઘરમાં દોલત જમા કરે છે, જેઓ અધર્મી અને ઠગારા છે, તેમને અત્રે દોષીત ઠેરવવામાં આવ્યા છે. વળી આવાં ખુલ્લે ખુલ્લાં વચનો ઉપર, એક ખરેખરા જરથોસ્તીએ બારીક ધ્યાન આપવું જોઇએ, કે મુવેલાં જનાવરોના શરીરનો ભક્ષ કરવો, એ કુદરતના કાયદા ઉપર રચાયલા માજદીઅસની ધર્મ પ્રમાણે, એક ગુનાહ તરીકે લેખાય કે નહીં. ખ્રીસ્તી લખનારાઓના, લોભ બદલ અને પઇસાની ખરી કીમત બાબેના કેટલાક વીચારો, ઉપરના ફકરાના કીંમતી શીક્ષણ સાથે, ધ્યાન પુગાડવા લાયક છે. સેમ્યુઅલ સ્માઇલ્સ કહે છે, કે "પૈસાની સતાને, જોઇએ તે કરતાં વધુ વજન આપવામાં આવે છે. એક ગરીબ લાચારોની મદદ માટે, ઉભું કરવામાં અવેલા ફેશનેબલ બજારમાંથી હાંસલ થાય છે, તે કરતાં માત્ર થોડાંકજ વધુ નાણાની મદદ વડે, સેન્ટ પોલ તથા તેના ચેલાઓએ અડધી રોમન દુન્યા ઉપર ખ્રીસ્તી ધર્મનો ફેલાવો કર્યો હતો. ખ્રીસ્તી ધર્મના મોટા સંસારી નીતીના કાયદા કાનુનો, ભાઇબંધીના ખ્યાલ ઉપર રચાયલા છે." "જે માફક બીજાઓને તમારી તરફ વર્તવા ઇચ્છતા હોવ, તેજ માફક તમે પણ તેઓ તરફ વરતજો." "જે માણુસ પઇસાને, મોજમજાને તથા ઠાઠમાઠ અને દોલદમામને ચાહતો હોય, તે તેજ વેળાએ માણુસ જાતને ચાહી શકે નહી; પણ જે સદગુણોને ચાહનાર છે, તેજ ફકત મનુષ્ય જાતને ચાહી શકે." "જેઓ દોલતવાનના દુર્ગુણો સામે પુકાર કરે છે, તેઓ પોતે જો દોલતવાન હોત તો તેઓ પણ તેવાજ થાત. દોલતની અદલાબદલી જો થઇ શકતી હોય, તો તે કોઇ પણ રીતે ફાયદો કરી શકે નહીં. સામું દોલતના પ્રતાપથી, કેટલીક ભુલો અને ખામીઓ જન્મ લે છે, અને ધનમાલ એવી ખામીઓને ઉતેજન આપનાર થઇ પડે છે," એમ આલ્ફરેડ જે. મોરીસ ઉંડાણ અનુભવ ઉપરથી વીવેચન કરે છે. બોમોટ ઉમદા રીતે કબુલ કરે છે, કે "ધણું મેળવવાનો ખરો રસ્તો એ છે, કે જોઇએ તે કરતાં વધુ મેળવવાની, કદી પણ ઇચ્છા રાખવી નહીં. જો અતી ધણી મુફલેસી તમે ઇચ્છતા ન હોવ, તો અતી ઘણા પઇસાદાર થવાને પણ ઇચ્છશો નહીં; જે ઘણી માલમતા ધરાવે છે, તે પઇસાદાર નહીં કહેવાય, પણ જેને વધુ મેળવવાનો લોભ નથી, તેજ ખરો દ્રવ્યવાન છે."

લોભ દયાહીન છે. તેલની ઘાણીના બળદની માફક રાત ને દીસ, એક માણુસને તે પીલી નાંખે છે. એક રાજાના એક ઘણાજ સુખી હજામને માટે કેહવામાં આવ્યું છે, કે તે એટલો સંતોષી હતો, કે એવો સંતોષી જીવ ધરાવવા માટે, તેની જાતવાળાઓ તેની અદેખાઇ કરતા. એક દીવસ એક ઝાડ આગળથી તે પસાર થતો હતો, ત્યારે તે ઝાડના ભુતે તેને પઇસાદાર બનાવાની માગણી કરી, અને એક એવી જગયાની તેને ઇધાણી આપી, કે જયાં તેને છ બરણીઓ સોનાથી પુર ભરેલી, અને એક સાતમી બરણી અરધી ભરેલી મલી આવે. તે બેવકુફ હજામને લોભે ઘેર્યો, અને આ સાત બરનીઓ તેણે બતાવેલી જગાએ જઇ, અને કબજે લીધી. તયાર કેડે સાતમી બરની પણ, ઉપરવેર સોનાથી ભરવાની તેને ખાહેશ થઇ. જેટલું પોતા પાસે હતું, તે બધું વેચી, તેનેથી સોનું ખરીદી અને તે બરનીમાં નાખયું. પણ તે તો ભરાઇજ નહીં. તે અગાઉ જયારે હસમુખો અને આનંદી રહેતો હતો, ત્યારે તેના કરતાં ઉલટોજ, એટલે ઉદાસ, દલગીર અને ગમગીન

જેવો હવે બની ગયો. રાજાએ પણ તે જોયું. અને આવી દયાજનક હાલતનું કારણ પુછયું. તે હજામે પોતાના સાહસનો સઘળો હેવાલ ખુલાસાથી કહયો. રાજા જાણુતો હતો, કે હલકી જાતના, તેજ ઝાડના ભુત, પીશાચની આજ બક્ષીસથી, આગળ પણ તેની પ્રજામાના, ઘણાંક આશા આપનાર જીવડાએ, ખોહાર થયા હતા. તેથી તેણે હજામને જણાવ્યું, કે એ બક્ષીસ દુષ્ટ પીશાચ તરફની શ્રાપ સમાન હતી. તે ઉપરથી તે હજામ, જયાંથી તે બરણીઓ લાવ્યો હતો, ત્યાં પાછી તે મુકી આવ્યો. ત્યાર પછી, પાછો જેવો ખુશખુશાલ આગળ રહેતો હતો, તેવો બનયો. ત્યારે સહેલાઇથી સમજાય છે, કે પઇસાનો બુરો લભ, એક માણુસને ફસાવી નાંખે છે, અને સઘળી ખરબ રીતે મેળવેલી દોલત ઉપર, આપણે જોયું તેમ શ્રાપો ઉતરેલા હોય છે, જોકે આપણી ટુંકી નજરે તે શ્રાપો ખુલ્લા જણુતા નથી. ઇરાનનો પ્રખ્યાત કવી સાદી કહે છે, કે હરામનો પઇસો મેળવવાની લાલચમાં, સોનેરી પટો બાંધીને, કોઇની નોકરીમાં ખડા રેહેવા કરતાં, જવ ખાઇને પોતાનાજ ઘરમાં સંતોષથી રેહેવામાં, અનહદ દરજજે વધુ માન છે. દેખીતું છે, કે દોલત મેળવવા માટે લોભ કરીને, કોઇપણુ માણસના ઉપકારમાં જવાથી, જોકે તમારા શરીર, દ્રવ્ય અને માલ મીલકતમાં ઉમેરો થશે, તોપણુ તમારી આત્મીક શકતીમાં ઘટાડો થશે.

ગરમ રેતીના રણમાં મુસાફરી કરતા એક મોટા, લોભી, વેપારી માટે એવું કેહેવાયલું છે, કે ઉંટપરની બેઠકપરથી, જયારે તે થાકીને હેઠળ પડયો, તયારે દુઃખથી પુકાર કરી ઉઠયો, કે "દુન્યવી માણસોની કંજુસ આંખો, ફકત સંતોષ, અથવાતો ઘોર ઉપરની માટીની રજકણોથી ભરાઇ શકે છે, બીજી કોઇ રીતે નહી." તેજ પ્રમાણે આપણે કહી શકીએ, કે એક લોભી માણસનો પઇસો, જમીનમાં દાટેલી તીજોરીઓમાંથી બીજા માણસ સાફ બહાર નીકળે છે, જયારે તેનું પોતાનું મુડદું જમીનની અંદર જાય છે. જે ડોલરો એકઠા કરવા માટે, એક લોભીને હજારો પાપ કરવાં પડયાં હતાં, તે સઘળા એક વાર સ એક તડાકામાં ઉડાવી દે છે. કારણ કે કુદરતનો કાયદો છે કે 'જીસ મુલસે આએ ઇસ મુલસે ગયે!" આપણે એમ પુછી શકીએ કે, જે માણુસ વગર વાપરેલા પૈસાનો ઢગ, ઓમેર ઉડાડી દેવા માટે મુકી જાય છે, તેમાં તેનું શું ડહાપણ છે? કારણ કે, કુદરતના કરજમાં જઇને, તે સઘળું તે મેળવે છે, અને કુદરત જોકે ઘણી રીતે માયાળુ અને હીતકારી છે, તોપણ શાઇલોક યાહુદીના જેવીજ સખત માંગનાર છે, જે હવે પછી પણ પૈઇએ પૈઇ ભરાવી લેશે.

૧૩. (અને) જેઓ ઘણાજ બદ (અપ્રમાણીક,અસત્ય) વીચારને પોતાના અંતકરણો અર્પણ કરીને, પોતાની સતાને આધારે ગેરકાયદાસરની માલમતા મેળવવાનો લોભ રાખે છે, જેઓ દુન્યાને તારાજ કરે છે, જેઓ પોતાની ઇચ્છાઓ મેળવ્યા છતાંપણુ, સંતોષી રેહેતાં નથી; અને જેઓ (માજદીઅસની) ધર્મનાં કાસદોની અપેક્ષામાં કાંઇને કાંઇ નડતલ કરે છે, (તેઓને મઝદ દુષ્ટ તરીકે લેખે છે.)

બદ વીચાર. લોભી નાશ કરનારાઓ. અસંતોષીઓ. નડતલ નાંખનારાઓ.

વીવેચનઃ આ ફકરો આગળ આવી ગયલા બે ફકરાઓની સાથે વાંચવો જોઇએ. જેઓ પોતાની સત્તાનો ગેરઉપયોગ કરે છે, જેઓ પાયમાલી ફેલાવે છે, અને જેઓ અસંતોષી છે, તેઓ અષેઇથી દુર જ હોય છે. જેમને દુન્યાઇ ખુશાલી અને ફાયદા મેળવવાનો અભખરો હોય છે, અને તેમનો તે અભખરો જ્યારે પુરો પડે છે, ત્યારે તેઓએ લોભી ન થવુ જોઇયે. કારણ કે તેથી માજદીઅસની કાયદાનો ભંગ થાય છે. "આપણી લાયકાત દેખાડીને પછી, આપણે કાંઇ માંગતા નથી. બલકે આપણે દીવસે દીવસે, ખોદાતાલાની સામે બળવો ઉઠાવ્યે છીએ, વરસો થયાં તેની સામે થતા આવ્યા છીએ. જો એ નફરમાની બંધ કર્યે, અને ખોદાવંદ તાલાને શરણુ થઇએ અને લાયકાત મેળવીને તેનો આશ્રો માંગયે, તો તે આપણુને

બચાવી લે છે," એવું ડી. એલ. ગુડીનું કહેવું છે. વળી સી. બી. ન્યુકોમ્બની આપણને સલ્લાહ છે, કે "આપણા આસપાસના સંજોગો પાછળ, તેમજ અપણા કામમાં, બેસબુર બનીને, આપણું જોર ખાલી ગુમાવી દેવું નહી જોઇએ." ઉપલા ગાથાના શ્લોકોમાં દરશાવેલા દુર્ગુણો ઉપર વીચાર ચલાવતાં, એમર્શીસીનો સાથે આપણે એકમતતા થઇશું, જે કહે છે, કે "અરે માનવી, તું દુન્યાનો શા માટે દોષ કાઢે છે? દુન્યા તો ઘણીજ સુંદર છે; સર્વથી શ્રેષ્ટ તથા સંપુર્ણ હેતુ માટે તેને બનાવવામાં આવી છે; જો કે તુંને તે દુષ્ટ અને અસ્વચ્છ લાગતી હોય, કારણ કે ભલી દુન્યાની અંદર તું પોતે ભુંડો તથા અસ્વચ્છ છે."

૧૪. કવીઓ (ઝરથોસ્તી ધર્મના દુશમનો) સાથ સગપણ ધરાવતો લુટારો, (દુષ્ટ મીનોના) ખરાબ રસ્તા તરફ ઢળેલો છે. અને તે આ બે ભયંકર ભુલો કરે છે. એકતો એકે તે પાપીઓ પાસેથી મદદ મેળવવા માટે તેમને અરજ કરે છે, અને બીજું એ કે મોતને તેની આગલથી જે દુર કરે, તેને માટે (એક) ગાયનો ભોગ, તે આપે છે.

પાપીઓ તરફની મદદ. ગાયનો ભોગ.

વીવેચનઃ આ ૧૪ માં ફકરાનો તરજુમો હારલીના તરજુમા પ્રમાણે કર્યો છે. નઠારા પાપીઓની મદદ ઉપર આધાર રાખવાથી દુર રેહેવાનું, ગાથામાં સુચવયું છે અશોઇનો કાયદો શુદ્ધ ચાલચલણ બતાવવા, અને જીંદગી ગુજારવાના પવીત્ર સાધનો મેળવવાને શીખાડે છે. દરેક જાતની કબુલ કીધેલી મદદ, મદદ આપનારના ઉપકાર હેઠળ તે મદદ લેનારને મેલે છે.

ઉપલા ફકરામાં ગાયનો ભોગ આપનારના શરીરનો, મોતથી બચાવ થઇ જશે, એવાં ભુલાવો ખવાડનાર કવીઓનાં વચનને આધારે, ગાયની વધ કરવી, એ એક મોટી ભુલ તરીકે ગણવામાં આવી છે. કારણકે, માણસ માત્રની સઘળી કોશેષો છતાં, ચલીત તથા નાશકારક વસ્તુઓનું બનેલું શરીર, કુદરતના કાયદા પ્રમાણે નાશ પામવુંજ જોઇએ. આ તેમજ બીજા ઘણા અવસ્તાના, તેમજ ગાથાઓના ફકરાઓ ઉપરથી આપણને માળમ પડે છે, કે જરથોસ્તી ધર્મની લઢણ, લોહીના ભોગોની બીલકુલ વીરૂધ્ધ છે. 'ગાય' જેનો અવસ્તાનો બોલ 'ગાઉશ' છે, તેનો અર્થ ફકત ગાય નથી થતો, પણ કુલ જાનદાર પ્રાણીઓમાનાં કોઇને પણ તે બોલ લાગુ પાડી શકાય છે.

૧૫. કરપો (જરથોસ્તીઓના વીરોધીઓ) અને કવીઓ (અધર્મીઓ), તેજ પ્રમાણે જેઓ પોતાની મરજી પ્રમાણે સતા વાપરી શકે છે, પણ જેઓ બીજાઓને સહાય થતા નથી,–એવા લોકોને હું (ઉંચ, પવીત્ર જીંદગીથી) દુર રાખીશ. પણ એ બે (ઉંચ શરીરો) વડે તેઓને બેહેમનના રેહેઠાણ ઉપર પુગાડવામાં આવશે.

કરપો. કવીઓ. બેહેમનનું રેહેઠાણ.

વીવેચનઃ અત્રે જેઓ માજદીઅસનાન નથી, અને જેઓ ભાઇબંધી અને પરોપકારનો કાયદો સ્વીકારતા નથી, અહુરના કાયદા પ્રમાણે ચાલવાને બદલે, પોતાના ફાંટા પ્રમાણે કામ કરે છે, તેમની વલણ તરફ ધ્યાન પોહોંચાડયું છે અહુરથી જુદા થઇને, તેઓ એકલપેટાઇના ખાડામાં, એકલા અટુલા સબડશે. જેઓ ખરેખરા ભકતો છે, તેમના ઉંચ શરીરોની ખીલવણી થશે. તેથી વીચારવંત, ડહાપણના ભંડાર, અને દુનયાની રચના ગોઠવનાર બેહમન સાથે, સંબંધમાં આવવાને તેઓ શકતીવાન થઇ શકશે. એરવદ કાવસજી એદલજી કાંગા એવું અનુમાન કરે છે, કે જે 'બે' ને માટે ઉપર ઇશારો થયો છે, તે ખોરદાદ તથા અમરદાદ છે. તે કેવી રીતે અને તેનો અર્થ શું, તે કાંઇ તેમને સમજાવયું નથી. ઇજશને તરફ નીગાહ કરશું, તો માણસના ૭ શરીરો, જેઓ સઘળાંની અંદર ફ્રવશી વસે છે, તેમના નામો આપણને મળશે. અત્રે બઉધંગ અને ઉર્વન એ બે ઉંચ શરીરોની સંપુર્ણતા,

કે જે એની મારફતે માણસજાત એ ઉમનના સમાગમમાં આવે છે, તે વીશે કાંઇક સુચના આવી છે ૫. અવસ્તામાં માનવીનાં ૭ શરીરો તથા તેમાં સમાયલા અંતર આતમાના નામો આ આપ્યા છે. ૧. તનું (ગએથા અને અજદ), ૨. ઉસ્તાન, ૩. કેહરપમ, ૪. તેવીશી, ૫. ઉર્વન, ૬. બઉધંગ, અને ૭. ફ્રવશી. વેદમાં પણ ફેરફાર સાથે આ શરીરો અને આત્માને જુદાંજુદાં નામો આપવ મા આવયાં છે, ૧. અનમાયાકોષ, ૨. પ્રાનમાયાકોષ, ૩. મનો માય.કોષ, ૪. વીજ્ઞાનમાયાકોશ, ૫. આનંદ માયાકોષ, અને ૬. આત્મા.

૧૬. ઓ ! સર્વ સતાવાળા અહુર જીંદગી બદલના મારા સઘળા શકો દુર કરવા માટે, એક ધરમી ઉસ્તાદ (ગુરૂ) નું, ધણીજ સંભાળ અને ચાલાકી થી આપેલું શીક્ષણ, સઘલી રીતે જો તાં, શ્રેષ્ટ છે. કારણ કે, પાપીઓએ દુઃખ ખમવુંજ જોઇએ, અને જેઓ ધર્મનો પ્રસાર કરવાની ઇચછા રાખે છે, તેમને તેમનો યોગય બદલો મલશે.

શકો દુર કરવા માટે, ગુરૂના શીક્ષણની અગત્યતા.

વીવેચનઃ નકશા વગર અને હુશયાર કપતાનની સહાયતા વગર, કોઇ પણ નર અથવા નારી મહાસાગર પસાર કરવાની હીંમત કરતું નથી. તોપણ જીંદગીના ઓહોળા માહાસાગરમાં નકશા, કપતાન, ઓહીયાં, યા તો દીવાદાંડીની મદદ વગર, મુસાફરી કરવાની, માનવીજાત હુલ્લડાઇ કરે છે. જીંદગીના ઓહોળા દરીઆવમાં ઉછાળા મારતા દયાહીણ મોજાઓ, તોફાની પવન, તથા વાદળાંઓ, છુપા ખડકો, તથા ગુંચવાવી નાંખનારાં તોફાનો અને વાવીઝોટાંઓ, પસાર કરીને, જેઓ પેલેપાર ફતેહમંદ રીતે ઉતર્યા છે, તેમની મદદ, તથા તેમના તરફથી મલતી રોશની વીના પસાર કરવાનું બહુ મુશકેલ કામ છે. એ સર્વમાં, ફતેહમંદ પેગંબરો, મુનીઓ તથા તેમના અર્પણ થયલા ચેલાઓની મદદની ખાસ અગત છે. સાહરા જેવા ઓહોળા રેતીના રણમાં, અથવા તો કોઇ ઉંડા જંગલમાં, ભોમ્યા વગર મુસાફરી કરનાર ભુલા પડેલા, હુલ્લડાઇભર્યા માણસને કોઇપણ શાબાસી આપશે નહીં. અથવા તો કોઇ ભોમ્યાની મદદ માટેની તેની કાળજીને, કોઇ પણ અવીચારી ગણશે નહી. તોપણ જીંદગીના એથી અતી વધુ ભુલાવો ખવાડનારાં ગીચ જંગલમાં, કોઇ પણ રાહબરની નીગેહબાની, યા તો તેના તરફના જ્ઞાનની રોશની વીના, તથા બચાવની કાંઇબી આશા વગર, માણસ જાત યાહોમ પેસે છે. અને વળી જેઓ તે ગીચ જંગલમાં વારંવાર ફરી આવેલા હોવાથી, તેની પુરતી માહીતી ધરાવતા હોય છે, તેમની મદદ લવામાં તેઓ ‘અવીચારીપણુ’ અને મુર્ખાઇ સમાયલી ધારે છે! વીચાર શકતીનું આ એક અજાયબ જેવું લક્ષણ ગણાય, યાતો તેથી તર્ક શકતીને હલકા પ્રકારની હઠીલાઇની સપાટી ઉપર ઉતારી પાડવા બરોબર છે. જેઓ ધર્મનો તીરસ્કાર કરી તેનું અપમાન કરે છે, નીતી રીતીના કાયદાઓનું ઉલ્લંઘન કરે છે, જેઓ સારી ચાલચલણ, મન ઉપર કાબુ, નીયમીતપણું, તથા ઉંચ વીચાર શકતીને છોડી બેસે છે, તથા સઘળા ઉંચ નમુનેદાર વીચારોને ફકત કલ્પીત ભ્રાંતીઓ તરીકે હસી કાઢે છે, તેઓ ઠંડે કલેજે આ જમાનાના વીચાર શકતીનો ઇજારો ધરાવનારાઓમાં પોતાને ખપાવે છે. આવી જાતની ‘વીચાર’ અથવા ‘તર્કશકતી’થી ખોદા આપણને બચાવે !

એટલુંજ કેહેવું બસ થશે, કે ઉપલા ફકરામાં ફરમાવ્યા પ્રમાણે, જીંદગીનો રસ્તો કાપવામાં, ગુરૂની મદદની ખાસ જરૂર છે.

યસ્ન ૩૩.

૧. અસલી દુનયાના કાયદાને અનુસાર રીતે, રતુ (આતમિક ગુરૂઓનો વડો), અશો અને અસ્વચ્છ માણુસો અને જે માણુસોમાં ભલાઇ અને ભુંડાઇ એક સરખાં પ્રમાણુમાં છે, તેમને (ભલાં ભુંડા કાર્યો પ્રમાણે) બરાબર ઇનસાફ આપશે.

અસલી કાયદો. (સનાતન ધર્મ.)

વીવેચન: વડો આતમીક રાહાબર જે કદી ઠગાતો નથી, તેના દુરઅંદેશપણા માટે અહીંઆ ઇશારો કર્યો છે. દરેક માણુસ એવા ગુરૂ આગળ ખરા રૂપમાં જાહેર થઇ જાય છે, અને તેની લાયકાત હોય, તો તેને મદદ આપવામાં આવે છે, અને ન હોય તો પડતો મેલવામાં આવે છે. "કારણ કે ઇશવર તરફનો રસ્તો એટલો તો સાંકડો અને બીકટ છે, કે થોડાકોનેજ તે મળી શકે છે." અલબત જે પ્રમાણે દુન્યવી બાબદોમાં ફતેહ મેળવવાનો લોભ હોય છે, તેજ માફક ચેલાઓને પણ શરૂઆતમાં, અષોઇના માર્ગમ આગલ વધવાની ઇંતેજારી, અને પોતે હોય તે કરતાં મોટાં દેખાવાનો અભખરો, હોય છે. એક ખરા ગુરૂની આગલ તો ચેલાના ગુણ, દોષો, સુરજની રોશની માફક ઉંઘાડા પડે છે. ખાસ યાદ રાખવું જોઇએ, કે ભલા લોકો માટે જાથુકનું બાંધેલું બેહેશત, પક્કા દુષ્ટ વીષયી લોકો માટેનું દોજખ અને અર્ધ–પાપી દીલનાઓ માટે અધવચનું હમેસ્તગાન, એ સઘળાઓનો ઇશારો ઉપલા ફકરામાં કર્યો નથી, પણ દરેક જણને તેની લાયકાત પ્રમાણે, ગુરૂ માર્ગ ઉપર ચલાવશે, અથવા તો માર્ગ ઉપર ચાલવાની તેની ગમે એટલી ઇચ્છા છતાં, જો તે કાચો અને જોખમભર્યો માલમ પડશે, તો તેને અટકાવવામાં આવશે, ફકત એવો કાંઇક અર્થ, ઉપજી શકે છે.

૨. જે કોઇ પોતાના વીચારો, વચનો, અથવા પોતાના બે હાથોથી, પાપીઓ તરફ સખતાઇ વાપરે છે, અથવા બીજાઓને તેમનો ફાયદો કરવાને માટે સલાહ આપે છે, તે અહુરમજદના પ્યારને ખાતર, પોતાના ધામીક યકીનથી (ખરેખર) કુરબાની કરે છે, (એમ સમજવુ.)

પાપીઓ તરફ સખતાઈ. માણસોનો સલાહકાર.

વીવેચન: સઘળી જાતની ખરાબી સાથે લડવું, એ અશોઇનો એક કાયદો છે. અપવીત્રાઇ અને નાપાકી દરેક ઠેકાણે પંથરાયલી છે, અને એક જણ જો તેમાં પોતે ભાગ લેતો ન હોય, અને તે તરફ બેદરકારી બતાવે તોપણ, તેના રોક તરફ તે ધીમે ધીમે જરૂર ખેંચાતો જશે. કોઇપણ એક જગાએ સ્થીર ઉભું રહી શકતું નથી હઇયાતીનો નીયમ એ છે, કે યા તો પ્રાણી પાછળ હઠે છે અથવા તો આગલ વધે છે. હલનો વખત પ્રકૃતીના અને હવસના બળનો છે. આ કલીયુગનો લોખંડી જમાનો છે, અને જો કોઇ ભલુ કરવા માટે મજબુતીથી કોશેષ કરતો નથી, તે દુષ્ટતા જેનું હાલ રાજ્ય ચલી રહ્યું છે, તે તરફ ઢલતો જાય છે. પાપી બુધ્ધીને દુન્યામાંથી યાતો કોઇપણ અંતકરણમાંથી જડમુળથી ઉખેડી કાઢવામાં, અને તેને બદલે કોઇને પણ ફાયદો થાય એવું કોઇ બીજ રોપવામાં, ખરી સખાવત અને ધામીકપણું સમાયલાં છે આ બંને વ્યહવ્હારોપયોગી સદગુણો છે, જે આપણામાંનાં ગમે એટલા કમનસીબ ભાઇબંધના પણ હાથમાં છે. આ ફકરો દુષ્ટ કર્મો તરફ કેવી રીતથી વરતવું તે બતાવે છે, જયારે નીચલો ફકરો ભલાં કામો તરફ કેવી પ્રસન્નતા બતાવવી તે દેખાડે છે.

૩. જે કોઇ એક અશો માણુસ, કેજે તેનો સગો હોય અથવા તો ધંધાદારી માણુસ હોય, અથવા તો તેનો નોકર હોય, તેના તરફ સારીરીતે વર્તે છે, અને પોતાનાં ઢોરોની, ઉદયોગ તથા હુશીયારીથી સંભાળ કરે છે, તે અશોઇના કાર્યોમાં, ભલાં મનથી રોકાયલો ગણાય છે.

અશો લોક તરફ ભલાઇ.

વીવેચનઃ અંતકરણની અશોધ, ખોદા તાલાના પવીત્ર પ્રાણીઓ તરફની આપણી ચાલચલણમાં જણાઇ આવે છે. મુગાં પ્રાણીઓ, આપણી જીંદગીના વહેવારમાં, આપણને મોટાં દીલથી અને વગર બડબડવે મદદ કરે છે. તેમની તરફની આપણી દાજ મારફતે આપણું અંતકરણ કેવું છે, તે દેખાય છે. કદાચ અત્રે અશો લોક તરફ જે ખાસ સંભાળ બતાવવાની જરૂર છે, તે વીષે ભાર મેલવામા આવયો હોય. કારણ કે તે લોકો પોતાના વધુ ઉંચ અને પવીત્ર કર્મો કરવામાં ગુંટાયલા હોવાથી, તથા કામોના અતીશય બોજાને લીધે, આ અદેખાઇ અને ચીલઝપટ બતાવનારી, આપમતલબી, દુનયામાં, પૈસેટકે આસુદા થઇ શકતાજ નથી.

૪. ઓ અહુર! બંદગીના બળની મદદથી તારી હજુરમાંથી, હું તારી આજ્ઞાનો અનાદર કરનારાઓ અને દુષ્ટ મનવાળાઓને દુર કરીશ. તેજ પ્રમાણે ઓ અહુર! મારા અંતઃકરણમાંથી, હું મારાં સગાંવાહાલાંઓ તરફની બેઅદબ ચાલ, મારા ભાગ્યાઓ તથા મારી સાથે કામ કરનારાઓ તરફ દગાઇ, મારા હાથ હેઠળનાઓ તરફનો ધીક્કાર અને ઢોરોને ઘાસ આપવામાં ખુલ્લી બેદરકારી, હું દુર કરીશ.

નાફરમાનદારી. દુષ્ટ મન. બંદગી. બેઅદબી. દગબાજી. ધીક્કાર. બેદરકારી.

વીવેચનઃ બંદગી (અથવા આપભોગ), કે જે ઇશ્રવરી આજ્ઞાના અનાદર તથા મનની અપવીત્ર વૃતીને દુર કરવાની શક્તી ધરાવે છે, તેને કેટલી શ્રેષ્ટ જગા અહીયાં આપવામાં આવી છે! માણસજાત પોતાની આસપાસનાઓ સાથના સંબંધને, ઘણો નજીવો સમજે છે. જ્યારે આપણો ઉત્તમ ધર્મ માણસના ઉપરીઓની, બરોબરીઆઓની, તથા હાથ હેઠળનાંઓની સાથની યોગ્ય વર્તણુંક ઉપર, મોટો ભાર મુકે છે. પોતાના સગાં તરફ તોછડાઇથી વરતવું, એ કાંઇ હાલ પાપ ગણાતું નથી, પણ જે પાપો અંતકરણના જડમુળમાંથી કાઢી નાખવાં જોઇએ, તેમાં એ ઉપલા ફકરા પ્રમાણે, એક મુખ્ય ગણાયું છે. ભાગ્યાઓ તથા સાથે કામ કરનારાઓ તરફની દગાઇ, કે જે હમણા વધતી જતી દેખાય છે, તે જે લોકો, એવી દગવીદ્યા વાપરે છે, તેમને ધર્મના ભલા કાયદાનો લાભ તથા આશરો મેળવવામાંથી બાતલ કરે છે. આપણાથી ઉતરતાંઓ તરફનો ધીક્કાર, નહી માફ થવા જોગ છે, જો કે તે માણસાઇ ઇનસાફના ચુંગાલથી તે છટકી જાય છે, તો શું થયું? લાઇલાજ પ્રાણીઓ, જેમને મુંગે મોહોડે ખમવાની ફરજ પડે છે, તેઓ ધર્મના ભલા કાયદાની ખાસ સંભાળ હેઠળ છે, પછી ગમે તો તેઓ નોકરો હોય યાતો ઢોરો હોય, તેમની પ્યારથી સંભાળ લેવાની અગત જણાવવામાં આવી છે. મગરૂરી જેને અત્રે દેખીત ઠેરવી, શીક્ષાને પાત્ર ગણવામાં આવી છે, તે બે ચકમકમાં છુપાઇ રહેલા આતશ સમાન છે, જેના ઉપર ગમે એટલું પાણી નાખવાથી બુજાવી શકાશે નહી. આપણે ભુલવું ન જોઇએ, કે લોકો તરફના માનપાનનો અભખરો તથા મગરૂરી, એ બે દુર્ગુણો સાધુઓને નીચ પંકતી ઉપર ઉતારી પાડે છે. 'તમારા સુંદર અવાજને માટે મગરૂરીથી માથું ઉંચુ રાખી ફરશો ના. કારણકે રેશમન. અને લોખંડ પીતલના તારો તથા વાજાંની પેટીઓને પણ વાચા હોય છે. તમારી તીક્ષણ નજરને એટલી બધી મોટાઇ અને અગત્યતા આપશો ના. કારણકે ચકલીઓ તથા ગરૂડ પક્ષી પણ ૨૬ ફરસંગને છેટે સુધી જોઇ શકે છે. તમારી સાંભળવાની શકતી માટે એટલા મોટે બરાડા ના મારો, કારણકે માંઇલોને છેટેનો અવાજ પણ, એક સસલું સાંભળી શકે છે. અરે નબળા કમતાકાત આદમ! તારી સુંઘવાની તીક્ષણ શકતી માટે એટલો બધો બકારો કરમા, કારણકે એક ઉંદર કમાનમાંથી ફેંકેલા તીરના તફાવતને છેટેથી પણ વાસ પારખી શકે છે.' મગરૂરી કાંઇ ખપમાં આવતી નથી. કાદવના ઢગલાની નીચે એક રત્ન પડ્યું હોય છે, તેની કીંમત કાંઇ ઘટતી નથી. અને વળી આકાશ તુલીક ઉંચે ઉડેલા ધુળની કીંમત,

કોઇ વધતી નથી. શેખ સાદી એક વાત કહે છે. તે એક દીવસે, પોતાના બાપની આગલ, આખી રાત બંદગી કરતો બેઠો હતો. તેજ ઘરમાં બીજાં લોકો હતાં, જેઓ આખી રાત ઉંઘાઇ રહયાં હતાં. સાદી એ ફરીઆદ કરી, કે તેઓ મુરદાં સમા ન હતાં, કારણ કે તે લોક કોઇ બંદગી કરતા ન હતાં અથવા તો મહમદ પેગમબરે શીખાડયા પ્રમાણે, ગુઠણુવાલીને, ખુદાને નમતાં ન હતાં. એ સાંભલ્યું ત્યારે તેના બાપે તેને ઠપકો આપી કહયું, કે "બીજાંઓની ધીકકારથી નીંદા કરે છે, તેને બદલે તું પણ જો તેઓની માફક સુઇજ રહયો હતે, તો બેહતર થતે." આ ફકરામાં જણાવેલું જે પાપ છે તે એક બીજાથી તથા ખોદાથી આપણી જુદાઇ લેખવાની ભયંકર નાસ્તીકતા છે. તેમાંથી ધીકકાર, હુંપણું અને તડંઓ ઉતપન થાય છે.

૫. હું મારી મદદે તારો સર્વથી મોટો (યઝદ) જે સરોશ છે, તેને બોલાવી તેની યારી માગું છું. (ઓ! સરોશ) ભલા વીચારના આશરા તળે અમને લાંબી જીંદગી બક્ષ, અને અશોઇના બદલામાં નીતીનો સીધો રસ્તો જેમાં ખુદ મઝદ અહુરનું પોતાનું મુકામ છે, તે મેળવવાને અમને શકતીવાન કર!

સરોશ. ભલો વીચાર. નીતી.

વીવેચનઃ યજદોના સીપેહસાલાર સરોશ યઝદની મદદ, 'લાંબી જીંદગી' મેળવવા માટે, માંગવામાં આવે છે, કે જે અરસામાં અશોઇભરયું મન હાંસલ થઇ શકે. આ 'લાંબી જીંદગી'નો અર્થ અમર હમેશગીની જીંદગી, એવો પણ થઇ શકે, કે જે જીંદગી, એક માણસ, જેણે પોતાની ફ્રવશીની ઉંચ શકતીઓ ખીલવી હોય છે, તેજ ભોગવી શકે છે. એવી ઉતમ બાહેશ પણ, એક બહુજ આગલ વધેલો એલો ધરાવી શકે છે! એક અશોમનની રાહબરી હેઠળ મુકેલી જીંદગી, જ્યારે પણ ખરાં દીલની હોય છે, ત્યારે અશો ચાલચલણ તરીકે બહાર પ્રગટ થાય છે. તે નીતીભરી જીંદગી કહેવાય છે, અને 'નીતી માર્ગમા' ગાથાઓના શીખાડવા પ્રમાણે, સર્વ શકતીવાન સાહેબ મઝદ અહુર પોતે વસે છે. નીતી માર્ગ એ સંગીન તર્કશકતીનું ફળ છે, અને ધર્મ એ હવાઇ વહેમ છે, એવું કેટલાંક દોઢચતુર ભેજાઓનું કહેવું છે. તેઓ નીતીમાર્ગને ન્યાયતુસાર ગણે છે, અને ધર્મને, ભોલાં લોકોને ઠગનાર, ઉલટે માર્ગે ચલાવનાર, ધર્મગુરૂઓની બનાવટ ગણે છે. તેઓ એવું ડાહાપણ ડોળે છે, કે જ્યાં નીતી હોય, ત્યાં ધર્મ કદાચ નહીં પણ હોય! ભોલાં લોકો! આપણું ઉપલું પવીત્ર લખાણ **નીતી માર્ગમા** સઘળા ધર્મો આવી ગયલા સમજે છે, કારણ કે તે જાહેર કરે છે, કે નીતીમાર્ગમાં અહુરમઝદ પોતે વસે છે. ધારમીક મતો, સીધ્ધાંતો અને પંથો બાંધે માણસો છોને ગમે એટલા મારામાર કરે. પણ તેટલાં એક ડાહયો શખસ, નીતીનો મજબુત રસ્તો પકડીને તે ઉપર ચાલવા મંડે છે, તે પોતાના જાતી અનુભવથી જલદીથીજ ધર્મના સીદ્ધાંતો સમજી શકે છે, કે જેને માટે (ભણેલાં) ભેજાંઓ અંધારામાં ગોતાંઓ ખાઇ, લાઇલાજ થઇ જઇને, નીત્ય ફાંફાં માર્યાંજ કરે છે. ગાથાઓ જોડાયા, તે બાદ સદીઓ વીતાં પછી આપવામાં આવેલો, એવોજ બુધનો કાયદો, કેટલો સાદો છે! તે એ છે કે "પાપથી દુર રહો, અને સદગુણો ગ્રહણ કરીને, તમારાં અંતઃકરણને સ્વચ્છ કરો." ક્રાઇસ્ટે આગળ વધીને કહયું કે "હુંજ તે રસ્તો છું, તે સત્ય (નીતી) માર્ગ છું." અને દરેક ચેલાએ તે રસ્તો એવી મજબુતીથી પકડવો જોઇએ, કે તે તેની ઉપરથી ખીસી ન જઇ શકે, અને તેનાથી જુદા તરીકે ઓળખાઇજ ન શકે.

૬. ઓ, અહુરમઝદ! હું તને દરેક પળે ખરાં દીલથી તારા ભકત તરીકે, સતયતાની તથા અશોમનની મદદથી યાદ કરૂં છું, કે જેથી મારી નેક ઇચછાઓને હું પાર પાડી શકું. ઓ અહુર! હું તારી પાસે બે ચીજો માંગી લઉં છું:—એક તો તારૂં દર્શન, અને બીજું, ધર્મ જ્ઞાનનું તારા પોતા તરફનું શીક્ષણ.

વીવેચનઃ આ એક યાદગાર ફકરો છે. તેમાં અહુરમજદનો મેલાપ થાય છે અને અહુરમજદ તરફથી વહી (revelation)

મળે છે, તે બદલની તકરારનો અંત આણવામાં આવ્યો છે. નેક ચાલચલણ, અને સર્વથી ઉચ ધારણાઓ રાખીને, દરેક પળે ખરાં દીલની બંદગી કરવાથી, આ કામની શરૂઆત થઈ શકે છે. ખોદાતાલાને ચાહનારાઓને મટે આ સેહલું છે, કારણ કે તેમના સઘળા વીચારોમાં તે સાહેબજ રમી રહેલો છે. પણ જેઓને દુન્યાઈ ખજાનોઓ જોઇએ, અને ખુદા પણ જોઇએ, એવાં દુન્યવી મનુષ્યોથી, એ અશકય છે 'બેહસ્તનુ રાજ્ય' (Kingdom of Heaven) એક ચી-તની મજબુત કોશેશોથીજ જીતી શકાય છે. આતશને ફકત નમવાથીજ નહીં, પણ તેના જેવાજ આતશી થઈ, ઉંચે અને ઉંચે કુદવાથી, અને ગરમાવો આપવાથી, આત્મીક જીંદગી પ્રાપ્ત કરી શકાય છે. આતશને એક પળ પણ ઠંડો કરવાથી તે બુજાઈ જાય છે. જ્યારે પવનથી એક બતી બુજાઈ જાય છે, ત્યારે તેનો અસલ પ્રકાશ તેને નવેસરથી પાછી સળગાવવા વીના, આવી શકતો નથી. તેજ માફક આત્મીક પ્રેમભાવ તથા આત્મીક ચાલચલણની રોશની જો એકવાર બુજાઈ જાય છે, તો જે તબકેથી તે સન્માર્ગનો ત્યાગ થયલો હોય છે, તે તબકકા ઉપર પાછા આવી પોહોચવા માટે, નવી કોશેષ કર્યા વીના છુટકો નથી.

એક ભકતના અંતઃકરણમાં જે ખરો પ્યાર વહે છે, તે ઉપર આપણે મનન કરીશું! ખોદાતાલા ઉપર વીચાર કરતો એક ભગત આંખોની સઘળી શકતી તેને જોવામાંજ વાપરે છે, તથા તેનું આખું અંતઃકરણ તે સાહેબના વીચારમાંજ ગુમ કરી દેછે. અને રૂમીના બોલોમાં બોલીએ, તો "ડહાપણ" શીખવાની આરજુ રાખનારા છોકરાઓ, બુઢા થઈ જાય છે; જ્યારે બુઢા માણસો, હેતપ્રીત તથા પ્યારનો પાઠ શીખે છે, તો જુવાન બને છે. પ્યારની ખુશાલી સાથે, દુઃખ આવવું અવશ્યનુંજ છે. જ્યાં સુધી એક બુલબુલની છાતીમાં સેંકડો કાંટાઓ ભોકાય નહી, ત્યાં સુધી તે ગોલાબને કેમ પોહોચી શકે? તોપણ પ્યારના પાઠો, પવીત્ર બનાવે છે. કારણ કે, એક પત્થરના અપારદર્શક ઘટ પેટામાં ઝમકદાર સુરજ, ઉપરાઉપરી કીરણોનો હુમલો કરયા કરે છે, તેથી તે પત્થર એક સુંદર માણેકમાં ફેરવાઈ જાય છે. અને તે ઘણુંજ ઝમકદાર તથા બીલોર જેવું સાફ, નીર્મળ હોય છે. તેજ પ્રમાણે ચાહે એવાં જડ અને લાગણી વીનાના અંતઃકરણો પણ, આખરે પ્યારના સ્વચ્છ કીરણોને આધીન થાય છે. તયારે તેઓમાં કેટલો સુંદર ફેરફાર થાય છે, તે એક ઇરાની કવીએ બરાબર વર્ણવ્યું છે. એક વરસાદનું ટીપું, પોતાનાં નજીવાપણાં માટે શરમાતું, જયારે દરીઆ તરફ મુસાફરી કરતું આવ્યું, તયારે પ્રેમભરી મોતીની છીપે, પોતાનું જડબું ખોલી, તે બીચારાં ગરીબ ટીપાને અંદર લીધું. ત્યારે તે સુંદર મોતી બનયું, કે જે એક રાજાના તાજમાં, સઉથી કીંમતી નંગ ગણાવા લાગયું. ખરા પયાર તથા પ્રેમભાવની સાથે સાથે નમ્રતા આવે છે. અને એવું બરોબરજ કેહેવાયલું છે, કે કોઈ પણ વસ્તુ ભાંગવાથી કીમત વીનાની બની જાય છે, તોપણ એક અપવાદ છે. એક માણસનું તુટેલું અંતકરણ જેટલું વધુ કચડાય અને પીખાય છે, તેટલું તે વધુ કીંમતી બને છે.

હવે અહુરમઝદને કેમ ચાહશો? એક પતીવ્રતા નાર, પોતાના અંતઃકરણમાં, પોતાના ધણીની મુરતીનો છાપ, જેમ હેતથી રાખે છે તેમ; અથવા એક પતંગીઉં જે રોશનીને ચાહે છે, અને આખરે તેના અંદર ભસ્મ થઈ જાય છે તેની માફક; અથવા તો એક કંજુસ, કે જે દીનપ્રતીદીન વધતી જતી મેહેનતથી દ્રવ્ય એકઠું કરે છે તેની માફક; અથવા તો એક કીડી, કે જે ખાંડના પ્યારને ખાતર, ખાંડના ઢગલા ઉપર જીવ આપે છે, તેની માફક; અથવા એક માખી કે જે મધના વાસણ ઉપર ચીટકી જઈને જાન ખોવે છે તેની માફક; અથવા એક દારૂડીઓ કે જે દારૂના લખને લીધે, પીહાંમાંજ પોતાનું ખીછાનું કરે છે, તેની માફક. અથવા તો એક બોભી લડવૈયો કે જે માન મેળવવાના. અભખરાને ખાતર, બંદુકના મોહોડાં સામે ઉભો રહી, જીવ આપવાની હીંમત કરે છે, તેની માફક, તે ખુદાવંદતાલાને ચહતાં શીખો! જેઓને રોશની

જોઇતી હોય, તેઓએ રાત્રે બની આગલ જવું જોઇએ. અથવા બપોરનાં છાંયડો ભાવતો હોય, તો તે વેળાએ ઝાડની નીચે બેસવું જોઇએ. તેજ પ્રમાણે જેમને ખોદાતાલાના પ્યારની જરૂર હોય, તેઓએ તેની ઇચ્છા કરીને, તેને મેળવવાને શોધ કરવી જોઇએ. અને યાદ રાખવું જોઇએ કે એક ભકત ગુલાબના માંડવા તરફ પોતાના હાથો લંબાવે છે, અને ચાહે છે કે પોતાનાં દોસ્તોને ખુશાલી આપવા માટે, થોડાંક ફૂલો પોતાના ખોળામાં એકઠાં કરે. પણ અફસોસ! તે ગુલાબના પમરાટથી તે એટલો તો બેભાન થઇ જાય છે, કે તેના નબળા હાથોમાં પકડેલો ખોળો છુટી જાય છે! એક ખરેખરો આશક (ભકત), પોતાની પ્રીયાને ખુશી રાખવાને, તેની સેવા કરવાને, અને દરેક રીતે તેણીને મદદ કરવાને, હંમેશાં તત્પર રહે છે. એક મગરૂર પુરૂષ, તેણી તરફનો વળતો પ્યાર, તથા તેણીની સહાય ચાહે છે. એવું કહેવાયલું છે, કે એક ખાકી કેળવણી પામેલો જરથોસ્તી, તથા એક ખરેખરો ધર્મી જરથોસ્તી, એ બે જાણુઓ સાથે, એક ગીચ જંગલમાં મુસાફરી કરતા હતા. બેઉએ આત્મીકજ્ઞાન પણ ઘણું સારૂં મેળવેલું હતું. તેઓને વાટમાં એકાએક એક સીંહ મળ્યો. પેલા શીખેલા, જ્ઞાની પુરૂષે પોતાના સાથીને કહ્યું કે "આપણે નહાસવું શું કામ જોઇએ? અહુરમજદ આપણો બચાવ કરશે." પેલા પ્રેમી ભકતે જવાબ વાળ્યો, કે "નહી ચાલો આપણે નહાસી જઇએ. આપણી પોતાની મહેનત અને કોશેષથી જે આપણે તુરત બજાવી શકીએ, તેને માટે આપણા વાહાલા કીરતારને, ખાલીપીલી તસદી આપવાનો આપણને શું હક છે?" તેટલા માટે, એક એકલપેટા પ્રેમી, કે જે વળતો બદલો માંગી, સામા પાસેથી પ્યારની આશા કરે છે, અને એક બીનસ્વાર્થી આશકની વચ્ચેનો તફાવત કદી ભુલતા નહીં. એક યકીનદાર અને બીનસ્વાર્થી ફકીર માટે કહેવાયલું છે, કે જ્યારે એક વાઘે તેને ચીરી નાંખ્યો, ત્યારે તે કાંઇપણ મલમપટા યા ઇલાજ વીના પડયો હતો. ત્યારે તે ઉપકારની તીક્ષણ લાગણીથી ખોદાતાલાના વખાણ ગાવા લાગ્યો. જ્યારે આસપાસ ભેગાં થયલાં લોકો તેની આવી ઉત્સાહભરી બંદગીનું કારણ પુછવા લાગ્યાં, ત્યારે તે બોલ્યો, કે 'હું ખોદાતાલાનો ઉપકાર માનું છું, કે મારા ઉપર ફકત કમનસીબીએજ ગલબો કર્યો છે, અને પાપથી તો હું વેગળો છું. મારો વહાલો દાદાર ગમે તો મને મોત આપે, પણ તેનાથી છુટા પડવાનો અથવા તો તેને ગુસ્સે કરવાનો વીચાર, એક પળવાર પણ હું સાખી શકું નહી!'

૭. ઓ મજદ! તું પોતે મારી આગલ આવ, અને મને (એક ખરા જરથોસ્તીને) જેને ધર્મમાં યકીન ધરાવનારાઓ (અથવા મોટા ધર્મગુરૂઓ જેઓ દીક્ષા પામેલા 'મગવો'ને નામે ઓળખાય છે તેઓ) મારી અશોઇ અને ભલાં મન માટે પીછાણે છે, તેટલા માટે જે સર્વથી શ્રેષ્ટ હોય, તે મને શીખવ.

હમારી બંદગીને લગતા હમારા (અપેલા) સર્વે લોગો, (તારી દરબારમાં જાહેર થજો!

મજદ. શીક્ષક. (ગુરૂ).

વીવેચન: અત્રે એકખરા જરથોસ્તીની, મઝદની પોતાની પાસે, જે શ્રેષ્ટ હોય તે શીખી લેવાની, આતુરતા વીષે ફરીથી ભાર મુકવામાં આવે છે. પોતાના વહાલા ખુદાની ચાલુ બંદગીઓ કરવા કરતાં વધુ ઉતમ બળીદાન, એક ભકત શું આપી શકે? પોતાનો સઘળો વખત, સઘળું બળ, સઘળું જ્ઞાન, સઘળો પયાર અહુરને અર્પણ કરવો, એ એક સર્વથી મોટો ફરેસ્તો કરે તેના જેટલુંજ શ્રેષ્ટ છે; પછી તે સઘળું ગમે તેટલા નાના પ્રમાણમાં ધરાવતો હોય તો ચીંતા નહીં. ભકતીમાં લીન થયલો એક શખસ, ખોદાતાલા અને તેની સેવા શીવાય બધું ભુલી જાય છે. એ માફક પોતાની જીંદગી ગુમાવી દઇને, તે ખોદાતાલાની પોતાની સર્વોતમ ઉમદા જીંદગી મેળવે છે.

૮. ઓ મજદ! તારી સ્તુતીના ભજનો ગાવા માટેની મુખ્ય ધારણા, તું મને બતાવ, કે જેથી કરીને અશો નેમ રાખીને, હું તે ભજનો હમેશાં ઉચારૂં તરા તરફની બક્ષેસ તરીકે ખોરદાદ અને અમરદાદ (સુખ અને અમરગી) એ બન્નેની બક્ષેસો, હમેશ માટે મને આપજે.

અંદગીની વખાણ. ખોરદાદ અને અમરદાદની બક્ષેસો.

વીવેચન: અહુરમજદની વખાણની મુખ્ય નેમ, છેલ્લા ફકરાની આગમજના ફકરામાં ખોલાસાથી દરશાવેલી છે. કદાચ તર્કશાસ્ત્રની નજરે જોતાં આ હાલનો ફકરો તેની પહેલાં આવવો જોઇતો હતો. ખોદાતલાની હાજરી તથા ખુદાઇ વહી (revelation) ની આશા, પોતાને તદન ભુસેડી નાખવાથીજ રાખી શકાય છે. મઝદની અથાગ સેવાના બદલામાં, જેમ ઉનાલા પાછળ શીયાળો નીયમીત આવે છે, તે રીતે એક આત્માની ખીલવણી થાય છે. અને તે સાથે 'પરમસુખ'નું તથા પોતાની અમરગીનું ભાન તે આત્માને થય છે. ખરી રીતે જોતાં પોતાના સ્વભોગોથી માણસજાત આ દુન્યાઇ જંજાલો અને દુ:ખો ઉપરથી ધયાન ખેંચી લઇને, પોતાને સારૂ અમર જીંદગીના અમુલ્ય ખજાનાના દરવાજાઓ ખુલ્લા કરે છે. ફકત નીચ ભાનની નજરે જોતાં સ્વભોગો ભોગો તરીકે દેખાય છે. પણ પરમ સુખનું ધામ, જે આપણું ખરે ખરૂં ઘર છે, તે તરફ તે સ્વભોગો આપણને ઉંચકી લઇ જાય છે, ત્યારે તેમને ભોગો તરીકે કેમ ગણી શકયે? આપણા પોતાના ઘર તરફની મુસાફરી કરવા ખાતર કાંઇ કીમત આપવી, એ કાંઇ ખરેખર સ્વભોગ કેહેવાય નહીં.

૯. મઝદ અને બેહમન ભલાઇ અને સત્તાનો વધારો કરે છે. તેમના કાર્યોના પ્રમાણમાં, માણસ જાતને તેઓ સુખ આપે છે. મજદ, બેહેમનની સાથે મળીને (અથવા બેહેમનની મારફતે,) સુખ આપે (છે)! તેમના આત્માઓ એકત્ર હોવાના સબબે, તેઓ ઉતમ રીતે સાથે કામ કરે છે.

મઝદ અને બેહુમન. સુખ. એકતાન.

વીવેચન: "જે પ્રમાણે ઉપર છે, તે જ માફક નીચે પણ છે." મજદ અને બેહેમન ઉપર છે, તેમના પ્રતીબીંબો (reflections) આત્મા તથા રવાન (આ જગતમાં) નીચે પડે છે. એક માણસને પોતાના અંતઃકરણથી જે કાર્ય કરવાનું ખેંચાણ થાય છે, તે, અને ધર્મ તેને જે કાર્ય તેને માટે શ્રેષ્ટ છે એવું ફરમાવે છે, તે બે વચ્ચે જયારે સંપુર્ણ અઇકયતા હોય છે, તયારે વર્ણવી ન શકાય એવી શાંતી અનુભવી શકાય છે.

૧૦. ઓ મજદ! તારી તરફના મારા પ્યારના બદલામાં, હંમેશગીના સુખની હાલતો, તું મને બક્ષ, કે જે હાલતો અસલ માણસજાતમાં હતી, હાલ પણ છે, અને હવે પછી આવશે. ભલામણ, અષોઇ, સત્તા અને આબાદી વડે, તું શરીરને મજબુત બનાવ!

અહરીમન (ની સત્તા)નું જોર ટુટજો અને તેના ઉપર હજારો લયાતન હોજો!

પરમસુખની હાલતો. શરીર કેમ મજબુત બને.

વીવચન: ખોદાતાલા પ્યારને કેટલો કીંમતી લેખે છે, તે બાબે થોમસ આ કેમ્પી ઉપલા ફકરાના સંબંધમાં કહે છે કે, "એક માણુસ કેટલું કામ કરે છે, તે દાદાર તપાસતો નથી, પણ કેટલા પ્યારથી તે કાર્યો કરે છે, તેનું તે કૃપાળુ સાહેબ તોલ કરે છે. જે ઘણો પ્રેમ બતાવે છે, તે ઘણું કરે છે!" કેટલાક હાલના શીખેલા લોકો, આગળના લોકો બાબે બહુજ હલકો વીચાર ધરાવતા દેખાય છે. પણ ગાથા ઉપરથી જણાય છે, કે તેમનામાં પણ પરમસુખની ઉતમ હાલતો હતી, જેમના વચ્ચે તથા હાલની તથા ભવીષ્યની ઓલાદોની એવી હાલતો વચ્ચે, કાંઇજ ફેર નથી. હાલના વખ

તના અને ભવીષ્યમાં થનાર લોકોને ગુજરી ગયેલા જમાનાના લોકો પોંહોચી શકે નહી, એવા હાલના જમાનાના તુમાખીભર્યા ખ્યાલને, આપણાં ધામીંક લખાણો કાંઇજ કોહું આપતાં નથી. સઘળા લાયક જણાતા લોકો ઉપર કોઇબી જગાએ, સઘળી જગયાઓએ અને સઘળાં કામોમાં, ખોદાવંદતાલા સંપુર્ણ સુખ, સન્તા તથા ગ્નાનની, રેહેમદીલીથી બક્ષીસ કરે છે. બાહારની કુદરતને આપણે જોઇએ છે, તેમ ધીરેધીરેથીજ માનવીના આત્મીક ભાનનું પ્રકટીકરણ થતું નથી. ઉત્તમ શીક્ષણ હેઠળ, એક પવીત્ર જીંદગી ગુજારવાથી, પ્રકટીકરણમાં લાખધણો વધારો, ચટ અને પટ થાય છે. આ પ્રમાણે જ્યારે બાહારના પ્રકટીકરણ કરતાં અંદરખાનેનું પ્રકટીકરણ આગળ વધી જાય છે, ત્યારે એવા પરીણામો આવે છે, કે જેમને અણુસમજુ લોકો મોજેજા તરીકે લેખે છે, જો કે કુદરતમાં કાયદાઓની બહાર કાંઇજ બનતુ નથી, અને કહેવાતા મોજેજાઓ ફક્ત ઉંચ ભુમીઓના કાયદાઓની મદદથી બને છે.

૧૧. ઓ પરમકૃપાળુ અહુમઝદ! અને ઓ (સ્પેનત) આરમઇતી અને ઓ દુનયાની આબાદીનો વધારનાર અષ (વહીશત), ઓ બેહેમન અને ક્ષથ્ર (વરીયો)! મરૂં સાંભળો અને મારાં સઘળાં કાર્યો માટે મારી ઉપર દયા કરો!

વીવેચન: અત્રે પેહેલાં પાંચ અમેશાસ્પંદોની આપણા દરેક કાર્ય માટે મદદ માગવામાં આવી છે. તેઓ આપણાં ઉંચ શરીરો બનાવે છે. એ મોટા અમેશાસ્પંદોને, કાંઇ સમજાવવા અથવા પટાવવા, ફુસલાવવા પડતા નથી. પણ જ્યારે આપણી અંદરથી તેમની મદદ મેળવવાને આપણે લાયક થઇએ છીએ, તયારે આપણી દરેક યોગ્ય અરજ તેઓ તુરત મંજુર રાખે છે. જો કે બુરાં કાર્યોનો જવાબ, તે કાર્યો કરનાર ઉપર વેર લેનાર આફતોના આકારમાં કદી, કદી ગણોજ જલદી દેખાવ દે છે, તોપણ નેક કાર્યોનો બદલો, કોઇ વેળાએ, તેના કરતાંએ વધુ હેરતભરી ઝડપથી, મળી જાય છે. ઇંગ્રેજી કેહેવત છે, કે "કહાની કીસ્સાઓ કરતાં ખરી બનેલી બાબદો વધુ અજબ જેવી હોય છે." મુસીબત આવે ત્યારે દયાળુ ઇશ્વર, પોતાના પુંજારીઓને ભુખમરાથી બચાવવા માટે, આકાશમાથી અમર ખોરાક પણ મોકલી આપે છે. એવીજ રીતે યહુદીઓને, મુસા પેગમબરની સરદારી હેઠળ બચાવી લીધા હતા. ખરાં દીલનું યકીન, જે હજારો અજાયબ કામો બજાવી શકે છે, તે એક ફરેશ્તાની મોલાકાતે જેટલુંજ અસાધારણ છે. એવી એક વાત છે, કે એક વેળાએ એક તોફાની નદીની પેલેપાર, એક સંકટમાં આવી ગયલા કુટુંબને, કોઇ અગતનો સંદેશો પોંહચાડવાને જવા માટે, એક (આત્મીક) ગુરૂએ તેના ચેલાને ફરમાવયું. તે ચેલાએ તે પાણીના મજબુત રોહની મુશકેલી દેખાડી, અને ગુરૂ અગળ તેની આગ્ના બજાવવાની પોતાની અશકતી બતાવી. તે ગુરૂએ તેને એક જાદુઇ તાવીજ આપ્યું. તે ચેલાએ તે હાથમાં લીધું, ત્યારે ગુરૂએ તેને કહયું કે તે હાથમાં પકડી રાખવાથી તે પાણી ઉપર ચાલવાને શકતીવાન થશે. પેલું તાવીજ હાથમાં લઇને નદીમાં અડધો રસ્તો તે ચેલો વગર મુશકેલીએ પસાર કરી ગયો. પણ તેની જીગ્નાસા ઉશકેરાવાથી તે અજાયબ તાવીજ ખોલીને, તેની અંદરનો પ્રબળ મંત્ર વાંચવાનો, તેણે ઠરાવ કીધો. તેની અંદર તેને 'હક' એટલે ખુદા, બોલ માલયો. આવા એક સાધારણ બોલથી તેને ધીકકાર ઉપજયો, અને એવા એક સાધારણ બોલમાં કાંઇપણ બળ અથવા શકતી હોય, એ વીશે તે તાબડતોબ શકમંદ થયો. તેનું યકીન હવામાં ઉડી જવાથી, તેની પાણી ઉપર હલકો બનીને ટકી રેહેવાની શકતી તુરત ગુમ થઇ ગઇ. અને તે નદીના તળીયામાં જઇ પડયો, અને તે કદીએ પાછો ઉપર જણાયોજ નહી!

સોચો, કે આપણે ઘણાં વરસ જીવીશું, એવા મકકમ વીશવાસને લીધેજ આપણી જીંદગી ટકી રહે છે. તંદેરસ્તીને લગતા કાયદાઓ આપણને સારૂજ કરશે, એવો વીશ્વાસ કોઇપણ દુખદરદમાંથી આપણને બચાવી લઇ,

આપણી તંદુરોસ્તી પાછી બક્ષે છે. આ શા જે આનંદનું મુળ છે, તે યકીનથીજ બરપા થાય છે. આપણી ખોઈલી તંદુરોસ્તી પાછી આવવીજ જોઇએ, એવો મક્કમ વીશ્વાસજ, આપણા અંગના દુઃખદરદો સારાં કરે છે દવાના ખરેખરા ગુણો માટે ગમે એટલું બોલાયા છતાં, તેની અસર ફક્ત નજીવીજ થાય છે; જયારે દવા સારૂં કરશે, એવો ફક્ત મનનો ધખારો, ખરેખર માણસના દુઃખોને સારાં કરે છે ભેજું ખીલવવા અને શીખવાનું આપણેથી બનશે, એવો ખ્યાલજ જ્ઞાન મેળવવાને આપણને ખરૂં ઉતેજન આપે છે. જીંદગીના જોખમો ખેડવાને, અને જીવવાને, યકીનજ આપણને શકતીવાન બનાવે છે. કારણકે કોઇક અકસ્માતથી આપણે અશક્ત થઇએ, અથવા કોઇ કવખતનું મરણ પામ્યે, તો આપણે તથા આપણાં વ્હાલાંઓને કેટલી કંગાલીઅત અને બેહદ દુઃખમાં ગરકાવ કરીએ, તેનોજ વીચાર જો મનમાં રાખ્યે, તો જીવવાનું સદંતર અકારૂં થઇ પડે. એકેક પછી મળતી નીરાશીઓ, ફટકાઓ, હારો તથા બેભલાલચોની વચમાં આપણો બીજાજ તથા જોર ટેકવી રાખનાર, કાંઇજ નહીં, પણ સદગુણની છેવટની જીત ઉપરનો આપણો મક્કમ વીશવાસ છે. જે પણ ઉમદા છે, તે શાંતીભર્યું છે, કારણકે તેને સર્વ ભલાઇ, સુંદરતા અને સત્યની આખેરની ફતેહ ઉપર પુરો ભરૂસો છે. નર નારીઓથી ભરેલી આખી દુન્યા, વીશવાસ વીના, ખુશાલીમાં ભાગ લેવાની એક ઘડીભર પણ દરકાર કરે નહી. જો તે ખુશાલી, ધાતકી નસીબદેવીના, બીનવીશવાસુ, ફંટાને આધીન હોય, અને બીજીજ પળે ખેંચી લેવાઇ શકાતી હોય, એમ જો બનતું હોય, તો આપઘાતનો, ઉદાસીન 'સ્ટોઇક' ટોળાનો મત, સર્વે કબુલ કરવા તઇયાર થઇ જાય, અને તેના પરીણામમાં આપઘાતોથી દુન્યા ખાલી થઇ જાય. જેરેમીટેલર, દરરોજની જીંદગીમાં, 'વીશ્વાસ' અથવા શ્રધ્ધા કેટલો અગત્યનો ભાગ ભજવે છે, તે ઉપર નીચલા ટીકા કરે છે. "વીશ્વાસ વગર માણસ જાત એક પણ દીવસ કામ કરી શકે નહીં; પણ તેને દીવસને અથવા અઠવાડયાંને છેડે પગાર અથવા બદલો મળવાનું યકીન હોવાથી, તે પોતાની ફરજ બજાવે છે. જે યકીન રાખે છે, તે ઉતાવળ કરતો નથી, પણ આરામ લેવાના વખત માટે ધીરજથી થોભે છે. અને તે આવતી કાલ માટે ખોદાતાલા ઉપર વીશ્વાસ રાખે છે, તેમજ આવતાં વરસ માટે જરાએ ફીકરમંદ રેહતો નથી: પણ ગયાં વરસ જેવુંજ તે પણ પસાર થશે, એમ નક્કી માને છે. અને એટલું તો ચોકસ છે, કે ખોદાતાલા તરફની ગરીબ માણસને જે આશા અને ઉમેદો હોય છે, તેના કરતાં કોથળી ચીકાર હોય છે, તેની ઉપર જે વધુ મદાર બાંધે છે, અથવા પોતાનો હુન્નર ઉદયોગ જ્યારે ભાંગી પડે છે, ત્યારે ખોદાતાલાની દયા ઉપર આધાર રાખવાને બદલે, પોતાના ખભાં ઉપર જે વધુ વીશ્વાસ રાખે છે, તેનામાં યકીનની કોતાહી હોય છે." મન્ઝેલ 'વીશ્વાસ' બેલની નીચલી સુંદર વ્યાખ્યા આપે છે, કે "તે ખુદાતાલાનો સૌથી સુંદર ફરેસ્તો છે." ખીણમાં ઉગતું ગુલછરીનું ફુલ, જો કે કાંઇ પણ કામ કરતું નથી, અથવા તો મહેનત કરતું નથી, તોએ તે ઘણું સુશોભીત અને આબાદ થાય છે. ખોદાતાલાને માણસ જાતની મેહેનતની જરૂર નથી; જેઓ ધીરજ રાખીને તેની સેવામાં ખડાં રહીને થોભે છે, તેઓ પણ ખરી ફરજ અદા કરે છે. માટે નેક અને વાજબી થાઓ, ચાલુ ફરજોમાં ગુંતાયલાં રહો, પણ તેમાંએ હદ ઓળંગી જવી નહીં. કારણકે બીશપ હોલ ખરૂં કહે છે, કે "મધ્યમપણું, એ સઘળા સદગુણોની મોતીની માળામાં પોયલી, રેશમી દોરી, સમાન છે." તે જાળવતા રહો, અને પછી કુદરતના ભલા કાયદા ઉપર વીશ્વાસ રાખશો, તો જે તમારાં અંતકરણની ઉમેદ હશે, તે સફળ થશે. કદાચ માણસના ઉંચ શરીરોની મદદ ઉપલા ફકરામાં માગવામાં આવી હોય.

૧૨. ઓ મીનો મજદ! સર્વથી મોટી વૃધીનો કરનાર, અને પવીત્ર આશીરવાદોથી બંદગીનો બદલો આપનાર! તું

મને સ્વચ્છ બનાવ; મારી નમ્રતાના બદલામાં, મને જોર બક્ષ; મારી સચ્ચાઈના બદલામાં, મને હીંમતભરી સહનશક્તી બક્ષ; અને અશોઈભર્યાં મનના બદલામાં મને સરદારી બક્ષ.

વીવેચનઃ આ ફકરો ખુલ્લું પુરવાર કરે છે, કે પ્રાર્થનાઓ અને સદગુણોના બદલામાં, આશીરવાદો મળે છે. જે નમ્ર હોય છે, તે જોરાવર થવાને અને સત્તા ચલાવવાને સર્વથી વધુ લાયક છે. જેઓ રાક્ષસો તરીકે પોતાનું જોર, જુલમાટ કરવામાં વાપરતા નથી, તેમને યઝદાન ખુશીથી જોર બક્ષે છે. અશોઈથી શુરવારપણું પ્રગટે છે. ખોદાની સેવાને ખાતર લડવાને માટે, એક હીમતવાન લડવૈયાને, મોતની

બંદગી. નમ્રતા. સાચવટ. અને અશો મનનો બદલો.

પણ ધાસ્તી રહેતી નથી. તેથી તલવાર અને ભાલાથી નહી, પણ પ્યાર, અઈકયતા, ધીરજ, પરીત્યાગ તથા હીંમતના હથયારો વડે, એક અશો માણુસ લડે છે. ભલાં મનવાળો, દુન્યાને દોરવવાની લાયકાત ધરાવે છે, અને જયારે ખોદાતાલાની ઈચ્છા પ્રમાણે દુન્યા ચાલે છે, ત્યારે તો જરૂર તેવાજ માણુસને સરદારી મળે છે. ખાકી દુન્યામાં સઘળે ઠેકાણે લાંચ રૂશવત અને રાખરખાવત નજરે પડે છે, કારણકે ખાકી દુન્યામાં બીનઅનુભવી માણુસજાત કામ કરે છે; પણ ઉંચ ભુવનોમાં, જયાં માત્ર લાયકાત ઈનામ ખાટી જાય છે, ત્યાં ફકત સર્વથી વધુ લાયકાતવાળાઓનેજ, અચુક રીતે આગેવાની અથવા મુખીપદ એનાયત કરવામાં આવે છે.

હીંદુ દંતકથા આ બાબદ ઉપર બરાબર અજવાળું નાંખે છે તેમાં કહેવાય છે, કે સુર્યના ગ્રહ મંડળના રાજકર્તા ઈંદરે, જયારે વીશ્વામીત્ર રૂષીને પોતાના સઘળાં બળથી, સર્વોતમ તપસ અને ભકતીમાં લીન થયેલો જોયો, ત્યારે તે પોતાનું રાજ્ય ખોહવાની ધાસ્તીથી ધ્રુજ્યો, કારણકે તેને રાજ્ય ખોહવા ગમ્યું નહીં. આગળ ચાલતાં આપણુને જણાવવામાં આવયું છે, કે ઈંદ્રએ બીછાવેલી, આકાશી પરીઓની ઈસ્કબાજીની, જાળની મોહિનીમાં, વીશ્વામીત્ર ફસી ગયો, તેથી તેણે પોતાની લાયકાત ખોઈ દીધી. જો વીશ્વામીત્ર તે મોહીનીને વશ ન થયો હોત, તો થોડા વખતમાં ઈંદ્ર ઉપર તે સરસાઈ મેળવતે, અને સુર્યમંડળના નવા રાજા તરીકે, તેને, કુદરતના નીયમાનુસાર, માન સાથ સ્વીકારવામાં આવતે. કુદરતનો કાયદો અચુક, અને તે સાથે વળી અપક્ષપાતી છે. આ પ્રમાણે ચોકકસ તખ્તકે પોંહોચવા માટે, અંતઃકરણ અને મગજના શું શુ ગુણો ધરાવવા જોઈએ, તે આ ફકરામાં દરશાવવામાં આવ્યું છે.

૧૩. ઓ અહુર! મારી ખુશાલીને માટે શેહેરવર (ક્ષથ્રવૈર્યો) અને બેહેમનની આશીરવાદ ભરી બક્ષેસ, તું મને ચોકકસ રીતે ઈનાયત કર. અને ધર્મનું શાસ્ત્ર (આત્મજ્ઞાન) સંપાદન કરવા માટે મને શકતીવાન કરવાને, ઓ સ્પેંતઆરમઈતી! અષોઈની મારફતે, તું મને ધર્મના ફરમાનો શીખવ.

વાવેચનઃ ભલેને હાલના જુઠા જમાનાના લોક પ્રકૃતીમાં

શેહેરેવર અને બેહેમનની બક્ષેસો. આરમઈતી શીક્ષક તરીકે.

ગમે એટલી મોજ મેળવે. ગાથાઓ આપણુને આત્માની છુપી શકતીઓ વીષે શીખવે છે. ધર્મશાસ્ત્ર કદી ચોપડીઓ વાચવાથી પ્રાપ્ત થતું નથી. શેહેરેવર તથા બેહેમનની ભેદી શકતીઓની બક્ષેસ, જયારે એક ચેલા ઉપર થાય છે, ત્યારેજ તે ધર્મશાસ્ત્ર સમજવા પામે છે. ધર્મની ખાણોની અંદર ઉંડી નજર પુગાડવા માટે, આરમઈતીની પણ મદદ જોઈએ છે, એવું આપણે ઉપલા ફકરા ઉપરથી અનુમાન કર્યે છીએ. અષોઈને રસ્તે જતાં જે ભેદી સીધ્ધીઓ (શકતીઓ) ખીલે છે, તે બાબે અહીં ઈશારો થયો છે.

૧૪. જરથુસ્ત પોતાના શરીરના રવાનનો અને અશોમનની ખુબીનો મજદને ખાતર, ભોગ આપે છે. અષોઈને ખાતર

તે વળી (ભલાં) કાર્યોની સત્તાનો અને ધર્મના ફરમાનોની તાબેદારી(ના બદલા)નો ભોગ આપે છે.

વીવેચનઃ અત્રે એવું મહાન શુરવીરપણું ચીતારવામાં આવ્યું છે, કે જેની નકલ થવી જોઇએ. જ્યારે આપણી આખી હયાતી તથા તેમાં સમાયલું સર્વસ્વ, તે મજદના પગ આગળ ધરવામાં આવે છે, ત્યારે સ્વભોગ તદન સંપુર્ણ થએલો કેહેવાય છે. અને ત્યારે રસ્તો ઘણો જલદીથી કાપી શકાય છે. મોંઘી ધાતુઓના ચલણની કીંમત હોય છે, તે માફક, ભલાં કામોની પણ કીંમત હોય છે, એ ખુલ્લું જણાઇ આવે છે. ભલાં કાર્યોનો મોટો જથ્થો આ દુનયાનાં ધન દોલત સમાન છે, અને ઉંચ્ચ ભુવનોમાં સત્તા મેળવવાનું સાધન છે. પુણ્યવતાં કાર્યોની પંકતીમાં, ધર્મના ફરમાનોની તાબેદારી (ભકતી) ને અહીં મુકેલી જોવામાં આવે છે. તે કાર્યોની મારફતે મેળવેલી સઘળી સત્તાનો, ખરી અષોઇ મેળવવાને માટે ભોગ આપવો પડે છે. માટે કાર્યોના ફળોને ખાતર નહીં, પણ તમારી પ્યારી ફરજને ખાતર કાર્યો કરતા રહો, ભલી ચાલચલણના બદલાની આશાનો ત્યાગ કરો, અને પરવરદેગારને તેનો હવાલો સોંપો, કે ચલણી સીકકાઓની

જરથુશત્રનો પુર્ણ સ્વભોગ, અથવા પરીત્યાગ.

માફક તેઓ તેના હાથમાં જઇ પડે, અને તેમનો તે ગમે એવો ઉપયોગ કરે. ફકત આજ રીતે રાજીખુશી હોય ત્યારેજ, કુદરત તરફથી કર્મના કાયદાસર તેને જે બદલો મળવો જોઇએ, તેની ઉપરનો પોતાનો હક એક માનવી છોડી શકે છે. આ ફકરામાં જ્ઞાન, ભકતી, અને કર્મ, એ ત્રણે માર્ગો ઉપર ચાલવાનો ઉપદેશ કરવામાં આવે છે. ત્યારે આપણને સમજાશે, કે એ ભુલભર્યો ખ્યાલ છે, કે એ ત્રણમાંનો માત્ર એક માર્ગ આપણને મઝદની હાજરીમાં પહોંચાડવાને કદી પણ શકતીવાન થશે. હીંદુ શાસ્ત્રમાં પણ એ ત્રણ રસ્તાઓને જ્ઞાન, કર્મ અને ભકતી માર્ગો તરીકે વર્ણવામાં આવ્યા છે.

યસ્ન ૩૪.

૧ ઓ મઝદ અહુર! અમરગી, અષોઇ, સુખ અને સત્તા બક્ષનારાં સઘળાં કાર્યો, બોલો તથા બંદગીઓ, પહેલાં હું તને અર્પણ કરૂંછું.

વીવેચનઃ છેલ્લા હાના આખીરના ફકરાની અંદર, જે સોનેરી વીચાર આવેલો છે, તે આ ફકરામાં પણ સમાવેલો છે. ત્યાં આપણે જોયું છે, કે શ્રેષ્ટ જ્ઞાન, નેક કામો અને નેક વચનો, તથા ખરાં દીલની બંદગી, ચોકકસ સારોજ બદલો મેળવી આપે છે. આ ફકરામાં એ સઘળાં લાયક કામો, વચનો તથા બંદગીઓ મઝદ અહુરને અર્પણ કરવાની સુચના થઇ છે. સંપુર્ણ પરીત્યાગનો ઉપદેશ, કાંઇ પેહેલવેહેલો ગૌતમ બુધ્ધ મહારાજે પ્રસીદ્ધ કર્યો હતો નહીં. બેશક તેની જીંદગીના દાખલાથી તેણે બતાવી આપ્યું હતું, કે તે ખરો સન્યાસી હતો. પણ આપણને અત્રે માલમ પડે છે, કે જરથુશત્ર સાહેબ જે તેની ઘણો આગલ થઇ ગયો હતો, તેણે સ્વભોગની, બીલકુલ અચુક બોધોમાં, સંપુર્ણ હીમાયત કરી છે. ખ્રીસ્તી ધર્મ સ્થાપક ક્રાઇસ્ટ પણ, પોતાના ચેલાને, "સઘળું છોડીને પોતાની પછવાડે આવવા ફરમાવે છે," તથા યઝદાનને નમીને આ રીતે બોલવા ફરમાવે છે, કે "સૃષ્ટીના કરતા, તારી મરજીને આધીન થાઉં છું!" અને એ રીતે ખુદાઇ મરજીને એક માણસે પુરેપુરી રીતે શરણ કેમ થવું, તે ભાર મુકીને સમજાવે છે. "ધન દોલતનો તુચ્છકાર કર, અને તું માલદાર બનશે; કીર્તી અને બડાઇને તુચ્છ લેખ, અને તુને કીર્તી તથા પ્રઉઢતા મળશે; નુકસાનોને તુચ્છ સમજી ધીકકારજે અને તું ફતેહમંદ જીતનાર બનશે; આસાયશની દરકાર કરતો ના, તો તુંને આસાયશ મલશે; દુન્યાને ધીકકારતાં શીખજે અને તુંને બહેસ્ત મળશે," એ પ્રમાણે ક્રીસોસ્તમ હીંમતથી સલાહ દે છે.

ઉપલા ફકરાને મળતો વીચાર જેરમી ટેલર આપે છે, કે "પાક ધર્મ એનેજ કહે છે, કે માબાપ વગરનાઓને અને

વીધવાઓને, તેમના દુખમાં મદદ કરવી, અને દુન્યાના ડાઘોથી નીષ્કલંક રેહેવું.''

''જો તું બહારની ચીજો તરફ નજર ફેરવશે તો જીસસને તું તરત હાંકી કાઢશે, અને તેની કૃપાદ્રષ્ટી ખેંચી લેશે,'' એ પ્રમાણે થોમસ આ કેમ્પી ચેતવણી આપે છે. વળી આગળ ચાલતાં તે કહે છે, કે ''દુન્યાની ચીજો તરફનો સંપુર્ણ ધીકકાર, સઘળા સદગુણોમાં આગળ વધવાની ઉત્સાહભરી ઇચ્છા, નીતીના નીયમોને આધીનતા, ખરા પશ્ચાતાપના દુખને સેહેવું, ખુશીભરી તાબેદારી, એકલપેટાઇથી અલગપણું, અને ક્રાઇસ્ટના પ્યારને ખાતર કોઇ પણ સંકટ વેઠવું,—એ સઘળું આપણને ભારે મકકમ બનાવે છે. અને તેમની યારીથી આપણે સુખથી મરણને આધીન થઇશું. જો સઘળા ખાકી જીવડાઓની ઉપર આધાર રાખવા ઉપરથી તું અલગો થઇ જશે, તો જીસસ ખુશીથી તારી સાથે રહેશે. આપણા હવાલામાં નહીં સોંપેલી ચીજો જેમની સાથ આપણને સંબંધ નથી, તેમને વીષે જો આપણે ખટપટ ન કરીએ તો આપણને પુષ્કળ શાંતી મળી શકે એવું છે. આ ટુંકી પણ આખું ડહાપણ સમાવનારી કેહેવત યાદ રાખજો: 'સઘળું તજી દે અને તને સઘળું મલશે!' વીષયવાસનાઓ છોડી દે, અને તને આસાએશ મલશે..... જો તું ખરેખર સુધરવા માંગતો હોય, તો બહારની દેખાતી બાબદોમાં, મુર્ખ અને અકલ વગરનો ગણાવાથી હીંમત હારતો મા. તું કાંઇ પણ જાણે છે, એવો ખ્યાલ લોકોને આપવા ઇચ્છતો ના; બલકે, જો કે બીજાઓ તારાં જ્ઞાન માટે માન ધરાવતાં હોય તોપણ, તારા પોના ઉપર મુસ્તાક બનતો ના. કારણ કે, ખાતરી રાખજે, કે બહારની દેખાવની ચીજો મેળવવી અને એકઠી કરવી, અને કુદરતની મરજીને આધીન થવું, એ બેઉ એકી વેળાએ બની શકેજ નહીં. જો તેમાની એકને માટે કાળજી ધરાવીએ, તો તેમાની બીજી છોડી દેવા શીવાય છુટકોજ નથી.'' કારણ કે ખરેજ કેહેવામાં આવ્યું છે, કે ''કલંક અને અપકીર્તી, જે દેખાવનાં છે, તે જે લોકો કબુલ રાખે છે, તેમને જ મળે છે. જો તે લોક કાદવની દીવાલ જેવા હશે, તો કલંક અને અપકીર્તીને ચોંટી બેસવાની તક મળશે. પણ સંગેમરમરની દીવાલ જેવા હશે, તો કલંક અને અપકીર્તી ચીટકવાને બદલે, મજબુત પ્રતીક્રીયાથી પાછાં વળશે. જો તું તેમની સામે બખાળશે, તો તેઓ તને વળગશે; જો તેમનો તુચ્છકાર કરશે, તો તેમને મોકલનાર ધણી પાસેજ તેઓ પાછાં જશે,'' એવું કાર્લ્સનું વાજબી અવલોકન છે. ''કોઇ પણ ચીજ માટે એમ કહેતો ના કે મેં તે ખોઇ છે, પણ કેહેજે, કે ''મેં તે પાછી આપી દીધી છે.'' ''તમારું બચ્ચું જીન્નતનશીન બન્યું હોય, અથવા તો તમારી ધરધણીઆણી આ દુન્યા છોડી ગઇ હોય, અથવા તો તમારી માલમીલકત લુટાઇ ગઇ હોય, તો એ સઘળાં પાછાં સ્વાધીન કરેલાં સમજવાં. તમારી માલમીલકત લઇ લેનારો, ગમે એવો ખરાબ માણસ હોય, તો શું થયું, ? જે સાહેબે તે તમને આપી હતી, તેણે તે પાછી માંગી લીધી, એમજ યાદ રાખવું. જેટલો વખત તે કીરતાર તમને વાપરવા દે, તેટલો વખત તેની સંભાળ રાખવી, પણ જેમ એક ધર્મશાળામાં મુસાફર રહે તેમ અલગા રેહેવું, અને કોઇપણ ચીજને પોતાની સમજવી નહીં.''

એક આત્મજ્ઞાની, જેણે બહારની દુનીયા પુરી ત્યાગ કરેલી હોય છે, તેની ફરજો વીષે વધુ બોલતાં, થોમસ આ કેમ્પી જણાવે છે, કે ''તારી ભુલો તથા વાંકો માટે ઠપકો પડેલો, અને શરમીંદો બનવાથી ડરે, ત્યારે સાબીત થાય છે, કે તું ખરેખરો નમ્ર નથી, અને દુન્યાદારી તેં ખરેખર તજી નથી, તથા દુન્યાની ચીજો તરફ તારી લાગણીઓ હજી મરી ગઇ નથી. તારી સામે ગમે એવી કપટ કીનાવાળી, ખોટી વાતો ઉભી થતી હોય તોપણ જો તું એ સઘળું, ગુપચુપ પસાર થઇ જવા દે, અને એક રજભારબી તેની દરકાર કરે નહીં, તે. તે તને શું ઇજા કરી શકશે? તારો એક બાલ પણ શું તે નીંદાખોર વાંકો કરી શકશે? ધ્યાન રાખવું સજાવાર છે,

કે માણુસાઇ ઇનસાફની નજરમાં જે ઘણું વખાણુવા લાયક હોય છે, તે વારંવાર ખોદાતાલાની નજરમાં ઠપકાને પાત્ર ઠરે છે.” ખરા સ્વભોગની વ્યાખ્યા નીચલા ફકરામાં આપવામાં આવી છે, જે ખરેખરો ચીંતન કરવા લાયક છે.

૨. સાચા, પરગજુ લોકોના, ભલા વીચારો અને કામોના અપણુતામાં, અંતકરણુનો ખરો પરીત્યાગ સમાયલો છે.

ઓ મઝદઅહુર ! તારે લાયકની તારી બંદગીઓ, તથા તારી સ્તુતી કરનારાંઓના ખુદાઇ ભજનોની મારફતે, હું તને પોહોચું !

સ્વભોગ બાબેની સમજણ. મઝદઅહુર સાથનો મેલાપ.

વીવેચનઃ સંપુર્ણતા મેળવવાને આતુર, એક બીનસ્વાર્થી જીવડો, ફળોનો જે ત્યાગ કરે છે, તે વીષે આપણે આગલા ફકરાઓમાં જોઇ ગયા છીએ. આ સ્વભોગ, તેને એક ખરા પરોપકારી માણુસ તરીકે કામ કરવાને શકતીવાન બનાવે છે, કારણુકે હવે તે શું અને કઇ રીતની સેવા બજાવે છે, તેનોજ ફકત ખ્યાલ રાખે છે, જ્યારે તે સેવાના પરીણુામની તે જરાએ દરકાર કરતો નથી. તેટલા માટે તેની નજર ખુલ્લી, ઠરેલ અને ચપળ હોય છે. મઝદઅહુરનો અવાજ, જે તેના અંતકરણુના ઝીણા અવાજમાં સંભળાય છે, તેનું ફરમાન બજાવવા શીવાય, તેની સઘળી સત્ય માટેની લડાઇઓ અને કોષેશોમાં તેને વધુ મતલબ હોતી નથી. વળી યકીનથી તથા એટલું જાણુીને તે લડે છે, કે તે આયંદે જરૂર જીતશે, કારણુ કે આત્માની કદી પણુ હાર થઇ શકતી નથી. તેના પરીણુામે, તેનાં સઘળાં કામોની સામેજ ન થઇ શકાય, એટલાં જબરાં બને છે. તેના વીચારો, જેઓ ફકત અશોઇ અને ફ-તેહ ઉપરજ ઠરી રહેલા છે, તેઓ સઘળી દુન્યાના આત્માઓને, ઉંચ પાએરી ઉપર લઇ જનારૂં, પ્રતાપી બળ ધરાવે છે. આ પ્રમાણે તે મઝદઅહુર સાથે તેના કામમાં હમશરીક અથવા હમકાર બને છે. આ તબક્કા ઉપર પોહોંચીને બળવાન અમેશાસ્પંદોની માફક, તે માહાપ્રતાપી મઝદ અહુરના ભજનોમાં મશગુલ થાય છે, કારણુ કે ફકત તેજ એક આત્મા માટે સર્વોત્તમ કામ છે, એવું તે સમજે છે.

૩. ઓ અહુર અને ઓ અશ(વહીશત) ! તમને સઘળી પવીત્ર (ક્રીયા કામને લગતી વીગેરે) ચીજો અર્પણુ કરીને, અમે માનથી આરાધીએ !

બેહેમનની મારફતે, તારા અમલમાં, સઘળા જીવોનું રક્ષણુ થાય છે. સંપુર્ણ ડહાપણુ, તારી મઝદની, તેમજ તારાઓ (યઝદો તથા અમેશાસ્પંદો) ની, દરેક બાબદમાં બંદગી કરવામાં, સમાયલું છે.

અહુર અને અશને ભોગ. જીંદગીનું રક્ષણ કરનાર બેહુમન.

વીવેચનઃ સઘળી ક્રીયાઓ, અંતર (ભાનની) જગતના કોઇક ભેદોની, બહારની નીશાનો અથવા સમજણો છે. ક્રીયાએ જગતના માલીકને, સર્વસ્વની અર્પણુતા, જે વીષે આગલા ફકરાઓમાં ઉપદેશ આપવામાં આવેલો છે, તેની નીશાનસુચક ચીન્હો (Symbols) છે.

એક એથો, કુદરતના કાયદાની સંપુર્ણ તાબેદારીથી, જગત આત્મા સાથે એકતાન બને છે, અને ત્યાર પછી એવી તાબેદારીથી મેળવેલી શકતીઓનો, તેજ કાયદાના લાભને સારૂ, ઉપયોગ કરે છે. અશ પોતે કાયદાનો નીગેહબાન છે.

અહુરના વાજબી અમલ હેઠળ, બેહેમનની મારફતે, સઘળા જીવોનું રક્ષણુ થાય છે. તમારે એ સીધ્ધાંતમાં યકીન તો છે કે નહી ? જો હોય તો તમારી પોતાની જીંદગી માટે બીહશો મા અને વળી જીંદગી બીજા ગમે એવા નજીવા દેખાતા જીવોનો નાશ કરી, પ્રતાપી બેહેમન અમેશાસ્પંદના કામને નુકશાન પોહોંચાડશો નહી. હરએક હાલમાં, લોહી રેડવાથી પરહેજ રહેજો. આજના કેટલાક શીખેલા

લોકો, ડાહાપણને, ભેજાંના અણુંઓ (cells) ની ધરૂજની (vibration) તરીકે લેખે છે. પણ ગાથાઓ તો ઉપલા ફકરામાં જણાવે છે, કે સંપુર્ણ ડહાપણ અહુર, અને તેની સાથ કામ કરનારા યજદો તથા અમેશાસ્પંદોની બંદગીમાં સમાયલું છે. એ બે મતોમાં કેટલો આસમાન અને જમીન જેટલો મોટો તફાવત છે, તે સોચો અને ડહાપણ પકડો! આ ફકરો વાંચનાર કોઇપણ જરથોસ્તી, બંદગી અને અહુર આગળની આજીજીને, નીર્જીવ ગણી શકે નહી.

૪. ઓ અહુરમજદ! અમે તારા આતશ, જે અશ (વહીશત) મારફતે ઘણી રીતે મદદ કરતો (અથવા હંમેશ ખુશાલ રહેતો, અને દેખીતો મદદગાર), હમેશાં સુખ આપનાર, મજબુત, સઉથી ઝડપવાળો તથા ઘણોજ હીમતવાન છે,— તેની મદદ માટે બંદગી કરીએ છીએ. આતશ, કીના કપટવાળા માણસને તથા માનવી જાતને ધીક્કારનારને, પોતાની જાતી શક્તીથી સખત રીતે સજા કરે છે (અથવા આતશ, પોતાની શક્તીથી, કીનાખોર આદમીનો કીનો અટકાવે છે.)

આતશ કે જે અશ મારફતે મદદ કરે છે.

વીવેચન: આતશને સઉથી ઝળકતો, તેમજ સૌથી હીંમતવાળો, અને પરમસુખ આપનાર તરીકે, સુંદર રીતે ચીતારવામાં આવ્યો છે. તેની હીંમત, સઘળાં પાપીઓને શીક્ષા કરવા માટે રસ્તો મોકળો કરી આપે છે. આપણી આંખે દેખાતા આ ફાની દુનયાના અંતશો, ખુદાઇ આતશના માત્ર ઝાંખા પડછાયાઓ છે.

૫. ઓ મઝદ તારી સત્તા શા ઉપર રચાયલી છે. અને તારી ઇચ્છા શું છે, (તે કહે), કે જેથી (જે જાણવાથી, અશો) કામોથી તારી દોસ્તીમાં રહીને ગરીબ લાચારોનો, સાચાં દીલથી અને ભલા ઇરાદાથી, હું મદદગાર બનું? દેવો તથા દુષ્ટ લોકોથી અલગ રહીને, અમે તુંનેજ સૌથી મોટો ગણ્યો છે.

મઝદની સત્તાનો પાયો. મઝદની મરજી અને દોસ્તી. ગરીબ લાચારોને મદદ. દેવોથી દુરી.

વીવેચન: પેલો ડહાપણ મેળવવા જાય છે. માટે ખોદાતાલાની મરજી જાણવાની તે ઇચ્છા કરે છે, કે જેથી કરીને, તેની મરજી પ્રમાણે કામ કરવાથી, તેની દોસ્તી તે મેળવી શકે. "દરેક જણ ખોદા ખોદા બોલ્યા કરશે, તેથી કોઇ ખુદાના રાજમાં, દાખલ થશે નહી. પણ ગરોથમાનમાં વસ્તા ખોદાતાલાની જે મરજી રાખશે, તેને ખોદાનું રાજ્ય જડશે." (મેથયુ ૭. ૨૧.). તે પેલો ઉપલા ફકરામાં વધુ જણાવે છે, કે તે સાહેબ સાથની ધાડી મીત્રાચારી હજી જો અંધીક મજબુત બનાવવી હોય, તો લાચાર કંગાલો અને દુ:ખીઆરાઓ તરફ, દયા કરો. જેઓ પૈસે ટકે ગરીબ હોય, અથવા મગજ શક્તીમાં, અથવા નીતી રીતીમાં, અથવા આત્મીક શક્તીમાં નબળા હોય, તે સઘળાં લાચારજ ગણાય છે. પેલાને શીક્ષણ મળે છે, કે "જે ઘણી તારા કરતાં ઓછું જાણતો હોય, તેની આગળ જા, જે પોતાની કંગાળ એકલી સુની હાલતમાં, ડહાપણના ખોરાક વગર અને શારીરીક ખોરાક વગર ભુખ્યો બેઠો હોય, અને જેની નજર આગળ આશા, દીલાસો અથવા ધીરજ આપનાર કોઇ ગુરૂ ન હોય, અને તેવાને તું કુદરતનો કાયદો શીખવ." આવી જાતની સખાવત દરેક જગાએ અને દરેક કાળમાં હકતાલાની ઉતમમાં ઉતમ સેવા ગણાઇ છે.

વળી કીરદીગારના પયારની જાળવણી માટે અવશયનું છે, કે દુષ્ટ સેતાની ખસલતના લોકો સાથનો સંબંધ સદંતર તોડી નાખવો. ત્યારે પાક લોકોની મીત્રાચારીનેજ વળગી રેહેવું એ ધડો આપણને મળે છે. "જેઓ સત્યતાનીજ ભુખ અને પ્યાસ રાખી, તે માટે તલપે છે, તેમના ઉપર ઇશ્વરના આશીષ હોય છે. કારણ કે તેમની ઇચ્છા પુરી પડશે. અશો અંતકરણ ધરાવનારાઓ ઉપર ખુદાઇ આશીરવાદ હોય છે; કાર-

ણુકે તેઓ હકતાલાને જરૂર જોશે." (મેથયુ ૫, ૬, અને ૮)

ઇશ્વર પ્રેરીત જ્ઞાન. બંદગી. મઝદને પહોંચવું.

૬. ઓ મજદ જો તું આ પ્રમાણે અશોઇ અને ભલાં મનનો (પીતા, ચાહનાર અને બક્ષનાર) છે, તો આ દુન્યા ઉપરની મારી આખી જીંદગીની ચાલચલણમાં મને ઇશવરપ્રેરીત (અંતર) જ્ઞાનની બક્ષેશ કર, કે જેની મારફતે, હું તારા તરફની બંદગી તથા ભકતીમાં આગળ વધું, તથા તારા વખાણો માઉં, અને તારી વધારે નજદીક પહોંચું.

વીવેચનઃ આ વાકય વાંચવા પછી કોઇ પણ ના પાડી શકશે નહીં, કે એક ચેલાને આશા રાખવા માટે જણાવ્યું છે, કે તે એવું શીક્ષણ મેળવી શકશે, કે જે માણસના મોઢાઓમાંથી નીકળયું ન હોય. પાધરૂં અંતર જ્ઞાન જે અંતકરણને જ્ઞાનની રોશની આપે છે, તથા તેને પવીત્ર બનાવી મજબુત કરે છે, તે મેળવવાની દરેક ખરા માજદીઅસનીતી આખેરની ધારણા હોય છે. એવી આખેરની અન્તરજ્ઞાનની સ્થીતી બાબે હીંદુ શાસ્ત્રમાં પણ ફરીને ઇશારો કરવામાં આવ્યો છે, તેથી તેનું વજન કાંઇ કમી થતું નથી. બલકે વધે છે. માનસીક દ્રષ્ટીને યોગ સ્વચ્છ બનાવે છે. તે આ સ્થુલ તથા ઉંચ માનસીક ભુવન વચ્ચેનો રસ્તો ખુલ્લો કરે છે, જેમાંથી એવું જ્ઞાન વહેતું થાય છે, કે જે તેજી મગજશકતીની, સાધારણ, ધીમી રીતીથી મેળવેલાં જ્ઞાન કરતાં વધુ ઉંચ પ્રકારનું, વધુ ઝડપી, તથા વધુ સાચું હોય છે. સુફીઓ ખાતરીથી કહે છે, કે મસ્તીમાં, ખુદાઇ ખુમારી અથવા સમાધીમાં રહીને, તેઓ કીરતાર સાથ એક થઇ જાય છે. એ તેમનું કહેવું પણ ઉપલા ફકરા ઉપરથી ખરૂંજ પુરવાર થાય છે. બુધીસ્ટો પણ ખાતરીથી કહે છે, કે સમાધીથી મનુષ્યનો આત્મા એક ટીપાં મીસાલ, જે મોટા દરીઆવમાંથી બહાર નીકળયો હતો તેમાંજ તે પાછો જઇ પડે છે. જયાં સુધી આપણી પૃથવી ઉપર એવા લોકો છે, જેઓ ભરૂસાપુર્વક રીતે જણાવે છે, કે જે બાબદનું ફકત ઇંદ્રીયો મારફતેજ જ્ઞાન થાય છે, તેજ હસ્તીમાં હોઇ શકે, ત્યાંસુધી શંકા અને શકનો, અંધારો, ભારી પડદો તેમની આંખ આગલ ફરી વળેલો રહેશે. અને તે ખીસેડી નાખવાને ઉંચ ભુવનોની સીધી, અન્તરજ્ઞાનની સાબેતીઓ જ બસ થઇ શકે છે, જે મેળવવાથી તેમને ખરી ખુશાલી ઉપજે છે. પોતા વીષેનું આત્મજ્ઞાન એકવાર પ્રાપ્ત થવા પછી, બંદગીઓ તેમજ ભજનો વધુ અને વધુ તીક્ષણ લગણીવાળાં, તથા બુલંદ અસરવાળાં બને છે. ઉંચ આત્મીક ભાનની હયાતીની, ચોક્કસ સાબેતીઓ, મગજશકતીને મળી શકતી નથી, અને તેથી મનમાં જે શકો ઉભા થયા કરે છે. તેથીજ ધર્મપોથીઓની ઉપર સંપુર્ણ વીશ્વાસ રહી શકતો નથી. પણ તે વીશ્વાસ અને યકીન મેળવવા માટેજ એક ભકત, હંમેશા અતી આતુર રહે છે. છેલ્લે આપણને યાદ દેવાડવામાં આવે છે, કે એક ચેલાની સઘળી કોશેશ મઝદને પોતાને જઇ મળવાને માટેની હોય છે.

૭. ઓ મઝદ, કયાં છે તારા પુજારીઓ, જેઓને અશોઇ વહાલી છે, (અથવા ભલાં મનને જેઓ પીછાને છે,) અને જેઓ ધામીર્ક આજ્ઞાઓ બાબેના ડહાપણને, મુખ્ય દોલત ગણીને, સુખ તેમજ દુઃખની વેળાએ (સમતોલ મગજથી) તે ફરમાનો પ્રમાણે ચાલે છે ?

ઓ અશો ! ફકત તારા શીવાય, હું કોઇ બીજાને ઓળખતો નથી; મને બચાવ.

વીવેચનઃ એક સાચા અંતકરણવાળા પુજારીને બરાબર રોશન હોય છે, કે તકરારો, લખાણો અને છટાદાર ભાષણો, અથવા બાહારનો દેખાવ તથા શોભા, એ સઘલું નહી, પણ અશોઇ અને ધર્મના ફરમાનો પાળવાની, બેહદ આતુરતા, તથા આ દુન્યાની ખુશાલીઓ દુઃખો મોજમજાહો તેમજ કંગાલીઅતોથી, મન અલગ રાખીને, સમતોલપણું જાળવવામાંજ, ખરૂં ખુદાઇ ડહાપણ સમાયલું છે. તે ટુંકી પણ અસરકારક રીતે

ઉપલા ફકરામાં દર્શાવ્યું છે. જે પલસફો ડૅ આના સંબંધમાં આપણને યાદ આ પે છે, કે "ખુશાલી આત્માને થાકવી નાખે છે, અને જેમ શરીરને મહેનત પછી આશાએશની જરૂર છે, તેમ ખુશાલી માંથી પણ અલગ થઇને, આત્માને શાં તી જોઇએ છે. રાત્રીની માફક, દુઃખ ફાયદાકારક છે. ઇચ્છાઓના ગરમ તપેલા આતશોને બુજવી નાંખીને, તે દુઃખ આ ત્માને ઠંડક આપે છે, અને જો કે તે જુ લમ પણ ગુજારે છે, તોપણ સઘળી ઉ ત્સાહને દબાવીને દ્રઢ બનાવે છે."

સમતોલ મનના ભકતો.

સ્પર્જીઅન આપણને કહે છે, કે "આ પણે યાદ રાખવું જોઇએ કે આપણી જીંદગી શાન્ત અને સુખી રાખવાને એ કજ રસ્તો એ છે, કે અંતઃકરણને સ્વસ્થ આરામમાં રાખવું. પ છી ગમે તો ગરીબાઇ, ધનદોલત, માનપાન, અપકીર્તિ, આબાદી અથવા લાચારીમાંથી કંઇપણ આવી પડે, તોપણ જો અંતઃક રણ શાંત હશે, તો એ દરેક હાલતમા પણ સુખ મળશે." થોમસ આ કેમપી આ પણને એવી સલાહ આપે છે, કે "મારા બેટા તારી પોતાની મરજી કરતાં બીજાની મરજી રાખવાને વધુ ખાહેશમંદ બનજે. વ ધારે મેળવવા કરતા ઓછું મેળવવાનીજ ઇચ્છા રાખજે. હમેશાં બંદગી કરીને દુ આ માગજે, કે તારી મારફતે દાદારની મરજી સંપુર્ણ રીતે પાર પડે" (સેન્ટ મે થ્યુ ૫-૧૦). સુખ અને દુખ માં સમતોલ મન કેમ રખાય તે ફકત તેઓજ સમજી શકે છે, જેઓ જાણે છે, કે લોભ લાલચોને બાળી નાખવી તે શું છે; જીંદગીની ઇચ્છા નાબુદ કરવી તે કેમ બની શકે છે; સુખ સગવડની ઇચ્છા મારી નાખવી તેનો અર્થ શું છે; ઇશ્વરથી જુદાઇનું ભાન દુર કરવું તે કેમ બને છે; ઇંદ્રીયોની રમ તની ઇચ્છા કેમ ભસ્મ થઇ શકે છે; ઉંચે ચઢવાની ખાહેશને કચડી નાખવું કેમ બની શકે છે; એકલીજ હાલતમાં સૃષ્ટીમાં ઉભા રહેવું તે કેમ બની શકે છે; બી-તરમાં છે તે, તેમજ તેમનેથી બહુજ છેટે હોય એવી વસ્તુ, તથા દેખીતી રીતે નહી મેળવી શકાય તે વસ્તુ, કેમ મેળવી શકાય; સત્તા અને શાન્તી ખરી આરજુથી કેમ મેળવાય છે; તથા આત્માની મતા મેળવવાની ઇચ્છા રાખવી તે શું છે; અંતરજ્ઞાનનો રસ્તો બી-તરમા જઇને શોધવું, તેમજ બહારની દુન્યામાં હીંમ તથી આગળ વધીને શોધવું, તે શું છે. હાલ કળયુગમાં, જયારે દુષ્ટ પાપીઓ (અશમોગો)નું રાજ ચાલે છે, તયારે ખરા ભકતો, પોતાને દુન્યાના તારણ કરનાર અશો મઝદની કૃપા ઉપર, બેધડ ક છોડી દેછે.

૮. કારણ કે (દુષ્ટ લોકો) એવાં કામો થી, આપણને બીધરાવે છે, જેથી ઘણા કોનો નાશ થાય છે. (મુશકેલીઓ ઘણી જ ભયંકર અને સખત છે.)

અધમીઓ, જેઓ સત્યતા તરફ બેદરકાર હોય છે, અને અસ્વચ્છ મનના હોય છે, તેઓ (ફકત) નબળાં મનવાળાં (આસામીઓ) ઉપર જીત મેળ વીને ફાવી શકે છે.

સખત મુશકેલાઓ, નબળાં મનવાળા. બેદ્યાન. અપવીત્ર.

વીવેચનઃ જયારે ભયભીત કસોટીઓ સામે આવે છે, ત્યારે હીંમતથી તે ખમવી જોઇએ. ખોદાવંદતાલાના ઇ નસાફ ઉપર ઇત બાર રાખીને, ગમે એવી ઉંચી અથ વા હલકી પદવી ઉપર હોય તયાં, એક માણસે પોતાની ફરજો હીંમતથી બ જાવવી જોઇએ. તમારી ચાલચલણનો લો ખંડી કટકો, આફતો તથા વીપતીઓની ભઠીમાં બળ્યા પછી ટીપાઇને, એક સરસ તેજી ચાલતી તલવાર બને છે, અને નસીબ દેવીની ઉથલપાથલ તમારી વરતણુંકને ધારદાર બનાવે છે. એવું કહેવાયલું છે, કે, "દીવાલે ખીલાને પુછયું, કે તા રો અણીવાળો દાંત તું મને શા કારણસર ભોકે છે?" તે ખીલાએ જવાબ દીધો, કે "અરે મુર્ખ તે સંબંધી હું શું જાણું? જે મારા માથા ઉપર હથોડાવડે અસંખ્ય ફટકાઓ લગાવે છે, તેને જઇને પુછ." જ યારે આપણો ઇનસાફી બાપ, દુખો મોક લે છે, તયારે કકળાટ અને કલાપીટ ક

રવામા શું ફાયદો? એવી એક વાત કહે વામાં આવી છે, કે એક ફકીર લગભગ નગ્ન હાલતમાં અને સ્વારી કરવાનું જાનવર તેની પાસે ન હોવા છતાં, મકાના પવીત્ર શેહેર તરફ જતા જાત્રાલુઓના, એક મોટા સ્વારી કીધેલા કાફલામાં, હીંમતથી જોડા યો. તેઓમાંના એક પઇસાવાલા શખસે, તે ફકીર ઉપર દયા લાવીને, તે ઝડપથી ચાલતા સ્વારોના આવા ગંજાવર કાફલા સાથે નહીં ચાલવા માટે, તેને ઘણો સમજાવ્યો. પણ જ્યારે તે ફકીરે, પોતાની ધારણા પુરી પાડવાને હઠ લીધી, ત્યારે થાક તથા રંજથી તે ફકીરનો જલદી અંત આવશે, એવી તે ધનવાન મુસાફરે અગાહી કીધી. કાફલો કુચ કરતો આગળ ચાલ્યો. તે બહાદુર ફકીર તો તેની સાથે સા થે ચાલ્યાજ કીધો, પણ તેનો પેલો પઇસા દાર સલાહકાર, જો કે એક અચ્છાં ઉંટ ઉપર સવાર થયેલો હતો, તો પણ અડધે રસ્તે તે થાકથી મરી ગયો. તે ફકીર તેના કફન આગલ આવીને બોલ્યો કે, "પગે મુસાફરી કરવાની જેહમત છતાં હું તો મરી ગયો નહીં; પણ અફસોસ! તે ઉંટની પીઠ ઉપર સ્વારી કીધેલી હોવા છતાં, તારો પ્રાણ છોડયો છો!" હીંમત અને સહનશકતીની આ એક વાત છે. કોણ જાણતું નથી, કે ઘણા ઝડપથી ચાલનાર ઘોડાઓ, જયારે અડધે રસ્તે જઇને પડીને મરી જાય છે, તયારે એક લંગડું ખચ્ચર, પોતાની નીમાંણ કરે લી જગાએ, બરાબર સહીસલામત પુ ગી જાય છે? શું આપણને ખબર ન થી, કે ઘણાએક જબરા માણસો, ખુન ખાર લડાઇઓમાં માયા જાય છે, જયારે નબલા અને ઘાયલ થયલાઓ, સારા થાય છે? હમેશ હીંમત રાખો. કારણકે જેમ એક કવી સમજાવી ગયો છે, તેમ "જયારે તું તારી માતાના ગર્ભસ્થાનમાં એક જીવ વગરના, લાચાર ગર્ભ તરીકે હતો, તયારે તે હાલતમાં પણ, તે કીરતારે તારી સંભાલ લીધી હતી. ત્યારપછી તેણે કૃપાની રાહે, તારામા તર્કશકતી, સ્વભાવ, અવયવ સમાનતા, વાચા, તોલ કરવાની શકતી, સમજશકતી, અને આત્મા એ સર્વે મુકયા છે. ત્યારે ઓ! નાલાયક હીચકારા તું શું એમ ધારે છે, કે તું જયારે મોટો થશે, ત્યારે તારૂં તે પાલન નહીં કરશે, અને તારી નજીવી હાજતો પુરી નહીં પાડશે?" જેઓને ભલાઇની સર્વોત્તમ શકતીમાં, સંપુર્ણ યકીન નથી, તેઓ આ પ્રસીધ્ધ દુન્યાના, દેખીતા, અધમ દુષ્ટનાના અમલના જોરને જોઇને, ખરેખર ડઘાઇ જાય છે. તેવાઓને માટે એમ બોલવું, કે કીરતાર હંમેશ નમ્રતા અને સદગુણનો દયળુ રક્ષણકર્તા છે, તે સાંભ ળવું કુદરતી રીતે બહુજ દુખદાયક થઇ પડે છે. આ ફકરામાં પણ અધર્મીપણાનાં મુળો બતાવયાં છે. તે મુળો, બાપડા કમનસીબ, રખડેલ, મનુષ્યની અસત્યતા તથા અસ્વચ્છતા છે.

૯. જેઓ જાણી કરીને, પાપી જીંદગી ગુજારે છે, તથા ભલાં મન તરફ બેપર વા રહે છે, જો કે તેઓ સારી રીતે જા ણે છે, કે સ્પીંતઆરમઇતી (નમ્રતા તથા અશોઇભર્યું મન) તુને (મઝદને) વહાલી છે, તેઓની આગલથી મનની અશોઇ નહાસી જાય છે. (એટલે એમ કે) જેમ જંગલી જાનવરો, આપણાથી છેટે ભાગી જાય છે તેમ.

વીવેચનઃ આ ઘડો દોઢ ડાહયાઓએ સારી પેઠે ગોખી રાખવો જોઇએ." તેટલા માટે જેમી કોઇ આ ફરમાનોમાથી એક પણ નાનામાં નાનું ફરમાન તોડશે, અ ને બીજાઓને તેમ કરતા શીખવશે, તો ઇશવરના રાજયમાં તેની પદવી સઉથી હલકી ગણાશે," એમ લોર્ડ જીઝસ કહે છે. (મેથયુ ૫. ૧૯). દીવસના એક ભાગમાં એક માણુસ પોતાનું ગુજરાન ચલાવવાના સાધણો મેળવવા માટે, પા પી કામો કરે છે, અને બીજા ભાગમાં બહારનો દેખાવ કરી ચોકકસ ધાર્મીક કી યાએ બહાલ રાખીને તે કરે છે. એવો ધર્મના ફરમાનો બરાબર સમજી શકે, એવી આશા રાખવી વ્યર્થ છે. તેની આગલથી અશોઇ નહાસી જાય છે. અને સાથે સાથેજ આ દુન્યા કર તા આગલ વધેલી ચઢતી દુન્યાની હ યાતીના સત્યો સમજી શકવાને, તેના આત્માનું બુધ્ધીબળ, જે અતી અગ ત્યનું છે, તેને ગુમાવી દે છે. આ ફકરા

માં વળી કદાચ એથી વધુ ઉંડો અર્થ પણ સમાયલો હોય. કદાચ મહાત્માઓ અથવા

જાણી જોઇને દુષ્ટ બનનારાઓ.

સોષ્યન્તો જેઓ દુન્યાનો કારોબાર ચલાવે છે, તે ભાઇબંધોની સફમાંથી પાછું હડવું, અથવા તેમને છોડી જવા બદલ ઇશારો હોય. જેઓ એક વખત ભેદી સત્રાલો બાબે શીખ્યા છે, તેઓ ખરૂં શું છે તે બરોબર જાણે છે, અને તે છતાં, જો તેઓ દુષ્ટ રસ્તે પાછા પડે, તો સાધારણ અભણ લોકો કરતાં પણ, તેમની હાલત ઘણીજ બદતર થઇ જાય છે.

ભલી સમજ શકતી. નીભર્યપણું.

૧૦. એક સારી સમજશકતીવાળો માણસ ભલાં મનથી કરવામાં આવતાં કામો, પુરે પુરાં બજાવવાની, (હંમેશાં) સલાહ આપે છે; (કારણ કે) તે જાણે છે, કે સ્પેંત (આરમઇતી) અબોધનું ખરૂં મુળ છે. આ સઘળા (સદગુણો), ઓ અહુરમજદ તારી પાદશાહીમાં, (અમારાં પ્રગટીકરણને મદદ કરે છે), કારણકે એ સદગુણો અમને નીભર્ય બનાવે છે.

૧૧. ખોરદાદ અને અમરદાદ, પ્રકાશ મેળવી ચુકેલા (દીક્ષા પામેલા) એક જ્ઞાની માટે છે. બેહમન અને અષ (વહીશત) ના રાજયથી નમ્રતા (આરમઇતી) વધે છે. જોર અને સતા (ક્ષથવૈર્યો) તેઓથી મળે છે. ઓ મજદ! તું ધીકાર અને નુકસાનનો ઉખેડી નાખનાર છે.

ખોરદાદ, અમરદાદ, બેહેમન, અષ, આરમઇતી ક્ષથ, મઝદ, ધીક્કાર અને નુકસાનને ઉખેડી નાખે છે.

વીવેચન: ચોકસ ફરેસતાઓની આરાધના, તેમને લગતા, જુદા જુદા ચોકસ સદગુણો, ખીલવે છે. મજદ કદીપણ ધીકાર યા ઇજા (હીંસા)ને ઉ-તેજન આપતો નથી. તે તદન નીદોષ તથા મમતાવાળો છે. કોઇપણ બહાને, નીદોષ લોહી રેડવાને તે ખુશી નથી. અને એવું કહેવાયલું છે, કે "દયાળુઓ ઉપર ઇશ્વરના આશીરવાદ હોય છે, કારણ કે તેમને પણ દયા દેખાડવામાં આવશે." અને આપણને વધુ બોધ આપવામાં આવે છે, કે, "તમે તેટલા માટે બાપના જેવા ડાહ્યા થજો, અને કબુતરના જેવા નીર્દોષ થજો." (મેથયુ ૫. (૭) અને ૧૦ (૧૬)). આ ફકરામાં ૬ એ અમેશાસ્પંદો અને મઝદ વીષે ઇશારો થયો છે. જે શખ્સ દીક્ષા (Initiation) પામેલા હોય છે, તેજ ફકત ખોરદાદ અને તેની સંપુર્ણતા, તથા અમરદાદ અને તેની અમરગીને પોહોંચે છે, બીજું કોઇ નહીં.

મઝદના કાયદાઓ તથા તેની બંદગી. ડહાપણના માર્ગો.

૧૨. મઝદ! તારા કાયદાઓ શું શું છે, અને તારી વખાણ તથા સેવા કેવી રીતે કરવી, તે વીષે તું મને ખુલ્લું કહે, (અથવા વખાણ તથા પ્રાર્થના બાબે તું શું ફરમાવે છે તે બતાવ,) કે તારા ફરમાનો પ્રમાણે ચાલવાથી, તારી આજ્ઞાઓ પામીને, તારા આશીરવાદો, હું મેળવવા પામું. અષોઇની મારફતે, તું અમને ડહાપણનો (બેહમન) માર્ગ શીખાડ.

વીવેચન: જ્યારે ફકત સત માર્ગે ચાલનારાઓનો વખત આવી લાગે છે, ત્યારેજ, અને વળી જ્યારે તેઓ ખાલેસ, ઉત્સાહી અંતઃકરણથી નમ્રતાપુર્વક અરજ કરી, મઝદ પાસેથી માર્ગ જાણવાની માગણી કરે છે, ત્યારેજ તેમને સોસ્યન્તો અથવા 'તથાગતો'નો માર્ગ બતાવવામાં આવે છે.

૧૩ અહુર! નીચલી બાબદો ઉપર મને વધુ જ્ઞાનની રોશની આપ. (૧) ડહાપણ (બેહમન)નો માર્ગ, જેને માટે તેં મને ઇસારો કર્યો છે તે વીષે, (૨) સોશીયન્તોના (મોટા ગુરૂઓના) ફરમાનો વીષે, કે જે ફરમાનોને તાબે થવાથી, અશો કાર્યો કરનારાઓને સુખ વીગેરે મળે છે, અને (૩) ઓ મઝદ! ભલાં ડાહ્યા

માણુસોને બદલો આપવાને તેં જે વચન આપયું છે, તે વીષં.

વીવેચનઃ મઝદે પોતે વચન આપયું છે, કે અષોઇ ભર્યા ડહાપણુનો બદલો એજ મળે છે કે છેવટે તેનામાં મળી જવાનું બની શકે છે.

બેહેમનનો જ્ઞાન માર્ગ.

સોશીયન્તોના હુકમો. ભલાને બદલો.

૧૪. જેઓ(આ) ફરતી દુન્યા ઉપર ભલા વીચારોથી સુચવેલ કાર્યો કરવામાં (રોકાયલો રહે છે,) (અને) ડહાપણુભર્યાં કાર્યોને[1] અષોઇની મારફત ઉ-તેજન આપે છે, (તેઓની) શારીરીક હાવાતીને, ઓ મજદ તારાં અશોઇ ભર્યાં ડહાપણુથી, તેં શૃણુગારેલી છે.

કર્મ માર્ગ.

વીવેચનઃ બેહેમનનું ડહાપણ કેમ મેળવવું, તે બાબે આ ઉ-તમમાં ઉ-તમ શીક્ષણ છે. પરદુઃખભંજન બનવાથી, અને નીષ્કલંક મનના થવાની ચાલુ કોશેષ કરવાથી, ખરાં ડહાપણ તથા રોશની તરફ ખેંચાણ થાય છે. હીંદુ ફીલસુફોએ એનું નામ "કર્મ યેગ" આપયું છે; જયારે ઉપલા ૧૨ માં અને ૧૩ માં ફકરાઓમાં જણાવેલા ડહાપણના રસ્તાને "જ્ઞાન યેગ" કરી કહે છે. અને હવે પછી આવતા ૧૫ માં ફકરામાં જણાવવામાં આવેલા ભકતીના માર્ગને "ભકતી યેગ" કરી ઓળખે છે. ઉપર જણાવ્યો છે, તે શીવાય બેહેમનને પોહોંચવાનો, ઓછો જોખમ ભર્યો, ઓછો મુશકેલ અને ટુંકો રસ્તો, કોઇ બીજો નથી. આ કર્મ માર્ગની યસ્ન ૪૩ ના ફકરા ૧૦ માં ફરીથી હીમાયત કરવામા આવી છે.

૧૫. ઓ મઝદ, સૌથી શ્રેષ્ટ ધર્મના હુકમો, અને કામો (જે તેઓ ફરમાવે તે) માટે તું મને શીખાડ, કે જેથી કરીને અષોઇ, અને અશો મનથી, હું તારી ખુબીના ભજનો ગાઉં અને જેના બદલામાં ઓ અહુર! તારી શકતીથી નથા તારી મરજી મુજબ, તું મારી જીંદગીને સુધારીને, પલટાવીને, નવી બનાવે.

ધાર્મીક ફરમાનો. ભકતી માર્ગ. નવો જન્મ.

વીવેચનઃ જે ચેલો દીક્ષા મેળવવાના ઉંચા બીકટ ચઢાણો ચઢવા માગતો હોય, તેની આવી ચાલુ કાકલુદી હોય છે. પહેલાંથી જ તે કાયદાઓ જાણુવા માગે છે, કે જેમને શરણ થવાથી, ઉંચ જીંદગીને લગતી રોશની મેળવવાનો હક, તે પ્રાપ્ત કરી શકે.

---

૧. सन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ । तयोस्तु कर्म संन्यासात्कर्मयोगो विशिष्यते ॥ ભગવદગીતા અધ્યાય ૫) મો, કડી ૨) જીઃ "સંન્યાસ અને કર્મ યોગ બન્ને પરમસુખ પ્રાપ્ત કરાવી શકે છે; એમાંથી કર્મના ત્યાગના કરતાં કર્મનો યોગ ખરેખર વધારે સારો છે," એવું શ્રી કૃષ્ણજીનું કેહેવું છે, અને તેમના ભકતો તે કબુલ રાખે છે.

ઉશતવદ ગાથા.

યસ્ન. ૪૩.

૧. સુખ પરોપકારનું પરીણામ છે. (સુખ તેને મળે છે, જેનાથી બીજાંને સુખ મળે છે.) મઝદ અહુર જે પોતાના મર જી પ્રમાણે રાજય કરે છે, ને પરદુખ ભંજન માણસને તંદરોસ્તી તથા જોરની નવાજેશ કરે છે. (ઓ મઝદ અહુર!) નેકી અને પવીત્રાઇને વળગી રેહેવા માટે હું નકકી તેમની (તંદરોસ્તી અને કૌવતની) માંગણી કરૂં છું. મારી આરમઇ તી (નમ્રતાભરી ભકતી અને બંદગીઓ) ના બદલામાં, મને તું સુખ, ખરા આશીર વાદો, (તથા) એક ભલા મનની પ્રેરણ ખુબીથી ગુજરતી, જીંદગીની બક્ષીશ કર.

વીવેચન: જયાં સુધી એકલપેટાઇનો જરા પણ અંશ છાતીમાં વસે છે, ત્યાં સુધી ખરૂં સુખ કદી આવતું નથી જીંદગી મેળવવાને સારૂં તમારી જીંદ ગી અર્પણ કરી દો! તે મમતાળુ સાહે બના પ્યારા બંદાઓને નીત્ય મદદ કરે, અને સમજશકતીમાં ન આવી શકે, એવી શાંતી તે તમોને બક્ષસે. જો તમો એકલપેટા લાભ અ ર્થે કાર્ય કરશો, તો તેના બદલામાં તમને જંજાળ, કંટા ળો, દગો ફટકો અ ને દુઃખ મળશે.

કર્મનો માર્ગ. (વ્યવ્હારોપયોગી સખાવત.) નમ્રતા. જ્ઞાનનો માર્ગ (અશો મન.)

૨. જે લાલચોની સામે થાય છે, તે સઘળાં કરતાં નસીબદાર અને મહા પ્ર તાપી છે.

ઓ સર્વથી વધુ મદદગાર મીનો, મ ઝદ! તારી દેખીતી હાજરી તું મને બ તાવ, અને તારા પ્યાર અને તારી ઉદાર તાથી અમારી લાંબી જીંદગીના સઘળા દીવસોમાં, ભલા મનના ખજાનાની અષો ઇની મારફતે અમારી ઉપર બક્ષીશ કર.

લોભલાલચોની સામે થવું. અહુરની હાજરી. મનની અષોઇ જાળવવાનો માર્ગ.

વીવેચન: "જીંદગી માં દ્રઢ નેમ રાખ વી અને ગમે એવા ગેરફાયદાઓ થાય તે છતાં, તેને મજ બુત રીતે વળગી રહેવું, એ ફતેહ માટે અવશયના ગુણો છે," એવું પનશો નનું કહેવું છે. સ ઘળા ખજાના તક લીફો અને દુઃખોના મુળો છે. સઘળા ધન્યના ઢગલાઓમાં શ્રેષ્ટ અને અમર ખજાનો **અશો મન છે.**

૩. આ સ્થુળ (હાડમંદ) દુન્યા ઉપર, તથા મીનોઇ દુન્યા (ઉંચ ભુવનો)માં ફાય દાઓ મેળવવાના ખરા માર્ગો બતાવવાની હાલતમાં જે છે,—જે હયાત દુનયાઓમાં અહુર વસે છે—તે ધણી (ધર્મનીતીનો બોધ આપવાથી) (સાધારણ) ભલાં કર તાં વધુ સારૂં, (એટલે સઉથી સરસ ફા યદાઓ) મેળવશે.

ઓ, મઝદ! તે તારો ભકત છે, તારી તરફેણનો તે (ખરેખર) ડાહયો છે, અને તે (દુનયામાં) આબાદી ફેલાવે છે.

માર્ગ બદલના ઉપદેશનું સર્વોપરીપણું.

વીવેચન: એક ધર્મગુરૂનું ખરેખરૂં કામ શું છે, તે ની પેઅંગ ઇસારો થ યો છે. યોજદાથરે ગરી, અથવા મ્રા હમણનું અથવા તો ખ્રીસ્તી પાદરીનું કામ, હાલના વ ખતના કેટલાક લોકો, હલકું માની લે છે. ગાથાઓ જાહેર કરે છે, કે ઉપદેશ (વાએઝ) કરવાથી, એક માણસને (સાધારણ) ભલાં કરતાં વધુ પ્રાપ્ત થાય છે. અને જયારે ધર્મી જર થોસ્તીઓ ગાથાઓને આતમજ્ઞાનના શાસ્ત્ર તરીકે લેખે છે, ત્યારે તો માણસજાતમાં ધર્મગુરૂઓની ચઢતી પદવી વીષે તેઓ જરાએ શક રાખી શકે નહીં. જીસસ ક્રાઇસ્ટ પોતાના ચુંટી કાઢેલા ચેલાઓને "દુનયાનું નીમક" અને "દુનયાનો પ્રકાશ" એવાં નામોથી બોલાવે છે. અને તે કહી

ગયો છે કે "એક ટેકડી ઉપર બાંધેલું શેહેર, કદી પણ છુપું રહી શકશે નહીં; તમારાં કામોની રોશની, માણસ જાત સમક્ષ (આગળ) એવી પ્રકાશીત કરો, કે તેઓ તમારાં ભલાં કામો જોઇને સર્વે સૃષ્ટીના પોતાના વખાણો કરે" (સેન્ટ મેથ્યુ ૫, (૧૩, ૧૪, ૧૬)). આજના પઇસા પુજનાર, જડવાદી જમાનામાં, એક ધર્મગુરૂને ફકત મહેરબાની દાખલ દુનયામાં વસવા દેવામાં આવે છે. તેનું પરીણામ એ આવે છે કે, ફકત આલસુ અને અજ્ઞાન લોકો માનવીજાતના આ સઉથી ઉતમ ધર્મગુરૂ વર્ગમાં જોડાવાને, ઘણાખરા તલપ કરે છે. અને તેથી અસર એટલી જ થાય છે, કે ધર્મ ઉપરથી વીશ્વાસ ઉઠી જઇને, સાધારણ રીતે લોકોની નાસ્તીકતા વધે છે. તે મહા પ્રતાપી સાહેબની રોશની આજકાલ જરાબી ઝાંખી થઇ નથી. પણ ધીમે ધીમે, આપણા ગુણો ખીલવીને, તે પ્રકાશને પહોંચવાની અને તેમા એકત્ર થઇ જવાની મહત્વેચ્છા ગુમ થઇ ગઇ છે, કારણ કે આ 'લોખંડ' જમાનામાં (કલીયુગમાં) ઇંદરીય વીષયોની મોહીની માણસજાતને વશ કરી રહી છે. આ રીતે જે ઇંદ્રિય ભાનની નીચ ભુવન ઉપરની જીંદગીને લોગે, ઉંચ ભુવનની રોશની તરફ જવાનો જે ફકત એકજ રસ્તો છે, તે લાંબો વખત થયા ન વપરાયો હોવાથી, દર દીવસે તદન અંજાણો, અને ભયભીત થતો લાગતો જાય છે. "ખરી જીંદગી તરફ જતો રસ્તો સાંકડો છે, દરવાજો સીધો છે, અને થોડાકોનેજ તે રસ્તો જડે છે!"

૪. ઓ મઝદ! હું બેશક તુંને આશીરવાદોનો આપનાર, સર્વ શકતીમાન, સાહેબ તરીકે, હંમેશાં લેખતો રહીશ, કારણ કે જે હાથે તું પાપીઓને તથા સાધુઓને મદદ કરે છે, તેજ હાથે તું સઘળી બક્ષીશો આપે છે.

અશોઇની જાળવણી કરનાર, તારા આતશના પ્રતાપથી, મને ભલામનનું જોર મળે!

સર્વ શકતીમાન આતશ અશોઇ જાળવે છે.

વીવેચનઃ મઝદ, ભલાં બુરાથી તદન વેગળો છે. "કારણ કે તેનો સુર્ય ભલાં તેમજ બુરા બંન્ને ઉપર ઉગે છે, અને વાજબી રીતે ચાલનાર તેમજ ગેરવાજબીપણે વર્તનાર બંન્નેને માટે, તે વરસાદ મોકલે છે." (મેથ્યુ ૫. (૪૫)). બુરાઇમાંથી ભલાઇનો પાઠ જો શીખીશકાતો ન હતે, તો સર્વ પેદાયશ ઉભી કરવાની કાંઇ મતલબજ રેહેતે નહીં. જયારે આપણે ભલું અને બુરૂં, મોજશોખ અને દલગીરી, એ બંન્ને સામસામી શકતીઓથી વેગળા રહીને, તદન સ્વસ્થ મનના થઇશું, ત્યારેજ ખુદાઇ મરજી સાથે આપણી મરજી એકત્ર થશે, અને આપણી જુદી જીંદગી ખતમ થશે. અને ત્યારેજ મઝદનાં હૈયામાં, આપણે પાછા જઇ પહોંચીશું. જયાંસુધી મઝદથી વેગળી હઇયાતી ભોગવવાની આપણે ઇચ્છા રાખીશું, ત્યાં સુધી આપણે નીચ ભુવન ઉપરજ રહીશું. જયાં સુધી માણુસના અંતઃકરણમાં, 'આતશ', ઉતસાહ અને પાકીજેહ પ્યાર હોય છે, ત્યાં લગણ મન પવીત્ર હોય છે, અને આત્મિક સુધારો વધારો જલદીથી પ્રાપત થાય છે. આતશ બદલ, જયારે બેપરવાઇ તથા એકલપેટાપણું હોય છે, ત્યારે મન મેલું, ગુંચવાયલું અને અપવીત્ર થઇ જાય છે, અને બીલકુલ સુધારો વધારો થઇ શકતો નથી. આતશ, સ્થુળ ભુમી ઉપર, અને તે કરતાં પણ વધુ દરજજેના ઉંચ ભુવનો ઉપર, જીવન શકતી અને ચપળતાનું મુળ છે.

આતશની પદવી હિન્દુ શાસ્ત્રમાં પણ શ્રેષ્ઠ છે. મોટામાં મોટું હિન્દુ મન્ત્ર જે ગાયત્રીનું છે, તે આ છેઃ—ॐ भू भुवः स्वः तत सवितुर्वरेण्यम् भर्गो देवस्य धी महि, धियो योनः प्रचोदयात्॥ એટલે કે, "ॐ તે સૂર્ય દેવતા જે હસ્તિ ધરાવનાર, હસ્તિ આપનાર, આનંદનું બીજ છે, તેના સ્વિકારવા લાયક તેજનું અમે ધ્યાન ધર્યે છિએ. જે સૂર્ય અમારી બુદ્ધિઓને આગળ વધારે." આપણે જાણુયે છિએ કે દેખાતી જગતમાં સર્વથી ઉત્તમ આતશ સૂર્યનો છે. તેના ધ્યાનમાં એટલું ઉંચ મન્ત્ર

સમાયલું છે, તે ખુબ મનન કરવા લાયક છે. વળી જુઓ આજ હાનો ફકરો ૯ મો.

૫. સઘલી પેદાયશમાં, અહુરમઝદ મેં તને જયારે બધાંથી પુરાણો (સઉથી અસલ વારેનો) જોયો, ત્યારે મેં તને ખરેખર પાલનકર્તા તરીકે ગણયો. પેદાયશના છેડા સુધી, તું તારી વાજબી રીતે, કાર્યો તથા વચનોનો એ પ્રમાણે બદલો આપશે, કે પાપીઓને દુષ્ટતા (તથા નુકસાન અને શીક્ષા)નોજ બદલો મળશે, અને ભલાંઓને આશીરવાદો મળશે.

સર્વથી અસલ વારેનો. ઇનસાફી રીતીઓ.

વીવેચનઃ આ એક ખુલ્લો ઇસારો છે, કે જે અહુરમઝદ વીષે અત્રે વાત થાય છે, તે સઉથી પેહલો, અને પેદા થયલી હઇયાતીમાંનો સઉથી જુનો એટલે અસલવારેનો છે, તેટલા માટે તે 'લોગોસ' (શબ્દ[૧]) અથવા પ્રગટ થયેલી સૃષ્ટીનો ખોદા ગણાય. તે કાંઇ સંપુર્ણ અનંત પરમાત્મા નથી, કે જે પરમાત્મા સઘળાં મુળોનો મુળ છે, અને

---

૧. જુઓ 'અહુરમઝદ'ના જુદા જુદા અર્થો વિષેનો આગળ આવી ગયેલો બાબ. (સ્પીગલની) વંદીદાદની ૧૯ મી ફરગરદના, ૧૪ માં ફકરામાં, 'લોગોસ' (શબ્દ) ને માટે શું કહે છે, તે સરખામણી કરવા લાયક છે. "ઓ જરથુશ્ત્ર મારી અહુરમઝદની ફ્રવશીને તું આરાધ, હું કે જે સઉથી મોટો, સઉથી શ્રેષ્ટ, સર્વથી સુંદર, સર્વથી સંગીન, અને સર્વથી વધુ ચૈતન્યવાળો છું...અને જેનું રૂહ પવીત્ર **બોલ** (માથર સ્પેનત છે.)" એ પ્રમાણે 'લોગોસ' જેનો અર્થ 'શબ્દ' થાય છે, તે જરથોસ્તી ધર્મશાસ્ત્રોમાં, હીંદુ ધર્મશાસ્ત્રોના "વાખ, શબ્દબ્રહ્મન" વીગેરેની માફક જણાયલો છે.

પાછું, વંદીદાદની પરગર્દ ૧૮ ના ૩૩ મા ફકરામાં, આ પ્રમાણે વાંચ્યે છીએ કે, "જરથુશત્રે પુછ્યું કે સરોશનો સ્રોષાવરેઝ કોણ છે, જે (સરોશ) પવીત્ર (અને) બળવાન છે, અને જેનું શરીર મકકમ **માથ્ર**, છે?" અને ફરગર્દ ૧૮ ફકરો ૧૧૧ મો, જણાવે છે કે, "(આ માણસ) જે ગાથાઓથી માહીતગાર છે, યસ્નો જાણે છે, ધર્મના ફરમાનોથી વાકેફગાર છે, તથા જે **માથ્રના** તનવાળો છે..." અને ફરગરદ ૧૯, ફકરાઓ ૪૬ થી ૪૮, "ઓ જરથુશત્ર ત્યારે મારી અહુરમઝદની ફ્રવષીની વખાણ કર, હું જે સર્વથી મોટો, શ્રેષ્ટ, સઉથી ખુબસુરત, સઉથી જોરાવર, સવોતમ, સમજવાળો, ઉતમ રીતે બનેલો, પવીત્રાઇમાં સરવોતમ તથા જેનું રૂહ પવીત્ર **બોલ** છે." અને ફરગરદ ૨૧, ફકરાઓ ૨૩ થી ૨૯, ૩૨, અને ૩૪, માં જણાવ્યું છે, કે, "પછી (તે પવીત્ર બોલ) તે **માથ્ર સ્પેનત**" આગળ (બોલ્યો) 'તારો જનમ તથા તારી વધને હું પવીત્ર કરીશ, તારાં શરીર તથા તારાં બળને હું પાક બનાવીશ, હું તને બચ્ચાં છોકરાંથી, દુધથી, ચપળાઇથી, જાડાઇમાં, મર્યાદામાં તથા પુત્રની વૃધીમાં આબાદ બનાવીશ.'' ફરગરદ ૨૨, ફકરો ૭ મો કહે છે કે, "તેટલા માટે તું મને ('અહુરમજદને') ઓ ઘણોજ ઝમકદાર **માથ્ર સ્પેનત**, સાજો કર" (પ્રોફેસર સ્પીગલનો, અવસ્તાનો બલીકનો તરજુમો.)

વળી યસ્ન ૨૮ મીના પ્રસ્તાવનામાં ભણએ છિએ કે "અમેશાસ્પંદો, **ગાથાઓને** બાહાલ રાખે એવી દુઆ ગુજારીએ છીએ." એટલે ગાથાના ગીતો એટલાં બળવાંન, અને અગતયના જાહેર કરવામાં આવયાં છે, કે એક દીનદાર ખુદ અમેશાસ્પંદોને તેમને કબુલ રખાવવા માટે, અરજ કરે છે.

યજશનેનો હા ૧૯, ફકરો ૮ મો આ પ્રમાણે "જણાવે છે, કે આકાશ મંડળ, પાણી, જમીન, ઝાડો, ચાર પગના પશુઓ, બે પગનું પાકીજેહ માનવી, એ સઘળાઓની અગાઉ, તથા અમેશાસપંદોના હસ્તીમાં આવવા પછી, સુરજના શરીરના પેદા થવાની આગમજ, આ **મન્ત્ર** (અહુનવર અથવા યથા અહુ વૈર્યો) કે જે મોટા સાહેબ અને ગુરૂ (અહુ અને રતુ) ને લગતું છે, તે હું (અહુરમજદ) જાહેરમાં બોલ્યો."

સ્પેનામીનો અને અગ્રેમીનોની ઉપરનો અ
હુરમઝદ છે, જેને હીંદુઓ પરબ્રહ્મ
તરીકે પણ પીછાણે છે. આ
'લોગોસ' દેખાતી જગતની જાળવણી ક
રે છે. તથા તેને ટેકો આપે છે, તેથી કુ
દરતી રીતે ઉપલા ફકરામાં, તેને 'પાલન
કર્તા' નું નામ આપવામાં આવયું છે.

ઉપલા ફકરાનાં છેવટના ભાગમાં
ઈનસાફનો કાયદો, અથવા પ્રતીફળ, અ
થવા હીંદુઓનો 'કર્મ' નો કાયદો,
જે સઘળા ધર્મો અને નીતીમાર્ગનું મુળ
છે, તે બાબે ફરી બોલવામાં આવયું છે.

૬. ઓ મજદ! સૃષ્ટીને તે છેડે, તું
હેતથી પાલન કરનાર, તારા (સ્પેના) મી
નો, અને શેહેરેવર તથા બેહમન સાથે
આવશેઃ તું કે જેના કામોથી, લોકો અ
શોઇની મારફતે આબાદ થાય છે. (સ્પેન્ત)
આરમઇતી તારા ડાહાપણથી જાહેર થ
એલા નીયમો, તેઓ (લોકો)ને શીખવ
શે. તારૂં ડાહાપણ (એવું છે), કે જે ક
દી પણ ભુલચુક કરતું નથી (અથવા તો
બદલાતું નથી.)

વીવેચનઃ પેહેલાં વાકય ઉપરથી
સાબીત થાય છે, કે મજદ અને સ્પેના
મીનો, એ જુદા અને અલગ છે. લાંબા
વખતના વહી જવા પછી, જયારે દેખીતી
દુનયા ખતમ થશે, તે વેળાએ કુદરતના
સાધારણ નીયમ પ્રમાણે જે બનાવ
બનશે, તે આપણા ભલા ધર્મની પુઠે
ચાલવાથી, તાબડતોબ આજે પણ બની
શકે એમ છે. ધર્મો સઉથી ટુંકો રસ્તો
બતાવે છે, પણ નબળાં, ભુલથાપ ખાતાં,
અસ્થીર મનના માનવીઓને, તે રસ્તો
બહુજ બીકટ જણાય છે. તેટલા માટે
તેઓ ધીરે ધીરે, જેમ તેમ, ઘણી મેહે
નતથી, તે રસ્તે મુસાફરી કરે છે. જયારે
આત્મા ઇંદ્રીઓની ઇચ્છાઓમાંથી છુટો
થાય છે, ત્યારે સ્પેનામીનો, બેહેમન,
શેહેરેવર, અને સ્પેન્તઆરમઇતી હરખથી
આવીને તેને ભેટે છે, અને તે આત્માને
ઉંચે અને વધુ ઉંચે લઇ જાય છે. આ
ત્માના આગળ વધવાના અને મુકતી
મેળવવાના પણ નીયમો છે, જે સઘળા
અચુક અને અચલ છે. ફકત જેઓ
ખરા અંતઃકરણથી અશો છે, અને તે
ભલા ફીરસ્તારને તાબેદાર હોય છે, તેઓ
નેજ ફતેહ મળશે. બડાઇખોરી અને
ઢોંગી વેષધારીપણું, અને જુલમાટ,
અજ્ઞાનપણું અને ધાસ્તી, ભલેને ટુંકી
નજરના માણસજાત ઉપર આજકાલ રાજ
ભોગવે. પણ અંતની નેમ જે મઝદને
ભેટવાની છે, તે પાર પાડવા માટે આપણો
ભલો માઝદયસ્ની કાયદો શીખવે છે,
કે ખુશાલ જીવે, ખરા અંતકરણથી અને
મકકમપણે તેના ફરમાનોને માન આપી,
તેમને પુરેપુરાં પાળવાં જોઇએ.

૭. ઓ મઝદઅહુર મેં તને ખરેખર
એક પાલનહાર તરીકે ગણયો, જયારે
બેહમને મારી નજદીક આવીને મને પુછ
યું, કે "તું કોણ છે અને તું કોણ (કો
ણની બાજુ)ને લગતો છે."

(ધર્મને લગતા) સવાલોની ઇચ્છા ઉ
તપન્ન કરવાને માટે (માણસોના) જીગરો
માં જરૂરીઆત રોશની હું કઇ રીતે ફેં
કી શકું, અને તેને લગતી નીશાનો હું કે
મ બતાવી શકું ?

વીવેચનઃ ઉપલો પેહેલો ફકરો આપણ
ને યાદ આપે છે, કે અશોઇના રસ્તા ઉ
પર જવાથી, માણસ જાત ફરેશતાઇ
હાલત મેળવવા પામે છે, અને ઉંચ પ્ર
કારની હસ્તીઓ, એટલે કે યઝદો
અને અમેશાસ્પંદો સાથે વાતચીતનો
વહેવાર રાખી શકાય છે.

વળી પોતાની બીન્તરનું સખતમાં
સખત અવલોકન, એક આતમાના આગ
લ વધવા માટે અવસ્યનું છે. તમે અહરેમ
નની બાજુએ છો, કે મઝદ અહુરની બા
જુમાં છો, એ સવાલ તમારે પોતાને વ
ખતો વખત પુછતાં રેહેવું જોઇએ. કાર
ણ કે, જો તમારી બંદગી, ભકતી અને
સઘલી જાતના સ્વભાઓ, તમારા
પોતાના એકલાના લાભને ખાતરજ કરતા
અને આપતા હો, તો અલબત સર્વથી
ઉંચ હેતુની નજરે જોતાં, તમે અહરેમ
ન, અથવા અંધકારની શકતીને લગતા
ગણાઇ શકો. જો કે, તેજ વેળાએ યાદ
રાખવું જોઇએ, કે પાપી માણસજાત
ની નજરે જોતાં, બદલો મેળવવા ખાતર
ભલું કરવું, એ પણ એક આગળ પગ
લું કેહેવાય, કે જે તમને તેમજ માનવી

માત્રને કુકર્મોમાંથી છોડવી, ધીમે ધીમે ઉંચે લઇ જાય છે. જ્યારે જીંદગીનાં સઘળાં કામો, વચનો અને વીચારો મઝદઅહુરની સેવામાંજ અર્પણ કર્તા હોય, અને તેની સાથે કામ કરી, તેની મેહેનતમાં ભાગીદાર થાઓ, તથા તેની મરજી સાથે એકત્ર થઇને તે બજા લાવો, જેથી તેના અંતઃકરણ પ્રમાણેની એક શકતી તમે બનો, ત્યારેજ ખરેખર તમે મઝદ અહુરની બાજુ લીધેલી કેહેવાય. આત્મીક લાભો તરફની તેમની બેદરકાર નીંદમાંથી માણસોને કેવી રીતે જાગૃત કરવાં, ઈંદ્રીય વીષયની જીંદગીમાંથી તેમનું દીલ કેવી રીતે ઉઠાડી લેવું, અને તેમની છાતીમાં તે પ્રકાશનું બીંબ કેવી રીતે પળવાર પણ ફેંકવું, કે જેથી તેઓ બ્રહમજ્ઞાન અને ધર્મ જે પરમાતમા તરફ પોહોચવાનું શાસ્ત્ર શીખાડે છે, તેમની તરફ દોરવી શકાય, એ બીકટ સવાલ છે. આ દીવસોમાં આતમાની ભેદી શકતી થોડાકોનેજ મળેલી હોય છે, જેઓ વળી કાંઇ રોજની જીંદગીમાં આપણી સાધારણ નજરે પડતા નથી. તેટલા માટે આતમાની હાજરી, તેની ખીલવણી, તેનું આગળ વધવું, તેની સંપુર્ણતા, એ સઘળાની નીશાનો લોકોના મોટા ભાગની આગળથી, લગભગ નાબુદ થતી જાય છે. જે ઘણી વફાદારીથી અને નીર્મળ પ્યાર તથા સ્વાર્થત્યાગથી આતમાના મેળાપની તલપ કરે છે, તે જે મહાન નરોની પાસે રોશની માટે જાય છે, તેમનામાં એ નીશાનો જોય છે, અને પોતાનો વખત આવવે, પોતામાં પણ તે ખીલી નીકળેલી જુએ છે. આત્મજ્ઞાનની સઉથી દેખીતી "નીશાન" નીચલા ફકરામાં બરાબર પ્રગટ કરવામાં આવી છે.

૮. ત્યારે જરથુશત્રે તેને (અેહેમનને) પહેલાં કહયું, કે 'હું ખુલ્લી રીતે દુષ્ટતાનો મજબુત વીરોધી થાઉં, અને અષોઇ ઉપર ખુશાલી વરસાવનારો થાઉં.

એ મઝદ! તારી સત્તાના તેજ સાથે મારો ચળકાટ એકરૂપ થવા પામે, અને હું તે મેળવવાની (તે સત્તાની મારા અંતઃકરણમાં સ્થાપના કરવાની) મહત્વેચ્છા, જયાં સુધી હું આ કાયદાઓ વખાણું અને તારી કીર્તીના ગીતો ગાઉં, ત્યાં લગણ રાખું!'

અપવીત્રાઇનો દુશમન. સત્યતાનો દોસ્ત. મઝદની રોશની સાથે મેળાપ. વખાણો.

વીવેચનઃ અત્રે આત્મજ્ઞાન તથા ધર્મ તરફના પ્યારની 'નીશાન' દેખાડી છે. દુન્યાની રીત પ્રમાણે, અપવીત્રાઈ સાથે સમજુતી કરીને કદી કામ લેવું નહી, અથવા તો મલીન લોકો સાથે દોસ્તી પાડવી નહી. પછી ભલેને, દુન્યાઇ નજરે જોતાં તેવા લોકોની મદદ ખોવામાં ગેરલાભ થતો હોય. સઘળું અસત્યપણું સખતાઇથી દાબી દેવામાં એક માણસે પોતાનું બધું બળ વાપરવું જોઇએ. તેનો અર્થ કાંઇ એમ થતો નથી, કે એવાં પાપી કાર્યો કરનારાંઓના શરીર સામે અથવા તેઓ પોતા સામે ધીક્કાર બતાવવો. આતમાને આપણે ફેરફાર વીનાનો, તેમજ પાપથી હમેશ મુકત, એક નીશ્કલંક શ્વાસ ગણવો જોઇએ, જે ચોપાસ, સર્વે ઠેકાણે પંથરાયલો છે. આ શ્વાસ અથવા આતમા સઘળાં જીવવાળાં પ્રાણીઓમાં વસે છે. ત્યારે તેને ધીક્કારવાની આપણે કદી હીંમત કરશું નહીં. તોપણ આપણી નીચભુવનની મનશકતી અથવા મગજશકતી, જે એકલપેટાઇ અને પાપનું મુળ છે, તેની સામે બળતવારીથી યુધ્ધ મચાવવું જોઇએ, અને આતમાની સાથે તેને ભેળી ન નાખવી જોઇએ. નીચ માનસીક શકતી અને ઉંચ માનસીક શકતીની વચે લડાઇ ચાલે છે, અને એ બેઉની ઉપર, તથા તેમનેથી અલગો રહીને, આતમા, ઠંડે કલેજે, અને ધીરજથી તે યુધનો સાક્ષી બને છે. જયારે અને આતમા મઝદની સાથે એકત્ર થવા જાય છે, જયારે માણસ જાત તેને પોતાના નમુના (Ideal) તરીકે સંપુર્ણ ધારી, તેને ચાહે છે, અને તેની વખાણની ફરજ સમજીને, તે વારંવાર ગાય છે, તયારેજ તેની છાતીમાં મઝદનું રાજ વસે છે એમ જાણવું.

૯. એ મજદ અહુરા! મેં ખાતરીથી તુંનેજ આબાદીનો આપનાર ગણયો, જયારે અેહેમને આવીને મને પુછયું, કે હું કોણને ચાહવા તેમજ માન આપવા ઇચ્છતો હતો.

(ઓ મઝદ અહુર) જયાંસુધી મારા માં જોર હશે, ત્યાંસુધી તારા આતશને અર્પણ કરવામાં આવતા નમસ્કાર અને અષોઇની ભેટોને, ખચીત હું અમુલ્ય ગણીશ.

પ્યાર તથા માન. આતશ આગળ નમસ્કાર. અષોઇ.

વીવેચનઃ આતશને અત્રે ખુલ્લે ખુલ્લો એવી રીતે ચીતારવા માં આવયો છે, કે ચઢયાતાં ડહાપણનો ડોળ ઘાલનાર, હાલ નો જમાનો, તે વી ચાર સાથે કદાચ મળતો થઇ શકશે નહીં. હાલના હોદ ચતુરો આતશમાં ફકત રસાયણ પ્રયોગોથી ઉતપંન થતી એક અવસ્થા શીવાય બીજું કશું જોઇ શકતા નથી. તેના સ્વભાવ બદલ કોઇપણ અનાત્મવાદી આજસુધી ખો લાસો આપી શકયો નથી. સ્થુળ ભુમી ઉપર પણ તેની શકતીઓ નીર્વીવાદ છે. અહીંની પૃથવી ઉપરનું શારીરીક ભાન અને બળ જાળવી રાખવા માટે તેની અગત કોઇ ના પાડી શકશે નહીં. આ ગુણો તેને માનને લાયક બનાવવાને પુરતા છે. પણ આતશ ઉંચ ભુવનો ઉપર પણ હઇયાતી ભોગવે છે. ત્યાં જોકે તે ઠંડો છે, તોપણ અતીશય ઝમકદાર છે. ઉંચ ભુવનો ઉપરના તેના ઉપયોગો અને શકતીઓ વીશે ફકત અનુભવી ગુપત વીદયા જાણનારાઓજ સમજી શકે, કે જેઓ ઉ ચ ભુવનોની હઇયાતીમાં પુર હોશ સાથે કામ કરી શકે છે. આ ફકરામાં આતશને નમન અને અષોઇ અર્પણ કરવા બાબે પેગંબરના દાખલાથી, ઉતે જન આપવામાં આવે છે. અશોઇ અને અતીશય ચલકાટની આ ચમતકારી પ્રતા પી નીશાન, કે જેના આ બે ગુણોની કોઇ પણ સ્થુલ પદાર્થ હરીફાઈ કરી શ કતું નથી, અને જે એકલીજ ફકત આ તમાની પઉઢતાને લગોલગ પહોંચી શકે છે, તેની આગળ ગુંઠણુમંડીએ પડી નમસ્કાર કરવાને શું આપણે શરમાઇશું ? જેઓ ચોપડીમાંથી મેળવેલાં થોડાંક ભંડોલની મગરૂરીમાં, અથવા દુન્યામાં મેળવેલી થોડી ક ફતેહની ધુંઇમાં, ગુમાન રાખીને ફરે છે, (કે જે ફતેહ ઘણીક વખતે તેઓ પોતાના અશકત, સામે ન થઇ શકે એવા, નીર્દોપ ભાઇબંધો પાસથી છીનવી લે છે,) તેઓએ યાદ રાખવું જોઇએ, કે અંદર ખાનેની તેમજ બહારની નમ્રતા આત્મા ના રસ્તા ઉપર વધયા જવા માટે અની વાર્ય જરૂરતા ધરાવે છે.

નમ્રતા બીજાંઓ તરફ તેમજ બીજી ચીજો તરફ માન દેખાડે છે. અને તેટલાં પ્રમાણમાં, તે ધણી પોતાના "હુંપણા"ના બંધનમાંથી મોકળો થાય છે. જેમ જેમ આ હું પણાનો એકત્વ (individualistic) ગુણ નાબુદ થતો જાય છે, તેમ તેમ આપણે આ તમાની નજદીક જતા જઈએ છીએ. કાર ણ કે આત્મા સર્વવયાપક, સર્વશકતીમા ન, તથા સર્વજ્ઞાની છે, અને હુંપણાનો એકત્વગુણ એ આત્માની હસ્તીની આ સપાસ, સાંકળો, બંધનો અથવા બેડીઓ નાંખે છે. તેટલા માટે આપણા નીચ ભા નનાં તત્વને ભુલી જવું અવશ્યનું છે. અ ને એ આત્મા સાથે સરખાવતાં શરીર અને મન કંઇજ બીસાદમાં નથી. એ સ મજવા માટે નમસ્કાર અને નમ્રતા વાપ રવી જોઇએ.

૧૦. મને અશોઈની બક્ષેસ કર, કા રણ કે હું તે ખરેખર માંગુ છું, કે જે થી કરીને હું (સ્પેંત) આરમઇતીની પુંઠે દ્રઢતાથી ચાલું. અમે તુંને (છુટથી) સવાલો પુછીએ છીએ, કારણ કે તુંને પુછવામાં આવેલા દરેક સવાલથી અમને હીંમત આવે છે. કારણ કે (ઓ અહુર) તારી મદદથી કોઈપણ પાદશાહ (પછી તે બહારની દુનયા ઉપર સરદારી ભોગવતો હોય અથવા શરીરના હવસો, લાગણીઓ અને વીચારો ઉપર સત્તા ભોગવતો હોય) તે પોતાના ઉંચ નમુને દાર વીચારોને ટેકાવી શકે છે.

આરમઇતી. પુછવામા આવતા સવાલો. ઉંચ નેમો.

વીવેચનઃ એક અશોઇભર્યું મન પૃથ્વિ ઉપર સઉથી ઉંચમાં ઉંચ આશીર્વાદ છે. ભુલો, ચુકો અને પાપો કર્યા પછી તે આવે છે. જયારે ગુંચવણ ભર્યા સવાલો, જે ઉંચ ભુ વનોની જીંદગી માટેના આપણા યકીનમાં નડતલો નાંખે છે, તેમનો ખુલાસો ઉંચ ભાનમાં રેહેનારા યઝદો અમેશાસ્પંદો, જેમની આપણે આરાધના કરીએ છીએ, અને ઉં

ચ ભાનની હાલતમાં જેમની સાથે સંબંધ ચલાવ્યે છીયે, તેઓ મારફતે મળે છે, ત્યારેજ ખરૂં અશો મન પ્રાપ્ત થઇ શકે છે. આવા દરેક સવાલનો જવાબ મળવાથી આપણા યકીનનું જોર વધે છે. ખરો ધર્મ એવી જાતનું શાસ્ત્ર છે, જે રાસ્ત જીજ્ઞાસાને દબાવી દેતું નથી, જે શકો ઉપર શ્રાપ નાંખી, ચપળા ઇથી દાબી નાખતું નથી. પણ એથી ઉલટું, હયાતીની સઘળી બાજુ વીશેના,—એટલે કે તે કયાંથી આવી, કયાં જનાર છે વીગેરેને લગતા—બીકટમાં બીકટ સવાલોનો તે ફડચો અને સમાધાની કરે અને કરાવે છે. પણ ફકત અશોઇભરી ચાલચલણથી, અને લાંબા વખતની ચાલુ ખંતથી એક જીવ જયારે એવા ખુલાસા શીખવાને અને તેમની ખુબી પીછાનવાને લાયક થાય છે, ત્યારે જ તે એવો ખુલાસો મેળવી શકે છે. કારણ કે શું એમ કહેવામાં નથી આવયું, કે "ખરની આગલ કેસર અથવા મોતી વેરશો મા ?" નાના બચાંઓ આગલ અથવા નાલાયક માણસો આગલ આપણે રાજદ્વારી ભરમો જાહેર કરી દેતા નથી. આપણા અંતઃકરણના છુપા ભેદો, કોઇ પારકા આગલ અથવા ઉપર ટપકેના દોસ્તો આગલ જાહેર કરતા નથી. આપણી અંતરની લાગણીઓ, ઠઠાબાજો તથા નવરા નકાંમા બેવકુફ નીંદાખોરો આગલ, આપણે દેખાડી દેતા નથી. આપણે છોકરાઓને તથા વાંદરોને બંદુકો તથા નઉકાનાશક યંત્રો, ખેલવા માટે આપતા નથી, અથવા મોટાં કારખાનાઓના બળવાન ઇનજીનો તેમની મદદથી ચલાવતા નથી. આવી આવી શકતીઓ જો મોટી લેખાય છે, તો કુદરતના ભેદોને બારીકીથી તપાસવાથી જે શકતી મેળવી શકાય છે, તે વળી તેથીબી જબરી અને બેહોળી છે. અને તેથી કૃપાળુ દેવતાઓ, જેઓ માણસજાતની પાસબાની કરે છે, તેઓ માનવી જાતનાં ભલાં અને પ્યારને ખાતર, આવી મોટી શકતીઓને, કમ બુધધીના આદમીઓના હાથમાં સોંપતા નથી.

જે કોઇ પહાડી, ખડભચરા આતમીક માર્ગે ચાલે છે, તે યઝદો અને અમેશાસ્પંદોને પોતાના નમુનાઓ તરીકે લે છે. અને છેવટે અહુરમજદને પોતાને નમુના તરીકે આંખ સમક્ષ રાખે છે. હવે જે કોઇ આ નમુનાઓ બરોબર બનવાની ઉમેદ રાખે છે, તેને આ ખાકી દુનયામાં, ઘણા સખત અને જબરદસ્ત ફટકાઓ ખમવા પડે છે, કે જે ફટકાઓ તેની ઉંચનેમો અને મહત્વેચ્છાઓને જમીન દોસ્ત કરી નાખવા ચાહતા હોય, એવું ભાસે છે. ફકત અહુરમજદની અનહદ કૃપા, તેના ભકતોને નીરંતર મદદ કરતી રહે છે, અને તેથીજ બહારના અથવા તો ભીતરના રાજય ઉપર, સત્તા ચલાવતા નમુનાને વળગી રહેવામાં, તેઓ ફતેહમંદ થાય છે.

૧૧. ઓ મઝદ અહુર! જયારે હું બેહેમનને મલ્યો અને જયારે પેહેલીજવાર તારા બોલોની અસરથી, મને જ્ઞાનનો પ્રકાશ થયો, ત્યારે મેં તને ખચીત એક ઉદાર દીલના પાલનહાર તરીકે લેખયો. પણ તેં જે મને શીખવયું છે, તેનો (સાધારણ) લોકોમાં ફેલાવો કરવાનું કામ મુશકેલ છે. તોપણ હું તે કરીશ, કારણ કે તેં જે મને કહયું છે, તે ઉતમ છે.

મઝદ અહુરના બોલોજ ઉત્તમ. ધર્મનો પ્રસાર કરવો મુસ્કેલ.

વીવેચનઃ અહીંયાં સ્પષ્ટ શબ્દોમાં બેહેમન સાથની મુલાકાત વીષે તથા ધાર્મીક મંત્રોની, ઉત્સાહ આપવાની તથા ઉન્નતીએ પોંહોચાડવાની શકતી વીષે, બોલવામાં આવયું છે. દરેક જણ ધર્મ પ્રમાણે ચાલે છે તેને ખબર છે, કે ધર્મના ફરમાનો ઘણાજ મુશકેલ, અને બુલંદ છે, જે બીહીકણ તથા ઇંદ્રીયવીષયી મનુષયોથી કદી પાળી શકાતાં નથી. તોપણ તે કીરતારની સેવા બજાવવા સારૂં, દ્રઢ મનથી, અને ફતેહની આશા વગર તથા નીરાશીથી બીહવા વીના, ધર્મના ઉપદેશો કરવા, અને ધર્મના હુકમો મુજબ ચાલવા શીવાય બીજો કોઇ રસ્તો નથી. આગલ વધવાનો રસ્તો ફકત એકજ છે, અને કોઇપણ રીતે, દુન્યાના ટીકકાઓની દરકાર કરવાવીના તે સાચી રીતે, અને મકકમપણે ખેડવો અને વળી બતાવવો જોઇએ. દરેકજણ જેને ખુદાઇ રોશની મળેલી હોય છે, તેની ઉપર શીક્ષણ આપવાની આ ફરજ

નાંખવામાં આવી છે. કારણ કે, જેમ એક મીણબતી, તેની આસપાસ અંધકારમાં છુપાઇ રહેલી ચીજો ઉપર, રોશની ફેંકી, તેમને હર્ષભર્યો ઉતસાહ તથા ગરમી આપવા કાજે, બળીને પોતે ખાખ થાય છે, તેમ તેણે પણ પોતાનો ભોગ આપવો જોઇએ, ત્યારેજ દુન્યામાં તેની રોશણી ફેલાઇ શકે, એવો નીયમ છે.

૧૨. જયારે તું મને ખાતરીજ આપે છે, કે (હું) સંપુર્ણ અશોઇને પુગીશ, ત્યારે તો જે કાંઇ સાંભલવાલાયક ન હોય, તે મને જાણવા દેતો ના. સરોશ કે જે સત્યતાના કાયદા બજા લાવે છે, તે મને ઉંચ પ્રઉઢતાએ ઉંચકે તે માટે (હું તૈયાર થાઉ છું, કે જેથી) તારા આશીરવાદો, જેઓ પણ ધર્મ તરફથી લડત ચલાવતા હોયા, તેઓ મેળવી શકે.

અકાળીક સ્પષ્ટી કરણો વખોડી કાઢવા લાયક. સરોશની મદદ.

વીવેચનઃ એક ખરો ભકત પુકાર કરે છે, કે "હે ! દાદાર અમોને લોભ લાલચોથી બચાવ, અમને દુષ્ટ કુકર્મોથી છોડવજે." અને તેવી જાતની અત્રે બીજી ઇચ્છા દરશાવવામાં આવે છે, કે જે પણ અતી ઘણું ઉંચ, તથા અકાળીક હોય, તે એક ચેલાને કાને પડે નહીં. ત્રીજી બંદગી એ છે, કે તે કીરતારના કાસદ, સરોશના આગમનની અગાઉ તથા તેની તરફના જ્ઞાનની રોશની મળે તે આગમજ, તેને ઘટતો આવકાર દેવા તથા તે રોશનીનો પ્રકાશ ખમી શકવા માટે લાયક થવા માટે, સઘળી તઇયારીઓ કરી રાખવામાં આવે. જયારે ફકત પોતાને વખતસર ઉંચ ભાન ખીલે છે, ત્યારેજ એક આતમાને તે ફાયદો કરે છે, તેમજ તે આતમાની આસપાસ દુઃખમાં તરફડીયાં મારતા જીવડાઓને પણ તે લાભ કરે છે. યઝદાનની રોશની, આતમાના નેમેલા વખતની એક પળ પણ આગમજથી આવે છે, તો તે આતમાને માટે આફતકારક થઇ પડે છે. તે તેનું મગજ ફેરવી નાંખે છે, અથવા તેની તંદરોસ્તીનો નાશ કરે છે, અથવા તેનાં અંતકરણનો કચડઘાણ વાળે છે. એક કારતુસ બંદુકમાં મુકાવા અગાઉ, અને ચાંપ દબાવવા અગાઉ એક પળ પણ વેહેલી ફુટવી જોઇએ નહી. એક સળગી ઉઠે એવા પદાર્થની નજદીક તમો આતશને કદીપણ લાવશો નહી. અંતઃકરણની અથવા મગજની દરેક અસ્વચ્છ મલીનતા, સળગી ઉઠે એવી વસ્તુ સમાન છે. અને જયાં સુધી તેને દુર નહી કરો ત્યાં સુધી દઇવીક આતશને તમારી નજદીક ખેંચવો, એ આતમઘાતી છે. કારણ કે એ આતશ ધીમે ધીમે અસ્વચ્છતાનો નાશ કરી, તેથીબી આગળ ખરાબી કરતો પંથરાય છે, અને છેવટે આખાં શરીરની નીર્દયપણે પાયમાલી કરે છે. આપણી દરરોજની જીંદગીમાં એ બાબદનો દાખલો મળી આવે છે. થોડા આતશથી લોખંડ અથવા પત્થર બળી શકતો નથી. અને તે પાણીથી બુજાઇ શકે છે. પણ જયારે એક વેળા આગ જોશથી સળગીને મોટું રૂપ લે છે, અને હાથમાં આવતી નથી, ત્યારે જે પણ ચીજ, પાણી વટીક, તેમાં નાખશું તેથી તો સામા વધુ ભડકા લાગશે, અને સામો બળતણને વધુ ખોરાક પુરો પડશે. સાધારણ માણસો માટે અનીતીની ભુલોને માટે શીક્ષા એટલી નજીવી છે, કે એક જીણા આતશથી જરા દાઝવા સાથે તેની સરખામણી કરી શકાય. પણ ખુદાઇ ડહાપણ મેળવવા જનારા ચેલાઓ માટે તે શીક્ષા એટલી તો ભયભીત છે, કે એક જબરદસ્ત મોટી આગ, જે સદંતર પાયમાલી અને નુકસાન કરે છે, તેની સાથે તેની સરખામણી કરી શકાય. સત્ય માર્ગે ચાલતો, બીન અનુભવી રાહદારી હંમેશ રસ્તામાં મલતી હરકતોથી ધીરજ ખોઇ દે છે. જો કે તેજ વેળાએ ખુદ પોતાની ભુલો માટે તે ગુસ્સો કરતો નથી. તે કૃપાળુ કીરતાર માણસો ઉપર મોટી જોખમદારીઓનો બોજો નાંખવા આગમજ, અચુક દયા અને ઇનસાફથી, ઘણી બારીક કસોટીઓ મોકલે છે, જે ફતેહમંદીથી પસાર કરવી જોઇએ.

૧૩. ઓ મઝદ અહુરા જયારે બેહમન મારી પાસે આવયો, ત્યારે તુંને મેં આ

બાદીનો લાવનાર તરીકે નક્કી ગણ્યો. મારી મહત્વેચ્છાઓની અંતની ધારણાને પહોંચવા માટે, લાંબી જીંદગીમાં મને તે (ચીજ) બખશ, કે જે એ પ્રમાણે તારા તરફથી કોઇને પણ મળી નથી. તે (ચીજ)ને માટે દુન્યા તલપે છે, અને તારા રાજઅમલમાં તે મળી શકે છે, એવું કહેવાય છે.

અહુરની બક્ષીસ.

વીવેચન: આ એક અસ્પષ્ટ ફકરો છે કે જે દાદાર અહુર મઝદે બક્ષેલી સઉથી શ્રેષ્ટમાં શ્રેષ્ટ શકતીનો ઇસારો કરે છે; 'એ પ્રમાણે તારા તરફથી કોઇને પણ મલી નથી' એ બોલોને આપણે કદાચ અતીશયોકતીવાળા લેખી શકીએ.

૧૪. પુરૂષ, જે પરમસુખ ઓ મજદ! તેં તારી અપારશકતી અને અશોઇથી નીર્માણ કર્યું છે, તે એક મજબુત અને ડીક્ષા પામેલો પુરૂષ મારી ઉપર, (એટલે) તારા દોસ્ત ઉપર, પુરતી રીતે ઇનાયત કરવાને, શકતીમાન થશે. ડહાપણના સરદારોને, તથા જેઓ તારા માથ્રો ભણે, તેઓ સઘળાને હું ઉત્તેજન આપું.

મઝદના દોસ્ત. પરમ સુખ.

વીવેચન: જેઓ સત્ય માર્ગ ઉપર છે, તેમને ગુરૂઓ, સોશ્યંતો અને ઉસ્તાદો રસ્તો બતાવે છે. અત્રે એવી ખાત્રી આપવામાં આવી છે, કે પરમસુખ અને ઉંચ જ્ઞાનની રોશની મેળવવા ચાહતા ચેલાઓને, ગુરૂઓ મારફતે એ બન્ને મળે છે. આ ફકરાની છેવટે ઘણીજ ઉતકંઠાવાળી બંદગી કરવામાં આવી છે, કે એક ચેલો એટલી તેજદાર, ઝમકવાળી લાયકાતો ધરાવે, કે જેથી મોટા ગુરૂઓ તેને પોતાના શીક્ષણ હેઠળ લેવાની ફરજ વીચારે, અને સાંકડે રસ્તે અને સીધે દરવાજેથી તેને અંદરના હૃદય મંદીરમાં દોરવી લઇ જાય.

૧૫. ઓ મઝદ અહુર! મેં તને વૃધ્ધીનો કરનાર ગણ્યો, જ્યારે બેહમન મારી આગળ અશો મન સાથે આવયો, અને પોતાની તીક્ષણ બુધ્ધીથી મને ખુલ્લું કર્યું, કે એક સંતોષી વીચાર (અથવા એકચીત્ત) સઉમાં ઉત્તમ ચીજ છે. એક સંપુર્ણ માણસ એક પાપી પુરૂષને કદી પણ રાજી કરી શકે નહીં, કારણ કે પાપીઓ (હંમેશ) કેહેના આવયા છે, કે સત્યની રાહે ચાલનારાઓ તો દુ:ખ આપનારા છે.

સંતોષ. બદ ખસલતવાળાઓ કેમ સામા થાય છે.

વીવેચન: અત્રે એક ચેલો દીક્ષા મેળવવાની પદવીએ પહોંચે, તે અગાઉ તેને સંપાદન કરવા જોઇતા ઘણાજ અગતયના ગુણોમાંનો એક, જે સંતોષ છે, તે માટે બોલવામાં આવયું છે. તે ગુણ લોભી ખાહેશો, ગરજાલુપણાં તથા ખળભળાટથી એક માણસને મોકળો કરી દે છે. સોક્રેટીસ બરાબર ટીકકા કરે છે, કે "સંતોષ એ કુદરતી દ્રવ્ય છે, જયારે મોજમજાહની વસ્તુઓ તો બનાવટી ગરીબાઇ છે." "જો કોઇપણ ઝગડા જેમાં જીત મેળવવાનું તમારા હાથમાં ન હોય, તેમાં ન પડો, તો અજીત કહેવાઓ. અને જયારે તમે કોઇને માન અથવા સતામાં પ્રખયાતી પામેલો જુઓ, અથવા કોઇપણ રીતે જાહોજલાલીવાળો જુઓ, તો સંભાળ રાખજો અને દેખાવ ઉપરથી અંજાઇ જઇને તેને સુખી માની લેશોમા. કારણ કે જયારે સુખ મેળવવાનું સાધન આપણા પોતામાંજ સમાયલું છે, ત્યારે તો અદેખાઇ અથવા હરીફાઇ ફઝુલ અને વ્યર્થ છે. વળી તમારે પોતાને સારૂં એક વજીરની અથવા તો એક સેનાપતીની અથવા તો કોનસલની પદવી મેળવવા માટે ઇચ્છા રાખશોમા. પણ બંધનમાંથી મુકત અને સ્વતંત્ર થવાનેજ ઇચ્છજો; અને તે માટેનો એકજ રસ્તો આ છે, કે જે ચીજો ઉપર તમારો કાબુ ન હોય, તેની દરકાર રાખશો નહીં."

ઉપલા ફકરામાં વાપરવામાં આવેલા અવસ્તીક બોલો "તુષ્ના મઈતીશ" નો અર્થ "એકાગ્રચીત" પણ થાય છે. તયારે હીંદુસ્તાનના રૂષીઓ તથા ગુ

રૂઓએ બતાવેલા રસ્તાને પણ, "સર્વથી સરસ ચીજ" તરીકે અત્રે જાહેર કરવામાં આવયો છે. આ મોટા ગુરૂઓએ એવો કાયદો બતાવયો છે, કે સંપુર્ણ શ્રેષ્ઠતા અને મનની અશોઇ, 'તપ' અથવા એકચીતનો મહાવરો પાડવાથીજ મેળવી શકાય છે. આજના દીવસમાં એડીસન જેવો મહાન શોધકાર, ત્રણ દીવસ અને ત્રણ રાત્રી પર્યંત પોતાની લેબોરેટરીમાં ઉંઘયા અને ખાધા વીના લાગલાગટ, મોટે ભાગે ખડેપગે શોધ પાછવાડે મચ્યો રહે છે, તે પણ એજ એકચીત, અથવા 'તપ'નું બળ વાપરે છે. તે "તપોબળથી" પોતાની અદ્ભુત શોધો કરી શકે છે.

શ્રીમદ ભગવદગીતાનાંનીચલા શ્લોકો એ બાબદ ઉપર ખરેખર અજવાળું નાખે છે.

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः

प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तर चारिणौ ॥ २७

બહારના સ્પર્શો (Contacts) દુર કરી નાખી અને આંખો બે ભવાંની વચમાં ઠેરવી, અને અંદર અને બહાર જતા શ્વાસો જે નાકમાં ચાલે છે તેમને એક સરખા કરીને,

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः

विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ २८

અધ્યાય ૫).

ઇન્દ્રિઓ, મન, અને બુદ્ધિ નિત્ય કાબુમાં રાખીને, માત્ર મોક્ષ મેળવવાને યત્ન કરતો મુની ઇચ્છા, ભય અને ક્રોધ ત્યજી દે છે, (તે) જરૂરજ મોક્ષ પામેલો છે.

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः

नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥ ११

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः

उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥ १२

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः

संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥ १३

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः

मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥ १४

युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः

शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५

અધ્યાય ૬).

સ્વચ્છ જગામાં, પોતાના આસન જે ઘણું ઉંચ તેમજ ઘણું નીચ પણ ન હોય, અને જે કપડાં, હરણના ચાંમડાં, અને કુશ ઘાસનું બનેલું હોય, તેની ઉપર બેશીને, **મનને એકાગ્રચીત બનાવીને,** વીચારો અને ઇંદ્રિઓની ક્રિયાઓને કબજામાં રાખીને, આત્માને પવીત્ર બનાવવાને તેણે યોગનો અભ્યાસ રાખવો જોઇએ. (તે વેળાએ) શરીર, ગળું અને ડોકું સીધ્ધું અને બીલકુલ સ્થિર રાખીને, નાક ઉપર આંખો ચોંટાડી અને બીજી કોઇ વસ્તુનું અવલોકન કર્યા વીના, આત્માને શાન્ત, અને ભયરહિત રાખતો, બ્રહ્મચારી (Celibacy) વ્રત પાળતો, મનને કાબુમાં રાખતો, મારો (શ્રીકૃષ્ણ પરમાત્માને)જ વિચાર કરતો, યુક્ત થઇને, મનેજ મેળવવાની મહત્વેચ્છા રાખતો તેણે બેશવું જોઇએ. તેવો યોગી આત્મા સાથ સદા જોડાયલો, મનને વશ કીધેલું હોવાથી, શાન્તિ (નીર્વાણ) જે મારૂં સુખ રૂપી ધામ છે, તે મેળવે છે.

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम्

ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ २६

અધ્યાય ૬).

જેટલી વેળાએ ભમતું અને ચંચલ મન હાથમાંથી છટકી જાય, તેટલી વેળાએ તેને વશ કરીને, (તે યોગીએ) તેને આત્માના કબજામાં લાવવું જોઇએ.

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ ३५

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः

वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६

અધ્યાય ૬).

ઓ મહાબાહો (અરજુન!) મન હાથમાં રાખવું મુશકેલ અને ભટકતું છે, તેમાં જરાપણ સંદેહ નથી. પણ ચાલુ કોશેશ અને વૈરાગ્ય વૃત્તિ રાખવાથી તે કાબુમાં આણી શકાય છે. મારૂં મત એ છે કે જેનો આત્મા કાબુમાં નથી, તેનેથી યોગ હાંસલ કરી શકાતો નથી. પણ આત્માનો કબજો ધરાવનારાથી, શક્તિ બરોબર માર્ગે લગાડવે યોગ સાધી શકાય છે.

यं यं वाऽपि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥ ६
तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ॥ ७

અધ્યાય ૮).

જે પણ મરણ પામતી વખતે કોઇ પણ (મહાન) હસ્તિનો વિચાર કરે છે, તેજ હસ્તિને ઓ કૌન્તેય! તે પહોંચે છે, કારણ કે તે (હસ્તી) ના સ્વભાવ માટે તેની ભાવના હોય છે. માટે સર્વે કામમાં માત્ર મારો(શ્રી કૃષ્ણનો)જ વિચાર કર, અને લડાઇ કર, અને બેશક તું મને પહોંચશે.

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥ ८

અધ્યાય ૮).

ઓ પાર્થ જે પણ મનને બીજા ઉપર ભમવા ન દઇને, નીશદીનના અભ્યાસથી એકતાન બનીને, નીત્ય ધ્યાન ધરે છે, તે ઉત્તમ, દૈવિક પરમાત્માને પહોંચે છે.

प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ १०
सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥ १२
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ १३

અધ્યાય ૮).

મરણ પામતી વેળાએ મન એકચીત રાખી અને ભક્તિમાં લીન કરીને, યોગ બળથી પોતાનો પ્રાણ બે ભવાંની વચમાં ખેંચી લઇને, તે (યોગી) આ ઉત્તમ, દૈવિક, પરમાત્માને ભેટે છે. સર્વે ઇંદ્રિઓના દરવાજાઓ બંધ કરીને, મનને હૈયાંમાં અટકાવી રાખીને, પ્રાણને પોતાનાં મસ્તકમાં સ્થાપીને, યોગના ધારણમાં બેશીને ૐ જે એક અક્ષરવાળો બ્રહ્મ છે તેની જપ કરતો, મારૂં(શ્રીકૃષ્ણનું) ધ્યાન કરતો, જે મરણ પામે છે, તે સર્વોત્તમ ગતીએ (માર્ગે) પહોંચે છે.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ २२
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥ ३४

અધ્યાય ૯).

જેઓ મારો(શ્રીકૃષ્ણનો)જ વિચાર કરીને બીજાઓનો ખ્યાલ ન રાખીને મને ભજે છે, તેવા એકતાન થએલાઓનું હું પૂર્ણ કલ્યાણ કરૂં છું. તારૂં ચીત્ત મારી ઉપર લગાડ, મને ભજ, મને યજ્ઞો અર્પણ કર, મને પગે પડ, અને એ રીતે આત્મા સાથે યુકત બનીને, મને છેવટની નેમ સમજીને તું મને મળી શકશે.

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७
मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ८

અધ્યાય ૧૨).

ઓ પાર્થ તેઓનાં મનો મારી ઉપર ચોંટેલાં હોવાથી તેમને હું જન્મ મરણના સાગરમાંથી ચટ ઉંચકી લઉં છું. (માટે) મારાંમાજ મન મુકીને, મારામાંજ તારી બુદ્ધિને પ્રવેશ કર. અને હવે પછી તું વગર સંશયે મારામાંજ દાખલ થશે!

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६

અધ્યાય ૧૭).

મનનો આનંદ, મનની સમાનતા, ચુપકીદી, ઇંદ્રિઓ ઉપર કાબુ, અને સ્વભાવની અષોઇ,—એ સર્વેને મનની 'તપ' કહે છે.

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः
ध्यान योगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ ५२
अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम्
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥ ५३
चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ५७
मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥ ५८

અધ્યાય ૧૮).

જે એકાંતમાં વાસો કરતો, થોડા ઉપર જીવન ગુજારતો, વાચા, શરીર અને મનનો નીગ્રહ કરતો, હમેશ ધ્યાન ધરતો અને યોગ કરતો, સન્યાસ ધારણ કરીને, અહંકાર, જાસ્તી, ગર્વ, ઇચ્છા, ગુસ્સો, લોભ છોડી દઇને, સ્વાર્થ વિનાનો અને શાન્ત બને છે—તે બ્રહ્મ બનવાને લાયક છે. મનથી સર્વે કર્મો મારામાં ત્યજીને, મારૂં ધ્યાન ધરતો, બુદ્ધિયોગ અખ્તયાર કરીને, તારા વિચારો મારી ઉપર ચોંટાડ. મારો ખ્યાલ કરતો મારી મેહરબાનીથી તું સઘળી અડચણો દુર કરી શકશે. પણ જો અહંકારને લીધે મારૂં સાંભળશે નહિં તો તારૂં પૂરેપૂરૂં સત્યાનાશ વળશે (એમ જાણજે).

ગાથાના ઉપલા ફકરામાં ખુલ્લું દરશાવેલું છે, કે સઘળાને એકસરખી રીતે રાજી રાખવાનો વીચાર નકામો છે, કારણકે અધર્મી, હરામી લોકો જ્યાંસુધી પોતાની દુષ્ટ ચાલને વળગી રહેશે, ત્યાંસુધી અશો માણસો સાથે કદી પણ એક મળતા થઇ શકશે નહીં.

૧૬. ઓ અહુરમજદ! મોટી આબાદીનો બક્ષનાર! જરથુશત્ર પોતે પણ તારા (સ્પેના) મીનો તરફ માનની નજરે જુએ છે. અને દરેક જણ પણ તેજ માફક કરવાને પોતાથી બનતી કોશેષ કરશે.

બળ અને સત્તાથી અષોઇનો જય થાય! તારા રાજ અમલમાં (તેજ આપતા) સુર્યની માફક (સ્પેનત) આરમઇતી (નમ્રતા) પ્રકાશ આપે, અને માણસોના કાર્યોના (યોગ્ય બદલામાં) નેક મનશનીની મારફતે, (માનવીઓ ઉપર) તેણી આશીરવાદો વરસાવે!

મીનો. આરમઇતી.

વીવેચન: અત્રે સંપુર્ણ અહુરમજદ, જે સર્વોતમ છે, અને સ્પેનામીનો જે દેખીતી જગતનો ઇશ્વર અને પેદા કરનાર છે, કે જે સંપુર્ણ અહુરમજદમાંથી ઉતપન્ન થયલો છે, અથવા તેનાથી ઉતરતો છે, તેમની વચ્ચેનો તફાવત બરાબર ખુલ્લો ચીતારવામાં આવયો છે. આ બાબદના સંબંધમાં હીંદુઇઝમને લગતો અભયાસ કરવાથી, આ સવાલ ઉપર બહોળું અજવાળું પડશે, કેમકે કમનસીબે આપણા પવીત્ર લખાણો ગુમ થવાના સબબે, આપણને જે મોટી ખોટ ગઇ છે, તે 'પરબ્રહ્મ' અને 'બ્રહ્મ' વચ્ચેના સંબંધની સમજણથી પુરી શકાશે. બીજી અતીશય અગત્યની બાબદ તો એ છે કે આ ફકરા ઉપરથી એવું ચોકકસ થયું છે કે જરથુશત્ર ખરેખર આ (સ્પેના) મીનોને (અથવા હીંદુઓના ઇશ્વરને) જુએ છે અને દરેક માણસે, તેજ પ્રમાણે તેને જોવાને મજબુત કોશેષ કરવી જોઇએ. ખ્રીસ્તી પેગંબર આપણને યાદ આપે છે, કે ઇશવર(બેહેસ્ત)નું એટલે દઇવીક રાજય બળજોરીથીજ જીતી શકાય છે. ત્યાર બાદ ઉપલા ફકરામાં અંદરખાનેનાં કીલ્લા ઉપર હુમલો લઇ જવાની કોશેષમાં, નેકીની જય માટે એક બંદગી કરવામાં આવે છે. તેમાં વળી એવો ઇશારો છે કે, જો બદી સાથની લડાઈમાં શુરવીર નમ્રતા અને અશો મનના હથીઆરો વાપરવામાં આવે, તો ખચીતજ ફતેહનો પાસો તેની તરફ પડે.

આતમવીદયાના અભયાસીઓએ નમ્રતા તથા સહનશીળતાની આવશયકતા માટે યાદ રાખવું જોઇએ, કે "જે તમને ગાળો આપે છે, અથવા મારફાડ કરે છે, તે ધણી કાંઇ તોરછોડ કરતો નથી. પણ તમને જે નીયમ એવી ચીજોને અપમાન ભરી તરીકે દરશાવે છે, તે નીયમ માત્ર અપમાન કરે છે. તેટલા માટે, જયારે કોઇ તમને ચીડવે, ત્યારે ખાતરી રાખજો, કે તમારૂં પોતાનું મગજ તમને ગુસ્સે થવાને ઉશકેરે છે. તેટલા માટે પહેલા દેખાવ ઉપરથી કદીબી રીશે ભરાતા ના, કારણ કે જો તમોને એક વેળા થોડી પળો અને અવકાશ મળશે, તો તમારા પોતા ઉપર તમો સહેલાઇથી કાબુ રાખી શકશો." થોમસ આ કેમપી ડહાપણ ભરી રીતે બંદગી કરે છે, કે "જે મારી ખોટી વખાણ કરે છે, તેને ડહાપણ રાખીને દુર કરવાને, અને જે મારી સામે થાય છે, તેના તરફ ધીરજ બતાવવાને, તું ઇશ્વર મને નેક બુધ્ધી બક્ષ!"

યસ્ન ૪૪.

૧ ઓ અહુર! હું તારી પાસેથી જાણુવા માંગું છું તેટલા માટે મને ખરો ખુલાસો બક્ષેસ કર. જયારે તારી ભકતીની (ખરેખરી) અગત છે, તયારે તો ઓ મઝદ! તારા જેવો એક દોસ્ત, મારા જેવા એક દોસ્તને મદદ કરવાને ખાતર, તારી બંદગી કરવાની બાબદમાં જો શીક્ષણ આપે, તો ઠીક થાય; કે જેથી કરીને (અમારાં) નેક મનની મારફતે તું અમારી નજદીક પહોંચ.

વીવેચનઃ મઝદને જરથુશત્ર જાનીદોસ્ત તરીકે, અરજ કરે છે. તે ઉપરથી જરથુશત્રની પદવી વીષેનો ખયાલ કરી શકાશે. જીસસ ક્રાઇસ્ટે કાંઇ પેહલ વેહલો ખુદાતાલાનો દીકરો હોવાનો દાવો કર્યો નહીં હતો. તેની આગમજ મોક્ષ આપનાર તારકોએ, ખુદા સાથેનો તેમનો પાધરો સંબંધ જાહેર કર્યો હતો. ખુદાના દોસ્ત તરીકેનો ખેતાબ જરથુશત્રે ધારણ કર્યો છે, તે ક્રાઈસ્ટની ઇશ્વરના દીકરા તરીકેની પ્રસીધીને સારાંશમાં એક મળતો આવે છે. ડાહયા લોકો બોલો માટે તકરાર કરતા નથી. સ્વતંત્ર ધર્મોના પુરાવાઓ એકઠા કરી અને તેમ નામાંથી દેખાતાં એકસરખાપણાંનો અભયાસ કરી, અને પોતાની માનયતાઓ અને મતોને સારૂં એ રીતે ટેકાઓ લઇ અને મજબુત કરાવાને જે સાધન છે, તે માટે તેવા લોકો આભાર માને છે. અલબત આ મત ફકત શરૂઆતના તબકાઓ ઉપર અને જયાંસુધી આપણે અજ્ઞાનતાના અંધકારમાં રહીશું, (કે જેમાં આપણા માના મોટા ભાગે જનમ લીધો છે, જેમાં જીવીએ છીએ, અને જેમાં મરી પણ જઈશું) ત્યાં સુધી આપણી એ માનયતાઓ અને મતો યકીન ઉપરજ આધાર રાખશે. જયાંસુધી આપણી આખી જીંદગી અષોઇને ખાતર અર્પણ કરીશું નહીં, તયાંસુધી ખરી જીંદગી આપણને મળશે નહીં. યકીનની પાછળ તેયકીન પ્રમાણે રહેણી કરણી આવે છે, અને પછી અષોઇ, તથા પરોપકાર આવે છે; અને ત્યાર કેડે એવી હાલતે પહોંચાય છે, જયાં રોશની અંધકારને નહસાડે છે, અને આપણે આપણા ગુરૂને મોઢે મોઢું સાક્ષાત જોઇએ છીએ, તથા તેની મારફતે આપણા મહાન પીતાને મળીએ છીએ.

મઝદ એક દોસ્ત. તેના તરફ ખેંચી લેવાનું શીક્ષણ.

નીત્ય તેનું ચીંતન કરવું જોઇએ, કે જેથી તેની નજદીક પુગી શકાય. જરથુસ્ત અને દરેક જરથોસ્તી એવાં ચીંતન માટેના સાધનો અને રીતીઓ બતાવવા માટે, તે કીરતારને વીનવે છે.

તેની હાજરીના ઓરડાની ચાવી તરીકે, બંદગીને અત્રે જાહેર કરવામાં આવી છે, કેમકે જોઇતું અશોઇભયું મન બનાવવામાં, તે આપણને ખાસ મદદ આપે છે.

૨. ઓ અહુર! મારા સવાલનો મને ખરેખરો જવાબ આપ, કે સઉથી ઉ-તમ જીંદગીનું મુળ શું છે? આ બેઉ દુન્યા (ઉંચી અને નીચલી દુન્યા) કબુલ રાખવામાં લાભ શો છે? ઓ મીનો મઝદ! તું ખરેખર આ બાદીનો આપનાર છે, અને અમારા સઘલાં આગળથી, નુકસાનને તું હાંકી કાઢે છે, અને સઘલી હઇયાતીઓમાં તું અમારો દોસ્ત છે.

સર્વોતમ જીંદગીનું મુળ. મઝદ એક દોસ્ત.

વીવેચનઃ આ ફકરાનાં પહેલાં બે વાકયમાં પુછાયલા સવાલનો જવાબ, તે પછીના વાકયમાં મલે છે. ફકત આ જ જીંદગી નહીં, પણ મીનોઇ, દઇવીક જીંદગીની હઇયાતીની **માન્યતા**, એ "સઉથી ઉ-તમ" જીંદગીનો પાયો તથા શરૂઆત છે. જો તમો દઇવીક જીંદગીની હઇયાતી **કબુલ ન રાખો**, તો દેખીતી રીતે આ ઉંચ નેમને પહોંચવા માટેની જરૂર જોગી શરતો **તમે પાળી શકો નહી.** આવી શરતો નાકબુલ કરીને પછી જો તમે ફરીઆદ કરો, કે ઉંચ જીંદગી ફકત નામનીજ છે, અને આતમાનુભવ તમારાથી દુર નહાસે છે, તો વ્યર્થ છે. જેમ તમારી

૧. જુઓ આગળ આવી ગએલો બાબ જેમાં અહુરમજદ નામના જુદા જુદા અર્થો દેખાડયા છે, જે આ બાબદ ઉપર અજવાળું નાંખે છે.

આંખોના તેજની ગેરહાજરીને સબબે, તમને જરૂરજ સઘળી દીશાએ અંધારૂં લાગે છે, અથવા તો એક તેલની ખુલ્લી બતીમાં તેલ, કાકરો, અથવા ચીમની બરાબર ન હોવાથી, તે બતી બુજાઇ જાય છે, ત્યારે તેથી નીપજતા અંધકાર સામે બબડવું ફોકટ છે, તેજ માફક જયાં સુધી અષોઈના માર્ગ ઉપરની સઘળી તરીકતો પાળશો નહીં, તયાંસુધી તમે કદી ઉંચ જીંદગી મેળવી અથવા સમજી શકશો નહીં.

સર્વો-તમ જીંદગીનો પાયો. અહુર એક દોસ્ત.

અપોઉરવીમ અહુરમજદ નહીં, પણ મીનો અહુરમઝ્દને અત્રે યાદ કરવામાં આવયો છે. તેને મદદગાર સાથી, અને નાશમાંથી બચાવનાર, આકર્ષણ શકતીવાળાં, લોહચુંબક જેવો પીછાણવામાં આવે છે. આપણી હાલની જીંદગી ઉપરાંત, "બીજી હયાતીઓ"માં પણ આપણા એક દોસ્ત તરીકે મઝદને ગીતારવામાં આવયો છે. આ પ્રમાણે પુનરજનમનો ખયાલ, જેમ ઘણાઓ ધારે છે તેમ, કાંઇ જરથોસ્તી ધરમથી બીલકુલ ઉલટો અથવા અનજાણ્યો નથી.

૩. ઓ અહુર! મારા પ્રશ્નોનો તું મને બરાબર જવાબ આપ. 'નેકીના મુળ, પહેલો પેદા કરનાર બાપ, કોણ હતો? સુરજ તથા તારાની ગતીઓ કોણે નીર્માણ કરી? ચંદ્રમાના ઉગવામાં તેમજ અસ્ત પામવામાં તારા શીવાય બીજો કોણ કાર્ય કરે છે?' ઓ મઝદ! આ અને બીજી બાબદોની સમજણ મેળવવાની હું ઇચ્છા રાખું છું.

તરેહવાર સવાલો.

વીવેચનઃ ખુદાઇ ડહાપણ સંપાદન કરવાની આરજુ રાખતો એક ચેલો, કુદરતની બાહેરની દેખાતી રચના અને ચીજો ઉપરજ અવલોકન કરીને થોભતો નથી. તે છેક ભેદી ઉંડાણમાં બારીક તપાસ માટે ઉતરે છે, અને સઘળાં કારણોનું કારણ શોધી કાઢવાને મથે છે. સૃષ્ટી તેમજ માનવીની હસ્તી, તેનો સ્વભાવ, બંધારણ, અને તે સર્વોના હેતુઓનું જ્ઞાન મેળવવાને તે આગળ પડે છે. આ અને નીચલા ફકરાઓ, અમર સતયના શોધકના મનની જીજ્ઞાસાની સાબેતીઓ આપે છે.

૪. ઓ અહુર, મારા સવાલનો ખરેખર જવાબ આપજે! પૃથ્વી અને આકાશને કોણ ટેકવી રાખે છે, અને તેમને પડતાં કોણ બચાવે છે? પાણી તથા ઝાડો કોણે બનાવયાં? પવન તથા વાંદળાંઓને કોણે ઝડપ બક્ષી? કોણ ઓ મઝદ! અશો મનનો પેદા કરનાર હતો?

૫. ઓ અહુર! મારા સવાલોનો ખાતરીપુર્વક જવાબ આપ! રોશની તથા અંધકાર કયા કારીગરોએ બનાવયાં છે? કયા કાસ્બીએ ઉંઘ તથા જાગૃત અવસ્થા ઘડી છે? સવાર બપોર અને રાતની ઉતપત્તી કોનાથી થઇ છે, કે જે એક ધરમગુરૂને પોતાની (બદલાતી ગેહોની) (જુદી જુદી જાતની) ફરજોની યાદ આપે છે?

હજી વધુ સવાલો.

વીવેચનઃ બાહરના અનુભવાતા દેખાવોનો એક આગળ વધેલા ચેલા સારૂં, ગુપત ભેદો હોય છે. આવા કુદરતના દેખાવોની સુંદરતા, તથા તેમનેથી મળતા ઉતમ ધડાઓ માનવીનું મન એવું જીતી લે છે કે, એક માણસ એ સઘળું જોઇને પુકારી ઉઠે છે, કે આ સઘળું કેટલું અજબ થવા જેવું, અદભુત, કેટલું વાજબી, કેટલું ઉમદા અને ભપકાદાર તથા રચનાબંધ છે!" ત્યારે, તે કાંઇ પણ મેહેનત વગર, કુદરતના બનાવનારની ખુબી સમજવાને શકતીમાન થાય છે, કે જે અવીચારી મગજો જોઇ શકતા નથી, અને જેઓ આવી સાધારણ સાબેતીઓ કરતાં વધુ ખુલ્લી કોઇ હવાઇ સાબેતીઓ માંગે છે! એક પ્રમાણીક માણસ પોતાની તર્કશકતી વાપરીને યકીન રાખે છે, કારણ કે તેનું અંતઃકરણ સાફ છે, અને તે વીશ્વાસથી માને છે, કે કુદરત પોતાના સઘળા દેખાવોમાં તેમજ સુચનાઓમાં, પાક અને નીર્દોષ છે. મહમદ પેગમબરે કોઇપણ ચમતકાર કરી બતાવીને પોતાની પેગમબરીનો પુરાવો આપવા સાફ ન

પાડયું હતું. તેણે આજ રીતે સમજા વયું, કે તપાસો કુદરત, તપાસો કુરાન, અને વીચાર કરો, કે એ સુંદર કુદરત અને કુરાન ઇનસાનથી કદી બનાવી શકાય કે? એક લુચ્ચા ઠગારાને પોતા ઉપર વીશવાસ ન હોવાને સબબે, બીજાઓ ઉપરનો પણ તે વીશવાસ ખોહી દે છે, અને એ અવીશ વાસનો જબુન રોગ, તેને એવો મજબુત બાથમાં લે છે, કે પછી તે કુદરત માતા તેમજ સરજનહાર પીતા તરફ પણ, તે અવીશવાસ લંબાવે છે! તેટ લા માટે એવું કેહેવાયલું છે, કે "એક ચેલાના કાન ઉપર (ગુંચવાડો ઉ તપન્ન કરતા હેરાન કરનારા સવાલોના, ઉ ચ ભુવન ઉપરથી મલતા ખોલાસાના જ વાબોના) અવાજો પહેલે પડે, તે આ ગમજ, તેણે પોતાની બાળઅવસ્થાની ની દોંષતા પાછી અખતયાર કરવી જોઇએ". "ખરેખર હું તમને કહું છું કે જયાં સુધી તમે વટળીને નાના બચ્ચાં જેવા થશો નહી, ત્યાંસુધી તમો બેહેસ્તના રાજ યમાં દાખલ થશો નહી (મેથયુ ૧૮, ૩.)"

૬. ઓ અહુર! મારા પ્રશ્નનો તદન વાજબી જવાબ દેજે. જે સીધાંતો હું નીચે દર્શાવું છું તે શું ખરાં છે?

શું (સ્પેનત) આર્મઇતી (એટલે કે નમ્રતા અથવા ભકતી) પોતાના ભલાં કામોથી નેકીનો વધારો કરે છે?

શું તેં નેક મનશની ઉપર તારો કાયદો રચયો છે? આ ખુશબખતીભરી ફરતી (અથવા ગોળ ફરતી) દુનયા તેં કોણને માટે પેદા કીધી છે?

આરમઇતી. અશો મન. દુન્યાની પેદા યશની મતલબ.

વીવેચનઃ સવાલ એ ઉઠે છે, કે એક માનવી જાતની ન મ્રતા તથા ભકતી ભાવ, બહોળી નજ રે જોતાં, આખી સૃષટીમાં નેકીની સત્તામાં વધારો ક રે છે કે કેમ? અથવા તો શું માત્ર એક માનવીનેજ અશોઇ પ્રાપત કરવા સારૂં, તે નમ્રતા અને ભકતીભાવ મદદ કરે છે કે? કારણકે કહેવામાં આવયું છે કે, "અને જે પોતે ગર્વથી પોતાને ઉંચ માને છે, તેને નીચો પાડવામાં આવશે. અને જે નમ્રતા બતાવશે, તેને ઉંચી પદવીએ ચઢાવવામાં આવશે." (મેથયુ, ૨૩,૧૨). અત્રે માણસને પ્રકટીકરણમાં પડેલી. નાનકડી હસ્તી તરીકે ગણવામાં આવયો નથી, પણ મોટી શકતીઓની સાથે હમકાર, જોડયો કામ કરનાર તરીકે, લેખવામાં આવયો છે. તે મહાન શકતીઓ પ્રકટીકરણના કાયદાને તાબે હોવાથી, તેઓએ જે મોહમાયાને આપણે બાહરની સૃષટી કહીએ છીએ, તે પેદા કીધી છે, અને ચેલાઓને કાંઈપણ મોહીની વગરના અશોઇના માર્ગે પહોંચવાને, મોહ માયાથી ખેંચી લઇને તેમનો રસ્તો સરળ કરી આપે છે. આ શકતીઓ સાથે, જયારે દરેક અશો મન એકદીલીથી કાર્ય કરે છે, ત્યારે તેના કામને સરળતા અને ચાલાકી આપ વામાં આવે છે. આપણે યસ્તોમાં વાંચીએ છીએ, કે જુદા જુદા યઝદો તરફ લોકો બેદરકારી બતાવી તેમની વખાણ કરવામાં ગફલતી કરે છે, ત્યારે તે યઝદો દલ ગીર થાય છે. તેથી તે શકતીઓનાં કાર્યો વધુ મુશકેલ બને છે, અને બુરી શકતી ઓની સામે ટકી રેહવા માટે તેમનું જોર નબળું પડતું જાય છે.

વળી અહુરે અશો મન ઉપર પોતાની સત્તાનો પાયો સ્થાપેલો હોવાથી, તેજ ગુણ સંપાદન કરવાથી, ઇશ્વર તરફ પહોંચી જવા ની નકકી ચાવી આપણનેહાથ લાગે છે.

છેવટે આ માટીની બના વટની દુન્યાને, કાંઈ અંધારૂં કેદખાનું નહીં, પણ એક ખુશનુમાં રેહેવાની જગયા તરીકે ગણવામાં આવે છે, કે જયાં થી લોકો સત્યમાર્ગના સાદા કાયદાઓ શીખીને, ઉપર અને આગલ વધી શકે છે, કે જે ઉંચાઇએ આ નાશકારક, ખા કી, લોભલાલચથી ભરપુર, તકલીદી, શ રીરજ ધારણ કીધા વીના, એક ફરેસ્તો પણ કદાચજ જઇ શકે છે. તે મહા બળવાન, પ્રતા પી, તેજસ્વી તુરતુંજ બાળક, જે પોતામાં ખુદાઇ શકતીનો, અદ્રષ્ય અંશ ધરાવે છે, તે દુનીયામાં સઘળું દુઃખજ છે, એ વું શોકાતુર મત શી રીતે ધરાવી શકે? અથવા તો સંપુરણ પીતાના રાજય અમલ માં, જયાં તેની તરફનો પુર્ણ પ્યાર ધાસ્તી ને મારી હઠાવે છે, તેવી દુનયામાં તે ફીકર

કેમ રાખી શકે? ઉપલા ફકરામાં છેલ્લા વાકય ઉપરથી અવસ્તા લખાઇ તે વખતમાં પણ, દુન્યાની સુર્યની આસપાસ અથવા પોતાની ધડી ઉપર ગોળ ફરવાની ગતી વીષેનું જ્ઞાન હતું, એવું સમજી શકીએ છીએ.

૭. ઓ અહુર હું તને પુછુંછું જેનો તું મને ખરેખર ઉત્તર વાળજે! ખુશનુમા (સ્પેંત)આરમઇતીને તેણીની ઉંચ ઉત્તમ દબદબાભરી પદવી સાથે કોણે બનાવી? કોણની અગમ બુધીથી બેટાને બાપનો વહાલો કર્યો છે? તારી પાસેથી આ બાબદો જાણવા માટે ઓ આખી સૃષ્ટિના પેદા કરનાર, અને આ બાદી ફેલાવનાર, અનદીઠ અહુર, હું ઉમેદભરી આજેઝી કરૂં છું.

વીવેચનઃ અત્રે ભલાં મનવાળી આરમઇતીની ફરીને વખાણ કરવામાં આવે છે. પોતાના લોહીના

બીજા સવાલો.

એક જણેલાં બચચાં તરફનો પ્યાર, કે જે ઘણાજ પ્રબળ આકારમાં પ્રગટી નીકળે છે, તે ખીલવીને રફતે રફતે માનવી માત્રને દઇવીક બનાવવાની ગોઠવણ, અહીં રજુ થઇ છે. સર વોલ્ટર સ્કોટ પોતાની ખરી કવીની નજરથી કહે છે, કે "પ્યાર દરબારમાં, છાવણીમાં, મંડપમાં તેમજ નીચલી દુનીયામાં માણસો ઉપર તથા ઉંચ બેહેસ્તમાં પણ રાજ્ય કરે છે; કારણ કે પ્યાર એજ બેહેસ્ત છે, અને બેહેસ્ત એ કાંઇજ નહીં, પણ પ્યાર છે." જીસસ ગુરૂ નીચલા વજનદાર બોલોમાં લાગણીઓના શાસ્ત્રનો સારાંશ કહે છે, "કે તું પોતાને ચાહે છે તેટલોજ તારા પાડોશીને ચાહજે." પણ તે વીસરી જવામાં આવે છે, અથવા તો તે કોઇની સમજમાં ઉતરતુંજ નથી. પ્યારની મોટી અગતયતા બાબે પવીત્ર ગાથાઓમાં ખાસ કહેલું હોવાથી, તે પ્રમાણે પુરૂષો તથા બઇરાંઓએ પ્રેમનું દરેક પાસું સમજીને, પોતાના સંબંધોમાં પ્યારથી વર્તતાં શીખવું જોઇએ, અને ધીકકારને આપણા દુશમન શયતાનનો ગુણ પીછાણીને, તેનો ત્યાગ કરવો જોઇએ.

૮. ઓ અહુર! હું તારી પાસેથી જ વાબ માંગું છું, અને મને તારી આજ્ઞાઓ (બંદગીઓ) વીષે ખરૂં કહે, કે જે (રોજ) પાંચ વખત બજાવવી જોઇએ, જે (જરથુશત્રના) ભલા મનથી તારા તરફથી મેળવવામાં આવી છે. અને જે અષોઇની મારફતે માણસાઇ હઇયાતીની સંપુર્ણતા મેળવવા માટે જરૂરની છે.

કઇ ભલાઇથી (અથવા કયા સદગુણથી) આતમા તે પરમસુખ મેળવશે, કે જેથી કરીને (જેની મારફતે) હું મારી અંતની ધારણા મેળવવા પામું?

વીવેચનઃ પાંચ વખતની બંદગી તો બાજુ રહી, પણ બધી બંદગીઓત રફ અધર્મી લોકો ધીકકાર અને તીરસ્કાર બતાવવાનો

બંદગી. ભલું મન. પરમસુખ.

ઢોંગ કરે છે. અલ્પ (થોડું) જ્ઞાન હમેશાં નાશકારક થઇ પડે છે. હાલ કેટલાકોમાં એવો વીચાર ચાલુ છે કે, ખુદાતાલા આપણી હાજતો જાણે છે, અને તે પુરી પાડવા માટે તેને અરજ કરવાની કાંઇ જરૂર નથી. આ ઘણો હલકો તથા સાંકડો ખયાલ છે. આપણે કાંઇ ખાલી સ્થુલ દુનયાના ફાયદાઓ મેળવવા માટેજ પાંચ વાર બંદગી કરતા નથી. આપણે લોહી અને માંસનાં બનાવેલાં, હંમેશગીનાં બચ્ચાં છીએ, અને એ લોહી માસના શરીરની તોકને લીધે, આપણી જાતી કીર્તી ઢંકાઇ રહેલી છે. અને નીયમીત અને ખંતથી ફરી ફરીને પ્રાર્થના કરવાથી ફરેસ્તાઓ કરતાં પણ ચઢતા દરજાની યાદ, અને તેનું ભાન થાય છે. આપણા ઉમદા આતમાની મનને સુચનાઓ અને હુકમ કરવાની શકતી તેમજ અજ્ઞાનતા, દુષ્ટતા, અને શારીરીક વેદનાની સતાનો ઇનકાર કરીને, તે દુર કરવાની શકતી, આજના વખતના લોકોનો મોટો ભાગ જાણતો નથી. તેઓ સાધારણ રીતે ઉપરટપકેનું જ્ઞાન ધરાવનાર છે, અને નયુસપેપરો વાંચનારાઓ છે, જેઓ હરદમ બીજાંઓના વીચારોમાંજ સજ થયલા હોય છે, અને બીજાંઓની લાગણીઓમાં મોજ મેળ

વે છે. જોકે પોતે જાતે હૈયાંમાં બહુ વેળા એ સદગુણથી ઉલટા વીચારો ધરાવતા હોય છે, તોપણ તે વીચારોને હાલના 'સુધારા'નું નામ અપાય છે, તે કારણને લીધે તે ઉપર ઢળે છે. એવા લોકોના જમાનામાં ભીતરના આતમાની મજકુર શકતીઓ, ઘણાજ થોડા જ્ઞાની ફીલસુફો શીવાય, બીજા કોઇ સમજી શકતા નથી. આપણે આતમીક હોવાથી આપણો આતમા શરીર કરતાં તદન જુદીજ રીતે આગળ વધે છે, એ સેહેલથી સમજી શકાશે. જે પ્રમાણે શરીરને જો ચોકસ નીયમસર ખોરાક પુરો પાડવામાં આવતો નથી તો તે ભુખે મરે છે, અને શકતી વગરનું લુલું તુટલું થઇને પડે છે, તેજ માફક વીચારવંત લોકોને સીધ કરતાં કાંઇ મુશકેલી નડશે નહીં, કે આપણા દરેક ઉંચ શરીરને પણ પુષ્ટીકારક ખોરાક આપવા માટે, તથા તેમને સરસ હાલતમાં રાખવા માટે, બીજા ભુવનો ઉપર પણ, તેજ જાતના કાયદાઓ લાગુ પડવા જોઇએ. બંદગી, એ કદાચ એકલોજ એવો ખોરાક હોય, કે જે કેહેરપમ, ઉશતાન, તેવીષી, બઉધંગ, અને અવસ્તામાંના ઉરવન (જેમનો તરજુમો કેટલીક બાજુએ એસ્ત્રલ, પ્રાનીક, મેનટલ, કોઝલ, અને બુધ્ધીક કરવામાં આવયો છે, તે) નામના માણસ જાતનાં ઉંચ શરીરોનું પોષણ કરે છે. તેમની સઘળાંઓની અંદર રૂવાંષી અથવા આતમા વસે છે. બંદગી વીના, એટલે કે આપણી ઉંચ હાલતની ચાલુ પાછીને પાછી યાદ કરયા વીના, આ દુનીયા ઉપર જીવને મોહીનીની જાળમાં સપડાવવાને માટે, ભયાનક કસોટીઓના રસ્તા ઉપર જે ફાંદાઓ નાંખવામાં આવયા છે, તેમાં આપણે ખચીત સપડાઇશું. ક્રાઇસ્ટ વટીક જયારે દુનીયાઇ દુખોમાં આવી પડયો, અને જયારે તેની લગભગ અખુટ ધીરજનોએ અંત આવયો, તયારે તે અતી તીક્ષણ વેદનાથી પુકારી ઉઠયો, 'મારા ખોદા, મારા ખોદા! તેં મને શું કામ તજી દીધો છે?' (સેંટ માર્ક ૧૫.૩૪). એક જીવ અશોઇના હથીઆર સાથે, પવીત્ર કુસ્તીના કમરબંધમાં તંગ થઇને તથા પોતાના સફેદ પેહેરણના બખતરમાં પોતાના શરીરને ઢાંકીને, હુંપણાં સામે, ક્ષણભંગુરપણાં અને ચલીતપણાં સામે હીંમતભરી લડાઇ ચલાવે છે. જીવથી ફકત આ એકજ રીતે, હમેશ દાવપેચ અજમાવનાર મીઠી જબાનવાળા, વશ કરનાર અને લલચાવનારા અહરેમનના નીર્દય હુમલાઓ સામે ટકકર ઝીલીને, તેમને પાછા હઠાવી શકાય છે.

દઇવીક વાચાની શકતી જે માણસજાત ધરાવે છે, તે બીજું કોઇ જાનવર ધરાવતું નથી. આ જડવાદી વખતમાં પણ મોટે ભાગે **વીચાર અને વાચાની** વાતાવરણમાં વસ્તા એક માણસને અજબ થવાનું કાંઇ કારણ નથી, કે આતમીક હુમલાઓની સામે ઢાલ તરીકે વાપરવા માટે, તથા દુષ્ટતાની સામે થવા માટે, મજબુત ભણતરો તેને આપવામાં આવયાં છે. અને અહુરની નજદીક પોહોચવાને તેને એ ભણતરો મારફતે મળેલી ખાત્રી, તેને યાદ દેવાડે છે, કે જો તે અહુરને તાબે થઇને ગમે એવી મુશકેલીઓ વચ્ચે પણ મકકમ અને સીધો ઉભો રહે, તો તે "**માનવીની**" **હદથી જયાદા** બળવાન બની શકે છે. જો તે પોતાનું તારણ પોતેજ કરવાનો બસ દાવો કરે, તો તે પોતાનું તારણ કરી શકે છે.

આ દુનીયાનું સુખ પણ ખરાં અંતકરણથી કરેલી બંદગીથી મલી શકે છે, એવી ઉપલા ફકરામાં ખાતરી આપવામાં આવે છે. એક ચીતથી અને મકકમપણે માંગો, અને કુદરત તમોને ખુદાઇ બદલો આપવાને ના પાડવાની હીમત કરશે નહીં.

આ ફકરામાંની છેલ્લી દલીલ ઘણીજ અગતયતા ધરાવે છે. આગળ આપણને પુરતી સાબેતીઓ મળી ચુકી છે કે, આપણી અંતની ધારણા "અહુર સાથના મેળાપ"ની હોવી જોઇએ, જે મેળવવા માટે "શાંન્તી" અને આનંદની ઘણી જરૂર છે. ઉપલા ફકરાના છેવટના પ્રશ્ન ઉપરથી અનુમાન નીકળે છે, કે સદગુણથી "આનંદ" પ્રાપત કરી શકાય છે. જે સદગુણ અંતકાળની મુકતીનું "પરમસુખ" મેળવી આપે છે, તેનું નામ "સ્વભોગ"નો સદગુણ છે, અને તે "પરીતયાગ"

અથવા "સન્યાસ"ના નામે પણ ઓળખાય છે, અને તેનો અર્થ કવચીતજ બરોબર સમજવામાં આવે છે, તથા તે શબ્દોનો મોટે ભાગે ગેરઉપયોગ કરવામાં આવે છે. 'નીર્વાણ' તુલીક પહોંચવાથીજ 'પરીતયાગ'ની ખરી ઉંચાઇએ પહોંચી શકાય છે. એટલે કે અહુરને મળવાના રસ્તાનું છેવટ આવે છે, તયારે ફકત એક પગલું આગળ જતાં, તે રસ્તો કાપનાર આ દુ:ખમાં તરફડીયાં મારતી જગતથી વીસ્મરણ થઇ શકે એમ છે! પણ તે વેળાએ, સઘળી જીવતી જાગતી ચીજો તરફની દઇવીક દયા અને પ્યારને ખાતર, એક પુખ્ત પ્રૌઢતાએ પુગેલો આથરવન, પોતાની શ્રેષ્ટમાં શ્રેષ્ટ ઉનંતી ઉપરથી હાથ ઉઠાવે છે, અને માણુસાઇ વીચારથી પણ સમજી ન શકાય એવાં સંપુર્ણ ઉંચ, આનંદી ભુવનોમાં જવાને બદલે, આ બહોળી દુનીયામાં, પોતાના નાના બીનઅનુભવી ભાઇબંધોનો રક્ષક અને તેમનો તારનાર બને છે.

૯. ઓ અહુર હું તારી પાસેથી જાણવા માંગું છું, જેનો ખરેખરો જવાબ મને જણાવ. તારા પવીત્ર ધર્મના ફરમાનો, કે જે તારા જેવા સન્તા ધરાવનારા ડહાપણવાળા સાહેબે મને શીખવયાં છે, તે હું કેવી રીતે ભ્રષ્ટ થતાં બચાવું, તે મને દેખાડ.

ઓ અહુર! તારા વાજબી રાજઅમલને લીધે, જયાં અશ(વહીશત) અને બેહેમન (વોહુમનો) રહે છે, ત્યાંજ તું પણ વાસો કરે છે.

ધર્મ તરફની તાબેદારી. અહુર અશ અને બેહુમન.

વીવેચન: "જ્ઞાનના ઝાડના ફળ ચાખવાથી" મલતું જ્ઞાન, અને દેખીતી જગતના સર્વોપરી રાજકર્તા તરફથી મલતું શીક્ષણ, પોતાની સાથે ઘણી ગંભીર જોખમદારીઓ લાવે છે. તે શીક્ષણ મલતાંજ તમારે નેકી તરફ ખાસ ચીત લગાડવું જોઇએ. તેનો વીશવાસઘાત કરો, તે જ્ઞાનનો ગેરઉપયોગ કરો, અથવા તે તરફ બેદરકારી બતાવો, તો જે ઉંચ સ્થીતીએ તમો ચઢવા પામયા હોવ, તે ઉપરથી નીચે જરૂર ગબડશો. તેટલા માટે એક ચેલો લોભલા લચોની સામે થવા માટે નમ્ર રીતે મદદ તથા રાહબરી માંગે છે, કે જેથી કરીને ખુદાઇ ડહાપણનો જે ઝરો તેને બક્ષવામાં આવયો છે, તેને અસ્વચ્છ તથા ગંદો બનાવે નહીં. આ એક ડહાપણ ભરી શીખ શું તમે સાંભળી નથી, કે "હંમેશગીની જીંદગીના, સ્વચ્છ, કાચ જેવાં નીર્મળ પાણી, ચોમાસાના તોફાનથી નીપજેલા કાદવવાળા પાણીના ધોધો સાથે કદીપણ એકત્ર થઇ શકે નહી?"

વળી 'ઇનસાફ' એ અહુરની સત્તાનો એક ખાસ ગુણ છે કે જેનું તત્વ નેકી (અશ) અને અશોઇભર્યાં મન (વોહમન)નું બનેલું છે. આપણી બરોબરીઆને, આપણાથી ઉતરતાંને તેમજ આપણાથી ચઢીઆતાંને પઇએ પઇભાર લાયક બદલો આપવો, તેને ઇનસાફ કહે છે. ઇનસાફની ખુબી ઉપર જો પુરતી ગંભીરાઇથી વીચાર કરવામાં આવે, તો જીંદગી તરફ તમે બેશક જુદીજ રીતે જોતાં શીખો. જો તમારા શાંત વીચારોની વેળાએ, તમારા દીલમાં અહુરને તમો સંપુર્ણ ઇનસાફી તરીકે ખરેખર કબુલો, તો જંજાલ, બોજો, લોભલાલચ, ખાલી ધકેલા પછાડા, અદેખાઇ, ગુસ્સો અને લગભગ સઘળા એવા દુર્ગુણો, જે તમને આપદા અને દોડદોડમાં વીટલાવી નાંખે છે, તે બીલકુલ નાબુદ થઈ જશે. જરા વીચાર દોડાવો, કે જયારે અહુર અદલ ઇનસાફી છે, ત્યારે તેણે જયાં જોઇએ ત્યાં અને બરાબર વખતસર, તમને જનમ આપયો છે. વળી તે માટે તમારી આસપાસના બનાવો જે માફકના જોઇએ તેજ માફકના હોય છે. તે કાજે તમારૂં સુખ અથવા કંગાલીઅત તમારી લાયકાતને અનુસરતાંજ હોવાં જોઇએ. તેજ કારણસર તમારી સતા અને શકતી તમારી લાયકાત પ્રમાણેજ હોવાં જોઇએ. તેજ સબબથી તમને પોતાને તથા બીજાંઓને મદદ કરવાની ઘટતી તકજ તમને આપવામાં આવે છે. તેજ કારણ માટે તમારી આખી હયાતી તમારી લાયકાત પ્રમાણેજ ઘડાય છે. તે જગતના મુખી

સાહેબના ઇનસાફ્માંથી નીપજતાં સઘળાં પરીણામો ઉપર ઉંડા ભકતીભાવથી મનન કર્યે છીએ, ત્યારબાદ આપણે આપણું બનતું કરવા પછી, હદવીનાના યકીન સાથે, પરમેશ્વર ઉપર એક નીર્દોષ બાળકની માફ્ક આધાર રાખતાં શીખીએ છીએ, કે આપણી કરણી પ્રમાણેજ ફ્ળ મેળવવા પામીશું. તેટલાં માટે જીંદગીની લડાઇમાં આપણે તેનાં હુકમો બજાવવા શીવાય, અને તે સાહેબનીજ ફ્તેહ ઇચ્છવા શીવાય, પરીણામોની દરકાર કરવા વગર, મજબુત હાથે કામ લેવું જોઇએ. તયારે તમે જુઓ, કે એમ કરવાથી કાયદાના પ્રબળ હાથનું સઘલું જોર તમારી પીઠે રહી, તમને મજબુત ટેકો આપે છે. ખડબડાટ, કલાપીટ, ધ્રુજીને કઢંગો દેખાવ રજુ કરવાનું ભુલી જઇને, તેમને અહેરેમનનાં ખુનનાં ગણવા જોઇએ. તેમને જો બેદરકારીથી આપણા આત્માના સુંદર, પવીત્ર મંદીરમાં દાખલ થવા દઇશું, તો ખુદાઇ શાંતી અને શકતીનો તેઓ નાશ કરશે. તેઓ ચોરોની માફ્ક છુપી રીતે આપણી અંદર ભરાઇને, આપણો કીંમતીમાં કીંમતી ખજાનો ઉપાડી લઇ જાય છે. લાઇલાજ થઇને તેમના હાથમાં જઇ પડતા ના, પણ સઘળી સતા, સુખ તથા ડહાપણ ઉપરનો તમારો હક પુરવાર કરજો, અને છેવટની ફ્તેહ માટે ખાતરીપુર્વક રહીને, તેઓ સામે ફ્રી અને ફ્રીથી લડત ચલાવતા રહેજો.

આ ફ્કરાને છેડે એવું કહેવામાં આવયું છે, કે અહુર, અશ અને બેહેમનની સાથે એકજ જગામાં રહે છે. તેનો અર્થ એમ હોય, કે આ ત્રણની એક જરથોસ્તી ત્રીમુર્તી બનેલી છે, કે જે હીંદુ ત્રીપુટી તથા ખ્રીસ્તી ત્રીનીટીને મલતી આવે છે. અહુરની ત્રણ મુદ્રા છે, જેમને પેદા કરનાર, સંભાળ રાખનાર અને નાશ કરનાર અહુર, એવાં જુદાં જુદાં નામો આપવામાં આવયાં છે.[1]

૧૦. ઓ અહુર! હું આ ધર્મને માટે પુછુંછું, કે જે સઘળા હઇયાત ધર્મોની અંદર શ્રેષ્ટ છે, કે જેની સચાઇને વળગી રહેવાથી મારા હકમાં આબાદીનો વધારો થાય છે, અને જેના ફ્રમાનો સંપુર્ણ મનશની શીખાડે છે, જેથી આપણા કાર્યો પવીત્ર બને છે. ત્યારે તું ખરેખરો જવાબ વાળ. મારી ડહાપણભરી ઇચ્છાઓ તારી તરફ્જ ઢળે!

વીવેચન: અત્રે લખાયલું ધર્મોનું વીષેશણ 'હઇયાત' અગત્યનું છે. અહીં કાંઈ એવો દાવો કરવામાં આવયો નથી, કે સઘળા થઇ ગયેલા ધર્મોમાં, તેમજ હવે પછી થનાર ધર્મોમાં, આપણો ધર્મ ઉતમ છે.

તે વખતના હૈયાતી ભોગવતા ધર્મોમાં સર્વોતમ ધર્મ.

તેનું કારણ કાંઇ સમજવું ભારી નથી. જયાં સુધી એક, બે સદી થયાં, આ ક્ષણભંગુર દુનીયા ઉપર રાજ ચલાવી ચુકેલા, પશ્ચીમ દેશોના રહીશોના મગરૂરીમાં મસ્ત થયલાં ભેજાંઓ, પોતાની બચગીને આધારેજ સઘળા વખતની આંકણી કરે છે, તથા સઘળા ધર્મોને માત્ર પોતાના ધર્મ જેવાજ, અથવા તેથી ઉતરતી પંકિતના દેખાડવા માંગે છે, અને સઘળા અસલના જમાનાઓના સુધારાવધારાની ઉન્નતીને પોતાના સાંકડા સુધારાવધારા જેવાજ સમજાવવાની કોશેશ કરે છે, ત્યાં સુધી તેમના પુછડાંઓ, જેઓ બારીક તલાસ કર્યા વીના, બીજાંઓના મત પ્રમાણે હંમેશ ચાલે છે, તેઓ વખતનો બોહળો વીસ્તાર સદંતર વીસરી જાય છે. કોઇ નવા ફુટી નીકળેલા શ્રીમંતો ગમે તે કહે, તેની દરકાર કરવી નહીં. પંડીતો તરીકે લેખાતા લોકો ગમે તે કહે, તે ઉપર ધ્યાન આપવું નહીં. આપણી હાલની સદીના તદન હસ્વાસરખા વેહેમોને આધીન થઇ ગએલાઓ, જાહેરમાં ચાહે તે બોલે, તેની પરવા રાખવી નહીં. અને યાદ રાખવું જોઇએ કે, આપણે એવા અનહદ વખતમાં જીવીએ છીએ, કે જેનો છેડો નથી તેમજ શરૂઆતજ ન હતી. આપણી પૃથ્વી ઉપરથી લખ્ખો અને કરોડો વરસો ગબડી

---

૧. આ વીષય ઉપર શરૂઆતના એક બાબમાં આપણે વધુ ખુલાસો જોઇ ગયા છીએ.

જવા પછી, જે મહાન પ્રજા જનમશે, તેમની સાથે સરખાવતાં, મગજની ચાલાકી, અશોઇ અને નેકીમાં આપણે સાધારણ માનવીઓ પતંગીયા મીસાલ છીએ. આ ધરતી ઉપર માણસજાતે કેટલો વખત થયો જન્મ લીધો છે, તે બાબે કેટલાક ખ્રીસ્તી લખનારાઓના અવીચારી વહેમોને માન્ય રાખવાને આપણે સાફ ના પાડીશું. ખરેખર શું દુનીયા ઘણી જુની છે? એ વીચાર ઉપર બીજી પ્રજાઓનાં આંખ વીંચામણા કરાવવાની કોશેષ કરવાથી, હાલના સાહસ કર્મોને આપણે શું આ સમાન ઉપર ચઢાવીશું? અને શું હાલના ખગોલવેત્તાઓ પણ આપણી પૃથ્વીને ઘણાજ પ્રાચીન કાળના વખતની માને છે, તેના ઉપર કરોડો વરસની વાત ઉપર કદાચને થઈ ગયલા સુધારા વધારા વીસરી જઇશું.? "ખ્રીસ્તી ધર્મ એટલો જુનો છે, માટે બીજા ધર્મો તે કરતાં વધુ જુના હોઇ શકે નહીં! ખ્રીસ્તીઓ એટલા અસલવારેના છે, કે બીજાઓ તેથી વધુ પ્રાચીન વખતના હોઇ શકેજ નહીં. ખ્રીસ્તીઓ એટલા ચાલાક છે, તેટલા માટે બીજાઓ તેથી વધુ ચાલાક હોઇ શકે નહી," એવી એવી અનેક ખ્રીસ્તી લોકો તકરાર લે છે, અને એવી જાતની નીરર્થક બડાઇ મારીને સંતોષ લે છે. આવા ખ્રીસ્તીઓની મોટી અહંકારભરી ઇચ્છા પાર પાડવા માટે બીજાંઓએ પોતાને હલકા પાડવા જોઇએ નહીં. આપણી ભલી ધરતી માતાનાં પેટામાંથી લેખોની ઘણીક અચુક સાબેતીઓ હાલ મલી આવી છે, કે જે સઘળાં નીષપક્ષપાતી મગજોને પુરવાર કરી આપે છે, કે પ્રાચીનકાળમાં માણસજાત જે ઉંચી ટોચે ચહડી હતી, તેટલી ઉંચાઇએ જવા માટે, આપણને હજી સંખ્યાબંધ જમાનાઓનો વીલંબ લાગશે. જો સઘળું ઠીકઠીક ચાલે, તો એવો પણ વખત આવશે, કે જયારે આગલા જમાનાના સુધારાવધારાની જબરી કોશેષોની બરકતથી ફાયદો મેળવીને, તે કોહન જમાનાની આગલ વધેલી ઉન્નતીના પ્રકાશને પણ માણસજાત ઝાંખમાં નાંખશે. તે વધારાને દુન્યાને રચનાર ડહાપણવાળા સાહેબના અચુક કાયદા ઉપર

ચાયલી પ્રકટીકરણ તરીકે આપણે લેખયે છીએ. પણ આગલા પુરાણા, જમાનાનું આપણે માથેનું કરજ જો આપણે ના કબુલ રાખયે, તો તે પાછળ હઠવા મીસાલ છે, અને તે આપણને આગળ વધતાં અટકાવશે. કારણકે અસલનો વખત થઇ ગયો, માટેજ આપણે આજે હસ્તી ધરાવયે છીએ, અને હાલ આપણે માણસજાતે જે રૂપ, શકતીઓ ઇત્યાદી ધારણ કર્યાં છે, તેનું કારણ તો એજ છે, કે અસલથી ઉતરી આવતા અસંખ્ય સંજોગોએ આપણને હાલની સ્થીતીએ પહોંચાડયા છે.

હવે ત્યારે કુદરતના કાયદાની ચઢતી પડતીમાં, માનવીની અનેક પ્રજાઓ આપણી આગળ પણ આવી ગઇ છે, અને આપણે એવું સહીસલામતીથી જાહેર કરી શકીએ, કે માણસજાતની મોટી, અને લગભગ છેડા વીનાની સંખયા, આપણી પુઠે આવનાર છે. તો માજદીઅસની જરથોસ્તી ધર્મ, જયારે દુનયામાં બશારતથી લાવવામાં આવયો, ત્યારે તે વેળાના સઘળા હઇયાત ધર્મોમાં, તે દેશના તેમજ વખતના ખાસ સંજોગો ધ્યાનમાં લેતાં, સર્વથી મોટો જાહેર કરેલો છે ખરો. તોપણ સઘળા વીતી ગએલા વખતમાં, તેમજ હવે પછી આવનાર અસંખ્ય જમાનાઓમાં પણ, તે સરવોપરી ભોગવે એવું કાંઇ અવશયતું નથી. જે અહુરે એક ચોકસ વેળાએ જરથોસ્તને ધર્મ આપયો, તેજ અહુર જયારે માણસજાતને પોતાના તરફની ઇનાયત માટે વધુ લાયક બનતાં જુવે, ત્યારે પોતાના જરથુશત્ર સાહેબને વહીથી શીખાડેલા ધર્મના શીક્ષણોને વધુ બહોળાં બનાવી, અને તેમનો પ્રસાર કરવાની તેને શકતી છેજ, એ જરા પણ સંદેહ વીના, આપણે નમ્રતાથી કબુલ કરીશું. આપણા પ્રેમી પાલનહાર અહુરની સઘળી રાહબરી અને નીગેહબાની માટે આભારી થઈને, અને નીરંતર તેની પ્રાર્થના કરીને, આપણે તેની નીંદા કરવાથી પરહેજ રહીશું, અને એવું મનાવવા ઉતરી પડીશું નહીં, કે જેથી કરીને હમેશગીના હવે પછીના કોઇપણ વખતમાં, કે જે વખત આપણે યાદ રાખવું જોઇએ કે ૧૦૦૦,૦૦૦,૦૦૦૦,૦૦૦૦૦ ,૦૦૦,૦૦૦,

વરસોથી પણ દરશાવી શકાય નહીં એવા બેફીનાર વખતમાં, તે સાહેબ પોતાના પવીત્ર ફરમાનો, દુ:ખમાં સબડતી, ખુદાઇ અંશવાળી માણસજાતને, ફરીથી સમજાવવાની અને વધારે ઉતમ રીતે સમજાવવાની, કુદરત અને છુટ ધરાવતો નથી.

આપણે આપણું બંધારણ કેવું છે, તે જાણવું જોઇએ. આપણું શરીર પરપોટા સમાન ક્ષણીક છે. પણ આપણો જીવાતમા અમર છે. તેટલા માટે ધર્મના સવાલ ઉપર આપણે વીચાર ચલાવવો જોઇએ, અને ગમે એવા અજ્ઞાન હોવા છતાં, ખાલી ગરૂરીથી એવી વ્યર્થ દરખાસ્ત રજુ કરવી ન જોઇએ, કે માજદીઅસનીઝમ પેહેલો, છેલ્લો, તેમજ સઘળા અનહદ વખતમાં સર્વોત્તમ ધર્મ છે. આપણે એવું કેહેવાની હીંમતજ કેમ કરી શકશું? ગાથાઓ શીખાડે છે કે આપણે નમ્ર થવું જોઇએ અને વળી વધુ, ગાથાઓ વારંવાર અહુરની તે યોજના બદલ શીક્ષણ આપે છે, કે જે યોજનાની મારફતે સોશીયંન્તો, જેઓ અષો જરથુસ્ત્રની પહેલાં જમીનની સપાટી ઉપર ઘણીક વેળાએ આવી ગયા છે, અને ભવીષ્યમાં પણ આવતાજ જશે, તેઓ માણસોને યોગ્ય ટાંકણે, મીનોઇ રોશની પુગાડી ગયા છે, અને પુગાડશે.

ત્યાર કેડે ઉપલા ફકરામાં પવીત્ર મન કે જે જરથોસ્તી ધર્મનો મુળ પાયો છે, તેના ઉપર ભાર મેલવામાં આવયો છે.

છેવટે, એક ચેલો બંદગી કરી માંગી લે છે, કે બેહમનની બક્ષીસથી, તે અહુરનું ચાલુ ચીંતન કરવાને સામર્થવાન બને, કે જે આ તેજસ્વી ધર્મની ખરી નેમ અને ધારણા છે. ભગવદગીતામાં શ્રીકૃષ્ણ કહે છે, કે "જેઓ પોતાના સઘલાં કામો **મનેજ** અર્પણ કરે છે, અને **મારા** મેલાપમાંજ સઉથી ઉંચ નેમ સમજીને, **મારા** ઉપર પોતાનું મન ચોંટાડીને, ભકતીભાવથી મારી ઉપર મનન કરે છે, તેઓને આ દુન્યાના દરીઆવમાંથી, હું વગર ઢીલે છોડવું છું. તારૂં મન (મનસ) ફકત **મારા** ઉપરજ લગાડ; વળી તારી સમજશકતી (બુધ્ધી) **મારે** સ્વાધીન સોંપ; **મારામાંજ** ફકત હવેથી તારે બેશક વસવું જો ઇએ ...... નેકી જે અમરગી તરફ લઇ જાય છે અને જે મેં તને જાહેર કીધી છે, તેનો આસરો લેનારા મજબુત યકીનવાળા ભકતો, જેઓ **મારાજ** સમાગમને સર્વથી ઉંચ નેમ ત રીકે ગણે છે, તેવાઓ **મને સર્વથી વધુ વહાલા છે.**" (પ્રકરણ ૧૨, (૬,૭,૮, અને ૨૦)).

૧૧. ઓ અહુર હું તુને પુછુંછું, તેનો જવાબ બેશક આપજે. તારો ધર્મ જેમને બશારત મારફતે ખુલ્લો કરવામાં આવશે, તેમના ઉપર (સ્પેન્ત)આરમઇતીની શું અસર થશે? તું તેનાથી (તેના નીપજતાં પરીણામો ઉપરથી) મને સર્વથી સારી રીતે પીછાણી લેછે. બીજા સઘળાંઓ (જેઓ અશોઇ મનવાળો ધર્મ કબુલ રાખતાં નથી), તેમના ઉપર હું અંદરખાનેના ધીકકારથી જોઉં છું.

આરમઇતી. ધર્મ વહીથી શીખાડેલો.

વીવેચન: એક પેગમબરના દરજજાનો ખ્યાલ, જેઓ તેના ફરમાનો પાળે છે, તેમની પ્રતીષ્ટા અને શ્રેષ્ટાઇ ઉપરથી થઇ શકે છે. By their fruits, ye shall know them. ફળ ઉપરથી જણાય છે કે ઝાડની કીંમત કેટલી છે. તે સર્વશકતીમાન સાહેબ તરફથી જે પેગમબરને, તેના બચાંઓને મદદ કરવાનું કામ સોંપવામાં આવયું હોય, તેનું તોલ તેની સેવાના ભલાં પરીણામો ઉપર થીજ કરવામાં આવે છે. જરથુશ્ત્ર ઇનસાફના આ ધોરણને કબુલ રાખે છે. તે ઉમેરે છે, કે જેઓના હોઠ આગળ ધર્મના અમૃત રસનો પયાલો હોવા છતાં, દીલાસા અને સુખ માટે જેઓ અહેરમનના નખરાંઓથી લલચાઇ જાય છે, તેઓ તરફ અંદરખાનેની નાપસંદગીથી જોવાની તેને ફરજ પડે છે. એકવાર સારૂં શું છે, તે વીષેની સમજ ધરાવવા પછી, દુષ્ટતા વાપરવાની હઠ બતાવવી, ફકત તેજ ધીકકારવા જોગ દુર્ગુણ છે. ઇનસાનીયતની નબળાઈ અને અજ્ઞાનપણાને લીધે, જેઓ અનીષ્ટ, અધર્મના રોહમાં ઘસડાય છે, તેમની તો આપણે દયા ખાઇશું.

પણ જાણી જોઇને અધમ કરમો તરફ પસંદગી બતાવવી, એ તેથી તદન જુદીજ વાત છે. રોશની મલવા પછી, તેમ કરવું, તે સેતાનની પસંદગી કરવા સમાન લેખ્યે છીએ. સત્તા અને ઈંદ્રીઓ ઉપર મજબુત કાબુ હોવા છતાં, દુનયાના ભલા માટે નીરમાણ થયેલી દીશાની બરોબર વીરૂધ પોતાની શકતી વાપરનાર તે રીત અખત્યાર કરે છે. તે એક ભયભીત વામ માર્ગનો જાદુગર લેખાય છે. પોતાના બળની ગરૂરીમાં અથવા પોતાને, કે પોતાના ધીક્કારને જાહેરાત આપવા માટે, જગતમાં તે ખરાબી અને ગંદવાડ ફેલાવે છે. જયારે વખત આવવે સઘળી જીવતી જાગતી હસ્તીઓના, એવા કટ્ટા વેરીનું, જોર નકકી ખુટી જાય છે, ત્યારે તેને જે સંકટો વેઠવાં પડે છે, તેની સાથ સરખાવતાં, સેતાન તરફથી માણસજાત ઉપર વરસાવાતી અસહય વેદનાઓ, ઘણી નજીવી જણાય છે. આવા માણસ તરફ જરથુશત્ર ભીતરની નાપસંદગીથી જુએ એ તદન કુદરતી છે.

તોપણ આપણે એવું ન માનવું જોઇએ, કે જરથુશત્ર સ્પેન્તામઇન્યુશનો પવીત્ર લડવઇયો, આવા સીધા માણસનું પણ કદી બુરૂં ઇચછે. તેનું કામ જે પ્રાણીઓ અને હસ્તીઓ કમનસીબે આંધળી બનેલી હોઇને, એવાં દુષ્ટ કર્મો કરવામાં સપડાય, તેમની સામે નહીં, પણ અપવીત્રાઇ સામે યુધ્ધ મચાવવાનું છે. સ્પેંન્તામઇનયુશ, કોઈનેપણ બાતલ કરવા વીનાં, જગતનાં સઘલાં પ્રાણીઓને સુખી કરવા તથા તેમનું રક્ષણ કરવા માંગે છે. તેનું કામ દુષ્ટ અધર્મને હરાવવાનું, અને એમ કરીને તેની પોતાની સામે લડવાની મેહેનતનુ નીર્થકપણું દેખાડી આપવાનું છે. તેથી ગમે એવાં અધમ પાપોની જાળમાં વીંટલાયલા આદમીને પણ, અહુરમજદના ભલા કાયદાઓ, કે જે કોઇએ તોડયા નથી અથવા તોડી શકતું નથી, તેમની સાથે એકતાન થવાની અચલ જરૂરીઆત તરફ, ભુલને પાત્ર માનવીને, તે બીદાર કરે છે.

૧૨. ઓ અહુર, મારા સવાલના જવાબમાં મને રાસ્ત કહે. હું જેઓ સાથ વાત કરૂં છું તેઓમાં ખરૂં કોણ છે, અને દુષ્ટ કોણ છે? અંગ્રેમઇન્યુશ કોણને મદદ આપે છે? તેઓમાંનો કોણ અંગ્રેમઇન્યુશ જેવો પોતે છે, જે મારી હાજરીમાં તારી બદગોઇ કરે, અને તારા આશીરવાદો માટે બુરૂં બોલે? તે અંગ્રેમઈનયુશનો બેશી કેમ ન ગણાય?

દુષ્ટ લોકો.
અંગ્રેમઇન્યુશ.
નીંદાખોર.

વીવેચનઃ જેઓ સચ્ચાઇની શોધમાં ફરનારા તરીકે પોતાને જાહેર કરે છે, તેઓએ પોતાને માથે સખ્ખત ફરજો ઉઠાવેલી છે. એક પાકા, અનુભવી ગુરૂ તરફના શીક્ષણો મેળવવાને તથા રોશની અને પ્રકાશનો પ્રવાહ પ્રાપ્ત કરવા સારૂં, લાયક થવા માટે જરૂરજોગ સાધનો, તે શોધકોએ પુરાં પાડવાં જોઇએ. તે સાધનોમાનું ઘણુંજ અગત્યનું એક એ છે, કે બહારની દેખાતી જગતની રચના અને ખુબી ઉપર ગંભીર મનન કરવું જોઇએ, કે જે તે ભલા કાયદાના આપનારના બળને વીષે, આપણા મનમાં ઘણુંજ માન ઉપજાવે છે. આજના વખતમાં, ઉપરટપકેનું જ્ઞાન ધરાવનારાઓ, સાધારણ રીતે, બેધયાનપણામાં, ઉતાવળે બોલાયલી ઇશ્વર નીંદાઓને, જરા પણ વીચારવા યા તકરાર કરવા વીના, ખરી તરીકે માની લે છે. તેથી કરીને કમવીચાર શકતીવાળા અને બીનઠરેલ મગજના લોકોને, મગરૂરી તથા ઉછાછલાપણાનો ભયંકર ઉડતો ચેપ વળગે છે. વળી પરમેશ્વર માટે એવા તદન ગલત, વીપરીત, અને ખોટા ખ્યાલો ધરાવવાનો ગુનાહ જે શખ્સ કરે છે, તે ધર્મની પવીત્ર વાએજો સાંભળવાને બીલકુલ નાલાયક ઠરે છે. તેના ખોટા દાખલાને જરથુશત્ર એટલો તો દુષ્ટ ધારે છે, કે તેને ખુદ અંગ્રેમઇનયુશ સાથે ઘાડાં સગપણ ધરાવનારા તરીકે જરથુશત્ર સાહેબ લેખે છે. ઈરાની પેગંબરના આ ગંભીર બોલો છે, કે જે ધર્મને તુચ્છકારી, તેની તરેહવાર રીતે ખરી નેમ ઉંધી વાળીને હસી અને ઠેકડી કરનારા છે, તેઓએ બરાબર ગોખવા જોઇએ. ખાલી જીભથી વાએજો આપવા માટે ધર્મ નથી. પણ તે એક શાસ્ત્ર છે,

કે જે "અંદરખાનેની તેમજ બહારની જગતનો ભેદ" સમજાવે છે, અને જે એક ચેલાને બેહેસ્તના રાજય તરફ દોરવી લઇ જાય છે, તથા જે, જયારે પણ તેના પગો દુન્યાઇ વીષયો તથા સંકટો અને ભુલોના ખડકો ઉપર ચીરાઇ જાય છે, અને તેના હાથો તે વીષયની જાળમાં ફસાવનારની સાથની લડાઇમાં લોહીલુવા ન થાય છે, ત્યારે ખરેખર ધીરજ તથા દીલાસો આપે છે.

૧૩. એ અહુર, હું જે તુને પુછું છું, તે બાબે મને ચોકકસ કહે. કેવી રીતે હમો ખોટારાંને, તેમજ જેઓ ધર્મના ફરમાનો ઉપર ધ્યાન નથી આપતા તેમને, તથા જેઓ નેકીના રસ્તાપર ચાલવા ખુશી નથી તેઓને, તથા જેઓ નીતીના સુધારાથી ખુશી નથી થતા તેમને, હમારી પાસેથી હાંકી કાઢીએ ?

વીવેચન : અત્રે ઘણાક દુર્ગુણો વીષે ઇશારો આવયો છે.

જુઠાણું. અધર્મ. બદી. અનીતી. તેઓમાંનો એક પાપી સંગત છે. પાપીઓ વીશે એક લેખક કહે છે કે, "ખ્રીસ્તી ચાલચલણ સંપુર્ણ રીતે ગ્રહણ કરવાને ઘણો લાંબો વખત લાગે છે. પણ એક જીંદગીની પાયમાલી કરતાં ઘણો થોડો વખત લાગે છે. હુનરમંદીનું સુંદરમાં સુંદર કાર્ય, જે વરસોની મેહેનતનું હશે, તેનો એકજ ફટકે તમો નાશ કરી શકશો." હલકી સોબતમાં ફકત થોડીક રાત ગુજારવાથી હમેશને માટે પાયમાલી, કલંક તથા નુકશાન લાગે છે, તથા થાય છે.

આ ફકરામાં 'જુઠાણા'ને, જે જોઇએ તેજ જગાએ, એટલે સઘળા દુર્ગુણોને મથાળે, મુકવામાં આવયો છે. તે દુર્ગુણો ધર્મીષ્ટ જીંદગીની આડે આવે છે. શું દગા, ઢોંગ, અને નીષ્ફળતાનું મુળ જુઠાઇ નથી? અહુરમજદ યસ્તમાં એવું કહેલું છે, કે તે સાહેબ ઠગાઇ ન શકાય એવો અને સર્વજ્ઞાની છે. ખરેખર, ત્યારે તો દરેક જુઠાણા તરફ તેને તીરસ્કાર ઉપજવોજ જોઇએ. ઢોંગ ધર્મનો કટો મુદઇ છે. જીંદગી માટેનાં આ ઉતમ શાસ્ત્ર ઉપર તે નામોશી લાવે છે, અને લોકોના દીલમાં તથા ભેજામાં ધર્મને માટે જે માન હોય છે, તેનો તે નાશ કરે છે. ધર્મને નહીં માનનારાઓની સાધારણ તકરાર આ છે, કે "જુઓ તમારા સફેદ મોબેદો, નીર્દોષ દેખાવવાળા ધર્મના સ્થંભો, અને જુઓ તેમની અધર્મી, વીપરીત રીતભાત! અહુરમજદ તરફ જાહેર રીતે ભકતીભાવમાં ગુજારેલી આખી જીંદગી, જો તેમને અશોઇમાં વધુ ચઢીઆતા બનાવવાને બદલે, વધુ હલકી પાયરીએ ઉતારી પાડતી હોય, તો પછી ધર્મ ખાલી ધતીંગ હોવો જોઈએ!" છાલકાપણું આ પ્રમાણેની દલીલ રજુ કરે છે, અને તોપણ સાધારણ લોકો માટે 'હાર' બોલમાં અજબ બળ સમાયલું છે. એક અસાધારણ પ્રાક્રમ, માણસજાતનો સઘળો વેહેમ તેમજ તર્કશકતી, સપાટામાં ખુંચવી લઇ શકે છે. બીજા હાથ ઉપર, ખાલી ઢોંગીઓની ફતેહની ગેરહાજરીથી, ફતેહને માટેના નીરમાણ કરેલા ઉપાયોની અસર વીષેના યકીનને ડામાડોલ બનાવે છે. હાલના વખતના મોબેદોને જયારે આત્મીક શકતીમાં ફતેહ મળી શકતી નથી, ત્યારે એવું અનુમાન ઉભું કરવામાં આવે છે, કે તેમાં મોબેદોની બીનલાયકાતનો કસુર નથી, પણ તે શકતીને માટેનો દાવોજ ખોટો છે. અલબત સતયની શોધ માટેની તીવ્ર ઇચ્છાજ, ધર્મની પાછળ ઉભી રહેલી જાથુકની શકતીઓને ખુલ્લી કરે છે. પણ તેવી મહત્વેચ્છા સઘળાં, દુન્યવી અફડાતફડી કરતાં માનવીઓ, ધરાવી શકે નહીં. જુઠાઈ, મરણ, અને દુઃખ એ સેતાનની ઓલાદના છે. "અને જેઓ ધર્મના ફરમાનો તરફ ધયાન આપતા નથી" અને અષોઇને રૂખસદ આપી દે છે, તેવાઓની સંખયા જબરી મોટી છે. તેમ છતાં પણ તેઓ ગુહય બોદાની સચ્ચાઇ સંબંધી પોતાનીજ ખાત્રી કરવા માંગે છે. વળી તેઓ બેલગામ, અને બીનકેળવાયલાં, અંતકરણને લીધે, પોતાના ભાઈબંધો જેઓમાં પણ ખુદાઇ અંશ છે, તેમની તરફ ધીક્કાર બતાવી, તેમને નુકસાન કરે છે. આપણે તેમને કહીશું, કે એવું ડહાપણ

અને જ્ઞાન મેળવવાને માટે તેઓએ જે કીમત આપવાની છે તે એ છે, કે મોહનો કાળો પડદો કે જે આપણ દરેકને અકેકથી તેમજ પરમેશ્વરથી, જુદાં પાડે છે, તેનો ભોગ આપવો જોઈએ છે. ભલો અહુરમજદ ફકત એટલુંજ માંગે છે, કે તેનો હુકમ કોઇ જાણીબુજીને અથવા અનજાણ પણે તોડવામાં આવે નહીં. જેઓ નમ્રતાથી તેના કાયદાને આધીન થઇને ચાલે છે તેમને તે દાદાર છુટથી અને ખુલ્લી રીતે, આવીને મલે છે. આપણા અંતકરણો આરસીની માફક છે, જેની અંદર તે કીરદીગારને આપણે જોવાને શકતીવાન બની શકયે છીએ. પણ તે આરસીના કાચ ઉપર મેલા રંગોનું તથા કાદવનું પડ ફરી વળેલું હોય છે, અને ચીકટ રીતે બાઝી ગયલું હોય છે. તે કાચ સાફ કરશું, તો ફરી પાછા આપણા બનાવનારનો પડછાયો તેમાં જોઇશું. જયારે માર્ગને ધર્મના પ્રકાશીત કીરણોથી રોશન કરવામાં આવે છે, ત્યારે તે ઘણો સરળ બને છે અને અચુક જણાય છે.

ભગવદગીતામાં શ્રીકૃષ્ણ કમનસીબ પાપીઓને આ પ્રમાણે ચીતારે છે," આવાં માણસો ઘણાંજ તુમાખી, જકકી અને મગરૂરીથી ભરપુર થઇ ગયલાં હોવાને લીધે, તથા તેઓનાં મગજમાં દ્રવ્યની ધુંઇ ચઢેલી હોવાથી, ફકત નામના યજ્ઞો અને હોમો કરે છે, કે જે ખાલી ઢોંગી દેખાવને ખાતર તેઓ કરે છે, અને ખરેખરા ધર્મના કાયદા પ્રમાણે કરતા નથી. આવા લોકો જેઓ અભીમાન, સત્તા, ગરૂરી, હવસો અને ગુસ્સાથી ભરેલા છે, તેઓ મને પોતાના શરીરમાં તેમજ બીજાં શરીરોમાં (જે સર્વેમાં હું વસું છું તેમાં) ધીકકારે છે. આવા મારા ઘાતકી ધીકકારનારાઓ, આવા માણસજાતમાં અતી દુષ્ટ અધમ લોકોને હું પીશાચની યોનીમાં વારંવાર ઢકેલુંછું (કે જેથી બીજે જનમે તેઓ પીશાચનો અવતાર લે છે). ...'વેદ'[1] ના નીયમોને જે તજે છે, તે ઇચ્છાશકતીના અને રજસના જુસ્સાથી કામ કરે છે. આવો માણસ કદીપણ સંપુર્ણતા, સુખ, અથવા ઉંચમાં ઉંચ ને મને પુગી શકતો નથી......(તેટલા માટે) 'વેદ'ના કાનુનો શું છે, તે પહેલાં જાણી લઇને, આ દુનીયામા કાર્ય કરવાની તમારી ફરજ છે." (પ્રકરણ ૧૬, (૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪)).

વળી ખ્રાસ્તી પેગમ્બર, જેઓ પણ ખોદાનો પેગામ સ્વીકારશે નહીં, તેમને માટે જે સજા ઠેરવી છે, તે પોતાના ચેલાઓને આ બોલોમાં શીખાડે છે. "અને જયારે કોઇ પણ પ્રજા તમારો ઉપદેશ સાંભળે નહીં, અને તમને આવકાર દે નહીં, ત્યારે તેમના ગામની ધુળ તમે ખખેરી નાખજો, (એટલે તેમને વીસારી મુકજો). ખચીત તમને હું જાહેર કરૂં છું, કે એવા ગામની વલે 'સોડોમ' અને 'ગોમોરહા' (જે શેહેરો સ્ત્રીપુરૂષનો હદ બાહાર, અકુદરતી અનીતીનો વેહવાર માટે જાણીતાં હતાં, તેઓ)ના કરતાં બદતર થશે."

"જેઓ નીતીનો સુધારો થયેલો જોવાને ખુશી નથી" તેમનો હેતુ પોતાનીજ ઇંદ્રીઓની રમત કરવાનો છે. સ્વચ્છ નીતીના કાયદાઓ અમલમાં મુકાયલા જોવાને, કોઈબી નીતીવાન માણસ ખુશી થયા વીના રહેતો નથી. અષોઇના ફેલાવાથી દુષ્ટ લોકોના કામોમાં ખલલ થાય છે, તથા તે કામો કોતાહ થાય છે. માટે સંરક્ષણના નીયમને આધારે તેઓ અષોઇને ધીકકારે છે. હાલના વખતમાં જયારે સાધારણ રીતે બોલતાં, નીતીનો કાયદો પડતી દશામાં આવ્યો છે, ત્યારે તો ધર્મની ઉંચ નેમો લોકોના હઇયાંમાં સજીવન કરીને, ગુંચવાડાભર્યા મામલાને ખુલ્લો કરવાની સઘલી પ્રયતનો સામે, આડકત્રી રીતે ચતુરાઇથી મજબુત વીરૂધતા બતાવવામાં આવે છે. બેશક અનાત્મવાદી પશ્ચીમમાં પણ, એક મોટો વર્ગ એવો છે, કે જે પુરાણા ધર્મો તરફનો વગર કારણનો અભાવ અને તેમની થતી હાંસી, જેથી ઉમદા જીંદગી ગુજારનારા ભલાં મનના લોકોને, હલકા જીવનમાં ઉતારી પાડવાની તજવીજ થાય છે, તે તરફ તીરસ્કાર દેખાડે છે. બીજાઓનાજ વીચારો અને મતો આપણા વાંચક વર્ગના મોટે ભાગે બજાનો થયો છે. તેથી કરીને એવું બને

---

૧. હિન્દુઓની સર્વથી પુરાણી અને પુજ્ય ધર્મ પોથીઓ.

છે, કે એવા થોડાક લોકો જેઓ પોતાના ભાઇબંધો ઉપર કોઈક જાતની રાજદ્દવારી, સંસારી, શાસ્ત્ર સંબંધી અથવા વીદ્યા સંબંધી સત્તા ધરાવે છે, તેમની સડેલી નીતીથી, જાહેર પ્રજાની નીતીનું નખોદ વળે છે. દુષ્ટતા પવન વેગે રસ્તો કાપે છે, અને ધર્મના ઉપદેશની ગેરહાજરીને લીધે, અટકાવ વીના, અંતઃકરણના પવીત્ર ધામમાં, તે જે નાશ ફેલાવે છે, તે આજે આંધળો પણ દેખી શકે છે. હવે ગાથાનો ઉપલો ફકરો જેઓ જુઠાઈ, ધર્મના ફરમાનો તરફ બેદરકારી, તેમજ બદીને ઉતેજન આપી નીતીના કાયદાનું ઉલંઘન કરે છે, તેમને ધર્મ ઉપરના સઘળા ટીકા અને તુકતેચીનીથી પરહેઝ રહેવાની ખુલ્લી ચેતવણી આપે છે. એવી બદીઓમાં ગીરફતાર લોક ધર્મનાં દુશમનો છે. જયાંસુધી ધર્મના ફરમાનો તેઓ પાળશે નહીં, ત્યાંસુધી રોશનીથી દુર નાસનારાં, રાતના ઘુવડની માફક, ધર્મના સુર્યના પ્રકાશ તરફ જોવાને તેઓ અશકત રહેશે.

૧૪. ઓ અહુર, હું જે તારી પાસેથી જાણવા માંગું છું, તેનો તું મને બરાબર ખુલાસો કર. હું જુઠાઇને સચ્ચાઇના હાથમાં કેમ સોંપી શકીશ? ઓ અહુર, તારાં મંત્રોના ભેદી ચમતકારની મદદથી, ખોટારાંનો નાશ કરવાને ખાતર અને નાસ્તીક લોકોના કાવાદાવા તથા કાવત્રાં અટકાવવાને, તથા તેમની પાયમાલી કરવાને ખાતર, સત્યતાને હું ખોટારૂં શી રીતે શરણ કરૂં, તે તું મને દેખાડ!

વીવેચનઃ સવાલમાં જવાબ સમાયલોજ છે.

જુઠાઇ. ભેદી મંત્રો.

માથ્રવાનીના ભેદી મંત્રોની અસરથી અસત્યતા ઉપર જીત મેળવી શકાય છે. અત્રે ખુલ્લા બોલોમાં કબુલ કરવામાં આવયું છે, કે આ કલામો બીજા કોઇ પાસેથી નહીં, પણ અહુરની પોતાની પાસેથી મળેલા છે. જરથોસ્ત પોતે કબુલ કરે છે. કે અહુરની પાસેથી મોટા માંથરો **ઇશ્વરપ્રેરીત જ્ઞાન** થી તે શીખયો હતો. એ બાબત ના પાડવી એ ખાલી બક,બક સમાન છે. જો દુષ્ટતાનું જોર તોડવાની અને તેની દાવપેચ વાળી ફસાવનારી યુકતીઓને ઉંધી વાળનારી, માથરોની ભેદી શકતીઓ જાળવી રાખવી હોય, તો એ કલામોનો અંગ્રેજી અથવા બીજી ભાશામાં તરજુમો થઇ શકે એમ નથી. તે શકતી તેમના અર્થમાં એકલામાંજ નહિં પણ તેમનાથી નીપજતી ખાસ ધ્રુજનીઓમાં છે. તે અસરો, તદન જુદાજ પ્રકારની છે, કે જેમને આપણા હાલના વખતનાં કેળવાયલાં મગજો પહોંચી વળવાને અશકત છે. કુદરતમાં છુપી શકતીઓ છે, જે તેની ઉપર રાજયકર્તાની તાબેદારી કરે છે. અવાજનું મહાન બળ તે દાદાર જાણે છે, અને પાપી કર્મોના દગાબાજ હુમલાઓ સામે, ભલાંના રક્ષણ અર્થે, તે બળમાંનો થોડોક ભાગ, આપણી આગળ "માથ્રો"ના રૂપમાં તે સાહેબે દયાથી ધર્યો છે. આપણા માન પામેલા પેગંબર, જેમની તરફ કરોડો લોકોએ પુજયભાવ દેખાડયો છે, તેમના કરતાં પણ જો આપણે પોતાને વધુ ડહાપણવાળા ગણતા હોઇએ, તો જેમ હાલનું છાલકાપણું કરે છે, તે માફક એવા જુના પુરાના, અર્થ વગરના બબડાટમાં આપણે કાંઇક સુધારો કરવાની કોશેષ કરીએ ખરા. આ **અહુરમજદના ભાષામાં લખાયલી વાણી**, સઘળા નીચ તેમજ ઉંચ પ્રાણીઓ તરફ ફરમાવામાં આવેલી આજ્ઞા છે.

ધ્રુજનીઓથી ઘણાજ જબરદસ્ત પરીણામો નીપજવા પામે છે. ખરૂં જોતાં રોશની, અંગાર, આકર્ષણ શકતી, વીજળીક પ્રવાહ, અને હૃદયના ધપકારાઓ ધ્રુજનીઓજ છે, અને આપણી જગતમાં જે સઘળું છે, તે ધ્રુજનીઓ ઉપરજ રચાયું છે. તો ચોકકસ ધ્રુજનીઓ જે આપણી ઇંદ્રીઓ ઉપર અસર કરી, તેમને દુષ્ટતાના આકારના રૂપમાં રજુ કરે છે, તેઓની સામે, બીજી ધ્રુજનીઓ માથરોના આકારમાં કામ કરી, તેમના જોરને નરમ કરતી હોય, અથવા તોડી નાંખતી હોય, તો તેમાં શું અજબ થવા જેવું છે? વળી જો સારી જગત ધ્રુજનીઓ ઉપર રચાયલી હોય, કે જે આજનું જડવાદી શાસ્ત્ર પણ કબુલ કરે છે, તો માથ્રવાણીની ધ્રુજનીઓ, હવામાં જે ઈથર અને તેથી પણ વધુ બારીક તથા સુક્ષમ પ્રવાહો છે, જે હાલના સાયન્સને હજીસુધી જણાયલા પણ નથી, તેમની મારફતે કોઇ

પણ બનાવ જે બને છે, અથવા ભવીષમાં બનવાનો હોય, તેની ઉપર અસર કરવાની અને તેને કાબુમાં રાખવાની શકતી ધરાવે છે, એ સીધ્ધાંત સેહેલાઇથી સમજી શકાશે.

૧૫. ઓ અહુર તું આ (સૃષ્ટિ) ની અંદર, એક હુશ્યાર રક્ષક તરીકે રાજય કરે છે. તેટલા માટે હું તને પુછુંછું. અને તેનો બરાબર જવાબ આપજે; એટલે કે, જયારે બે લશકરો ગુપચુપ એકમેકની સામે થાય છે, ત્યારે ઓ અહુર! તારા **નીમેલા** કાયદા **પ્રમાણે**, એ બેમાંથી કોણ જીત મેળવશે અને તે કેવી રીતે મેળવશે?

અંદરના બે લશકરોની એકમેક સાથની ઝપાઝપી.

વીવેચનઃ નીચ અને ઉંચ ભાન વચ્ચેની ચાલુ લડાઇ, જે જો કે બહારથી નજરે પડતી નથી, પણ માણસનાભાનમાં તો ઘણી જોરમાં મચી રહી છે, તે વીષે ઈસારો કરવામાં આવયો છે. એ લડાઇ દુર કરી શકાય એવી નથી, અને માનસાઇ ખવાસના અંતરભાનમાં વસ્તાં કારણોથી, તે ગુપચુપ આપોઆપ, ઉભી થયા કરે છે. અહુરમજદે નેકીને માટે છેવટની ફતેહ નીર્માણ કરી છે, એવું ગાથાઓ જાહેર કરે છે. એ કેવી રીતે મેળવવામાં આવે છે, તે ગાથાઓમાં વીગતવારે દરશાવવામાં આવયું છે. પણ જુદાં જુદાં ભુવનો ઉપર ચાલતી ઝપાઝપીની બારીક વીગતો, કમનસીબે આપણને મળી શકતી નથી. તેનું કારણ એ છે, કે સીકંદર કે જેને 'મહાન' સીકંદરનું ખોટું નામ આપવામાં આવયું હતું, પણ જેનું યોગ્ય નામ તો 'હેવાન'નું આપી શકાય, તેણે અવસ્તા સાહીત્યનો નાશ કરવાની જંગલી રૂઢી અખત્યાર કરવાથી, ડહાપણથી ભરેલાં મહાપ્રતાપી ઇરાની સાહીત્યના ભંડારને, આગે તારાજ કર્યો છે.

તોપણ એટલું તો તુરત કબુલ કરવું દરસ્ત છે, કે સન્તા માટે બે હરીફો, માણસના અંતકરણમાં પીખાપીખ કરી, તેને તોડી ચીરી નાખે છે, અને તે મનામાનાં એકને, જોર જબરીથી પણ બહાર હઠાવી કાઢવોજ જોઇએ. દુર્ગુણ માટે કેહેવું, કે તે 'કુદરતી' છે, અને તેનો અટકાવ ન કરતાં તેની ઇચ્છા મુજબ ચાલવું, એ તેને ઉતેજન આપવા બરોબર છે.

"મધુર પ્રીયબન્ધુ, તું બીદાર થા અને નબળાં મનનો, વીષય બુધ્ધીનો કામદેવ, તારા ગળામાંથી પોતાનું ઇંશકબાજીભર્યું આલીંગન છુટું કરશે, અને જેમ એક સીંહની યાળ ઉપરથી, દવનું ટીપું સહવારમાં ખંખેરાઈ જાય છે, તે મીસાલ તે હવામાં ઉડી જશે."

"એમ ના માનશો, કે વીષયવાસ્નાને તૃપ્ત કરવાથી અથવાતો તેને સંતોષ આપવાથી તે મારી કાઢી શકાશે. કારણકે એવો વીચાર, તો દુષ્ટ અહેરેમન તરફની ધીકકારભરી ઉશકેરણી છે. દુર્ગુણને પોષણ કરી પુષ્ટી આપવાથી તો, જેમ ફુલને અંદરથી કોતરી ખાઇને એક કીડો પોખાય છે, તે માફક તે વધુ ખીલે છે, અને મજબુત થાય છે."

૧૬. ઓ અહુર, હું તને પુછુંછું, અને મને તું વાજબી રીતે જવાબ આપજે. તારા **બોલો જે અમારૂં રક્ષણ કરવાની શકતી ધરાવે છે**, તેમની મારફતે દુશમનને મારનાર કોણ છે? બંને જીંદગીને માટે એક ડહાપણવાળો સરદાર તું મને જાહેર રીતે બતાવ. જેને તું ચાહે છે, તેની પાસે (ઇશ્વરોકત શાસ્ત્ર પ્રસીધ કરનાર અને ખુદાઈ પેગામ લાવનાર) સરોશ, બેહમનની સાથે (અથવા બેહમનની મારફતે) જાય છે.

પ્રતાપી બોલો. શીક્ષક. સરોશ અને બેહમન.

વીવેચનઃ આ શ્લોકના દરેક બોલમ ગુપ્ત ભેદ દેખાય છે. પેહેલું તો **અહુરને પોતાને** સવાલ કરવામાં આવે છે. બીજું, તેના જવાબના બોલો અહુરનાજ છે, એમ ખાત્રીથી કેહેવામાં આવે છે. ત્રીજું, જેઓ તે બોલો બોલે છે, તેઓનો તે બોલોના જોર વડે બચાવ થાય છે, એવું ખુલ્લું સાબેત કરવામાં આવ્યું છે. ચોથું, એક ગુરૂ અથવા **શીક્ષક** માટે ઇશારો કરવામાં આવ્યો છે, કે જેની આતુરતાથી વાટ જોવામાં આવે છે, કે જે હાલની તેમજ આવતી, એ

બંને જીંદગી માટેનું શીક્ષણ આપે. અલબત આપણે એટલું તો કબુલવુંજ જોઇશે, કે જો આપણુ દરેકને સારૂ એક ગુરૂ હયાતી ભોગવતો ન હોય, અને સઘળા જમાનાઓમાં આપણને તારવા તઇયાર ન હોય, તો તેને વીષે કોઈપણ ઇશારો પવીત્ર ગાથાવાણીમાં થઇ ન શકે. ગુરૂઓ ઘણા હોવા જોઈએ, કારણ કે ઉપલા ફકરામાં એક 'સરદાર' માંગવામાં આવે છે. અને અવસ્તા તથા ગાથાઓ માં સોશીયંતો (તારનાર ગુરૂઓ) વીષે વારંવાર બોલવામાં આવ્યું છે. પાંચમું, અહુર અને તેના ભકત વચેનો સંબંધ, પ્યાર ઉપર રચવામાં આવે છે, જયારે કેટલાક ધર્મો તો ઇશ્વરથી ડરવાની રૂઢી વધારે મજબુતીથી ઠસાવે છે. છઠ્ઠું, જયારે પ્યાર સંપુર્ણ થાય છે, ત્યારે દરેક જરથોસ્તીને અહુરના કાયદા પ્રમાણે, ધાર્મીક પ્રકાશની રોશની મળે છે, એમ આપણી ખાતરી કરવામાં આવે છે. બેહમનની મદદથી સરોશ બશારતી જ્ઞાન આપે છે. બેહમનનો પ્યાર 'મનશની' અથવા મનને અષો બનાવવાથી મેળવી શકાય છે. જ્યારે આપણે પવીત્રાઇને સાંકડે રસ્તે ચાલતા હોઇએ, ત્યારેજ એવી દઇવીક મહેરબાનીઓની આશા રાખવી જોઇએ. દેખીતી ગુપ્ત બાબદ બદલ, આપણા માનવંત ઇરાની રૂષીના બોલો ઉપરથી સંદેહ નથી રહેતો. તેનો કોઈક જડવાદી ખુલાસો આપવો વાજબી ગણાય નહી. 'બેહમન'નો તરજુમો દરેક વેળાએ વગર સમજવે "ભલાં મન" તરીકે ઉપજાવવો, એ આવા ઉન્નતી ઉપર લઇ જનાર ધર્મનો પ્રભાવ, જે અતી પ્રબળ પ્યારની મારફતે, દરેક ચેલાને ખુદાઇ રોશનીનું તાજ આપવાની હીંમતથી કબુલાત આપે છે, તેને ઘણું ખોટું લગાડનાર બીના છે.

ક્રાઇસ્ટે પ્યારની બરોબર સમજણ આપી છે, અને એ કાયદાઓ માંહેલા સર્વોતમ કાયદાની તે વારંવાર યાદ આપે છે. શ્રીકૃષ્ણનો બીંદરાબનની ઓરતો માટેનો અલંકારીક પ્યાર, સઘળી જાતના જીવડાઓ તરફ ખુદાઇ પ્યારના આકર્ષણનું ચીત્ર રજુ કરે છે. શ્રીકૃષ્ણ કહે છે, કે દરેક અંતકરણના ઉંડાણમાં અચળ અને નહીં ફેરવાય એવો ઇશ્વર વસે છે. એ તેજ ધરાવનારાં પ્રાણીઓ, જેઓ આપણા પ્રેમી પીતાના સ્વરૂપો છે, તેમને જો આપણે ન ચાહીએ, તો તે સાહેબ જે અનદીઠ છે, તેને આપણે કેવી રીતે ચાહી શકશું ? જો આપણે તેના સઘળાંજ પ્રાણીઓને અપવાદવીના નહીં ચાહીએ, તો આપણો પ્યાર ખામીવાળો કહેવાય. વળી તેમ કરતાં તો તે સાહેબના એક ભાગને આપણે ધીકકારીએ છીએ. એક જીવતાં પ્રાણીને દુ:ખ દેવું, એ તેને ચાહવાને બદલે ધીકકારવા બરોબર છે. એવાં એક પ્રાણીને જીવથી મારી નાંખવું, એ ધીકકારને ખરાબમાં ખરાબ આકારમાં રજુ કરવા સમાન છે. ત્યારે આપણે શું કરવું, પ્યાર બતાવવો કે ધીકકાર દેખાડવો? પરીણામની દરકાર કરવા વગર, લોકો તો એ બંને દેખાડે છે. ઇશ્વરની ભકતીમાં લીન થયલો એક ચેલો, દાદગરના સર્વોપરી કાયદાને ચીવટાઇથી વળગી રહે છે, અને જયારે જમણા ગાલ ઉપર તમાચો લાગે છે, ત્યારે ડાબો ગાલ તઇયાર કરી આગળ ધરે છે. અને તે વીશ્વાસથી માને છે, કે સઘળી ચીજો, અને નાનાં નાનાં કષ્ટો તથા સંકટો, વહી જશે, પણ અહુરનો બોલ જેથી પ્યારનો કાયદો પ્રસીધ થયલો છે, તથા જે સઘલી વીરૂધ્ધતાને આપોઆપ દાબી દેવાની શકતી ધરાવે છે, તે હંમેશગી સુધી કાયમ રહેશે, અને તેને રોશની અને યારી આપશે.

૧૭. ઓ અહુર, હું તુંને પુછુંછું, તે મને બરાબર કહેજે. તારો પ્યાર હું કેવી રીતે મેળવી શકીશ ? કેવી રીતે હું તારી સંપુર્ણતાને પહોંચું, કે જેથી કરીને મારો બોલ (વચન, હમેશ) પાર ઉતરે ? આ માથ્ર કે જે અષોઇની મદદથી એક બેમીસાલ મતા ગણાય છે, તેની મારફતે હું હઉરવતાત અને અમેરેતાતને સરદારો તરીકે મેળવું !

વીવેચનઃ પ્યાર શબ્દનો મુળ જરથોસ્તી વીચાર અહીં ખીલવ્યો છે, અને ખુદાઇ ડહાપણુ તરફ જતો એક ચેલો સીધી રીતે પુછે છે, કે અહુરનો પ્યાર કેવી રીતે જીતી શકાય. અહુર અને તેના ભકતની વચમાં એક પ્રેમી અને તેની પ્રીયા વચેનો સંબંધ હોય છે, જેમાં તફાવતનો ખ્યાલજ રેહેતો નથી. જો એ તફાવત નથી રહેતો એ વીષે સાબેતી જોઇએ તો ઉપલા ફકરાના બીજા સવાલ ઉપરથી તે મલી શકે છે. "તારી સંપુર્ણતાને હું કેવી રીતે પહોંચી શકું," એ બોલો ફકત જે એ ઉત્તમ સાહસ બજાવી શકવાની હાલતમાં હોય, તેનાજ મોંઢામાં મુકી શકાય. ત્યારે શું આખરે એમ સાબેત નથી થતું, કે પ્યારની મારફતે માણસ જાત અહુરને પોહોંચે છે, અને છેવટે તેની સંપુર્ણતા મેળવે છે? એટલે કે શું એમ ન કહી શકીએ, કે તેની અંદર માનવીનો આત્મા છેવટે ગુમ થાય છે?

અહુરનો પ્યાર અને સંપુર્ણતા. માંથ્રની મારફતે મેળવાતા હઉરવતાત અને અમેરેતાત સરદારો.

જાણીતો સુફી શાએર **ફરીદુદ્દીન અત્તાર** પોતાની પ્રસીદ્ધ "મુન્તક ઉત તેર"માં **પ્યાર** (અને ભક્તિ) વીષે નીચે પ્રમાણે ગાએ છે. કયો ભક્ત તેની સાથ એકમત થયા વીના રહેશે?

ગર્ દરીન્ દર્યા હઝારાન્ જાન્ ફેતાદ્
શબનમી દર્ બેહરે બી પાયાન્ ફેતાદ્.
ગર્ બરીખ્ત્ અફલાકો અન્જુમ્ લખ્ત્ લખ્ત્
દર્ જહાન્ કમ્ ગીર્ બર્ગી અઝ્ દીરખ્ત્.

અર્થ: જો આ (ઇશ્વરના) મહાસાગરમાં હઝારો જાન જઇને પડે, તો આખા સમુદ્રમાં માત્ર રાતનો દવ પડવા જેટલો ફરક પડે. જો સઘળાં આકાશો કડકા, કડકા થઇને નીચે વેરાય, તો સૃષ્ટિમાં તેથી એક પાંદડું ઝાડ ઉપરથી ધર્તી ઉપર પડે તેટલીજ અસર થાય છે, (એવી ખુદાની બીકીનાર મહિમા છે.)

મુલ્કે આલમ્ પીશે ઊ મુલ્કી શવદ્,
ફલક્ દર્ બેહરે ઊ ફલ્કી શવદ્.

અર્થ: તેની સાથે સરખાવતાં દુન્યાના રાજયો ઘાસ બરોબર છે, અને આસ્માન તેના (અપાર) સાગરમાં એક કીશ્તી (બોટ) મીસાલ છે.

ચુન્ બજાન દાદન્ બવદ્ ફરમાન્ મરા,
નીમ્ જવ્ અર્ઝદ્ જહાને જાન્ મરા.

અર્થ: જ્યારે (મારા ગુરૂ અથવા ઇશ્વર તરફથી) મારો જીવ આપવાનો હુકમ થાય, ત્યારે દુન્યા ભરીને જાનો પણ મારા હોય, તો મારી સમક્ષ તેમની કીમત અર્ધા જવની બરોબર છે.

ગર્ બખુફતદ્ આશકી જુઝ્ દર્ કફન્,
આશકશ્ ગૂયમ્ વલી બર્ ખીશતન્.

અર્થ: જો (તીવ્ર ઇચ્છાવાળો) આશક (ભક્ત) પોતાના કફન શીવાય બીજે કયાંએ સુવે, (મહાન વીપત્તીઓમાંથી પસાર થવાથી પાછળ હઠે), તો તે પોતાની ઉપરજ આશક થએલો (એકલપેટો અને નાલાયક) ગણાય.

ગૂફત્ મર્દે પાસબાનરા ખાબ્ નીસ્ત,
રૂયે આશકરા બજુઝ્ અશ્ક્ આબ્ નીસ્ત.

અર્થ: તે બોલ્યો કે ચોકીબાન (ભક્ત) ને ઉંઘ (આળસ ઇત્યાદી) ન હોય. આશકના મોઢાંને (ધોવા) માટે આંસુ શીવાય કોઇ પાણી નથી.

પાસબાનરા ખુયે બીખાબી બવદ્,
આશકાનરા રૂયે બીઆબી બવદ્.

અર્થ: ચોકીબાન (ભક્ત) નો ઉંઘ વીના રહેવાનો (insomniac) સ્વભાવ હોય છે. આશકોનો ચેહરો ફીકોજ હોય છે.

પાસબાની કુન બસી દર કૂએ દીલ,
ઝાન્કે દુઝદાનન્દ્ દર્ પેહલુએ દીલ.
હસ્ત્ અઝ દુઝદાન દીલ બગીરફતેહ રાહ,
જૌહરે દીલદાર્ અઝ્ દુઝદાન્ નેગાહ.
ચુન્ તુરા ઇન્ પાસબાની શુદ્ સીફત,
ઇશ્ક્ ઝુદ આયદ્ પદીદો માઅરીફત.
મર્દરા બીશક દરીન દર્યાએ ખુન,
માઅરીફત આયદ ઝ બીખાલી બીરૂન.

અર્થ: હૈયાંના મોહલ્લામાં ચોકી કર, કારણકે જીગરની બાજુમાં ઘણાક લુટા-

રાઓ (હવસો) વસે છે. લુટારાઓએ દીલનો રસ્તો ઘેરી રાખ્યો છે. જીગરના જોહરને પીંઢારાઓથી બચાવી લે. જ્યારે આ જાતની નીજેહબાની (હવસો ઉપર કાબુ) તારા સ્વભાવમાં આવી જશે, ત્યારે પ્યાર (ભક્તિ) અને (બ્રહ્મ) જ્ઞાન તને જલ્દીથી પ્રાપ્ત થશે. ખરેજ એક શૂરા મર્દને આ લોહિના દર્યામાં (સંસારમાં) ઉંધ મુકી દેવાથી (જાગૃતપણે શ્રમ લેવાથી) જ્ઞાન જલ્દીથી મળે છે.

હર્કેરા ઝોકે ઇશ્કે ઊ પદીદ્,
ઝુદ્ યાબદ હરદુ આલમરા કલીદ્.
ગર્ ઝની બાશદ્ શવદ મર્દી શગર્ફ,
વર્ બવદ્ મર્દી, શવદ દર્યાએ ઝર્ફ.

અર્થ: જેને પણ તેના (ખુદાવંદતાલાના) ઇશ્કનો શોખ લાગો, તે બંન્ને જહાનની કુંચી જલ્દીથી મેળવે છે. જો તે ઓરત (જેવો) હશે, તો આબરૂદાર મર્દ બનશે, અને જો મર્દ હશે તો તે ઉંડો દર્યો બનશે.

હર્ નફસ્ ઇન્જા ચુ તીઘી બાશદત્,
હર્ દમી ઇન્જા દરીઘી બાશદત્.

અર્થ: અહિં (આ સંસારમાં) દર દમ તને તલવાર જેવો (તેજ) લાગશે, અને દર શ્વાસે તને આહ અને ઝારી ઉત્પન્ન થશે.

હર્ કસી ગુફતન્દ્ આખીર્ અન્દકી
બાખુદ આઇ ઓ બાઝ ગુ અઝ્ સદ્ યકી
ગુફ્ત્ દરમાન્દે અમ્ ચુન્ મુઝતરી,
કાન હમે મન્ દીદેહ્ અમ્ યા દીગરી.
હીચ્ નશુનીદમ્ ચુ બશુનીદમ્ હમે,
મન્ નદીદમ્ ગરચે મન્ દીદમ્ હમે.
મન્ ન દાનમ્ કાન્ બમસ્તી દીદેહ્અમ,
યા બહુશ્યારી સીફ્ત્ બશુનીદેઅમ.
ન તવાનમ્ ગુફ્ત્ ઓ ન ખામૂશ બૂદ્,
ન મયાને ઇનો આન્ મદહૂશ બૂદ્.
દીદે અમ્ સાહીબ જમાલી કઝ્ કમાલ્,
પએ નબુરદશ હીચ્ કસ્ દર્ હીચ્ હાલ્.
ચીસ્ત પીશે ચેહરએ ઊ આફ્તાબ,
ઝર્રએ વલાહ ઓ અલ્લમ બસ્સવાબ?
મન ચુ ઊરા દીદે ઓ નાદીદે અમ,
દર મયાને આનો ઇન્ શૂરીદેહ્ અમ.

અર્થ: (એક લીન ભકતને) સર્વે કોઇએ કહ્યું કે જરા તો પોતાના ભાનમાં આવ અને ૧૦૦ બાબદોમાની એક પણ જે વીતી તે કેહ. તેણે જવાબ વાળયો કે હું એક હાદેસાના મારેલાની માફક છું, અને જાણતો નથી કે મેં મારી આંખોએ જોયું કે કોઇ બીજાએ દીઠું. જો કે સર્વે સાંભળ્યું તોપણ (જાણે) સાંભળયુંજ નથી (એટલો હેરાન થયો છું), અને સર્વે જોએલું, છતાં જોયું નથી. મને નથી ભાન કે મેં મસ્તી (યોગ) મારફતે તે આંખે આંખ જોયું, કે અક્કલ મારફતે તે (માશુક)ની ખુબી સાંભળી છે. બોલી શકાતું નથી અને મુગું પણ રહેવાતું નથી. હું ગભરાયલો છું. મેં એવી ખુબસુરતીની રાણી જોઇ છે, કે કોઈપણ હાલતમાં કોઇએ તેવી દીઠી ન હશે. તેના ચેહરા સાથે સરખાવતાં ખુરશેદ તો માત્ર એક રજકણ મીસાલ છે. જ્યારે મેં તેને દીઠી છે, અને (જોવાને કેમ લાયક થયો એવું ધારીને ડરૂંછુ કે) નથી દીઠી, ત્યારે હું બીલકુલ વમલમાં પડયો છું.

મુશ્કીલ્ આયદ્ કીસ્સે ઇન્ ધમ્ઝદેહ્,
રૂઝો શબ્ બનીશસ્તેહ્ અમ્ માતમ્ઝદેહ્.
ન મરા માલૂમ્ તા દર્ દર્દે કાર્,
બરકે મીગીર્યમ્ ચુ બારાન્ ઝાર ઝાર્.
ન મન્ આગાહમ્ ચુનીન્ હેરાન્ શુદેહ્,
કઝકે દૂર ઉફ્તાદેહ્ અમ બીજાન્ શુદેહ.
ઇન્ ઝન્ અઝ ચુને મન હજારાન્ કૂઇ બુર્દ્,
ઝાંન્કે અઝ ગુમ ગશ્તએ ખુદ બૂઇ બુર્દ્.
મન્ નબુર્દમ્ બૂયો ઇન્ હસ્રત્ મરા,
ખુન્ બરીખ્ત્ ઓ કુશ્ત દર્ હેરત મરા.
દર્ ચુનીન્ મનઝીલ્ કે શુદ્ દીલ્ નાપદીદ્,
બલ્કે હમ શુદ્ નીઝ્ મનઝીલ્ નાપદીદ્.
રીસ્માને અકલરા સર્ ગુમ્ શુદેસ્ત્,
ખાનએ પીન્દાર્રા દર્ ગુમ્ શુદેસ્ત્.
હરકે ઉ ઇન્જા રસદ્ સર્ ગુમ્ કુનદ્,
ચાર્ હદદે ખીશરા દર્ ગુમ કુનદ્.
ગર્ કસી ઇન્જા રહિ દર્યાફ્તી,
સીરરે કુલ્ દર્ યક નફસ્ બરયાફ્તી.

અર્થ: આ ઘેલા (ભક્ત)નો કીસ્સો અને મુસીબતની કહાની આ ગમ ખુલ્લો કરે છે. રાત અને દીવસ શોકમાં બેઠો છું. મને દુ:ખ થાય છે તો એ માલમ પણ નથી કે હું કોને સારૂં ઝારઝાર રડું છું. હું એટલો ભુલ ભુલામણીમાં છું, કે હું નથી જાણતો કે કોણથી બેજાન થઇને દુર પડયો છું. આ ઔરત (જે પોતાના ઓળખાણવાલા આશકથી દુર થઇ છે તે) મારાથી સરસ છે, કારણ કે તે કોણથી જુદી થઇ છે, તેટલું તો તે બરોબર જાણે છે. મને તો માશુકની ધન નસલ પણ ખબર નથી, જેણે મારૂં ખુન રેડયું અને હેરતથી મુજને મારી નાખ્યો. આટલી મોટી સફરમાં મારૂં દીલ ગુમ થયું, બલ્કે તે સફરનો માર્ગ પણ ગુમ થયો. આ (દૈવીક માર્ગમાં) અકલની લગામ ખોવાઇ ગઇ છે, અને વીચારના ઘરનો દરવાજો ગુમ થયો છે. જે પણ ત્યાં (ઇશ્વરની હોશમાં) પહોંચે છે, તે પોતાનું સર ખોઈ બેસે છે, અને પોતાની ચારે દીશાઓ પણ ભુલી જાય છે અને ગુમાવી દે છે. જો કોઇને આ બાબદમાં (ખરો) માર્ગ જડે, તો એક પલકારામાં તે (ઇશ્વરના) સર્વે ભેદો પીછાણી શકે!

બર્ દરે બસ્તે ચુ બનશીની બસી,
હીચ્ શક્ નબવદ્ કે બોકશાયદ્ કસી.
મર્દેરા ઇન્ન્ન શીકાયત્ શુક્ર શુદ્,
કુફ્ર ઇમાન્ ગસ્ત, ઓ ઇમાન્ કુફ્રશુદ.

અર્થ: ગરજો તે (દાદારના) બંધ દરવાજા આગળ જઇ, જઇને બહુ વખત થોભ્યાજ કરશે, તો બેશક કોઇ તે દરવાજો (કોઇ વખત તો) જરૂર ખોલશે. અહિં (આ ભક્તિના રાજ્યમાં) ફર્યાદ કરવાની શુક્રના જેવી (માનને લાયક) બની છે, અને અધર્મીપણું દીનદારપણું, અને દીનદારપણું બેઇમાની બન્યું, (એટલે માનવી દુન્યવી ધર્મની પણ પેલીમેર ગયો, સન્યાસી બન્યો અને દૈવીક થયો, ત્યારે સર્વે સાધારણ કાયદાઓથી મુક્ત બન્યો).

ચુન દરાયદ્ ઇન ચુનીન્ આતશ્ બજાન્,
કએ ગુઝારદ્ નામો નન્ગમ્ યક્ ઝમાન્.
તા ગીરફ્તારે ચુનીન્ કાર આમદમ,
અઝ્ કુનશ્તો કાબે બીઝાર્ આમદમ્.

અર્થ: જો જાનમાં આ પ્રમાણે આતશ પડયો, તો મારૂં નામ અને મારી શરમ કેમ રહિ શકે? જયારે હું આવાં (ઉંચ ભુવનના પ્યાર અને જ્ઞાનના) કાર્યમાં લપટાયો, ત્યારે (બહારના) દેવલ અને કાબા (મક્કાની મુસલમીન મસજીદ)થી હું કંટાળો પામ્યો.

ઝર્રએ અઝ્ હેરતે ઉકબા મરા,
બેશ અઝ્ સદ્ કૂહ દર દુન્યા મરા.

અર્થ: હવે પછીની જીંદગીના અચંબા (હોશ)ની એક રજકણ, સો પહાડો કરતાં મને વધુ (કીમતી) છે.

એજ કવી ફીક્રો, ફનાની 'ખીણ' વીષે જણાવે છે કે:

ઐને ઇન વાદી ફરામૂશી બવદ્,
ગુન્ગી ઓ કૂરરી ઓ બીહૂશી બવદ્.
હરકે દર્ દર્યાઇ કુલ્ગુમ્ બૂદેહ શુદ્,
દાયમા ગુમ બૂદેહ ઓ આસૂદેહ શુદ્.

અર્થ: આ ખીણનો અરક ભુલી જવામાં સમાયલો છે. વળી તે મુંગાપણા, આંધળાપણાં અને બેહોશીમાં સમાયલો છે, (એટલે, આ દુનયામાં કોઇપણ ઈંન્દ્રિ વાપરવાથી પરહેજ રેહવામાં છે). જે પણ (ઇશ્વરના) દર્યામાં પૂરેપૂરો ગુમ થયો, તે હમેશ સુધી ગુમ થયો અને વળી **સુખી** (આનંદી) થયો.

સાલેકાને પુખ્તે ઓ મર્દાને મર્દ,
ચુન ફરૂ રફતન્દ દર મીદાને દર્દ,
ગુમ શુદન્દ અવ્વલ્ કદમ, ઝીન્ પસ ચે સૂદ્,
લાજરમ્ દીગર્ કદમ્ કસ રા નબૂદ્.

અર્થ: પુખ્ત ભકતો અને શૂરા મર્દો જ્યારે દર્દ (ઇશ્ક)માં પડયા ત્યારે તેઓ પહેલાં પગલાંમાંજ ગુમ થયા. માટે તેમને બીજું કદમ લેવુંજ ન પડયું.

લૈક્ ગર્ પાઇ દરીન્ દર્યા રવદ્,
અઝ્ વજુદે ખીશ્ ન પૈદા રવદ્.

અર્થ: પણ જો આ (દૈવીક પ્યારના) દર્યામાં (ભક્ત) એક પગ મુકશે, તો પોતાની (એકલપેટી, દુન્યવી) હસ્તી ગુમાવી દેશે.

બાખુદા બાશમ્ ચુ બીખુદ્ બીનીયમ,
તાકે બાખુદ્ બીનીયમ્ બદ્બીનીયમ્.
બીશરા અવ્વલ્ ઝ ખુદ બીખીશ્ કુન્,
પસ બુરાકી અઝ્ અદમ્ દર્ પીશ્ કુન્.

અર્થ: જો હું પોતાને નાબુદ થએલો જોઉં તો ખુદાની સાથે હું વસતો થઇશ.

માટે જ્યાં સુધી હું પોતાની (દુન્યવી) હોશ ધરાવું છું ત્યાં સુધી હું ઉંધું જોઉં છું. પ્રથમ પોતાને (એકલપેટાઇથી) નાબુદ કર, અને ત્યાર પછી નીસ્તીની પણ આગળ ('હક', 'અમર' હસ્તી તરફ) જવાને 'બુરાક'[1] ઘોડાને દપટાવ.

ગર્ બવદ્ ઝીન્ આલમત્ મૂઇ અસર,
નીસ્ત્ અઝાન્ આલમત્ મૂઇ ખબર.
ગર સરે મૂઇ બમાનદ અઝ ખુદીત્,
હફ્ત્ દર્યા પુર બર આયદ અઝ્ બદીત્.

અર્થ: જો તારી ઉપર આ દુન્યા (સંસાર) ની એક બાળ જેટલી પણ અસર થાય, તો પેલી (ઉંચ) જહાનની તને એક બાળ ભાર પણ ખબર નથી (એમ ખાત્રીથી જાણજે)! જો તારી એકલપેટાઇ અને (ઇશ્વરથી જુદી) હસ્તી એક બાલ ભર પણ તારામાં હશે, તો તારી (તે) બદીથી સાત મહાસાગરો પણ ભરાઇ જશે!

દસ્ત્ દરકશ્ કર્દ બા આતશ્ બહમ્,
ખીશરા ગુમ કર્દ બા ઉ ખુશ બહમ્.
ચુન્ ગીરફ્ત્ આતીશ ઝ સરતા પાએ ઊ,
સુર્ખ શુદ ચુન આતશી એઅઝાએ ઊ.
ગુફ્ત ઇન પરવાને દર કારસ્તો બસ્,
કસ્ ચેદાનદ્ ઊ ખબર દારસ્તો બસ્.
તા નગર્દી બીખબર્ અજ્ જીસ્મો જાન્,
કએ ખબર્ યાબી ઝ્ જાનાંન્
યફ્ ઝમાન્.

અર્થ: (તે મગત્રાંએ) આતશને કોટી કરી, અને તેની અંદર પોતાના બદનને ખુશીથી ગુમ કર્યું. જ્યારે તેના શીરથી પગ સુધી આતશ ફેલાયો, ત્યારે તેના અવયવો આતશ જેવા રાતા બન્યા. (ત્યારે મગત્રાંઓનો સરદાર) બોલ્યો કે ખરેજ આ મગત્રું પોતાનું (દીવાને ઓળખવાનું) કાર્ય બજા લાવે છે અને તે પોતે (દીવાને) ઓળખે છે. બીજાઓ તે શું સમજે? જ્યાં સુધી શરીર અને જીવથી બેખબર ન બનો, ત્યાં સુધી એક પળ પણ માશુક (યઝદાન) ની ખબર કેમ મેળવી શકો?

તાકે તુ દમ્ મીઝની હમદમ્ નઇ,
તાકે મૂઇ માનદેઇ મહરમ્ નઇ.

અર્થ: જ્યાં સુધી તું (જુદો રહીને) દમ ખેંચે છે, ત્યાં સુધી તું (ઇશ્વરનો) દોસ્તદાર નથી. જ્યાં સુધી તારો એક બાલ જેટલો પણ (જુદો) હસ્તી ધરાવે, ત્યાંસુધી તું છુપી વાતો જાણનાર જાની મીત્ર નથી (બનવાનો).

ચુન્ નમાનદ્ નીકો બદ્ આશક શવી,
પસ્ ફનાએ ઇશ્ક્ રા લાયક્ શવી.

અર્થ: જ્યારે ભલું ભુંડું સર્વ ગુમ થયું (અને તું ભક્ત સંસારી પાપો અને પુન્યમાંથી છુટીને ઊંચ હોશમાં દાખલ થયો), ત્યારે તું આશક બન્યો. ત્યાર કેડે તું ઇશ્કથી નીપજતા (જુદાઇ અને રૂપના) નાશ (એટલે મુક્તિ)ને માટે લાયક બનશે.

જગજાહેર **હાફીઝ** પણ પ્યાર, જુદાઇ, અને પ્યારના દુખ વીષે સુંદર બૈતોમાં ગાઇ ગયો છે, જેમાંની થોડીક બૈતો આપણે તપાસીશું.

બાકે ઇન્ નુકતેહ્ તવાન્ ગોફ્ત્ કે
આન્ સન્ગીન્ દીલ્,
કુશ્ત મારા ઓ દમે ઇસએ મર્યમ
બાઊસ્ત્.

અર્થ: કોણને આ વાત કહિ શકાય કે તે પત્થરનું દીલ રાખનારે (દીલબરે, ખુદાએ) અમને માર્યા, અને જીસસનો દમ (જે મુવેલાંને સજીવન કરે છે તે પણ) તેનીજ પાસે છે?

અઝ્ પાય ફીતાદીમ્, ચુ આમદ્ શબે
હીજ્રાન્,
દર દર્દ્ બમાન્દીમ્, ચુ અઝ્ દસ્ત્ દવા
રફ્ત્.

અર્થ: જ્યારે (ખુદાથી) જુદાઇની રાત્રી આવી લાગી, ત્યારે પગ મડાઇ ગયા, અને હાથમાંથી (જુદાઇની) દવા (ખુદા) ગઇ, માટે દર્દનો ઇલાજ ન થયો!

મા મુરીદાન્ રૂ બસુએ કાબે ચુન્
આરીમ્ ચુન્,
રૂ બસૂએ ખાનએ ખુમાર દારદ
પીરે મા.

---

૧. હઝરત શરીફ્ મહમદ પેગમબરના ઘોડાનું નામ છે, જેની ઉપર સ્વારી કરીને તેઓ 'જેરૂસલમ'થી બહેસ્તમાં જઇને 'મક્કે' પાછા ફર્યા હતા.

અર્થ: અમે શીષ્યો કાબા[૧] (એટલે દુન્યવી દેવલ) તરફ કેમ (ભણુવાને સારૂં) મોઢું ફેરવયે, જયારે અમારો ગૂરૂ પોતાનું મોઢું તો (દારૂની) ખુમારી (પ્યાર) ના ઘર તરફ ફેરવે છે?

ચુ બીખુદ ગશ્ત હાફીઝ્ કએ શુમારદ્,
બયક જવ્ મીલ્કતે કાઊસ ઓ કએરા.

અર્થ: જયારે હાફીઝ (પ્યારમાં) પોતાની હોશ ભુલી ગયો, ત્યારે તે કાઊસ અને કએખુશરૂનો (બેશુમાર) ખજાનો એક જવના જેટલી કીમતનો ગણે છે!

હમી તરસમ્ કે હાફીઝ મહવ્ ગરદદ્,
અઝ્ઇન્ શૂરી કે દર્ સર્ દારમ્ ઇમશબ્.

અર્થ: મને ડર લાગે છે કે આજ રાત્રે હાફીઝના મગજમાં આજે જે (દૈવીક ઇશ્કનો) પૂકાર અને શોરબકોર છે, તેથી તે ફનાજ થઇ જશે!

કુહલ અલજવાહરી, બમન આરી નસીમે સુબ્હ્,
ઝાન્ ખાકે નીકબખ્ત્, કે શુદ્ રેહગુઝારે દૂસ્ત્.

અર્થ: તે નેક બખ્ત ધૂળ કે જેની ઉપર મહેરદાર (ખુદા) ચાલી ગઈ, તેનો જવાહીર (માંથી નીકળે છે તેના) જેવો સુર્મો ઓ સહવારની લેહેકી મારી પાસે પહોંચાડ!

હરદમ્ ઘમી ફીરીસ્ત્ મરા ઓ બગૂ બનાઝ્,
કીન તોહફે અઝ્ બરાએ ખુદા મી ફરીસ્તમત્.

અર્થ: (ઠીક!) મને દર દમે (પ્યારને લીધે) એક એક ગમગીની મોકલી, અને ઉપરથી નખરાંથી કહેતી જા, કે "એ બખશીશ ખુદાને ખાતર મેં તારી ઉપર મોકલી છે!"

સાકી બયાકે હાતીફે ગૈબમ્ બમુઝદે ગુફ્ત્,
બાદર્દ સબ્ર્ કુન્ કે દવા મી ફરીસ્તમત્.

અર્થ: દારૂ પીરસનાર!(પ્યારની ખુમારી, ecstacy શીખાડનારી), હવે તું આવ, કારણ કે અનદીઠ ફરીશ્તાએ મને ખુશાલીની વાત કહી, કે દુખ (પ્યાર)માં સબુરી રાખ, કારણ કે હું (ખુદા) તારે માટે દવા મોકલનાર છું.

ખૂનમ્ બરીખ્ત્ વઝ્ ઘમે હીજ્રમ્ ખલાસ દાદ્,
મીન્નત પઝીરે ગમઝએ ખનજરૂ ગુઝારમત્.

અર્થ: તારી (ઇશ્વરની) આંખની કટારેનો હું આભાર માનું છું, કે તેમને મારૂં ખૂન કર્યું, અને આખરે મને તારી (ઇશ્વરની) જુદાઇમાંથી છોડવ્યો.

આશકે ખસ્તે બ દર્દે ઘમે હીજ્રે તૂ બસૂખ્ત,
ખુદ ન્ પુર્સી તૂ કે આન્ આશકે ઘમખાર કુજાસ્ત્.

અર્થ: બાપડો મીસકીન આશક (ભકત) તારી જુદાઇના ગમમાં બળી ગયો, તોપણ તું (ઈશ્વર) પુછતો નથી કે તે ગમખાર આશક કયાં ગયો (એટલો તું બેપરવા છે)?

બાદે ઓ મુત્રબો ગુલ, જુમ્લે મુહૈયાસ્ત વલી,
ઐશ બીદૂસ્ત્ મુયસ્સર્ નશવદ્ યાર્ કુજાસ્ત્?

અર્થ: દારૂ, ગાનાર અને ગુલાબ (ભક્તિની સામગ્રીઓ) સર્વે તૈયાર છે ખરાં, પણ દોસ્ત (ખુદા) શીવાય સુખ હાંસલ ન થાય, ત્યારે યાર કયાં છે?

મન્ બેહરે આન્ યકી દીલોદીન દાદે અમ બબાદ્,
ઐબમ્ મકુન્ કે હાસીલે હરદુ જહાન્ યકીસ્ત્.

હાફીઝ્ બર આસ્તાનએ દૌલત્ નીહાદે સર્,
દૌલત્ દરાન્ સરસ્ત કે બા આસ્તાન્ યકીસ્ત.

અર્થ: મેં તે એક (દાદાર)ને ખાતર હૈયું અને દીન પણ હવાને સ્વાધીન કર્યાં. મારી ખોડ ના કાઢશો, કારણ કે બન્ને દુન્યાનું ઇનામ તે **એકજ** છે. હાફીઝે દૌલતના ઊંબર ઉપર શીર મુકયું છે, ખરી (દૈવીક) દૌલત તે શીરમાં છે, જે ઊંબર સાથે (પ્યાર અને નમ્રતાથી) એકત્ર થયું છે.!

બરદુખ્તે અમ દીદે ચુ બાઝ્અઝ્ હમે આલમ્,
તાદીદએ મન્ બર રૂએ ઝીબાએ તુ બાઝસ્ત્.

રાઝી કે બર ખલ્ક નેહુફ્તીમ્ ઓ નગુફ્તીમ્,
બા દૂસ્ત બગૂઇમ્ કે ઊ મહરમે રાઝસ્ત.

અર્થ: મેં કુલ જહાનથી મારી ચશ્મો ખેંચી લીધી છે, કારણકે તાર

---

૧. મક્કામાં આવેલી મુસલમાનોની પવીત્ર મસજીદ.

(યઝદાનના) ખુબસુરત ચેહરા તરફ મારાં નેત્રો ખોલ્યાં છે.

અગર ઝ્ કુએ તુ બૂઇ બમન્ રસાનદ બાદ,
બમુઝદે જાન્ જહાનરા બબાદ ખાહેમ દાદ્.

અર્થ: અગર જો હવા તારા (દાદગરના) મોહલ્લામાંથી તારી સુગંધ મને પહોંચાડે, તો દીલની ખુશાલીમાં હું આખી દુન્યાને ખાકની માફક બરબાદ કરૂં, (એટલે, સન્યાસ પકડું)!

દીલા બસૂઝ કે સૂઝે તુ કારહા બકુનદ,
દુઆએ નીમ શબી દફે સદ બલા બકુનદ.

અર્થ: ઓ દીલ! તું જલી જા, કારણકે તારા બળવા (પ્યાર અને કોશેશ)થી કાર્યો સફળ થાય છે. અધીં રાત્રીએ ઉઠીને કરેલી દુઆ (બંદગી) સો બલાઓને દુર કરી શકે છે!

દરાન હવા કે જુઝ બર્ક અન્દર્ તલબ્ નબાશદ્,
ગર્ ખરમની બસૂઝદ્ ચન્દીન અજબ નબાશદ,

અર્થ: તે મીજાજમાં કે જ્યારે (ઇશ્વરના પ્યારની) શોધ (તલબ)માં વીજળીના ચમકારા શીવાય કાંઇ (ઓછી તીવ્ર ઇચ્છા) ન હોય, ત્યારે જો (ખેતરમાંનો) પાક તે વીજળીથી બળી જાય તો તેમાં શું અજબ થવાનું?

દીલમ બીવસાલશ્ સફાઇ નદારદ,
ચુ બીગાનઇ કાશનાઇ નદારદ્.

અર્થ: તે (હકતાલા)ની સાથે એકત્રતા ન હોવાથી મારૂં હૈયું સફા અને આરામમાં નથી, કારણ કે તે દોસ્ત વીનાના પારકા માણસની માફક એકલું પડી ગયું છે!

હાફીઝ સબુર્ બાશ કે દર્ રાહે આશકી,
હર્ કસ્ કે જાન્ નદાદ્ બજાનાન્ નમી રસદ્.

અર્થ: હાફીઝ ખરેખર સબુરી પકડ, કારણ કે (ઈશ્વરી) ઇશ્કના માર્ગમાં જેને પણ પોતાનો જાન ન આપ્યો, તે પોતાની માશુક (પરવરદીગાર)ને કદી પહોંચી શકતો નથી. He that loseth his life, shall find it

ચે કુનમ્ ગર્ ન કુનમ્ નાલે ઓ ફર્યાદો, ફેઘાન્.
કઝ ફરાકે તુ ચુનાનમ્ કે બદન્દીશ મબાદ્.

અર્થ: હું જો ન રોવું, અને ફર્યાદ ન કરૂં તો શું કરૂં? તારી (દાદગરની) જુદાઇથી મારો એવો હાલ થયો છે, કે કોઇ દુશમનનો પણ કદી ન થાય!

હવે આપણે બાઇબલમાંથી થોડાક પ્રસંગો પાત ફકરાઓ જોઇશું.

I and my Father are one*...I am the door: by me if any enter in, he shall be saved and shall go in and out, and find pasture. He that loveth his life shall lose it: and he that hateth his life in this world shall keep it unto life eternal† ...A new commandment I give unto you. That ye *love* one another: as I have loved you, that ye also love one another. By *this* shall all men know that ye are my disciples, if you have love one to another.‡...I am the way, the truth and the life: no man cometh unto the Father but by me...*Believe* me that I am *in* the Father, and the Father *in* me or else believe me for the very works' sake. Verily, verily, I say unto you, He that believeth on me, the works that I do shall he do also; and greater works than these shall he do, because I go unto my Father. And whatsoever ye shall ask in *my* name, that will I do that the Father may be glorified in the son.§ Greater love hath no man than this, that a man *lay down* his life for his friends....If ye were of the world, the world would love his own, but because ye are not of the world, but I have chosen you *out* of the world, therefore the world hateth you....* 'Neither pray I for these but for them also which shall believe on me through their word; that they *all* may *be one*; as thou Father *art* in me and I in thee, that they also may *be one* in us; that the world may believe that thou hast sent me. I in them, and thou in me, that they may be made perfect in one †.

અર્થ: (જીસસ ક્રાઇસ્ટ કહે છે કે) હું અને મારો પીતા (ઇશ્વર) એક છીએ...

§St John Chapter X. † Ibid Chapter XII.
‡ Ibid Chapter XIII. § Ibid Chapter XIV.
* Ibid Chap. XV. ‡ Ibid Chap. XVII.

હું દરવાજો છું. જો મારામાંથી કોઇ પેસવા પામે, તો તેનું તારણ થશે, અને તે અંદર અને બહાર આવી, જઇ શકશે અને તેને પુરતી કુશાદે જગા મળશે...જે પોતાની (દુન્યવી) જીંદગીને ચાહે છે, તે જીંદગી ખોહશે અને જે (દુન્યવી) જીંદગીને ધીક્કારે છે, તે (આત્મિક) જીંદગીને હમેશની સુધી રાખી શકશે...હું તમને નવું ફરમાન આપુ છું, કે તમે **અકમેકને ચાહો;** જેમ મેં તમને ચાહ્યા છે, તેમ તમે એક બીજાની ઉપર પ્રીત રાખો. જો તમે એ પ્રમાણે ચાહો, તો તે ઉપરથી તમે મારા ચેલાઓ છો એમ સર્વે લોક જાણતાં થશે....હું રસ્તો, હું હક (સત્ય), અને હું (અમર) જીંદગી છું: કોઇપણ માનવી મારી મારફત શીવાય (ગુરૂએ શીખાડેલી આત્મિક જીંદગી ખીલવ્યા શીવાય) પીતાશ્રી (યઝદાન)ને પહોંચી શકતો નથી....મારૂં સત્ય માનજો કે હું પીતા (ઇશ્વર)માં છું અને પીતા મારામાં છે, અથવા તો મેં જે (ચમત્કારો) કરી બતાવ્યું છે, તે ઉપરથી તો મારૂં કહેલું સ્વિકારો. અને ખચીત, ખચીત, હું કહું છું તે જે જે માનશે, તે હું જે સઘળું કરૂં છું, તે કરી શકશે: અને વળી તે કરતાં પણ વધુ કરી શકશે, કારણકે હું (હવે) મારા પીતા પાસે જનાર છું (જ્યાંથી વધુ સહાયતા પહોંચાડીશ). અને તમે જે પણ **મારાં નામથી** માંગશો તે હું સર્વે કરીશ, કે (મારો) પીતા તેના બેટામાં કીર્તીવંત બને....આ કરતાં વધુ પ્યાર કોઇ બતાવી **શકે નહિં, અને** તે એ કે એક માનવી પોતાના દોસ્તોને ખાતર પોતાના જાનનો ભોગ આપે....જો તમે (મારા ચેલાઓ) દુનયવી હોત તો દુન્યા તમને પોતાના તરીકે ચાહતે; પણ તમને દુન્યા ધિક્કારે છે, કારણ કે તમે દુન્યાના નથી, એને મેં તમને દુન્યાની બહાર ચુંટી કાહ્દયા છે... અને વળી હું એમને (મારા ચેલાઓ) માટેજ પ્રાર્થના કરતો નથી, પણ જેઓ એમના (ચેલાઓના) બોલોની મારફતે **મારૂં માનશે,** તેમને માટે પણ પ્રાર્થના કરૂં છું, કે જેમ તું પીતા મારી સાથે એક છે અને હું તારામાં એક છું, તેમ તેઓ **એકત્ર** બને. તેથી તેઓ આપણી સાથે પણ એકત્ર થાય, કે જેથી દુન્યા માનવા લાગે કે તેં મને મોકલ્યો છે...હું તેમનામાં અને તું મારામાં (વસે) કે જેથી તેઓ સઘળા એકતાઇમાં **સંપુર્ણ** બને.

સામાન્ય પ્યાર અથવા **ભ્રાતૃભાવ** વીષે બાઇબલની The Acts નામની કીતાબના ૧૦) પ્રકરણમાં ફકરા ૩૪ અને ૩૫ માં જણાવ્યું છે, કે "Of a truth I (Peter) perceive that God is no respector of persons: But in *every* nation he that *feareth* Him, and worketh *righteousness*, is accepted with him." "હું (પીટર) ખરેખર જોવું છું કે ઇશ્વર માનવીના શરીરોનો તફાવત કદી રાખતો નથી (કે એક બ્રાહ્મણ અને બીજો અત્યંજ અથવા હલકો શુદ્ર અથવા ચમાર છે): પણ **દરેક પ્રજામાં** જે પણ ખુદાનો ડર રાખે છે અને **અષો** છે, તેને ખુદા કબુલ કરે છે." તેજ કીતાબના ૧૭ માં પ્રકરણના ૨૪ થી ૨૮ માં જણાવ્યું છે, કે "God that made the world and all things therein, seeing that He is Lord of heaven and earth, dwelleth *not* in temples made with hands. Neither is He worshipped with men's hands, as though he needed anything, seeing He giveth to all life, and breath and all things, and hath made of *one blood all nations* for to dwell on all the face of the earth, and hath determined the time before appointed, and the bounds of their habitation; That *they should seek* the Lord, if indeed they might feel after Him, and find Him, *though He be not far from every one of us: For in Him we live and move and have our being;* as certain also of your own poets have said, for we

are also *His offspring.*" એટલે કે ઇશ્વરે દુન્યા અને તેની અંદરનું સર્વે બનાવ્યું. તે જગત અને આકાશ (અને સ્વર્ગનો માલીક **હાથના** બનાવેલાં દેવલોમાં વસતો નથી. વળી માનવીઓ પોતાના હાથ વડે તેની પુજા કરી શકતા નથી. તેને કાંઇ જોઇતું નથી કારણકે સર્વને તે જીંદગી, શ્વાસ અને જોઇતી વસ્તુઓ પુરી પાડે છે. તેણે દુન્યાની સપાટી ઉપર વસવાને સારૂં **એકજ લોહિની સર્વ પ્રજાઓને** બનાવી છે, **અને** તેમના વખતો અને તેમનાં વસવાટની હદો નક્કિ કર્યાં છે. (તેમને બનાવવાનો સબબ એ છે) કે તેઓ ખુદાની શોધ કરે અને ખરેજ તેને માટે પ્યાર ધરાવીને તેની ખોળ કરે અને મેળવે, **જોકે ત આપણા કોઇથી પણ દુર નથી:** કારણ કે તેની અંદરજ આપણે જીવીએ, ચાલ્યે હાલ્યે અને હસ્તી ધરાવ્યે છીએ. જેમ તમારા કેટલાક કવીઓએ કહયું છે તેમ **આપણે તે ઇશ્વરનાં બચ્ચાઓ છીએ.**

રામ યશતના કરદા ૧૧)ના ફકરા ૪૭) માં વાએ યજદ પોતાનાં નામો" "**દ્રૂષનો નાશ કરનાર** નામવાળો અને દૂષથી વેગળો નામવાળો અને **સાંધનાર** નામવાળો" ઇત્યાદી આપ્યાં છે તે **હવે** આ પોઆપ સમજાઇ જશે.

દીન યશ્તના કરદા પેહલાના ફકરા ૩) જામાં જણાવ્યું છે કે જરથુશત્ર સાહેબે અષો ચિસ્ત (દીનના હમકાર) ને આરાધી અને તેને અરજ કરી કે "મારી આગળ આવ કે તેથી કરીને જેમ થવુ જોઇએ (તેમ સર્વે) **સલાહુસંપજ** ભરેલું (અને) પુર **કૌવતવાળું** બને." વળી કરદા ૭) માં જણાવયું છે કે "જેણીને (ચિસ્તને) દેશના દેશપતી રાજાએ પોતાના દેશને માટે **સલાહ** ઇચ્છતા (તથા) પોતાના બદનને **માટે** હીમ્મત માંગતાં આરાધે".

વળી ગાથાના યસ્ન ૪૮)ના ફકરા ૧૨)માં સોશયન્તોને "દૂષની સામે થનારાઓ" તરીકે ઓળખાવ્યા છે.

હાવન ગેહમાં 'અઇર્યમન' બંદગીને "હિમત આપનારી, ફતેહ ફીરોઝી આપનારી, **દ્રૂષને દૂર કરનારી, તમામ દ્રૂષને તોડનાર,** (તથા) **કુલ દ્રૂષોને ટાળનાર**" તરીકે ખાસ ઓળખીને વખાણવામાં આવી છે.

બેહરામ યશ્તનાં કરદા ૧૯) **માં આ** પણે "ગવે અમેમ્, ગવે નેમેમ્, ગવે ઉખ્ધેમ્, ગવે વેરેથરેમ્, ગવે ખરેથરેમ્, ગવે વસ્ત્રેમ્, ગવે વેરેન્યાતાંમ્ તાંમ ને ખરેથાઇ ક્રષુયો" એવી પ્રાર્થના કર્યે છીએ. તેનો અર્થ એ છે કે "સવે (સૃષ્ટિના) જીવડાઓને હિમ્મત (હોજો)! તેમને વખાણ, (ટાઢક આપનાર) સુખનો, ફતેહ, ખોરાક (ચલકાટ) અને વસ્ત્ર (હોજો)! તેમને માટે મેહનત કરવા લાજમ છે, (કારણ કે) તેઓ આપણા ખોરેહમાં વધારો કરનાર છે!" તે ઉપરથી તમામ સૃષ્ટિના પ્રાણીઓ ઉપર કેટલો પ્યાર રાખવો જોઇએ, તેમને માટે શું શું દુઆઓ દેવી જોઇએ, તે આપણે શીખ્યે છીએ.

તીર યશ્તમાં કરદા ૬) ઠાના, ૧૨)મા ફકરામાં ભણયે છીએ કે "સારા બાંધાનુ કૌવત (મેળવવા) ને માટે અહુરની પેદા કરેલી ફતેહ (મેળવવા) સારૂ, સર્વથી શ્રેષ્ટ સરસાઇ (મેળવવા) સારૂં, તંગીને દૂર કરવા સારૂં, **દ્રૂષને દુર કરવા સારૂં,** મજદના પેદા કરેલા વનના સીતારાને અમે યાદ કરયે છીએ."

મોટી હોમ યશતના ફકરા ૧૭) માં દુઆ કર્યે છીએ કે "અએ લીલા (હોમ)! તારૂં ડહાપણ, હિમ્મત, ફતેહ, તનદરૂસ્તી, તનદરૂસ્તીના ઉપાય, આબાદી, વૃદ્ધિ, તમામ શરીરનું બળ, તમામ ચલકાટ ભરી વાદયા, હું માગું છું, કે જેથી મુલકો (જગત)માં સ્વતંત્ર પાદશાહ, **દ્રૂષને તોડનાર.** દરૂજને મારનારની માફક હું ફરૂં." ફકરા ૨૦)માં આ પ્રમાણે ભણયે છીએ કે "અએ દર્દને પાછળ રાખનાર હોમ! તારી પાસેથી ચોથી બક્ષીશ (હું) આ માગુંછું, કે ઝમીન ઉપર મુરાદ પામેલો, હિમ્મતવાન, તૃપ્ત થએલો, **દ્રૂષને તોડનાર** (તથા) જુઠાઇને મારનાર તરીકે હું ફરૂં!"

જસમે અવંઘૂહે મઝદ (મઝદયસ્નો)માં સારી મઝદયસ્ની દીન "ફ્રસ્પાયઓખેધ્રાંમ, નિધાસ્નઇાથષેમ, ખ્એત્વદથાંમ્, અષઓનીમ્" તરીકે વર્ણવી છે.

તેનો અર્થ હવે ખુલ્લો જણાશે. મઝદયસની દીન "જઘડો મટાડનારી, હથયાર છોડવનારી, સ્વતંત્રતા (રાજય) આપનારી, તથા અશો" તરીકે જણાવી છે. મારામારી, ટંટો, ફીસાદ દુર કરવા સારૂં **પ્યાર** શીવાય બીજો કોઇ ઇલાજ નથી. આજકાલ પશ્ચીમ દેશોમાં અનેક વીદવાનો ઘણીક સુચનાઓ કરી રહયા છે, જેથી તેઓ માને છે, કે દુન્યામાં જઘડાઓ મટી શકશે. પણ તેઓ કલ્પના ઉપરજ આધાર રાખે છે, અને ફોકટનાં ફાંફાં મારે છે. 'પ્યાર' જે ખ્રિસ્તી પેગમબરે પોતે પણ બુલંદ અવાજે શીખાડયો છે, તેજ સર્વે લડાઇઓનો અંત આણી શકશે, અને હથયારો, નૌકા નાશક યંત્રો, તોપો, જહેરી ગેસોના બોમ્બો, ભાલાઓ, તલવારો, ટોરપીડોઓ વીગેરે દુન્યાના લોકના હાથમાંથી છોડવશે. મઝદયસ્ની દીન વળી સ્વતંત્રતાપણું મેળવી આપે છે, કારણ કે તેના ફરમાનો પાળવાથી માનવી પાપો કરતાં અટકે છે, અને તેથી કુદરતનો દેવાદાર બનતો નથી, જેથી તે સીતારાઓની ચાલ, અને દુન્યવી સંજોગોની આધીનતામાંથી છુટી જાય છે. તે પોતાનું જીવન પોતાની દ્રઢ મરજી મુજબ પોતાની રોશન આસ્નીદેહ ખેરદના દોરવવા મુજબ, પોતાના દીનના તરીકા મુજબ ખુશાલીથી ગાળે છે.

બહેરામ યસ્તમાં કરદા ૧૬)માં જણાવ્યું છે, કે અષો જરથુશત્રને દાદાર અહુરમઝદે જણાવ્યું, કે 'બહેરામ યસ્તના માથ્રો એજમતી, હીમ્મત આપનાર, તથા તન્દરૂસ્તી આપનાર છે, તે વચનો (માથ્રો) પાપી સરદારને સુધારી શકે છે અને ઉંચે ધરેલાં **હથયારને** પાછું હઠાવીને **અસર વગરનું કરે છે.'** આ પ્રમાણે લડાઇમાં હથયાર માર્યા વીના માથ્રના બળથી ઝઘડો મટાડવાનું ફરીને આપણને શીખાડવામાં આવયું છે. એજ યસ્તના ૧૭)મા કરદામાં એ વીચાર બીજા આકારમાં રજુ થયો છે. "અએ માણસો! ડહાપણથી પેદા કીધેલું દુન્યાનું જોહર (આત્મા) ઇજશનેને લાયક, આરાધનાને લાયક (હાલ) નથી, કારણકે હમણા વ્યામબુર દેવો (તથા) દેવની આરાધના કરનારા માણસો **લોહીવેહતું** કરે છે, અથવા **ખરાબીનો ફેલાવો** કરે છે." એટલે કે ખુન રેડવા અને ખરાબી પાંથરવાથી ખુદ દુન્યાનો પવીત્ર આત્મા પણ હલકો પડે છે. ત્યારે માનવી જેવું નીર્જીવ પ્રાણી, ખુન અને ખરાબી કરે તો કેટલો નીચો જાય તે સમજી શકાય છે.

સરોષ યસ્ત હાદોખ્તના કરદા ચોથામાં આપણે સરોષને વખાણુયે છીએ. પછી **સુલેહ** તથા ફતેહમંદ **કૌવત** (જે) **લડાઇના** તથા **અદાવતના** બે શત્રુઓ (તેમ)ને વખાણુયે છીએ. પછી અષો સરોષના ચાહનારાઓને, રશ્નને, મેહેર અને ગોવાદના દોસ્તદારોને, પછી મઝદયસ્ની દીન, આસ્તાદ, અશિશવંધને ચાહનાર દોસ્તદારોને, પછી સાચ્ચા જ્ઞાનના દોસ્તદારોને, તમામ ઇઝદોના દોસ્તદારોને, માથ્રસ્પેન્તના દોસ્તદારોને, દેવથી જુદા કાએદાના દોસ્તદારોને, લાંબા વખતના જુના રીવાજના ચાહનારાઓને, અમેશાસ્પંદોના ચાહનારાઓને, અષોમાંથી ફાયદો કરનારાઓમાંના આપણા હેત કરનારાઓને, અને અષોની તમામ પેદાયશની ઉપર પ્યાર કરનારાઓને **વખાણુયે** અને યાદ કર્યે છીએ. તે ઉપરથી પૂરવાર થાય છે, કે **હેત** અને **દોસ્તદારી** જરથોસ્ત સાહેબને અને અહુરમઝદને બહુ પસંદ પડે છે, અને અવશ્યનાં લાગે છે.

ફ્રવરદીન યસ્તમાં જણાવ્યું છે, કે અષો જરથુશત્રના જન્મવામાં અને ઉધરભાવમાં પાણી અને ઓરવરો વધ્યાં અને તમામ સ્પેનામીનોની પેદાયશો શાબાશીના પુકારો કરવા લાગી. જરથુશત્રની ખુબીનું કારણ એ યસ્તના કરદા ૨૩ અને ફકરા ૮૮ માં જણાવ્યું છે. તેણે (પોતાના હજારામાં અથવા કાલચક્ર Cycleમાં) સર્વથી પેહલાં નેક વીચાર કર્યો, નેક સુખન બોલ્યો, નેક કાર્ય કર્યું; તે પેહલો અથોરનાન, પેહલો રથેશ્તાર અને પેહલો આબાદી કરનાર ખેડુત હતો. તેણે સર્વથી પેહલાં દીનનું જ્ઞાન સંપાદન કર્યું તથા બીજાઓને તે શીખવ્યું. વળી તેણે **સર્વે જીવા,** અષોઇ, દીનના કલામ, તે કલામની તાબેદારી, (દૈવીક) રાજ્ય, તથા મઝદે પેદા કીધેલી અષોઇની તુખમની

સર્વે નીઆમતને-સર્વથી પેહલાં **પસંદ કર્યાં** અને સર્વથી પેહલાં (એ સઘળાંને) **ચાહયાં.** હવે આપણે **પ્યાર**ની ખરી મોતેબરી, આપણા અષો અને પૂર્ણ પેગમબરના સામાન્ય ભ્રાતૃભાવ, સામાન્ય સૃષ્ટિ ઉપરના પ્રેમ તરફ નીગાહ કરવાથી, બરોબર સમજી શકયે છીએ.

વળી ફ્રવરદીન યશ્તના કરદા ૩૧ ફકરા ૧૪૩ થી ૧૪૫ માં આપણને **સામાન્ય ભ્રાતૃભાવનું** વધુ શીક્ષણ આપવામાં આવ્યું છે. ત્યાં આર્ય દેશોના તેમજ તુરાન, સઇરીમુ, સાઇનિ, દાહી દેશોના નર અને નારીઓની ફ્રવષીઓ વખાણવામાં આવી છે. ત્યાર પછી **તમામ દેશોના અષો નર અને નારીઓની** ફ્રવષીઓને વખાણવામાં આવી છે, અને તેવી ફ્રવષીઓ જે ગયોમર્દ (પેહલા જન્મેલા) નરથી તે સોશ્યોસ (છેવટના જન્મનાર) મર્દ સુધી (થઇ ગઇ, હયાત છે અથવા હવે પછી) જન્મ પામનાર છે, તેમને સર્વેને, અપવાદ વીના વખાણવા અને ચાહવામાં આવી છે, અને તેમની સાથે એકતાન થવાનું ભણનાર ઇચ્છે છે.

ફરી રામ યશ્ત કરદા પહેલામાં ભણનાર કબુલે છે, કે "**પ્યાર ભરેલી સુલેહ** અને સુખાકારીને હું વખાણું છું." એ રીતે જગેજગ મઝદયસ્ની દીનમાં ખરો **સામાન્ય પ્યાર** શીખાડવામાં આવ્યો છે.

ગાથાના ઉપલા ફકરામાં સંપુર્ણતા વીષે જે ઇસારો કરવામાં આવ્યો છે, તે આખી સૃષ્ટીની આખરની ધારણા છે. જુદી જુદી જાતના મુકાબલા ઉપર ખ્યાલ પહોંચાડતાં, આ વીચાર આપણે મકકમ રીતે કેમ સમજી શકશું, તે હવે તપાસીએ.

હીંદુસ્તાનમાં દીવાળી અથવા નવાં વરસના તેહવાર ઉપર, મીઠી સાકરને તરેહવાર પ્રાણીઓના, પક્ષીઓના, રમકડાંઓના, યંત્રોના, ફુલના હારોના, ઘરના અને એવા બીજા જાત જાતના આકારોમાં બનાવવામાં આવે છે. તેજ પ્રમાણે દાદારે પોતાની 'પ્રકૃતી'માંથી જાત જાતના માપો, રંગો અને આકૃતીઓ બનાવી છે, જેને આપણે ખનીજ પદાર્થ, ભાજીપાલો, જનાવરો, માણુસજાત અને ફરેસ્તાઓના નામે ઓળખીએ છીએ, અને જે અંદરખાનેથી તેના ઇશ્વરી તેજનાં અંશથી હમેશાં પ્રેરીત બને છે, અને જે અંશ પણ, એક દીવસ સંપુર્ણ થઇને, તે પાક કીરતાર સાથે મળી જશે. તમે જાણવા માંગશો, કે જયારે જીવાત્મા (ઉરવન)ને કાંઇ આકાર નથી, ત્યારે તે આકાર કેવી રીતે ધારણ કરી શકે છે. એવા મુશકેલ સવાલના જવાબો મેળવવા સારૂં, આતશની સાથે આત્માની સરખામણી કરવી જોઇએ. આપણા અનદીઠ અંતરઆત્માનું, આ પૃથ્વીના ગોળા ઉપર, આતશજ એક ખરૂં અર્થસૂચક બળવાન ચીન્હ છે, અને તે આ ભુમી ઉપર તે આત્માની સમજણ આપી શકે છે. તમે કબુલ કરશો કે આતશને કાંઇ આકાર નથી, પણ જેવો તે બળતા અંગાર સાથે જોડાય છે, અથવા બળતા કાકડા સાથ અથવા વીજળીક પ્રવાહ સાથ અથવા બળતી ઇંટરડીઓ અને લાકડાના ગંજાવર ઢગ સાથે જેવું તેનું જોડાણ થાય છે, તેજ પળે તે આકાર ધારણ કરે છે, કે જે જરાકવાર બલકે એક પળ, કાંઇ ચોકકસ આકૃતી ધારણ કરે છે. વધુ પ્રમાણમાંતો તેનો આકાર ખરેખર અચોકસજ હોય છે. તેમજ ખુદાઇ આત્માને કાંઇ આકૃતી હોતી નથી. પણ જયારે તે પ્રકૃતી સાથે જોડાય છે, ત્યારે તેને આકાર હોય એમ લાગે છે. એક તળાવના વગર રંગના અને વગર આકારના સ્થીર પાણીમાં જેમ બરફનો આકાર બંધાય છે, તેમ તે અનદીઠ અહુરમઝદમાંથી કાયા શરીરવાળા જીવો, ફરેસ્તાઓ અને યઝદો નીકળે છે. જેમ બરફ પાછું પાણીમાં પીગળી જાય છે, તેમ દેહવાળા સર્વે જીવડાઓ પાછા અનદીઠ ઇશ્વરી દર્યામાં ભળી જાય છે.

કીરદીગારને આકાશને પહોંચે એટલા ઉંચા અનાજના ટેકરા સાથે સરખાવી શકાય, કે જેમાંથી ઘણામાં ઘણો એક અનાજનો દાણો લઇને, જીવવાળાં પ્રાણીઓ કીડીની માફક કુચ કરી જાય છે. ફકત આ એક દાણો તેમને સંપુર્ણ ખુશાલીમાં ગરક કરે છે. જયારે વળી પેલો અનાજનો ઢગ તો તેથી અકસર ઓછો થવા વગર, જેટલો ને તેટલોજ દેખાતો રહે છે. તે

આખા ઢગલાનો કબજો લેવાની શું એક કીડીમાં શકતી છે? શું તે આખા ઢગનો એક કીડી કાંઇપણ ઉપયોગ કદીએ કરી શકે? એક સમજુ કીડી પોતાના એકલા ઉપયોગ માટે તે ઢગને ખસેડીને, પોતાનાં માની લીધેલાં કોઇક ઘરમાં લઇ જવાની કોશેશ બેશક નહીં કરશે. બલકે તેને બદલે તે ઢગની ઉપર નીરાંતે બેસીને, સંતોષથી અને આભારની લાગણી સાથ, પોતાની દુનીયાઈ મુસાફરીના છેડાતુલીક, પોતાનો નીર્વાહ કરવાનું જરૂર પસંદ કરસે!

ખુદાવંદતાલાનો ખરો પ્રેમી, દરીઆમાંથી કાઢેલાં મીઠાંની, બનાવેલી ઢીંગલી સમાન છે. તે ઢીંગલી દરીઆનો વીસ્તાર તથા તત્વ જાણવાની તલબ કરે છે. તે જેવી સમુદ્રની અંદર કુદકો મારે છે, કે જુઓ ફેરફાર! તે અંદરજ પીગળી જાય છે. એમ થવાથી તે ફરીને દરીઆનો એક ભાગ થઇ જાય છે. અને તે બહોળા ઉછાળા મારતા, ઉકળતા, ગંજાવર સમુદ્રમાં, તે આટલી સરખી ઢીંગલી, કયાં અટવાઇ જતી હશે, તેનો કોણ હીસાબ રાખનાર છે? એક પાકો ભકત, એજ રીતે તે બહોળા અનીરવચનીય (unspeakable) આત્માના દરીઆવમાં, પાછો અલોપ થાય છે. તેને એક ટુંકી જીંદગીવાળો આકાર, તે બહોળા સમુદ્રમાંથી, પરપોટાના રૂપમાં ફુટી નીકલ્યો હોય, એમ સમજો. જેવો તે પરપોટો ફુટી જાય છે, કે તે સમુદ્રમાં અને તેમાં કાંઇપણ ફેર રહેતો નથી. દરેક પરપોટાની અંદર સમુદ્ર સમાયલો છે. પણ પરપોટાઓ સમુદ્રની અંદર નથી હોતા. અને તેટલા માટે એટલી જુદાઇનો ડંખ તેમને તરેહવાર જાતનાં દુઃખો ઉપજાવે છે.

માણસજાતને વળી કાદવમાં, ઉંડાં દટાયલાં, ચોખાં લોઢાં સાથ સરખાવી શકાય. એવું કાદવ કીચલથી ઢંકાયલું અને ખરડાયલું લોખંડ, પોતાના હૈયાં તરફ ખેંચવાને અને આકર્ષવાને, 'ખુદા' જે લોહચુંબક સમાન છે, તે અશકત થઇ પડે છે. જયારે નીચ ભુવનના હલકા હવસોનો કાદવ અને શારીરીક હઇયાતીના ખેંચાણોને, બંદગીના આંસુઓ, પશ્ચાતાપ, ઉંચ નેમની ઉમદા જીંદગી અને ઇશ્વરના નીરંતર ચીંતનથી ધોઇને સાફ કરવામાં આવે છે, ત્યારે તે લોહચુંબકના ખેંચાણની કુલ અસર થઇ શકે છે. આપણા અંતકરણના લોહચુંબકની સોયને તેટલા માટે અહુરમઝદ તરફ તેને એક માર્ગ પ્રદર્શક ધ્રુવનો તારો (Pole Star) લેખીને આપણે ફેરવવી જોઇએ. નહીં તો માણસાઇ હઇયાતીનું વહાણ, માણસાઇ હઇયાતીના માયાવીક, ઉછળતા દરીઆવમાં, પોતાનો રસ્તો ચુકી જશે.

વળી દઇવીક પ્યાર અને પરમાનંદના પાણીની અંદર ઢંકાયલા લોહચુંબકના ખડક સાથે, યઝદાનને પોતાને સરખાવી શકાય. જીંદગીની કીસ્તીના સઘળા ખીલા તથા સ્ક્રુઓને તે ખડક ખેંચીને કાઢી લે છે, અને તે કીસ્તીના પાટીઆંઓને છુટે છુટાં કરી નાખે છે, જેને લીધે તે કીસ્તી દરીઆને તળીએ પહોંચે છે. એજ પ્રમાણે ખુદાઈ ભાનનું લોહચુંબક, દુનયાઇ હુંપણું તથા એકલપેટાઇના પાટીઆંઓને તેમને જોડનાર ખીલાઓને આકર્ષવાથી, છુટાં કરીને ડુબાડી દે છે સઘળા માણસો, ગમે એટલે લાંબે વખતે પણ, પોતાની જાતી મેહેનતથી સંપુર્ણતાને પહોંચવા માટે સરજાયલાં છે. તેઓને તકીઆઓ સાથે સરખાવી શકાય, જેમનો બહારથી રંગ, માપ, તથા આકાર ગમે તે હોય, તોપણ તે દરેકના અંતરભાગમાંનો રૂ, ઇશ્વરી અંશનો હોય છે.

બીજી સરખામણી કરશું, તો માલમ પડશે, કે જયારે દરેક જીવમાં મંદ પડેલી ઇશ્વરી દ્રષ્ટી ખીલે છે, ત્યારે માણસજાતનું ભાન ખરેખર ઉંચાઇએ ચઢે છે. તે ચઢાણની ઉપરથી જોતાં, ધીમે ધીમે તેની નજર આગળથી ઉંચા અને નીચાં ઝાડો વચેનો તેમજ ખુલ્લા અને ઘેરા રંગ વચેના તફાવતો તથા ખુબસુરતી, આકારો, સરખામણીમાં ઉપયોગીપણાં, લાયકાત તથા પદવીના અંતરો અને રફતે રફતે ઝાડપાન, પહાડો, ઘરો, મીનારાઓ, સમુદરો, નદીઓ, અને નીચલી દુનીયા ઉપરના સઘળા જીવતા આકારો વચેના તફાવતો, એ સર્વે આંખ આગળથી નાબુદ થાયછે.

મોટા સુફી ગુરૂ જલાલુદીન રૂમી આ પ્રમાણે કહે છે:—

'દરેક માનસીક આત્માની અંદર હોય છે છુપાયલો ક્રાઇસ્ટ,
લે છે જે મદદ યા પડે છે વીઘનોમાં અશકત;
સહે છે કદી દુઃખ, યા તો થાય છે ગુનાહમાંથી મુકત;
માનસીક આત્મા ઉપરથી પડદો ઉંચકતાં સહીત,
નજરેપડશે ક્રાઇસ્ટ ત્યાં છુપાયલો નીશ્ચીત.'

સત્તા, જ્ઞાન અને સર્વવ્યાપકતા સંપુર્ણ રીતે મેળવવામાં **સંપુર્ણતા**, સમાયલી છે. એનો અર્થ એજ છે, કે સર્વ શકતીમાન, સર્વજ્ઞાની અને સર્વ વ્યાપક બનવું. કીરતારની અંદર ગુમ થવા વીના એ સઘળું કેમ બની શકે? કારણ કે બીજી રીતે લેતાં, એવા એક 'જીવ' કરતાં વધુ જીવો હસ્તીમાં આવે, અને જો એવા સર્વોત્તમ જુદા જુદા જીવો હોય, તો પછી દરેકની શકતી, જ્ઞાન, અને હાજરીમાં તફાવત ફરજયાત રાખવોજ પડે. પણ એક કરતાં વધુ સર્વશકતીમાન, સર્વજ્ઞાની અને સર્વવ્યાપક જીવ તો કદી હોઇ શકે નહીં!

હવે જયારે સંપુર્ણતાની ટોંચે પુગાય છે, ત્યારે તે પહોંચનારનો દરેક બોલ અથવા હુકમ તુરત બજાવવામાં આવે છે. ગડબડ ગોટાળામાંથી, નીયમ અને બંદોબસ્ત ફેલાવીને, "સઘળી દીશાએ રોશની પંથરાઓ!" એવો જે હુકમ ખુદાતાલા કરી શકે છે, તેજ હાલતે સંપુર્ણતાને પહોંચેલો એક માણસ જરૂર પુગે છે, એ એક ધર્મમાં ફરમાવેલી નીશ્ચીત બીના છે.

અહુરના માથ્રોને ગાથાના ઉપલા ફકરામાં **'બેમીસાલ'** મતા તરીકે ઓળખાવવામાં આવ્યા છે. જયારે એવું છે, ત્યારે આપણી વગર ખીલેલી અંતરદ્રષ્ટીથી, તેના કચરા જેવા તરજુમાને આધારે, આપણે તેની ખરી કીંમત શી રીતે આંકી શકીએ! તેની મારફતે આપણે જે પુન્ય હાંસલ કરીએ છીએ, તે આપણને ખોરદાદ અને અમરદાદ નામના બે ફરેસ્તાઓની સરદારી મેળવી આપે છે. જયારે આપણે માથ્રોબરાબર સમજી અને ગાઇને, તેમની ઉપર ખરી રીતે અમલ કરીએ છીએ, ત્યારે અહુરની ગાદીના એ બે પ્રતાપી સ્તંભો, આપણને પોતાની પાસબાની હેઠળ લે છે.

ઉપલા ફકરાનો છેલ્લો વાકય બરાબર બતાવી આપે છે, કે આ અમેશાસ્પંદો જ સરદારો થનાર છે. તેનો અર્થ એમ પણ થાય કે "પૃથ્વી ઉપરના મારા (જરથુસ્ત્રના) અમલ દરમ્યાન, હું ખોરદાદ અને અમરદાદ મેળવું."

આગલ ચાલતાં એમ યાદ રાખવું જોઈએ, કે એક ભકત જયારે અહુર સાથે ભળી જાય છે, ત્યારે અમેશાસ્પંદો તેના ચેલા કેહેવાય નહીં, અને તે માફક તે પણ તે અમેશાસ્પંદોનો ચેલો કેહેવાય નહીં. ખરૂં જોતાં સઘળા તફાવતો અને જુદાઇ તે વેળાએ બાજુએ મેલવામાં આવે છે, કારણ કે ત્યારે દરીઆવ ટીપાંમાં સમાયલો છે, અને ટીપું દરીઆવની અંદર સમાઇ ગયલું છે. હીંદુ શાસ્ત્રો પણ કહે છે, કે ઇશ્વર પોતાના ભકતોની સેવામાં ખડો ઉભો છે. જો આ આપણે ઉપર ટાંકેલા જીસસ ક્રાઇસ્ટ, ફરીદુદદીન અત્તાર અને હાફીઝના વચનો મારફતે બરાબર સમજીએ તો તેનો અર્થ એમ થાય છે, કે એક ભકતનો આતમા, જે તે સર્વોપરી સાહેબની સાથે ઐકયતામાં મળી ગયો છે, તે તે પ્રેમી કીરતારના સઘળા ગુણો અને શકતીઓ સંપાદન કરે છે.

૧૮. ઓ અહુરમઝદ, હું તુંને પુછું છું તેનો તું મને ખરો જવાબ દેવાની કૃપા કરજે. સત્યતાની મારફતે પેલું ઇનામ મેળવવાને હું કેવી રીતે લાયક થઇ શકું, કે જેને વીષે ખોરદાદ અને અમરદાદ તરફથી મને ખુલાસો મલ્યો છે,—એટલે કે મને દશ ગર્ભવંતી ઘોડીઓ અને એક ઉંટ (?) (કેમ) મલનાર છે? કે જેથી કરીને (તે ઇનામ મેળવવાની લાયકાત બતાવીને) એ બેઉ હું તુંને અર્પણ કરી શકું?

વીવેચન: સત્યતાની મારફતે માણસ જાતમાં છુપી શકતીઓ ખીલી શકે છે, તે વીષે અત્રે ઇસારો કરવામાં આવ્યો છે. "દશ હમેલદાર ઘોડીઓ અને એક ઉંટ"

ઇનામો. ખોરદાદ અને અમરદાદ.

તરીકે, ખુલાસા વીના જે હાલ ઓળખાવવામાં આવે છે, તે ઘણું વીચીત્ર લાગે છે. બેશક, એ એક નહીં ટાળી શકાય એવી મુશ્કેલી છે, કે એવા ભેદો સમજવા અથવા સમજાવવા સારૂં, કોઇ પણ એવો જરથોસ્તી આજે જાહેરમાં જણાયો નથી, કે જેણે એવી શકતીઓ ખીલવી હોય, કે જેથી કરીને એ બાબદની બાતમી તે આપણને આપી શકે. અને વળી આપણે જોઇ ગયા છીએ તેમ, બહોળું અવસ્તીક સાહીત્ય, કે જે આ બાબદ ઉપર ઘણું અજવાળું નાંખી શકતે, તેને જયારથી નાલાયક સીકંદરે આતશમાં હોમાવ્યું, ત્યારથી કોઇ પણ દીક્ષા પામ્યા વીનાનો જરથોસ્તી અભ્યાસી, તેના ગુહ્ય રસને પહોંચી વળવાને શકતીવાન થયો હશે નહિં. તોપણ ઉપલા ફકરામાં હીંમતથી સીધું કહેવામાં આવ્યું છે, કે હઉરવતાત અને અમેરેતાત, એ બે અમેશાસ્પંદો ખાતરીથી કહે છે, કે અશો લોકોને, આ ગુપ્ત શકતીઓ (સીધ્ધીઓ) બક્ષવામાં આવે છે. તોપણ જેમની ઉંચ મનશકતી ખીલેલી ન હોય, તેઓ એક ઉંચ ભુવન ઉપર ખીલેલી હોશ ધરાવનાર માણસની શકતીઓ વીશેની વાતોને હસી કાઢે છે. તેઓને જો આ બે અમેશાસ્પંદોનાં વચનો કરતાં, પશ્ચીમ તરફના લોકો અને તેમના ચેલાઓ માટે વધુ માન હોય, તો ભલે! તોપણ મકકમ ઈમાન ધરાવનારાઓ, અષોઇની મારફતે શ્રેષ્ટ હાલતો મેળવી શકાય છે, તે બદલ અહીં સ્પષ્ટ વચન આપવામાં આવયું છે, એમ સમજી શકશે. એડવીન, આરનલ્ડની 'ધી લાઇટ ઓફ એશીયા,' ૧૦ મોટા 'હાથીઓ' વીષે નીચલું બયાન આપે છે:-

"જે દશ મોટા હાથીઓએ દુન્યાને ધુજાવી, તે ડહાપણની દસ મોટી બક્ષીસો દેખાડે છે, જેના જોરને આધારે, રાજકુંવર (બુધ્ધ) પોતાનું રાજય છોડી જશે, અને સચ્ચાઇનો ફેલાવો કરી દુનીયામાં હોહોકાર ફેલાવશે." જે "દસ હમેલદાર ઘોડીઓ" વીષે ઉપલા ફકરામાં વાત આવી છે તેનો કાંઇક ખુલાસો સરખામણી કરવાથી ઉપલી લાઇનોમાંથી મલી આવશે.

વળી અવસ્તામાં આવતાં વીશેશ નામો નો એક અવસ્તાના અભ્યાસીએ કાળજીથી અભ્યાસ કરેલો હોવાથી તે કહે છે, કે તેમાં ચોકકસ બોલોને છેડે "અસ્પ" અને બીજાઓને છેડે "ગઓશ," અને કેટલાકને છેડે "ઉશત્ર" આવે છે, દાખલા તરીકે "ગુસ્તાસ્પ, કેરસાસ્પ, હબાસ્પ, દઝગરાસ્પ, જામાસ્પ, ક્ષોઇવરાસ્પ, પુરુતસ્પ; અરધસ્પ, હવસ્પ, અથવરેસ્પ, ક્રીનાસ્પ, તુમસ્પ,"-"હયુગોષ, પરશતગઓશ, યએતુશગઓશ, અવરેગઓશ"–"અરવાઓશત્ર, ફરશોશત્ર, જરથુશત્ર." તે ઉપરથી એવું અનુમાન કરવામાં આવે છે, કે 'અસ્પ' એટલે (ઘોડો), 'ગઓશ' (ગાય) અને 'ઉશત્ર' (ઉંટ) એ સઘળાં જે ધણીના નામની પછવાડે જોડાયલાં હોય છે, તેમના આત્મીક વધારાના તેઓ જુદા જુદા **તબકકાઓ બતાવે છે.** વળી 'ઉંટ' (ઉશત્ર) જરથુત્રના નામમાં પણ સમાયલું છે, ત્યારે 'ઘોડા,' અને 'ગાય' કરતાં 'ઉંટ' વધુ ઉંચ દરજજો દેખાડે છે, એવું જણાય છે. એ શબ્દો માત્ર તેમની સંસારી, અથવા રાજદવારી પદવી દેખાડે છે, એવું જડવાદીઓ માને છે. મજકુર અનુમાનથી ઉપલો ફકરો કાંઇક વધુ ખુલ્લી રીતે સમજી શકાય છે.

૧૯. ઓ અહુર, હું તને પુછુંછું, જે વીષ મને બરાબર વાકેફ કરજે. જે ધણી લાયકને ઇનામ આપતો નથી, અને (હંમેશાં) સાચી વાતો કરનારને તે ઇનામ મળતું અટકાવે છે, તેને પેહલાં શું શીક્ષા કરવામાં આવશે? (હું) જાણુંછું કે છેવટે તેને શું પરીણામ મલશે, (તેની શું હાલત થશે).

ઇનામો પહોંચવા ન દેવા વીષે.

વીવેચનઃ જે અંધકારભરી, અઘોર કર્મવાળી શકતીઓ, નેકોની ઉન્નતીના રસ્તામાં અટકાવો નાંખે છે, તેના કાર્યો બાબે અહીંઆ ઇશારો કરેલો જણાય છે. તેઓ જે ભયંકર ફેજે પહોંચે છે, તે બાબદ વીષે જેઓ એવી હઇયાતીઓમાં માનતા નથી, તેમને કાંઇપણ પરવા હોતી નથી. તોપણ ધાર્મીક લોકો માટે જાણવું સંતોષકારક થઇ પડશે, કે પોતાનાં સરજેલાં પ્રાણીઓની સરળ ઉંનતીમાં થતી ખલલનો

અટકાવ કરવા માટે, તે મહાજ્ઞાની પીતાએ કલ્પી ન શકાય એવી જાતનાં સંકટનું ધોરણ બનાવ્યું છે. એ તો બરાબર જણાયલું છે, પણ જે ઉપલા ફકરામાં ખુલ્લું કરવાની પ્રયત્ન કરવામાં આવે છે, તે એ છે, કે આ કમનસીબ બહારવટીઆઓને, તે નુકસાનના બદલામાં ઘણાં ઝડપથી પસ્તાવો કરવા જેવાં પરીણામો ખમવાં પડે છે.

૨૦. ઓ મઝદ, પવીત્ર રાજ અમલના માલેક! હું (તને) પુછુંછું, કે દુષ્ટ લોકો કઇ જાતના અને કયા પંથના તરીકે ઓળખાય છે,—એટલે કે (તેઓ) કે જેઓ આમની સામે (આગલા ફકરામાં જણાવી ગયલાં લાયક આસામીઓ સામે) લડે છે, જેમની ઉશ્કેરણીથી કરપ અને ઉસીક્ષ દુન્યાને ઉજ્જડ બનાવી દે છે, જેમની મદદને લીધે કવીઓ તદન હઠીલા બની ગયલા છે. (તે કવીઓ) આ ધરતીને (અથવા માણસાઇ શરીરને) ઉંનતી કરવામાં (આત્મીક શકતીઓ ખીલવવા માટે) સત્યના અને નેકીથી, તરોતાજગી ભરી અને મજબુત રાખતા નથી.

વીવેચનઃ **કરપો. ઉસીક્ષ. કવીઓ.** દુશમનની નીર્દય ફોજ, પ્રાણી માત્રનું ઉતમ સુખ, જે અતીશય સુખશાંતીવાળા નીયમીત સુધારા વધારામાં સમાયલું છે, તે છીનવી લઇને જે ખરાબી કરે છે, તેનો ખ્યાલ અત્રે આપવામાં આવે છે. સ્ત્રી તેમજ પુરૂષ એવી દુષ્ટ મોહીનીની જાળમાં સપડાવાથી પોતાનું તુર તેમજ જોર ખોઈ બેસે છે, કે જે બન્ને નીયમીત અને ઉતાવળાં પ્રગટીકરણના મુળ પાયા સમાન છે. જરથોસ્તી શીવાય બીજી જાતો માટે એમ ધારવું, કે તેમની માનયતા છે, કે શારીરીક તંદરોસ્તીના ભોગે આત્મીક બુધ્ધી ખીલે છે, તો તે ભુલ ભરેલું છે.ગઉતમ બુધ હંમેશા માનતો હતો કે આનંદ માટે તંદરોસ્તી અગતયનું સાધન છે. જો તમો તેના સંબંધનો ઇતીહાસ વાંચશો તો માલમ પડશે, કે કેથે પણ ખાલી શારીરીક વેદના ભોગવવામાં ફરમાવેલી જણાઇ નથી.

ખરેખરો યોગ (અહુરમઝદ સાથનો મેલાપ) કરવાની રીત વીષે બોલતાં શ્રીકૃષ્ણ જીંદગીને નીયમીત કરવા ઉપર ભાર મેલીને ''ખરેખર યોગ (ખુદાતાલા સાથનાકહે છે, કે મેલાપનો રસ્તો), જે ઘણું ખાય છે તેને માટે નથી, અથવા તો જે ઘણો અપવાસ કરે છે, અથવા તો જે ઘણે. ઉંઘે છે, અથવા તો જે ઘણો જાગે છે, તે કોઇ પણ માટે નથી. ઓ અર્જુન! જે ખાવાપીવામાં અને મોજ અને આરામમાં **અંદાજો** વાપરે છે, જે કાર્યો કરવામાં, ઉંઘવામાં તેમજ જાગૃત રેહવામાં **અંદાજાસર** વર્તે છે, તેને માટે યોગ સઘળાં દુઃખો નાબુદ કરે છે.'' (ભગવત ગીતા છઠો અધ્યાય, કડીઓ ૧૬ અને ૧૭). દીક્ષા મેળવવાની ખાહેશ રાખનારાઓ, અપવાસ પાળે છે, પણ શરીરના અપવાસ કરતાં ઘણો ચઢતા પ્રકારનો તેમનો અપવાસ છે. તેમના અપવાસમાં ખાંચો પડતો નથી. પણ ફકત આતમાના સંબંધનાં દરેક પાપથી પરહેજ રહેવાનો તેઓ અપવાસ કરે છે. એજ ફકત એવો માર્ગ છે, કે જેનાથી તેમને 'મનશની' અથવા અશોઇભર્યું મન મલે છે.

''યમ'' અને ''નીયમ'' યોગની પ્રથમના બે અવશ્યની સીડીઓ છે. તે સદાચાર અને અષોઇની સીડીઓ છે.

तत्राहिंसासत्यास्तेयब्रह्मचर्या ऽपरिग्रहा यमाः

એટલે કે અહીંસા, સત્ય, પ્રમાણીકપણું, બ્રહ્મચારીપણું અને પતીવ્રતાપણું અને લોભરહીતપણું બતાવવું તે ''યમ'' કહેવાય છે. વળી

शौचसंतोषतपः स्वाध्यायेश्वर प्रणिधानानि नियमाः

એટલે કે અષોઇ, સંતોષ, એકાગ્રચીત, વેદ (ધર્મ શાસ્ત્ર)નો અભ્યાસ અને ઇશ્વરને ભેટવાની તીવ્ર ઇચ્છા કરવી, તેને હીંદુ શાસ્ત્ર ''નીયમ'' કહે છે એ 'યમ નીયમ' વીગેરે ને નામે ઓળખાતા કાયદાઓ પાળવાથી ધર્મીષ્ટ થવાય છે. હરેક ધર્મ અથવા પંથવાળો એટલા સદાચારના ગુણો જરૂરના છે, એમ કબુલ રાખે છે. તે દીનના મુળ નીયમો જેવા છે. હવે જેઓ દીનના નીયમો ઉપર ધ્યાન આપતા નથી, અને તેમને કબુલ રાખતા નથી, તેઓ જરથોસ્તી ધર્મમાં

‘કવીઓ’ તથા ‘કરપો’ તરીકે ઓળખાય છે. કુદરતનો ભલો કાયદો શરીર અને આત્માની સંપુર્ણ તંદરોસ્તી, ફક્ત એકજ અનીવાર્ય (નહીં તોડી શકાય એવી) શરતે બક્ષે છે. તે એજ છે, કે આપણા પેગંબરો અને સોશીયંતોએ જે કાયદો આપણને બશારત પામવા પાછળ સમજાવ્યા છે, તેને સંપુર્ણ રીતે તાબે થવું. તેટલા માટે કવીઓ અને કરપોના બહારનાં, દેખાતાં જોર ઉપરથી એમ ન માની લેવું, કે વામ માર્ગે (ભંયકર ડાબા હાથ ભણીને રસ્તે) ચાલનાર પણ અષોઇના (જમણા હાથ ઉપરના) રસ્તા ખેડનાર જેટલુંજ શારીરીક બળ ધરાવી શકે છે. શરીરની સંપુર્ણ તંદરોસ્તી ધરાવવા માટે, એક માણસે મગજનું પુરેપુરૂં સમતોલપણું ધરાવવુંજ જોઇએ, તથા ‘સખાવતમાં ગતી રાખવા સાથે, ઇશ્વરની ભલાઇ ઉપર પુર વીશવાસ ધરાવીને, સચાઇની ધડી ઉપર તેણે ફરવું જોઇએ.’ આપણે ધયાન રાખવું જોઇએ, કે કુદરતના કાયદાની સામે કોઇ પણ થઇ શકતું નથી. તેટલા માટે જેમીસાલ આ શારીરીક હઇયાતીમાં તંદરોસ્તી ઇચ્છનારાઓને પુષ્ટીકારક ખોરાકની જરૂર છે, તેજ માફક નેકી, જે આત્માનો ખોરાક છે, તેની મારફતેજ આત્માનો સુધારો વધારો મેળવી શકાય છે. આપણે ઉપર જોયું છે કે ક્રાઇસ્ટે કહયું છે, કે તેની પોતાની મારફતે જવાથીજ, પરમકૃપાળુ હકતાલાને પહોંચી શકાય છે. તે વળી કહે છે, કે તે પોતેજ તે કીરતાર તરફ જવાનો રસ્તો પણ છે. તેનો અર્થ એ છે, કે તેણે પોતાપણા (અહંકાર) ને બાજુપર મુકી દીધું છે, અને કુદરતી કાયદો જે સર્વજ્ઞાની છે, અને તેટલા માટે જે પરમેશ્વર કહેવાય છે, તેની સાથે તે એક થઇ ગયો છે. અને આ કાયદા અથવા ઇશ્વરનું ખરૂં તત્વ નેકી છે. એ પ્રમાણે આપણે સુરજની રોશનીની મીસાલ ખુલ્લું જોઇ શકશું, કે ખરાં સુખનો માર્ગ, અશોઇની મારફતેજ કાપી શકાય છે.

યશ્ન ૪૫.

(તમે) જેઓ નજદીકથી તેમજ દુરથી (આવીને ડહાપણ મેળવવા ઇચ્છો છો), તેઓ, હું જે જાહેર રીતે અને ખુલ્લું કહું છું, તે ધ્યાન દઇને સાંભળો. ખચ્ચીત આ વેળાએ આ સઘળી (બાબદો) નો તમારાં મનમાં બરાબર તોલ કરો, કે જેથી ફરીથી કોઇપણ દીવસ, કોઇ દગારા પેગંબરો તમારી જીંદગીની પાયમાલી કરે નહી.

બદમાર્ગ અને ખરાબ જીભલીને લીધે, એક દુષ્ટ કુકર્મી આડે રસ્તે ઉતરી જાય છે.

ડહાપણ. તર્ક શકતીને અરજ.

વીવેચન: કાંઇ પણ વહેમ અથવા આગમચથીજ બાંધેલા વીચાર રાખ્યા વગર, સઘળા ગુપ્ત શીક્ષણ ધરાવનારા ધર્મોનો અભ્યાસ કરતી વેળાએ જે જરૂરનું છે, તે એજ ધ્યાનમાં રાખવાનું છે, કે તેમનામાં એક પણ એવો બોલ અથવા કાયદો જણાતો નથી, કે જે જ્ઞાન અને તર્કશાસ્ત્રને અનુસરતો નહોય. બેશક દગારા પાદરીઓએ દગાફટકાથી, દુનીયાની નજરમાં પોતાને વાજબી મનાવવાની મતલબથી, દુનીયામાં ફેલાયલા ધર્મોને, સત્યતા સાથે કાંઇક છુટ લેતા હોય એવા એવા ચીતાર્યા છે, એ ખરી વાત છે. એક જુઠું, વીસ જુઠાણાને જન્મ આપે છે. આવા પાયા વીનાના જુઠાણાના જવાબો, પાછળના જમાનાઓના આગલ વધેલા વખતની શોધો અને તકરારોની રોશની પડવા પછી, ટકી શકયા નહીં. તે ઢાંકવાને પાપી ધર્મગુરૂઓ વળી તાજી કુનેહબાજી વાપરવા લાગી.

પણ પેગંબરો જેવા મોટા મહાત્માઓ જેમની જોવાની શકતી સંપુર્ણ ખીલેલી હતી, અને કુદરતના છુપા ઓરડાઓના દરવાજા જેમને માટે ખુલ્લા થયા હતા તથા જેમને માટે કુદરત પોતાની પાક પવીત્ર છાતીમાં છુપાવેલો ખજાનો તથા અગણીત મહીમા, જે ફકત આત્મીક આંખો શીવાય કોઇ જોઇ શકતું નથી, તે સઘળું ખુલ્લું કરતી હતી,—તેમની પાસે માણુસાઇ મગજની

દરેક મુશ્કેલીના ખરા જવાબો હ તા. તેઓ દુન્યાની અંદર ફરેસ્તાઓનો ભાગ ભજવતા હતા, અને વળી સઘળા બાબદો વીચાર શક્તીથી ખુલ્લી કરીને દરેક ભેદ સમજાવવાને તૈયાર રહેતા હતા. તેમજ સઘળાં લોકોના મનના વીચારો ઓળખીને તેમના મનોને સમાધાન કરી શકતા હતા. અને જેઓ પોતાની કાલજીવંત, નમ્રતાભરી, અશો અને ભક્તીમાન જીંદગીથી ખુદાઇ ડહાપણની તરસ છીપાવવાને લાયક થતા હતા, તેમનેજ ફક્ત તેઓ સઉથી શ્રેષ્ટ હાલત અથવા મોક્ષનો માર્ગ જાહેર કરતા હતા.

તેટલા વાસ્તે આપણો મહાગુરૂ જરથોસ્ત ઉપલા ફકરામાં સાંભળનારાઓની અકલ અને ચપળતાને બેધડક અરજ કરે છે, અને તેમના મગજની ખાત્રી કરવાની કોશેષ કરે છે, કે જેથી કરીને આખી પેદાયશના કામના ક્રમની, મનમાનતી રીતે, તેઓ તપાસ લે. અને તેથી તેઓ કાવત્રાંખોર, એકલપેટા, અજ્ઞાન લોકો જેઓ માણસ જાતના ગુરૂઓ તરીકે સઘળી વેળાએ પોતાને ઠોકી બેસાડે છે, તેમના ખોટે રસ્તે દોરવનારા મતોથી, કદીપણ લલચાઇને પાયમાલ થાય નહીં. એવા ખોટે રસ્તે દોરવનારાઓની રાહબરી જો થોડો વખત પણ કબુલ રાખી હોય, તો નીશચીત બરબાદીનો સોદો જાણવો. એક મીનીટની ગફલતીને લીધે, વરસો અને સદીઓની મેહેનત ધુળમાં મલી જાય છે. કારણ કે, જયારે દુષ્ટ દરૂજો માણસના અંતઃકરણનો સેહેજ પણ કબજો મેળવે છે, તયારે તેઓ ઠગબાજીમાં એટલા પ્રવીણ થયલા હોય છે, કે તે તક જવા દેતા નથી. અને ત્યારે એવા વીચારો બોલો તથા કાર્યો તેઓ સુચવે છે, કે આત્માની શુદ્ધ, સ્વચ્છ, સફેદ દીવાલ ઉપર કાળા સીહા રંગનાં ઢાભાંઓ પાડે છે, જે આખી જીંદગી તુલીકમાં પણ ભુસાડી નાંખવાં મુશકેલ થઇ પડે છે. તેને પરીણામે જોકે હાલના વખતમાં દરેક રસ્તે ચાલતો ધુતારો, પેગમબરનો તથા રાહબર ગુરૂનો ભાગ ભજી બતાવવા તઇયાર થઇ જાય છે, તોપણ તેથી નીપજતી પાયમાલી અને નુકશાન જો અટકાવવાં હોય, તો મેંઢાના લેબાસમાં સજ થયલાં આવાં વરૂઓની, કેહેવાતી સરદારી સામે તપાસ રાખવા માટે, ઘણીજ ચાંપતી, અક્કલમંદ, ચોકાસીની જરૂર છે.

ઉપલા ફકરાના છેલ્લા ભાગમાં સમજાવવામાં આવયું છે, કે એક હવસી માણસ, ભાન વગર અથવા આંધળો થઇને, જે દુષ્ટ યકીન અખત્યાર કરે છે, અને ઇશ્વરની નીંદા કરનારી કપટી, ચુગલીખોર વાણી ઉચરે છે, તેજ તેની પડતીનું ખરૂં કારણ છે. એ તો સાધારણ બનાવ છે, કે અભાગ્યાં, અવીચારી લોકો, ઇશ્વર અને તેની સૃષ્ટીની રચના વીષે બેધડક પોતાના મતો ચાહે તેમ જાહેર કરે છે. અને ત્યાર પાછળથી પણ એવા પોતાના નીર્જીવ મતોનો, બીન આધારપણાના તો હીમતમાંથી બચાવ કરવા માટે, તેમને વળગી રેહે છે. હમેશાં મગરૂરીની પાછળ ખોહવારીનું પૈડું ખેંચાય છે, અને એ રીતે તેમની પુરેપુરી પડતી આવે છે.

લોકો ભલા વીચાર અને ભલાં કામોનાં બળ વીષે હાલ ચોપડાઓ ભરીને લખાણો કરે છે. પણ નેકીના સનમાર્ગનું તાજ જે સાંચું મન, સત બોલી, અને નેક કાર્યોના રતનોનું બનેલું છે, તેમાં ભલા બોલો, વચ્ચો વચ્ચે મઢેલાં જોહર સમાન છે. મન અને બળ એ બે કરતાં અગત્યતા અથવા કુદરતમાં, વાણી થોડેકજ દરજજે ઉતરતી છે. આવા નીંદાખોર જમાનામાં દરરોજ સહવારને પહોરે, સંખયાબંધ નયુસપેપરો પોતાના હંમેશના ભાતભાતનાં નયુસના ચીથડાંઓથી, હજારો ભયભીત અને ત્રાસદાયક અનીતી સુચવનારાં વાંચનોનો ફેલાવો કરે છે, કે જે વગર ઢાંકે અને વગર અચકવે, વરસોના વરસો સુધી, શેહેરના સઘળાં નરનારીઓ તેમજ નાનાં કુમળી વયના બાળકોમાં સાધારણ વાતોમાં પ્રસરે છે. એવી વાતારણમાં આ 'નેક વચન'નો માર્ગ કાપવો કેટલો મુશકેલ છે, તે સમજી શકયે છીએ.

ઉપલા ફકરાના છેલ્લાં બે વાકયોનો નીચે મુજબ અર્થ પણ થઇ શકે, અને તે નવું અજવાળું નાંખે છે. "વળી હમણા પણ

ખરેખર તમે સઘળાઓ સ્પષ્ટ રીતે સર્વજ્ઞાની થશો, (અને) બદ ખસલત આપનાર (શીખવનાર) દુષ્ટ પાપીઓ, જબાંદરાજીથી આડે રસ્તે દોરવાઇને, ખોટાં યકીનથી, બીજીવાર માણસાઇ હઇયાતીની પાયમાલી કરશે નહીં."

૨. સૌથી પેહલે તો (હું) સૃષ્ટિની બેઉ મીનોઈ શકતીઓ વીષે તમને સમજ આપું છું. કે જેઓમાંની એક વધુ આબાદી ફેલાવનારી શકતી, બીજી તંગાસ ફેલાવતી શકતીને, આ પ્રમાણે કહે છે, કે "આપણા વીચારો, સલાહો, સમજ શકતીઓ, રીતભાતો, બોલો, કામો, અંતઃકરણો (અથવા) આત્માઓ, એમાંનાં એકકે પણ એક બીજાંને મળતાં આવતાં નથી, (અથવા એકેકને પ્રતીઉત્તર વાળી શકતાં નથી)."

અકેકથી ઉલટા ગુણો ધરાવતા બે મીનો.

વીવેચનઃ બળવાન શકતીઓ જગતને પોતાની મજબુત બાથમાં ઝાલી રાખે છે, એ મુખ્ય બાબદ તો આપણી નજર આગલથી ગુમ થઇ જાય છે. આપણી સાથ સરખાવતાં તેઓ બેઉ અતીશય જોરાવર છે. બેઉ પોતપોતાની તરફેણની દલીલો રજુ કરી શકે છે. જો ખાલી મગજની ચપળતાજ છેવટનો ચુકાદો આપી શકતી હોય, તો વગર ખપની ભેજાંની ઝાંખી રોશનીથી, આપણા અંતરના અંધકારમાં સામો વધારો થાય! દરેક જાતની હલકાઇ અને એ કલપેટાઇ દુન્યામાં જાયજ છે. આ દુન્યાના તખ્તા ઉપર બેઉ બાજુ ભજી બતાવવામાં આવે છે, તેમાં મુખ્ય કરીને આ કલ્યુગમાં કાળી બાજુનું જોર વધારે જણાય છે. ત્યારે તો આપણું તે બળની હસ્તીની સામે બોલવું ફોકટ છે.

આ ધાંધલ ધરપચના દીવસોમાં સેંકડો, બલકે હજારો ડાહયા તરીકે ખપતા લોકો, દરેક જાતના પાપને મંજુર રાખતા માલમ પડશે, એમાં કાંઇ શક નથી. તોપણ આવા લોકોના પંજામાં નીદોષો ખાલીપીલી સપડાઇ જાય છે, કારણકે તેઓ એવી કલ્પીત માન્યતા ધરાવે છે, કે જાહેરમાં લોકો જે આબરૂ ધરાવે છે, તેવાજ તેઓ બાતેનમાં પણ હોવા જોઇએ.

રોશની અને અંધકાર એ બે શકતીઓ કદી પરસ્પર દોસ્તી કરી શકતી નથી. "પ્રકૃતીની જાત અને આત્માનું તેજ કદી પણ એકમેકને મલતાં થઇ શકે નહીં. બેમાંના એકે હઠી જઇને ગેબ થવુંજ જોઇએ, કારણ કે બેઉ એક જગામાં રહી શકે નહી."

ઉપલા ફકરાના આવા ખુલ્લા ખુલાસા છતાં, લીસી જબાનવાળા, ધંટી તેના ગીત ગાનારાઓ, આપણને દુન્યાની રીતે, અંતઃકરણના અવાજને સમજાવી લેવા જે શીક્ષણ આપે છે, તે બેહુદું છે. બદીમાં મધ્યમતા વાપરવાની કોઇપણ આપણને ખોટી ભલામણ કરે, તો તે ઉપર ધ્યાન આપવું નહીં. કારણ કે કોઇ પણ જાતનો દુર્ગુણ, તેને થોડામાં થોડા પ્રમાણમાં બતાવવાથી પોતાની બદ ખાસીઅત ગુમાવતો નથી. જેમકે એક તોલા જેટલોબી ડામર લઈશું, તો તે એક ટન કરતાં કાળાસમાં અથવા મેલાસમાં ઓછો કાળો અથવા મેલો જણાશે નહીં, અને બહોળા દરીઆવમાંના એક પ્યાલામાં પણ, આખા દરીયાનાં પાણી જેટલોજ ખારાસ જોવામાં આવે છે.

૩. તે સર્વજ્ઞાની મઝદ અહુરે સઉથી શ્રેષ્ટ (જાણવા લાયક) શું છે, તે બાબે મને જાહેર કર્યું છે, જે હું તમોને ખુલાસાવાર સમજાવું છું. (તે એ છે કે) તમારામાંના કોઇ પણ, જે આ માંથ્રના હુકમને માન આપીને હું જાહેર કરૂં છું, તે રીતે વર્તશે નહીં, તેની જીંદગી આખેર બરબાદ થશે.

અહુરે પ્રસીધ્ધ કરેલા ધર્મ તરફની બેદરકારી માટે શીક્ષા.

વીવેચનઃ મઝદ અહુરે જે માંથરો જરથુશત્રને જાહેર કર્યા છે, તે ઉપર ઘણો જ ભાર મેલવામાં આવયો છે. આતો ફક્ત સુધરેલી (!) રીત પ્રમાણે, ધર્મને જંગલી વખતોના પરીણામ તરીકે તુચ્છકારથી જોવામાં આવે છે, તેની સામે વાંધો અને દલીલ છે.

જરથુશત્ર સાહેબની પછી હઈયાતી ભોગ

વી ગએલા જીસસ ક્રાઇસ્ટે એવી સલાહ આપી છે, કે બેહેસ્તના રાજયને લાયક બનવા માટે, દરેક જણે બચ્ચાં સમાન થવું જોઇએ. પોતાના વાહલા માતપીતા તરફની એક બચચાંની નીર્દોષ પ્રેમભરી, વીશ્વાસથી ભરપુર, દ્રઢ તાબેદારી ઉપર લક્ષ રાખો. ભાઇઓ તમે વીચાર કરો, કે જો આપણી માફક બેહદ શંકા, ધાસ્તી, અવીશ્વાસ અને તુચ્છકારથી એક બાળક પોતાના કુદરતી સુધારા વધારાનો અટકાવ કર્યાજ કરે, તો મોટી વયના તીક્ષણ ભેજાંઓમાંથી બહાર પડતા તરેહવાર નવા વીચારો, યોજનાઓ અથવા કલ્પનાઓ, જે નાહાન બચ્ચાંઓ ઝડપથી ઉપાડી લે છે, અને એ પ્રમાણે પેહેડી દર પેહેડી જે સુધારો વધારો પુર ઝડપે આગળ વધતો ચાલે છે, તેનો શું ઝટ છેડો ન આવે? જુવાન ભેજાંઓ શીક્ષણ ચટ ઉપાડી લે છે, જયારે તેમના ઘણાક ઉમરે પુગેલા સાથીઓ, દરેક નવીન જ્ઞાનની પ્રકાશીત રોશનીની હઇયાતી તરફ, મગરૂરીથી આંખ વીચે છે. જે જડવાદી અંધકારનો મોજો, ગઈ સદીના છેલ્લા ભાગમાં દુનયા ઉપર ફરી વળયો હતો, તેની પાછળ તુરતજ એક બીજો જબરો મોજો આવયો, કે જે આતમીક જીંદગીના પાણીઓને લેતો આવયો છે. તેથી માણસના આંસુઓથી બનેલા દુ:ખના બહોળા દરીઆવના પાણી, મીઠાં બનવા પામયાં છે. તેનું આગમન જો કે ઢોલ તાસાના અવાજથી જાહેર કરવામાં આવયું છે, તોપણ કેટલાક મગરૂર લોકો, જેઓ પેલા અંધકારના મોજા વેળાએ હરોળમાં હતા, તેઓ અને તેમના ચેલાઓ માને છે, કે તેમના જુના વખતનાં ખયાલો કરતાં વધુ આગળ, દુન્યા કદી પણ ચાલશે નહી. આપણે ધ્યાન રાખવું જોઇએ, કે આ ફકરામાં જણાવ્યું છે, કે અહુરમજદે પોતે જરથુશત્રને પોતાનાં માથ્ર પહોંચાડયા. તેથી ધર્મ વહી (revelation) થી મળયો એવું સાબીત થાય છે.

૪. હું તમને (તેને) વીષે ખુલ્લી રીતે કહું છું, જે આ દુન્યામાં નેકીની મારફતે ભલાં મનનો, સઉથી સરસ, ઉદયોગી પીતા છે, જેની દીકરી ભલાં કાયો કરવાવાળી (સ્પેંન્ત) આરમઇતી છે, તે મઝદ (માટે હું કહું છું કે) જે સઘળી બાબદોનો જાણનાર છે, અને જેણે આ (ધર્મ અને માથ્ર) બક્ષયાં છે. (તેને સારૂં હું જાહેર કરૂં છું તે એજ છે કે) અહુર દરેક ચીજ જુએ છે અને તેને કોઇ પણ ઠગી શકશે નહીં.

અહુર સર્વોત્તમ, સર્વ વ્યાપક, ઠગી ન શકાય એવો, અને તેની દીકરી આરમઇતી.

વીવેચન: અત્રે દેખીતા ખુદા અહુરના[1] ગુણો દર્શાવયા છે. અલબત તે સર્વ વ્યાપક છે. પણ આ ફકરામાં જે બીજા ગુણનો તેને મુળ પીતા ઠેરવવામાં આવે છે, તે ઉદયોગ અથવા ચપળતાનો ગુણ છે. પ્રકૃતી જડ, સુસ્ત, અને અંધારી છે; જીવાત્મા ચપળ અને તેજસ્વી છે. જયાં પણ કોઇબી બહાનાં હેઠળ, આળસાઇ થાય છે, ત્યાં પ્રકૃતીનો અમલ ચાલે છે, અને જીવાત્મા સંકોચાઇ જાય છે. બેશક બહારના દેખાવો ઉપરથીજ ખાલી મત ઉચરવું ન જોઇએ, કે અમુક માનવી તામસીક છે કે સાત્વિક. કેમકે, એક કવી અથવા અભ્યાસીમાં જયારે શરીરને લગતી સુસ્તી જોવામાં આવે છે, ત્યારે તે બુધ્ધીવીષયનાં ઉંચ ભુવન ઉપર જબરી ચપળતા દેખાડતો હોય છે. વીચારશકતીની પેલીમેર, અનેક ભુવન ઉપર ભુવન આવેલાં છે, અને જેમ શારીરીક અંધારણ કરતાં વીચાર શકતી ચઢતી છે, તેટલાંજ પ્રમાણમાં વીચારથી ચઢીઆતાં તે ભુવનો છે. એ ઉંચ ભુવનો ઉપર બજાવેલાં કાર્યો વધુ આવકારદાયક છે, કારણ કે તેઓ હંમેશાં દુન્યવી કાર્યો કરતાં અધીક બળવાન પરીણામો નીપજાવી શકે છે.

દરેક બાબદમાં સરખામણી કરવી હોય, તો દરેક કાર્યથી આનંદ અને સુખ કેટલું નીપજે છે, તે ઉપર ધ્યાન કરવું જોઇએ. પણ સાધારણ રીતે તો

---

૧. જુઓ અવસ્તામાં અહુરમજદ નામના જુદા જુદા અર્થો વીષેનું આ બુકમાં આગળ આવી ગએલું પ્રકરણ.

દરેક કાર્યનું તોલ ઉંધીજ રીતે, ખાલી બહારની ધાંધલ ધરપચ, ખોટી ખોટી ઉતાવલ અને દોડાદોડી, કે જે તાકાતની ફોકટ બરબાદી કરે છે, તે ઉપરથી થાય છે. લડાઇના મેદાનોમાં અથવા તો આત્મીક રણભુમી ઉપર જે સરદારો હોય છે, તેઓ ઘણાજ સ્વસ્થ અને શાંતપણાથી ઉદ્દયોગ કરનાર અને કામ લેનારા હોય છે. માર્કસ એરેલીઅસ જેવો મહાન રાજકર્તા, દીવસના ખુનખાર લડાઇના મેદાનમાં સરદારી ચલાવતો હતો, ત્યારે પણ રાત્રે ઉચ્ચ ભાનમાં મશગુલ રહતો હતો. આ બહાદુર રાજવંશીના શાંત સ્વસ્થપણાનો આપણને સંતોષકારક ખ્યાલ મેળવવા માટે, એના ચીંતનોનાં લખાણો આપણી પાસે મોજુદ છે. ફ્રાન્સના નેપોલીઅન પેહલાએ ઘણીક ભયંકર લડાઇઓમાં પ્રખ્યાત જીતો મેળવી હતી, તે વેળાએ લડાઇમાં ગુતાયલા તેના નીમકહલાલ શુરા સીપાહીઓને તે શાંતપણે હુકમો આપતો હતો, અને સામસામા ચાલતા તોપોના મારાની વચે પણ, પોતાના શીહાગીરી બતાવતા સીપાહીના જેટલોજ જોખમ તે શાંતીથી ખેડતો હતો. આળસુ લોકો બહુ કરીને ધાંધલ્યાં હોય છે. ત્યારે **ખરા સાચા ઉદ્દયોગ** તથા ચપળતાની અગત્યતા સમજીને આપણા અંતકરણના અંદરના ભાગમાં **ઉદ્દયોગ** બોલનો મુદ્રાલેખ, સોનેરી હરફે લખવો જોઇએ.

ત્યારબાદ ભલાં મનની વખાણ આવે છે. તેવું મન ભલી રીતભાત અને નમ્રતા ઉત્પન કરે છે, જેઓની ઉપર મુવક્કલ આરમઇતી છે. ભલું મન હોય તો ભલાં કાર્યો, દીવસ પાછળ રાતની પેઠે નીપજવાંજ જોઇએ. આપણને વધુ ખબર આપવામાં આવી છે, કે મઝદે પોતાના સર્વ જ્ઞાનને આધારે માંથરો આપ્યા છે. માથરોના તરજુમાથી થતી મોટી મદદને આપણે મંજુર રાખીએ છીએ. પણ ખુદાઇ માંથરોને ખુદને તરજુમાઓ કરવા બાદ, અભડાઇ ઉપર નાખી શકાય નહીં.

છેવટે, આગલા ફકરામાં જણાવયું છે, કે માંથરેનો અનાદર કરનારાઓનો નાશ થશે, તેનું કારણ અહીં આપવામાં આવતું છે, કે અહુરને કદીપણ ઠગી શકાતો નથી.

૫. ધર્મનો બોલ, જે સૌથી મોટી આબાદી ફેલાવનારાએ મને બક્ષયો હતો, અને જે સાંભળવાથી લોકોને ઘણોજ ફાયદો થાય છે, તે હું તમને જાહેર કરૂં છું. જેઓ મારાં ફરમાનને તાબે થશે, અને આ (મજ્દા) ઉપર ધ્યાન આપશે, તેઓ સંપુર્ણતા તથા અમરગી મેળવશે.

વળી તેમના અશો મનને લીધે, મઝદ અહુર (તેમને દેખાશે.)

જ્ઞાન. વહિ.

અષો મન.

વીવેચનઃ સઘલા ધર્મોનો પાયો ચુસ્ત યકીન, અને દરેક ધર્મમાં ફરમાવેલી આજ્ઞાઓના ઉપચાર ઉપર રચ યલો છે. જ્યારે આ ફરમાનો એકચીતથી, ખરાં અંતકરણથી, પુરેપુરાં ધ્યાનથી બજા લાવવામાં આવે છે, ફકત ત્યારેજ ફતેહ મેળવી શકાય છે. સહેજપણ વખત ફોકટમાં ગુમાવવાની માનવીને છુટ નથી, કારણકે ઇંદ્રીઓ વશ કરવા સારૂં પોતા ઉપરનો સંપુર્ણ કાબુ, આવી સખત જીંદગીથીજ મેળવી શકાય છે, અને જ્યાં સુધી તે કબજો મેળવાતો નથી, ત્યાંસુધી અધ્યાત્મીક (spiritual) જ્ઞાનના પ્રકાશની આશા રાખવી વ્યર્થ છે. જો તમારામાં હીંમત હોય, અને એ રસ્તે જવાની કાળજી હોય, તો કોઇપણ ધર્મમાં બતાવેલે રસ્તે ચાલો, અને તમારી મેહનતનો લાયક બદલો મેળવી શકશો. જો તેમ નહીં કરવા ચાહતા હોવ, તો પછી ભલે અજ્ઞાન અને દુઃખી દશામાં પડી રહો.

૬. જે સૌથી ઉંચી પદવી ધરાવે છે, તેને વીશે, હું જાહેર કરૂં છું (અને) તેની અશોઇને માટે હું તેની વખાણ ગાઉં છું: જે (પોતે) કૃપાળુ ડહાપણ ધરાવે છે, (તેમ વળી) તેઓ (તેના અમેશાસ્પંદો પણ) ધરાવે છે. મઝદ અહુર આબાદી ફેલાવનારા મીનોની મારફતે (આપણી બંદગી) સાંભળશે, જે મીનોની વખાણ એક અશો મનથી ગાવામાં આવે છે પોતાના સર્વોત્તમ ડહાપણની મારફતે તે મને શીખવશે.

અહુરની તથા (સ્પેના)મીનોની વખાણ.

વીવેચનઃ અત્રે અમેશાસ્પંદોની શકતીઓની તપાસ કરવામાં આવે છે, અને (સ્પેના) મીનોને તેમની ઉપર મુકવામાં આવે છે. તોપણ સ્પેનામીનો શ્રેષ્ટ અહુરમજદ નથી[1] અને આ મીનોની મારફતે, અહુરમજદ આપણી બંદગી સાંભળે છે, એમ કહેવાયલું છે. ત્યારે તો એ બેઉ અકેકથી જુદા છે. ફકત એક અશો મનજ મીનોની લાયકાત પીછાણે છે, અને તેની સ્તુતી કરે છે. જરથુસ્ત્રને અથવા દરેક બંદગી કરનાર જરથોસ્તીને ખાત્રી આપવામાં આવી છે, કે અહુરમજદના સર્વોપરી ડહાપણમાંથી તેને ધર્મ વીષંનું શીક્ષણ મળશે. ગુપ્ત વીદયા, પણ બરાબર એમજ શીખાડે છે. સ્પેનામીનોનું એટલે વીશ્વ આત્માનું, હીંદુ શાસ્ત્રોમાં આ નીચે પ્રમાણેનું, સુંદર વર્ણન કરવામાં આવ્યું છેઃ–

સઘળી આ જગત છે બ્રહ્મ,
સઘલું જે જીવે છે, હાલે છે, મરે છે.
લઇ જન્મ તેનામાં, ભોગવી હઇયાતી તેનામાં,
તે ઉંચ પરમેશ્વરમાં આવે છે તેમનો અંત.
વાવેતર જેવું વાવે છે માણુસ જાત,
કાપણી તેવી થાય છે તેને હાથ.
સદગુણ કે પાપમાં જીવે છે તે જેમ,
જન્મ તે ભવીષ્યમાં લે છે તેમ!
તેજ (ખોદા) છે જીંદગી અને શ્રેષ્ટ જ્ઞાન,
તેજ છે સચ્ચાઇ અને પાક રોશનીનું ધામ.
આત્મા તેનો પ્રસરે છે, બધી દુન્યા માંહે,
પણ અણદીઠ જે છે, નજરની બાહેર.
લે તેનાથી જન્મ પ્રવૃતી અને કાર્યો દરેક,
મુળ તેજ છે, ઇચ્છા અને પ્રેરણાનું હરેક.
શાંત અને ભાન સાથે રહી ગુપચુપ,
કરે છે આલીંગન સર્વનું, હેત સાથે તે ખુબ!
તે–જે છે મારા અંતરનું ખરૂં તેજ;
અંતકરણ અને મગજનો આવેશ ખરેજ,
વસ્તુ તે છે સહુથી બારીકમાં બારીક વધુ,
તીણા દાણાનો છે તે ખરો ગર હજુ;
તે–જે છે મારાં જીગરનું ખરૂં તેજ,
પૃથ્વી અને આકાશ કરતાં વીશાળ જે છેજ;
જમીન તેમજ દરીઆવ કરતાં બહોળું વીશેષ,
ઉંચા જીવન કરતાં જે છે વધુ શ્રેષ્ટ.
લે તેનામાં જન્મ, પ્રવૃતી અને કાર્યો દરેક,
મુળ તેજ છે ઇચ્છા અને પ્રેરણાનું હરેક.
શાંત અને ભાન સાથે રહી ગુપચુપ,
કરે છે સર્વનું આલીંગન હેત સાથે તે ખુબ!
તે–જે છે મારાં અંતરનું ખરૂં તેજ,
તે જે છે જગતની આખેરની આશય–
છોડી જઇશ જયારે હું આ નાશવંત ધરતી,
પાંખો મારા આત્માની જઇ મળશે તેને ઉડતી![2]

૭. આ સખાવતી લોકો, જેઓ હઇયાતી ભોગવે છે, હઇયાતી ભોગવી ગયા છે, અને હવે પછી હઇયાતીમાં આવશે, તેઓ તેનાથી ખરેખર ફાયદો ચાહે છે. નેક માણસોનો આત્મા, અમરગી માટે તરસે છે, જયારે પાપીઓને ઘણી હાડમારી વેઠવી પડે છે. આ કાયદાઓ પેદા ના કરનાર મજદ અહુર (પોતાની) સત્તાને આધારે (સ્થાપયા છે.)

સખાવતનો બદલો અમરગી.

વીવેચનઃ ખોરદેહ અવસ્તામાં અને યજસ્નેમાં કેટલેક ઠેકાણે જણાવવામાં આવ્યું છે, કે જેણે સહુથી ઉત્તમ જીંદગી ગુજારવી હોય તેણે સખાવત[3] કરવી જોઇએ. સખાવત દેખીતી રીતે મનની, અંતકરણની અને જબાનની થઇ શકે છે. અલબત જેઓ પાસે દોલત હોય તેઓ ધનથી સખાવત કરી શકે છે. બીજા ધર્મો પણ સખાવતને, ઉછાળા મારતા દરીઆ, તોફાની પવનો, ફાટતી દુન્યા, અને ઘણાજ ભયંકર આતશથી પણ વ

૧. આ બાબદ વીષે જુઓ આગળ ગએલો "અહુરમજદ નામના જુદા જુદા અર્થો" બદલનો બાબ.

૨. રોમેશચંદર દત, સી. આઇ. ઇ. ની ઇન્ડીઅન કવીતા.

૩. જુઓ હપતન યસ્ત કરદો ૧, ફકરો ૮) મો. જુઓ યજસ્ને હા. ૪૦–૪,૫૨–૩,૫૮–૪.

ધુ બળવાન જણાવે છે. તે અજીત છે. હાલના જરથોસ્તીઓએ આ ઉદાર ગુણને ઘણી સરસ રીતે ગ્રહણ કરી લીધો છે. અને આપણા ધર્મના કેટલેક દરજજે પડી ભાગવા છતાં, પોતાના ભાઇઓ તરફના આ અમીરી પ્યારને લીધે, અસંખ્ય આસપાસના વસનારાઓ જેમનામાં તેઓ ચટ ભેળાઇ જતે, તેઓની વચમાં, જરથોસ્તીઓ સદીઓ થયાં ટકી રહયા છે. સઘળા મહોટા ધર્મો સંપુર્ણ પ્યાર, ડહાપણ અને બળ, એ માણસ જાતની છેવટની નેમ છે, એવું શીખાડે છે. આમાંના પેહલા દર્શાવેલા **પ્યારને** ગૃહણ કરવા માટે સખાવત અવશ્યની છે.

ઉપલા ફકરામાં સખાવત પછી અશો લોકોનાં આત્માની હંમેશગી માટેની, દુર ન કરી શકાય એવી અભીલાષા, પ્રેગટ કરવામાં આવી છે. આ ઉપરટપકેની, છાલકી, કેળવણીનાં દીવસોમાં, ફેશનની ફીશીયારીમાં ગુંટાયલાંઓ, આપણને એવું મનાવવા માંગે છે, કે પુરૂષોને અથવા બઇરાંઓને કોઈને પણ, અમરગી જેવું કાંઇ જોઇતું નથી. કાલ ઉઠીને તો આપણને એમ પણ કહેવામાં આવશે, કે હવાએ ફુંકવાનું બંધ કર્યું છે, પાણી ભીનાસ કરતું બંધ થયું છે, અને આતશે બળવું મોકુફ કર્યું છે. પણ કુદરતનાં મુળોએ સ્વભાવની અંદર બહુ ઉંડાણમાં જડ ઘાલેલી છે, તે ભુલવું જોઈએ નહીં. ત્યારેજ ઉપલો ફકરો આપણને ઉપદેશ આપે છે, કે અહુરનો નીર્માણ કરેલો કાયદો એમ છે, કે નેક દીલોમાં અનન્ત હઇયાતીની મહત્વેચ્છા ઉત્પંન થશેજ. વળી ખુદા સામે ભલાઇને ભોગે, બુરાઇથી પૃથ્વી ઉપર ભોગવાતી મોજો વીષે આળ મુકવામાં આવે છે, તેનો જવાબ ઉપલા ફકરામાં આપયો છે, કે બુરાઓને ખરેખર બહુ સખ્તી ખમવી પડશે. આપણી ટુંકી દ્રષ્ટી, જે વખતના બહોળા દરીઆના ફકત એક પરપોટા જેટલુંજ જાણી પીછાની શકે છે, તે સઘળી ચીજોના જાણનાર તે માલેક, અત્રે જે સત્ય જાહેર કર્યું છે, તેની સામે થવાને તદન અશક્ત છે.

૮. આપણે બંદગીના ગીતોથી, **તેની** સ્તુતી ગાવા ઇચ્છીએ છીએ, કારણકે (રસ્તો) જાણવા પછી, નેકીની મારફતે હું તે ભલી વાચાના, ભલાં કાર્યો કરનારા, ભલા જીવોના તે સર્વજ્ઞ મઝદ અહુરને **'ખુલ્લી રીતે જોઉં છું'.** આપણે ગરો નેમાનમાં તેની સ્તુતીઓ અનામત મુકીશું.

વીવેચન: જરથુસ્ત્રને **અશોઇની** મારફતે રસ્તો મલ્યો. તે રસ્તેથી જતાં તીક્ષણ નજરે જોવાથી તેને સૃષ્ટીનો મહાન ગુરૂ દેખાયો. ત્યારપછી તે દયાળુ અને બળવાન પીતા, જેણે મોઢેમોઢું અને પાધરા મળવાની તેની સઉથી પવીત્ર ખાહેશ પાર પાડી, તેના પ્યારના ગીતો તે ન ગાય તો બીજું શું કરે? ઉપલા ફકરાના બોલો તપાસશો તો માલમ પડશે, કે તે કૃપાળુ મેહેરબાનને **'ખુલ્લી રીતે જોવાના'** બાબદ ઉપર મોટો **ભાર** મેલવામાં આવયો છે.

૯. તે સાહેબ કે જેણે આપણું ભલું (ઇચ્છીને અથવા) કરવા માટે સુખ અને દુઃખ સરજયું છે, તેની મરજી પ્રમાણે બજા લાવવાને આપણે અશો મનથી આરજુ રાખીએ છીએ. આપણા નેક મનનાં ભલાં ડહાપણને લીધે, મઝદ અહુર (પોતાની) સત્તાને આધારે, આપણને શકતી બક્ષે, કે જેથી કરીને, આપણા શુરવીરોને તથા ઢોરોને આબાદ બનાવ્યે.

અહુરની મરજી થવીજ જોઇએ. સત્તા માટે પ્રાર્થના.

વીવેચન: અહીંયા ખુલ્લેખુલ્લા બોલોમાં કહેવામાં આવયું છે, કે **સુખ તેમજ કંગાલીઅત,** ખાસ આપણાં ભલાંને માટેજ સરજવામાં આવયાં છે. ત્યારે આ ડહાપણભર્યા નીયમના તત્વના ઉંડાણમાં આપણે ઉતરવું જોઇએ. એ બાબદ ઉપર આપણને આ પ્રમાણે જણાવવામાં આવે છે. માણસો બચ્ચાંઓ સમાન છે. આ પૃથ્વી તેમની નીશાળ છે. મોટા પેગંબરો તેમના ગુરૂઓ છે. તેમનો નીશાળનો વખત અહીંની નીચલી દુનયા ઉપરની

આખી મુસાફરી અથવા જીંદગી છે. જગતમાં જે પાઠો તેઓ શીખે છે, તે મરજી અથવા બળશકતી, ડહાપણ, ચપળતા અથવા પ્યારની સંપુર્ણતાને પહોંચવાનો ઉત્તમ હુન્નર છે. આપણામાંનું કોઇપણ સીધું જઇ શકતું નથી. લાલચ બતાવીને માયાનો મોહ લગાડનાર શેતાન, પોતા તરફ આપણને વારંવાર ખેંચે છે. તે દુષ્ટ કુકર્મીની ફુસલાવણીથી દુર રેહવાની આપણી નબળી કોશેષો થોડીકજ વેળાએ ફળીભુત થાય છે. તેના પરીણામમાં આપણાં ખોટાં કર્મોનો બદલો અને આપણી નેક કરણીનો બદલો, જીંદગીમાં અવારનવાર પામ્યે છીએ. તોપણ લક્ષ આપવું જોઇએ, કે દુ:ખ આપણને બીક આપીને ખોટે રસ્તે જતાં અટકાવે છે, અને સદગુણ તરફ દોરવી લઇ જાય છે.

"શાંત અને સ્વસ્થ આબાદીની મોસમમાં, ધર્મ તરફની ઉત્સાહનો સદગુણ, કવચીતજ નજરે પડે છે."

"વીપત્તીમાં ધર્મનો ઉત્સાહ ખીલે છે. ભયના વખતમાં ઉતસાહ તેજ થાય છે, અને ત્યારે કીર્તીવંત કામો કરવા માટે જાગ્રત થાય છે." સંકટ માટે બેમોંટ જે કહે છે, તે અત્રે સરખાવવું જાણવાજોગ થઇ પડશે. તે કહે છે કે, "ખ્રીસ્તી ગુણો ખુશબોદાર અત્તરો જેવા છે, જેઓ જેમ વધુ આપદાઓમાં દબાય છે, તેમ વધુ મધુર પમરાટ આપે છે." દુ:ખ માત્ર એક શીક્ષકની નેતર સમાન છે. વધુ બીગાડ થતો અટકાવવાને માટે તે નેતર જોશથી અને ચાલુ વાપરવામાં આવે છે તે દુ:ખ એક એવો અચુક રખેવાલ છે, કે જે સઘળી ભુલચુકો બદલની વખતસરની ચેતવણી આપણને આપે છે. તે નેતર શીક્ષકની સમાન, માયાની જાળમાંથી ખરો મુકતી પામવાનો રસ્તો દેખાડે છે. ઇશ્વરની મરજીને આધીન થવુંજ જોઇએ, એવા પુર ભાન સહીત જયારે ખોદાવંદતાલાની મરજીને નમીશું, ત્યારે પેલી નેતરનો મારો બંધ પડશે. એક મોટો પ્રધાન, એક વડો સેનાપતી, એક દરીયાઇ લશકરનો વડો, એક વડો ન્યાયાધીશ, એ દરેક ખુશી થાય છે, કે દુન્યાઇ તાજ પેહેરનારની સેવા બજાવવાનું તેને સોંપવામાં આવ્યું છે. ત્યારે શું માણસાઇ આત્માજ ફકત પોતાના અચલ સરદારની તાબેદારી ખુશીથી ઉઠાવવાને ના પાડશે? એક માણસ જે પણ સતા ધરાવે છે, તે કુદરતના કાયદાને ચાલાકીથી માન આપવાને લીધેજ છે. ત્યારે જો આત્માની શકતી વાપરવાને તે ઇચ્છતો હોય, તો આત્માના કાયદાઓને બેશક તેણે નમવું જોઇએ. અને ધર્મ આ કાયદાઓને જાહેરમાં રજુ કરનાર શાસ્ત્ર છે.

ઉપલા ફકરાને છેડે આપણે બંદગીને સારૂં જોર ઇચ્છયે છીએ, કે જેથી કરીને વેહેતી નદીની માફક, આપણી મારફતે આપણા ભાઇબંધો તરફ, આપણા આશીરવાદો પહોંચી શકે. એના કરતાં વધુ પાક અથવા ઉમદા ઇચ્છા કઇ હોઇ શકે?

૧૦. આપણે નમ્ર ભકતીભાવથી તેની પ્રાર્થના કરીએ છીએ, જેના અનહદ પ્રતાપને લીધે સર્વવ્યાપક તથા જીંદગીના બક્ષનાર તરીકે ઓળખવામાં આવે છે, (અને) જેણે અપાઇ અને પવીત્ર મનની મારફતે તેને (જે નેક માણસ વીષે ઉપલા ૭ માં ફકરામાં બોલવામાં આવયું છે, તેને) માટે પોતાના રાજયમાં સુખ અને અમરગી નીર્માણ કર્યાં છે; અને (મઝદ અહુર) તેને હમેશા જોર તથા શકતી બક્ષતો રહે છે.

વીવેચનઃ નમ્રતાનો સદગુણ ભકતીની બાબદમાં ઘણોજ અવશયનો છે. આપણને એવું કેહેવામાં આવે છે, કે તે સાહેબની શકતી અપાર છે, જોકે આપણાં સાંકડાં મગજો તેની સીમા બાંધવા હમેશ તત્પર રહે છે.તે સઘળું જાણનાર અને જીંદગીનો બક્ષનાર છે. સદાનું રાજય તેનુંજ છે. એકવાર ફરીથી આપણને કેહેવામાં આવે છે, કે અશોઇથી સુખ અને હંમેશગીનું ભાન મેળવી શકાય છે. પોતાના અશો ભકતને માટે, તે દયાળુ કીરતાર હમેશા જોર મોકલે છે. મોત આવે ત્યાંસુધી તે ઇનસાનથી વેગળો રેહતો નથી. ભકતીભાવ આજકાલ કમી થઇ ગયો છે, માટેજ તેની નજદીક જવાનું સાધન ગુમાઈ ગયું છે. જો આપણે તે પાછો સજીવન કરશું, તો કુદરતનો કાયદો આગળની માફક અગાઉ જેવાં

પરીણામો નીપજાવવાને, આપણને શક તીવાન કરશે.

૧૧. જે માણસ દેવદરૂજોને અને નીચ લોકો જેઓ ધીકકાર બતાવે છે, તેમને ધીકકારે છે, અને જેઓ તેના તરફ (ઉપલા ૭ માં ફકરામાં બોલાયલા નેક માણસ તરફ) અને કુશળ સોશીયંતો તરફ, ખુદાના પવીત્ર ધર્મની મારફતે માનની નજરથી જુએ છે,–તેનો **મઝદ અહુર દોસ્ત, સાથી અને પીતા** છે. આવા (લાયક) શખ્સોથી (દેવો અને સાધારણ પ્રકૃતીના લોકો) તદન જુદા છે.

વીવેચનઃ ડરાઇડનની કવીતાની લાઇનોનાં ઉંડા ડહાપણનું મુળ અહીં દેખાઇ આવે છેઃ

દુર્ગુણ એ છે, એવો એક ગુણ,
દેખાવ જેનો ફકત
આપેછે ધીકકાર જબુન.
દર્શન વારંવાર થતાં તેનાં,
પડેછે ઓળખ ભારી,
નાખતી કરી, દયા કરી,
લઈયેછ બાથમાં મારી.

જ્યાં સુધી આપણાં દીલના ખરા જોશથી અને કરડાઇથી, દેવો એટલે માણસોના દુશમનોને, તથા હેવાનીયત ખસલતના અધર્મી, વીષયી લોકોને, આપણી નજદીક આવવા દઇશું અને તેમનાથી વેગળા જઇશું નહીં, ત્યાંલગી આપણા દઇવીક પીતા સાથે મેલાપની આશા રાખવી ફોકટ છે. આવી અનીષ્ટ બાજુએથી એક ઘડીભર પણ, કોઇએ એ જાતના લાભની અથવા તો ભવીષ્યની જીંદગીની આશા બાંધવી, ફોકટ છે. દુનયાની ઠગબાજી અને અપવીત્ર નાપાકીમાંથી છુટા થવાનો ફકત એજ રસ્તો છે, કે તેમની ચાલચલણ તથા નીતીરીતી સાથનો આપણો સબંધ તો વેહવાર બંધ કરવો. નેક માણસો તથા સોશીયંતો જેઓ ખુદાતાલાના પ્રતીનીધી જેવા છે, તેમના તરફ માન બતાવવાનું પણ તેટલુંજ અગત્યનું છે. આ પ્રમાણે જો થશે તો મઝદ અહુર પોતે, પોતાના યકીનદાર ચેલાને, મદદનો હાથ આપશે, અને તેના દોસ્ત તરીકે, તેમજ તેના બાપ તરીકે, તેની નજદીક ખડો રહેશે. મજદ અહુર સાથનો આવો **ઘાડો સંબંધ**, કે જે કૃપાથી બક્ષવામાં આવે છે, એમ ઉપલા ફકરામાં સ્પષ્ટ રીતે જણાવયું છે, તે કાંઇ ઢોંગસોંગ અથવા ભુલચુક હોઇ શકે નહીં. દુન્યવી તર્કશાસ્ત્રની તકરાર, આ અશોઇ મારફતે મેલવાના કીરતાર સાથના 'નીકટ સંબંધ' ને કોઇપણ દલીલોથી ઉડાવી દઇ શકશે નહીં.

જેમનો મજદ અહુર એક દોસ્ત તથા મુરબ્બી થાય છે.

યસ્ન ૪૬.

૧. (હવે જયારે) મારાં સગાંઓ અને ચેલાઓ મને છોડી ગયાં છે, ત્યારે હું કઇ બાજુએ જાઉં? કઇ દીશા તરફ મારે રસ્તો લેવો? દેશના ફીસબી લોકો તેમજ પાપીઓ જેઓ જુલમાટ વર સાવે છે, તેઓ મારી મરજી સાચવતા નથી. (ત્યારે) ઓ મઝદ અહુર હું તને કેમ ખુશનુદ કરી શકીશ?

વીવેચનઃ જે પેગંબરના જનમ આપવામાં મોટા અમેશાસ્પંદોએ મદદ કરી હતી, તે પેગમબર આ ક્ષણભંગુર બેવફા દુનયાનાં ખોટારાંને અનુભવે છે, ત્યારે તેને પોતાની અશોઇ તથા ઉંચ વીચારોની, દુનયામાં એકલવાઇ હાલત, જણાઇ જાય છે. તેના હલકા અને નીચ ચેલાઓની ધીરજ ખુટવાથી, જયારે તેઓ તેને છોડી જાય છે, ત્યારે પાંદડાં વીનાના પાનખરરૂતુ મોસમના ઝાડની માફક, તે એકલો ઉભો રહે છે, અને તયારે હંમેશની માફક, તે પોતાના મહાપ્રતાપી ગુરૂને અરજ કરે છે. તે ફરીઆદ કરે છે કે માણસો દોલત મેળવવા પડયા છે, તેઓ અને કુકર્મી દુષ્ટ લોકો, જેઓ મનુષ્ય જાત ઉપર જાસ્તી ગુજારે છે, તેઓ બધા તેના શીક્ષણ ઉપર ધયાન આપતા નથી. તે ત્યારે સવાલ પુછે છે, કે આવી વેળાએ કુદરતના તે ખાવીંદની મરજી કેવી રીતે સાચવી શકાય, અને જણાવવા માંગે છે, કે એ કામમાં દેખીતો ફાયદો મેળવવામાં તેની નીષફળતા, ધર્મ તરફની તેની બેદરકારીને લીધે છે, એમ લેખાવું જોઇએ નહી.

અહુરને રાજી રાખવાની કોશેષમાં મળતી નીષફળતાની નીરાશી.

૨. આ જાણવા પછી ઓ મઝદ મને નાસીપાસી ઉપજી છે. (અથવા મને માલમ પડયું છે, કે હું મઝદને લાયક નથી.) મારાં સાધનો થોડાં છે, અને તે ઉપરાંત મારી સાથના ભાવીકોનું (ગોહયાઓનું) ઘણું નાનું મંડળ છે, જેથી ઓ અહુર! આ (હાલત) તરફ તારી કૃપાળુ નજર ફેંકવાની હું તને નમ્રતાપુર્વક અરજ કરૂં છું. (અને) એક દોસ્ત જેમ બીજા દોસ્તને સધીઆરો આપે, તે મીસાલ તારી પાસે હું દીલાસો માંગું છું. અશોઇ અથવા અશની મારફતે ભલાં મનની આશ્રય (મેળવવા) માટે તું મને શીક્ષણ આપ.

આજીજીભરી પ્રાર્થના. મઝદ મીત્ર તરફથી દીલાસો માંગવો.

વીવેચનઃ ક્રાઇસ્ટને પણ એવીજ પીડામાં આવી પડેલો બતાવવામાં આવે છે. તેને પણ પોતાની નીરાધાર હાલત માટે, એજ માફક અતી દુઃખ ઉત્પન થયું હતું, કારણ કે જે પ્રજાઓને તે ઉંચ હાલતમાં લાવવા ઈચ્છતો હતો, તેઓ જયારે પોતાનીજ હઠીલાઇથી પોતે દોષીત ઠરી, દુખ અને હાંદેસાઓ વેઠતા હતા, તેનો તે વીચાર કરતો ત્યારે તેને ઘણું દુઃખ થતું હતું. હીંમત અને દીલાસા માટે ક્રાઇસ્ટ અને મહમદ પેગમબર પણ પોતાના ખોદા તરફજ મુખ ઉંચું કરતા હતા. વળી પવીત્ર અને બુધ્ધીશાળી જરથુશત્ર પણ સંકટની વેળાએ, પોતાના દોસ્ત મઝદની રહેમ નમ્રતાપુરવક રીતે માંગી લેતો હતો. તો પણ યાદ રાખવું જોઇએ, કે તે ક્રાઇસ્ટની માફક પછે઼ો ઉઠતો નહતો, કે "ઓ ઇશ્વર તેં મને શાને માટે તજી દીધો છે?" પરમકૃપાળુ દેવ સાથની તેની સગાઇ તથા તેની પદવીનું તેને મોટી વીપતીમાં પણ ખુલ્લું ભાન રહ્યું હતું, અને ધીરજ તથા મીહાસની લાગણી સાથ, સંતોષ ભાવનાથી, દીલાસાને માટે તે ઉપલા ફકરામાં તલબ કરતો જણાય છે. જે કાંઇ પણ બને છે, તે મઝદ જે સઘળા કાયદાનું મુળ અને રાહબર છે, તેના હુકમથી બને છે.

૩. અશોઇની દુન્યા (અશોઇનું ધામ અથવા ક્ષેત્ર)ની આબાદીને માટે ઓ મઝદ! સોશીયંતોનું (રૂષીઓ અને ગુરૂઓનું) ઉંચ જ્ઞાન, જે (હમણા પણ) રસ્તાખેજના આખેરના (છેવટના અત્યંત શાંતીના) દીવસના જેવીજ રોશની પાથરે છે, તે આકાશમાંથી અદભુત (બળવાન) અવાજો સાથે કયારે આવશે?

ભલાં મનથી કરીને તે કોણુની મદદે ધાશે ? ઓ અહુર ! હું તને મારા ગુરૂ તરીકે કબુલું છું.

વીવેચન: "ઓ મઝદ ! તેઓ કે જેઓ દીવસની રોશની ફેલાવનારા છે, તારા લોકોના કાયદાને ટેકો આપનારા છે, તથા આગલ વધવાવાળા નમુનેદાર શીક્ષણ આપનારા, ડાહાપણભરી યોજનાઓ રચનાવાળા તારકો છે, તેઓ કયારે આવશે ? ભલા મનની સેવા બજાવનાર પણ કોણુની પાસે સહાય આપવા સારૂં જાય છે ? અહુર તને હું મારા શીક્ષક ગણીને શોધું છું !" આ ડોકટર એલ. એચ. મીલ્સનો ઉપલા ફકરાનો કવીતા રૂપી તરજુમો છે.

ઉપલા ફકરાના પહેલા ભાગનો આ પ્રમાણે તરજુમો પણ થઇ શકે, "ઓ મઝદ દીવસોની રોશનીને વધારનારી ચતુર શકતીઓ, સોશીયંતોના સંપુર્ણ મતોથી, 'અશ' ની (અથવા નેકીની) હઇયાતીને ટેકાવી રાખવા માટે, કયારે બહાર આવશે ?"

અત્રે ભાનની સર્વથી ઉંચ હાલત વીષે બોલવામાં આવે છે, કે જે ભાન આકાશી અવાજો સાંભળવા પછી શરૂ થાય છે. અમર સત્ય શીખવવા કાજે ઉંચ ભુવનો ઉપર સાંભળવું અને જોવું અવશયનું છે. પ્રગટીકરણનો ભલો અને મહાન કાયદો આપણને "રસ્તા બેજ"ના દીવસના, દુરના બનાવ સુધી લઇ જાય છે, જયારે સંપુર્ણ રીતે પાક તેમજ પ્રતાપી થઇને, માણસ જાત ઇશ્વરી દરજાને, તેની સઘળી સત્તાને, સર્વ જ્ઞાનને તથા સર્વ વ્યાપકતાને પહોંચી જશે. તે ડહાપણ ફકત 'રોશની' ફેંકે છે, એમજ બોલી શકાય છે. કારણકે આ સ્થુલ ભુવન ઉપર આત્મ જ્ઞાનની પધરામણીની સરખામણી રોશની શીવાય બીજી કોઇપણ વસ્તુ અથવા ગતી સાથે થઇ શકે નહી. આપણને શીખવવામાં આવ્યું છે, કે ઉપલો કાયદો સદીઓ અને યુગો પછી પણ, નીશ્ચીત રીતે, આ નીષ્કલંક હાલતે આ

સોશીયંતો. અદભુત ચમત્કારીક અવાજો. અહુર ગુરૂ તરીકે.

પણને પહોંચાડે છે ખરો. પણ વળી આપણને વચન આપયું છે, કે ખાસ મેહેનત લીધાથી, ઘણાંજ ટુંક વખતમાં પણ તે હાલતે પુગી શકાય છે. એ બેમાના પેહેલા રસતાની ચઢાણ આસ્તે આસ્તે, ગોળઓળ લઇ જઇને આપણને, ખડક વાળે મથાળે પહોંચાડે છે. જયારે બીજો રસ્તો તદન પહાડી, સીધો અને બીકટ છે, અને તેની ઉંચી શીખર ઉપર જવાને સારૂં, ફકત ઘણાજ મજબુત મનવાળા અને હીંમતવાન છાતીવાળા લોકોજ હામ ભીડી શકે. હવે ઉપલા ફકરામાં જરથુશત્ર આ બીજા રસ્તા માટે બોલતો હોય એમ જણાય છે. સત્યતાની મારફતે પહાડી ટેકડી ઉપર ચઢવાની કોશેષને, તે ગુરૂ "અશોઇના મુલકોની આબાદીના" સાધન તરીકે લેખે છે. જરથુસ્ત્ર અને દરેક જરથોસ્તી એવા દીવસ માટે રાહ જુએ છે, જયારે અશોઇની મારફતે દરેક ચેલાને રોશની મળશે, જે રોશની સોશીયંતો અને કૃપાળુ મહાત્માઓ, અભીલાષી ચેલાઓ ઉપર ફેંકે છે, તથા જે પ્રકાશ, માણસ જાત ન ઉચરી શકે એવા ઉંચ આકાશીક અવાજો સાથે, ઉતરી આવે છે.

ઉપલા ફકરાના બીજા ભાગમાં 'તે' સર્વ નામનો અર્થ રેવરંડ ડોકટર મીલ્સ 'સોશીયંતોનો સરદાર' તરીકે કરે છે.

જરથુસ્ત્ર અહુરને પોતાના એક દોસ્ત અને સગા ઉપરાંત ગુરૂ તથા રાહબર તરીકે અહીં જાહેર કરે છે. હાલના વખતના અવસ્તાના કેટલાક અભયાસીઓનું ગમે તે મત હોય, તોપણ મહાગુરૂ જરથુસ્ત્રના આ ખુલ્લા બોલોને કાંઇ તેઓ મચડી મોડીને, પોતાના આગળથી બાંધી રાખેલાં મતને અનુકુળ બનાવી શકશે નહીં. તે અભયાસીઓ પોતાના પેગમબરની પદવીને ઘણેક દરજજે ઉતારી પાડીને, પોતાની બરોબરની સંફમાં તેને મુકી, તેઓ પોતાને મોટા આસામીઓમાં ખપાવવા માગે છે. આવા સુધરેલા (!) વખતમાં નમ્રતા, માણસજાતની નામોશીભરી નબળાઇ તરીકે, પોતાનું ગરીબ નીરાભીમાન સર છુપાવે છે !

જરથોસ્તીઓના અમર્ગ સોશીયંતોના

નામો નીચે મુજબ છેઃ- ૧. હોમ (જુઓ યજસ્નેનો હા ૯,૧) ૨. કએખુશરૂ (પુર્વની પવીત્ર ચોપડીઓ ૧૮-(૨૫૫); દાદીસ્તાની દીનીક, જે અત્રે આ પેહલાં ૨ થી ૮ અને ૧૪થી ૨૦ નામોનું વર્ણન કરે છે; આફ્રીને પેગમબર જરથોસ્ત્ર અને પેહલવી આશીરવાદનો, સ્પીગલનો ફકરો છઠ્ઠો), ૩. પેશોતન, શાહ ગુસ્તાસ્પનો છોકરો, (વીસ્તાસ્પ યસ્ત ફરગર્દ ૧ લી, ફકરો ૪ થો; ડાર્મસ્ટેટર અને અસ્પંદીઆરજીની યજશ્ને તરજુમાં સાથે, પાનું ૩૭૦.)— ૪. યસ્તો ફ્રીગાન અથવા ગોસ્પંદાન (ફરવરદીન યસ્ત ફકરો ૧૨૦), ૫. યકયુસદ, ગોસ્પંદાનનો ભાઇ (ફરવરદીન યસ્ત ફકરો ૧૧૦), ૬. ફ્રાયક્ષતો (જુઓ એજ યસ્તનો ફકરો ૧૩૮), ૭. અશવઝંગ (જુઓ એજ યસ્તનો ફકરો ૧૧૨.) ૮. અગ્રેરથ અફ્રાસીઆબનો ભાઈ (જુઓ એજ યસ્તનો ફકરો ૧૩૧.) ૯. ઉર્વતત નર, જરથોસ્તનો એક દીકરો (ચેથો!) (જુઓ એજ યશ્ત ફકરો ૯૮મો), ૧૦. નરનીસીંગ, જમશેદનો ભાઇ, ૧૧ તુસ, નોડરનો દીકરો, ૧૨ ગોદરેજનો દીકરો ગેવ, ૧૩ હબઇર્ઝ અથવા બેરેઝદ. (જુઓ ફ્રવરદીન યશ્ત ફકરો ૧૦૧, અને બુનદેહેશ પુર્વની પવીત્ર ચોપડીઓ, વોલ્યુમ ૫, ૧૧૫ થી ૧૨૦, જે ૯ થી ૧૩. સુધીના આ નામોનું વર્ણન કરે છે.) ૧૪. રોચસ ચશમનો, ૧૫. હવરે ચશમનો, ૧૬ ફ્રાધત ખરેનંધો, ૧૭. વીદત ખરેનંધો, ૧૮ વોરૂનેમંધો, ૧૯. વોરૂશવંધો, ૨૦. અસ્તવત એરેત (૧૪ થી ૨૦ સુધીના ૭ સોશ્યંતો, ફ્રવરદીન યસ્તમાં ફકરા ૧૧૮ મા વર્ણવેલા છે). અને તેઓ અનુક્રમે અરેઝહી, સવહી, ફ્રદધફ્શુ, વીદધફ્શુ, વોઉરૂબરેશ્તી, વોઉરૂઝરેશતી અને ખનીરથ-બામીમ એ સાત ભાગો,—જે અવસ્તા પ્રમાણે 'દુનયા'ના સાત વીભાગો છે, અથવા જેમ કેટલાકો કહે છે તેમ 'સુર્ય મંડળ'ના દેખીતા અને અણદીઠ 'ભુવનો' છે,—તેમની ઉપર વડા ધર્મગુરૂઓ (દસ્તુરો) તરીકે નીગેહબાની રાખે છે.

નાયબદસ્તુર રૂસ્તમજી એદલજી દસ્તુર પેશોતન સંજાના, અવસ્તામાં જરથુશ્ત્ર અને જરથુસ્ત્રીઅનીઝમના પાના ૧૩૦ થી ૧૩૨ માં કહે છે, કે "અવસ્તાહ રૂષીઓ આપણને કાંઇ એટલાંજ વચનથી સંતોષ પમાડવાની ઉમેદ રાખતા નથી, કે આ નીચલી દુનયાના ખોટારાં, ગેરઈનસાફ, દુઃખો, અને નીરાશીઓ માટેનો આવતી ભવીષયની જીંદગીમાં આપણે માટે ઉમદા બદલો, હવે પછીના બેહેસ્તના રેહેઠાણથી અને ત્યાંની કીર્તીવંત બક્ષીસોથી આપવામાં આવે છે. તેજ પ્રમાણે તેઓ ફકત એટલુંજ કહીને ખામુશ રેહતા નથી, કે મરણ પછી આપણે અહુરમઝદના રાજમાં જઇશું, જ્યાં સઘળાં નુકશાનોનો ઇનસાફ થઈને, ગરીબો પૈસાદાર જેટલાજ સુખી બને છે. પણ જેમ આપણે યસ્ન ૩૧.૬, ૩૨.૬, ૪૧.૮, વીગેરેમાં વાંચીએ છીએ, તેમ તેઓ આપણને દુનયામાં જે બને છે તે સારાને કાજેજ છે, એવો ઘણોજ સધ્યારા ભર્યો ઉમદા વીચાર આપે છે. અને તેઓ કહે છે, કે એક રીતે માણસજાત આ પૃથવી ઉપર ખુદ અહુરમઝદનુ પોતાનું રાજય [Kingdom of Heaven] સ્થાપી શકે છે, કે જેથી આ શારીરીક જીંદગીમાં પણ તે રાજય તે અનુભવી શકે; એટલે કે તે જીગરની અંદર, જીંદગીમાં, કુટુંબમાં, શહેરમાં તથા દેશમાં ખુદાતાલાનું રાજય સ્થાપી શકે."

"આ રાજઅમલ સ્થાપનારાઓ મઝદાઓસ્ય અહુરાઓંધો, સોશીયંતો, રતવો, જરશત્રોતેમાઓ તરીકે ઓળખાય છે. ખરૂં જોતાં તેઓ સુધારો કરનારાઓ, ઉન્નતીએ ચઢાવનારા, સુધારકો છે, જેઓ દુન્યાને તેમજ તેમાંની ચીજોને સુધારીને સરખે રસ્તે મુકે છે, અને પોતામાં પણ સુધારો કરીને ખરો રસ્તો પકડે છે. મુખ્યત્વે કરીને ગાથાઓનો[1] તથા ફ્રવરદીન અને જમ્યાદ યસ્તોનાર[2] કેટલાક ફકરાઓમાં

---

૧. યસ્ન ૧૩. (૩); ૩૦ (૯); યસ્ન ૩૧. (૨ અને ૪); ૩૪. (૧૩), ૪૩ (૧૪); ૪૬ (૩); ૪૯ (૮).

૨. યશ્ત ૧૩. (૧૭. ૩૮. ૧૨૮. ૧૨૯. ૧૪૦. ૧૫૪ અને ૧૫૫); યસ્ત ૧૯, (૨૬-૪૦. ૯૨-૯૬).

તેમને સર્વથી જ્ઞાની, પ્રકાશીત વીચારના, સર્વથી સત્ય વાણી ઉચારનારા, સર્વથી વધુ સહાયકારી, હમેશાં અહુરમજદની સરદારી હેઠળ સેવા બજાવવાને તત્પર, લોકોની વચમાં તેનાજ કાયદા સ્થાપનાર, તથા નીરાશી અને જુઠાણું દુન્યામાંથી નાબુદ કરીને, સત્યતાના નીયમને આગળ વધારનારાઓ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ ફકરાઓ ખુલ્લું દેખાડે છે, કે સઉથી પેહેલાં જનમ લીધેલા માણસ ગયોમર્દથી ચાલતી આવેલી માનવીજાતની સઘળી ઓલાદોમાં, આવા માણસો **આવી ગયા છે, અને ભવીષ્યના જમાનાઓમાં** પણ આવવાનું તેઓ **ચાલુજ રાખશે**. વળી આ રીતે જ્યાં સુધી સઘળા સોશીયંતોમાંનો છેવટેનો અસ્તવત એરત દુનયાને સંપુર્ણ નવા પાયા ઉપર મુકશે, ત્યાં સુધી સોશયંનતો આવ્યાજ કરશે. ત્યારબાદ અહુરમઝદનો દએન (કાયદો) થોડા વખતની હાર પછી, સંપુર્ણ ફતેહ મેળવશે; તથા દુનયા તદન એવી રીતે ફેરવાઇ જશે, કે તેની સઘળી બદીઓ જાહેર રીતે પીછાણવામાં આવવા પછી, ધીકકારથી મારી હઠાવવામાં આવશે, જેથી તેઓની હૈયાતી નાબુદ થશે.[1] દુન્યાનું સર્વ જુઠાણું અને જબરદસ્તી, સઘળી તલબ અને હોંશ, ભુખ અને તરસ, સઘળી કંગાલીઅત તથા દુઃખ હમેશ સારૂં તદન નાબુદ થઇ જશે. અવસ્તાના આ લખાણોમાં વૃદ્ધી કરવાની મુખ્ય શરત જ્ઞાન છે, તે બાબે જે ઇસારો કરવામાં આવ્યો છે, તે કેટલો અગત્યનો છે! ભવીષ્ય માટે જે વચન આપવામાં આવયું છે, કે દુન્યા અને તેની ઉપર સત્તા ભોગવતો માણસ વૃધ્ધીમાં (એટલે પ્રકટીકરણમાં) આગળ વધયાં જાય છે, અને છેલ્લે સરવાળે તે પ્રકટીકરણ સંપુર્ણ થશે, તે વચન કેટલું મહાન અને ખુશાલી આપનારૂં છે?"

૪. એક પાપી માણુસ જે ખોટી રીતે બળ વાપરીને કુકર્મોથી જીંદગીની પાયમાલી કરે છે, તે અષોઇના મદદગારોના વધારાની છુટમાં, અને શહેરના તથા દેશના ઢોરોનાં છુટથી આગળ વધવા માટેની હીલચાલમાં, અટકાવ નાંખે છે. ઓ મઝદ! જે કોઇ તેને આ રીતે જુલમ કરતો અને સત્તા ચલાવતો અટકાવે છે, તે ઢોરોનો છુટકો કરે છે અને પવીત્ર બુધ્ધીનો રસતો (મોકળો કરે છે).

પાપીઓ તથા પાયમાલી કરનારાઓનો અટકાવ.

વીવેચન: જે કોઇ જીંદગીનો નાશ કરે છે, તે ઉપલા ફકરા પ્રમાણે પાપી છે. ફકત માણસાઇ જીંદગીજ કીમતી છે, અને જાનવરી જીંદગી કાંઇ બીસાદમાં નથી, એવો કાંઈ ભેદ અહીં જણાવયો નથી. અહીંસા જે સઉથી બળવાન અને સઉથી પાક સદગુણ છે, તથા જેનું પ્યાર અને સ્વભોગ સાથ જોડાણ થવાથી, ખુદ બેહેસ્તના દરવાજાઓ ખુલ્લા થાય છે, તેની જેટલી તારીફ કરીએ એટલી થોડી છે. "જે મીસાલ બીજાંઓને આપણી સાથ વર્તવા ચાહતાં હોઇએ, તે માફક તેમની તરફ વરતવું,"[2] પછી ગમે તો તે માણસ જાત હોય અથવા તો તે બીજું પ્રાણી હોય. એ આ અહીંસાના સદગુણનો ફકત એક ભાગ, અમલમાં મુકવા બરોબર છે. ખોટી ખરી ઠગબાજીથી બસ સત્તા અને પઇસો મેળવવાની હાલની, દોડાદોડી ભરી ઘેલછાઇ અને હરીફાઇ, જેમાં પશ્ચીમ તરફના મુલકો આંખ વીંચીને ઝીપ લાવે છે, તે વેળાએ 'કરકસરભરી જરૂરી આત', તદન લાયકનોજ જીવવાનો હક, છુટથી હરીફાઇ, 'ધંધાનું છુટાપણું' અને એવી જાતની બકવા, કે જેથી લાખો લોકોની પાયમાલી થઇ છે અને થતી જાય છે, તેવા મોટા મોટા બોલોના સાહયા હેઠળ, અહીંસાની ઉમદા ખુબી ઢંકાઇ ગઇ છે. અતીશય મોટા મોટા મીલ્કતોને લગતાં ત્રસ્ટો, જંગી હડતાલો અને તોફાનો, ખુદ "સુધરેલાં (!)" દેશોના કેળવાયલા મથકોના મુખ્ય ભાગમાં દેખાતી ઘણીજ ભયાનક કંગાલીઅત, એ

---

૧. યસ્ત ૪૩.(૬); ૩૦.(૯); ૩૪.)૧૩); ૪૬.(૩). યસ્ત ૧૯.(૮૯–૯૬).

૨. Do unto others as you would have them do unto you

સઘળાં દેખાડી આપે છે, કે પઇસાદારો ગરીબ લાચારોને તરેહવાર રીતે સતાવી, તેમની જીંદગીના ભોગે ધનદૌલત પેદા કરે છે.

૫. સત્તા ધરાવતા કુકરમીઓને કદી પણ મદદ કરશો મા, અથવા તો તેઓ તરફ (તેમનાં પાપ બદલ) જરાબી મહેરબાની દેખાડશો મા. નેક તથા અશોને તમારાં સગાઓ તરીકે લેખજો. દુષ્ટ હરામીઓને (તેમની ધારણા પાર પડાવવા માટે) જે મદદ કરે છે, તેને બદકાર ગણવો જોઇએ, અને જે નેક તથા સાલેસ લોકોને મદદ કરે છે તેને ભલો લેખવો જોઇએ.

સત્તા ધરાવતા દુષ્ટ લોકોને મદદ. અને નીતીવાન સત્યવાદીઓ.

વીવેચનઃ વખતને નમીને ચાલતી, ખુશામતી સભ્યતા, જે 'સત્તા ધરાવતાં' (અથવા પઇસો ધરાવતાં) પાપીઓ તરફ બતાવવામાં આવે છે, તેની સામે આ અચુક ફરમાન આપવામાં આવયું છે.

બળવાન પાપીઓને દોઢ ગાઉ દુર રાખવા જોઇએ, તથા તેમની સત્તા દાબી દેવી જોઈએ. કારણકે ધર્મમાં આવતા એક ચેલા વીષે કોનફ્યુસીઅસ એટલેવેર કહે છે, કે "પાપીઓ તરફ જોવું, અને તેમને સાંભળવા એ દુષ્ટતાની શરૂઆત કરેલી કહેવાય!" શું અસલની કેહતી આ નથી કે,–'ખુદાતાલા અને પઇસાના દેવ એ બેઉને એ કીવારે તું પુંજી શકશે નહીં?'

૬. બળ હોવા છતાં જે (ભલાંની મદદે) જતો નથી, તે ખરી રીતે બદપેદાયશનો એક લાગતોવળગતો ગણાવો જોઇએ. કારણ કે "જે પાપીઓનો ધણો મદદગાર થાય છે, તે પાપીજ છે, અને જે નેકને ચાહે છે, તે નેક છે." ઓ અહુર! આ પ્રમાણે તેં ધર્મના **પેહેલા કાયદાઓ** ઘડયા છે.

વીવેચનઃ હાલના વખતમાં એક ધણીને કેવા શખસો સાથે દુન્યવી કામ પાડવું પડે છે, તે વીચારવાને સારૂં તે એકપળ પણ થોભતો નથી. એમ કરવાનું તેને મનથી ફ તેહના 'કુદરતી' (!) રસ્તામાં નડતળ નાખવા સમાન છે. કામકાજમાં અથવા રાજદવારી બાબદોમાં તે કોણ સાથ દોસ્તી બાંધે છે, તેની તે પરવા રાખતો નથી. જો તેની મતલબસરી, તો પછી તે એક લેશભાર પણ આવી દરકાર કરતો નથી.

પ્રીય બંધુ! યાદ રાખજો કે અહુરે પોતાના ભલા કાયદાઓના **મુળ પાયા તરીકે** નેકો તરફનો ઉત્સાહપુર્વક પ્યાર અને અપવીત્રાઇથી વેગળાપણું મુકરર કર્યાં છે. "એક દયાના કામમાં સુસ્તી દેખાડવી, એ અધમ પાપમાં ચપળ ભાગ લેવા બરોબર છે."

૭. ઓ મઝદ! જયારે એક ખરાબ માણસ મને હેરાન કરવાની હીંમત કરે છે, ત્યારે મારી તથા મારી સાથવાળાઓની સંભાળ લેવા માટે તેં કોણને નેમ્યો છે? તારા આતશ (કે જે મગજ કરતાં વધુ ઉંચ શકતી છે,) અને મન,–કે જેનાં કામો પણ ઓ અહુર! નેકીનો વધારો કરે છે, એમના શીવાય બીજું કોણ (મ્હારી સંભાળ લેશે)? ધર્મને (વધારવાને) સારૂ એ જ્ઞાન (સમજ) મને બક્ષ.

વીવેચનઃ જે નુકસાન બાબે અત્રે ધ્યાનથી તપાસ કરવામાં આવે છે, તે આત્મીક છે. અંતરઆત્મા અને તેની સાથના જોડાયલા તેના કરતાં ઉતરતી પંકતીના માનવીનાં મીનોઈ શરીરનાં તત્વોને ધોકો પહોંચે છે. 'આતશ' નામનો માનવીનાં મીનોઇ શરીરનો એક ઉંચ તત્વ એવો છે, કે પ્રગટીકરણને જે તબકકે આપણે હાલ છીએ, તે તબકકા ઉપર તેની ખીલવણી કવચીત જ થઇ શકે છે. જે માફક સ્પર્શની લાગણીમાંથી જોવાની ઇંદ્રી પ્રગટ થઇ છે, તેવીજ રીતે મનની અંદરથી તે આતશી તત્વની પણ ખીલવણી થાય છે.

આતશ અને મન બચાવ કરે છે.

આંખ બંધ કરીને સ્પર્શશકતી વાપરવાથી મારવા પડતાં ગોતાની સાથે, જો આંખે જોવાની શકતીની સરખામણી કરશું, તો તે કેટલી મોટી અને જબરદસ્ત ખીલેલી જણાશે? તે જોવાની ઇંદ્રીની બારીકીથી તપાસ કરતાં, માત્ર તર્કશકતી અને કલ્પના શકતીથીજ તે ઉતરતી માલમ પડશે! આવો મોટો મહાસાગર જેવો તફાવત આપણાં સ્થુલ મન તથા જે આતશ ભવીષ્યમાં માણસ જાત રફતે રફતે ખીલવશે, તે બેની વચમાં છે.

હવે ઉપલા ફકરામાં અહુરને પોતાનો ગુરૂ તરીકે કબુલવામાં આવ્યો છે, કે જે આપણને ઉંચ તત્વો ખીલવવામાં મદદ આપે છે. મન તથા આતશ એ બેઉનાં ભેગાં મળીને કાર્ય કરવાથી નેકીનો વધારો થાય છે.

છેવટે ઉપલા ફકરામાં જ્ઞાનના વધુ પ્રકાશ માટે પ્રશ્ન કરવામાં આવ્યો છે, કે એક પાપી માણસનાં હુમલાઓ સામે અંતર આત્માનો તથા તેનાથી ઉતરતાં માન વીનાં તત્વોનાં બચાવ માટે, કોણુને રાહબર તરીકે નેમવામાં આવ્યો છે ?

ઉપલા ફકરાના પેહેલા ભાગનો આપણે નીચે પ્રમાણે પણ જાણવાજોગ તરજુમો કરી શકીએ "લુચ્ચો મારી સામે કીનો લેવાની મતલબથી કરડી નજરે ઘુરકતો હોવાથી ઓ મઝદ ! તારા, આદરના (આતશના) અને બેહેમનના શીવાય, જે (આદર અને બેહમનના) કાર્યો મારફતે અશોઇની આબાદી થાય છે,–તેઓ શીવાય મારા શીષ્યોને શું રક્ષણ આપી શકાય ?" આ "કેમના મઝદા" ના દરરોજ ભણાતા કલામના શરૂઆતનો ફકરો છે. દરેક જરથોસ્તીએ કોણુની પાસે મદદ ચાહવી અને મદદની આશા રાખવી, તે એ ફકરા ઉપરથી સમજાય છે.

૮. જે કોઇપણ મારા કબજાની મતાને નુકસાન કરવાનો ઇરાદો રાખે છે, તેના ગુસ્સાનો આતશ નીષ્ફળ નીવડશે, અને તે મારી ઉપર અસર કરી શકશે નહીં, કારણકે તેના કાર્યો બદ છે. (એથી ઉલટું) તેનું પ્રતીકૂળ વેરભાવ સાથે તેની ઉપરજ ઓચીંતું આવી પડશે, અને તેના શરીરને દુઃખથી નહીં, પણ સુખથી દુર રાખશે. દરેક (એવી શીક્ષા તેને) પશ્ચાતાપ સાથે (મળશે.)

વીવેચનઃ દુષ્ટતાની શકતી દુરબળ છે, અને ઇનસાફ પોતાનાં કાર્યમાં બીલકુલ ચોકસ છે. એ મકકમ કાયદા વીષે અત્રે ઇસારો કરવામાં આવયો છે. આ મજબુત કાયદાને જે બહોળો વીસ્તાર અહીં જાહેર રીતે આપવામાં આવે છે, તે ટુંકી દ્રષ્ટીવાળા હવસી અને વેહેમી લોકો કબુલ રાખતા નથી. દરેક પાપ જરૂર દુઃખ ઉતપન કરે છે. સઘળી જાતની અશોઇ સુખને વધારે છે. માટે જયારે કાંઇ પણ દુઃખ નજરે પડે, ત્યારે તે કાઈ આગલાં પાપ અથવા કુદરતના કાયદાના ઉહલંઘનને આભારી છે એમ સમજવું જોઇએ. અને જયારે સુખ નજરે આવે, ત્યારે તે કોઇક આગલા લાયક કામના બદલામાં મળયું છે, એમ પીછાણવું જોઇએ. ત્યારે એ રીતે એક નવાં જન્મેલાં બાળકપર પડતાં દુઃખો અને હાડમારીઓ 'આગલાં' કર્મો માટે વેઠવાં પડે છે, એ નીશ્ચીત થાય છે. કુદરતમાં કેથે પણ આપણી હાલની હઇયાતીની પેહલાં, આપણી હઇયાતીની હાલત જરૂર હોવીજ જોઇએ, એ તર્કશાસ્ત્રથી પુરવાર થાય છે. કારણુ કે જે હઇયાત હોય નહીં તે હઇયાત બને કેમ ? જો પદાર્થની ઘણા અનાદી કાળથી હસ્તી હતી, એવું કબુલ

દુષ્ટ મતલબની નીષ્ફળતા. શીક્ષા પ્રતીકૂળ પશ્ચાતાપ.

વાને આજનું જડવાદી શાસ્ત્ર ચુકયું નથી, તો આત્મા અનાદી કાળથી કોઇક ઠેકાણે અથવા સઘળી સૃષ્ટીમાં હતો, એવું સહેજે સમજાય છે. આપણી અવસ્તામાં ફરોહરોની આરાધના કરવામાં આવે છે. અને વળી રસ્તાખેજના[૧] દીવસ સુધીમાં જેઓ જનમવાના હોય છે, તેમના ફરોહરોને આરાધવામાં આવે છે. ત્યારે હવે પછી જનમનાર, નહીં જનમેલાંઓના ફરોહરોની **હાલની હઇયાતી**નો આપણે ઇનકાર કરી શકતા નથી. જો હવે પછીની અમરગીની આગાહી ખરી હોય, તો હાલ આગમજ પણ આપણે અનાદી કાળ થયાં હઇયાતી ભોગવતા હોવા જોઇએ, એ ફીલસુફીની નજરે નીશ્ચીત છે. તર્કશકતી પ્રમાણે હવે મરણ જીવન બદલ શું વીચાર કરવો? એટલે કે, આ પૃથ્વીના દડાના જે તખતા ઉપર, આપણે આપણા નાના ભાગો ભજી બતાવીએ છીએ, ત્યાંજ આપણી આગલી હઇયાતીઓ થઇ ગયલી હોવી જોઇએ, કે બીજી જગાઓ ઉપર? મુંબઇમાં તમો જે બીવાવો છો, તેની કાપણી કામસ્ચાટકામાં કરવાની કદી આશા રાખો છો કે? આ દુન્યાની ઇનસાફની અદાલતોમાં

---

૧. કયામતનો દહાડો.

પણ એવો કાયદો છે, કે જે કોર્ટના ઠેર વેલા અમલના વીરતારમાં એક ગુનાહ કરવામાં આવયો હોય, તેજ જગાની અદાલતમાં તે ગુનેહગારની તપાસ થવી જોઇએ, અને તેના ઉપર ખાસ કરીને ફોજદારી કામ ચાલવું જોઇએ. દીવાની અદાલતોમાં પણ એવીજ પ્રકારનો કાયદો છે. ત્યારે ખોદાવંદતાલાએ પણ પોતાના અનહદ ડહાપણને આધારે એવોજ નીયમ રચયો હોય, તો અજબ થવા જેવું કાંઇ છે કે? એક બાળક ઘણા બીભીત્સ દરદોના દુઃખો સાથે દુન્યાની અંદર જન્મ લે છે, તેણે આ પૃથવી અથવા બીજી રૂપનાં હયાતીના કોઇ બીજા ક્ષેત્ર (field) ઉપર 'આગળ' એવાં કાર્યો કરેલાં હોવાં જોઇએ, કે જેથી કરીને તેવો ખરાબ રોગોથી સબડતું નવું શરીર, તેને ઇનસાફની રાહે મળેલું હોવું જોઇએ[૧].

ખરેખરો પશ્ચાતાપ જે વીષે ઉપલા ફકરામાં બોલવામાં આવયું છે, તે જયારે આપણામાં સુધારો કરીશું ત્યારે અ. વશે, કારણ કે "સુધારા વગરનો પશ્ચાતાપ એક વહાણની અંદર આવતાં પાણીને, તેના સઘલાં બાકોરાં બંધ કરવા વીના, બહાર કાઢવાની કોશેષ કરવા બરોબર છે".

૯. એવો કોણ તે શખ્સ છે, કે જેણે મારી દોસ્તી કરીને, પેહેલાં મને એ વાતથી વાકેફ કર્યો, કે સઘળી બક્ષીસોનો આપનાર, અતી ઘણા માનને લાયક, તેઓનો ખાવીંદ તુંજ છે? તેં બક્ષેલી સાફ સમજ શકતી (બુદ્ધી, 'બઉધંગ') ની મારફતે,

૧. "પણ આપણે માટે તો ગાથાઓ માજદીઝમના તે આત્મીક તત્વોના ભંડાર સમાન છે, કે જે વડે આ ધર્મ ઉમદા અને પાક ભકતોને પોતા તરફ ખેંચે છે. અને જે વેદીક ભજનોથી ઉલટીજ રીતે, કલ્પીત, પુરાણી, દંતકથાઓથી એટલા તો વીરૂધ છે, કે કોઇ કદાચજ માની શકે, કે તેઓ આટલા અસલ વારેના છે. અને તોપણ અવસ્તાનાં પાછળનાં લખાણોની વળાણની નબળી હાલતને લીધે, [એટલે તેઓમાં દંતકથાઓ હોવાને લીધે] તેઓ હાલનાં નવા વખતનાં હોય, એ સમજવું વધુ મુશકેલ થઇ પડે છે.......ગાથાઓ "ધર્મના મકાનમાં ભેગા થયલા લોકોની હાજરીમાં જરથુસ્ત્રનાં ઉચરેલા બોલો છે," અને કુદરતી રીતે તેઓ ધર્મનો ઉંચ નમુનો દેખાડે છે...........કેટલીક આનાકાની સાથે હું અત્રે ગાથાનાં કેટલાક છુટાં, છવાયાં વાકયો અને શબ્દો ટાંકું છું, અને એ કવીતાઓને વારંવાર વાંચવાની, હું દરેક અભ્યાસીને આગ્રહ કરૂ છું. મારી ખાતરી છે, કે તે પોતે એવા અભયાસ પછી જોઇ શકશે, કે જરથુસ્તના બોલોના ખરેખરા અર્થ ઉપરાંત, મેં બીજું વધુ કાંઇપણ ઉમેરયું નથી. જેઓએ ગાથા વાંચયા હશે, તેઓ એકમતનાજ થશે, કે માયાવીક જડ પદારથોની બનેલી બીજી દુન્યામાં માનવી મરણ પછી પણ સુખ દુખ ભોગવે છે, એનું સમજાવનાર જમાનામાં પણ આ પુરાણા ઇરાની પેગમબરે **ખરો બદલો તથા ખરી શીક્ષા મીનોઇ છે, એવું જાહેર કર્યું છે,** (પાનું ૪૦૦). ટુંકમાં બેહેસ્ત અને દોજખ, એ કાંઇ આત્માઓને માટે મોત પછીની હાલતને સારૂ આગળથી નીમેલી જગાઓ નથી; (પણ અવસ્તા પ્રમાણે) એક 'જીંદગી' છે. 'મગજની સઉથી ઉતમ હાલત' છે, જયારે બીજી 'હસ્તીની ગેરહાજરી' 'સર્વથી ખરાબ જીંદગી છે.' એ ઘણુંજ ઉંચ મત, વંદીદાદમાં એક ઘણાજ ઉમદા, દ્રષ્ટાંતમાં દરશાવવામાં આવયું છે, (પા. ૪૦૦)......ધર્મજ્ઞાનના આગળ વધેલા અભ્યાશીઓને, જરથોસ્તી ધર્મનો અભયાસ ઘણો વધુ ધયાન આપીને, કરવાની હું ફરી એકવાર અરજ કરૂં છું." ડોકટર આઇ. કે. ચેઇટ ડી. ડી., એમ. એ. નું The Origin of the Psalter નામના લખાણનું પાનું ૪૩૩, જે ઝોરાસ્ત્રીઅનીઝમ, ઉતમ ધર્મમાં, પાન ૧૨૧ ઉપર ટાંકવામાં આવયું છે. બેહેસ્ત અને દોજખની આ બાબદ ઉપર બીજા મત માટે સ્પીગલ મેમોરીઅલ વાલ્યુમમાનો શેઠ રતનજી એફ. ગોલવાળાનો નીબંધ પાનાં ૯૯ થી ૧૨૪ જુવો. ત્યાં કેટલુંક અજવાળું નાખવામાં આવયું છે.

જગતના પેદા કરનારે જાહેર કરેલા સચ્ચાઇનાં બોધો, હું સમજી શકું છું.

વીવેચનઃ અત્રે જગતનો પેદા કરનાર અહુર અને 'તુ'' (મઝદ) જે તેનાથી ચઢીઆતો છે, તે બેઉ વચ્ચે જે તફાવત દેખાડવામાં આવે છે, તે ધયાન પુગાડવાજોગ છે. માનવીનું મગજ બહ્મવીદ્યા સમજી શકે તે આગમજ બેહમનની બુધીની બક્ષીસની જરૂરીઆત છે. આ ફકરો મનન (Meditation) કરવા લાયક છે.

પેહેલો ગુરૂ. વોહુ મનંઘહુ. બક્ષીસ કરનાર.

૧૦. ઓ મઝદઅહુર! જે નર અથવા નારીઓ મારામાં વીશવાસ મુકીને (માત્ર) સત્યતા (અષોઇ)ને ખાતર સત્ય (અષો) કાર્યો કરે છે, (અને) પોતાની સતા અશો મનથી વાપરે છે, તેમને તારી ઇજશની (પુંજા) કરવાના રસ્તાઓ ભણી હું દોરી લઇ જઇશ, અને ચીનવત પુલ પસાર કરવાને હું તેમને શકતીવાન બનાવીશ.

વીવેચનઃ ફકત જેઓને ઇશ્વરની સર્વ વ્યાપકતા, તેની અનંત સર્વશકતી અને તેનાં સર્વજ્ઞપણામાં ઇતબાર હોય છે, તેઓજ તેની ભકતીના રસ્તા તરફ દોરવાઇ શકે છે. ઇશ્વરના આ ગુણોની કદર બુજવા આગમજ, ભકતી અથવા પુંજા માનવીના અંતકરણમાં પેસી શકતી નથી, એવું જરથુશ્ત્રનું કેહેવું છે. ખુદાઇ સ્પષ્ટીકરણ પ્રમાણે સત્યતાનો ઉપયોગ, તે ગુણને પોતાને ખાતર થવો જોઇએ, અને તેના અંદરખાને સમાયલા કોઇક સ્વાર્થી અથવા મતલબી કારણો ખાતર ન થવો જોઇએ. અહીં શીખાડયું છે, કે કોઇ બીજી મતલબ સારૂં નહીં, પણ સત્યતાની ચાહનેજ ખાતર સત્યતા મેળવવી જોઇએ.

યકીન અને અષોઇ.

અશોમનના સુકાનના હુકમ હેઠળ હંમેશાં સન્તા વપરાવી જોઇએ. એ સન્તાના અમલમાં કોઈપણ દુન્યવી મતલબ દાખલ થવી ન જોઇએ. જયારે યકીન, સચ્ચાઇ અને ભલી સતાની ખરી તાલીમ એક ચેલાની ચાલચલણને દીપાવશે, ત્યારેજ તે જુઠાણું તજી દેશે અને સચ્ચાઇના મુલકમાં આવશે, અને ભકતીભાવનો બીકટ રસ્તો સમજશે. ત્યારેજ ચીનવત પુલ પસાર કરી શકાશે. એના ગુપ્ત અર્થ તરફ જોતાં, એ પુલ ઉંચ અને નીચ ભાનની વચ્ચે આવેલો, બેને સાંધનારો પુલ જણાય છે. એ પુલ પસાર કરવાથી ઉંચ ભાનમાં ત્નપન થવાય છે. તે પુલ તલવારની ધારના જેવો બારીક છે. માટે ઘણો અપન તથા મજબુત કાબુ રાખીને નીચલાં ભાનને પાછળ મુકી દેવાની અગત છે. પ્રીય પ્રાણનાથની સેવામાં જોડાવાને, એક ચેલો નીખાલેસ દીલથી, એકાગ્ર ચીતના પ્રભાવ સાથે તઇયાર રહે છે. ત્યારે ગુરૂ જરથુસ્ત્ર, જેમ આગલા વખતોમાં કરતો ઉપલા ફકરામાં જણાવ્યો છે, તેજ પ્રમાણે હાલ પણ, તેનો હાથ પકડીને ખરા ભકતીભાવના ભેદો તેને શીખાડે છે.

ઉપલા ફકરામાં અષોઇને ખાતર અષોઇ પાળવા ઉપર બહુ ભારે વજન મેલવામાં આવયું છે. ગઉતમ બુદ્ધનાં મરણ વખતનો બનાવ, એક અશો જીંદગી જે ફરજને વફાદાર રહીને, પોતાને ભુલી જઇને, સ્વભોગ આપીને, સત્યતાને ખાતરજ કેમ ગુજારવામાં આવે છે, તેનો દાખલો સારી રીતે રજુ કરે છેઃ-

ઘણાક દેશોમાં તેઓ ભટકયા આ પ્રમાણે,
બુધ્ધ અને તેનો વફાદાર દોસ્ત,
અંત તેમની જીંદગીનો આવતાં તુલીક,
શીખાડયો સઘળી પ્રજાઓને સચ્ચાઈનો યોગ.

અને કહે છે લોક, કે માર્ગમાં જયારે,
કાપતો રસ્તો, તે રૂપી દેવતાઇ,
વીના રૂતુએ ઝુલતાં ઝાડો ઉપર ફળ,
અને પસરતી ખુશનુમાં લેહેકી જંગલમાંહી.
ફુલો અને ચંદનના મેઘ,
પડતા ધીમે તેના શરીર પર નેક,
મુખડો તેનો નીહાળતાં, ગાજી રેહેતું તેજસ્વી આકાશ,

ખુદાઇ સરોદોના અવાજો કરતું તે આપાસ!
પણ કહેતો આમ ધીમે તે માહાત્મા ગુરૂ,
દોસ્ત પોતાના વહાલાને, પામેલા કલ્યાણ,
"આનંદ દોસ્ત! નથી આ કાંઇ ઠીક,
નથી બુધ્ધને માન આવું અધીક,
નથી જોઇતાં ફુલો અને ચંદનના મેઘ,
નથી જોઇતા આકાશી સરોદો અનેક,
નથી હોતી તેથી આત્માની ભકતી ખરી,

ફોકટ એ સર્વે ચીજો નીરૂપયોગી ઠરી.
પણ એક ભાઇ અને એક બહેન જયારે,
એ ભાવીક નર અને પાક નારી,–
રહે છે જીંદગીમાં અશો ફરજમાં વફાદાર,–
ખરા ભાવની ઠરે છે, તેમની ભકતી ત્યારે !
થઇ જયારે રાત, અને મહાત્મા બુધ્ધ,
સુતા હતા નાતવાન, ખમી શરીરનું
. અસહય દુઃખ,
આવ્યો ત્યાં એક બ્રાહમણ ડાહપણ
શોધતો તે પાસ,
માંગી તેણે મુલાકાત તે પાક નરની ખાસ.
ચીંતાથી આનંદે અટકાવયો તેને,
પણ બોલ્યો બુધ્ધ, ભારી દુઃખ છતાં તેને,
"ઉત્કંઠા હશે ડાહપણ વાસ્તે જેને,
મારી આગલ આવેલો, જ્ઞાનથી રાખીશ ન
દુર તેને."
બોલી એમ તેણે સત્યનું કીધું વર્ણન,
સરલ ભાષામાં સમજ આપી નેક
વીદેશીને સલંગ,
મરતાં મરતાં શીખવ્યો કુદરતનો કાયદો,
છેવટે શ્વાસ ગયો ઉડી, ન ફરી આપવા
દીધો વાયદો." ૧

પ્યાર, યકીન તથા સખાવતના પોતા ના લોકોને પહોંચાડેલા અસોકના પેગામનું વર્ણન સુંદર રીતે આપવામાં આવ્યું છે. તે ગાથાના ઉપલા ફકરામાં વર્ણવેલા અ ષોઇને ખાતર અષો થવાના, અને અશો મનના ફરમાનો પ્રમાણેજ ચાલી, એક રાજા જેવાએ પણ સત્તાનો ખરો ઉપયોગ કરવાનો ઉપદેશ, આપણને બીજા બોલોમાં આપે છે.

"બોલ્યો બાદશાહી પીયદસી,
પ્રીય દેવતાઓનો, હેઠળ માફક;
"ઇનાયત અને સત્યતાના ઉપદેશથી
થઇ છે અસર મારી પ્રજા ઉપર,
આચાર્યો મારા છે, ગાયે લોકો સનમુખ,
પવીત્ર ધર્મના ગીત–
ધર્મગુરૂઓ મારા લાવે છે, હજારો માટે,
પ્યારભર્યા પેગામના આશીષ નીશ્ચીત?
ચાહું છું ફરમાનો જે હું તનમનથી,
થઇ છું પ્રજા સનમુખ તે ખરાં અંતઃકરણથી,
પાઠો જે સીદ્ધ કર્યાછે, મેં અનુભવથી ખરેખર,
કોતર્યા છે પથરના સથંભોની ઉપર.
યકીન અને ફરજના બોધકો હંમેશ,
આજ્ઞા મારી કેહેવાને કરેછે પ્રયત્ન બાહરરવેશ.
દુર તેમજ નજદીકની આલમની પાસ
ધરે છે તેઓ પ્રાચીન નીતી કાનુનો
ખાસ !
"અને બોહળાં મારાં રાજયની અંદર,
દરેક રસ્તાપર રોપયાં છે ઝાડો સુંદર,
અંજીર તથા કેરી રોપયાં છે જયાં,
આપે છે જે માનવીને શાંતી અને છાંયડો ત્યાં,
બનાવયા છે મેં, કુવા, માણસ તેમજ
ઢોરો માટે,
પ્રાણી સઘલાં જે હાલે ચાલે છે
તેમને કાજે.
પણ સૌથી વધુ ઉંચ શ્રમથી રચી યોજના,
કીધા છે વેહતા મેં ઝરા યકીન તથા
પ્યારના.
મારા બાદશાહી દ્રવ્યનો ત્યારે કરો ફેલાવો,
મારી સખાવતને ત્યારે ચોપાસ પંથરાવો.
સાધુ તેમજ ઉદયોગી, મેહેનતુ નર થકી,
સઘળાં જીવવાળાં માનવીને મદદ કરવા પકી,
બ્રાહમણ તેમજ શ્રીમનને,
સઘળી વીખ્યાત જાતોને,
દરેક જાત તેમજ જમાતને, કરો જાહેર
અસોકનું નામ.
"અને બાદશાહી મારી સખાવતની સાથ,
આપે છે બીજાઓ પોતાનો હાથ;
કારણ રાણીઓ મારી બતાવી હાતમ દીલ,
મદદ કરે છે સર્વે લાચારોને થઇ રહેમ દીલ.
અને બાળક મારાં સફેદ પોશાકી સાજ સાથ,
દયાના કરે છે કામો, સર્વે નેકઝાદ,–
છે સખાવત અને નેકીના ભંડાર,
માયા, અશોઇ તથા પ્રેમના શૃણગાર !
ખુદા રાખે એ માફક વહેતો પ્રવાહ,
આપણી અશોઇ ઉદારતાનો સદા,
બ્રાહમણ તેમજ શ્રીમન તરફ,
ગરીબ તેમજ નમ્ર તરફ;
માંગીશું ખાસ રેહેમ તેની,
રાંક તેમજ નીરભીમાની ઉપર;
રેહેમ પહોંચાડી સર્વે નોકરો તરફ

---

૧ મી૦ રોમેશચંદર દત, સી. આઇ. ઇ,ની "ઇંડયન કવીતાઓ."

ઉત્સાહ ને આનંદ વરસાવીશું છુટયા ગુલામ ઉપર !

"કાયદા સખત, છે ઘડવા ફોકટ;
કાનુનો રચવા છે નકામ,
માયાળુ શીક્ષણ, મીઠાશભર્યો બોધ,
જીતે છે જીગર આલમના તમામ.
યોજું છું આ પ્રેમભરી આજ્ઞા તે કારણ થકી,
ખોલું છું આ નેક નીયમો ખડી ખડી,
ભવીષના રાજાઓ તે ઉપર કર્યા જશે કામ,
સુરજ અને ચંદ્ર જયાંસુધી થશે તમામ!
"મેળવ્યું જયારથી મારા બાપનું આ રાજ,
આ મુલક જયારથી આવ્યો કબજે મારે,
વહી ગયાં છે વરસ વીસ અને સાત,
લખું છું જયારે આ લીટીઓ ત્યારે.
જયાં લખાણ છે પથરના થંભ ઉપર,
ખોહળાં આ રાજ અમલ અંદર,
પ્રભુ જાળવો લાંબી સદીઓ સુધી,
કરો એ મારાં ફરમાનની હરદમ વૃધ્ધી"!

૧૧. કરપો અને કવીઓ પોતાની સત્તાને આધારે પોતાના બદકાર્યોથી, લોકોની જીંદગીનો નાશ કરવાની ઇચ્છા રાખે છે,–જેઓને તેમના પોતાના આત્મા અને અંતઃકરણે (એટલા) સખત બનાવયા છે, જે બાજુએ ચીનવતપુલ (આવેલો) છે, ત્યાં તેઓ કુચ કરી જાય છે. (તોપણ) તેમનું રેહેઠાણુ હંમેશાં દરૂજ (અથવા જુઠા એહરીમન)ની સાથેજ છે.

કરપો તથા કવીઓનું ખેદકારક કીસ્મત.

વીવેચનઃ કરપો અને કવીઓ કાળા જાદુગરોના ટોળાંમાના છે. કોઇક સખત અભ્યાસ અને શ્રમની મદદથી તેઓએ ચોકસ કુદરતી સત્તા અને શકતીઓ મેળવેલી હોય છે. તેઓ એટલા તો એકલપેટા છે, કે પોતાના હલકા વહેસોને તૃપ્ત કરવાને ખાતર બીજાં સઘલાં પ્રાણીઓનો ભોગ આપવાને તઇયાર થઇ જાય છે. તેમના સંગડીઓ પીગળી શકતાં નથી, કારણકે તેઓ પોતાના જ નાનાંસરખાં શરીર ઉપર નજર રાખે છે, અને ઇંદ્રિઓને પંપાળે છે. તેઓ ચીનવત પુલની પેલી પાર, જયાં માણસ જાતના ખેરખાહો પુગી ચુકયા છે, ત્યાં આગળ વધીને પહોંચવાને સારૂં તજવીજ કરે છે. પણ અલબત તે મુસાફરી સફળ કરવા સારૂં, તેઓએ કાંઇ પણ તઇયારી કરી નથી. જયાંસુધી તેઓ પોતાના હલકા ખવાસને વલગી રહેશે, ત્યાંસુધી તેઓ ઉંચ ભાન ખીલવી નજ શકશે. તેવી રીતે નીપજતી આત્માથી જુદાઇ એક રૂહને માટે અતી દુઃખભરી છે.

૧૨. પણ તુરાની ફ્રયાનના બળવાન વંશજોમાંથી (કેટલાકોએ) જન્મ લીધો છે, જેઓ પોતાની અશોઇ અને ઉદયોગથી આરમઇતીના (વૈરાગ્યના) અમલ (મુલકો)ને આબાદ બનાવે છે. મઝદ અહુર (તેમના) અષો મનને લીધે તેમની સાથે જોડાયલો છે, (અને) (તેમના) સુખ માટે મઝદ અહુર તેમને રૂડો માર્ગ બતાવે છે.

અશોઇ તથા ઉદયોગ. મઝદ અહુર સાથનો મેલાપ.

વીવેચનઃ ઉપલું લખાણ 'પણ'થી શરૂ થાય છે. તે ઉપરથી એવું અનુમાન નીકળે છે, કે ફ્રયાન કવીઓ અને કરપો માંનો એક હતો, અને તેની ઓલાદ સુધરતી ગયલી હોવી જોઇએ; અથવા તો ગાથાનો કોઇક ભાગ ગુમઇ ગએલો હોવો જોઈએ; અથવા તે ચુંથવામાં આવેલો હોવો જોઇએ; અથવા તો તુરાની ફ્રયાનનો અર્થ કાંઇ ભેદી હોવો જોઇએ. ઉપલા ફકરામાં અષોઇ અને ઉદયોગ ઉપર મોટો ભાર મેલવામાં આવયો છે. 'મઝદ અહુર, સાથના મેલાપ માટે' અને 'મઝદ અહુરની રાહબરી મેળવવાને માટે' આ બે ગુણો તદન અવશ્યના છે. મઝદ અહુરમાં મળી જવાના અથવા તેને મેલાપ કરવાના વીચારો ગાથામાં વારંવાર જણાવવામાં આવે છે, તે ધ્યાન ખેંચનાર બીના છે. અને જે મીત્રાચારીથી તેમ ઝદ અહુર માણસ જાત સાથ ભેળાય છે, અને તેમના ઉદયમાં ઉંચ સુખ માટે જે કાળજી મઝદ અહુર રાખે છે, તે ઉપરથી એવું સમજાઇ જાય છે, કે માનવી તેનો માનીતો વહાલો પુત્ર છે, જેને આગળ વધારીને શ્રેષ્ટ બનાવવા માટે, તે મઝદ અહુર અંતઃકરણ પુર્વક રીતે ઇચ્છે છે!

૧૩. માણસજાતમાંથી જે જરથુશત્ર તરફ હેતથી જોઇ તેને ખુશી રાખે છે; (અથવા ભેટો અર્પણ કરી જરથુશત્રને ખુશ કરે છે,) તે (ધર્મના ફરમાનોનો) પ્રસાર કરવાને લાયક (છે). તેને મઝદ અહુર (અમર) હઇયાતી બક્ષશે, અને પોતાના અશોઇ ભર્યાં મનથી, તે પોતાના દેશને તથા જીવવાળાં પ્રાણીઓને આબાદ કરશે. તેને ઓ અષ (વહીશ્ત)! અમે તારો બાહેસ દોસ્ત સમજીએ છીએ.

એક વાયજ કરનારની પદવી. પ્રાણી માત્ર અને અષનો મીત્ર.

વીવેચનઃ આ ઉતમ ધર્મનો પ્રસાર કરવા જે ચાહતો હોય, તેનો પેગમબર તરફ ચાહ હોવો જોઇએ. અવસ્તાના ખાલી અભયાસીઓ અને આટલા બધા અંગ્રેજ તેમજ અમેરીકન ભાષા શાસ્ત્રી વીદવાનો, જેઓ જરથુશત્રને જીભલીથી માન આપે છે, તેથીજ ધર્મ શીખાડવાની સતાનો તેઓ કાંઇ દાવો કરી શકે નહીં. કારણકે આ ઘણા ઉંચ, ધર્મના અંતરના ભેદો સમજી શકવાને, માત્ર ભાષા જ્ઞાન કાંઇ પુરતું નથી. 'ખરી (મીનોઇ) જીંદગી પ્રાપ્ત કરવી હોય, તો તમારી આ (ખાકી) જીંદગીનું ભાન ભુલી જાઓ.' એ મોટો કાયદો અત્રે સમજાવ્યો છે. જયારે મઝદ અહુરનો કાસદ, તેનો રાજ યદુત, તેનો સુબો અથવા ખુદ તેનો પોતાનોજ બીજો અવતાર[1] જે પેગમબર છે, તેની તરફ વાજબી પ્રેમભકતી દેખાડવામાં આવે છે, ત્યારેજ તે અમર જીંદગી બક્ષે છે. કારણ કે તેજ માર્ગે માણસજાત ખોદાતાલાને પહોંચી શકશે એવું નીર્માણ થયલું છે.

વળી તે ઉપરાંત તે ચેલો અશો હોવાને લીધે, સઘળાં પ્રાણીઓ ઉપર અને દેશોની અંદર આશીરવાદો તથા આબાદીનો ફેલાવો કરે છે. તે પ્રાણીઓને મારી નાખીને તેમનો ખીમો કરતો નથી. અથવા તો ઘાતકી રીતે તેમને રીબાવી, રીબાવીને, તેમના ઉપર વહાડકાપના, દયાહીન અખતરાઓ અજમાવી જોતો નથી. પણ તેમને આશરો આપી, તેઓનો

---

૧. આ બોલ અત્રે પુખ્ત વીચારથી વાપરવામાં આવયો છે. નીચલાં વાકયો ઉપરથી શક રહેતો નથી, કે ફ્રવષીઓએ અંગ્રેમીનો સામે લડવા માટે તઇયાર થવાને, અને આ ઝપાઝપીમાંથી જોર અને સમતોલપણા સાથે બહાર આવવા માટે, પોતે આ હાડમાસનો લેબાસ લીધો હતો. આ પ્રમાણે અવતારનો વીચાર જરથુસ્ત્રી દીનથી કોઇ પણ રીતે ઉલટો જતો નથી.

"પુર્વ તરફની પવીત્ર ચોપડીઓ" માંની બુનદેહેશના પહેલા પ્રકરણના ૮ મા ફકરામાં આપણે વાંચીએ છીએ, કે "અહુરમઝદે પોતાના સર્વજ્ઞાનની મારફતે જાણયું કે અહરેમનની હયાતી છે. અને તે જે બાજીઓ રચે છે, તેમાં છેવટ સુધી કપટ તથા લોભથી તે ઉશકેરણી ચલાવતોજ રહે છે. અને ઘણાએક સાધનોથી અહુરમઝદ પોતાની નેમ પાર પાડતો હોવાથી, તેણે આત્મીક પ્રાણીઓ પેદા કર્યાં, કે જેઓ એવી નેમો માટે જરૂરનાં હતાં અને તેઓ આત્મીક હાલતમાં ૩૦૦૦ વરસ રહ્યાં, કે જેથી કરીને હીલચાલ કરી ન શકે એવાં, વીચાર શકતી વગરના, અસ્પર્શ્ય શરીરો સાથે તેઓ પડી રહ્યાં."

તેજ ગ્રંથનાં પ્રકરણ બીજાના, ફકરાઓ ૧૦-૧૧, વળી નીચે પ્રમાણે જણાવે છે, તેણે (અહુરમઝદે) માણસજાતના ઉંચ ભાન (બોધ) અને રાહબર ફરીશ્તા (ફરોહર) સાથ મસલહત કરી, અને તેથી સર્વજ્ઞાની ડાહપણવાળાએ, માણસ જાતના ફરોહરોને આ પ્રમાણે સવાલ કર્યો, "જયારે હું તમને દુનીયામાં રજુ કરીશ, ત્યારે તમને કઇ ચીજ વધુ ફાયદાકારક માલમ પડે છે? કે (૧) શારીરીક આકાર ગ્રહણ કરીને તમે શયતાન (દુન્યાની મોજ માયાની ઘેન, વીગેરે ભુંડી શકતીઓ) સાથે લડો, અને તે ખવીસ નાશ પામે, અને છેવટે હું તમને પાછા સંપુર્ણ અને અમર બનાવું, અને આખરે તમને દુન્યામાં પાછા મોકલું અને તમે તદન અમર

તે બચાવ કરે છે. ઉપલા ફકરામાં વધુ જણાવયું છે, કે તે ફ્રીસમનો પવીત્ર-ચેલો, અમેશાસ્પંદોમાંના ત્રીજા **અશવહીશતનો** ખરો દોસ્ત ગણાવાને લાયક કહેવાય છે. અહુરને અને અમેશાસ્પંદોને જેઓ વહાલા છે, તેમની શું શું ખુબીઓ હોવી જોઇએ, તે આ ગાથાઓમાં ખુલ્લી રીતે જાહેર કરવામાં આવયું છે. તે બળવાન શકતીઓની પ્રસંશા મેળવે એવા ગુણો જે સઘળાઓ ખીલવતા નથી, તેઓ માણસજાતની પંકતીમાં તેમજ પ્રકટી કરણમાં ખાસ કરીને ઉતરતા છે.

અમેશાસ્પંદોની દોસ્તી તરફ તે ગુણોથી રહીત પુરૂષો, પોતાની આંખો ઉંચકીજ શકતા નથી. તેઓમાંના થોડાકો એવી અમેશાસ્પંદો સાથની દોસ્તીને માત્ર અલંકારીક ગણે છે, અથવા સીધી ભાષામાં બોલ્યે તો એવી મીત્રાચારીને તેઓ કલ્પીત, હવાઇ અને સમજશકતીથી ઉલટી ગણે છે. ખુદા ખેર કરે!

૧૪. ઓ જરથુશત્ર આ મોટાં સાહાસ કામ માટે તારો દોસ્ત કોણ છે. અથવા (આ ધર્મનું જ્ઞાન) ફેલાવાને કોણ આતુર છે)? ખરેખર બહાદુર કએ વીસ્તાસ્પ પોતે (તે કરવાને) તઇયાર છે. ઓ મઝદ અહુર! જેઓને તેં (તારી) મીજલસ (સહોબત) ને માટે લાયક ગણ્યા છે, તેમને હું મારા અશો મનના (યોગ્ય) બોલોથી યાદ કરૂં છું. (અથવા ઓ મઝદ અહુર! હું બેહેમનના ધારમીક ગીતો મારફતે તેઓની આરાધના કરૂં છું, જેઓને તું એકજ રેહેઠાણમાં મળશે.)

વીવેચનઃ આ વાકયનો પેહેલો ભાગ ઈતીહાસીક બનાવોના વર્ણનનો સાર સમજાવે છે, એમ કહેવાય છે; જે તે વાકયનાં આખરના ભાગ તરફ

અવીનાશી અને સ્વસ્થ બનો, અથવા તો (૨) પાયમાલી કરનારાઓ ના હુમલાઓથી તમારો બચાવ કરવાની જરૂર હંમેશા ચાલુજ રહે?"

જે ઉપરથી માણસ જાતના રાહબર ફરીસ્તાઓ (ફ્રવષીઓ અથવા ફરોહરો) સર્વજ્ઞાની ડાહપણ સાથે **દુન્યામાં જવા વીશે**, અહરેમન તરફથી દુન્યાની અંદર તેમને જે વીપતીઓ ખમવી પડે છે, તે સબબથી એકમત થયા, અને તે જુલમમાંથી આખરે તેમનો છુટકારો થાય અને તેઓ ભવીષયની હઇયાતીમાં હંમેશગીને માટે સંપુર્ણ તથા અમર્ગ બને તે બદલ એકમત બનયા (કબુલ કર્યું.")

ફરવરદીન યસ્તના ૨૨ મા ફકરામાં લખાયું છે કે, "જયારે સ્પેનામીનો અને અગ્રેમીનો એ બેઉ મીનોએ દુન્યાની પેદાશ ઉતપન કરી, (ત્યારે તેઓ (ફ્રવષીઓ) ત્યાં **મકકમ** ઉભી હતી."

આ ટાંકેલા ફકરાઓ ઉપરથી આપણે ખુલ્લું જોઇ શકીએ છીએ, કે અમર્ગ આતમાઓનું શરીરના બંધનમાં આવી પડવું, અથવા અવતાર લેવું, અને જગતની પેદાશની આગમજની તેમનું હઇયાત હોવું, એ આપણા ધાર્મીક લખાણોમાં ખુલ્લે ખુલ્લું જાહેર કરવામાં આવયું છે. જો આપણે બેહરાંમ યશત તરફ નજર કરીશું, તો બેહરામ યઝદ દશ આકારો ધારણ કરતો જણાશે, એટલે કે (૧) પવનનો, (૨) અમ (નામના ફરીસ્તાનો), (૩) ઘોડાનો, (૪) ઉંટનો, (૫) ડુક્કરનો, (૬) પંદર વરસનાં જુવાનીયાનો, (૭) પક્ષીનો, (૮) ઘેટાંનો, (૯) બકરાનો, અને (૧૦) લડવૈયાનો. વળી તીર યશત તરફ ફરીશું, તો તેસ્તર તીરને જુદે જુદે વખતે ત્રણ જુદાં જુદાં શરીરો ધારણ કરતો જોઇશું, એટલે કે (૧) ૧૫ વરસની ઉમરના જુવાન મરદનો, (૨) સોનેરી શીંગડાંવાળા એક સોધાનો, અને (૩) સોનેરી પાંખવાળા એક ઘોડાનો. એ સરવે આપણને વીષ્ણુના દશ અવતારોની યાદ ભાર મુકીને આપે છે, એમાં શું શક છે? અને વળી ગ્રીક તથા ઇજીપશીઅન દેવતાઓ, જેઓ માણસના તેમજ પ્રાણીઓના આકારો લે છે, તેની પણ તે બેશક યાદ આપે છે. એ પ્રમાણે માણસોના તેમજ જાનવરોના શરીરમાં ફરોહરના અવતરવાનો અથવા જન્મ લેવાનો વીચાર, જરથોસ્તી દીનમાં તદ્દન જાણીતો છે, જો કે આપણા ઉમદા ધારમીક લખાણોના ગુમ થવાને લીધે, આપણા પવીત્ર પુસ્તકોમાં એ બાબદની કેટલીવાર સંભારવામાં આવી હતી, તે બતાવી આપવાની હાલતમાં આપણે નથી.

જોતાં જવલેજ સંભવીત હોય. માત્ર થોડાની ઇતીહાસીક બનાવો બદલની ઇચ્છા આ તૃપ્ત કરવા માટે, પેગંબરો કાંઇ એવા ઇતીહાસીક ટુચકાઓ દાખલ કરતા નથી! જગાઓ અને માણુસોનાં ઘણાક વીશેષ નામોને, માણસ જાતનાં શરીરનાં કેટલાક ખાસ ભાગો સાથ વારંવાર સંબંધ હોય છે. તે શરીર એક સુક્ષમ સૃષ્ટી જેવું છે. તે શરીરની પોતાની નદીઓ, પહાડો, નેહરો, વાંદળાંઓ, વરાળ, સુર્ય, ચાંદ વીગેરે સઘળાં હોય છે. અથવા તો વળી એવાં વીશેષ નામો કોઇ મોટા ગુરૂઓ અથવા ચેલાઓ સાથ સંબંધ ધરાવે છે. તેમના ખુદ નામોએ, તેમની પાછળ ચાલનારાઓના બેહદ માનને લીધે, ઘણુંજ અસાધારણ બળ મેળવ્યું હોય છે. માણસ જાત શરીર નીરચનાના અંદરખાનેના અમુક ભાગોના, તેમજ મોટા ગુરૂઓ તથા ચેલાઓની સુંદર આકૃતીઓના અને સુર્ય મંડળના રાજકર્તા બળવાન સુરજ તથા ગ્રહોના, દરેકના નામ દેતી વેળાએ અથવા આરાધતી વખતે, તેમના સ્પષ્ટ, શુધ્ધ સ્વરૂપો મનની નજર સામે ઠેરવી રાખવાનું, ધર્મમાં સમાએલું ગુપ્ત જ્ઞાન, હંમેશ શીખાડતું આવયું છે, અને શીખાડે છે. "એકેક તરફ મનના વીચારો પાધરા મોકલાવવાની વીદયા" આજ કાલ "ટેલીપથી"ને નામે ઓળખાય છે. ઋષીઓ અને સાધુઓમા જાણીતો, ઘણુજ પ્રાચી કાળનો શોધાયલો કુદરતનો એ છુપો કાયદો છે, અને ઋષીઓ તથા સાધુસંતો "સર્વવ્યાપક ચઇતન્ય"નાં નીત્ય સંબંધમાં, આપણું સર્વેનું ચઇતન્ય (ભાન) છે, એમ જાહેર કરતા હતા.

ઉપલા ફકરાની શરૂઆતનું વાકય, શા માટે અને કયા સંજોગો વચ્ચે બોલાયું હતું, તે આપણી નજર આગલ હજી ખુલ્લું થયું નથી. પણ તે ઉપરથી સ્પષ્ટ અનુમાન એ નીપજે છે, કે માણુસ જાત અહુરની સફમાં બેસવાને લાયક છે; અને જે ઉત્તમ નરો આવી ઉંચ જગા મેળવવાને લાયક થયલા હોય છે, તેમના ઉપર, ફકરાના છેવટના વાકયમાં જણાવયું છે, તેમ પવીત્ર મનના આશીરવાદો ચાહવામાં આવ્યા છે.

૧૫. સ્પીતમાનના કુટુંબના ઓ હએચતસ્પની ઓલાદનાઓ! હું તમને ખરાં અને ખોટાં (કાયદાપુર્વક અને અને ગેરકાયદાનું શું તે) વચેના તફાવતની તમારી પીછાન શકતીને ખાતર, (મીનોઇ બાબદો) જાહેર કરીશ.

આ કામો જે અહુરના **પેહેલા કાયદાઓ** સાથે બરાબર મલતાં આવે છે, તેમને લીધે તમે (તમે બંનેએ) તમારે પોતાને માટે અષોઇ(નો માર્ગ) પસંદ કર્યો છે.

સ્પષ્ટીકરણ. અષોઇ.

વીવેચન: હીંદુ શાસ્ત્ર પ્રમાણે જયારે **વીવેક** આવે છે અથવા ખરા અને ખોટાં વચેના અને કાયદાસર તથા ગેરકાયદાસરની વચેના તફાવતની સમજ આવે છે, ત્યારે ડહાપણની શરૂઆત થયલી ગણાય છે. આ ફીલસુફી ભરેલા ખયાલ સાથે ગાથાનો ઉપલો ફકરો મળતો થાય છે. અહુરના પેહલા કાયદાઓ સાથે અને તેના પાછળના ઘડેલા સર્વે કાયદાઓ સાથે ઐકયતા જાળવવાથી, અહુરની હાલતે પહોંચી શકાય છે. તે નીયમોનુસાર કાર્ય કરવાથી, આવી ઐકયતા તથા સર્વથી મોટું છુટાપણું મેળવી શકાય છે, કારણ કે તેમ કરવાથી આપણી પ્રકૃતીનાં (શારીરીક) બંધનોમાંથી, તથા જે હવસો આપણી શાંત પળોના ઠરાવોની પણ સામે થઇને, આપણા ખીલતા આત્માને વીપર્યો મોજમજાહમાં ચકચુર રેહેવાની ફરજ પાડે છે, તેવા દુશમનોના હાથમાંથી, આપણો છુટકારો થાય છે. ઐકયતાને જયારે પ્રકૃતીની ભુમીને બદલે આત્મીક ભાનની ભુમીમાં જાળવવામાં આવે છે, અને જ્યારે માનવી બીજાઓનાંજ ભલાં માટે કાળજી રાખે છે, ત્યારે તે ઐકયતા પવીત્ર પ્રેમ તરીકે પ્રગટ થાય છે. અષોઇનો અર્થ જો બરાબર સમજવામાં આવે, તો તે કુદરતના કાયદાને અનુસરતી ચાલચલણ છે, એમ સમજાઇ જાય, અને તેટલા માટે સર્વે પ્રાણીઓ તરફનો અખંડ પ્યાર, અષોઇમાં સમાઇ જવો જોઇએ. કારણકે 'પ્યાર' સૃષ્ટીનો એક મુળ કાયદો છે.

સેન્ટપોલના રોમનોને લખેલાં કાગજના, બીજાં પ્રકરણમાં આવેલો, કાયદા વીષે ઇશારો છે, તેની નીચે ટાંકેલા છઠ્ઠા અને સાતમા ફકરાઓની અત્રે સર ખામણી કરીશું, તો તે બોધદાયક નીવડશે. "જે (ખુદા) દરેક માણસને પોતાના કાર્યો પ્રમાણે બદલો આપશે, (એટલે કે) જેઓ ધીરજથી **ભલાં કામો કરવા** ચાલુ રાખી, કીર્તી, માન, તથા અમરગી માંગશે, તેમને અમર જીંદગી બક્ષશે. પણ જેઓ કજીઆખોર છે, અને અષોઇ શોધવાને બદલે, અનીતી, ગુસ્સો તથા ઝનુન દેખાડે છે, તેમનામાના દરેક માણસ, **પેહેલા** યહુદી, અને ત્યારપછી સર્વે કાફીરો મધે જે પણ પાપી કામો કરે છે, તેની ઉપર સંકટ અને અતીશય વેદના મોકલશે. કારણકે **કાયદાનું ઉલ્લંઘન** કરીને પાપ કર્યાં હશે, તેઓ કાયદાની બહાર, દેશનીકાલીઓની પેઠે, કાયદાની મદદ મેળવયા વીના, નાશ પામશે. અને વળી જેટલાંઓએ કાયદાની હદમાં રહીને પાપ કીધાં હશે, તેમનો ઇનસાફ કાયદાસર થશે. કારણકે માત્ર **કાયદો સાંભળનારા** કાંઇ ખુદા આગળ **નેક** અને **અદલ ઇનસાફી** ઠરતા નથી, પણ **કાયદા પ્રમાણે અમલ કરનારાઓને ઇનસાફી ઠરાવવામાં આવશે**. કારણકે યહુદી વર્ગની બહારનાઓ (નાસ્તીકો, અધર્મીઓ, 'દુરવંદો', 'મ્લેચ્છો') જેઓમાં કાંઇપણ કાયદાનું બંધારણ **નથી**, તેઓ જયારે કાયદામાં સમાયલી ચીજો **કુદરતી રીતે** (પ્રેરણાથી) કરે છે, ત્યારે તેમને કોઈ પણ નીયમ બાંધી આપેલો ન હોવાને લીધે, તેઓ **પોતેજ (પોતાના) નીયમ (ના ઘડનારા) ગણાય છે: જે** ઉપરથી **તેમના અંતઃકરણમા લખેલો કાયદો** પ્રગટ થાય છે.........કારણ કે **જે બહારથી** યહુદી દેખાય છે, તે કાંઇ ખરો યહુદી (એટલે કે એક ધર્મીષ્ટ માણસ) **નથી;** અથવા તો બહારના શરીરના અવયવના ભાગની સુન્નત (circumcision), કાંઇ ખરી સુન્નત, જે બીન્તરની છે, તે નથી. (એટલે કે ખરી સુન્નત માણસ જાતના હવસી સ્વભાવને અથવા નીચ ભાનની ઇચ્છાઓને કાપી કાઢવામાંજ સમાયલી છે). **પણ તેજ ખરો "યહુદી" છે, જે અં**દરખાનેથી યહુદી છે. અને ખરી સુન્નત અંતઃકરણની અને **અંતઃકરણમાંથી હલકી ઇચ્છાઓ દુર કરવાની છે, અને નહીં કે શરીરની.** અને ખરા યહુદીને પીછાણનાર અને સ્તુતી કરનાર માણસ જાત નહીં, પણ ખુદા એકલો છે." અને આગલ વધતાં કાયદાની સંપુર્ણ અખંડતા બાબે આપણે વાંચીએ છીએ કે, "કારણ કે હું તમને ખરૂં કહું છું, કે આકાશ અને દુનીઆની હઇયાતી છે ત્યાં સુધી, સર્વ બારીકમાં બારીક કાયદાઓ પ્રમાણેજ સૃષ્ટી ચાલ્યા કરશે, અને કાયદામાં તલભાર પણ કમતી, જાસ્તી થશે નહીં."

જરથુશત્રના કુટુંબને હએચતસ્પ અથવા સ્પીતમાન કહે છે, જે કબીલાની અંદર ઇરાનના પેગમબરે અને તે શીવાય બીજા મોટા આત્માઓએ જન્મ લીધો હતો.

૧૬. ઓ હબુબ (હવોગવ) કુટુંબના ફરષોસતર! આ મદદગારો (ગુરૂઓ) કે જેમને અમે બન્નેએ દુનીયાના ભલાંને માટે ચુંટી કાઢયા છે, તેમની સાથે, જયાં અશોઇ, નમ્રતાની (અથવા ભકતીભાવની) પુઠે આવે છે, જયાં અશો મનની સારી સત્તા રાજય કરે છે, (અને) જે રેહેઠાણુ મઝદ અહુરના જીગરને વહાલું છે અને જેમાં તેનો વાસો છે, તે તરફ તું જા.

વીવેચનઃ અત્રે માણસ જાતના પવીત્ર

દુન્યાના મદદગારો. ધર્મગુરૂઓ જેઓ એક તઇયાર થયલો, ખીલેલો આત્મા, કે જે આત્મીક મદદ લેવાને લાયક છે, તેની સાથે હંમેશાં દોસ્તી સાધવા તઇયાર છે, તેમને વીષે ખુલ્લું બોલવામાં આવે છે. જેઓ અનાત્મવાદી બુધ્ધીના ખરાબા સાથે અથડીને, નાશ પામતી માણસની કીશ્તીની, હેતથી સંભાલ લઇ, તેને નાશ પામતી અટકાવે છે, તે નેક દયાવંત ગુરૂ દેવતાઓના હાથથી મદદ મેળવવાનો હક, ફકત બહારની ઇંદ્રીયવીષક માયા ઉપર જીત મેળવવાથી, પ્રાપ્ત કરી શકાય છે.

હવે એક ચેલાના આત્માને શોભાવે એવો શૃણગાર શું છે, તે ઉપલાં લખાણમાં જણાવવામાં આવે છે. અષોઇ સાથે નમ્રતા જરૂર જોડાયલી હોવી જોઇએ. જેઓ

પવીત્ર મનથી સતાનો ઉપયોગ કરતા નથી, પણ ફકત વીષયી મોજો ભોગવવાને ખાતર સતા વાપરે છે, તેવી સતા વાપરનારાઓ સાથે કાંઇ પણ સંબંધ રાખી શકાય નહીં.

છેવટે જે અંતની મુરાદ તરફ એક ચેલાએ હીંમતથી આગલ વધવાનું છે, તે બીજું કાંઇજ નહીં, પણ ખુદ મઝદ અહુરનું પોતાનું પસંદ કરેલું રહેઠાણ છે, એમ ખુલ્લા બોલોમાં જણાવવામાં આવે છે. એટલું યાદ રાખવું જોઇએ, કે ગાથાઓ કાંઇ વચલાં સ્વર્ગોને લગતા તબકકાઓની અધવચે જઈને થોભવા જણાવતા નથી. હીંદુઓ તેમજ ગ્રીક લોકોના દેવતાઓની હાલત, માનવી જાતની હાલત કરતાં ઘણીજ શ્રેષ્ટ ગણાઇ શકાય. તેવી ઉંચ હાલત ઉપર પહોંચીને પણ સંતોષ પકડવાનું અષો ઝરથુશત્રે અત્રે શીખાડયું નથી. ફરશોષતરનું નામ દેવાથી એ ફકરામાં દર્શાવેલા અર્થમાં દેખીતી રીતે કોઇ રીતનો વધારો થતો માલમ પડતો નથી. તેની છુપી અગત્યતા તુરત સમજી શકાતી નથી. આવા મોટા મહાત્માઓના નામોએ કદાચ એટલું બળ પ્રાપ્ત કર્યું હોય, કે આગળ જણાવવા મુજબ, તેઓ "શકતીના બોલો(મંત્રો) બન્યા હોય."

૧૭. ઓ હબુબ કુટુંબના જામાસ્પ હકીમ! હું તારી વખાણ, સાધારણ લખાણની અંદર નહીં, પણ કવીતામાં ગાઇશ.

જે (મઝદઅહુરની) ખુબી પીછાણીને, તેની તાબેદારી કરીને, હંમેશાં તેને ભકતી ભાવની અર્પણતા કરે છે, અને જે વાજબી તથા ગેરવાજબી વચેનો ફેર પીછાણી શકે છે, તેની ઉપર મઝદ અહુર પોતાની સર્વજ્ઞ અશોઇથી, બેહદ પ્યારનો વરસાદ વરસાવશે.

વીવેચનઃ પ્યારનો હર્ષ એવો છે, કે જે લખાણુના આકારના ખટારાને તુચ્છ ગણીને, પોતાનો એહવાલ દર્શાવવાને માટે કવીતારૂપી, હવાઇ વીમાનને પસંદ કરે છે. શું એ ના પાડી શકાશે? પ્યારના સુંદર જુસ્સામાં લીન થયલા એક પ્રેમઘેલા માણસને પુછો! પોતાની પ્રીયાના ચેહેરા ઉપર પ્રસંશાનું મીઠું હસવું એક ઘડીભર લાવવા માટે જે પ્યાર તપે છે, તથા જે દીલ સર્વથી બળવાન આતશનો સ્પર્શ થવાથી ઉન્નતીમાં આવેલું હોય છે, તેવાં અંતઃકરણથી બેનસીબ રહેલાં, એક આ રસપાન જેવાં ટાંડા અને નીર્જીવ જીગરે, આ વીષયનો તોલ કરવો ન જોઇએ.

તાબેદારીભર્યો ભકતીભાવ. ખરાં અને ખોટાં વચ્ચેના તફાવતની પીછાણ.

પોતાને અને અહંકારને સદંતર ભુલી જાય, એવો ભકતીભાવ હોવો જોઇએ. પરમપ્રીયાના કાયદાઓની સંપુર્ણ તાબેદારી કરવી જોઇએ.

ખરાં ખોટાં વચેનો તફાવત જાણનાર 'વીવેક,' આપણે આગળ જોઇ ગયા છીએ. વીવેક જે ઇનસાફ અને ગેરઇનસાફ વચેના ફરક તરીકે આગળ વર્ણવયો છે, તેની ઉપર અત્રે ભાર મેલવામાં આવે છે, કે તે મઝદઅહુરનો પોતાનો ચાહ મેળવવા માટે જરૂરનો છે.

ઉપલા ફકરામાં મઝદઅહુરના ગુણોના વર્ણનમાં, અષોઇ અને સર્વજ્ઞાનની ભેળસેળ ઉપરથી એવું અનુમાન ઉપજે છે, કે સર્વજ્ઞપણું સંપુર્ણ અષોઇથીજ ઉત્પન થાય છે. એ બીના ગુપ્ત ધર્મ વીદયામાં એકમતે કબુલ રાખવામાં આવે છે. વળી જરથુશત્રના આખાં શીક્ષણમાં ખુદાઇ અંશની મુદ્રા જે અષોઇ છે, તેની ઉપર સઉથી વધુ ભાર મેલવામાં આવ્યો છે, તેનો આ એક દાખલો છે.

૧૮. જે કોઇ મારા બેને ખુશ કરશે, તેને તેના અશો મનની મારફતે, હું મારા સૌથી સરસ આશીરવાદો આપીશ. જે કોઇ (મને) દુખી કરશે, તેની ઉપર વીપત્તી આવી પડશે.

ઓ મઝદ! અશોઇની મારફતે હું તારી ઇચ્છા (મરજી) પુરી પાડવાનો (તુંને આરાધવાનો) ઇરાદો રાખું છું. એવો મારી અકકલનો તથા અશો મનનો ઠરાવ (છે).

વીવેચનઃ મઝદ તરફની તેમજ તેના ઉંચ પ્રતીનીધીઓ તરફની તાબેદારીનો સાદો કાયદો અત્રે સરળ બોલીમાં જાહેર કરવામાં આવયો છે.

મઝદની મરજી થવી જોઇએ.

માત્ર એક અશો મનની મારફતેજ મઝદના આશીરવાદોની ધાર વેહેવા માંડે છે. લોખંડનાં ઢાંકણોમાંથી કાંઇ રોશનીના કીરણો પસાર થઇ શકશે નહી, અથવા તો વીજળીનો પ્રવાહ કાદવમાંથી પાસ થઇ શકશે નહી, અને એ કુદરતના કાયદાઓ છે, તેમની સામે આપણે કાંઇ વાંધો ઉઠાવતા નથી. કુદરતે એવું નીર્માણ કરયું છે, અને આપણે તેને નમવું જોઇએ. મઝદની કીરતી જાહેર કરવા માટે પણ, એક નીષકલંક અશો મનની જરૂર છે. જે કોઇ મઝદના કાયદાની સામે થઇને, આપણા તે પીતાને દુખ આપે છે, તેને ફકત એકજ બદલો મળે છે, અને તે કંગાલ્યતપણાનો છે. સર્વોતમ પરમાત્માનો આ ન ફેરવાઇ શકાય એવો કાયદો જાણીને, એક ચેલો શીર નમાવે છે, અને મઝદની મરજીને શરણ થવાનો ઠરાવ કરે છે.

૧૯. જે કોઇ મારે જરથુશત્રને ખાતર, ખરી મનશાનીથી, (અને) આખાં દીલથી કામ કરશે, તેને માટે આ ફરતી દુન્યાના મનના સર્વે આશીરવાદો નકકી ઠરાવેલા છે, (અને) પેલી દુન્યાનો બદલો મેળવવાને તેને લાયક ગણવામાં આવશે. તેં, ઓ મઝદ! (સઘળું જાણનાર સાહેબે) આ મને શીખવયું છે.

વીવેચનઃ જયારે જરથુશત્ર દુન્યા ઉપર મઝદનો પ્રતીનીધી છે, ત્યારે તે સાહેબના હુકમસર, આતમાના સઘલાં જોર અને ભકતીભાવથી, અને તે સાહેબના નામથી કરવામાં આવતા કાર્યોથી, માણસ જાત ઉમદામાં ઉમદા બદલો, એટલે કે "(અશો)મનના સઘલા આશીરવાદો" પામી શકે છે. ઉચાં ભુવનો ઉપર પણ તે બદલો મનુષ્યની સાથે જશે. ધર્મના સ્પષટીકરણની માનયતાની સામે, હાલના વખતના છુટા છવાયા થોડાક દોઢ ચતુર અભયાસીઓના સઘળા વીરૂધ મત છતાં પણ, **મઝદે પોતે જરથુસ્ત્રને આ શીખવયું હતું.**

સંપુર્ણ મઝદના શીક્ષણો.

અહિઆં બાઇબલનું ફરમાન યાદ આવે છે, કે "Whatever thou doest, do it with all thy mind, with all thy heart with all thy soul."

સ્પેન્તોમત ગાથા.

યસ્ન ૪૭.

ઓ પવીત્ર ગાથાઓ, તમને નમસ્કાર કરીએ છીએ!

૧. સઉથી સરસ પાક વીચારો, પવીત્ર બોલો અને પાકીજેહ કાર્યો, નેકીને ખાતર (અને બદલાની આશા અથવા શીક્ષાની ધાસ્તીને લીધે નહી) કરવામાં આવે, તેના બદલામાં મઝદ અહુર સ્પેનામીનોની મારફતે, આપણે માટે સુખ અને અમરગી, આનંદ અને મનની સંપુર્ણ અશોઇ બક્ષે છે.

ખરી અષોઇનો બદલો.

વીવેચન: જયાંસુધી એક અંત:કરણ ભલાં અને ભુંડાનો બદલો, અને સજાની દરકાર ન રાખવાની હાલતે પહોંચતું નથી, ત્યાં સુધી મીનોઇ માર્ગે આગળ વધવાની તેણે કોશેષ કરવી ફોકટ છે. જયારે આવી હાલત મેળવાય છે, ત્યારે પરમસુખ અને સત્ય મન પ્રાપત થાય છે. અને વળી ત્યારેજ આતમાની અમરગી, જે હમણા ફક્ત એક યકીનની બાબદ ગણાય છે, તે જે હીંમતવાન ચેલાએ, પાપ ઉપર તથા સઘળાં સંકટો અને દુ:ખસુખો ઉપર જીત મેળવી છે, તેના ખીલેલાં ઉંચ ભાનને સારૂં, એક ખુલ્લેખુલ્લી સત્ય બીના તરીકે જાહેર થશે. જીસસ ક્રાઇસ્ટ નીચલાબોલોમાં અમરગી વીષે વચન આપે છે, "પણ હું જે પાણી આપું તે જે કોઇ પીશે, તેને કદી ફરીથી તરસ લાગશે નહીં; પણ જે (ખુદાઇ ડહાપણનું) પાણી હું તેને આપીશ, તે તેનામાં એક એવાં પાણીનો ઝરો બનશે, કે જે હંમેશગીની જીંદગીના કુવાના ઝરામાં બદલાઇ જશે." (સેંટ જોન ૪.૧૪). આ અમરગી વીષે "પીટરના સાર્વજનીક બીજા કાગજ"માં આ પ્રમાણે ખુલાસો કરવામાં આવે છે, "જે ઉપરથી આપણને ઘણી મોટી અને કીમતી કબુલાતો આપવામાં આવે છે, કે તેમને લીધે, બદ હવસોથી દુન્યામાં જે અનીતી ફેલાય છે, તેમાંથી છુટકારો મેળવીને, તમે ઇશવરી સ્વભાવના ભાગીદારો બની શકો" (૨. પીટર ૧ (૪)). મૃત્યુ ઉપર માનવીની જીત મેળવવા વીષે આ પ્રમાણે બાઇબલમાં બીજે ઠેકાણે ખોલાસાવાર સમજાવામાં આવેછે. "કારણ કે આ નાશવંત (માનુષી) શરીરે અવીકાર (incorruptible) ધારણ કરવો જોઇએ, અને આ માણસ જાતે અમરપણું મેળવવું જોઇએ. તેથી જયારે આ નાશવંત દેહ અવીકારી થશે અને જયારે માણસજાત અવીનાશી થશે, તયારે "મોત ઉપર ફતેહ મેળવાયલી લેખાશે." "ઓ મૃત્યુ (યમ)તારો ડંખ કયાં છે? અને કબર તારી જીત કયાં છે? મરણનો (મરણપમાડનારો) ડંખ (માત્ર) પાપ છે; અને (મરણ લાવવામાં) પાપનું જોર કાયદો છે;" (૧. કોરીનથીઅનસ ૧૫. (૫૫-૫૬). આગલાં લખાણમાં સ્પેનામીનો અને મઝદ અહુરની વચ્ચે તફાવત બતાવવામાં આવયો છે, જે વીષે આ પુસ્તકમાં એક બાબમાં ખુલ્લું સમજાવવામાં આવયું છે, અને તેમાં જણાવેલા વીચારોને ઉપલો ફકરો ટેકો આપે છે.

૨. જીભ અને મોઢેથી બોલાયલા બોલોની મારફતે, અને નમ્રતા તથા મનની અષોઇથી, એક માણસની (યથા) શકતી પ્રમાણે કરવામાં આવેલાં કાર્યોની મારફતે, સવોત્તમ મીનોની સૌથી ઉંચામાં ઉંચ (બક્ષેસ) મેળવી શકાય છે. ફકત પોતાના (સવર્ગ્ન) ડહાપણને લીધે, મઝદ પોતે અષોઇનો પીતા ગણાય છે.

મઝદની કૃપાળુ બક્ષીસ મેળવવાના સાધનો.

વીવેચન: રસ્તો તદન સીધો અને શીખવવામાં સરળ છે. જે માફક પવીત્ર કાર્યો અગત્યના છે, તેજ માફક સત્યતા માટે, જીભલી ઉપરના અંકોશની જરૂર છે. "ગુરૂની હાજરીમાં એક અવાજ બોલે, તે આગમચ બીજાંની લાગણી દુખવવાની શકતીનો તેણે નાશ કરવો જોઇએ." સંપુર્ણ પ્યાર બીજાંઓ તરફથી રાખવામાં

આવતી ધાસ્તી, વીકાર અને કડવાસ દુર કરે છે. આપણાં પ્યારાંઓની લાગણીઓને તોછડાઇથી આપણે કચડી નાંખતા નથી. જો આપણા વહાલા પરમેશ્વર તરફનું આપણું વહાલ સંપુર્ણ હોય, તો તે રહીમ આપણા બીજા ભાઇબંધોના જીગરમાં વસે છે, તેને કેવી રીતે અપમાન કરી શકીએ? વળી શું આપણને કેહેવામાં નથી આવયું, કે "કોઇની (ચાલચલણ) ને માટે ચુકાદો આપશો નહીં, કે જેથી તમારે માટે પણ કોઇ ચુકાદો આપે (મત બાંધે) નહીં. કારણકે જે પ્રમાણથી તમો ચુકવશો, તેજ પ્રમાણથી તમારો પોતાનો પણ નયાય થશે. અને જે માપથી બીજાને આપશો, તેજ માપે તમને પણ આપવામાં આવશે. અરે! ઢોંગી માણસ પહેલે તારી પોતાની આખમાંનુ ફુલ કાઢી નાખ, અને ત્યાર પછી તારા ભાઇબંધની આંખમાંનું ફુલ કેવી રીતે કાઢી નાંખવું તે તું ખુલ્લું જોઇ શકશે." (મેથયુ ૭. (૧, ૨ અને ૫)).

નમ્રતા અમુલ્ય છે. આતમાના ઉદયની ખબર તે ગુણથી મળે છે.

અત્રે આપણે જોઇએ છીએ, કે મઝદની અષોઇ તેના ડહાપણ ઉપર આધાર રાખે છે. હાલના વખતનો એ એક રીવાજ છે, કે નીતીરીતીને ભેગો ઠાલી મગજની વીદયાના વખાણો કરવા. હવે ઉપલા ફકરા ઉપરથી જણાય છે, કે ડહાપણ અને અષોઇ એ બે બાપ દીકરા જેવાં છે. જો તમારી પાસે ખરૂં ડહાપણ હશે, તો તમે કદી પણ અપવીત્ર થઇ શકશો નહીં. અજ્ઞાનપણુંજ સર્વ પાપ અને અંધકાર અને દુ:ખ અને વીપત્તી અને ભુલ અને બલાનું મુળ છે. તેથી જયાં પણ તમોને અપવીત્રાઇ જણાય, ત્યાં બેધડક ડહાપણ અને વીવેકની કોતાહી છે, એમ જાહેર કરજો. અથવા થોડીક બીનાઓ અથવા બાબદો યાદ રાખવી કે મોઢે કરવી, તેને સાધારણ રીતે કેળવણીનું નામ આપવામાં આવે છે, પણ તેને પવીત્ર આતમજ્ઞાન સાથે કાંઇજ લાગતું વળગતું નથી.

૩. ઓ મઝદ! આ મીનોને આબાદ કરનાર (અને) ખુશાલી આપનાર તું છે. અમારા ફાયદાને માટે, બેહમન કે જેની સલાહ પુછવામાં આવી હતી, તેની મદદથી, (તેં) આ ખુશનુમા દુન્યા અને આરમઇતીને (નમ્રતાને) (પેદા) કીધાં છે.

મઝદ. સ્પેનામીનો. બેહમન. આરમઇતી.

વીવેચનઃ સ્પેનામીનોને અત્રે મઝદથી જુદો ઓળખાવવામાં આવયો છે. મઝદની અંદર સ્પેના અને અંગ્રે બેઉ સમાઇ જાય છે. અને અંગ્રે સાથની જીવલેણ લડાઇ પછી, મઝદે સ્પેનાની છેવટની જીત નીર્માણ કરી છે. 'અવસ્તામાં અહુરમજદના જુદાં જુદાં નામો' એ વીષય ઉપર આ કીતાબમાં આગલાં પાનાંઓમાં મીનો અને મઝદ વચમાના તફાવતનો ખોલાસો કરવામાં આવયો છે.

આ અજાયબ જેવી દુન્યા પેદા કરવા આગમજ બેહેમન અમેશાસ્પંદની મદદ ચાહવામાં આવી હતી, એમ અહીં જણાવયું છે. તેણે દુન્યા એવી બનાવી છે, કે જેથી તેમાં વસીને, આતમાની અંદર ખાનેની શકતીઓને ખુશાલ ખીલવી શકાય છે.

નમ્રતા બહુજ ઉંચ સ્થાને બીરાજે છે. જે ગુણ એક 'ઘેટાંનો' ગણાય છે, જે ઘેટાંનું નામ ખ્રીસ્તી મસાયાએ પોતે ધારણ કરેલું છે, તેની ખુબી આ ફકરા ઉપરથી ફરી જણાય છે. જરથોસ્તી ધર્મ હાલ અને ભવીશ્યને માટે આ શાવંત વલણજ અખતયાર કરે છે. માટે આ દુનીયાને દુ:ખની યોની નહી, પણ રમણીય, આનંદજનક જગ્યા તરીકે ઓળખવામાં આવે છે. જરથુસ્ત્ર ગ્રીકોને શીખવી ગયો હતો, કે "આનંદી સ્વભાવ એ સઉથી ઉતમ ફીલસુફી, સૌથી ઉત્તમ દવા, અને માનવીનાં સઘળાં દુ:ખદરદોનો સૌથી ઉત્તમ ઇલાજ છે."

૪. ઓ મઝદ! પાપીઓ સ્પેનામીનોને લીધે દુ:ખ ભોગવે છે, પણ અષો લોકો નહી. એક પાપી માણસને (સંતોષ આપવાને) માટે કોઇને પણ ઘણુંજ થોડાંની અગત જણાય છે. એક દુષ્ટ માણસ (જોકે) શકતીવાળો હોય તોપણ, તેને એક પાપી માણસને (સંતોષ આપવા)

માટે ઘણું જોઇએ છે.

દુઃખ. લોભ હલકા હવસનું ચીન્હ.

વીવેચનઃ અત્રે મઝદ અને સ્પેના વચ્ચેનો તફાવત એક વાર ફરીથી બતાવવામાં આવ્યો છે. સ્પેનાના કાર્યનાં પરીણામે વળી પાપીઓને દુઃખ જોવું પડે છે, કારણ કે તે એક એવો કાયદો રાખનાર છે, કે જે દરેક પાપી કાર્યનું પ્રતીફળ નીત્ય પહોંચાડે છે. ખરૂં જોતાં એ જાતનું પ્રતીફળ કાંઇ કીનો લેવાનો સંતોષ નથી, પણ એ પ્રતીફળ (retribution) થી ખુદરતનાં સ્વયંવહ સમતોલપણાંમાં જે શકતી મારફતે ખલલ નાંખવામાં આવી હોય, તેજ શકતી વડે અચુક હુશયારીથી, તે સમતોલપણું પાછું મેળવવામાં આવે છે. આ પાછું ઉછળીને આવતું પ્રતીફળ, એક આડે રસ્તે ફાટેલા માણસને માથે કેવી સખત સજા આવી પડનાર છે તેનું ભાન આપે છે. અને એ પ્રમાણે એક ડહાપણ શીખવતા ગુરૂનો, અને નહીં કે માણુસજાતના દુઃખમાં મોજ લેતા એક ક્રુર કીનાબાજ ખવીસનો ભાગ, તે પ્રતીફળ અને તેથી નીપજતું દુખ બજાવે છે.

વળી આપણુને કહેવામાં આવે છે, કે એક નેક માણુસ હંમેશ થોડાંથી સંતોષ પામે છે, જેથી તેની સાથે કામ પાડવું સર્વથી સેહેલું પડે છે. પણ જો તમે એક પાપી માણસના આભારમાં જશો,તો તમે તેની ગમે એટલી મોટી સેવા બજાવશો અથવા તેની ઉપર ઉપકાર કરશો, ગમે એટલી જુદી જુદી જાતની સેવાઓ કરશો, તોપણ તેને તમે ખુશી કરી શકશો નહીં. સૌથી મોટી દોલત જે સંતોષ છે તેનો, સૌથી મોટી ગરીબાઇ જે લોભ છે, તેની સાથ મુકાબલો કરવામાં આવયો છે. ફકત અશો જીવડાઓજ સંતોષને પસંદ કરી પરમસુખ મેળવશે. જયારે અનીતીમાન, અપવીત્ર જીવો, ઘણુાક ઢોંગી બહાનાંઓ કાઢીને, પોતાની લોભી તલપનું નગનપણું ઢાંકી દેવા ચાહે છે, ત્યારે તેઓ એવા ખાલી ઢોંગો કરે છે, કે દુન્યવી કારભાર, સુધારો વધારો, સંસાર સુધારો અને એવી બીજી ચીજો માટે, મટટીની ચાઇચાઇઓ સારૂં આપણે તૃષ્ણા રાખવીજ જોઇએ. પણ એક બુઢા અનુભવી માણુસના આ બોલો તેઓ ભુલી જાય છે, કે 'જયારે હું જુવાન હતો ત્યારે પઇસે ટકે ગરીબ હતો; જયારે બુઢો થયો ત્યારે પઇસાદાર બનયો, પણ એ બનને હાલતમાં મન નીરાશીજ મળી. જયારે મોજમજાહ કરવાની શકતીઓ મારામાં હતી, ત્યારે તે ઉડાવવાના સાધનો મારી પાસે ન હતાં. જયારે તે સાધનો આવ્યાં, ત્યારે તે શકતીઓ જતી રહી છે.' અફસોસ! ઉંચે ડોળા ચઢાવીને દોઢડાહાઓ આપણુને ચેતાવે છે, કે આપણો ઝમકતો સુધારો (?) આ વધુ અને વધુ મેળવવાની મહત્વેછાનું પરીણામ છે, અને જે આગલા વખતની પાછળ હઠતી હાલત હતી (?), તેનું મુળ કારણ તેમની ચતુરાઇએ શોધી કાઢયું છે, કે તે તેમનો સંતોષ હતો. લોભ જલંદરના દરદ સમાન છે, જેનેથી નીપજતી તરસ, ગમે એટલાં પાણીથી પણ કદી તૃપ્ત થતી નથી.

૫. ઓ અનદીઠ મઝદ અહુર! આશીરવાદોના આપનાર, તું સાચાને જે સર્વથી સરસ છે, તેજ નીશ્રીત આપે છે. એક પાપી માણુસ તેના કાર્યોને લીધે તારા **પ્યારમાંથી** બાતલ થાય (છે), અને એ રીતે પોતાનો બદલો મેળવે છે, (અને) અકોમન (દરૂજ) સાથે એકજ રહેઠાણમાં વસનાર બને છે.

સત્યવાદીઓ માટે શ્રેષ્ટ બદલો. પાપી મઝદના પ્યારથી બાતલ.

વીવેચનઃ જે કાંઇ શ્રેષ્ટ છે તે હમેશાં સત્યવાદી, અને અષો માનવીને ફાળે આવશે, એવું વચન ચોક્કસ બોલોમાં, આપવામાં આવયું છે. પણ જે આપણુને અસત્ય અને અપવીત્ર બનાવે છે, તે નબળાઇને લીધે, ઉપલું વચન કબુલ રાખવાને બદલે, આપણા અંતકરણની તખતી ઉપરથી, તેને કલ્પીત તુરંગબાજોના ખાલી વહેમ તરીકે ગણીને ભુસી નાંખવાની, આપણે તજવીજ કરીએ છીએ. તર્ક શકતીનો આવો અફસોસકારક ગેરઉપયોગ કરવામાં આવે છે!

મઝદ અહુરના પ્યારમાંથી બાતલ થવું, એ મોટામાં મોટું સંકટ છે; અને દ્વેષભાવ રાખનારા દુર્જનની સંગત, એ સઘલાં દુખોમાં સરવેથી મોટું અને અસહ્ય દુ:ખ છે. સાધારણ માણસના પ્યારથી વધુ ચઢતી હાલતો, અને એક સાધારણ શખસના ધીકકાર કરતાં વધુ ઉતરતી હાલતો, સામાન્ય રીતે સમજવા અથવા પીછાણવામાં આવતી નથી. લોકોને, આત્માને જાગૃત કરનારાં પ્યારના બળ વીષે, અથવા ધીકકારથી નીપજતો કંટાલો તથા તેના હૃદયભેદ અલગપણાનો, ખયાલ હોતો નથી. દુન્યવી વસ્તુઓ મેળવવાની ઘેલી ઇચ્છાઓ જ્યારે પ્યારનું પૂરતું બળ હોય છે, ત્યારે લોપ (ગુમ) થાય છે, અને જેમ જેમ આપણે ભાનમાં ઉંચે જતા જઇએ છીએ, તેમ તેમ આપણી હલકટ લાગણીઓ અને વાસનાઓની તૃષ્ણાઓ ઓછી થતી જાય છે. આ ભાનની ઉંચ સ્થીતીમાં, મરણબાદ અથવા જીવતાં જીવત જયારે પણ પહોંચાય છે, ત્યારે સઘળો આધાર, આ સ્થુલ દુન્યામાં બતાવેલા પ્યારના જથ્થા ઉપર તથા એકઠા કરવામાં આવેલા ધીકકારના ટોપલાઓ ઉપર રહે છે. જો આપણે બીજાંઓ માટે હમેશાં વીચાર રાખીને, બીન સ્વાર્થી જીંદગી ગુજારી હશે, તો આપણું ભાન તે શકતી મેળવે છે, કે જે બીજાં ભાનો સાથે આપણું ભાન એકત્ર કરી શકે છે, અને રફતે રફતે છેવટે મઝદ એટલે સર્વજ્ઞ ભાનની સાથે મેળવી આપી શકે છે.

લેવું નહીં પણ આપવું એજ ઉંચ ભુવનોનો કાયદો છે. ત્યારે જે માણસે અત્રે ખાકી દુન્યામાં બસ લેવું અને લેવું તથા સૌ તરફ ધીકકારથી જોવું, એવો ધંધો માંડયો હશે, તેની હાલત કેવી અંધકારભરી, એકલવાઇ, અને નાશકારક થઇ પડશે? કોઇ પણ દોસ્ત આશનાના આસરા વીના તેને એકલો રહેવું પડશે! ભકતજનો યા સાધુઓની દુન્યાની વચ્ચો વચમાં મુકવામાં આવેલા એક છાકટા માણસ જેવી તેની હાલત છે, જેને દારૂની તલબ તો નીત્ય થયાજ કરે છે. તેને કાંઇ પણ દારૂ મલતો નથી અથવા તો પોતાની તૃષ્ણાને તે દુર કરી શકતો નથી, અને તેવી અસ્વસ્થ હાલતમાં રીબે છે. આત્માનું સ્થુલ અને સુક્ષ્મ પડોમાંથી, વખતના વેહેવા સાથે મરણ થવે અને મરણની બાદ, અકેક પડ કાઢી નાખવામાં આવે છે. અને એ રીતે ઉંચ ભુવનો ઉપર માનવી દરેક જન્મ પછી મરણને શરણ થતો જાય છે. જે માફક આ દુન્યાઇ જીંદગી ખતમ કરવા માટે મોત આવે છે, તેજ માફક થોડી થોડી મુદત પછી, દરેક ઉંચ ભુવન ઉપર, આત્મા તેનાં અકેક પછીના સુક્ષ્મ શરીરમાંથી મોત આવવે છુટે છે, અને તેને બીજા વધુ ઉંચ ભુવનમાં જન્મ આપવામાં આવે છે. એક આત્માના આ પ્રમાણે ઉંચ ભુવન ઉપર જન્મવા પછી, તે ભુવન ઉપર કાંઇ પણ સમજ શકતીથી દીલસોજ ભાગ જો તેનેથી લઇ ન શકાય, તો તે આપણી પૃથ્વી ઉપર એક અકકલ વગરના અથવા તો હમેશ ઉદાસ રહેતા આત્માની બરાબર છે. હવે દુન્યામાં જેટલો નકામો એક અક્કલ વીનાનો માનવી થઇ પડે છે, તેટલો નકામો એક ઇન્દ્રીયનીગ્રહ (control) વીનાનો માનવી ઉંચ ભુવનો ઉપર થઇ પડે છે. અને જયાં સુધી નીરમાણ કરેલે વખતે, તે ભુવન તેનું શરીર છોડી જતું નથી, ત્યાં સુધી તેની હાલત એકલવાઇજ રહે છે. આપણે વાંચયે છીએ, કે તે વધુ પવીત્ર ભુવનો ઉપર જાગૃતજ થતો નથી. સર્વથી ઓછાં સુક્ષ્મ (એટલે, ઘટ) ભુવનો ઉપરજ તે જાગૃત થવાને શકતીમાન છે, અને ત્યાંથી પણ આ પૃથવી ઉપર પાછાં ફરવાની તૃષ્ણાથી, તે ખેંચાઇ ખેંચાઈને દુ:ખી બને છે. તે ભુવનો ઉપર તૃપ્ત ન થઇ શકે તેવી ઇચ્છાઓ, તેની જીંદગીના છેડા તુલીક, ત્યાં તેને ગાંડો ઘેલો બનાવી દે છે. ઉંચ ભુવનો ઉપર, જયાં વસતા જીવો પ્યાર, સુંદરતા, અને સન્તામાં ફરીસ્તાઓ જેટલા પુર્ણ હોય છે, ત્યાં આ ધરતી ઉપરના એક બેવકુફ ભાનવાળાની મીસાલ તે દેખાય છે, અથવા તો તે ભુવન ઉપર તે બીલકુલ જાગૃત થતો નથી.

ઉપલા ફકરામાં મઝદના પ્યાર ઉપર જે ભાર મેલવામાં આવે છે, તે ઉપર ધયાન આપવું જોઇએ. સુફીઓએ ખુદાવંદતાલાના પ્યારથી ઉપજતાં પરમ સુખ વીષે, તેમજ તે પ્યારની ગેરહાજરીના દુ:ખો અને કષ્ટીઓ જેને દોઝખ કહયું

છે, તે વીષે અનેક પુસ્તકો રચ્યાં છે. આ પણે જે મીસાલ જોઇ ગયા તે પ્રમાણે, ગાથાઓ સમજાવે છે, કે મઝદઅહુરના પ્યારથી દુર થવું એ મોટા માં મોટું સંકટ છે, અને **પ્યાર** તથા **ધીકકાર** એ અહીંની દુન્યા પણ, સદગુણ તથા દુર્ગુણના અનુક્રમમાં માબાપ સમાન છે; અથવા બીજા બોલોમાં, તેઓ સ્પેનામીનો તથા અંગ્રેમીનોના પ્રતીનીધીઓ જેવા છે. એક દુન્યાને શીખવનાર ગુરૂ, ખુદાતાલાને પહોંચવાને માટે ચેલાને જે શ્રેષ્ટ રસ્તો બતાવે છે, તે ઉપર જયા રે આપણે વીચાર કરીએ છીએ, ત્યારે મ ઝદ અહુરના પ્યારથી બાતેલ રહેવાનો ભ યંકર અર્થ, ચોખ્ખો દેખાઇ જાય છે. તે દુન્યાને શીક્ષણ આપનાર ગુરૂનો બોધ એ છે, કે "તારાં સઘળાં કામો મનથી તું મને (ઈશ્વરને) સોંપી દે, મારામાં એક ચીત રાખ, વીવેકના યોગને ધારણ કરીને હંમેશાં મારામાં તારો વી ચાર સમાવ......એકવાર ફરીથી તું મારો શ્રેષ્ટ બોલ, જે સર્વથી છુપો છે, તે સાંભળ! તું (મને ચાહનાર ભકત) મને વાહલો છે, અને તારૂં અંતઃકરણ દ્રઢ છે, તેથી હું તારા ફાયદા માટે કહું છું. તારૂં મન મારામાં મેળવી દે, મારો ભકત થા, મને અર્પણ થઇ જા, મારી સામે શીર નમાવી નમસ્કાર કર, (અને) તું મારી પાસે જરૂર આવશે. હું તને મારો સાચો બોલ આપું છું, કે તું મને વાહલો છે". [ભગવદ ગીતા પ્રકરણ ૧૮ (૫૭,૬૪,૬૫)]. આ પ્રમાણે સંપુર્ણ પ્યાર શીખાડવામાં આવ્યો છે. અને આપણને બીજા ગુરૂએ શીખાડયું છે, કે Perfect love casteth out (all) fear!

૬. આશીરવાદ આપનાર મઝદ અહુ રની મારફતે, આતશવડે તારા વાજબી ઇનસાફને અનુસરીને, મનશની અને આ ગલ વધેલી અષોઇના પ્રમાણમાં, હરીફોને (અથવા લડવૈયાઓને) તું તે (આગલા ફકરામાં વર્ણવેલું 'સર્વથી સરસ') બક્ષે છે. અને ખરેખર તે (ઇનસાફ) ઉમેદવા ર ચેલાઓને તદન સંતોષ આપે છે.

વીવેચનઃ આકાશીક, સુક્ષ્મ, માન સીક, અને તેથી પણ ઉંચ ભુવનોમાં આતશ હસ્તી ધરાવે છે. ખુદ જીવા

આતશ. આગલ વધતી અષોઇ. સંતોષકારક વાજબી ચુકાદો.

ત્માને પણ વારંવાર 'આતશ'નું નામ આ પવામાં આવેછે. 'લો ગોસ' (Logos) ને પણ એ ખેતાબ આપવામાં આવ્યો છે. જે આ તશ આપણે જોઇએ છીએ, તે સુરજના પ્રતાપી આતશની ફકત એક ઝાંખી નક લ છે. સુરજને આપણા ધાર્મીક લખા ણોમાં અહુરની આંખ તરીકે વર્ણવેલો છે. હવે બોલોના જુદા જુદા ભાવા ર્થોને આપણે મુર્ખાઇથી ભેલી નાંખશું નહી, અને આતશને ફકત એક બ ળતો પદાર્થ ગણી, મગરૂરીથી અષોઇનાં સૌથી ઝળકતાં તેજ, (જે સ્થુલ, બુદ્ધીક, કે છેક આત્મીક ભુવન ઉપર હોય), તેના આ અતી યોગ્ય ચીન્હને ગંભીર નમન કરવાને ના પાડીશું નહીં. જો એમ ધારીએ, કે આતશ અને તેનેથી નીપજતી રોશની શીવાય સૃષ્ટીમાં સઘળી ચીજો જેમ હમ ણા છે, તેમજ આપણી પાસે હોય, તો તેમાં કેટલો ફેર પડી જશે, તે બાબે તમે વીચાર કીધો છે કે? આતશ તથા રોશની વીના સઘળી સુંદરતા, સઘલી ચપળતા અને મનોહરતા, દ્રષ્ટીથી ઓળ ખાતા સઘળા બારીક અને નાજુક તફા વતો, સઘળી સીધ્ધી અને ચોકકસ ગતી, એ બધું અશકય થઇ પડે! આ પણે કેવળ આંધળા અને મુંગા સમા નજ થઈ પડયે એટલુંજ નહીં, પણ જીંદગી તથા અકકલનું મંદપણું ભયા નક થઈ પડે. આપણી આંખની **રોશ નીને** આપણે ઘણીજ કીંમતી ગણીએ છીએ. આપણાં વહાલાંમાં વહાલાંઓને આંખનું *તેજ* કહી બોલાવીએ છીએ. ઘણા મોટા હર્ષના પ્રસંગો ઉપર ઝમ કતી, ભભુકદાર **રોશનીનો** ઉપયોગ કરીએ છીએ. આપણા ગુરૂઓને પ્રકાશીત ચેરાગ તરીકે ઓળખાવ્યે છીએ. આપણા પેગંબરોને **રોશની** પકડીને હરોલમાં ચાલતા ભોમ્યાઓ તરીકે બોલાવ્યે છીએ. વળી મઝદ અહુરને **રોશ નીના** તખ્ત ઉપર બેઠેલો કલ્પયે છીએ. તે મઝદ અહુર પોતાને સઉથી ઝમ

કદાર અગમ્ય **રોશનીના ભંડાર** તરીકે પીછાણીએ છીએ તે સાહેબ ધર્તીમાતામાં છે, પણ તેથી તેને ધર્તીનું નામ આપીશું, તો તેના મરતબાને ખોટું લાગશે. તે ખાર્શીદ હવામાં, સુક્ષમ 'ઇથર'માં, પાણીમાં ચાલી અને વ્યાપી રહયો છે, પણ એ કોઇ નામોથી પણ તેને બોલાવવાની આપણે હીંમત કરીશું નહીં. આપણે ગરમી પીછાણુયે છીએ; તેજ પ્રમાણે ગુરૂત્વાકર્ષણનું ખેંચાણ જાણીએ છીએ; અને આકર્ષણ શકતી (magnetism) અને અણુઓની વચમાં સંયોગ-આકર્ષણ (affinity) વીષે માહીતગાર છીએ; આપણે વીજળીક બળ ઓળખયે છીએ; આપણે ભરતી ઓટનું જોર, તેમજ વંટોળીયાના તોફાનોનું પ્રબળ સમજયે છીએ; તથા જબરદસ્ત બળવાન લેવીએથન જાનવરો, જેઓ પૃથ્વી ઉપર હઇયાતી ભોગવી ગયાં, તેમને માટે જ્ઞાન ધરાવ્યે છીયે. આપણે પૃથવીની ઉપર થઇ ગએલા જબરદસ્ત રાક્ષસી કદના માણસો સંબંધી જાણીતા થયા છીએ. પણ એ સઘળી શકતીઓમાંની કોઇ પણ આતશની માફક, તે સર્વશકતીવાન મઝદ અહુર અથવા અમેશાસ્પંદોની કીર્તીના ચીન્હ તરીકે, લાયક ગણાઇ શક્તી નથી. જોકે હાલ તુરત તો આપણે 'માણસો' તરીકે જાણીતા થયલા છીએ. તોપણ જો આપણે આતશ, કે જે સઘળા આકારોને ફેરવી નાંખે છે, સઘલું બાળીને ભસ્મ કરે છે, અને જ્ઞાનની તેમજ સર્વે જાતની રોશની ચોપાસ ફેલાવે છે, તેના જેવા, તંદરોસ્તી આપનાર, ખુશાલી ફેલાવનાર, ગરમી આપનાર, જીવ બખશનાર થઇએ, તો આપણે 'માણસો' તરીકેજ નહીં, પણ 'રોશન માણસો' તરીકે ઓળખાઇએ. આતશ દરેક જડ તેમજ નુકસાનકારક પદાર્થને સુક્ષ્મ, અવીકારી અને અગોચર બનાવટોમાં ફેરવી નાંખે છે. જયારે સ્વચ્છ અને અસ્વચ્છ બન્ને અકેકને ઝનુની હરીફાઇમાં રગડે છે, ત્યારે આતશ સ્વચ્છ પવીત્રાઇને જીત મેળવી આપે છે, અને ''મઝદ અહુરની તે સર્વથી સરસ (ચીજ)'' તે જીતનારને ફાળે પડે છે.

દાદગર સાહેબના ચુકાદાઓ વાજબી તથા ઇનસાફી છે. તે સંબંધમાં પ્રોફેસર મેક્ષમુલર આપણને આ પ્રમાણે બોધ આપે છે, કે ''એટલું વીસરશો મા કે જેમ તે આપણે નસીબ, સંજોગ, જીંદગીની હાલત વીગેરે તરીકે જાણયે છીએ, તે ખરી રીતે ખુદાવંદતાલાથીજ નીર્માણ થયાં છે. તેમની સામે થવું એ ખુદાની સ.મે થયા બરાબર છે; અને જો તે બળવો કમસમજથી કરવામાં ન આવયો હોય, તો તે ખરેજ પાપી લેખી શકાય. આકાશમાંના તારાઓની મીસાલ માણસો ફરે છે. કીરદીગારે તેમનો રસ્તો સોંપી આપેલો હોય છે, અને જે વખતે એકેકનો મેલાપ થવાનો હોય છે, ત્યારે તે સી તારાઓ મળે છે, અને જયારે તેઓને છુટા પડવું મુકરર થયું હોય છે, ત્યારે તેમ જરૂર બને છે. તેઓ એ નીશ્રીત કરેલા માર્ગમાં ચાલવાની ગમે એટલા સામે થાય, પણ તે ફોકટ છે, કારણ કે તેમ સામા થવાથી તો જગતના આખા ક્રમનો નાશ વળી જાય. યઝદાનની **મરજી વીરૂધ કાંઇ સહેજમાં સેહેજ બાબદ પણ તારા બાબમા બની શકશે નહીં;** એવી ટુંકમાં ટુંક જીંદગીની ફીલસુફી મેં અનુભવથી મેળવી હતી.''—''ખુદા જે કરે છે, તે તેની મરજીથીજ કરે છે; અને જો તે તારી ઇચ્છા સાથ એકમળતી ન થાય, તો બેમાંથી વધુ ડહાપણભરી અને ઉત્તમ મરજી કઇ છે, તે બાબે શું તને જરાબી શક છે કે?'' એ પ્રમાણે મેકીન્ટોશ પુછે છે. ''જે જગ્યામાં ભગવાને તને મુકયો હોય, ત્યાંજ તેની સેવા કરવામાં સંતોષ પકડ; કારણકે તે ચોકકસ જગ્યાએ જ તું સર્વથી વધુ બજાવી શકશે. જે તારી પાસે નથી, તેને માટે બબડવા ફફડવા કરતાં, જે તારી પાસે છે, તેનો સૌથી સરસ ઉપયોગ કર.'' શ્રી કૃષ્ણ પરમાત્મા કહે છે, કે **''જો દરેક માણસ પોતાની ખુદરતી ફરજો બજાવવામાં રોકાયેલું રહે, તો તેમ કરવાથી સંપુર્ણતા મેળવા શકે** છે.........સઘળી હઇયાતીઓના મુળ, અને આખી જગતમાં પ્રસરી રહેલા પરમાત્માની પુંજા કરવાથી, અને પોતા(ના વર્ણ, class) ની ફરજ બજાવવાથી, એક માણસ ખચીતજ સંપુર્ણતા મેળવી શકે છે.'' આના કરતાં વધુ સરળ અને વાજબી ચુકાદો શું હોય કે ''કરે તેવું ભરજો?''

યસ્ન ૪૮.

જયારે (એક શખ્શ) પરોપકાર તથા અષોઇથી દ્રુજને મારશે, (અને) જયારે દેવોના તથા માણસોના ઠગાઇભર્યાં કામો પોતાના ખરા રંગ, રૂપમાં બહાર પડશે, ત્યારે ઓ અહુર! તારી તરફ ભકતીભાવ તથા તેનેથી નીપજતા લાભોનો ફેલાવો થશે [અથવા, જો અષોઇના ખેંચાણુથી એક માણુસ દ્રુજને પોતાની તરફ ખેંચે છે, (એટલે કે) જયારે દેવો અને માણુસો (થી થતી) ઠગાઇઓ, જે હંમેશ માટે જાહેર થયલી છે, તે (તેમને) એકજણુ શીખવે (સમજાવે) છે, (ત્યારે) તેના પ્રતીફળ તરીકે ઓ અહુર! તારી પ્રાર્થના ફેલાવો પામશે.]

વીવેચન: અંતઃકરણુમાં દ્રુજ અને સ્પેના હરીફાઈ કરે છે, ત્યારે છેવટે દ્રુજને વશ કરીને અંતકરણુને સાફ કરવા માટે, ઘણા ઉતમ પ્રકારની કળા કઉશલ્યની જરૂર છે. દુષ્ટતા છાતીમાં વાસો કરીને હેરાન તો કરશેજ, કારણુ કે હૈયાંની અંદર અથવા તો બહારની કુદરતની અંદર, ખાલી જગા તો હોઇ શકેજ નહીં. પાણીથી એક બાટલી ભરો અને તે બાટલીમાંથી હવા બહાર નીકળી જશે. તેજ પ્રમાણે દીલમાં જનપ્રીતી તથા અશોઈ વસાવશો, ત્યારેજ ફકત દ્વેષ અને કુબુધ્ધી તેમાંથી બહાર નીકળી જશે. આ બહોળી દુન્યામાં સદગુણુના જેવો દુર્ગુણોનો બીજો કોઇ શત્રુ નથી. 'યુલીસીસ'નું આ તીર કામઠું આપણા હાથમાં મુકવામાં આવ્યું છે; જો આપણે હીંમત અને મરદાનગીથી તે વાપરશું, તો ખચીત જીત મળશે. દુષ્ટતા જે 'સેમસન'ની માફક બળવાન છે, તેના બાલ પીખી કાઢી તાબે કરવી જોઇએ; તે અસ્પંદીઆરની માફક એટલી અજીત છે, કે ફકત તેની આંખો વીંધી નાખવાથીજ કાંઇક અસર થઇ શકે છે. અસલના મોબેદો, જેઓ દુષ્ટતાનું લગભગ અજીતપણું સારી રીતે સમજતા હતા, અને તેના ઉપર જીત મેળવવાની ફકત જે એક બારીકી તેઓ જાણુતા હતા, તે બાબે તેઓ

પરોપકારથી દ્રુજને ઠાર કરવું. ઠગાઇઓનું ભોપાળું.

આપણુને ઇશારો કરી ગયા છે. તેમની અક્કલ અને નીષ્ટા માટે, ગર્વને લીધે આપણે હલકું ધારી, તેમણે શીખાડેલા કાયદાઓ તરફ બેદરકારી બતાવીએ છીએ. અને તેમ કરતાં, પછી તરફડીયાં મારીને અધર્મમાં ડુબી જવાની અણીપર આવ્યા છીએ.

ગૌતમ બુધ્ધે શીખાડયું છે, કે જેમ પોતાના જીવના જોખમે પણુ એક મા પોતાના બચ્ચાંનું રક્ષણુ કરે છે, તે પ્રમાણે માનવીએ દરેક જોખમે સર્વે પ્રાણીઓ તરફ અનહદ ભલાઇ અને પ્યાર રાખવો જોઇએ. એ પ્યારમાં નાના, મોટા અથવા કોઇપણુ જાતના અન્તરો રાખવા નહિં. આ જાતનું મન અને હૈયું રાખવું, એ તે બન્નેની સર્વથી શ્રેષ્ટ હાલત છે. તેજ નીર્વાણુ છે.

તેણે વળી જણાવ્યું છે, કે પરોપકારી પૂરૂષ સર્વથી ચહવાએલો હોય છે. સર્વે તેના મીત્રો થવા માંગે છે. મોત આવવે તે શાન્ત ખુશાલીથી તેને શરણુ થાય છે, કારણુ કે તેને પસ્તાવો હોતો નથી. સમજવું કઠણ છે, પણ લક્ષ ધરો: આપણો ખોરાક આપી દેવાથી આપણુને વધુ જોર મળે છે; બીજાઓને લુગડાં આપવાથી, આપણુને વધુ ખુબસુરતી મળે છે; અષોઇ અને સત્યના ધામો સ્થાપવાથી, આપણુને મોટા ખજાનાઓ મળે છે. વળી દરેક સખાવત વખતસર અને અમુક રીતેજ થવી જોઇએ. તેમાં બેદરકારી અથવા ગફલત થવી ન જોઇએ. આપવું તે પ્યાર અને માનથી આપવું જોઈએ. અમર્ગીએ પહોંચવું હોય તો જીંદગીભર સખાવતના કામો કરવાં જોઇએ. અને દયા અને સખાવતજ સંપુર્ણતા મેળવી આપે છે.

ઉપલા ફકરા ઉપરથી આપણે સમજી શકીશું, કે બખીલાઇ કેટલો ભયભીત શ્રાપ છે!

વળી જેમ નાપાકી દુર કરવાનો એ કયો ઇલાજ પવીત્રાઇ છે, તેજ મીસાલ જુદાણાના પ્રપંચોમાંથી બચવાનો રસ્તો એજ છે, કે એક વીચારવંત મગજ આગળ તેના છળ કપટો જાહેર રીતે, બરાબર ખુલ્લાં કરવાં. જયારે એક પાક નર પોતાની

ચપળ સમજશકતી અને અનુભવથી, ‘દેવ’ના કાર્યો અને તેમાંથી નીપજતી પાયમાલી સમજી શકે છે, ત્યારે તેના અહુર તરફના ભકતીભાવમાં બેશક વધારો થાય છે. ટુંકમાં હૈયાં અને ભેજાંએ સાથે મળીને કામ કરીને, સાથેજ ખીલતાં જવું જોઇએ. ત્યારેજ અહુરના ભકતીભાવ તરફ લોકોની મોટી સંખયા ખેંચી શકાશે, તથા તે બળમાં વધયો જશે.

ઉપલા ફકરાનો બીજો તરજુમો કાઉંશમાં આપયો છે. તે બતાવી આપે છે, કે અહુરના માર્ગ ઉપર દ્રુજને પોતાને ઘસડી લાવવાનું ઘણું ઈચ્છવા જોગ છે. એ ઘણો વધારે બંધબસ્તો તરજુમો લાગે છે, કારણકે દ્રુજનો આત્મા પણ અમર છે, અને મીલ્ટનના યાદગાર બોલોમાં જો કહીએ, તો “જે ઘણી જોર જુલમથી (દ્રુજ ઉપર પણ) જીત મેળવે છે, તેણે પોતાના દુશમનની ઉપર ફકત અડધી જીત મેળવેલી કહેવાય!” આ વશ થએલી દ્રુજને જો ખરા રસ્તા ઉપર ન લાવવામાં આવે, તો આખી જગતની શાંન્તીમાં વારંવાર ધ્રુજારો કરીને, તે હરકત નાખયા કરશે. નીચલા ફકરામાના બે અર્થમાનો કાઉંશમાં આપેલો અર્થ, અહીં આ કાઉંશમાં મુકેલા તરજુમાને ટેકો આપે છે.

૨. હું તે ઝપાઝપીમાં જોડાઉં તે આગમજ, અહુર! તું મને રોશન મગજ કર, કારણ કે તું સર્વજ્ઞાની છે. ઓ મઝદ! શું એક અશો માણસ એક અધર્મી પાપીની સામે છેવટે (જયારે સંપુર્ણ થશે ત્યારે) જીત મેળવશે? (જો તેમ હોય તો) ખરેખર જીંદગીની સઘળી બાબદોમાં એ એક ઘણી અજબ થવા જેવી વાત છે. [અથવા ઓ અહુર! તે (સરોષ!) મને પહોંચે તે આગમજ તથા (જેઓ) મારી સાથના શુરવીર લડવૈયાઓ છે, તેઓ મને આવી મળે તે અગાઉ, જે તું જાણે છે, તે બાબે મને ખુલાસાથી સમજ આપ. ઓ મઝદ! શું ખરેખર અપવીત્રાઇ ઉપર અષોઇ જીત મેળવી શકશે? (જો તેમ હોય તો) તે (આ) માણસાઇ હઇયાતીનાં સૌથી સરસ પ્રાક્રમ તરીકે ખરેખર લેખાશે.]

વીવેચન: આ વખતમાં ઇશ્વરના હુકમને આધીન થવું, તે સદગુણોની હદની બહાર લેખવામાં આવે છે. ધીરજ તેમજ નમ્રતાની માફક, તેને થોડોક વખત થયાં બાજુ મેલવામાં આવ્યો છે. “જો આ ચીજો ફરજયાત હોય તો, તેમને ફરજયાત નસીબમાં લખેલી ચીજો તરીકે આપણે ખમી લેશું,” એવો શેકસપીઅરનો, હાલના વખત માટેનો ઘણોજ ફીલસુફી ભર્યો બોધ છે, તે આજકાલ અભડાઇ ઉપર મેલાય છે. જે ઝપાઝપીનો બોજો જરથુશત્રને માથે છે, તે દુર કરી નાખવને, તે અહુરની અપાર શકતીની આજેજી કરતો નથી. તે જાણે છે, કે તે સઘળી વાજબીપણે નીર્માણ થયલી છે, તેટલા માટે તેણે હીંમતથી તે ઉપાડી લેવી જોઈએ. ફકત તેને એટલીજ આશા અને સધીઆરો જોઇએ છે, કે છેવટે અશોઇની માન પાન સાથે જય થાય. તેથી કરીને લડાઇઓમાં તેને જે નામોશી તથા હાર વેઠવી પડે, તેનો ડંખ તે મીઠાશ ભરી ધીરજ અને સબુરીથી સહી શકે.

વીપત્તીઓ આગમજ મેળવવું જોઇતું જ્ઞાન. દુષ્ટ ઉપર અશોની જીત.

કાન્ટ વાજબી રીતે કહે છે, કે “માણસ જાત પાસેથી આશા તથા ઉંઘ છીનવી લો, અને તમે જોશો, કે દુન્યામાં તે સૌથી કંગાલ પ્રાણી થઇ પડશે. ત્યારે આપણને લાગે છે, કે જીંદગીનો કંટાલા ભર્યો બોજો, આપણી નબળી પ્રકૃતી ખમી શકે તે કરતાં ઘણો વધારે છે, અને જે બેહેસ્તના સુંદર મુલક માટે આપણને વચન આપવામાં આવ્યું છે, તે મેળવવાની મોટી આશાથીજ, ‘પીસગાની’ કઠણ ઉંચાઇએ પણ આપણે ખુશીથી ચઢી જઇએ છીએ.” જરથુશત્ર પોતે પણ નેકીની આયંદે ફતેહને એક અસાધારણ નીયમ તરીકે માને છે, કારણ કે તે જાણે છે, અને આપણે પણ જાણીએ છીએ, કે હાલના વખતમાં દુષ્ટ મલીનતા સઘલા ઉપર ફાવી જાય છે, અને આપણી સાંકડી નજરે જોતાં એવું દેખાય છે, કે ધર્મને ખાતર જીવ આપનારાઓનું ખુદ લોહી

પણ, લાયક બદલો નીપજાવી શકતું નથી ! તેટલા માટે અહુરનું સ્પષ્ટીકરણ ઘણુંજ અજાયબ જેવું અને સુંદર છે, કે છેવટે અષોઇનીજ જય છે.

૩. અહુર, જે પવીત્ર આશીર્વાદો અને આબાદીનો આપનાર (અને) સર્વજ્ઞાની છે, તે, **દીક્ષા પામેલા** (initiated) સર્વને, તેમની પવીત્રાઇ ધ્યાનમાં લઇને, **ભેદી બોલીમાં છુપાયલું** ઉંચ ડહાપણ તેમને શીખવે છે.

ઓ અહુર ! અષો તર્ક શકતીથી મેળવેલાં એકઠાં કરેલાં ડહાપણ મારફતે[1] (એક જણ) **તારા જેવુંજ થઈ શકે.**

ભેદી ડહાપણનું દીક્ષા પામેલાઓને શીક્ષણ. એક મનુષ્ય અહુરના જેવોજ થઇ શકે છે.

વીવેચનઃ અત્રે આપણને તે સંજોગો દેખાડવામાં આવ્યા છે, કે જે મેળવ્યાથી, ઇશ્વરના નુરી કેબલા ઉપર નાખવામાં આવેલા ભેદી બોલોના અંદરના પડદા પછવાડે ડોકીઉં કરવાનો હક, પ્રાપ્ત થાય છે. એક અશો માણસજ તે પડદો ખુલ્લો કરી શકે છે, કે જે પોતાના ડહાપણને ખીલવીને, તેના નીયમોને તાબે થયો હોય છે. અને તે તાબેદારી બતાવ્યાથી એક લાયક શીક્ષક અથવા ગુરૂ તેને પ્રાપ્ત થાય છે, જે તેને ભેદોનો મર્મ સમજાવે છે. હીંદુ શાસ્ત્રમાં એજ માફક કહયું છે, કે વીવેક અથવા પીછાન શકતી હોય, તોજ ઉંચ જ્ઞાનની રોશની મળી શકે છે. જ્ઞાનનો પ્રકાશ મળવા પછી જ્ઞાનને અમલમાં મુકવાથી માણસ જાતથી અહુરની પોતાની ખુદાઇને પહોંચી શકાય છે. ઉપલા ફકરામાં સ્પષ્ટ દર્શાવ્યું છે, કે માણસજાતનું પ્રકટીકરણ, છેવટે માનવીને ખુદામાં આમીઝ કરે ત્યાંસુધી ચાલુજ રહેશે. પ્રગટીકરણમાં ઘણાજ આગલ વધેલા એક આત્મા તરીકે, ક્રાઇસ્ટ ખુદાનો દીકરો હતો. તેટલા માટેજ, ખુદા સાથની પોતાની અઇકયતા તેને માલમ પડવાથી, નીચે પ્રમાણે બોલવામાં તે વાજબી હતો. કે "હું એક દરવાજો છું. જો મારી અંદરથી કોઇબી માણસ દાખલ થશે તો તેને બચાવી લેવામાં આવશે, તથા તે અંદર અને બહાર જઇ શકશે તથા તેને ખોરાક મલશેઃ......મારો પીતા જેણે મને તેઓ (મારા ચેલાઓ) આપ્યા છે, તે સૌ કરતાં મોટો છે; અને મારા પીતાના હાથમાંથી તેમને કોઇ પણ છીનવી લઇ શકશે નહીં. હું તથા મારો પીતા એકજ છીએ (સેંન્ટ જોન ૧૦, (૯,૨૯,૩૦)). હુંજ (ખુદા પાસે જવાનો માર્ગ છું, હુંજ સતતા છું,) અને હુંજ જીવન શકતી છું. કોઇ પણ માણસ મારા (એક પેગમ્બર કે જે મારી માફક ખુદાતાલા સાથે

---

૧. ભગવદ ગીતાના ચોથા અધ્યાયની ૩૩ મી કડીમાં શ્રી કૃષ્ણ કહે છે કે,

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥

"બીજાં સર્વ દ્રવ્યો (પદાર્થો) ના ભોગ કરતાં, જ્ઞાનનો ભોગ વધુ સારો છે, ઓ પરંતપ. ઓ પાર્થ ! સઘળાં કાર્યો આખરે જ્ઞાનમાં ખતમ થાય છે."

સાતમા અધ્યાયની ૧૭, ૧૮, અને ૧૯ મી કડીમાં શ્રી કૃષ્ણ કહે છે કે,

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥
उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥
बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

"તેઓમાંનો તો જ્ઞાની, હમેશ એકતા ન બનેલો, એક (પરમાત્મા) ને ભજતો, શ્રેષ્ટ છે; જ્ઞાનીને હું સર્વથી વધુ વાહલો છું અને તે મને પ્રીય છે. એ બધા (દુઃખી જ્ઞાનના અભીલાષી, પોતાના આત્માને ઓળખવાનો પ્રયત્ન કરનાર અને જ્ઞાની) ઉમદા છે ખરા; પણ (એમના માનો) જ્ઞાની તો મારો આત્મા (જેટલો અમુલ્ય) જ છે; તે એકતાન બનીને, હું જે સર્વ ઉત્તમ માર્ગ છું, તેની ઉપર ચીત્ત ચોંટાડે છે. ઘણાક જન્મો પછી, જ્ઞાની મને પહોંચે છે. તે મુશકેલીથી (જવલેજ) મેળવાય એવો મહાત્મા, આખરે કહે છે (કબુલ કરે છે), કે "બધું વાસુદેવજ (શ્રી કૃષ્ણ પરમાત્મા) છે!"

અઇકયતા પામ્યો હોય તે) શીવાય, બીજે કોઇ રસ્તે, મ રા પીતા ઇશ્વરને પહોંચી શકે નહી. જો તમે મને ઓળખયો હોત, તો મારા પીતાને પણ તમે ઓળખી શકતે. અને હવે પછી (મને ઓળખ વાથી) તમે તેને ઓળખ્યો છે, તથા જોયો છે(એમ માનજો)...જેણે મને જોયો છે, તેણે મારા પીતાને જોયો છે. .શું તું માનતો નથી, કે હું મારા પીતાના અંદર સમાયલો છું, અને મારો પીતા મારામાં સમાયલો છે?...હું જે બોલો તમને કહું છું, તે કાંઇ મારા પોતાના નથી: પણ જે પીતા મારામાં વસે છે, તે બધાં કાર્યો કરે છે. મારૂં માનો કે હુંજ તે બાપ છું, અને તે બાપ મારામાંજ સમાયલો છે...જેને મારી ઉપર વીશ્વાસ છે, તે જે કાર્યો હું કરી શકું છું, તે તે પણ કરી શકશે; અને તેના કરતાં પણ મોટાં કાર્યો તે કરી શકશે......અને જેબી કાઇ મારાં નામથી તમો માંગશો, તે હું કરીશ, કે જેથી કરીને દીકરાથી પીતાની કીર્તીમાં વધારો થાય. જો તમે મારા નામથી કાંઇ પણ માંગશો, તો તે હું કરીશ. (સેંન્ટ જોન ૧૪ (૬.૯.૧૦.થી૧૪).) હુંજ (તમને ખુદાઇ ભાનમાં) સજીવન (કરૂં) અને હુંજ (ઉંચ) જીંદગી બક્ષુ છું; જેને મારામાં યકીન છે, તે જોકે (ઉંચ જીંદગીના સંબંધમાં) મરી ગયો હશે, તોપણ તે જીવશે, અને જેબી કોઇ જીવે છે તથા મારામાં આસ્થા રાખે છે, તે કદીબી મરશે નહીં [પણ ઉંચ આતમીક હઇયાતી કે જે અમર છે, તેમાં દાખલ થશે."]. (સેંટ જોન ૧૧. (૨૫, ૨૬)). દરેક આતમા કે જે એક સોશયન્ત અથવા મોક્ષ આપનાર તારકને તબકકે પહોંચયો હશે તે અહુરના જેવોજ છે, અને તેને માટે આ ક્રાઇસ્ટે જણાવેલું સઘળું ખરૂં છે. અને આજ કારણને માટે પવીત્ર ગાથાઓમાં સોશયન્તોને સારૂં આટલું બધું માન બતાવવામાં આવે છે.

ગૌતમ બુદ્ધની સાથે દાનમતી ગામના વડા બ્રાહ્મણની વાતચીત થઇ ત્યારે બુધ્ધે તેની ખાત્રી કરી આપી કે માત્ર ભોગો આપવાથી મોક્ષ મળતો નથી, અને હઇયાંની શુદ્ધિ કરવાનીજ ઇચ્છા વીના મન્ત્રો ભણવાથી પટપટારો થાય છે. તે વેળાએ દાનમતીના તે બ્રાહ્મણે કબુલ્યું કે 'હું ચારે વેદો મોઢે જાણું છું, તોપણ ખરૂં સત્ય મને જડયું નથી.' ત્યારે બુધ્ધે તેને સમજાવ્યું, કે "શીખવું સારૂં છે, પણ શીખવાથી સાર્થક થતું નથી. ખરૂં ડહાપણ ખરાં શીક્ષણ ઉપર અમલ કરવાથીજ મેળવી શકાય છે. તારો ભાઇ (કોઇપણ માનવી) તું પોતે છે, એ સત્ય (જે પ્યાર શીખાડે છે તે) અમલમાં મુક. અષોઇ પાળ અને તું ત્યારેજ સમજી શકશે કે દુન્યવી, ઇન્દ્રિઓની, જીંદગીમાં જોકે મોત છે, તોપણ સત્યમાં અમર્ગીજ છે."

" જ્યારે સમજણ સંપુર્ણ થાય ત્યારેજ અને જ્યારે તે સમજણ પ્રમાણે જીવન ગુજારવામાં આવે છે, એટલે કે, જ્યારે સર્વે હસ્તી અરક (essence) માં એકજ અને સર્વેને લગતો કાયદો અને સત્ય એકજ છે, એમ સમજીને, તે ઉપર અમલ થાય છે, ત્યારેજ નીર્વાણ (મોક્ષ) મળે છે."

વળી બીજી બાજુએ ગૌતમ બુધ્ધે કહયું છે, કે "અમીતાભ બુદ્ધનું નામ સ્મરણ કરવાથી પૂણ્ય કયારે હાંસલ થાય છે, કે જ્યારે તે નામ એટલા ભક્તિ ભાવથી લેવાય છે, કે તેથી તમારાં હઇયાંની શુદ્ધિ થાય, અને તમારી મરજી ઇશ્વરી મરજી સાથે એટલી એકતાન થાય, કે તમે અષો બનો. તેજ માનવી નીર્વાણમાં પહોંચી શકે છે, કે જેનો આત્મા સત્યની અપાર રોશનીથી ભરપૂર હોય છે. તે હાલતમાં માત્ર તેજ જીવી અને શ્વાસ લઇ શકે છે, કે જે સંપુર્ણ જ્ઞાનની રોશની મેળવી ચુકયો છે."

ગૌતમ બુધ્ધે બાહ્ય અને ગુપ્ત જ્ઞાન (exoteric and esoteric doctrine) ની વચમાં ભેદ ન રાખતાં, બન્ને જગ જાહેર કર્યા હતા અને તેણે જ્ઞાન કેમ મેળવવું તેનો રસ્તો દેખાડયો હતો. યોગવીદ્યા પ્રમાણે ખરૂં જ્ઞાન મેળવવા માટે, એકચીત્ત કરીને અમુક મહાન બાબદો ઉપર એકાંતમાં, નીરાંતે મનન કરવું જોઇએ. ગૌતમ બુધ્ધે શીખવ્યું હતું, કે એ જ્ઞાન મેળવવા માટે

ચાર જાતના ધ્યાનમાં મશગુલ થવું જોઇએ. આજકાલ આ વીષય ઉપર ઉત્સુકોની પરપુછ થાય છે. માટે ધ્યાન શા ઉપર કરવું તે આપણે જોઇશું. બુધ્ધે કહ્યું કે પ્રથમનું ધ્યાન એકાંતવાસથી થાય છે, જ્યાં તમારાં મનને ઇન્દ્રિય વીષયોમાંથી ખેંચી લેવું જોઇએ. બીજું ધ્યાન કરવા સારૂં, મનને શાન્ત બનાવીને, ખુશાળીથી ભરપુર કરી નાખવું જોઇએ. ત્રીજું ધ્યાન પ્રાપ્ત કરવા માટે, સઘળી આત્મીક બાબદોમાં ખુશાલી મેળવતાં શીખવું જોઇએ, એટલે કે, જેમ માનવી આપોઆપ ઇન્દ્રિઓને લગતી બાબદોમાં મોજ લે છે, તેજ પ્રમાણે આપોઆપ આત્મિક વીષયોમાં પણ મોજ લેવાનું તેને સ્વભાવીક થઇ જવું જોઇએ. અને ચોથાં ધ્યાનમાં મનને એટલું શીતળ અને સ્વચ્છ બનાવવું જોઇએ, કે તે ખુશાલી અને દલગીરી એ બન્નેની પેલી મેર સ્વસ્થ રહી શકે.

મનની ઉપરની મહાન જીત મેળવવાને સારૂં દાયકાઓ સુધી માનવીએ મનને કેળવવું જોઇએ. ગૌતમ બુધ્ધે ક્રમે ક્રમે મનને હાથ કરવા સારૂં નીચલાં પાંચ જાતનાં મનનો શીખાડયાં છે. (૧) **પ્યાર** ઉપર એવું મજબુત મનન કરવું, કે તેથી હઇયાંમાં દુશ્મનો સુદ્ધાં સૃષ્ટિના દરેકે દરેક પ્રાણીના સુખને સારૂં, ખરેખર આરજુ અને તલપ થાય. (૨) **દયા** ઉપર એવું મનન થવું જોઇએ, કે જેમાં દરેક પ્રાણીના દુખોનો વીચાર કરીને, કલ્પનામાં તે મનની આંખો આગળ ધરવાં, કે જેથી તેમને સારૂં ઉંડી દયા ઉત્પન્ન થાય. (૩) બીજાઓની **ખુશાલી** અને આબાદી ઉપર મનન કરીને, તે ખુશાલી અને આબાદીથી તમારાં હઇયાંને ખુશાલી મળી શકે, એટલે દરજ્જે સુધી તેને કેળવવું જોઇએ. (૪) **અપવીત્રાઇ**ના બુરાં પરીણામો, એટલે કે પાપ અને દર્દથી ઉપજતાં દુખો ઉપર મનન કરીને, ઇદ્રિઓની મજાહ કેવી ચલીત છે અને તેમના પરીણામો કેવાં પ્રાણઘાતક નીવડે છે, તે ઉપર ખુબ મનન કરવું. અને (૫) સંપુર્ણ **શાન્તિ** ઉપર મનન કરવું, જેથી પ્યાર અને દ્વેષ, સીતમ, દઉલત અને તંગી, એ સઘળાંઓની પેલી મેર પહોંચીને, તમારાં પોતાના નસીબ પ્રમાણે જે પણ તમને મળે, તે અપક્ષપાત રીતે, પુર્ણ શાન્તિથી, અને પુર હિમ્મતથી કબુલો.

૪. ઓ અહુર! જે કોઇ પોતાના બોલો અને કામોથી, પોતાનું મન વધુ અને વધુ પાક તથા અષો રાખે છે, તે પોતાના ધર્મને (પણ તેવોજ) રાખે છે. તેની ઇચ્છા તેના યકીન તથા વફાદારી (પ્રજા ધર્મ) ને અનુસરતી હોય છે; (તેનો) અંત ખુલ્લી રીતે **તારાં ડહાપણમાં** છે.

વીવેચનઃ આ ફકરાના દરેક બોલમાં ભેદ સમાયલો દેખાય છે. ધર્મનો આધાર માણસની પોતાની ઉપર છે. માનવી ખુદાના એક મંદીર સમાન છે, કે જે દેવલ માણસના હાથોથી બાંધવામાં આવયું નથી. તે પોતાની સચ્ચાઇ તથા પવીત્રાઇથી ધર્મને મજબુતી આપે છે, તથા તેનું રક્ષણ કરે છે. તેને કાંઇ દુન્યવી રમકડાંઓ જોઇતાં નથી પણ તેનું અંતઃકરણ તે અંતધારણા મેળવવાને તલપે છે, કે જેને 'અહુરમઝદ,' અથવા 'પરમાત્મા' તરીકે ઓળખયે છીએ. નીચલા જાણીતા બોલોમાં કેવીડ આ બાબદ સમજાવે છે, કે "આપણી આ ભેદ ભરી પ્રકૃતીનું સુખ ફકત ખોદાતાલાની બક્ષીસો, તેના હાથના કામો અથવા તેની કુદરતની બહેળી ઇનાયતોમાં કદી મળતું નથી. એક આત્મા એવી ઉદાર બક્ષેસો મેળવવાની તલબ મુકી દઇને, એવી નાદર બક્ષેસોના આપનાર ધણી (ઇશ્વર)ને, પોતાનાજ તરીકે દાવો કરી માંગી લેવા માંજ, ફકત ખરો સંતોષ માને છે." આ ફકરાનુ છેવટનું વાકય આપણી અંતરધારણા શું હોવી જોઇએ, તે બાબેની બાતમી આપે છે!

વધુ અશો મન.
તેની ઇચ્છા.
અહુરના ડહાપણમાં તેનો છેડો.

૫. ઓ (સ્પેંત) આરમઇતી, લાયક સતાધીકારીઓ, અષો કાર્યોથી આપણી ઉપર રાજ કરે! આપણી ઉપર દુષ્ટ હાકેમો રાજઅમલ ચલાવે નહીં, એવું ઇચ્છીએ છીએ!

માનવી જાતના (ખુદ) જન્મ વખતથીજ અશોઈ તેને માટે શ્રેષ્ટ છે. (આપણે) ઢોરોને માટે મહેનત કરવી જોઇએ, તેઓ આપણા ખોરાકમાં વધારો કરવા માટે આપણને મદદ લાગે છે. [અથવા એક **માનવીએ જગત (નાં ભલાંને) માટે શ્રમ ખેંચવો જોઇએ,** કારણકે (તેમ કરવાથી) આપણી કીર્તીમાં વધારો થાય, તે વાસ્તે તે જગતની વૃધ્ધી કરે છે.]

લાયક રાજકર્તાઓ માટે બંદગી. અશોઇ સર્વોતમ. ઢોરો માટે મહેનત.

વીવેચન: નારી જાતીની મુદ્રાવાળી ભલી અમેશાસ્પંદ સ્પેંતઆરમઇતી ગાથામાં ક્ષથ્રવઇર્યો, હઉરવતાત, અને અમેરેતાત કરતાં વધુ વારંવાર યાદ કરવામાં આવી છે, એ ધ્યાન આપવા જોગ છે. આપણે આરમઇતી પાસે ઇનસાફ માંગીએ છીએ. તેનું કારણ કદાચ એમ હોય, કે સ્ત્રીજાત પુરૂષ કરતાં સાધારણ રીતે વધુ નરમ ખવાસની અને પ્રમાણીક ઇનસાફી હોય છે.

વળી **અષોઇ જાળવવાનું** ઇચ્છવા જોગ છે, એમ વારંવાર ગાથાઓ વીગેરેમાં ઠસાવવામાં આવયું છે, તે જરથોસ્તી દીનના અરક બરાબર સમજવું.

આપણે વીકારી સ્વાદ પંપાળવાને માટે, ઢોરોને મારી નાખવાં જોઇએ એવું લખવાને બદલે, ગાથાના ઉપલા ફકરામાં ફરમાન છે, કે ફકત તેમની જાળવણીજ કરવી નહીં, પણ તેમને માટે ચાલુ મહેનત લેવી. માંસ ખાવાનું પસંદ કરનારાઓ, આ ખુલ્લાં ફરમાનનાં બંધનમાંથી ગમે તેમ આડા અવળા અર્થો કરીને સટકી જવા માટે તજવીજ કરશે તો ખરાજ. તે છતાં મુવેલાં ઢોરનું શરીર, પછી ચાહેને તે પકાવેલું હોય, તોપણ તેવું મુરદાલજ શરીર ખાઇને, જે કોઇ પોતાના શરીરને અપવીત્ર કરે છે, તે કદીપણ ખરો સાધુ બની શકે નહીં. તેજ પ્રમાણે જે સ્ત્રી પોતાનાં શરીરને તેજ રીતે મલીન અને અસ્વચ્છ કરે છે, તેણી કાંઇ સાધવી બની શકે નહીં. પોતાના મુંગા સાથીઓને જે ઘાતકીપણે કતલ કરે છે, તે કાંઇ સાધુ હોઇ શકે નહીં. જે ધણી પોતાના કોહવાટભર્યાં શરીરને, બીજાં પ્રાણીઓનાં શરીરો કરતાં વધુ ચાહે છે, તે સુરી હોઇ શકે નહીં. પોતાના હવસને તૃપ્ત કરવાને માટે જે કોઇ નીર્દોષ લોહી રેડે છે, તે એક પહરેઝગાર અને 'પાક ખુદાનો દીકરો' ગણાય નહીં. ઇસલામી ધર્મની ઉંચ મુદ્રાઓના ઉંડાણમાં જવાને, 'પીર' લોકોના જન્મ ચરીત્રો તપાસીશું, તો સત્તાધારી પુરાવાઓથી સાબેત થઇ જશે, કે આવી જાતનું નીર્દયપણુ ઇસલામી ધર્મમાં પણ ફરમાવેલું નથી. દરેક ધર્મ તપાસો અને ખાત્રી કરી જુઓ, કે આખી જગત જેટલા બહોળા પ્યારનો મુળ સદગુણ ખીલવવાને, આગ્ના આપવામાં આવી છે. તેવા પ્યારના ફરમાન ઉપરથી આપણાં સઘલાં વાચાવાળાં અને મુગાં ભાઈબંધ પ્રાણીઓ તરફ સાલેસાઇ બતાવી 'અહીંસા' (harmlessness) નો એમુલો ગુણ આપણે શીખયે છીએ.

'જે પ્રમાણે બીજાંઓ તમો તરફ વર્તે એવું ચાહતા હોવ, તેજ પ્રમાણે તમારે પણ તેઓ તરફ વર્તવું'' એ કાયદો માણસ જાત તેમજ સઘળાં જાનદાર પ્રાણીઓને, એક સરખી રીતે લાગુ પડે છે. જો તમે સચેતન, તીવ્ર લાગણીના પ્રાણીઓની જીંદગી તથા તેમની લાગણી તરફ તુચ્છકાર બતાવીને, ખુદાતાલાને મળવાની આશા રાખશો, તો ખાલી જંગલી છોડવાઓ રોપીને, ઘંઉના પાકની કાપણી કરવાની મુરાદ રાખવા જેવું થશે. ખુદા કાંઇજ નહીં પણ વગર હદનો પ્યાર છે, અને બેહદ પ્યાર એજ ખુદા છે, અને કાયદો જે પોતે પ્યાર છે, તેમાં જો કાંઇપણ ખલલ નાખવામાં આવે, તો તે કમનસીબ હરકત નાખનારની ઉપર તેની અસર ઘણીજ ભયંકર અને દયાજનક થાય છે. માનવી જાતને મુંગા પ્રાણીઓનો નાશ કરવાની સતા કોણે આપી છે? આપણા જાનવરોને ગુલામો તરીકે વાપરવાની પણ સતા આપણને કોણે આપી છે? જીવતી જાગતી, હઇયાતી ધરાવતી વસ્તુઓ તરીકે, તેઓને વપરાસમાં લેતી વેળાએ, આપણે સંભાળથી તથા

અંતકરણની સાચી નીષ્ટાથી તેમની સાથે વર્તવું જોઇએ, એવો પવીત્ર હક તેઓ ધરાવે છે. માત્ર ભારબરદારી પ્રાણીઓ તરીકેજ નહીં, પણ આપણી જીંદગીની કષ્ટીઓમાં ભાગ લેનારા, આપણા મદદગાર સાથીઓ તરીકે, અને આપણને પોતાના ઉપકારના બોજા હેઠળ મેલનાર હોય એમ, તેઓની સાથે આપણે વર્તવું જોઇએ. તેઓ તરફ એક વડીલ ભાઇબંધની પેઠે માયાભરી તથા વૃદ્ધીશાળી વર્તણુંકથી, તેમને પ્રકટીકરણમાં આગલ વધારવાની ફરજ દરેક માનવીને શીર છે. ખુલ્લાં દીલનો ન્યાય, શીકારની (લોહી રેડવાની) મજાહની ઇચ્છાને તૃપ્ત કરી, ખુદાતાલાના બનાવેલાં સર્વે નાનાં મોટા પ્રાણીઓના મોતના છેવટના તરફડીઆં મારતાં જોઇ, તેમાં મજાહ ભોગવવામાં નથી. તેમજ ફક્ત માણસજાત તરફજ ઇનસાનયત બતાવવામાં ન્યાય ખતમ થતો નથી.

આપણે માત્ર આ પૃથવીનાજ રહેવાશીઓ નથી, પણ આખી સૃષ્ટિનાં રેહેવાશીઓ છીએ. તથા આ આપણો દરેક વીચાર, કાર્ય તથા બોલ આખી સૃષ્ટિ ઉપર પ્રતીક્રીયા (reaction) થી અસર ઉપજાવે છે. અને કરડી તર્કશકતીની નજરે જોતાં, "કોઇ પણ હઇયાતી ભોગવતાં પ્રાણીને મારવું, એ કાંઇ ખુન નથી" એ રૂઢી અખત્યાર કરવી, ઇનસાફી છે, એમ કહેવું કેવળ અશકય જણાય છે. કવીરાજની નીચલી લીટીઓમાં સમાવેલી ડહાપણભરી સલાહ તરફ હવે નજર કરશું:-

ફરે છે આ ખીણુમાં જે ટોળાંઓ છુટથી,
નથી હું મારતો તેમને મુજ કુરતાથી.
ખુદાઈ શકતી જે કરે છે મુજપર દયા,
શીખવે છે મુજને દીલસોજી કરણા.
ફરૂં છું પહાડોની ચઢાણોમાં ખાસ,
શોધવા નીર્દોષ ભાજીપાલાનો ચાસ.
આવું છું જયાંથી ફળફળાદીની ઝોળી સાથ,
ઝરામાંથી પાણી પી થાઉં છું તરોતાજ.
ત્યારે મુસાફીર ઓ ભાઇ! જંજાળ,
તારી ત્યાગ,
સર્વે દુન્યવી ચીંતા છે ખોટી, છોડ તેનો રાગ,
માનવીને થોડુંક છે પુરતું, આ ધરતી
ઉપર,
જે થોડુંક પણ લાંબુ, તે વાપરતો નથી
જુગભર.

વળી પેલા પીરની ડાહી શીખામણ યાદ રાખજો, કે "જે ચીજો સર્વે પેદાયશ સાથ ભાઇબંધી વધારે છે, અને જે ચીજથી એક જણ બીજાને ઉન્નતીએ પહોંચાડી શકે છે, તેવી ચીજો મેળવવા કાજે આપણે શ્રમ લેવો જોઈએ. **માંસ પ્રાપ્ત કરવાને ખાતર ખુદાની બનાવટનો નાશ કરતો નહીં** ...... દારૂ પીવો અથવા તો માંસ ખાવું અથવા કોઇ પણ એવું કામ કરવું, કે જેથી તારો ભાઇબંધ પોતાની ચાલચલણ કેવી રાખવી, તે વીષે ગુચવાઇને થાપ ખાઇને પાપ કરે, અથવા તો જેથી તેને ક્રોધ ઉત્પન્ન થાય, અથવા તે નબળો થાય, એવું કાંઇપણ કરવું ઠીક નથી." (રોમન્સ ૧૪ (૧૯ થી ૨૧ સુધી)). પ્રાણીઓનો નાશ ન કરવા માટેનું એક ઘણું સરસ કારણ, ભગવદ ગીતામાં આપ્યું છે, કે "ઓ અરજુન, દરેક જીવની અંદર તે સાહેબ પોતે વસે છે" (અધ્યાય ૧૮ મો, કડી (૬૧) મી). ત્યારે ખાલી વીષયી મોજને ખાતર અને હંમેશગીના કાયદાને અનુસરતાં પુરતાં કારણ વગર, તે સૃષ્ટીનો માલીક, કે જે દરેક જીવની અંદર બેઠેલો છે, તેને કેવી રીતે આપણે ઇજા કરવાની હીંમત કરીએ?

૬. કારણ કે તેઓ (ઢોરો) અમારા કીમતી ખજાના મીસાલ છે, અને (આપણી) પાક ધારણાની ઇચ્છાઓ(પુરી પાડવા)માં, તેઓ આપણને જોર તથા શકતી બક્ષે છે. શરૂઆતની દુન્યાની પેદાશમાં, મઝદ અહુરે અશ (વહીશત)ની મદદ વડે, તેમને માટે વનસ્પતી ઉગાડી. [અથવા તેણી આપણું ખરેખરૂ રેહેઠાણુ (છે). તેણી કે જે વોહુમનોના આશીર્વાદ પામેલી છે, અને જે આપણને જોર તથા શકતી બક્ષે છે, અને અશની મારફતે,

તેણીને માટે મઝદ અહુરે, શરૂઆતની હ ઇયાતીને પેદા કરતી વેળાએ, વનસ્પતી ઉગાડી હતી.]

વીવેચનઃ ન તો જાનવરો ન બઇરાં એમાનાં એકે, "આત્મા વીના"ના છે એવો દાવો ઘડીભર પણ કરી શકાશે નહીં.

ઢોરો કીંમતી છે તેનું કારણ.

આપણા ધાર્મીક લખાણોમાં નીશ્ચય પુર્વક રીતે કહેવામાં આવે છે, કે આપણને આશીરવાદો બક્ષવા તથા આપણી નેક ઇચ્છાઓને સીધ્ધ કરાવી આપવાને, ઢોરો શકતીમાન છે. તેઓ જો કે પ્રકટીકરણમાં આપણેથી પછવાડે રહી ગએલાં ભાઇબંધો છે, પણ જેમ મગરૂરી સાથ માનવામાં આવે છે તેમ, તેઓ કાંઈ પ્રકટીકરણમાં એટલાં બધાં છેટે તો નથીજ, કે તેઓને નહીં ગણકારવામાં આપણે વાજબી ઠરી શકીએ. એક પત્થર અથવા ધાતુ પણ આપણાથી એટલે વેગળે નથી, કે તેની પણ અસર આપણા ઉપર થયા વીના રહે. કલકતાના પ્રખ્યાત પ્રોફેસર બોઝ આપણને જડશાસ્ત્રને આધારે અનેક અખતરાઓ પુરા પાડે છે, કે જે અખતરાઓ અભણ લોકો, પ્રાણી, વનસ્પતી અને ધાતુઓ વચ્ચે જે ભેદ અને અન્તર રાખે છે, તે સમુળગો દુર કરે છે. આ બહોળી સૃષ્ટી ઉપર એક સેહેજ રજકણ પણ એવી નથી, કે જેની અસર સઘળી સૃષ્ટીમાં વ્યાપી રહિ નથી.

સાધારણ રીતે તો અષંવહીશતને નહીં, પણ અમરદાદને અવસ્તામાં વનસ્પતી ઉપર મુવકલ (ફરીશ્તા) અમેશાસ્પંદ તરીકે ઓળખાવવામાં આવ્યો છે.

૭. તમે જેઓ નેક વીચારના રસ્તાને મજબુતીથી વળગી રેહેવા માંગતાં હોવ, તેએએ ગુસ્સાના દેવને બરાબર દાબી દેવો જોઇએ, અને ધીક્કારને વશ કરવો જોઇએ. જે માણસ દુન્યાને ફાયદો કરે છે, તે આ કામ માટે પોતાનો સ્વભોગ આપે છે, અને દુન્યાને સદંતર તારા હવાલામાં સોંપી દે છે.

પાક વીચાર. ગુસ્સા તથા ધીક્કારનો નાશ કરવો. સ્વભોગ. ખુદાને આધીન થવું.

વીવેચનઃ એક માણસની તંદરોસ્તીને નુકસાન કરનારા, વગર અર્થના ગુસ્સાના ઝનુનને ઉ-તેજન આપવાથી ઉપજતી ખાલી જંજાલમાંથી બચવા માટે સુચના કરવી, એના કરતાં વધુ વ્યવહારૂ સલાહ બીજી કોઇ ન હશે. એવું ગુસ્સાનું ઝનુન આખી વાતાવરણ ઉપર, આસપાસના બનાવો ઉપર, માનવીના સ્થુલ તથા માનસીક અને આત્મીક બાંધા ઉપર અસર કરે છે. આવા અતીશય ગુસ્સાના બદલામાં, તેટલોજ અથવા તેથી પણ વધુ ધીકકાર સામા માણસમાં ઉત્પન્ન થાય છે, જે પોતાનો માર્ગ કરવા માટે તુરત પગલાં લે છે. એ પ્રમાણે આગમાં તેલ હોમાવીને ગુસ્સો શરૂ કરનાર શખસની ઉપર ક્રોધનો અંગાર વરસાવે છે. આ સંબંધમાં પવીત્ર ગાથાઓના શીક્ષણને મળતું આવતું એક ફરમાન, પોતાના ચેલાઓને એક ગુરૂએ (ક્રાઇસ્ટે) નીચલા બોલોમાં આપ્યું છે તે કેટલું વેહેવારૂ લાગે છે! "જે કોઇબી પોતાના ભાઇબંધ સાથે કોઇપણ કારણ વગર ગુસ્સો કરશે, તેની સામે ચુકાદો આપવામાં આવશે, અને જે કોઇ પણ પોતાના ભાઇબંધને 'બેવકુફ' કરીને કહેશે, તેને મંડળી બેઇજત કરશે; પણ જે કોઇ (ગુસ્સામાં) "મુર્ખ!" કરી કહેશે તેને દોજખનો આતશ સહેવવો પડશે [એટલે કે, નીચલાં હલકી કીસમના ભુવનો, જયાં વીક્રાળ હવસોનો પીડા કર્તો આતશ હમેશાં બળે છે, અને અંતઃકરણને બાળીને ભસ્મ કરે છે, તે ભુવનોમાં હઇયાતી ભોગવવાની સજા તેને થશે.] તેટલાં માટે જો ખુદાવંદતાલાની નજદીક તું કોઇ બળીદાન અર્પણ કરવા દેવળમાં જાય, અને તેજ વેળાએ તારા કોઇ ભાઇબંધ સાથે (કોઇ ગંભીર પ્રકારની) તને કાંઇ ખટપટ હોય, તેની તને યાદ આવે, તો તે બળીદાન (પ્રેમી) ખુદાતાલાના યજ્ઞકુંડ (altar) આગલ મુકતો નહીં, (પણ) પેહેલાં તારા ભાઇબંધ સાથ દો

સ્તી કરી આવજે, અને પછી આવીને તે તારૂં બળીદાન તેની આગલ ધરજે. [નહીં તો તે કબુલ રાખવામાં આવશે નહી.]" (સેંટ મેથ્યુ ૫. (૨૨ થી ૨૪)).

પ્યાર અને ધીકકાર, એ બેઉ એકજ માણુસમાં કેવી રીતે સમાવી શકાય? ધીકકારનો નાશ કરવા માટે, આપણને બુલંદ નગારાંના અવાજની માફક ખુલ્લું કેહવામાં આવે છે. ફકત નર, નારી અથવા બાળક તરફના ધીક્કાર માટે અત્રે બોલવામાં આવતું નથી. પણ કોઇબી માણુસ અથવા ચીજ અથવા બનાવ તરફ ધીક્કાર બતાવવો, તે સર્વ ઉપર અમલ રાખનારા સાહેબના હુકમનો અનાદર કરી, તેને નાફરમાન થવા બરોબર છે. જયાંસુધી એક અંતઃકરણમાંથી ધીકકાર તદન નાબુદ થઇ જાય નહીં, અને તે અઇકયતા, પ્રીતીભાવ અને સબુરી અખત્યાર કરે નહીં, ત્યાં સુધી સીધા અને સાંકડા માર્ગ તરફ આગળ વધવાની કોશેષ કરવી ફોકટ છે. તેમજ "સુલેહશાંતી ફેલાવનારાઓ ઉપર ખુદાના આશીરવાદ હોય છેઃ કારણ કે તેઓ ખુદાના બચ્ચાં ગણાશે. દયાળુ લોકો હમેશ આશીરવાદ પામેલા હોય છેઃ કારણ કે તેમને દયા દેખાડવામાં આવશે." (મેથ્યુ ૫, (૭-૯)).

જે મહાન જીંદગી સૃષ્ટીના અગણીત આકારોમાં જીવનશકતીના ધબકારાઓ પછવાડે ખડી છે, તેનેથી આપણને જુદા પાડનાર, ઇંદ્રીયણુધ્ધીને કચડી નાંખવાથીજ પ્યાર ઉત્પન્ન થાય છે. અને જયાંસુધી દરરોજની જીંદગીમાં વેહવારૂ રીતે અને દરેક પળના કાર્યમાં યકીન, આનંદ અને અંતઃકરણની લાગણી સાથે, અઇકયતા જાળવવામાં ખંત વાપરવામાં આવતી નથી, ત્યાંસુધી ખોદાતાલા સાથના યોગ અથવા જોડાણની સીધ્ધી, એક કલ્પીત સ્વપ્નાની મીસાલ છે. દરેક ચીજમાં આપણો આત્મા વસે છે, એમ માનવાથી, તથા આપણી અંદર સઘળાનો આત્મા વ્યાપી રહયો છે, એવું સમજતાં શીખવાથી, અઇકયતા મેળવી શકાય છે. દુન્યાની રચનાનો મુળ પાયો તે મોટા ખાવીંદનો બહોળો પ્યાર, જે તેની વીશાળ છાતીની સપાટી ઉપર રમતાં સઘળાં નાહનાં બાળકો તરફ દોરવાયલો છે, તેની ઉપર રચાયો છે. તેથી પરીણામ એ આવયું છે, કે જયારે જયારે પ્યાર ફતેહ પામે છે, ત્યારે ત્યારે દરેક માણુસ ખુશી બને છે. અને જયારે જયારે પણ પ્યારને નીષ્ફળતા મળેલી જણાય છે, ત્યારે ત્યારે તે ઉદાસ બની જાય છે. કોઇપણ વાર્તા (novel) ની ચોપડી ઉઘાડશો તો એ વીષે ખાત્રી થશે. જયારે ધીક્કાર સર્વોપરી ભોગવે છે, એટલે ફાવી જાય છે, ત્યારે માણસજાત દુઃખની હાય મારે છે. જયારે ધીકકારને મારી હઠાવવામાં આવે છે, ત્યારે તેનું અંતઃકરણ ખુશાલીથી ઉછાળા મારે છે. ગમે એટલા જુના પુરાણા ઇતીહાસો તરફ નજર કરો, દુન્યાની ઉત્પત્તી થઇ ત્યારથી તે હમણા લગીના માનવીજાતના વેહવારના ચાલુ બનાવો ઉપર ધ્યાન દોડાવો. લડાઇની, રાજની, રાજકારભારની, કાહંગીકીસ્સાની, ઉદયોગની, કળાની, દુર્વાસના તથા લોભ લાલચની, સુખદુઃખની,—એ સઘલી બાબદો બદલ તપાસ કરશો, તો નીશ્ચાત માલમ પડશે, કે પ્યાર તથા ધિકકારની ધડીની આસપાસ, આ આખી જગતનું ગંજાવર ચક્ર, ગોળ ને ગોળ ફરતું રહે છે. ધર્મ આપણને આ હકીકતની યાદ આપે છે, અને વળી આપણા વીષયી વાસનાથી લપટાયલાં મગજ ઉપર, તે હકીકત જાણવાથી નીપજતું ડહાપણ ઠસાવે છે; અને એ રીતે આપણને સુધારવાનો યત્ન કરે છે. આ પ્યારની બાબદનો ટુંકમાં સાર આપતાં, બાઇબલમાં આપણને ફરમાવવામાં આવે છે, કે "જે મીસાલ આપણે પોતાને ચાહીએ છીએ, તેજ માફક આપણા ખુદાને, આપણા દુશ્મનને, આપણને હેરાન કરનારાઓને, તેમજ આપણા પાડોશીઓને આપણે ચાહવા જોઇએ, કે જેથી આપણો સ્વર્ગમાં નીવાસ કરનાર પીતા, જે સંપુર્ણ છે, તેની માફક આપણે પણ સંપુર્ણ થઇએ." (મેથ્યુ ૫. ૪૪–૪૮.) પાપીઓ અને આપણા દુશ્મનો તરફ પણ પ્રેમ દેખાડવાનું કારણ એવું જણાવવામાં આવે છે, કે "જેઓ તમને ચાહે તેમને તમે ચાહો, તેમાં તમોએ શું મોટો ઉપકાર કીધો? કારણ કે પાપીઓ પણ પોતાને ચાહનારાઓ તરફ ચાહા દેખાડે છે. વળી જે

ઓએ તમારૂં ભલું કર્યું હોય, તેમનુંજ
ભલું જો તમે કરશો, તો તેમાં તમે શું
નવાઇ બતાવી? કારણ કે પાપીઓ પોતે
પણ તેજ માફક કરી બતાવે છે. અને
જેમના તરફથી કાંઇ મેળવવાની આશા
રાખો છો તેમનેજ જો કાંઇ ધીરશો, તો
તેમાં તમને શું માન ઘટે વારૂં? કારણ
કે પાપી હરામખોરો પણ, પોતાના જેવા
લુચ્ચાઓ તરફથી, પાછું તેટલુંજ મેળવ
વાની આશાને લીધે, ધીરે છે. પણ તમા
રા દુશ્મનોને ચાહો, અને તેમનું ભલું
કરો અને કાંઇ પણ (બદલો) મેળવવાની
આશા વગર મદદનો હાથ લંબાવો; અને
તમારો બદલો (આત્મીક ભુવનો ઉપર)
બહુ મોટો મળશે. અને (એ પ્રમાણે) તમે
તે શ્રેષ્ટ માલેકના બચ્ચાંઓ થશો. કારણ
કે તે માલેક પોતે, નગુણા અને દુષ્ટ લોકો
ઉપર પણ રહેમ બતાવે છે. તેટલા માટે
તમારો પીતા જે દયાળુ છે, તેના
જેવા દયાળુ થજો.'' (સેંટ લુક ૬,
(૩૨ થી ૩૬)). અને વળી બીજે ઠેકાણે
જણાવેલું છે કે, ''એક બીજા સાથે
એક દીલના થજો. મોટી ચીજો (સત્તા
તથા દ્રવ્ય) તરફ ધ્યાન દોડાવતા ના,
પણ રંક હાલતના લોકો તરફ મોટું મન
રાખીને મહેરબાની દેખાડજો......બુરાઇનો
બદલો બુરાઇથી વાલશો નહીં......બની
શકે ત્યાંસુધી તમારેથી બને એટલો શ્રમ
લઇને, સઘળાંઓ સાથે સલાહસંપથી
રેહજો. વાહલાઓ! કોઇ ઉપર વેર લેશો
મા અને ગુસ્સાને દબાવી દેજો..... દુષ્ટ
તાથી હારી જઇ, તમે પણ તેવા થતા
ના [એટલે કે બીજાઓ તમારૂં બુરૂં
કરે, તો તમે પણ તેમનું બુરૂં કરશો
નહીં]. પણ તે બુરાઇનો બદલો
ભલાઇથી વાળજો!'' (રોમનો ૧૨ (૧૬
થી ૨૦)). વળી આપણને જણાવવામાં
આવે છે, કે મઝદ અહુર તરફનો પ્યાર,
શાંતી, સુધારા વધારા અને દીલસોજી બ
તાવવામાં અને મઝદ અહુરની મરજીને
પુર્ણ તાબે થવામાં, અને કાર્યો
ના ફળો ત્યાગ કરીને, ઉમદા જીંદ
ગી ગુજારવાથીજ પ્રદર્શીત થઇ શકે છે.
રેવરંડ ફીલીપ બ્રુકસ ઘણી લાગણીથી
પુછે છે કે, ''આપણા નાના બાળકો આ
પણી ઉપર પુરેપુરો ભરૂસો મુકી
ને દરરોજ આપણને જે વીશ્વાસ શીખ
વે છે, તે મીઠો વીશ્વાસ ખોદા તરફ
આપણે કયારે દેખાડતાં શીખીશું? દરરો
જ તેના હાથમાં હાથ સ્વાધીન કરીને, આ
પણો નીર્માણ કરેલો, ગમે એવો સુંવાળો
અથવા કાંટાવાળો રસ્તો, જીંદગીને છેડે સુ
ધી, શાંત અ.સાએશ મેળવવાની પુર ઉમેદ
રાખીને, યકીનથી શા માટે આપણે ખેડ
યે નહીં? પરીત્યાગ એક બેમુલ્લા સ
દગુણ છે, કે જેમાંથી અચલ શાન્તી આ
ને અજીત શકતી મેળવી શકાય છે. તે
પ્રાપ્ત કર્યા શીવાય, ઇશ્વરની ભેટ કરવા
ની આશા રાખવી, તદન વ્યર્થ છે.

૮. એ! અહુર! તારા વાજબી અમ
લની અસલ નેમ શું છે? તને તેમજ
તારા આશીરવાદોને મેળવવાનો પવીત્ર
ફાયદો, મારા પોતાનાંને (ચેલાઓને) મેળ
વી આપવા માટેની અસરકારક બંદગી
કઇ છે? અષોઇની મારફતે તારા જાહેર
ઠેરવેલા મદદગારોની મદદ, હું કેવી રી
તે મેળવી શકું, કે જેથી કરીને અષો મ
નથી થયલાં કામોને હું ઉતેજન આપી
શકું?

અહુરના અમલનું કારણ. બંદગી. મદદગારો.

વીવેચન: અત્રેના પેહલા સવાલનો જ
વાબ ઉપલા ૭
માં ફકરામાં થોડો
ઘણો આપવામાં
આવયો છે. ધી
ક્કારનો નાશ અ
ને સંપુર્ણ પ્યાર, અઇકયતા, બળ
અને ડહાપણની ખીલવણી, એજ આ
સૃષ્ટીમાં અહુરની સત્તાની અસલ નેમ
છે. જે બંદગી આશીરવાદો લાવે તથા
ખુદ અહુરની પોતાની સાથે આપણો મે
લાપ કરાવે, તેવી બંદગીના પ્રકાશ માટે,
એક ચેલો તલપે છે. આ તબકકે, આપણે
તે સર્વપ્રતાપી પીતા સાથના જોડાણ મા-
ટેની આ શ્રેષ્ટમાં શ્રેષ્ટ મહત્વેચ્છા વીષે તદન
જાણીતા થઇ ચુકયા છીએ. આવું ખુદાઇ
કામ બજાવવાને માટે, આ બીજા ફકરાના
સવાલમાં એક ચેલો, ખુદા તરફથી નીમા
યલા ડહાપણ ભર્યા તથા દયાવંત
ગુરૂઓ, કે જેમની ગુરૂ તરીકેની પદવી
દુનીયાની સપાટી ઉપર સઘળે ઠેકાણે
કબુલ રાખવામાં આવેલી છે, તેમની મદદ
તથા રાહબરી, નેકીની મારફતે કઇ રીતે

મેળવી શકાય, તે માટેનું શીક્ષણ માંગે છે. કારણકે હાલની સઘળી ઓલાદોને ઘડો આપનારા, નમુનાઓ અને ઘડનારાઓ તેઓજ છે. તેઓએ બારીકીથી આબાદ નકશાએ બનાવ્યા છે, કે જે મહત્વેચ્છાના દરીયામાં હોમાવનારા સાહસીક ચેલાઓ એ, પોતાના વપરાસમાં લેવા જોઇએ. આ પણને તે ગુરૂઓની શોધ કરવી જોઇએ, અને જે જગા ઉપર આપણે નસીબ સંજોગે ઉભા હોઇએ, તેજ જગા ઉપરથી એક ઇંચ ભાર પણ ખસયા વીના, જો આપણાં અંતઃકરણના છેક ઉંડાં ભીત્તરનાં ખુણાઓમાં પેસીશું તો, ત્યાં જ્યારે શાંતીનો અમલ ચાલશે, ત્યારે ગુરૂઓની હાજરી ઘણી ખુશાલીની વચે આપણે પીછાણી શકીશું. જીસસ ક્રાઇસ્ટ, કે જે એવો એક રાહબર હતો, તે નીચલો સધીઆરાભર્યો સંદેશો લાવ્યો હતો, કે "તમો સઘળા જેઓ કષ્ટ વેઠો છો, અને (દુન્યાઇ જંજાલોની) મુશકેલીઓમાં છો, તેઓ **મારી પાસે આવો, અને હું તમને (આત્મીક) શાંતી આપીશ.** હું જે (સેવા, ધર્મ અથવા ફરજનો) બોજો તમારી ઉપર મુકું છું, તે કબુલો અને મારી પાસે શીખો; કારણ કે મારૂં અંતઃકરણ નરમ અને ગરીબ છે, અને તેથી તમારા આત્માને જરૂર શાંતી મળશે. કારણ કે મારી સત્તા સખત નથી અને જે બોજો હું (તમારી) ઉપર નાખું છું તે (વજનમાં) હલકો છે............જે (મારા મુરબ્બી બાપના ફરમાનો બજા લાવવામાં) મારી સાથે સામેલ થતો નથી, તે મારી વીરૂધ્ધ કાર્ય કરે છે, અને જે મારી (કે જે એકવાર ફરીથી રસ્તો બતાવવા માટે આવ્યો છું, તેની) સાથે રેહતો નથી, તે માર્ગથી દુર જઇને રખડે છે...... તેટલા માટે તમે જાઓ અને સઘળી પ્રજાઓને શીખવો......મેં જે સઘળી આજ્ઞાઓ આપી છે, તે તેમને ધ્યાનથી પાળતાં શીખવો: અને બરોબર યાદ રાખજો, કે **દુન્યાના છેડા તુલીક** પણ, **હું હંમેશા તમારી સાથેજ છું,** [કારણકે એક સોશીયન્ત માણસજાતનો અમર ચાહનાર હોય છે]. આમીન." (સેંટ મેથયુ, બાબ ૧૧. (૨૮ થી ૩૦); ૧૨. (૩૦); ૨૮. (૧૯ અને ૨૦)). તે ખરેજ બોલ્યો હતો, કે "જેણે મને મોકલ્યો છે, તેની ઇચ્છા પ્રમાણે ચાલવું અને તેનું કામ પુરૂં કરવું તેજ મારો ખોરાક (મારો ધર્મ) છે." (સેંટ જોન ૪, (૩૪)). "નબળાંઓ આગળ હું તેમના જેવો નબળોજ દેખાયો, કે જેથી કરીને તેમને હું (ઇશ્વરી રાહ ઉપર) ખેંચી શકું. સઘળા લોકોની હાજતોને અનુસરતો મને બનાવ્યો છે, કે જેથી કરીને એ બધાંઓમાંથી થોડાંકોને તો હું બચાવી શકું." (૧. કોરીન્થીઅન્સ ૯.(૨૨)). અને સઘળા મહાન ગુરૂઓએ આજ નીયમ કબુલ્યો છે, કે સઘળા માનવીઓને અનુસરતો ધર્મ પહોંચાડવો. માટે આપણે સમજી શકયે છીએ, કે તેટલા સારૂંજ માણસ જાતના તરેહવાર સ્વભાવો, ખાસીયતો અને ગુણ, દોષોને ધ્યાનમાં રાખીને, તેમની આગલ તે ધર્મગુરૂઓએ જુદા જુદા દેશો[1]માં, જુદે જુદે વખતે જે ધર્મો રજુ કર્યા, તે સર્વે ધર્મોમાં એ બાહ્ય ફેરફારોને અનુસરતા માત્ર બહારના દેખાતા ફેરફારો રાખ્યા છે. પણ અરકમાં તો તે સર્વે ધર્મો અબોધ, સંપુર્ણ પ્યાર, જ્ઞાન અને બળ કેમ મેળવવાં, તેટલુંજ શીખાડે છે.

૯. ઓ આબાદી કરનાર અહુર! તારી અબોધને લીધે જો દરેક (પ્રાણી અને ચીજ) ઉપર તારોજ અમલ ચાલતો હોય, તો (મને કેહ કે) જે બાબદોમાં

---

૧ બાબીઓ અથવા બહાઇઓ આ મતને તદન મળતા થાય છે. જુઓ, એમ. એચ. ફેલ્પસ, જે ન્યુયોર્કની અદાલતનો બેરીસ્ટર હતો, તેની "આબાસ એફેન્ડી, તેની જીંદગી તથા તેના શીક્ષણો," કે જે બાબી અથવા બહાઇ ધર્મના અભ્યાસને આધારે ખુલાસો કરે છે. જુના વખતના થીઓસોફીસ્ટો પણ એ મતને સ્વીકારે છે.

વળી ગૈતમ બુધ્ધે પણ કહ્યું હતું કે "હું કાંઇ પેહલોજ બુદ્ધ નથી, અને વળી હું છેલ્લોજ બુદ્ધ પણ નથી. વખત આવવે જગતમાં નવો બુદ્ધ પેદા થશે અને તે પણ મેં શીખાડયાં છે તે અમર શીક્ષણો, ફરીને જાહેર કરશે."

મારા મનમાં શકો છે, તે વીષે મને કયારે જ્ઞાન મળશે? અને તે શકો કંઇજ નહીં પણ આ છે, કે જેઓ અષો મનથી નેક જીંદગી ગુજારે છે, તેમનો છેવટનો અંત શું છે? તે બાબે મને ખરેજ શીખાડ. જો એક ધર્મનો રાહબર આ બાબદ સમજે, તો તેથી તેને નકકી ફાયદો થાય.

અહુરની સન્તાનું મુળ. બંદગીઓ. મદદગાર રાહબરો.

વીવેચન: તે અષો અહુર, આપણા મગજોમાં એવા કોઇ બી મુશકેલ ગુંચવાડાઓ ઉભા થવા દેતો નથી, કે જેમના જવાબ મેળવવાના સાધનો તેણે પુરાં પાડયાં ન હોય. માણસોની જીંદગીઓના તફાવતો તરફ જોતાં, અને પાપીઓની દેખીતી ફતેહ, તથા ભલાં અને વાજબી રાહે ચાલનારાઓની દેખઇતી નીરાશીઓ તરફ નજર કરતાં, એક ધર્મના ઉપાધ્યા સમક્ષ, લોક સમુદાયનાં અનુભવોના દાખલાઓ પુષ્કળ જથ્થામાં રજુ થાય છે. અને તે દાખલાઓ અહુરના ઇન્સાફ અને અષોઇમા માનનારા, તેના તે જજમાનોના યકીનનો પાયો ઢીલો કરે છે. ત્યારે જો એક ધર્મોપદેશ કરનાર, અષો લોકની અન્તની હાલતનો ખરેખરો ખ્યાલ, પોતાના જાતી અનુભવથી મેળવે, તો તે પોતાના જાતી જ્ઞાન તથા મેળવેલી દઇવીક રોશનીને આધારે, અષો લોકોના આખીરના વાજબી ફેંજ બાબે, પોતાના જજમાનોની ખાતરી કરી શકે. મુખ્યત્વે કરીને હાલના વખતમાં જયારે અજ્ઞાન અધર્મીપણાના, ઇશ્વર તરફના બેવીશ્વાસનો દોર કમી થઇને, ખુદાની હસ્તીમાં યકીન વધતું જાય છે, ત્યારે આ અગત્યનો અષો લોકના અન્તનો સવાલ, આગળ હરોળમાં આવીને, આપણું ધ્યાન ખેંચે છે. તોપણ ધ્યાન રાખવું જોઇએ કે, તે સર્વજ્ઞ સાહેબના સ્પષ્ટીકરણો (revelations) ના પ્રકાશથી, દરેક જુગ અને કાળની સઘળી મુશકેલીઓની, આગળથી પીછાણ થઇ ચુકી છે અને તેમનો તોડ સુચવવામાં આવયો છે. એટલું યાદ રાખવું અવશયનું છે, કે ચોકસ સદીઓના ચક્રો ગુજરવા બાદ, પાછા તેજ બનાવો અને સવાલો ફરી આવી અને ઉભા થાય છે. અને વળી માણુસજાત હાલ એવા કોઇપણ તબકકામાંથી પસાર થતી નથી, કે જે આ લાંબા વખતથી સહનશકતી દેખાડતી દુનયા, જે પોતાનું દુઃખ ધીરજથી સેહતી આવી છે, તેના ઇતીહાસમાં નવીન હોય. માણસજાતમાં અષો લોકોના આ અને ઉપલાં ભુવનો ઉપરનું છેવટનું નસીબ આત્માનુભવથી મેળવેલાં ખરેખરાં પ્રત્યક્ષીકરણ (realization) ની મારફતે જાણવું જોઇએ; તેમ જાતીજ્ઞાન ન થાય, ત્યાંસુધી શોધકનું મન, કે જે માત્ર ઇમાનથી માની લેવા ના પાડે છે, તે અવીશ્વાસ છોડશેજ નહીં. ખુદ હીંદુ લોકના વેદોમાં પણ આ અમુક, જાતી અનુભવનો, પુરાવો સર્વથી શ્રેષ્ટ તરીકે જાહેર કર્યો છે, અને તે મેળવી શકાય છે, એવો પુર્ણ દીલાસાભર્યો પેગામ આપવામાં આવ્યો છે. અધર્મીઓ "નહીં માનનારા" (sceptics) માં ખપવામાં બડાઇ લે છે. પણ તેમનામાંના ઘણાએક તો તદન અભણ હોય છે, જેઓ પોતાનું અજ્ઞાનપણું ઢાંકવા કાજે, 'હું જાણતો નથી, હું કાંઇ કહી શકતો નથી' એવા ઓથોનો આશરો લે છે. એક બચ્ચું જો એ પ્રમાણે બોલે, તો તેનો એકજ ઇલાજ છે, કે તેને ફટકાવવું. પણ જો એક ઉમ્મરે પુગેલો માણસ, પોતાની અમુલી જીંદગી એવું બોલીને બરબાદ કરે છે, તો ટીકાકારો તેને શાબાસી આપી, તેની આવી આળસને એક ખરા સુધારાના ચીન્હ દાખલ ગણે છે. અફસોસ! આ પ્રમાણે અજ્ઞાનતાનો બચાવ કરવામાં આવે છે. અસલની કેહેતી કેટલી ખરી છે, કે જયાં ખુદ ખોદાતાલાનું અપમાન કરવામાં આવે છે, ત્યાં માણસ જાતની આંખે સર્વે ઉંધુજ દેખાય છે? એમાંની કઇ બાજુ ત્યારે વધુ ઉત્તમ ગણાઇ શકે? નગ્ન હાલતમાં ફરતા વેરાગીઓ (ફકીરો), કે જેઓ કાંઇ પણ જ્ઞાન ધરાવવાનુ જરા એ ડોલ ઘાલતા નથી, પણ ભીખ માંગીને અંધકારમાં સંતોષથી ગુજારો કરે છે, તેઓની અથવા તો હાલના વખતના એશકી,

ફાંકડા પોશાકવાલા અંગ્રેજો, અમેરીકનો,
અથવા યુરોપીયનોમાં ખપવા માંગતા હીન્દી
વાનો અને એશીયાટીકો, જેઓપણ એજ
વેરાગીઓ જેટલા અભણ અને અજ્ઞાન
છે, તેટલાજ છે, તેઓની. બેશક એશ આરા
મની જીંદગી ગુજારવા માટે તેઓ અનેક
ગુલામગીરી કરે છે, અને તોપણ પોતા
ના શરીર, નીતી, મનશકતી તથા આ
ત્મા શકતીમાં તદન સંકોચાઇ ગયલા
હોય છે. અને એક બચ્ચું જેમ ચાંદ
માટે રડીને બેસબર થઇ જાય છે, તે
વી તેમની હાલત જીંદગીમાં અસંતોષી
હોય છે. જેઓ જીંદગીના તખતા ઉપર
ખેલ ભજી બતાવે છે તેઓ નહીં, પણ
જેઓ એ ખેલ દુર ઉભા રહીને તપાસે છે,
તેઓ એ બે વર્ગોમાં કોણ ઉત્તમ ગણાય,
તે વીષે વાજબી રીતે ચુકાદો આપી શકશે.

અજ્ઞાનતાની ગરૂરી એટલી તો
અનહદ હોય છે કે, તેને માટે ફકત એક
જ ઉપાય છે, અને તે કાંઇજ નહીં
પણ (જ્ઞાનની) રોશની છે. દરેક
સદી કોઇને કોઇ હલકા વેહમો ધરાવે છે.
હાલના જમાનામાં અધકચરી કેળવણી
પામેલા હીંદુસ્તાનવાસીઓ, મુખય કરીને
એવા વાહીયાત વહેમ હેઠળ કચડાતા
ચાલે છે, કે સઘળાં અસલી લોકોની
જીંદગી ફોકટ ગુમાઇ હતી, અને હાલના
લોકો, આજ પર્યંત વસી ગએલી
મનુષ્ય જાતમાં શ્રેષ્ટ છે, અને ગુજ
રી ગએલા જમાનાઓ સાથે તેમને
કાંઇ લાગતું વળગતું નથી, અને ધર્મ
માછીમારો, ઝનુની લોકોને, તથા અભ
ણુ, અવીચારી અને ઘેલા લોકોને ભમા
વવા માટેનો, શોકાતુર ધખારો છે. વળી
તે વહેમમાં સપડાયલાંઓ એમ પણ ધા
રે છે, કે જે નાનકડી, સ્થુલ દુન્યા ઉપર આ
પણે ગોતાં ખાતા, ધીમે ધીમે આગલ વધી
એ છીએ, તેજ આપણી શ્રેષ્ટ મહત્વેચ્છાની
સીમા બાંધી આપે છે, અને તેજ રીતે ભવીષ્ય
માં, આ તથા ઉંચ દુન્યાઓ વચ્ચે સંદેશાઓ
ચલાવવાની વાતોને કલ્પીત ગણીને, હસી
કાઢે છે. અને કહેવામાં આવે છે, કે જે
હમણા જણાયલું નથી, તે આગળ પણ
જણાયલું ન હતું, અને હવે પછી
પણ જણાશે નહીં ! આવી ભયંકર
ભુલો પશ્ચીમ તરફની દુન્યામાં થતા સુ
ધારા વધારાની બારીક નોંધ લેવાથી, અ
ને ત્યાંના ઘણુંજ આગળ વધેલા મનુ
ષ્યોની મેહેનતના પરીણામો તપાસવાથી
જરૂર અટકશે. પણ ખાલી મગજ રાખીને
ડોકું ધુણાવી ના કહેવા જખાં હલાવવી, એ
તો તેથી વધારે સહેલું છે. જયારે માણસ
જાતના અસંખ્ય કાર્યોની નોંધો તપાસવાનું
તથા તે નોંધોમાં મીઠું મરચું ભભરાવીને ક
રેલી સરાહગાતભરી વાતોમાંથી ખરી ઇતી
હાસીક બાબતો તારી કાઢવું, તથા માણ
સ જાતના ઇતીહાસ ઉપરથી તેના પ્રય
ત્નો કેટલા અને કઇ દીશામાં થઇ ચુક
યા છે, અને તે ઉપરથી માનવીની કોશે
ષોથી હવે પછી શું બનવાજોગ છે, તે
શોધવું; ફીલસુફો તથા પંડીતોની કલ્પ
નાઓ તથા તર્કો ઉપર મનન કરવું, અ
ને વળી દરેક કાળમાં દુન્યાની સપાટી
ઉપર આવી ગએલા રૂષીઓ, સાધુઓ અ
ને પેગંબરોનાં દીર્ઘદ્રષ્ટીવાળાં શીક્ષણો
ઉપર પુજય બુધ્ધીથી ચીંતન કરવું, અ
ને ત્યાર કેડે કોઇ એક પણ નીશ્ચીત અ
નુમાન બાંધવું-એ ડોકું ધુણાવીને 'નથી
માનતા' એમ બોલવા કરતાં બહુજ મુસીબ
તનું કામ છે ! દીલ્હી કાંઇ એક દીવસમાં
બંધાયું ન હતું. તેજ માફક ખરાં જ્ઞાન
ઉપર રચાયલું યકીન, કે જેની મારફતે અસલ
નું આંધળું યકીન નાબુદ થાય છે, અને કો
ઇના કેહવા ઉપર આધાર રાખતું જ ન
થી, પણ જે આત્માની ભીતરની સાબેતી
ઓ તથા પુરાવાઓ ઉપરથી સાબેત થઇ
શકે છે, તેવું યકીન આજ આપણે માં
ગ્યે છીએ. અને તે જાતનું મુસ્તકીમ
યકીન મેળવવાને મોટા ધર્મો વહેવારૂ શી
ક્ષણો આપે છે. પણ, અફસોસ છે, કે
ધર્મગુરૂ વર્ગની નાલાયકાતને લીધે, ધર્મ
નું ખરૂં રહસ્ય તેમના યજમાનોથી સાધા
રણ રીતે સમજી શકાતું નથી. અસ
લની માફક હાલમાં પણ, ખરૂં મનો
બળ ધરાવનારાં લોકો બહુજ જુજ છે,
કે જેઓ પોતાનું યકીન, જાતી અનુભવ
ના પાયા ઉપર રચી શકયાં હોય. તેનું કા
રણુ એ છે, કે મન ઉપરનો કાબુ મેળ
વતાં બહુ સખતાઈ વેઠવી પડે છે. ત્યારે
નાસ્તીકો આવું મનબળ મેળ
વવા અને જે શખસ એવી મન
શકતી ધરાવતો હોય તેની આગળ

જવાની મેહેનત લેવાને, બદલે ખુશામ
કોચ ઉપર અલેટાય છે, અને સાધારણ
નીર્જીવ લોકોના વીચારોને ડહાપણની
સીમા તરીકે સમજી લે છે. ત્યારે કાંઇ
પણ મેહેનત લીધા વીના કેવી રીતે
તેમની ખાતરી થઇ શકે, કે દુન્યામાં જે
કાયદાઓ આત્માની શકતીઓની ખીલ
વણી માટે ચોમેર જાહેર કરવામાં આવ્યા
છે, તે ખરેખરા વાજબી અને
અદલ છે? બેશક આ સદીમાં જેને
પોતાની ખાતરી કરવી હોય તેની
સમક્ષ જંગી ખેતર પડયું છે, અને જો
તે મેહેનત લે તો તેને નીરાશ થવાની
કાંઇજ વકકી નથી. 'ભોળા' લોકો જેઓ
સર્વ–પ્યાર, સર્વ–શકતી અને સર્વ–
જ્ઞાન એક તડાકામાં મેળવવાનો લોભ
રાખે છે, તે મેળવવાનું એટલું બધું સ
હેલ નથી! જે પ્રમાણે બચ્ચાંઓને, જુવા
ન્યાંઓને અને મોટાંઓને કેળવણી આપવા
માટે ભીન્ન ભીન્ન વર્ગો પાડેલા હોય છે,
જેમાંથી ક્રમે ક્રમે પસાર થવુંજ જોઇએ,
તેજ માફક કુદરતમાં પણ અમુક વર્ગો
ઠેરવેલા હોય છે, અને કોઇપણ રીતે નીર્મા
ણ કરેલા ઇનામો અને શકતીઓ મેળવવા
માટે, તે વર્ગો પસાર કરવાની જરૂરજ છે.

૧૦ ઓ અહુર! પેલા સંપુર્ણ ડહા
પણ ધરાવતા નરો કયારે આવશે?
તેઓ દુષ્ટ વીષયવાસનાના શ્રાપને કયારે
હાંકી કાઢશે, કે જેને લીધે કરપનો અને
દેશોના તાજપોશો, પોતાના દુષ્ટ મનથી
સઘળે પાયમાલી ફેલાવે છે?

અશો મનવાળાઓનો અંત.

વીવેચનઃ જે ગુરૂઓના આગમન માટે
એક ચેલો આતુર
તાથી રાહ જુએ છે,
અને જેમને માટે
ઉપલા ફકરા ૮)
માં ઇશારો છે, તેમને સારૂં અત્રે વળી
ઇશારો થયો છે. અહીં પાછું ક
હેવાની અગત છે, કે દરેક ચેલો જયારે
પણ પુખત થાય, ત્યારે તેને મદદ
આપવાને માટે એક ગુરૂ હમેશાં
તઇયાર હોય છે, અને દરેકને તે
જુદી જુદી મદદ કરે છે, જોકે તેજ વે
ળાએ, સારી દુન્યા તો દુષ્ટતાની હડહડતી
ગંદકીમાં સબડતી હોય છે. હવસી લોકોને
ભગવદ ગીતામાં ભયાનક પીશાચો તરી
કે ઓળખાવ્યા છે, જેઓ ખરેખર કેમ
વર્તવું, અથવા તો ખરૂં મીતાહારપણું
કેવું હોય છે અથવા અષોઇ અથવા અં
દાજો અથવા સત્યતા શું છે, તે બીલકુ
લ જાણતા નથી. "તેઓ કહે છે કે આખી
સૃષ્ટિ સત્ય અને નીતીના પાયાઓ
ઉપર નથી રચાઇ; તે કોઇપણ ખુદા
(બનાવનારા) વીનાની, વસ્તુઓના
એકેક સાથના મરજી પ્રમાણેના મેળા
પથી બનેલી અને ફકત હવસોથી ઉત્પન્ન
થયલી છે. આવાં મતો ધરાવીને, એવા
થોડી સમજ શકતીવાળા, ઝનુની કામો
કરનારા, કમનસીબ, પાયમાલ થયલા લો
કો, દુન્યાની ખાનાખરાબી કરવા માટે,
દુશ્મનો તરીકે આવી ચઢે છે. તૃપ્ત ન
થઇ શકે એવી ઇચ્છાઓને વશ થઇને,
અહંકાર અને આપબડાઇ ધરાવતા, મો
હના દુષ્ટ ખ્યાલોમાં મસ્ત બનીને, મલીન,
અસ્વચ્છ મનસુબાઓથી કાર્યો કરે છે.
તૃષ્ણાઓ તૃપ્ત કરવાનુંજ ફકત
ઉંચમાં ઉંચ ગણીને, અનીયમીત વીચાર,
જેનો અન્ત મોતમાંજ છે, તેને આધીન
થઇને, આ (દુન્યા) માંજ સઘળુ
સમાઇ ગયું છે, એમ ખાત્રીથી મા
ની લઇને, આશા ઉમેદોના સેંકડો
ગાંઠોના બંધનમાં પડી રહીને, ગુ
સ્સા તથા હવસના ગુલામો બનીને, ધણી
સરખી વીષયી મોજશોકો પુરી પાડવા
માટે, ગેરકાયદેસર સાધનો મારફતે ધન
મેળવવાને, તેઓ ફાંફાં મારે છે... અસંખ્ય
વીચારોના ગુંચવણના વમળમાં પડીને,
મોહની જાળમાં વીંટળાઇને, ઇચ્છાઓને
તૃપ્ત કરવામાં ચકચુર બનીને, ધણા નજીસ
દોજખના ગારમાં તેઓ ઉંઢળ પડે છે.
એકલપેટા હઠીલાઓ, દોલતની ખુમારી ત
થા મગરૂરીમાં મસ્ત બનેલા, ધાર્મીક ફર
માનોની વીરૂધ્ધ જઇને, ફકત ભપકાભર્યા
દેખાવો કરવા માટેજ તેઓ પ્રાણી
ઓના ભોગો આપે છે. હુંપણું
ધરનાર જબરદસ્તી કરનાર, બેઅદબી,
હવસ, અને ક્રોધને વશ થએલા હોવાને
લીધે, આ કીનાખોર લોકો, બીજાઓના
તેમજ તેમના પોતાના શરીરમાં વસ્તા
મને (મારા શ્રી કૃષ્ણના આત્માને) ધી
કારે છે. આવા ધીક્કારનારા દુરાચરણી,
ઘાતકી, દુનયામાં નીચમાં નીચ લોકોને,

હું હમેશાં શેતાનીક ગર્ભાશયમાં નીચે (આ દુનયામાં પાછો જન્મ લેવા માટે) નાખુ છું......પોતાને પાયમાલ કરનારા આ દોજખના દરવાજાઓ ત્રણ છે (એટલે કે), **હવસ, ગુસ્સો** તથા **લોભ;** તેટલા માટે માણસ જાતે એ ત્રણે ત્યજી દેવા જોઇએ. અને ઓ કુંતીના બચ્ચા! અંધકારના આ ત્રણ દરવાજાઓમાંથી મુકત થએલો માણસ સુખ પ્રાપ્ત કરે છે, અને એ રીતે સર્વથી ઉંચ અંતર ધારણાને પહોંચે છે. (ભગવદગીતા, પ્રકરણ ૧૬. (૭ થી ૧૨), (૧૬ થી ૧૯), (૨૧ અને ૨૨)).

આપણે બાઇબલમાં વાંચીએ છીએ, કે "તમારા આત્માની દોરવણી પ્રમાણે ચાલો અને (ત્યારે) શારીરીક હવસો પુરા પાડશો નહી. કારણ કે શારીરીક હવસો હંમેશાં જીવાત્માની સામે કાર્ય કરે છે, અને (તેજ પ્રમાણે) જીવાત્મા શરીરની સામે (છે), અને આ એકબીજાની સામસામા છે: જેથી કરીને જે તમે (આત્માની સુચવણીથી કરવા ચાહો) કરવા ઇચ્છો, તે ચીજો કરી શકતા નથી." હવે શારીરીક હવસનાં કાર્યો સઘળાં દેખીતાં છે જે આ છે:- વ્યભીચાર, નજીસાઇ, વીષયીપણું, મુર્તીપુજા, જાદુ મંન્તર, ધીકકાર, મારામારી, વેરભાવ, અંતસ, ગુસ્સો, કજીઓકંકાસ, ફેસાદ, નાસ્તીકતા, અદેખાઇ, ખુનામરકી, છાકટાપણું, ઇત્યાદી. તેમને માટે હું તમને આગળથી કહું છું,:જેમી સાલ મેં તમને પહેલાં પણ કહયું હતું, કે જેઓ આવી બદફેલી કરે છે, તેમને દઇવીક રાજયનો વારસો (જે પવીત્ર માનવીઓ માટે નીર્માણ થએલો છે તે) કદી મળશેજ નહીં......અને જેઓ ક્રાઇસ્ટના (એટલે કે જીવાત્માના) છે, તેઓએ શરીર, તેના હવસો તથા દુર્ગુણોને વશ કર્યા છે. (ગેલેશીઅન્સ ૫ (૧૬ ૧૭) ૪.)

૧૧. ઓ અહુર! અષોઇની સાથે જોડાયલું અષોઇ ભર્યું મન કયારે મેળવી શકાશે? સુખની સાથે તે આબાદીભર્યું સુંદર રેહઠાણુ કયારે મેળવાશે? દુષ્ટ અને ઘાતકી લોકોથી કોણ છોડવીને શાંતી આપશે? અષો મનથી મેળવેલું ડહાપણ કોણને પહોંચશે?

અષોઇભર્યું મન. આનંદ. ડહાપણ.

વીવેચન: એક ચેલાની કેટલીક મહત્વેચ્છાઓ અત્રે જાહેર કરવામાં આવી છે. તે વર્ણવી ન શકાય એવી શાંતી અને ડહાપણ ધરાવવા માટેની અભીલાષાથી તલપતા, એક કાલજીભર્યા જીજ્ઞાસુ ચેલાની, ખરેખરી મહત્વેચ્છાઓ છે.

પાપી, ઘાતકી લોકોની રીતીઓ એક ચેલાને ગુંચવાવી નાંખનારી, ત્રાસદાયક તથા હરકત કરનારી લાગે છે. પણ એક ચેલાને એવી ચેતવણી આપવામાં આવે છે, કે "જયારે દુઃખના ગરમ આંસુઓથી ડરી જઇને, આફતભર્યા સંકટોની બુમોથી તારા કાનોના બેહરો સુના મારી જતા હોય, તે વેળાએ જો તારો આત્મા એક બીહકણ કાચબાની માફક (તે સર્વેથી) દુર જવા માટે તારા પોતાના એકલાના વીચાર આચારોમાં સંકોચાઈ જઇને વસવા જાય છે, ત્યારે ઓ ચેલા ખરેજ જાણજે કે, તારા ભીતરના ઇશ્વરનું રહેઠાણુ બનવાને તારૂં રવાન નાલાયક છે."

પાપીઓજ સખત દીલના હોય છે. સ્ટર્ન કહે છે, કે "હીમ્મતવાન લોકોજ ફકત જાણી શકે છે, કે માફી કેવી રીતે બક્ષવી. લાઇકરગસની એક આંખ જયારે એક શેહેરીએ ફોડી નાંખી, ત્યારે લોકો તે જુવાન્યાને પકડીને, લાઇકરગસ પાસે લઇ ગયા, કે તેના ધ્યાનમાં આવે તેવી તેને વાજબી સજા કરે. પણ લાઇકરગસે તેને સજા કરી નહી." "સજા કરતાં માફી ઉત્તમ છે; કારણ કે સજા જંગલી ખવાસ બતાવે છે, જયારે માફી નરમ અને દયાળું ખવાસની સાબેતી છે." "જે બીજાઓને માફી બક્ષી શકતો નથી, તે જે પુલ ઉપરથી પોતે પસાર થનાર છે, તેજ ભાંગી નાંખે છે; કારણ કે દરેક માણસને (ઇશ્વરની) માફીની જરૂર છે," એવું લોર્ડ હરબરટનું કહેવું છે.

અષો મનથી મેળવેલું જ્ઞાન હમેશ ભલાઇ કરી, સૃષ્ટીમાં આબાદી ફેલાવીને, પેગમ્બર અને ગુરૂની સેવા કરીને, અહુરને પહોંચવાનીજ આશા રાખે છે. આ વીષયમાં

આપણે આગલ "અવસ્તાની રોશની" ના વીભાગમાં ઉંડાણથી ઉતરી ગયા છીએ.

૧૨. ઓ અહુર! તેઓ દેશોના **સોશીયનતો** છે, જેઓ પવીત્ર મન, અષોઇ અને તારી મરજી પ્રમાણેના કાર્યોથી, ધર્મના શાસ્ત્રને વળગી રહેશે. કારણ કે તેમને ધીક્કારના મોટા મુદદઇઓ તરીકે નીમવામાં આવ્યા છે.

સોશીયન્તો (તારણ કરનારાઓ)

વીવેચન: ધર્મનું શાસ્ત્ર કે જે આપણને દરેકને સોશીયન્ત બનાવવાનું સાધન થઇ પડે છે, તેની અગત્યતા હવે જણાઇ આવે છે. ફરેશ્તાઓ તેમજ સોશીયન્તોને આપણે આગળ જોઈ ગયા છીએ તેમ, એકજ શેતાન સાથે લડવું છે, કે જે બધા દુર્ગુણોનું મુળ છે અને તે કાંઇજ નહીં પણ **ધીક્કાર** છે.

અહુરની મરજીને તાબે થવા બાબે, બીજા એક પેગમબરે જાહેર કર્યું છે, કે "જે અહુરે મને અત્રે મોકલી આપયો છે, તેની મરજી પ્રમાણે ચાલવાની અને તેના કામો પુરાં કરવાની મારી ફરજ છે." "જયાંસુધી દીવસની રોશની છે (એટલે જયાં સુધી આ શારીરીક હઇયાતી છે), ત્યાંસુધીમાં તે સાહેબ જેણે મને અહીઆં મોકલ્યો છે, તેના કાર્યો મારે કરવાંજ જોઇએ: રાત (મોત) જયારે થશે, ત્યારે કોઇપણ માણસ (શારીરીક ભુવન ઉપર) કાર્યો કરી શકશે નહી," (સેંટ જોન ૯ (૪)).

અત્રે આપણને નીચલી પ્રખ્યાત પ્રાર્થનાની યાદ આવે છે "અમારો પીતા જે બેહેસ્તમાં છે તેનું નામ નીત્ય પવીત્ર રહેજો; તારા રાજયની હવે સ્થાપના થઇ છે. બેહેસ્તમાં જે માફક **તારી મરજી** પ્રમાણે થાય છે, તે જ પ્રમાણે આ પૃથવી ઉપર પણ થાઓ!" એક યા બીજી ભાષામાં સોસીયન્તો હંમેશાં એજ સુર અને રાગમાં ભકતીના ગાયનો ગાતા આવ્યા છે.

યસ્ન ૪૯.

૧. ઓ અહુર! હું જે અષોઇની મા રફતે, નીરાશ થયલાંઓને ખુશી કરવા ચાહું છું, તેની સામે ઘણોજ બળવાન 'બેન્દવ' ઉભો થાય છે. એ મારી મુશ્કેલીમાં તું ભલી બક્ષેસો સાથે **મારી પાસ આવ. અશોઇભર્યાં મનથી** તેનું (બેન્દવનું) મોત લાવવાની હું કોશેષ કરૂં છું!

બેન્દવ. અહુર મદદે. અશો મનનું હથીઆર.

વીવેચન: છેલ્લાં વાકય ઉપરથી જણાઇ શકે છે, કે બેન્દવ કોઇ બહારનો દુશ્મન નથી, પણ **અશો મનથી** જીતી શકાય એવો, એક બી-તરનો બલ્યો છે. ટીકાકારો એ વાકય ઉપરથી સમજાવે છે, કે જરથુસ્ત્ર અને ઇરાનની સરહદ ઉપરની ટોળીનાં એક બેન્દવ નામના વડા વચેની, એક દુન્યાઇ લડાઇ વીષે તે ઇશારો છે. પણ એ ફકરાનો ગુપ્ત અર્થ સંભાળવો જોઇએ. એ ફકરો બોલનાર, અહુરને પોતાને મદદ માટે નીચે બોલાવે છે, અને મટટીના બનાવેલા એક માણુસની ઉપર, ફકત દુન્યાઇ ફતેહ મેળવવા માટેની અરજની ઉપર, જો તે સાહેબ ધ્યાન પુગાડીને, તે સ્વીકારે, તો તે તોપના ગોળાથી એક માંખીને કચડી નાખવા બરાબર છે. વળી કોઇને પણ મારી નાખવાની પ્રાર્થના ગાથામાં આવી શકે, એ બહુજ સંભાળથી તપાસવા લાયક બીના છે. એ સંબંધમાં ગઉતમબુધનો ઉત્કૃષ્ટ દાખલો આપણને અહિંયાં યાદ આવે છે, કે જેના ચાર ચેલાઓ, તેના સખત મુદઇઓ હતા, અને તેના રસ્તામાં હંમેશાં કાંઇને કાંઇ હરકતો નાંખી, તેના શરીરનો પણ નાશ કરવાની તેઓ વારંવાર કોશેષ કરતા હતા. વળી તેના ધર્મમાં માનનારાઓમાં તરેહવાર ફાટફુટ પાડતા હતા, તથા તેના ધાર્મીક કાર્યોમાં હંમેશાં અનેક નડતલો ઘુસાડતા હતા. તેવા દુશ્મનોને પણ તેને પોતાના 'સંઘ' નામના પંથમાંથી હાંકી કાઢયા નહીં. તેના મરણ તુલીક તેઓ તેની પુઠે લાગયા હતા, અને તેઓ તેના એટલા તો કટામાં કટા વેરીઓ હતા, કે તેણે મરતી-વેળાની થોડાક કલાક આગમજ, પોતાના બીજા ચેલાઓને ચેતાવ્યા હતા, કે એવા નાલાયક શીશયોની શીખવણીથી, તેઓએ તેનાં મરણ બાદ કુસંપ કરવો નહીં. તે તેમને વીષે કાંઇપણ સખતાઇથી કદીએ બોલતો નહોતો. ફકત તેમના પાપી વીચારો, બોલો તથા કાર્યોને તે ગણકારતોજ ન હતો.

બીજો હાલનો તાજો દાખલો, જે આપણી દલીલને ટેકો આપે છે, તે બાહા ઉલ્લાનો છે—જે ઇરાનના મોતા અમીરના વંશનો હતો—અને જે "આશીરવાદ પામેલા સર્વોત્કૃષ્ટતા" (Blessed Perfection) તરીકે ઓળખાતો હતો. તેનાં કુટુંબ સહીત તેને રાજયના કેદી તરીકે રાખવામાં આવ્યો હતો. અને પેહેલાં ઇરાનના શાહે અને પછી ટરકીના સુલતાને તેની ઉપર રાજદ્રોહી ગુનાહ તથા અધર્મીપણાના જુઠાં તોહમતો મુકીને, તેની સાથે ઘણી નીર્દય ચાલ ચલાવી હતી. અને ભરતખંડ (Asia)ના રાજકર્તાઓની હંમેશની રીત પ્રમાણે, તે તોહમતો નાપાયદાર છે એટલું પુરવાર કરવાને, અથવા તેમનો કાંઇપણ જવાબ વાળવાને, તેને તક પણ આપવામાં આવી ન હોતી. એ રીતે જયારે અદ્રાઆનોપલમાં તે એક કેદી હતો, ત્યારે તેણે પોતાના સાવકા ભાઇ સુબેહ અઝલને નાહવા માટે, પોતાના ઘરનો એક ભાગ વાપરવાની મહેરબાનીની રાહે પરવાનગી આપી હતી. અને જોકે જુદો રેહેતો હતો તે છતાં, ફકત દયાને ખાતર, તેને ખાવાનો ખોરાક પણ પુરો પાડતો હતો. આ સાવકો ભાઇ બાહા ઉલ્લાની તથા તેના કુટુંબ ઉપરની બેસુમાર આફતોનું મુખ્ય મુળ તરીકે સર્વેને જણાયલો હતો. બાહા ઉલ્લાના એક નોકરે રડીને તેને જણાવ્યું, કે એકવાર હજામના અસ્ત્રાથી તેનો જાન લેવાની, સુબેહ અજલે તેની ઉશ્કેરણી કરવા ચાહી હતી. અને વળી બીજી એકવાર આ ચંડાળ ભાઇએ તેને ઝેર આપ્યું હતું, અને ૨૨ દીવસ સુધી મોતને બીછાણે પડી રેહવા પછી, સાજો થવાની તથા તેની જીવવાની આશા છોડવામાં હતી, તોપણ તેમાંથી તે ચમતકારીક રીતે ઉઠયો હતો. બાહા ઉલ્લાના

કુટુંબે તથા તેના ઉમેદવાર ચેલાઓએ, તે સાવકા ભાઇને દુરજ રાખવાને માટે આ બનાવ પછીથી ફરીને તેને ઘણો વીનવ્યો. બાહા ઉલ્લાએ એ સઘળી સુચનાઓ ઉપર કાંઇજ ધ્યાન આપ્યુ નહીં અને તે સાવકા ભાઇ તરફ સભ્યતાથી વર્તવું ચાલુજ રાખયું. અને તેની જીંદગી આવા ગંભીર જોખમમાં આવી પડવા પછી પણ, તે કહેતો હતો, કે જયાં સુધી સુબેહ અઝલ તેના મહાન ધર્મનાં કાર્યને ધોકો પહોંચાડે નહી, ત્યાં સુધી સુબેહ અઝલ સામે તે પોતાનો દઇવીક પ્રકાશ ધરાવનાર તરીકેનો દાવો પણ રજુ કરનાર ન હતો. સુબેહ અઝલે બાહા ઉલ્લા સામેની ખાલી અદેખાઇને લીધેજ, બાબના ચેલાઓમાં ટંટા અને ફીસાદના બી રોપવાના ચાલું રાખ્યાં, પણ જયાંસુધી પોતાની દેહ છોડી ગયો, ત્યાંસુધી તે મીઠા, અને નરમ સ્વભાવના, ફરેસ્તાઇ ખસલતના, રેહેમદીલ બાહા ઉલ્લાએ, કોઇ પણ રીતે તેનું વેર લીધું નહીં.

૨. બેન્દવનો તે દુષ્ટ માર્ગ મારામાં ફીકર ઉત્પન્ન કરે છે. તે ઇજા કરનાર, ઠગારો, અપોઇથી વેગળો, અશો નમ્રતાને કદી પણ (વાજબી તરીકે) કબુલ રાખતો નથી. અને ઓ મઝદ! અશોઇભર્યાં મનની મારફતે, તેને જ્ઞાનનો પ્રકાશ મળયો નથી.

વીવેચન: ઉપલા ફકરાઓની સાથે આ ફકરાનો સંબંધ છે. અધ્યાત્મીક નહીં (unspiritual), એટલે શું ? એનો જવાબ આ ફકરામાં આપયો છે, કે જે સ્ત્રી, પુરૂષ, બાળક, અથવા ખુદાનુ કોઇ પણ પ્રાણી, નુકસાન કરે છે, તે.

નુકસાનકારક. ઠગ. અસ્વચ્છ. ગુમાની. દુષ્ટ મનવાળો.

જે ઠગબાજી અને પ્રપંચને ઉત્તેજન આપે છે, જે નમ્રતાથી દુર છે, અને જે દુષ્ટ મન ધરાવે છે, તે **આત્મિક નથી.** નીર્દોષ બકરાં જેવી નમ્રતા જે ધીરજ અને મીઠાસને મળતી આવે છે, તેની વખાણ ખરેખર પાર વીનાની થઇ છે. ખ્રીસ્તી, મુસલમાન અને હીંદુ શાસ્ત્રો જુદી જુદી રીતે, એજ ગુણ મેળવવાને શીખાડે છે. એક ચેલાને ગુરૂ ધીરે ધીરે શીખાડે છે અને જયાં સુધી નમ્રતા તથા બીનસ્વાર્થી, સર્વવ્યાપક પ્યારનો ઉતમ પાઠ, તે ચેલો પહેલાં શીખતો નથી, ત્યાં સુધી તેને બીજું વધુ ઉમદા શીક્ષણ આપવામાં આવતું નથી. ક્રાઇસ્ટ ખરેજ કહે છે, કે "પણ જે તમારામાં ઘણો મોટો છે, તે તમારો સેવક (નોકર) થશે. અને જે પોતાને ચઢીઆતો ગણશે તે નીચે પડશે; અને જે નમ્રતા બતાવશે, તેને ઘણી ચઢતી જગા આપવામાં આવશે" (સેંટ મેથ્યુ ૨૩. (૧૧ અને ૧૨)). "ખરે ખર હું તમને કહું છું, કે જયાં સુધી તમે વાળશો નહીં (મગરૂરી અને અસ્વચ્છતાથી દુર થશો નહીં), અને જયાં સુધી નાના બાળક જેવા (રાંક અને નીર્દોષ) થશો નહીં, ત્યાં સુધી બેહેસ્તનાં રાજયમાં તમે દાખલ થશો નહીં. આવાં એક નાના બચ્ચાંની માફક જે નમ્રતા દેખાડશે, તે બેહેસ્તના રાજયમાં સર્વથી મોટો ગણાશે. અને એવાં એક નાના બાળકને (એટલે દીક્ષા પામેલા ચેલાને) જે કોઇ મારા નામથી આવકાર દેશે (અને તેની સાથે માન આદરભાવથી જે વરતશે), તેણે મનેજ આવકાર આપેલો ગણાશે. પણ આવાં નાનાં બાળકો (દીક્ષા પામેલાઓ) માંનું કોઇપણ એક જે મને માને છે, તેને જો કોઇ દલગીર કરશે, તો તેને માટે એ બેહેતર છે, કે તેને ગળે પથ્થર બાંધીને, કોઇ તેને દરીઆની અંદર ડુબાડી દે."

દગો ફટકો, ઠગબાજી અને નીંદાખોરી ખુશામત, કે જે આજના વખતમાં ચાલાકી અને હુશ્યારી, કામ કરવાની ચપલતા અને લાયકાતમાં ખપે છે, તે સર્વે, હવે ખાલી ખેતાબો અને પૈસા ટકાનોજ, યોગ્ય બદલો મેળવવા પામે છે.

એવું કહેવાયલું છે, કે ઇંદ્ર અને ગરૂડ નામના હીંદુ દેવતાઓએ આ દુન્યાના સમાગમમાં આવવાને માટે, એક દીવસે, બ્રાહ્મણોનો અવતાર લીધો. પેહેલાં તેમને ખોદાતાલાની ભકતીમાં લીન્ન થઇ ગયલો, એક ભકત મળયો. હંમેશની માફક, તે તેમને પોતાને ઘેર

લઇ ગયો, તથા તેણે બે દીવસ અને બે રાત તેમની ખુબ પરોણાગત કરી. ત્યારે છુટા પડતી વખતે, તે બ્રાહ્મણ, કે જે છુપા વેષમાં ઇન્દ્ર હતો, તેણે તેને છેવટના આશીષ દીધા, કે "તારો જે એકજ દીકરો છે, તે મરણ પામજો!" આ સાંભળી આકાશમાંથી બાણ છુટી વાગ્યો હોય, તેવો ઝટકો ગરૂડને લાગયો. તે ભકતે શીર નીચે નમાવ્યું, અને તાબેદારીથી ઇશ્વર આજ્ઞાને શરણ થયો. ગરૂડે થોડેક દુર ચાલવા પછી, એક ઉંચ આત્માના ભકતને આવો વીચીત્ર બદલો આપવા માટે ઇંદ્રને સવાલ કર્યો. એ સવાલ ઉપર ધ્યાન ન આપતાં ઇંદ્ર આગળ ચાલ્યા કીધો.

ત્યારબાદ, તેઓ બેઉ જણા એક પઇસાદાર માણસના મેહેલ આગળ આવી પહોંચ્યા, અને કંટાળાભરી મુસાફરી કરી આવવા પછી, બ્રાહ્મણો તરીકે ત્યાં એક દીવસનો આશ્રો માંગયો. હીંદુ શાસ્ત્ર પ્રમાણે બ્રાહમણોને ઘટતું માન આપવાનું કાંઇ બધાંનીજ સરજતમાં લખાયલું હોતું નથી. પણ તે પઇસાદાર શખસે વળી જુદોજ વીચાર કીધો. તેણે બ્રાહમણોને ત્યાંથી ચાલી જવા કહયું. તેઓ કેટલી લાંબી મુસાફરી કરી આવયા હતા, તે તેઓએ દર્શાવ્યું, તથા તેમના થાકેલાં શરીરને આસાએશની કેટલી જરૂર હતી, તે પણ કરગરીને જણાવ્યું. પણ તે પૈસાદાર શેઠીયો, જે શેહેરમાં મોટી લાગવગ ધરાવતો હતો, તેની ઉપર આ અરજની કાંઇપણ અસર થઇ નહીં. અને તેણે એવા હઠીલા રખડેલોને ઝપેટી કાઢવા માટે પોતાના માણસોને હુકમ કીધો. તેના નીમકહલાલ નોકરોએ પોતાના ડીંગોળાઓનો તે બે રાહદારી બ્રાહમણના શરીરોની ઉપર, મજબુત ઉપયોગ કરીને, તેનું દીલ ખુશી કીધું. સીડી ઉપરથી માર અને હડસેલા ખાઇને નીચે આવવા બાદ, તે મુસાફરીથી થાકેલા બ્રાહમણો ગુંઠણ ઉપર ગબડી પડયા. તે અણગમતા રેહેઠાણ આગળથી ચાલી જવાને, જેવા તેઓ રંજ ખેંચતા ઉઠયા, તેજ વેળાએ ઇંદ્રે તે દ્રવ્યવાન શેહેરીને આશીષ દીધા, અને બોલ્યો, કે "તારા પૈસાના ઢગમાં અને તારા ઝરજવાહીરમાં ઇશ્વર હજી ઉમેરો કરો!" પોતાના શરીર ઉપર જે દુ:ખ અને જાસ્તી તે માલદારને હાથે ગુજારવામાં આવી હતી, તેનો આવો બદલો બહુ ઉદાર હતો, એમ ગરૂડ સમજયો! અને બક્ષીશોની એવી કઢંગી રીતની વેંહેચણીનું કારણ, તેણે ઇન્દ્રને દબાણ કરીને પુછ્યું.

ગરૂડ બોલ્યો, કે એક નેક માણસને દુ:ખ અને વીપતીમાં લાવવો, તથા એક કંગાલ બેઅદબ માણસની દોલતમાં વધારો કરવો, એ કઇ જાતનો તેનો ઇનસાફ હતો? ઇંદ્રએ ખુલાસો કર્યો, કે પેહેલો પુંજારી એક ઉત્સાહવાળો ભકત હતો, કે જેને પોતાના સુંદર જુવાન છોકરા ઉપર અતીશય ચાહ તથા સ્નેહ હોવાને લીધે, ઇશ્વરના માર્ગ તરફ સંપુર્ણ ત્યાગ અને સ્વભોગમાં તે આગલ વધી શકતો ન હતો. અને એવા દુન્યવી પ્યારને વશ કરવાને, તેને ફરીને આ ધરતી ઉપર જન્મ લઇને આવવું પડે એમ હતું. તેટલા માટે તેનો છોકરો મારી નાંખીને, તેને એ દુન્યવી હેતના ભયમાંથી મુકત કરવામાં આવ્યો હતો. તે ભલા શખસનો માર્ગ સરલ કરવા માટે અવશ્યનું હતું, કે સઘળી મોહ તેનાથી દુર થવી જોઇએ. તેનો દીકરો કરણીના કાયદાને અનુસરીને, પોતાનો હીસાબ ચુકવવા ગયો હતો. અને એ રીતે તે ભલા, અબોનરને ભવીષ્યની અત્યન્ત કંગાલીઅતમાંથી છોડવ્યો હતો. એથી ઉલટુંજ પેલો પઇસાદાર શખસ જે દુન્યવી દ્રવ્યના ઢગલા ઉપર, એશઆરામમાં લોટતો હતો, તેની ખુશ કેફમાં, સઘળા દુર્ગુણોને તે વશ થએલો હતો. ચળકતી, દેખાવલી વસ્તુઓ કરતાં વધુ ઉંચ બાબદોનો ખયાલ કરવાને, તેનું મન અશકત હતું. અને તુમાખી તથા એકલપેટાઇના ઝેરી ડંખ હેઠળ, ખરી માનસાઇ, ભાઇચારો, દયા અને ધર્મ એ સઘળું મરણ પામ્યું હતું. તે દુ:ખના સ્થાનમાં હતો, અને તેની ઉપર દુન્યવી દોલતની નવાજેશ કરવી, એ તેને મોહીની અને અવીચારના ખાડામાં વધુ હોમાવવા બરાબર હતું, ("heaping coals of fire on his head"). તેમાંથી ઘણાજ ઉંડાં સંકટો તથા નસીબદેવીના

ઘણા ભયંકર ફટકાઓ ખાવા પછીજ, તે બાહાર નીકળી શકે એમ હતું. બદલાની વહેંચણીનું આ ડહાપણ ગરૂડે, અસ્થીરતા અને ક્ષણભંગુરપણાંના નહીં, પણ હંમેશગીના ખયાલની નજરે હવે જોયું.

આ લોભી, દગા ફટકાના જમાનાના ડાહ્યા તરીકે ખપતા લોકો, આ ઉમદા નીર્ણય સાંભળીને ખચીતજ ધીક્કારથી હસશે. આ કલયુગમાં હવસોનું રાજ્ય બહોળું છે. અને તેથી અજાયબ થવા જેવું નથી, કે ઘણાખરા મોટા ગુરૂઓ, હવે જણાતા નથી, જો કે અસલ તેઓ આપણી વચ્ચે રહેવા ઇચ્છતા હતા, અને વીષય વાસના ઉપર જીત મેળવવા માટે તથા આત્માને પવીત્ર કરવા માટેની લડાઇના માર્ગમાં, પોતાના દાખલાથી આપણને ઉત્તેજન આપતા હતા. કુરાનના ૯૨ માં સુરાહમાં જણાવયું છે, કે "જે પણ લોભી છે અને માલમીલકત ભેગી કરવાનેજ આશા રાખે છે અને ભલાઇને જુઠી ગણે છે, ખરેજ તેને હું (ઇશ્વર) મુસીબતમાં નાખીશ અને જયારે તે નીચો પડશે ત્યારે તેનું ઝર. તેને કાંઇપણ કામ આવશે નહીં". સુરાહ ૧૦૨ માં બચ્ચાંઓ મેળવવા માટેની બેંઅદાજેહ ખાહેશનું પરીણામ દોઝખ છે, એવું જણાવવા માં આવયું છે.

આ ઉપરથી ઉપલા ફકરામાં આવેલાં તરકટો તથા દગા ફટકાનું દુષ્ટપણું આપણે ખુલ્લું જોઇ શકીએ છીએ. દુષ્ટ મન જે સઘળા દુર્ગુણોનું મુળ છે, તે વીષે હવે આપણે તપાસ કરીશું. ખરેખર મનજ જીવે છે, ચાહે છે, લાગણી ધરાવે છે, કૃપા બતાવે છે, આગળ વધે છે, નબળું પડીને નાશ પામે છે, શીખે છે, ખુશી થાય છે, દલગીર થાય છે, અને આપણે માટેનું હાલનેકાજ તો ફક્ત એજ સત, અસ્તીત્વ (reality) છે. કાર્યો તથા ઓધો તો આપણા મગજની અંદરના વીચારના લખાણોના, તત્વાર્થનું, જડ પદાર્થની પથરપાટી ઉપરનું, માત્ર ચીત્રામણ છે. ક્રાઇસ્ટ કહી ગયો છે કે, વ્યભીચારની અભીલાષા ધરાવવાથી, એક નર કાંઇપણ શારીરીક ક્રીયા કર્યા વીના, વ્યભીચારી બનેલો ગણાય છે. એનો અર્થ બહુ ઉંડો છે. એક મનજ ફક્ત સદગુણી અથવા કુકર્મી થઇ શકે છે. યઝદાનના કાયદાઓની નજર એક ગરૂડ કરતાં પણ તીક્ષણ હોય છે, અને જે બહારના ખોટા ડોળધાલુ દેખાવો, મંદ નજરના લોકોને ઠગી શકે છે, તેજ માત્ર તે કાયદાઓ જોતા નથી, પણ માણુસ જાતના ખુદ અંદરખાનેના વીચારો પણ પારખે અને નોંધે છે. આત્મીક પ્રકટીકરણ અને આત્મીક મંદતાનો આધાર, ફક્ત **મનના વીચારો** ઉપર છે. ધર્મની વીધીઓ તથા તેના ક્રીયા કામો, ફક્ત જાનવરી અભીલાષાઓ અને ઇચ્છાઓ ઉપર જીત મેળવવા માટે, અને જયાંસુધી આપણા ગેબી પીતા સાથના મેલાપની મહત્વેચ્છાને પહોંચીએ, ત્યાંસુધી આપણી ઉંચ નેમને વધુને વધુ ઉંચા તબકકા ઉપર લઇ જવા માટે, બનાવવા અને રચવામાં આવ્યાં છે. અને તેમને જાહેરમાં ઢોંગને ખાતર બજા લાવવાં, એ ધર્મને ઘણીજ ભયંકર રીતે હલકો પાડવા બરોબર છે.

ઉપલો ફકરો જે "ઇજા કરવા"ના પાપ વીષે ઇશારો કરે છે, તેમાં દરેક રીતનો ગેરઇનસાફ સમાઈ જાય છે. હાલનો પશ્ચીમ તરફનો સુધારો એવી "ઇજા કરવા"માં મોજ માને છે, અને તેમ છતાં પણ, પુર્વના લોકોની આગલ પોતાનો દાખલો નમુના તરીકે રજુ કરવાની શેખી બતાવે છે. હાલની યુરપની ભયંકર અને ત્રાસદાયક લડાઇ, પાશ્ચાત્ય "સુધારા" ને, પોતાના ખરાં રૂપમાં કેટલેક દરજ્જે ખુલ્લું કરી આપે છે.

આપણા દેશમાં તો ખરેખર अहिंसा परमो धर्म "અહીંસા પરોધર્મ" ગણાય છે. એટલે કે સર્વથી શ્રેષ્ટ ધર્મ, ઇજા કરવાથી પરહેજ રહેવામાં સમાયલો છે.

सर्वहिंसा निवृत्ता ये नराः सर्व सहाश्च ये
सर्वस्याश्रमभूताश्च ते नराः स्वर्गगामिनः

એટલે કે, જે નરો સઘળું સહિને, સઘળી હિંસા (ઇજા)થી પરહેઝ થઇ ચુકા છે, તેઓ સઘળાં પ્રાણીઓના આશ્રા મીસાલ બનીને, સ્વર્ગમાં પહોંચ્યા છે.

૩ (દુન્યાના) ફાયદા સારૂં એ મઝદ! આ ધર્મને માટે (મુદ્રાલેખ તરીકે) અષા ઇ નીમાયલી છે. (દુન્યાને) દુઃખો ક રવા માટે (દુષ્ટ) માર્ગ માટે દરૂજ (જુઠાઇ) (મુદ્રાલેખ તરીકે) નીર્માણ થયલી છે. હું અષા મનની સરદારી પસંદ કરૂં છું. સર્વ પાપી લોકોના સમાગમને હું ધીક્કારૂં છું, અને તેમને બાતેલ કરૂં છું!

વીવેચનઃ કુરાનના સુરાહ ૬૭) ના, ૯૬) મા ફકરામાં લખાયું છે, કે "ખરેખર જેઓ માને છે અને ભલા છે, તેમની ઉપર 'રહીમ' (એટલે ઇશ્વર) પ્યાર કરશે!"

ધર્મ. દ્રુજ. પવીત્ર મન. દુષ્ટ લોકોના સાથીઓ.

જેઓ સંપુર્ણ સ્વચ્છ મન ધરાવે છે, તેવાઓમાંથીજ ખરા રાહબરો મળી આવે છે. નામના ગુરૂઓ અને બોલનારાઓ તો ઘણાએ હશે પણ ફક્ત મનશનીવાળાઓનેજ માનવું જોઇએ. જેઓ અધર્મી લોકોની સંગતમાં ફરે છે, તેઓ પણ જોખમભર્યા છે. અને કુદરતી રીતે તેમને પણ મલીન અને અપવીત્ર બનવાનો સંભવ રહે છે, તેટલા માટે તેમની સોબતથી દુરજ રેહેવું જોઇએ.

મોટી હોમ યસ્તના ફકરા ૧૬) માં એક ભકત એકરાર કરે છે, કે પાંચ બાબદોને હું મળતો છું. નેક વીચાર, નેક વાણી, નેક કાર્યો, (ધર્મની) ફરમાનબરદારી અને અષો માણસને હું મળતો છું. અને પાંચ બાબદોને હું મળતો નથી. દુષ્ટ વીચાર, ખરાબ વચન, બદ કાર્યો, નાફરમાન બરદારી અને દરવંદ (પાપી) માણસને, હું મળતો નથી. એજ પ્રમાણે સૃષ્ટીમા બન્ને મીનોની છેવટની હરીફાઇ રહેશે ત્યાંસુધી હું વર્તીશ! ઉપલા ફકરામાં જે લખાણ આવયું તેની સાથે હવે આ મોટી હોમ યશતના ફકરાની સરખામણી થઇ શકશે.

ગૌતમ બુધ્ધે દશ પાપો કયાં છે અને તે કેમ દુર કરવાં તે શીખાડયું છે.

(૧) ખુન કરશો મા, પણ જીંદગી માટે માન રાખજો.

(૨) ચોરશો અથવા લુટશો નહીં, પણ દરેકને પોતાની મેહનતનું ફળ મેળવવામાં મદદ આપજો.

(૩) અપવીત્રાઇ ત્યજીને અષો જીંદગી ગુજારો.

(૪) જુઠું ન બોલશો. સંભાળથી, નીડરપણે અને પ્યારથી ભરપુર જીગરથી, સત્ય બોલજો.

(૫) ખોટી અફવાઓ જોડી કાઢશો અથવા ફેલાવશો મા. કોઇની ઉપર સખત ટીકા કરશો મા, પણ દરેકની ભલી બાજુ ઉપર નજર રાખીને, તેમના દુશમનોના વેણુથી ખરાં અંતઃકરણથી તેમને બચાવજો.

(૬) સોગંદ ખાશો મા, પણ ગંભીરાઇથી વાતચીત કરજો.

(૭) ટાહેલાંઓ કરશો મા. પણ જોઇએ એટલુંજ બોલજો અથવા ચુપ બેશજો.

(૮) લોભ અને અદેખાઇ મુકી દઇને, સર્વેનાં સારાં ભાગ્યમાં ખુશાલ થજો.

(૯) હૈયાંમાંથી દગો કાઢીને, દુશમન તરફ પણ ધિક્કાર ધરાવશો મા. દરેક જીવતાં પ્રાણીનું પ્યારથી આલીંગન કરજો.

(૧૦) મનને અજ્ઞાનપણામાંથી છોડવી, સત્ય શોધવાને તત્પર બનજો. જો કાઇજ માનશો નહીં (પૂરા sceptic થશો) તો નફકરા અને આળસુ થશો; જો ભુલમાં પડશો તો માર્ગથી દુર થશો અને અમર્ગીથી બેનસીબ રેહશો.

બુરૂં કરનારને ૫ ગેરફાયદાઓ છે. (૧) અપવીત્રાઇને લીધે, આળસ આવવે તે તંગીમાં આવે છે; (૨) તેનું લોકમાં માન જાય છે; (૩) જ્યારે ઉમરાવો, બ્રાહ્મણો અથવા મોબેદોની સભામાં જાય છે, ત્યારે તેને ખેજાલત લાગે છે; (૪) મોત આવવે ઇન્તેજાર બને છે અને (૫) મરણ બાદ તેનું **મન અસુખી હાલતમાં રહે છે.** જ્યાંપણ તે જશે ત્યાં તેને દુખજ મળશે.

ભલું કરનારને ૫ ફાયદાઓ છે. (૧) પવીત્રાઇને લીધે ઉમંગી બનીને તે આબાદ થાય છે; (૨) લોકમાં તેની કીર્તી ફેલાય છે; (૩) જ્યારે ઉમરાવો, સાધુઓ અથવા મોબેદોની સભામાં દાખલ થાય છે, ત્યારે વીશ્વાસ અને સ્વમાન સાથે તેમાં ભાગ લઇ શકે છે; (૪) મોતને શાન્ત રીતે શરણ થાય છે, અને (૫) મરણ કેડે તેનું **મન સુખી હાલતમાં**

રહે છે. જ્યાંપણ તે જશે ત્યાં આનંદજ ભોગવશે.

ધર્મ અને બે માર્ગો જેમને વીષે ઉપલા ફકરામાં ઇશારો **થયો** છે, તે કેવા છે, તે વીષે ગૌતમ બુધ્ધે **નીચે** પ્રમાણે શીખાડીયું છે.

સર્વે પ્રાણીઓની ચાલચલણ **મનની** ઉપર આધાર રાખે છે. તેઓ **મનથી** દોરવાય છે, **મનનાંજ** બનેલા છે. સુખ અથવા બુરાઇનું મુળ **મન** છે. (એજ કારણસર અષો જરથુશત્રે મનશનીને સર્વોપરી આપી છે.)

ભુડું કરનાર, માનવી **પોતેજ** છે. દુખ **પોતાથીજ** ઉત્પન્ન થાય છે. બુરાઇથી અટકવાનું પણ પોતાથીજ બને છે. માનવી પોતાનેજ પવીત્ર કરી શકે છે. બીજો કોઇ કાંઇપણ કરે, તેથી પવીત્ર બની શકાતું નથી.

તમારે **પોતે** ઉમંગથી કોશેષ કરવી જોઇએ. જુવાન અને મજબુત હોવ ત્યારે આળસુ અને નબળી મરજીના બનશો, તો કદીપણ રોશની મેળવશો નહિ.

એક માનવી એકલો ૧૦૦૦ માણસોને, ૧૦૦૦ વખત લડાઇમાં હરાવે, તેના કરતાં જે માનવી પોતાના **નીચ** ખવાસ ઉપર સંપુર્ણ જીત મેળવે, તે વધુ ચઢતે દરજ્જેનો છે.

બેવકુફ લોકો **ફરજ** શું છે **અથવા** જીંદગીની **નેમ** શું છે, તે કદી ધ્યાનમાં રાખતા નથી. દરેક બાબદ માત્ર પોતાના અંહકાર વધારવા અને તૃપ્ત કરવા માટે હોય, એમ ધારીને તેઓ વર્તે છે.

જે પણ કરવા લાયક હોય, તે બહુ મજબુતીથી હુમલો લઇ જઇને, પાર પાડવું જોઇએ. **ઉમંગી** અને **કાળજીભર્યા** બનવાથીજ **અમર્ગી** હાંસલ થાય છે.

જેમ વરસાદ ચાળ્યા વીનાના છાપરાંમાંથી ગળે છે, તેમ **વીચાર વીનાના** મગજમાં હવસ ઝટ પેસે છે. સમજુ માનવીઓ પોતાને બરોબર ઘડે છે. તેઓ માન, **અપમાનથી** ડરતા અથવા ડગમગતા નથી. ઇશ્વરનો ભલો કાયદો **સમજીને** તેઓ શાન્ત રીતે પોતાની ફરજ બજાવ્યા જાય છે.

જેમ પૈડું બળદની પછવાડે ચાલે છે, તેમ **બુરા વીચારની** પાછળ દુઃખ ખેંચાય છે.

જે મોજ માટે જીવે છે, ઇંદ્રિઓ ઉપર કાબુ ધરાવતો નથી, ઘણું ખા, પી કરે છે, આળસુ અને નબળો હોય છે, તેની ઉપર **લાલચો** ગલબો કરે છે. જે મોજ માટે જીવન ગાળતો નથી, ઇંદ્રિઓ ઉપર કાબુ રાખે છે, ખાવાપીવામાં મીઝાન રાખે છે, ઉમંગી અને મજબુત છે, તે પહાડની મીસાલ **લાલચોના** પવનો સામે ટકી શકે છે.

જ્યાંસુધી **પાપનું ફળ** ચાખવામાં આવતું નથી, ત્યાંસુધી પાપ મધના જેવું મીઠાસભર્યું લાગે છે. પણ જયારે તે ફળ પાકે છે, ત્યારે પાપ તરીકે તે દેખાય છે. તેમજ જયાંસુધી ભલાઈનું ફળ પાકતું નથી, ત્યાં સુધી ભલો માનવી ધર્મને બોજા સમાન ધારે છે; પણ જયારે તે ફળ ચાખે છે, ત્યારે ભલાઇ શું છે તે સમજી શકે છે.

એક ધીક્કારનાર બીજા ધીક્કારનારને બહુ ઇજા કરી શકે છે; પણ એક માનવીને, તેનું ખોટે રસ્તે દોરવાયલું મન, તેના કરતા પણ વધુ ઇજા કરે છે. એક મા, બાપ, સગું, સ્નેહી ઘણું ભલું કરે છે; પણ એક માનવીનું **સારી રીતે દોરવેલું મન,**[1] એ સઘળાં કરતાં તેની વધુ સેવા બજાવે છે.

કદી એમ વીચાર કરવો નહીં કે એક બાબદ **ખુશ કરશે** કે **નાખુશ કરશે.** કારણકે ખુશ થવાની લાલચ અને આરઝુથી દલગીરી ઉભી થાય છે, અને દુખના ડરથી બીક ઉત્પન્ન થાય છે. જે મજાહના શોખ અને દુખના ડરથી નીરાળો છે, તે **દુખ** અથવા **બીક** કદી જાણતો નથી.

સત્ય બોલો, માંગનારને આપો, અને ગુસ્સો કરશો મા. આ ત્રણ ચીજો કરવાથી **દઈવીક** બનશો.

જેમ એક મધમાખી ફુલની ઉપર બેશીને, તેને **ઈજા કર્યા વીના** તેમાંથી મધ લઈને ઉડી જાય છે, તેમ ડાહયા પુરૂષે પોતાના ગામમાં રેહવું જોઇએ.

---

૧. જુઓ આ યસ્નનો ફકરો ૧૨) મો.

પાપી ઇચ્છાઓને બાળી નાખવું એજ ઉત્તમમાં ઉત્તમ ધર્મ છે.

ધિક્કારનારાઓની વચમાં **ધિક્કાર વીના** વસો. દુઃખોમાં સબડતાંઓની વચમાં **દુઃખ રહિત** વસો. લોભીઓની વચમાં **લોભ રહિત** રહો.

જેણે ખરો માર્ગ અખ્ત્યાર કરેલો હોય તેની આ નીશાનીઓ જણાશે. તે **સચ્ચાઇમાં મોજ લેશે,** અને જે ચીજથી પરહેજ રેહવું જોઇએ તેમાં તે ભય માનશે; તે નીતીપુર્વક રીતે ચાલશે; બોલવા ચાલવામાં તે અષોઇ પાળશે. તે ગુજરાનનું સાધન પવીત્ર રાખશે. તે ઇંદ્રિઓ ઉપર કાબુ રાખશે. વીચારવંત અને પોતા ઉપર કબજો ધરાવતો હોઇને, તે પુરેપુરો સુખી થશે.

જો **અષોઇને** માર્ગે ચાલશો તો આપોઆપ **સર્વોત્તમ જ્ઞાન** મેળવશો. એક મરઘી ઈંડા ઉપર સેવન બેશીને ખાહેશ કરે છે, કે 'અરે ઇંડાંઓમાંથી મારાં બચ્ચાંઓ ચાંચો મારી બહાર નીકળે!' પણ તમે જાણો છો તો ખરા, કે તે બચ્ચાંઓ વખત આવવે જરૂર ચાંચો મારીને, ઇંડાંઓના કોટલાંઓ ફોડીને, સુર્યની રોશની નીહાળવાને સામર્થવાન બનશે. ત્યારે હિંમ્મત પકડો અને આશાવંત રહો!

નેકી માટે બાઇબલમાં રોમનોની કીતાબના ૧૨ માં પ્રકરણમાં, ૯ થી ૩૦ ફકરાઓમાં, આ રીતે સમજાવવામાં આવયું છે. "તદન છલકપટ વીનાનો પ્યાર ધરાવવો જોઇએ. પાપને ધીક્કારવું. જે સારૂં હોય તેને વળગી રેહવું. ભાઇબંધના જેવા પ્યારથી એકેક તરફ માયાભર્યા અને હેતવંત થવું. માનને માટે (આપણા કરતાં) બીજાંઓને ચઢીઆતી પદવી આપવી. કામકાજમાં આળસાઇ કરવી નહીં. આત્માને ઉત્સાહ ભર્યો રાખવો; કીરદીગારની સેવા કરવી; આશા રાખીને આનંદમાં રેહવું. સંકટની વખતે સબુરી રાખવી. (દરેક) પળ બંદગીમાં ગુજારવી. પવીત્ર ભકતજનો (મોબેદ, સન્ત, સાધુઓ)ની જરૂરીઆતો પુરી પાડવી; તેમને આદરભાવથી આવકાર આપવો. જેઓ તમને હેરાન કરીને સતાવે, તેમને ભલા આશીશ દેજો; શ્રાપ દેશો નહીં, પણ આશીરવાદ આપજો. જેઓ ખુશી ખુર્રમી ભર્યા હોય, તેમની સાથે ખુશી થજો. જેઓ દુઃખથી રડતા હોય, તેમની તરફ દીલસોજી બતાવી આંસુ પાડજો............બની શકે તેટલી મહેનત કરી સઘળા લોકો સાથે સંપથી રેહજો.........તેટલા માટે જો તમારો દુશમન ભુખથી પીડાતો હોય, તો તેને ખાવાનું આપજો. જો તે તરસ્યો હોય, તો તેને પીવાનું આપજો. કારણકે એમ કરવાથી તેને માથે તમો ઉપકારનો આતશ વરસાવશો (જેથી તે પોતાની ચાલને માટે વધુ જલદી અને ઘણો વધારે પસ્તાવો કરશે)."

૪. જેઓ દુષ્ટ સમજ શકતીથી (અને) પોતાની જબાનથી ગુસ્સો તથા અદેખાઇ વધારે છે, તેઓ ઉપયોગી નથી (તેઓ સુધારો વધારો કરનારાઓની વચમાં પછાત પડી રહેલા હોય છે): (અને) જેમની વલાણ ભલાં કાર્યો તરફ નહીં, પણ કુકર્મો તરફ હોય છે, તેઓ પોતાના અસત્યવાદી ધર્મને લીધે, શયતાનોને ઉત્તેજન આપે છે.

વીવેચનઃ જયાં સુધી આ ડહાપણના ગોહરો ઉપર **અમલ કરવામાં આવે નહીં**, ત્યાં સુધી જરથુશત્રનો ધર્મ શું અને કેવો છે, તે બાબેની તકરાર, ખાલી બડાઇ અને સંતાપ સમાન છે. ગુસ્સાનો અર્થ બીજો કાંઇજ નહીં, પણ આપણી **સરોબરીયાઓ** તરફનો ધીક્કાર થાય છે. ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે "હવસો, ધાસ્તી અને ગુસ્સો છોડી દઇને, **મને અં**તઃકરણમાં દાખલ કરીને, **મારામાંજ** આશરો લઇને, ડાહપણના આતશથી પવીત્ર બનીને, ઘણાકો **મારી** હસ્તીમાં પેવશ થયા છે." (પ્રકરણ ૪. ૧૦).

ગુસ્સો. અદેખાઇ. અયાસીપણું. એ સઘળાં શેતાનો છે.

ઉપલા ફકરામાં જે અદેખાઇને માટે બોલવામાં આવ્યું છે, તેનું મુળ સોક્રેટીસ આ પ્રમાણે સમજાવે છે. " મગરૂરી અદેખાઇની માતા છે, તથ

અદેખાઇજ ખુન તથા કીના કપટનું મુળ છે, છુપા દગા ફટકાને જન્મ આપે છે, અને સદગુણનું હંમેશનું સત્યાનાશ વાળે છે. અદેખાઇ આત્માની અંદરનો ગંધાતો મેલ છે." અદેખાઇ ને ગુસ્સામાં ફક્ત એટલોજ ફેર છે, કે તે બહાર દેખાતી નથી, પણ તે તામસી છે, અને ક્રોધ બહાર પ્રગટ થાય છે અને દેખીતી ઉથલપાથલ કરે છે. અદેખાઈ એક જાતના ઇંદ્રીયોના અભાવનું પરીણામ છે. અને આપણને કહેવામાં આવે છે કે, "ઈંદ્રીયોને લગતી ચીજો તરફની પ્રીત તેમજ તેમની તરફનો અભાવ, એ બંને ઇંદ્રીયોમાંજ સમાયલા છે. આ બેના અમલ હેઠલ કોઇએપણ જવું નહી; તેઓ (ખુદાઇ) માર્ગના રસ્તામાં નડતલ નાખનાર છે." (ભગવદ ગીતા ૩.૩૪)

પીટરબરોનો બીશપ, જે અયાસી લોકોને માટે ઉપલા ફકરામાં બો લવામાં આવ્યું છે, તેમને નીચલા સખત બોલોમાં વખોડી કાઢે છે. "મોજમજાહ તથા એશઆરામ તરફનું હલકું ચેટક, દ્રવ્ય તરફનો નીચ ભકતીભાવ, ધન, દોલત મેળવવા માટેના લોભી હવસથી ઉત્પન્ન થતાં નીતીભ્રષ્ટી કાવત્રાંઓ, એ સર્વે અનીતીનાં એવાં બીજો છે, કે દુશ્મનના લશ્કરના હુમલાથી બીહવા કરતાં, તેમનેથી હજુર વધુ ડરીને ચાલવાની જરૂર છે."

૫. જે કોઇપણ આવા શ્રેષ્ઠ ધર્મને મક્કમ યકીનથી અને પવીત્ર મનથી માને છે, તે ઓ મઝદ! આબાદી અને ભરપુરતાનું મુળ છે.

એક સંપુર્ણ પાક મનની અષોઇ વડે, દરેક એવો શખસ ડહાપણવાળો (ગણાવો જોઇએ), (અને તે) ઓ અહુર (સંપુર્ણ ભાન તથા આનંદ સાથે) તારા રાજયમાં દાખલ (થશે.)

યકીનથી આબાદી. મનની અષોઇ. ડહાપણ.

વીવેચનઃ ધર્મમાં યકીન રાખવાથી જે બળ પ્રાપ્ત થાય છે, તે કોણ ના પાડી શકશે? યકીનવાળું એક માનવી એટલી તો સરસ રીતે વર્તે છે, કે દરેક થાકેલા રાહદારીનાં નબળાં પડી ગયલાં, નીરાશ થએલાં, તુટેલાં જીગરમાં તે ખુશબખતી પેદા કરે છે. તેનું યકીન આંધળું નહી પણ અષો મનની ઉપર બંધાવલું હોવું જોઇએ. ડહાપણ કાંઇ ખુદાની માન્યતામાં શંકીલા થવામાં અથવા ખુદાની હસ્તી સાફ ના પાડીને, દુષ્ટતાના ખાડામાં હોમાવવામાં સમાયલું નથી. પણ તે ખરા મકકમ વીશ્વાસ અને ઇમાનમાં સમાયલું છે, એમ ગાથા કહે છે. તે વીશ્વાસનું છેવટ બેહેસ્તનું રાજ્ય છે, કે જે બેહેસ્તના રાજ્યની હઇયાતી, ક્રાઇસ્ટ જે જરથુસ્ત્ર સાહેબની પછીથી આવ્યો, તેણે માત્ર ૧૯૦૦ વરસ ઉપર, પાછી જાહેર કરી હતી. તે ખ્રીસ્તી પેગંબરે પોતાના ચેલાઓને બરાબર કહયું હતું, કે "તમારા અવીશ્વાસને લીધે, પીડાતા દર્દીના દીલમાં ભરાયલા ભુતને તમે બહાર કાઢી શકયા નહીં. કારણ કે હું તમને ખરેખર કહું છું, કે જો તમારામાં એક રાઇના દાણા જેટલું બી યકીન હશે, તો આ એક પર્વતને પણ તેની જગાએથી તમે 'ખીસ!' કરીને હોકમ કરવાથી ખીસાડી શકશો, અને તમારે સારૂં કોઇપણ ચીજ અશકય રહેશે નહીં." (સેંટ મેથયુ ૧૭, (૨૦)).

તોપણ હાલના વખતનું યકીન, અસલની એક બુઢી ખ્રીસ્તી બાઇના જેવું છે, જેને માટે નીચલી વાત કહેવામાં આવે છે. તેણીના ઝુપડાની સામે એક ચોકકસ પહાડ હતો, જે ઓળંગવો બહુ મુશકેલ હતો. અને તેણીનો દીકરો તે પહાડની પેલી મેર ધંધો કરતો હતો, અને તેથી ફક્ત છ માસે એક વખત શીવાય તેણી તેને મળી શકતી ન હતી. એક સાંજે એકાએક તેણીને સેંટ મેથયુમાંનો ઉપર ટાંકેલો ફકરો યાદ આવી ગયો. તેથી તેણી બીજે દીને સહવારમાં પરોઢયામાં ઉઠી અને ૨ કલાક સુધી તેણીની સામેના પહાડને ત્યાંથી હટી જવાનો અને તેણીના ઝુંપડાં તથા તેણીના દીકરાના શેહેરની વચેનો માર્ગ ખુલ્લો કરવાનો, હુકમ કર્યા કીધો. પહાડને એવો હુકમ કરીને, તે પોતાની આંખો બંધ કરતી, પણ જુઓ તો તેણીનો ઢંગ! તે પહાડ તેની જગાએથી ખસી જતો હતો કે નહીં, તે જાણવા માટે આંગળાં

ઓની વચમાંથી ચીમાઇને તેણી વારંવાર નીહાળતી હતી. આ સઘળો વીચીત્ર ફારસ, તેણીના કુટુંબના એક બુઝરગ ગ્રહસ્થના જોવામાં આવવાથી, તેણે તે ઢોંગસોંગનું કારણ પુછ્યું. તે બુઢી બાઇએ પોતાના વીચારો તેને કહી આપ્યા. તે ગ્રહસ્થે તેણીને સલાહ આપી, કે તેણીએ માત્ર પોતાની સંસારી ફરજો પકડી રાખવી અને સર્વોત્તમ યકીનની બાબદોમાં નાહકનું માથું મારવું નહીં. તેણે તેણીને સમજાવયું, કે જો તેણીમાં એક રાઇના દાણા ભાર જેટલો પણ ઇશ્વર તરફનો વીશ્વાસ હોત, તો દેખીતા અવીશ્વાસથી જરા જરા વારે તેણી આંગળાંની ફાટો વચેથી કદીપણ જોયા કરતે નહીં! હવે ઘણીક વેળાએ લોકોને પોતાની માંગેલી મુરાદો ન મલવાના સબબે, યકીન રાખવાની મુર્ખાઇ સામે, તેઓ કઠોર વાણી ઉચરે છે. તે સમયે પેલી બુઢી ખ્રીસ્તી બાઇની વર્ણણુંક યાદ કરજો, અને પરીણામમાં એવા કમઅકલી નબળાં મનના લોકો ઉપર દયા રાખજો!

જાણવાજોગ એ છે, કે ગાથાના યસ્ન ૪૫ ના ફકરા પેહલામાં જણાવ્યું છે, તે મુજબ, ક્રાઇસ્ટે 'યકીન'ની જરૂરીઆત વીષે મજબુતીથી કહ્યું છે. પણ આંધળાં અને અજ્ઞાન યકીનની તેણે પણ કદીએ હીમાયત કરી નહોતી. તેણે એક ચમત્કાર કરી બતાવ્યો હતો, અને એક અંજીરના ઝાડને કહયું, કે હવેથી તારે કાંઈ પણ ફળ આપવા નહીં. જે ઉપરથી તે ઝાડ તુરત કરમાઇ ગયું. તે જોઇ તેના ચેલાઓ અજબ થઇ બોલયા કે, 'તે અંજીરનું ઝાડ કેટલું જલદી કરમાઇ ગયુ'! ત્યારે જીસસે તેમને જવાબ વાળયો, કે "ખરેખર હું તમને કહું છું કે જો તમારામાં જરાબી વેહેમ વગર (ધર્મ ઉપર) આસ્થા હશે, તો એક અંજીરના ઝાડને જે થયું તેજ ફકત આ પ્રમાણે તમે કરી શકશો નહીં, પણ આ પહાડને હુકમ કરશો, કે 'જા અહીથી હટીને દર્યામાં પડ' તો તે તમારો હુકમ માનશે! અને જે પણ ચીજો, પુરૂં યકીન રાખીને બંદગીમાં માંગશો, તે તમને મળશેજ" (સેંટ મેથયુ ૨૧ (૨૧ અને ૨૨)). વળી ક્રાઇસ્ટ વધુ બોલ્યો હતો, કે "તે (પીતા) જેણે મને મોકલ્યો છે, તે મારી સાથેજ છે. તે બાપે મને એકલો છોડયો નથી; કારણ કે હંમેશા જે ચીજો તેને ખુશી કરે છે તેજ હું કરૂં છું." અને જયારે તે આ પ્રમાણે બોલ્યો, ત્યારે ઘણા શ્રોતાજનો તેના ધર્મમાં માનવા લાગયા. પછી જે યાહુદીઓ તેના ધર્મમાં માનતા હતા, તેમને જીસસે કહયું, કે "જો તમે મારા બોલોપર વીશ્વાસ મુકવાનું ચાલુ રાખશો, તો પછી (જ) તમે મારા ચેલા ગણાઇ શકશો, અને તમે સત્ય ખરેખર પીછાણશો અને સત્ય તમને છુટાપણું, એટલે તમને મુકતી, 'મોક્ષ' 'નીર્વાણ,' ('વન્લ') મેળવી આપશે". (સેંટજોન ૮ (૨૯–૩૨)).

૬. ઓ મઝદ! તું મને અતીઘણો પસંદ પડે છે, (કારણ કે) તારા ડાહાપણના પ્રતીબીંબની મારફતે, તું અમને સત્ય પ્રાપ્ત કરવાનું ફરમાવે છે, કે જેથી કરીને ઓ અહુર! આ ધર્મ જાહેર કરવાને અમે શકતીવાન થઇએ છીએ.

વીવેચનઃ આપણો ધર્મ અંધકાર ઉપર નહીં, પણ સત્યતાની રોશની ઉપર રચાયલો છે. જેમ યુકલીડનું (ભુમીતી) સીધાંત, દલીલથી ખાત્રીપુર્વક બનાવી શકાય છે, તેજ મીસાલ સાબેત કરી શકાય એવી બાબદોમાં યકીન રાખવાનું, તે શીખાડે છે. કેટલાક કેળવાયલા "અજ્ઞાન" જરથોસ્તીઓ આપણા ધર્મને વેહેમ ભર્યો ગણીને, તેને ધીકકારી કાઢવાની કોશેશ કરે છે, તેમના મતનો અત્રે રદયો આપવામાં આવ્યો છે. આ ધર્મના શાસ્ત્ર સાથે સરખાવશો, તો આજકાલના જડવાદી શાસ્ત્રો (sciences) નો પાયો સદંતર પોકળ જણાશે.

૭. ઓ મઝદ! દરેક માનવી અષો મન ધરાવવાથી, આ ધર્મનાં વચનો સાંભળશે, અને અશોઇની મારફતે તે ધર્મ ઉપર પોતાનું ચીત લગાડશે.

ઓ અહુર! (આની ઉપર) ધ્યાન આપ, કે કાયદા પ્રમાણે (મારો) મદદગાર કોણ થશે? (તે) એક સગાસ્નેહી જેવો (મારી તરફ) કોણ થશે, કે

જે (મારા) કામમાં (મને) સારી સલાહ આપે?

વીવેચનઃ માઝદીઅસ્ની ધર્મ સમજવા માટેની જરૂર જોગી ચીજોમાં, એક પવીત્ર, સ્વચ્છ મન મુખ્ય ગણાય છે. તેના ઉમદા કાયદાઓ ઉપર ગંભીર મનન કરવાથી, તેની અંદરનો ખરો મર્મ સમજી શકાય છે. આપણે આગળ જોઇ ગયા છીએ, કે ગંભીર, એકચીત મનન વીષે યસ્ન ૪૩ ના ફકરા ૧૫ માં શીક્ષણ આપવામાં આવ્યું છે, અને તેનીજ ઉપર અત્રે ફરીને ભાર મેલવામાં આવે છે. આ બાબદ ઉપર ભગવદ ગીતામાંના કેટલાક ફકરાઓ ઘણો પ્રકાશ ફેંકે છે.

"ત્યાં (એક અનુકુળ બેઠક ઉપર) પોતાના મનને એકચીત બનાવી, વીચારો અને ઇંદ્રિઓના કાર્યોને કાબુમાં રાખીને, પોતાની જગા ઉપર હાલ્યાવીના, સ્થીર બેસીને, પોતાના આત્માને પવીત્ર બનાવવા માટે, તેણે યોગનો અભ્યાસ કરવો જોઇએ.

"આસ્તે આસ્તે તેણે સ્થીર તર્કશકતીની મારફતે શાંતી મેળવવી જોઇએ; પોતાનાજ આત્મામાં મનને રોકીને, કોઇ પણ વસ્તુનો વીચાર તેણે કરવો ન જોઇએ. જેટલીવાર તે ભમતું અને અસ્થીર મન બહાર જાય, તેટલી વાર તેને પાછું અને પાછું પોતાના આત્માના કાબુમાં લાવવું જોઇએ", (ભગવતગીતા ૧૬, (૧૨, ૨૫ અને ૨૬). "પણ અશો કાર્યો કરવાવાળા લોકો, જેમનામાં પાપનો અંત આવેલો હોય છે, તેઓ સામ સામેના દ્વંદ્વ (pairs of opposites) ના મોહજનક બંધનમાંથી છુટાં થએલા હોવાને લીધે, પોતાના વ્રતો (સોગંદો)ને વફાદારીથી ચીટકી રહીને મારી ભકતી કરે છે." (ભગવદ ગીતા, ૭ (૨૮)). "કોઇપણ બાબદ ઉપર ના ભમતાં, અને ચાલુ અભ્યાસથી અઇકયતા મેળવી ચુકેલાં અને (સર્વોત્તમ શકતી) ઉપર નીશદીન ચીંતન કરતાં મગજની મારફતે ઓ પાર્થ! એક માનવી તે સર્વોત્કૃષ્ટ, ગેબી પરમાત્મા આગળ પુગી શકે છે." (ભગવદગીતા ૮. (૮)). "ખરેખર ઓ પાર્થ! માહાત્માઓ, મારો દઇવીક સ્વભાવ ધરાવતા હોવાથી, તેઓ સઘળી હસ્તીઓના અવીનાશી મુળ તરીકે મને ઓળખીને, અચલ મનથી મારી પુંજા કરે છે." (ભગવદ ગીતા, ૯ (૧૩)). "ઓ કુન્તેય! તું જે પણ કરે, જે પણ ખાય, જે પણ અર્પણ કરે, જે પણ આપે, જે પણ તપશ્ચર્યા કરે, તે સઘળું મને બળીદાન તરીકે અર્પણ કરજે. એ રીતે કાર્યો (કર્મ)ના બંધનો જે ભલાં અને બુરાં પરીણામો નીપજાવે છે, તેમાંથી તું મુકત થશે. તારો આત્મા જયારે સન્યાસ યોગથી અઇકયતા પામશે, ત્યારે મુકત થઇને મારી પાસે આવશે. દરેક જીવ તરફ હું સમાન દ્રષ્ટીથી જોવું છું; હું કોઇને ધીકકારતો નથી; તેમજ કોઇને (ખાસ) ચાહતો નથી. જેઓ ખરા ભકતીભાવથી મને આરાધે છે, તેઓ મારામાં છે, અને હું તેમની અંદર છું; કોઇ સર્વથી પાપી માણસ પણ જો અખંડ હ્રદયથી મારી ભકતી કરે તો તે પણ અશો ગણાય, કારણકે તેણે ખરો નીશ્ચય કર્યો છે. થોડા વખતમાં તે આજ્ઞાંકીત સેવક થાય છે, અને હંમેશગીની શાંતીમાં દાખલ થાય છે. ઓ કઉન્તેય! એટલું નીશ્ચીત જાણજે, કે મારો પુંજારી કદીપણ નાશ પામતો નથી. જેઓ મારે શરણે આવે છે, ઓ પારથ! તેઓ જોકે હરામના પેટના હોય છે, જો કે ઓરતો, વઇશયો, શુદરો હોય છે, તોપણ સરવથી ઉત્તમ માર્ગ ચાલે છે.........તારૂં મન મારી ઉપર ચોંટાડ; મારી ભકતી કરે; મને ભોગ આપ; મારી સામે ગુંટણમડીએ પડ; એ રીતે આત્માની અંદર અઇકયતા મેળવીને, મનેજ તારી સર્વોત્કૃષ્ટ અંતરઆશરણા તરીકે મુકરર કરીને, તું મારી પાસે આવી શકશે (ભગવદ ગીતા ૯ (૨૭ થી ૩૪.).). તારૂં મન મારામાં રાખ, તારી વીચારશકતી મારામાં દાખલ કર; ત્યારેજ બેશક, હવે પછીના વખતમાં પણ, તું મારી અંદર વસી શકશે." (ભગવદ ગીતા ૧૨ (૭)). "તારૂં મન મારી અંદર ગુમ કરી દે, મારો ભકત બન, મને તારૂં સર્વસ્વ અર્પણ કર, મને નમસ્કાર કર, (અને એટલું કરશે

તો) તું મારી નજદીક પહોંચી જશે. હું તને મારૂં વચન આપું છું; તું મને વહાલો છે". (ભગવદગીતા ૧૮ (૬૫)).

ઉપલા ફકરામાં પ્રશ્નો પુછ્યા છે, તે દેખાડે છે, કે આપણા ધર્મ પ્રમાણે દરેક જરથોસ્તીને માટે મદદગાર રાહબર (ગુરૂ) ઠેરવવામાં આવ્યો છે. હવે "મદદગારો" તો તરેહવાર જાતના અને પંકતીના હોઇ શકે છે. જ્યાંસુધી પ્રકટીકરણમાં થોડાકજ આગલ વધેલા આપણા જીવો અને મહાન યઝદો વચ્ચે, અને ત્યારબાદ ઉપર અને ઉપર જતાં, તે સર્વોપરી અહુરમજદને પહોંચ્યે, તેટલી ઉંચાઇ સુધી, એક સીલસીલો જોડાય, ત્યાંસુધી રાહબરો અથવા મદદગારો અવશ્યના છે. આપણે અહુનવરના હવે પછીના પ્રકરણમાં એ વીષે વધુ જોઇશું. ઉપલા ફકરા પ્રમાણે જ્ઞાનને માટે ગુરૂ જોઇએજ એવું નોધીશું.

૮. ઓ મઝદ અહુર! તું ફરશોસ્તરને અષોઇની સરદારી અને રક્ષણ કરવાની તથા મદદ કરવાની શકતીની બક્ષીસ કરશે.

મારે ખાતર હું તારી પાસે માંગી લઉં છું, કે મને એવાં સાધનો બક્ષ, કે જેથી તારા વાજબી અમલ હેઠળ, અમે સઘળાંના હમેશ સુધીના **પ્યારા** બનયે.

ફરશોસ્તર. અષોઇ.

વીવેચનઃ તરજુમો કરનારાઓ એવો ખુલાસો કરે છે, કે 'ફરષોસ્તર' જરથોસ્તનો સસરો થતો હતો, અને તે તેનો બહુ ઉત્સાહવાળો ચેલો પણ હતો. તોપણ ઉપલું બીજું વાકય ચેતવણી મીસાલ છે, અને બતાવે છે, કે આ ફકરામાં એવી શકતી માંગવામાં આવી છે, કે જે **હમેશા** અહુરનાં **સઘળા** પ્રાણીઓનો **પ્યાર, હમેશગી** સુધી ખેંચી શકે. આપણાં બીજાં પવીત્ર લખાણોની મેરહાજરીમાં, બીજાં ધર્મોમાં જણાયલી કોઈ પણ શકતી સાથે, આ ભેદી શકતીની સરખામણી કરવી અશકય છે, શીવાય કે તે આપણે આગળ જોઇ ગયા તે **પ્યારની** પોતાની શકતીજ હોય.

૯. જે કોઈ (દુન્યાને) ફાયદો કરવા માટે જનમયો છે, અને ઉદયોગી છે, તે મારા ફરમાનો ઉપર ધ્યાન આપશે.

એક સાચા માણસે એક દુષ્ટ માણસ મારફતે સરદારી કદીપણ સ્વીકારવી ન જોઈએ. ધર્મી લોકો, ઓ ભલા અને બાહાદુર જામાસ્પ! સચ્ચાઇ સાથે એકદીલ થઇને, સર્વથી શ્રેષ્ટ બદલો મેળવવામાં એકત્ર થાય છે!

સખાવતી, ઉદયોગી, સાચાં લોક.

વીવેચનઃ આ રાજદ્વારી અને સંસારી ખળભળાટ તથા તુફાનના વખતમાં, પોતાની ચુંટણી કરાવવા માટે તથા આગળ વધવા માટે, એવા શખસોને હથીઆર બનાવવામાં આવે છે, કે જેઓ સ્વચ્છ અંતઃકરણો ધરાવતા હોતા નથી. અજ્ઞાન લોકોના મોટી સંખ્યામાં મતો મેળવવાને સારૂં, તરેહવાર દગાફટકા તથા કાવત્રાં કરનારાઓની મદદ લેવામાં આવે છે. તે સઘળું ફકત કાયદાપુર્વક તથા વાજબીજ ગણાય છે, એટલુંજ નહીં, પણ એવા લોકોને રોકવા, એ ઘણા ઉંચાં ડહાપણનું કાર્ય ગણાય છે. હાલના સુધરેલા ગણાતા અને પોતાને આગલ વધેલા તરીકે માનતા દેશોમાં ચાલતી, મ્યુનીસીપલ તેમજ સરકારી અમલની રૂઢીઓ નો સામે મત આપવું, એ બેશક મોટા અપરાધ તરીકે લેખાશે! આ જાતના સવાલ ઉપર લંબાણ વીવેચન કરવું અનુકુળ ન હોવાને લીધે, આપણે વધુ બોલશું નહીં. કારણકે ગાથાઓની નજરે જોતાં, આપણા વખતના કેહવાતાં પ્રજાસત્તાક ખાતાંઓને દોરવનારાઓ, મોટે ભાગે નાલાયક અને સ્વાર્થી લોક હોય છે. એક કોમ તરીકે આગળ વધવા સારૂં લોહીમાં જુસ્સા અને લોભના કકરાઓ પડે, તે વેળાએ આપણે ભુલવું ન જોઇએ, કે આપણા સ્થુળ સુધારાવધારાના સાધનો, સર્વે પવીત્ર અને નીર્મળ હોવાં જોઇએ. જો એ કાયદો જાળવવામાં નીષ્ફળ ગયા, તો આપણે જરથોસ્તી ન કેહવાઇએ. મુખ્ય એટલું યાદ રાખવું જોઇએ, કે આ સંસારી તેમજ રાજદવારી બાબદો ઉપરના અર્વાચીન કાળના ઘણાક વીચારો, આપણા પાક પેગંબર સાહેબના શીક્ષણોની વીરૂધ્ધ છે, અને જયાં તુલીક

તેવા નવી નવ.ઇના આચારવીચારો અમલમાં મુકવામાં આવશે, ત્યાં તુલીક આપણા પ્રકાશીત ધર્મે શીખાડેલા બોધો, અગમ્ય (એટલે પોહોંચી ન શકાય એવા), કલ્પીત, ભેદી 'નમુનાઓ' તરીકેજ નજરે પડશે. તે બોધોની અગત્યતાના ઉંડાણમાં ઉતરવા માટે, ફક્ત ઘણાજ હીંમતવાન લોકો આશા રાખી શકે. જેઓ દરેક જમાનાની ક્ષણીક, ખોટી, કલ્પના અને તુરંગોની જંજીરોમાં બંધાય છે, અને માટીનાં પુતળાંઓને પુંજે છે, તેઓએ યાદ રાખવું જોઇએ, કે સંકટના સમયમાં, તેમનાં તે માટીના પુતળાંઓ ઉંધાં પડશે, અને તેમના પુંજારીઓને શરમાવશે.

૧૦. ઓ મઝદ! હું તને પવીત્ર મન, પાક માનવીઓના આત્માઓ તથા બંદગીઓ અર્પણ કરૂં છું, કે જેમનેથી નમ્રતા તથા આબાદી (મેળવી શકાય.)

પણ જે સત્તા દુષ્ટ કુકર્મોમાં પડી છે, તે નષ્ટ થશે.

પવીત્ર મન.
પવીત્રાત્માઓ.
બંદગી.

વીવેચન: અત્રે તરજુમો શકભર્યો છે. એનો ભાવાર્થ દેખીતો છે. દરેક જરથોસ્તી "અહુરમઝદ ખોદાએ," "ખોરશેદ નીયાએશ" ઇત્યાદી ભણતાં, આ છેલ્લી ચેતવણી ઉપર ભાર મુકે છે, કે કોઇબી દેશનો, શેહેરનો, કુટુંબનો અથવા ફીરકાનો જે જે અમલ, સંપુર્ણ રીતે ઇનસાફ ઉપર રચાયો નથી, તે તે આયંદે જરૂર નાશ પામશે. એમ ટુંકમાં જણાવવામાં આવે છે, કે દુન્યાના સર્વથી બળવાન રાજ્યો અને સુધારા વધારાઓના ઇતીહાસોમાં, જ્યારે પણ ગંભીર ગેરઇનસાફો થયા હશે, તેમનો આયંદે એજ ફેજ આવ્યો હોવો જોઇએ, કે તેઓ લાંબો વાર ટકી શક્યાં ન હશે. કુદરતનો એ એક અચલ નીયમ છે, કે ફક્ત ઇનસાફી હઇયાં અને મન ધરાવનારાઓનેજ અમર રાજ્ય મળશે, અને બીજાઓને નહીં!

૧૧. જે કુકર્મી આત્માઓએ સત્તાનો ગેરઉપયોગ કર્યો છે, તથા જેઓ અનીતીથી વર્ત્યા છે, જેઓએ બીભીત્સ શબ્દો વાપર્યા છે, જેઓએ દુષ્ટ ધારણા તથા દુષ્ટ વીચારોની વૃધ્ધી કરી છે, તેમને નજીસ ખોરાક સાથ (દેવો) મળે છે, (જેઓ) તેમને આવકાર આપવા જાય છે. (એવા આત્માઓની) હઇયાતી ખરેખર દરૂજના રેહેઠાણમાં છે.

નમ્રતા. અષોઇ.

વીવેચન: બીજે ઠેકાણે આપણે આ વીચાર તપાસી ગયા છીએ. દરૂજ જે પાપી શેતાન છે, તેનુ રેહેઠાણ, અહુરનાં રેહેઠાણની ઉલટીજ બાજુએ છે, એટલુંજ ફક્ત આપણે પાછું ધ્યાન રાખવું જોઇએ. અહુરના રેહેઠાણ તરફ પહોંચવાની આપણે નીત્ય ઉત્કંઠા ધરાવીએ છીએ, અને દરૂજના મુકામમાં દાખલ થનારથી, અહુર જે પ્યાર, સુંદરતા, જ્ઞાન અને ભલાઇનું મુળ છે, તે કદી પ્રાપ્ત ન થઇ શકે. વીષયી મોજ માયાની મોહીનીની લાલચોમાં સબડીને માનવી અહુરથી વેગળો પડી જાય છે. "હવસોને તૃપ્ત કરવાથી તેમની તૃષ્ણા કદીપણ મટાડી શકાય એવું માનવું નહીં; કારણકે એવી માન્યતા અંગ્રમીનોની ઉશ્કેરણીનું પરીણામ છે. જે પ્રમાણે એક કીડો ફુલની અંદરનો ગર ચુસીને ફરબે બને છે, તેજ માફક દુર્ગુણોને તૃપ્ત કરવાથી, તેઓ તો સામા ખીલે છે, અને મજબુતી પકડે છે."

૧૨. તારી બક્ષીસનો કયો (હીસ્સો) તારા નમ્ર જરથુશત્રને માટે તેની અશોઇ અને ભલાં મનને લીધે (તેને માટે મુકરર કરવામાં આવ્યો છે)?

ઓ મઝદ અહુર! તારી મરજીને નમન કરીને, જે સર્વથી શ્રેષ્ટ (તું ખુદ) છે, તેની ખાહેશ રાખીને, તારી કીર્તીના ભજનો ગાઇને, હું તને વખાણીશ.

ભલુ મન.
અહુરની મરજી.

વીવેચન: જરથુશત્ર પોતે કબુલ કરે છે કે તે નમ્ર છે. હાલના વખતના ઘણાક જરથોસ્તીઓ જેઓ થોડી ઘણી મનની ચંચળાઇ ધરાવતા હોય છે, તેઓ પોતાનો સીધો રસ્તો છોડીને, બેઇમાની તથા અહંકારના રોહ તરફ ધસ

ડાઇ જાય છે. તેમની ચાલચલણમાં આ નમ્રતાનો સદગુણ આમેજ થાય એવું આપણ ઇચ્છીશું !

એક બાળક કે જે માત્ર સાધારણ તર્કશકતીથી થતી તકરાર સમજી શકે છે, તે એવાજ ખ્યાલોમાં રમે છે, કે તેનાં ભેજાંનો વીસ્તાર મનુ, વ્યાસ, અફ્લાતુન, લુકમાન હકીમ, સોક્રેટીસ, અને પાછથે ગોરાઝ જેવાઓના ભેજાંઓ સાથે હરીફાઈમાં ઉતરી શકે. એક બરોબર ખીલેલાં અષો મનની શકતી, અલબત અનહદ છે. ગમે એવી હરકત અથવા ગમે એવી જંગી ચીજોના જથ્થાઓ, મનની શકતીઓની સામે ટકી શકતા નથી; ગમે એવાં દુરનાં ખુણાંઓમાં પણ તેઓને મન વશ કરે છે. સઘળી ચીજો મનને તાબે થાય છે. ખુદ એહેસ્ત પોતે પણ તેના શ્રમથી ખુલ્લું થાય છે. સીનેકા સમજાવે છે, કે દરેક જાતના નસીબની ઉપર મન હકુમત ચલાવે છે.

'મન[1] એ એક સર્વોત્કૃષ્ટ શકતી છે, જે ઘડે છે તથા બનાવે છે. અને માણસ જાત પોતે મન છે, જે વીચારનું હથીઆર લઇને, હમેશાં પોતાની મરજી પડતા આકારો ઘડીને, તરેહવાર ખુશાલીઓ તેમજ દલગીરીઓ પોતાના બળથી ખેંચી લાવે છે. માનવી એક છુપા ખુણામાં મનથી વીચાર કરે છે અને તેવોજ બને છે. તેની આસપાસ બનતા સઘળા બનાવો, એક આરસીના તખ્તાની માફક છે, જેમાં તે પોતાના વીચારોના પ્રતીબીંબો આબેહુબ જુએ છે.

'તમારાં મનને એક કારખાનું બનાવીને, તમારા વીચારોના હથીઆરો વડે તેમાં કામ કરીને, શું ફતેહ મેળવવા ચાહો છો ? અલબત્તાં હાથ જોડીને આલસમાં બેસી રહીને એવું ધારશો મા, કે ફતેહ તમારી નજદીક પોતાની મેળે આવશે. તમારે કાળજીભરી, નેક નીષ્ટાની મેહનત કરવી જોઇએ. તમારો ભાગ તમારે ભજવવોજ જોઇએ. તમારે પોતે તે માટે મહેનત કરવી જોઇએ. પણ તમને એકલાં કામ કરવાની ફરજ પાડવામાં આવતી નથી. બીજાઓ તમને મદદ કરવાને ખુશી છે. તમને ભેટવા સારૂં મીત્રાચારીથી તેઓ પોતાના હાથો તમારી તરફ લંબાવે છે. તેમના અંતકરણો તમને ખરાં જીગરથી આવકાર આપશે, તેમના મનો મીનોઇ મન સાથે એકસુર હોવાને લીધે, સંપુર્ણ એઇકયતા ધરાવે છે. વીચારોની ફ્રેજનીના મજબુત મોજાઓની મારફતે, હજારો માઇલને છેટે, જમીન તેમજ દરીઆની પેલે પાર, તમારી સાથે તેઓ જોડાયલા છે. તેઓ દયાવંત ગુરૂઓ[2], સોશીઅંતો છે.'

તમારૂં પોતાનું પવીત્ર મન તમારો તારનાર અને મોક્ષ આપનાર થશે. 'અષો મન'ના બદલામાં જરથુસ્ત્ર તથા તેના ચેલાઓને, અહુર તરફની બક્ષેસ તરીકે મુકતી નીર્માણ થઇ છે, એવી આ ફકરાની શરૂઆતમાં આશાથી ભરપુર ખબર આપવામાં આવી છે.

ઇરાનીઓના પુરાની તોખમમાંથી ઉતરી આવેલા, ખાલી બડાઇખોરા લોકોને તો નીહાળો, જેઓ બંદગીની કીંમતજ બુજતા નથી, જો કે જરથુશત્ર પોતે કહે છે, કે તે અહુરને ખરાં દીલથી બંદગીઓ અર્પણ કરે છે ! વળી આગળ ચાલીશું તો માલમ પડશે, કે એક સ્તુત્ય ઉમદા જીંદગી ગુજારવાને માટે, અહુરના કાયદા તથા સઉથી શ્રેષ્ટ મહત્વેચ્છાઓ તરફ, જે તાબેદારી બતાવવી જોઇએ, તે સઉથી અધમ, ઇંદ્રીઓનાં પુંજકો, જેમના અંતકરણો મોજશોખ અને તરેહવાર એશઆરામોના લોભથી જડ થઇ ગયલાં હોય છે, તેમનાથી બતાવી શકાતી નથી. પણ તે સ્વાભાવીકજ છે !

---

૧. જુઓ આ યસ્નનો ઉપલો ફકરો ૩ જો.

[2] જુઓ આ યસ્નનો ઉપલો ફકરો ૭ મો, અને યસ્ન ૫૦ ના ફકરાઓ ૧ અને ૫.

યસ્ન ૫૦.

૧. (દાદગર!) કેવી રીતે અને કોણના હાથે મદદ મેળવવાની મારો આત્મા આશા રાખે! ઓ પુજ્ય મઝદ અહુર! તું મને કહે, કે મારા (હવસોના) હેવાનનો (શરીરનો) રક્ષણકર્તા તારા, સત્યતા તથા અષો મન શીવાય કોણ છે? **મને રસ્તો દેખાડનાર** (રાહબર) કોણ જણાયલો છે?

અહુરની મદદ ગુરૂ.

વીવેચન: **અસ્વચ્છતાથી** એક આત્માનો બચાવ કરવાની જરૂરીઆત વીષે અત્રે ઇશારો કર્યો છે. સવાલ એ છે, કે અહુર, સત્યતા અને પવીત્ર મન શીવાય એક જરથોસ્તી ચેલાને, મીનોઈ દુન્યામાં સહીસલામત રીતે દોરવી લઇ જવા માટે કોણ નેમાયલો છે? એક ગુરૂની આવશ્યકતા અત્રે જણાઇ આવે છે. ઉંચ જીંદગી તરફ દોરવી લઇ જતા માર્ગમાં મળતા અસંખ્ય ભયંકર ખાડાઓ તથા ખાહીઓ, એક ગુરૂ જેની દ્રષ્ટી આગલું, હાલનું તેમજ ભવીષ્યનું સઘળું સાફ જોઇ શકે છે, તેની રાહબરી હેઠળજ ઓળંગી શકાય છે. ખ્રીસ્તી પેગમબરે આ પ્રમાણે પોતાના ચેલાઓને ચેતાવયા હતા, "તેટલા માટે સાવચેતીથી તપાસ રાખતા રહેજો, કારણ કે તમો જાણશો નહીં, કે કેવી રીતે તમારો સાહેબ (ગુરૂ) આવી પહોંચશે..." તેટલા માટે તમે પણ તૈયાર રેહજો, કારણ કે તમારાં ચીત્તમાં પણ ન હશે, તે વેળા એ તે માનવી જાતનો દીકરો (તમારો ગુરૂ) આવશે......ત્યારે એક ખરો વીશ્વાશુ અને ડાહયો નોકર તે કેહવાય, કે જેને તેના સાહેબે પોતાના ઘરખટલા ઉપર અમલ કરવા (ઉપરી તરીકે) અને જોઇતી મોસમમાં ઘરનાં નોકરોને ખોરાક પુરો પાડવા (અને તેમને બરાબર કાબુમાં રાખવા) નેમેલો છે. તેનો સાહેબ જે વેળાએ આવે, તે વખતે એ પ્રમાણે (યકીનથી) કરતાં જેને જુએ, તેજ એક ખરો **આશીર્વાદ પામેલો નોકર** (ચેલો) છે. હું તમને ખરૂં કહું છું, કે પોતાની સઘળી માલ મીલકતનો, તે તેવા નોકરને અમલદાર બનાવશે. પણ જો તે પાપી નોકર, પોતાના દીલમાં એમ ધારશે, કે મારા શેઠને આવતાં વાર છે, (તેટલાં તેના વીશ્વાસનો ભંગ કરીશ, તો કોઇ જોનાર નથી); અને એમ માનીને પોતાના ભાઇબંધ નોકરોને મારવા મંડી જાય (તથા તેમની તરફ ખરાબ વર્તણુક ચલાવે) અને છાકટાઓ સાથે ખાનીપીણી ચલાવવા મંડે (અને એક ખરા ચેલા તરીકેની પાક જીંદગી ગુજારવાની છોડી દે), તેવા નોકરનો (ચેલાનો) શેઠ (ગુરૂ) જયારે એક દીવસ (અચમુચ) આવી લાગશે, અને જયારે તેના આવવાની તેને જરા પણ વકી ન હશે અથવા ખબર ન પડશે, તેજ વખતે તે (નોકર) ની સાથનો સંબંધ (તે શેઠ તુરત) તોડી નાખશે, અને તેને ધુતારા, ઠગબાજોની સંઘમાં મેળશે (અને એક ચેલાની પદવીથી તેને બાતલ કરશે). (અને તેને રડવું પડશે તથા દાંત કચકચાવીને સઘલું ખમવું પડશે.)" (સેંટ મેથયુ ૨૪ (૪૨–૫૧)). એ રીતે જો કે ગુરૂ તો ગમે ત્યારે આવશે, પણ તેનાં સઘળાં ફરમાનો ખબરદારીથી પાળવાની તમારે સંભાલ રાખવી જોઇએ. નહીં તો તે તમને ચેલાની સંઘમાંથી બાતલ કરી નાંખશે. ત્યારે ઘણાંક વરસો અથવા સદીઓ સુધી તમારે તે સારૂં વીલાપ કર્યા કરવો પડશે.

'મારા **હેવાનનો રક્ષણકર્તા**' એ બોલો જેમનો અર્થ **શરીર** તથા તેના **બદહવસો** એવો થાય છે, તે ઘણોજ અર્થસુચક છે. માનવીના બે ભાગો છે, એક ભાગ ફરવશી જે દઇવીક છે, અને બીજો ભાગ શરીર છે, જે ખરેખર હેવાન, એટલે જાનવરના સ્વભાવો ધરાવનાર છે. માટે તેહમુરસે દીવબન્દ માટે કહેવામાં આવયું છે, કે તેણે અંગ્રેમીનો (એટલે પોતાના હવસોને) ૩૦ વર્ષ પર્યંત પોતાના પગ હેઠળના ઘોડા તરીકે કાબુમાં રાખયો, અને દુન્યાના એક છેડાથી બીજા સુધી તેને કબજામાં રાખીને વાપર્યો. શરીર પણ જો સારી રીતે અક્કલ અને હુશીયારીથી વપરાય તો બહુ મદદગાર થઇ પડે છે. જયારે તેની ઉપર કાબુ રાખવાને બદલે આત્માની ઉપર તેના હવસો સર

દારી ભોગવે છે, ત્યારે આ અને બીજી સર્વે ભુવનોનું સુખ નાબુદ થાય છે.

૨. ઓ મઝદ! આ ખુશાલી આપનારી દુન્યાને તે કેવી રીતે ચાહે, કે જે તેને હમેશાં આબાદીથી ભરપુર જોવા ઇચ્છે છે?

જેઓ અશો પ્રમાણીક જીંદગી ગુજારે છે, અને જેઓ પ્રકાશીત છે, તેઓ ખોરશેદ, એટલે સુર્યના તેજમાં (ભળી જાય છે) મળે છે.

તે તબકકા ઉપર મને લાવીને, (ઉપર જણાવેલો) ચાહ (પ્યાર) તું મને બખશ.

દુન્યા તરફનો પ્યાર.

વીવેચનઃ અત્રે હંમેશ પુછવામાં આવતો સવાલ આપણી સામે આવે છે. તે એ છે, કે એક ચેલો જે દુન્યાની ઉન્નતી અને ખીળવણી માટે, ઘણી ઉત્કંઠા રાખે છે, તેણે દુન્યાની સેવા શી રીતે બજાવવી. એક ચેલાની ખુદરતી શકતીઓ જેમ ભીન્ન ભીન્ન હોય છે, તે મીસાલ સેવા કરવાના માર્ગો પણ તરેહવાર હોય છે. તેની પોતાની બાબદમાં કઇ જાતની સેવા ઉતમ છે, તે જાણવાને માટે એક ચેલો ઘણીજ હોંસથી બંદગી કરે છે.

ઉપલા ફકરામાં બીજા જીવોને સુખી કરવા, તેમનું કલ્યાણ જોવું, એ નીયમ દર્શાવે છે. વળી સામાન્ય પ્યાર વીષે પણ અત્રે અરજ કરવામાં આવે છે તેથી "ઉશ્તા અહ્માઇ યહ્માઇ ઉશ્તા કહ્માઈ ચીત"ના આગળ આપણે તપાસેલા નીયમને, ઉસ્તવાર બનાવવામાં આવે છે.

જીસસ સાહેબ કહે છે, કે "યહુદીઓના ટોળાની બહારના લોકોના રાજાઓ, તેમની ઉપર હકુમત ચલાવે છે; અને તે લોકની ઉપર જે સતા ચલાવે છે, તે તેમનો ભલું કર્તા કેહેવાય છે. પણ તમે (મારા ચેલાઓ) એવા થશો નહીં; તમારામાં જે ઘણો મોટો હોય, તેણે (જાણે એવી રીતે વર્તવું) કે તે સર્વેથી નાનો હોય; અને જે વડો અથવા મુખી હોય, તેણે સર્વના સેવકના માફક વર્તવું. કારણ કે કોણ (કયો) મોટો જે ખાણાં ઉપર બેસે તે અથવા જે પીરસે તે? (સાધારણ રીતે જોતાં) જે ખાણા ઉપર બેસે તે શું મોટો નથી ગણાતો? પણ હું તમારામાં જે સેવક પીરસે છે, તે પદવીનો ગણાઇશ." (સેંટ લ્યુક ૨૨, (૨૫-૨૭)).

ત્યારબાદ જેઓએ ઉંચી પંકતીના ચેલાઓ તરીકે શ્રમ લીધો હોય છે, તથા પવીત્ર, પ્રમાણીક જીંદગી ગુજારી હોય છે, તેમને જે મીનોઇ રોશની મળે છે, તેમને માટે ખલકતના સાહેબે નીર્માણ કરેલી જગા બાબે, આપણને વાકેફ કરવામાં આવે છે. તે છેવટની જગા બીજી કોઇજ નહીં પણ સુર્ય છે, કે જે આપણા સુર્ય મંડળનો અને સઘલાં પ્રાણીઓ જેમને તે ઉછેરે છે, તેમનો **પીતા** તથા **જીંદગી બક્ષનાર** છે. દુન્યાને સઉથી સરસ રીતે મદદ કરવાની એક ચેલાની ઇચ્છા, એ સુર્યમાં એકત્ર થવાથી ખરેખર પાર પડી શકે છે. આપણા મંડળના ગ્રહોને વસવાટને લાયક બનાવવાની તથા તેમની ઉપર પ્રકટીકરણમાં ગુંટાયલા જીવોની માતાઓ જેવા ઉપયોગી બનાવનારી શકતી, અહુરમજદની આંખ અથવા રોશનીનો દેવતા જે સુર્ય છે, તેના પ્રતાપી શરીરમાંથી ખેંચવામાં આવે છે. તે સુર્યમાં પહોંચવાથી દુન્યાઓને ગરમી આપવાની શકતીમાં મદદ થાય છે, તથા તેમને ચપળ અને ઉદયોગી બનાવવામાં સહાયતા આપી શકાય છે. કેટલાકો જણાવે છે, કે સુર્યમાંથી જે ગરમી અને અપાર જીવન શક્તિ વહે છે, તે તેમાં વસ્તા મહાન આતશી જીવોમાંથીજ નીકળે છે. તેવાજ એક જીવ થઇ રહેવાને, ઉપલા ફકરામાં ચેલો અરજ ગુજારે છે. એટલું તો બેશક છે કે, તે મીનોઇ આતશના સર્વોતમ ગોળામાં, ફકત એક પવીત્ર રોશનીજ દાખલ થઇ શકે. ખુદાતાલા તરફ આગલ વધતા એક ચેલાને આપણી દુન્યાઇ હયાતીના ખેંચાણો તથા મોહીનીઓથી અલગ રેહેવા માટે, મજબુત કોશેષ કરવી પડે છે. અને ત્યારબાદ તે જીવ શુક્ર, બુધ અને સુર્યના સેતારાઓ ઉપર કામ કરતા શ્રેષ્ટ જ્ઞાની જીવોની ઉત્તમ હાલત મેળવીને, પોતાનું પ્રકટીકરણ ચાલુ રાખે છે, એમ આપણે માન્ય રાખયે છીએ. પછી મઝદના તખ્ત સુધી પહોંચે ત્યાં વુલીક, નમ્રતાથી અને વગર થાકવે ઘણાજ ઉંચા અને કલ્પી ન

શકાય એવા બીકટ પહાડો, તેને ખોડવા પડે છે. છેવટે તે પ્રકટીકરણમાં આગળ વધતા જીવો, તે કીરદીગાર સાહેબની સર્વવ્યાપકતામાં મળી જાય છે, અને તે ટીપું જે દરીઆમાંથી નીકળીને છુટું પડયું હતું, તેજ દરીઆવમાં ગરક થઇ જાય છે!

૩. જે માણુસ ઓ મઝદ! આ ખાકી (અને) સર્વથી નજદીકની દુન્યા (ભુવન) જેમાં દુરાચારીઓ ભાગ લે છે, તેનો વધારો, પાકીઝગીના બળની મારફતે કરવાની તજવીજ કરે છે, તેને તેનો અશોઇનો ફાળો મળશે, જે વોહુમનોએ (ભલાં મને) ક્ષથ્ર(ઈચ્છા શકતી)ની સાથે તેને આપેલો હતો.

દુન્યા તરફનો પ્યાર. આ દુન્યાનો વધારો કરનાર. વોહુમન. ક્ષથ્ર.

વીવેચનઃ આપણુને વચન આપવામાં આવે છે, કે આપણી આ તદન નજદીકનાં ખાકી ભુવન ઉપરની આબાદી તથા સુખચેનના વધારા માટે, જે કોઇ પરોપકારી બને છે, અને જયારે એ પરોપકાર એટલા મોટા મનથી દેખાડવામાં આવે છે, કે ભલાં તેમજ ભુડાંને, તે એકસરખી રીતે મદદગાર થવાને રાજી હોય છે, ત્યારે તે ખરેખર પાક થએલો ગણાય છે. ખરી પવીત્રાઇ મેળવવા માટે, જેમ સખાવતી કામો સારૂં મજબુત ઇચ્છા જોઇએ, તેમ તેવાં કામો કરવાની અંતરની નેમ પણ ભલી હોવી જોઇએ. માટે ક્ષથ્રવેરીયો અને વોહુમનો અમેશાસ્પંદો, જેઓમાંનો એક માણસની ઇચ્છાશકતી ઉપર તથા બીજો માણુસજાતના મનની અશોઇ ઉપર મુવકકલ છે, તેમને ઉપલા ફકરામાં પવીત્રાઇ આપનારાં સાધનો તરીકે, યોગ્ય રીતે જણાવવામાં આવ્યા છે.

૪. ઓ મઝદ અહુર! તારા કીર્તીના ગાનાર તરીકે, સર્વોત્તમ અશોઇભર્યાં મન અને ઘણીજ ચીવટાઇથી, હું હંમેશાં તારી વખાણુ ગાઉં, કે જેથી (દરેક જણુ) તેની ઇચ્છાઓના માર્ગની તરફ ઉભો રહી શકે, અને (એવુ બક્ષ! કે) ગરોનમાનનાં ગીતો હું ખુલ્લાં સાંભળું!

મઝદ અહુરની વખાણો.

વીવેચનઃ કયો માર્ગ પકડવો તે અત્રે ખુલ્લી રીતે જણાવવામાં આવ્યું છે. જે કોઇ પરમાત્માના ભજનો, ખાલી ઢોંગીને મોંઢેથી નહીં, પણ ખરા ભકતી ભાવથી, ખંતથી અને એક ચીન્તથી હંમેશાં ગાય છે, તેની ઇચ્છાઓ પાર પાડવાનું અહીંઆ વચન આપવામાં આવે છે. ગરોનમાનમાં દાખલ થવાની અને અમર્ગ અહુર પાદશાહના કીર્તીના ગીતો, ભાન સાથે, ખુલ્લા આનંદથી સાંભળવાની ઉંચશકતી, એક સંપુર્ણ થએલા આત્માને બક્ષવામાં આવે છે. એ વીષય ઉપર હાદુખ્ત નુસ્કની પરગર્દો અજવાળું નાખે છે, જેમાં અષોનું રવાન હુમત (સતર પાયા), હુખ્ત (માહ પાયા), હવરશ્ત (ખુરશેદ પાયા) બહેશ્ત અને છેવટે ગરોનમાનમાં દાખલ થાય છે, એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

૫. ઓ નેક મઝદ અહુર! જે તારો ધર્મનો ફેલાવો કરે, તેને મજબુત અને જાહેર મદદ આપીને, તું સંપુર્ણ આનંદ બક્ષ, કે જેથી કરીને (તે) પોતાનાં સઘળાં બળથી, અમને સુખ (મેળવી) આપી શકે..

ધર્મનો ફેલાવો. આનંદ.

વીવેચનઃ એક શીખાઉ ધર્મ અભ્યાસી જરથોસ્તી, વધુ આગળ વધેલા આત્મા (ગુરૂ) ઓની રાહબરી વગર, કીરતાર જે પરમાનન્દનું મુળ છે, તેના સમાગમમાં આવી શકતો નથી. તેટલા માટે એવા ઉન્નતીએ પહોંચેલા આત્માઓ, જેઓ આ ધર્મનો ફેલાવો કરે છે, તેમને માટે તે મઝદ અહુરની મદદ ચાહે છે, અને ખુલ્લી રીતે તેમને મજબુત મદદ આપવાને, તે સાહેબ પાસે માંગી લે છે. તેમ કરવાથી તેમના કામમાં જરૂર ઉત્તેજન મળે છે, અને તે સાહેબ હાજર છે, તપાસ રાખે છે અને હંમેશાં કૃપા કરે છે, અને આગલા જમાનાઓ કરતાં હાલ તે કાંઇ આપણુથી દુર ગયો નથી, પણુ મટીની ચાઇચાઇઓ તરફ દોરવાઇને, આપણે પોતેજ તેનાથી વીખુટા પડી

એ છીએ, એ બાબદો સર્વે જમાનાઓ ના અધર્મી લોકોના મગજો ઉપર ઠસા વવાનું કામ, સહેલ થાય છે.

ખ્રીસ્તી પેગંબર ધર્મના ફેલાવવાને ઘણી મોટી અગત્યતા આપે છે. પોતાના પીતાની સહાયતાથી જે બોધો તેણે પ્રગટ કર્યા, તેમનો ફેલાવો કરીને સઘળા જમાનાઓના લોકોને આશીરવાદ સમાન બનાવવા જોઇયે. માત્ર સઉથી પાકીઝેહ અને ઉમદા ધર્મગુરૂઓજ, અસરકારક રીતે ધર્મનો પ્રચાર કરી શકે. "જેમનામાં તે (ઇશ્વર) ને માટે યકીન નહી હોય, તેઓ તેની સહાયતાં કેમ માંગી શકે, અને જે (ઇશ્વર) ને વીષે તેઓએ કાંઇ સાંભળયું ન હોય, તેની ઉપર તેઓ કેવી રીતે વીશ્વાસ મુકી શકે? અને એક ધર્મ સમજાવનાર વીના તેઓ (લોકો) કેવી રીતે સાંભળે? અને તેમને (ધર્મોપાધ્યાઓને) મોકલવામાં ન આવે, તો કેવી રીતે તેઓ સમજાવે? જેમ લખવામાં આવ્યું છે તેમ, જેઓ સંપ અને ધર્મ વીષે વાયજ કરે છે અને સારા સમાચારો લાવે છે, તેમના પગો કેવા સુંદર છે!" (રોમનો ૧૦ (૧૪ અને ૧૫)). "કારણુ કે ક્રાઇસ્ટે ખ્રીસ્તીઓને ક્રીયા કરીને માત્ર ધર્મમાં લેવાને સારૂં મને નથી મોકલ્યો, પણુ ધર્મનો પ્રસાર કરવા મોકળયો છે. અને મને ખાલી બોલોના ડહાપણુ સાથે નથી મોકલ્યો, કારણુ કે તેમ થાય તો ક્રાઇસ્ટના ક્રોસ (મુસીબતીભરી જીંદગી) ની અસર જતી રહે. કારણુ કે જેઓ નાશ પામે છે, તેમના વીચાર પ્રમાણે ક્રોસ (એટલે હવસોને મારી નાખવા) વીષેનો બોધ મુર્ખાઇ સમાન છે. પણુ આપણે જેમને મુકતી મળી છે, તેમને મનથી, તે ક્રોસ ખુદાનું બળ (આપણા શરીરમાં પ્રગટ કરી શકે) છે. કારણુ કે એવું લખાયલું છે કે (દુન્યાઇ) ડહાપણુવાળાના ડહાપણુનો હું નાશ કરીશ, અને (દુન્યાઇ) શ્યાણુપતની સમજણુનો હું છેડો લાવીશ. ડાહયાં માં નવીઓ છે કયાં? કયાં છે લેખકો? કયાં છે આ દુન્યવી તકરારી લોક? શું આ દુન્યાનાં ડહાપણુને ખોદાતાલાએ બેવકુફી ભર્યું દેખાડી આપ્યું અને લખ્યું નથી? ....પણુ (દોઢ) ડાહયા (દુન્યવી) લોકોને ગુંચવણુમાં નાંખવાને માટે, તે કીરતારે દુન્યાની (દેખઇતી) મુર્ખાઇ ભરી ચીજો પસંદ કરી છે, અને બળવાન વસ્તુઓને ગુંચવણુમાં નાંખવા કાજે (અથવા નીર્બળ કરવા), ખુદાવંદતાલાએ દુન્યાની (દેખઇતી) નબળી ચીજો નીમાંણુ કરી છે."

એક ધર્મોપદેશ કરનારને સમજાય એવી અને સરળ ભાષામાં વાએજ કરવા માટે આ પ્રમાણે બોધ દેવામાં આવ્યો છે. "કારણુ કે જો હું અનજાણી ભાષામાં બંદગી કરૂં, તો મારો જીવ બંદગી કરે ખરો, પણુ મારી સમજશકતી ખુલ્યા વીનાની રહે છે. ત્યારે બંદગી કેવી રીતે થવી જોઇએ? હું મારા જીવથી પ્રાર્થના કરીશ અને હું મારી સમજશકતીથી પણુ પ્રાર્થના કરીશ (ખાલી બેધ્યાનપણે બબડીનેજ બંદગી કરીને સંતોષ પામીશ નહીં): હું મારા જીવાત્માથી ઇશ્વરનાં ગુણુ ગાઇશ, અને હું મારી સમજશકતીથી પણુ ગુણો ગાઇશ......હું મારા ખોદાનો ઉપકાર માનું છું, કે તમો સઘળા (જાણો છો તે) કરતાં વધુ ભાષાઓ હું બોલું છું: તોપણુ દશ હજાર બોલો અનજાણી ભાષામાં હું (તમો આગલ) બોલું તેના કરતાં, મારી સમજશકતા સાથે હું પાંચ બોલો (તમારી સનમુખ) દેવળમાં બોલવાનું પસંદ કરૂં છું, કે જે બોલોથી હું બીજાંઓને ખરેખર શીખવી શકું! ભાઇઓ! સમજશકતીમાં (તર્કશકતીમાં) બચ્ચાં જેવા થશો મા: કીના કપટમાં તમે બચ્ચાં જેવા (નીર્દોષ) થજો, પણુ સમજશકતીમાં પુખ્ત ઉમ્મરે પહોંચેલા માણુસ બનજો." (પોલ નામના ક્રાઇસ્ટના ચેલાએ, કોરીન્થીઅનોને લખેલો પેહેલો કાગળ ૧. (૧૭ ઇત્યાદી), ૧૪. (૧૪ થી ૨૦)). "તેટલા માટે (મારા શાગીર્દો) તમે ધ્યાન રાખો, અને તમારો ટોળો જેની ઉપર તે પવીત્ર આત્મા (Holy Ghost) જેણે પોતાના લોહીથી ખુદાનું દેવળ (ધર્મ) ખરીદયું (સ્થાપ્યું) છે, તેના પુંજારીઓનું પોષણુ કરવાનું તમને સોંપયું છે, તેમની ધ્યાનથી સંભાળ કરજો! કારણુ કે હું એટલું તો જાણું છું, કે મારા ગુજરવા બાદ, વીકાળ વરૂઓ તમારી વચમાં દાખલ

થશે, અને ટોળાનો નાશ કરશે (એટલે, તેમને ખોટે રસ્તે દોરવીને પાયમાલ કરશે). વળી ઇશ્વર તરફથી પેગમ્બર તરીકે મોકલાય લા અને શીખાડેલા ન હોવા છતાં, ઘો કો પોતાની પાછળ ચેલાઓને ખેંચવાને માટે, વીપરીત, આડી અવળી બાબદો બોલવા માટે ઉભા થશે. તેટલાં માટે હુશીયાર રેહજો અને યાદ રાખજો, કે ત્રણ વર્ષના અરસા (અંદર) માં (જેટલો વખ ત હું તમારી વચ્ચે વસ્યો) તેટલો વખત (ધાતકી વરૂ જેવા વીકાળ ધર્મગુરૂઓ સામે) દરરોજ રાત અને દીવસ આંખમાં આં સુ સાથે, મેં તમને ચેતાવવાનું ચાલુ રાખ્યું હતું. અને હવે ભાઈઓ હકતા લાને અને ખોદાતાલાની રેહમને હું ત મને સોંપું છું, કે જે તમને (આત્મ જ્ઞાની) બનાવશે અને સઘળા પવીત્ર થય લાઓમાં તમને જગા આપશે. (એક ધર્મોપદેશ કરનાર તરીકે) મેં કોઇપણ માણસ પાસે રૂપું અથવા સોનું અથવા વસ્ત્ર માંગવાનો લોભ કર્યો નથી. (એક લાયક ધર્મ શીક્ષક થવા માટે) ખરેજ તમે પોતે જાણો છો, કે આ (મારા પોતાના) હાથો (કોઇ પણ નોકરો રાખવા વગર), મારી સઘળી જરૂઆરીતો તથા જેઓ મારી સાથે હતા તેમની સ ઘળી જરૂરીઆતો પણ, પુરી પાડતા આ વ્યા છે. મેં તમોને સઘળી ચીજો બતાવી છે, કે (એ રીતે બીજાઓને માટે) મેહનત કરીને તમારે કેવી રીતે (ધર્મનો બોધ દેનારા તરીકે) નબળાંને આશ્રો આપવો, અને જીસસ પેગમ્બર સાહેબના બોલો યાદ રાખવા, કે (પૈસો, માન, પ્યાર, ખુ શાલી, સુખ, આબાદી, શાંતી અને એવું બીજું કાંઇ પણ) લેવા કરતા આપવું વધુ આશીર્વાદભર્યું છે."

ભગવદગીતામાં શ્રીકૃષ્ણ કહે છે, કે "જેના માં સન્યાસ નહી હોય, અથવા જે ભકતી ભાવ વીનાનો હોય, અથવા જે એવી (દઇવીક) બાબદ સમજવા માંગતો ન હોય, અથવા જે (અધ મીં, નાસ્તીક, તથા ઇશ્વરની નીંદા કરનારો હોઈ ને) મારે વીષે ભુંડું બોલતો હોય, તેની આગળ આ (ઉંચ બ્રહ્મજ્ઞાન વીષે) કદી પણ બોલ વું નહીં. મારા ભકતોને જે કોઇ આ સર્વોત્તમ ભેદ જાહેર કરશે, તે (એ ઉપદેષની મારફતે) મારી તરફ ઉંચામાં ઉંચ ભકતીભાવ બતાવીને, બેશક મારી પાસે આવશે. અને મારા તરફ તે સૈઉના કરતાં વધુ વહાલી સેવા, માણસજાતમાં કોઇપણ બીજું બજાવતું નથી, અથવા દુન્યાની અંદર મારી તરફથી તેને પ્રાપ્ત થશે તેના કરતાં વધુ પ્રીત કોઇને પણ મળશે નહી. અને જે પણ આ આપણા પવીત્ર વાદ વીવાદનો અભ્યાસ કરશે, તેનેથી હું જ્ઞાન મારફતે પુંજાઇશ (પુંજાએલો કેહ વાઇશ)." (પ્રકરણ ૧૮ (૬૭ થી ૭૦)).

૬. ઓ મઝદ! (જે કોઇ પણ) ખાલેસ હૈયાંથી તથા માનથી માથરો બોલે છે, તેનો જરથુસ્ત્ર જે ડહાપણનો રાખનાર અને હંમેશાં પોતાની જબાંનને ખરે માર્ગે વાપરનાર (છે, તે) પોતે એક દોસ્ત (છે).

(દરેક માનવી) પાક મનથી મારા ભેદો શીખવી શકે છે.

માંથરો. અશો માનવીઓજ ભેદો શીખવી શકે.

વીવેચનઃ આપણા કેટલાક હમદીન ભાઇ બંધો ધર્મના ખરા અરક (spirit) ની વખાણના ઓઠાં હેઠળ, ખાખસુસ જાહેર કરે છે, કે માંથરો ખાલી મોં ઢાનો "અર્થ વગ રનો બડબડાટ" છે, તે આપણે અત્રે ભુલવું ન જોઇએ. આપણે શું આ ફકરામાં વાંચતા નથી, કે અહુરમઝદ પાસેથી જરથુસ્ત્ર જે ખુદા ઇ માંથરો લાવ્યો છે, તે માંથરોની અ સરકારક બળવાન શકતીમાં, અંતઃકરણ પુર્વક યકીન રાખીને, જે માણસ પુર માન સાથે માંથરો ગાય છે, તેને મીત્ર તરીકે કબુલ રાખવાનું અશો જરથુસ્ત્ર સાહેબ પોતે વચન આપે છે? વારંવાર આપણને એમ કહેવામાં આવે છે, કે એવાં ભણતરોનાં બોલોનો ખાલી પટપટા રો શું કરી શકે? ખરેજ આપણી પ્રકૃ તીથી નીપજેલી સૃષ્ટિનો આધાર આ

ઉપર છે, તે આપણો આજનો જમાનો બરાબર સમજે છે કે? તેનો આધાર ધ્રુવનીઓ, સંખ્યા, તથા રાગસુર ઉપર છે! જેઓએ આ ભેદી બાબદોનો અભ્યાસ કર્યો છે, તેઓ સાંભળીને અજાયબ થતા નથી, કે જો આપણને ગાથાનું બરાબર જ્ઞાન હોય, અને તે ગાવા માટે સંપુર્ણ નીશ્સ્વાર્થી હૈયું તથા પાકી એક મન હોય, તો માંથરોના અવાજો દુન્યાની આખી સપાટીનો આકાર, સેહેલાઇથી ફેરવી નાંખી શકે! ખ્રીસ્તીઓના બાઇબલમાં કહેવાયલું છે કે તે "શબ્દ" ખુદા હતો. આપણા હીંદુ ભાઇબંધો કહે છે કે "વાખ" (વાચા) દુન્યાની માતા છે. દરેક અરધું ભણેલો, જડ શાસ્ત્રો (sciences) નો અભ્યાસી પણ કબુલ કરે છે, કે આપણી દુન્યાની સઘળી જાણીતી શકતીઓ, ધ્રુવનીઓ ઉપર આધાર રાખે છે. શું બોલ તથા સુર ધ્રુવનીથી ઉપજતાં નથી? જો તેમ હોય તો શું રોશની અને વીજળીક ધ્રુવનીઓની મીસાલની બીજી શકતીઓ, ઉંચ ભુવનો ઉપર નથી, કે જેમની અસરો રોશની તથા વીજળીક બળ કરતાં લાખો દરજજે મજબુત હોઇ શકે?

તારબાદ સઘળાં પાક, અષો મનના માનવીઓજ તેના ભેદો શીખવી શકે, એવું જરથુસ્ત્રનું મત, જે જરથોસ્તીઓ આ ધર્મ **અંદરખાનેથી** ગુપ્ત છે એમ માનવા સાફ ના પાડે છે, તેમના નાચીજ મતને મરણતોલ ફટકો લગાવે છે. ઠંડે કલેજે એવું માનવામાં આવે છે, કે બાગબાની તથા પ્રાણી વીદયામાં ગુહય બાબદો હોઇ શકે, વરાળથી ચાલતાં બોઇલરમાં અને કારખાનાના સાંચાઓમાં અનદીઠ ગુંચવણ હોઇ શકે, વીજળીક બળમાં તથા વાયુઉત્પાદક યંત્રનાં મથકમાં એવાં કોઇ છુપાયલાં પાસાંઓ હોય છે, કે જે સાધારણ માણસની નજરે પડી શકતાં અથવા સમજી શકાતાં નથી. અને તોપણ **ધર્મનું સાચાકામ**, કે જે પ્રકટીકરણમાં કામ કરતી જગતને સર્વથી ઉંચ ઉત્કૃષ્ટ, માણસાઇ **ઇચ્છાશકતીને**, મીનોઇ જેવી શકતીમાં ફેરવી નાંખે છે, તેમાં કાંઇ ભેદો છેજ નહીં. જેઓ ફકત એક નાના બાળકની માફક પોતે નમ્ર, નીદોષ અને અજ્ઞાન છે એમ કબુલ કરે છે, તેઓજ ધર્મના ફરમાનો પાળી શકે. બીજાઓનો વખત હજી આવયો નથી. ભલ્હેને તેઓ થોભે, અને આ દુન્યાના ભમાવનાર ખાહેશ રૂપી ભુતોની પુઠે ધસડાય! પણ તેમની તરેહવાર લાલચો, તાણખેંચ તથા પ્રયાસ પછી, જયારે પણ તેઓ શ્યાણા થશે, ત્યારે જાણશે કે **ડહાપણના માતા ધર્મ**, તેમને આવકાર દેવા માટે નીત્ય તઇયાર ઉભી છે!

૭. મઝદ! નેકી અને અશો મનની મારફતે તારી ભકતીના ભલા, બળવાન, અને મકકમ માર્ગો અખત્યાર કરીને, હું મારૂં સઘળું ચીત્ત તારી ઉપર ચોટાડું છું. તેટલા માટે મને માર્ગ દેખાડ, અને મારી મદદે આવ!

મઝદની ભકતી. માર્ગમાં રાહબરી માટે મઝદનું એકચીત મનન.

વીવેચન: પ્રકટીકરણમાં આગલ વધવાની શરૂઆત થયેલી અત્રે જણાય છે. મઝદના ઉપર આખું ચીત્ત લગાડવાથી, તેના પુજારીઓને, મઝદ તરફની રાહબરીની ઇનાયતનો, ગુપ્ત કાયદા પ્રમાણે, હક મળેલો ગણાય છે. હીંદુઓની સમાધીને જેઓ હસી કાઢે છે, તેઓજ ફકત આ બેમુલ સત્યની અગત્યતા સમજતા નથી. સમાધી કાંઇજ નહી પણ દુન્યાના બહારના દેખાવોના, ગડબડ સડબડભર્યા, આકર્ષણમાંથી, આપણું ભાનને ખેંચી લઇને, તે સર્વેના આદીઅંત, મઝદ ઉપર ચોંટાડવાની ક્રીયા છે. થોમસ આકેમ્પી પણ એજ પ્રમાણે આપણને કહે છે, કે "તેટલા માટે જે ધર્મની વધુ અંદરની આતમીક ચીજો મેળવવાનો વીચાર ધરાવે છે, તેણે જીસસની સાથે લોકોની ઠઠ અને ગીરદીમાંથી દુર થઇ જવું જોઇએ." બીજા ધર્મોનું ઉતાવળે તોલ કરશો મા. મીનોઇ તથા પવીત્ર ધાર્મીક સત્યોના બધા ધર્મો ભંડારો છે. આપણા ધાર્મીક લખાણોનો નાશ થવાને લીધે, આપણે કઢંગી અવસ્થામાં આવી પડયા છીએ, તેટલા માટે આ પૃથ્વીની સપાટી ઉપરના બીજા સર્વે ધર્મોના પુંજારીઓના કરતાં, આપણે બીજા ધર્મોની વધુ કાળજીભર્યો અભયાસ કરવો જોઇએ. આપણે

ભુલવું ન જોઈએ, કે ખુદાતાલાએ પોતા
ની અનહદ કૃપા બક્ષેસથી, જેઓ જર્થોસ્તી
ધર્મ પાળતા નથી, તેમને પણ પોતાની રાહ
બરી માટેના નીયમોની નવાજેશ કરી છે.
તે નીયમો દર્શાવનાર ધર્મો, જોકે આસ
પાસના જુદા જુદા સંજોગો, વખત તથા
જગા તરફ જોતાં, કાંઈક જુદા પડે છે,
તોપણ તેમાં સમાયલા સઘળા મુળ નીયમો
સાચા છે, અને ઈશ્વર પોતાની તરફ તે
ધર્મો પાળનારાઓને પણ દોરવી લઈ જાય
છે. જે કોઈ સચ્ચાઈની શોધને ખાતર
જીવે છે, તેજ ખરેખર ખ્યાલેસ માણુસ છે.
સામાન ભરવાના કોઠારમાં અને લાઈબ્રે
રીમાં, અને કામકાજવાળા ઉદયોગી શેહે
રમાં, અને એક શાંત ઘોરમાં,
અને એક સાધુની ઝુપડીમાં
અને એક પેગમબરની વહીમાં, એક સ
રખી રીતે, થાકયા વીના, તે ખ્યાલેસ શોધક
પોતાની શોધ ચાલુ રાખે છે.

શ્રી કૃષ્ણ **મક્કમ ભકતી** માટે જે ઉપદેશ
કરે છે, તે અહીયાં આપણને યાદ આવે છે.
"ઓ પાર્થ! તે **સઉથા ઉંચામા ઉંચા**
આત્માને પહોંચવા માટે, **એકલા** તે સાહેબ,
જેનામાં સઘળા જીવો સમાયલા છે, તથા જે
આ (સૃષ્ટિ) માં સઘળે પ્રસરેલો છે, તેની
તરફનો **સ્વસ્થ ભકતાભાવ** જોઈએ."[1]
(ભગવદગીતા ૮, (૨૨)). "હમેશાં મારી
સ્તુતી કરીને હોંસીલા તથા પ્રતીજ્ઞા પાળવામાં
મજબુત રહી, તેઓ (આગળ વધેલા આ
ત્માઓ) મારો નમસ્કાર કરે છે, અને
હંમેશાં અઈકયતા રાખી (યુકત થઈ) ને
ભકતીભાવથી **મારી** આરાધના કરે છે."
"જેઓ ફકત મારીજ સેવા કરે છે, તથા
બીજા કોઈની પણ પુજાનો વીચાર રાખ
તા નથી, તેવા હંમેશાં સંપીલા, યુકત
મનુષ્યોનું, હું સંપુર્ણ તારણ (બચાવ)
કરૂં છું." "જે કોઈ મને એક પાદડું,
એક ફુલ અથવા એક ફળ અથવા ભલે
માત્ર પાણી પણ ખરા ભકતીભાવથી
અર્પણ કરે છે, તે શ્રમ ખેંચતા મા
નવી તરફથી હું તે કબુલ રાખું છું.
કારણ કે તે ખરા ભકતીભાવથી અ
ર્પણ કરવામાં આવયું છે." (ભગવદ
ગીતા ૧૦, (૧૪, ૨૨. અને ૨૬)).
"પણ ફકત **મારી તરફની**
ખરાં દીલની સેવાથીજ હું જાણી અને
દેખાઈ શકું છું, ઓ અરજુન! અને
તેથીજ ઓ પરંતપ! મારાં અરકની પી
છાણ થઈ શકે છે, તથા કોઈ મારી અં
દર દાખલ (આમીઝ) થઈ શકે છે.[2] દરે
કનું સઉથી શ્રેષ્ટ ભલું જે હું છું,
તેને માટે જે પણ સેવા બજાવે છે, તે
મારો ભકત, સર્વે **બંધનમાંથી છુટો**
થઈને, કોઈ પણ જીવ તરફ ધીક્કાર
બતાવયા વીના, મારી પાસે આવે છે,
ઓ પાંડવ! (ભગવદગીતા ૧૧. (૫૪
તથા ૫૫)). અને જે સઘળું નીવારી
મુકીને, ભકતી યોગથી મારી સેવા કરે છે,
તે સર્વે (સાકાર પ્રકૃતીના) ગુણોની હદ
ઓળંગી જઈને, હંમેશગી સાથે જોડાવા
(અમર થવા) માટે લાયક બને છે. કારણ કે
હંમેશગીનું રેહેઠાણ છે, અને
અમરગીનો અવીનાશી, મધુર, અમૃત
પ્યાલો, અસલ વારેની અપોઈ, અને
છેડા વગરનું પરમસુખ, એ સઘળું હું
મારી અંદર ધરાવું છું." (ભગવદ ગીતા
૧૪, (૨૬ અને ૨૭)). "હું જયારે નાશ
વંત (સાકાર બ્રહ્મ)થી ચઢીઆતો છું,
અને દુન્યામાં તેમજ વેદમાં અનાશવંત
(નીરાકાર બ્રહ્મ) કરતાં પણ સરસ છું,
ત્યારે મને શ્રેષ્ટ પરમાત્મા તરીકે જાહેર
કરવામાં આવ્યો છે. જે કોઈ મોહમાયાની
ભ્રાંતીમાં વીંટળાયલું ન હોઈને, મને
સર્વંજ્ઞ, સર્વોત્કૃષ્ટ આત્મા તરીકે પી
છાણી લે છે, તે ઓ ભારત! પોતાના
સઘળા **જીવજાનથી મારા** ભકતી કરે
છે." (ભગવદગીતા ૧૫, (૧૮ અને ૧૯)).

"ભકતીભાવથી તે મારૂં ખરૂં તત્વ
(અરક) પીછાણે છે, કે હું કેણ છું અને શું
છું; એ પ્રમાણે **મારી** પ્રકૃતી **પીછાણ**
વાથી, તુરતજ તે પરમાત્માની અંદર દા
ખલ થાય છે......સઘળાં કાર્યો મન વડે
મને અર્પણ કરી દઈને, **મારી** ઉપર
એક ચીત્ત બનીને, વીવેકના યોગનો આશ્રો
લઈને, હંમેશાં તારો વીચાર મારી ઉપર
ઠેરવ......સઘળા જીવોમાં તે સાહેબ વસે

१ पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया
यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिदं ततम्।

२ भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप।

છે, એ અરજુન! અને તેની મોહક
શકતીથી સઘળા જીવોને કુંભારના ચાક ઉ
પર ચઢાવ્યાં હોય, તે માફક ગોળ ચકકર
(ફેરાએ) ખવાડે છે. તેની આગળ આ
શરો લેવા એ ભારત! જીવ લઇને દોડી
જા. તેની કૃપાથી તને ઉત્તમ **શાંતી,**
જે હુમેશગીનું રહેઠાણ છે, તે મળશે.
(ભગવદ ગીતા ૧૮, (૫૫, ૫૭, ૬૧,
અને ૬૨)).

તે સર્વોત્તમ પરમાત્માનું વર્ણન સુંદર
બોલોમાં ભગવદગીતામાં આપવામાં
આવ્યું છે. તે આ ચોપડીમાં "અહુરમ
ઝદ દોસ્ત, ગુરૂ, પીતા ઇત્યાદી" ઉપર પાન
૩૭ માં લખાણ આવી ગયું છે. તેની સાથે
લઇને અભ્યાસ કરતાં, પરમાત્મા માનભ
ર્યા **ભકતીભાવને ખરો લાયક શું**
કારણસર છે, તેની બરાબર સમજ મળશે.
આ **ગાથાના** ગાયનોમાં તે પાક દાદાર
માટે વારંવાર બોલવામાં આવેલું હોવાથી,
અને તેની સહાયને માટે વારંવાર અરજ
કરવામાં આવેલી હોવાથી, જેટલા પ્રમાણ
માં આપણી મન શકતી પહોંચી શકે, તે
ટલાં પ્રમાણમાં તે દાદારનું જાહેર થએલું
સ્વરૂપ બરાબર સમજવાની જરૂર છે. તે
પોતાને ભગવદગીતામાં હઇયાતીના મુળ,
બળવાન, સર્વજ્ઞ, શરૂઆત વગરનો અને
છેડા વીનાનો, અવીનાશી અને સર્વના દી
લમાં બેઠેલા જગતના સાહેબ તરીકે ઓ
ળખાવે છે. "આખી સૃષ્ટિનું સરજાવા
નું મુળ હું છું, અને તેજ પ્રમાણે તેના
પ્રલય (નાશ)ની જગા પણ મારામાંજ છે.
મારા કરતાં ઉંચું બીજું કોઇજ ન
થી, ઓ ધનંજય! આ સર્વ સૃષ્ટિ જેમ એ
ક દોરીમાં મોતીની હાર પરોવવામાં આવેલી
હોય છે, તે મીસાલ મારી ઉપર પરોવા
યલી છે......ઓ પાર્થ! સઘળા જીવો
ના અમર બીજ તરીકે મને પીછાણવો.
હું તર્કશકતી ધરાવનારાઓનું તર્ક છું.
તથા તેજસ્વી ચીજોનું તેજ હું છું......
(મુળ પ્રકૃતી અને આત્માન) ગુણોથી
નીપજેલી આ મારી મીનોઇ યોગમાયા
ને સમજવું મુશકેલ કાર્ય છે; જેઓ
મારી પાસે આવે છે, તેઓ આ મોહીની
ઓળંગી જાય છે......હું મારી ઉતપન્ન
કરનારી યોગમાયાની શકતીમાં એવી રીતે
વીંટળાયલો છું, કે સઘળાંઓજ કોઇ
મને શોધી કાઢી શકતા નથી! મોહીની
માં ફસેલી આ દુન્યા, મારા જેવા જન્મ ન
પામેલા, અવીનાશીને પીછાણી શકતી નથી.
એકબીજાથી ઉલટા, સામસામા, પ્રતીકુલ
ગુણોની મોહમાયા (જેમકે પ્યાર અને ધી
કકાર, ખુશાલી અને દલગીરી, રોશની અને
અંધકાર, નમ્રતા અને ક્રુરતા, જન્મ તથા
મરણ, બળ તથા નબળાઇ, ડહાપણ અને
અજ્ઞાનતા, ગતી તથા અચલતા) કે જે
ખેંચાણ તેમજ અભાવ (અથવા પ્યાર
અને ધીકકાર)થી ઉત્પન્ન થાય છે, તેમ
નાથી, ઓ ભારત! આ સૃષ્ટિમાં સઘળા જી
વો ભ્રાંતીના મોહમાં, તદન ભોળવાયલા ફ
રે છે, ઓ પરન્તપ!" (ભગવદ ગીતા ૬
(૬,૭,૧૦,૧૬,૨૫, અને ૨૭))." જે અવી
નાશી અને શ્રેષ્ટ છે તે અમર છે. તેના ખરા
જાતી સ્વભાવને સ્વજ્ઞાન (self-know-
ledge) તરીકે ઓળખવામાં આવે છે; જે
કારણથી જીવો જન્મ લઇને પ્રવૃતીમાં આવે
છે, તેને કર્મનું નામ આપવામાં આવ્યું
છે; કુદરતના ભુતો (elements) નું
જ્ઞાન મારો નાશવંત સ્વભાવ રજુ કરે
છે, અને દેવતાઓનું જ્ઞાન જીવનશકતી
બક્ષનારા મારા સ્વભાવનો ખુલાસો આપે
છે; સ્વભોગનું જ્ઞાન મારા શરીર ધાર
ણ કરનાર સ્વભાવનું જ્ઞાન પ્રાપ્ત કરાવે
છે." (ભગવદગીતા ૮ (૩ અને ૪)). "સ
ઘળા જીવો, ઓ કઉન્તેય! દુન્યાના એક
મહામનવન્ત્રની આખેરીએ, મારા નીચ
પ્રકૃતીમાં દાખલ થાય છે; દરેક જમા
નાની શરૂઆતમાં, હુંજ તેમને ફરીથી પ્રવૃ
તીમાં નાંખું છું. કુદરત, કે જે મારી પોતા
ની છે, તેની અંદર છુપાઇને, આ
કુદરતના બળથી લાચાર રીતે ઘસડાતા
અસંખ્ય જીવોને, હું ફરી અને ફરીથી ઉતપન્ન
કરૂં છું." "હુંજ ભાગ છું, હુંજ પરી
ત્યાગ છું; હુંજ પુર્વજોને અપર્ણ કરે
લું શ્રાધ છું; આતશ ઉત્પન્ન કરનાર
જડી બુટ્ટી હુંજ છું; મંત્ર પણ હુંજ
છું; તેમજ (યજ્ઞમાં હોમાવાતું) માખણ
પણ હું છું; હું આતશ છું, તેજ પ્ર
માણે તેમાં હોમાવેલું બળીદાન પણ હું
જ છું; હું સૃષ્ટિનો પીતા, તેમજ માતા,
સૃષ્ટિને ટેકવનાર દાદો, જાણવા લાયક
અશો, બળવાન, વાક (બોલ) હું છું;
અને તે પ્રમાણે રીગ, સામ અને યજુર

(વેદો), માર્ગ, ધણી, સાહેબ, સાક્ષી, રે ઉઠાણ, આશરો, પ્યાર કરનાર, મુળ, મૃત્યું, પાયો, દ્રવ્યનો ભંડાર, તથા અવી નાશી બીજ, એ સઘલું હુંજ છું! હું ગરમી આપું છું; હું ગરમા ખેંચી લઇ ને વરસાદ મોકલું છું; અમર્ગી અને વ ળી મોત, જીવવાળી હસ્તી અને નીસ્તી પણ હુંજ છું; ઓ અરજુના......હું બધાનો ભોગોથી ભોગવનાર અને સાહેબ છું, પણ તેઓ (એટલે માત્ર દેવતાઓને પુંજનારા) મારાં ખરાં અર્કને પીછાનતા નથી, અને તેથી તેઓ ની ચે પડે છે. જેઓ દેવતાઓને પુંજે છે, તેઓ તે દેવતાઓ આગળ (જીવતાં જીવ ત અને મરણ બાદ) જાય છે; જેઓ પો તાના વડવાઓને, (પીતૃઓને) પુંજે છે, તેઓ તેમની ભણી જાય છે; જેઓ ભઉ તીક તત્વો (elements) ની આરાધના કરે છે, તેઓ તેમની આગળ જાય છે; પણ મારા પુંજારીઓ મારી પાસે આ વે છે." (ભગવદ ગીતા ૯.(૭,૮,૧૬ થી ૧૯,૨૪ અને ૨૫)).

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्
असंम्मूठः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ।

એટલે, "માણુસ જાતમાંથી જે કોઇ મો હવી નાનો હોઇને, મને જન્મ લીધા વગરના તેમજ શરૂઆત વીનાના, ખલકતના મોટા માલેક તરીકે પીછાને છે, તે સઘળાં પાપો માંથી મુકત થાય છે." "તર્કશકતી, ડહા પણ, મોહીનીથી રહીતપણું, ક્ષમા, સચ્ચા ઇ, સ્વકાબુ, શાન્ત સ્વભાવ, ખુશાલી, દુ:ખ, હયાતી, નીસ્તી, ધાસ્તી અને વ ળી હીંમત, નીર્દોષપણું, સમતોલપણું, સંતોષ, તપ (austerity) સખાવત, કીર્તી અને નામોશી, એ સઘળા જાત જાતના ગુણો મારામાંથી નીકળ નાર જીવો ધરાવે છે."

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।

इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥

"હું સર્વનો પેદા કરનાર છું; મારામાં થી સઘળું બહાર નીકળે છે; આ પ્રમાણે સમજીને શ્યાણાઓ મારા પ્યારમાં લીન્ન થઇ જઇને મને પુંજે છે."

अहमात्मा गुडाकेश सर्वभूताशयास्थितः
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ।

"સર્વ જીવોના હ્રદયામાં બેઠેલો આત્મા તે હુંજ છું, ઓ ગુડાકેશ! હું શરૂઆત છું, તેમજ હું સઘળા જીવોનો મધ્યભા ગ તથા હું છેડો પણ છું." (ભગવદ ગીતા ૧૦, (૩ થી ૫, ૮ અને ૨૦)).

अर्जुन उवाच ।
पश्यामि देवांस्तव देव देहे सर्वांस्तथा
भूतविशेषसङ्घान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च
दिव्यान् ।

ઇત્યાદી.

"તારા આકારમાં, ઓ (શ્રેષ્ઠ) ખુદા,
નજરે મારી પડે છે (નીચલા)
દેવતા,
સર્વ હસ્તીઓની પંકતીઓ દીસે છે,
ભીન્ન ભીન્ન ચીન્હો સાથે;
બ્રહમ સાહેબ બીરાજે છે તુજમાં,
કમલના આસન માથે;
રીષીઓ સઘળા અને નાગો મીનોઇ
પડે તુજમાં નજર.
છે તુજના મોંઢાં અને આંખો, હાથો
તથા છાતીના અનેક પ્રકાર,
જોઉં છું હું તને હરેક જગા ઉપર
ઓ અનહદ આકાર!
નથી કાંઇ તારી શરૂઆત, મધ્ય છેડો
યા મુળ,
સંપુર્ણ પ્રકારનો અનંત સાહેબ, હું
જોઉં છું બીલકુલ.
ઝળકતો, તેજસ્વી જથ્થો છે વસ્તો
ચોપાસ;
નજર પડે છે, ગદા તેમજ છડી મુગટની
સાથ.
આતશ તેમજ સુર્ય જેવો, પ્રકાશીત,
આપે છે તું આંખને ઝાંખ,
અનહદ આકાશમાં છે તું, સર્વ ઠેકાણે
બીનમાપ.
સર્વ વીચારોથી ઉચ્ચ, અવીનાશી છે તું,
દ્રવ્યનો સર્વોત્તમ ભંડાર, અંતરસ્થ છે તું.
અમર ધર્મનો અચલ રાહબર ગણું તને!
અનાદી કાળનો પુરાતન પુરૂષ વીચારૂં,
હું તને!
નથી મુળ, છે નહીં મધ્યસ્થાન યા
છેડો, ઓ અપાર શકતી!
ધરાવે છે અસંખ્ય હાથો, વળી સુર્ય
ચંદ્ર છે તારી આંખો ચળકતી!

નીહાળું જો તુજનો ચેહરો, છે યાક્તિક
આતશ મીસાલ,
પ્રકાશીત તેની રોશનીની સર્વે દુન્યાઓ
ઉપર પડે છે ઝાળ.
પૃથ્વી તેમજ સ્વર્ગ સર્વ ભર્યાં છે,
તુજથી રે બેશક,
વલી વચ્ચેની વાતાવરણ તુજથીજ
ભરપુર છે લાશક;
તુજના પ્રતાપી બળવાન પ્રકાશીત.
આકાર સામે,
ઓ પ્રાક્રમી પીતા આ ત્રણે દુન્યાઓ
સર ઝુકાવી નમે.
સુરોના ટોળાં થાય છે તુજ અંદર દાખલ,
ધાસ્તીથી જોડી કર કંઇકો આરાધે છે
તારૂં બળ.
ભેગા થએલા માહારૂષીઓ, સીધ્ધો
"સ્વસ્તી", પુકારે સૌ કોઇ,
કીર્તી તારીના વખાણો બુલંદ અવાજે ગાઇ.
રૂદ્રો, વાસુઓ, સાધ્યો, આદીત્યો,
ગાંધરવો, યક્ષ, સાધ્ધો, અસુરો,
નીહાળે છે તુજને સર્વે અજબ થઇ
વખાણે.
અસંખ્ય મુખ તેમજ આંખો સાથનો
તુજ બળવાન આકાર,
હાથો લાંબા તેમજ જાંગો તથા પાયો
અપાર,
પહોળી છાતી તથા ઘણુંક ભયંકર
દાંતો વાળો,
હું તથા દુન્યાઓ સઘળી નીરખે તુને
ત્રાસ ઉપજાવનારો.
ઝમક આપી તું પહોંચે છે આકાશને;
છે તું રંગીન કમાનદાર.
ખુલ્લાં મોઢાં તેમજ ઝળકતી,
જબરી, આંખો તુજ પ્રકાશે છે સુંદર.
આત્મા મારો અંતરથી ધ્રુજે એ
તારો પ્રગટ થયેલો આકાર નીહાળી,
બળ તેમજ શાન્તી મારી, વીષ્ણું
જાય કરમાંઇ સુકાઇ.
ખુલ્લાં તારાં જડબામાં ઉભા દાંતો
હું જોઉં,
દાંતો તે વખતના નાશકારક
ભડકા મીસાલ જોઉં.
નથી હું કાંઇ જાણતો, જાઉં ક્યાં
શોધું આશરો,
દયા કર ઓ ઇશ! સઘળી દુન્યાઓનો
આધાર ખરો...
હર જગાએ, બળતી જબાન સાથે,
સમાવી સર્વસ્વ,
હરાવે છે તું યુધ્ધમાં, મનુષ્ય માત્રને
ગળી જઇ સર્વ;
ભરે સઘળી જગયા તારી કીર્તી બે
શુમાર, ઓ સત,
બળે તારાં બળતાં તેજસ્વી કીરણોથી,
વીષ્ણું, આ જગત."

(ભગવત ગીતા ૧૧, (૧૫ ઇત્યાદી,)).

"સુર્યમાંથી નીકળતો જે પ્રકાશ આખી દુન્યાને અજવાળું આપે છે, તથા જે ચળકાટ ચાંદ તથા આતશમાં છે, તે મારામાંથીજ નીકળે છે, એમ જાણ! જમીનની અંદર પ્રસરી જઇને, મારી જીવનશક્તીનાં બળથી, હું સર્વે જીવોને ટેકવી રાખું છું, અને મધુર સોમ થઇને સઘળાં ઝાડોનું હું પોષણ કરૂં છું. હું જીવનશક્તીનો આતશ હોવાને લીધે, શ્વાસ લેતી સઘળી વસ્તુઓનાં શરીરોને મારા હવાલામાં લઉં છું, અને જીંદગીના શ્વાસો સાથે મળી જઇને, ચાર જાતના ખોરાકો હું પચાવું છું. અને દરેકનાં હૈયામાં હું બેઠેલો છું અને મારામાંથીજ યાદદાસ્ત શકતી, ડહાપણ તેમજ એમની ગેરહાજરી (નીકળે) છે. અને સઘળા વેદોમાં જે જાણવાનું છે તે હુંજ છું, અને હું ખરેખર વેદ જાણનાર (છું) અને વેદાન્તનો કર્તા છું." (ભગવદગીતા ૧૫, (૧૨ થી ૧૫)).

આબાસ ઇફેન્ડી, બાબી અથવા બાહાઇ હીલચાલનો વડો, પ્રભુ તરફના માન ભર્યા પ્યાર માટે બોલતાં કહે છે, કે "પ્યાર શીવાયનું સઘળું ફક્ત અર્થ વગરના ખાલી બોલો સમાન છે." એના સંબંધમાં તે ફરીદુદીન અત્તારના બોલો તરફ પ્રસંશા બતાવી તે ટાંકે છે કેઃ—"એક અધર્મી ભલે નાસ્તીક થાય, અને યકીનવાળો ભલે ધર્મચુસ્ત બને; પણ તારા પ્યારની અંદર, દુઃખની એક રજકણ વટીક, અત્તારનાં જીગરને માટે બસ છે." "પ્યારનું મોટું મગરમચ્છ, તર્કશકતીવાળા ભલા ભલા વીદવાનોને ગળી જાય છે (માહાત કરે છે), અને જ્ઞાનીઓનો નાશ કરે છે. તે સાતે દરીયાએ ગટાવી જાય છે, અને તોપણ તેની તૃષ્ણા છીપાતી નથી, અને તે હજીબી વધુ અને વધુ પાણી માંગે છે; અને પ્રશ્ન કરે છે;

કે "હજી કાંઇક વધુ છે ?" " ઓ રોશનીના બાળક ! **મારા** શીવાય સઘળું ભુલી જા, અને મારા **પરમાત્માથી** સુખી થા, **મારાં** ફરમાનનો આજ સાર છે એમ સમજ; અને તેટલા માટે તે પ્રમાણે અમલ કર ! જો તું **મને** ચાહતો હોય, તો તારો પોતાનો વીચાર કર મા; જો તું **મારી મરજી** પ્રમાણે ચાલવા ઇચ્છતો હોય, તો તારી મરજીની પરવા ના કર; કે જેથી કરીને **મારી** અંદર તારૂં મોત આવે (તું સમાઇ જાય), અને હું તારામાં જીવું.

"મારો પ્યાર તારામાં છે. મને પહોંચવાનો યત્ન કરશે, તો તું **મને** તારી નજદીકજ જોશે......**મારા** શીવાય બીજાની શોધમાં તું શા કારણસર ફરે છે? પ્યારના હથીઆર વડે મટટી, ઠોકી ઠાકીને મેં તને ઘડી કાઢયો છે! **મારા** ચેહરા સનમુખ જો, અને **મારા** શીવાય બીજાં બધાં તરફ પીઠ ફેરવ; કારણ કે મારી સત્તા અવીનાશી છે અને તે કદી પણ ખતમ થશે નહી; મારૂં રાજ્ય અમર છે અને તે કદી ઉંધુ વળશે નહી... મારૂં તખ્ત હઇયાતીઓના મંદીરનું બનેલું છે, તેની અંદરથી સઘળી મલીનતા કાઢી તેને સ્વચ્છ બનાવ, કે જેથી તેની ઉપર રાજ્ય અમલ કરવાને હું તેમાં ઉતરૂં......તારૂં અંતકરણ મારૂં રેહઠાણુ છે; તેની અંદર હું ઉતરૂં તેટલા સારૂ તેને પાક તથા ચોખ્ખું કર! તારો આત્મા મને જોવા માટેના ચીત્ર સમાન છે; તેમાં હું પ્રગટ થાઉં તે માટે, તેને તૈયાર કર......**મારી** સુંદરતા શીવાય બીજાં સઘળાં તરફ આંખ વીંચેલી રાખ; **મારા બોલ** શીવાય બીજા બધા બોલો તરફ કાન બંધ કર; **મારાં જ્ઞાન શીવાય બીજાં સર્વ જ્ઞાન** વીષે તું અજ્ઞાન રહેજે. એ પ્રમાણે કરવાથી તું **મારી પવીત્ર** હાજરીમાં પાક નજર, તીક્ષ્ણ કાન, અને સાફ મન સાથે દાખલ થઇ શકશે......શું કોઇબી દીવસ તેં એવું સાંભળયું છે, કે એક (સ્વચ્છ) પ્રીયા તથા એક (અપવીત્ર) અજાણ્યું ત્રાહીત માણુસ, એકજ દીલમાં સાથે વસી શકે ? તેટલા માટે પેલાં ત્રાહીત માનવીને હાંકી કાઢ, તો **તારી પ્રીયા** પોતાના **ઘરમા** (તારાં જીગરમાં) દાખલ થાય. જો તું મને મેળવવા ચાહતો હોય, તો **મારા** શીવાય બીજાં કોઇની ઇચ્છા કરતો ના. જો તું **મારી સુંદરતા** માંગતો હોય, તો દુન્યાના લોકો ઉપરથી તારી નજર ખીસાડ; કારણ કે **મારી** ઇચ્છા અને બીજાં કોઇની ઇચ્છા વચ્ચે આતશ તથા પાણી જેટલો તફાવત છે, કે જે બન્ને એકજ મન અને એકજ દીલમાં સમાઇ શકતાં નથી......**એકત્વનો** પ્યાલો આપનારના હાથમાંથી અમર પ્યાલો તું ઉઠાવ, કે તેથી તને સર્વ જ્ઞાનનું પ્રબોધન થાય અને **સત્યતાનો** ધીમો અવાજ તારે કાને પડે. ઓ નાલાયકો! જવાબ દો કે શા માટે તમે મારા અમર, પવીત્ર દારૂ તરફ પીઠ ફેરવીને, નાશવંત પાણી માટે પસંદગી દેખાડો છો ?"........અઇકયતાનો ખરો અર્થ અબદુલ બહા આબાસ આ પ્રમાણે કરે છે, " કે ખુદા **એકલાનેજ** સૃષ્ટીની એકપુરી **શકતી** તરીકે ગણવો જોઇએ, કે જે સઘળી ચીજોને જીવ આપે છે, અને તેમની ઉપર **હુકુમત** કરે છે, અને જે સઘલી ચીજો તેનીજ શકતીમાંથી નીપજી છે. (આ પુસ્તકમાં બીજે ઠેકાણે આ વીચારને આપણે ખરૂં જગદીશ્વર મતવાદ નામ આપ્યું છે. તમે તેને ઇશ્વરવાદ પણ કહી શકશો).

ગાથાના ઉપલા ફકરામાં મુકાયો છે તેટલાજ ભારથી, સર્વોત્તમ ઈશ્વરની આરાધના કરવા માટે ઇજીપ્શીઅન ધર્મ પણ ફરમાવે છે. ઇજીપશીઅન ધર્મના અભ્યાસથી, વાંચનારની ખાતરી થાય છે, કે "ઇજીપશીયનો (પણ) **એકજ ખુદામાં** માનતા હતા, તેને તેઓ આત્મભુ, અમ્મર, અનદીઠ, અવીનાશી, સર્વવ્યાપક, માહાપ્રતાપી, અને ગુઢ (સમજી ન શકાય એવો) ગણતા હતા: બહેશ્ત તેમજ આ દુનયાનો તથા અમરગીનો તે બનાવનાર છે, એમ તેઓ માનતા હતા. આકાશ તેમજ દરીઓ, નરનારીઓ, જાનવરો તેમજ પક્ષીઓ, માછલી તથા બારીક જીવડાઓ, ઝાડો અને છોડવાઓ, તથા નીરાકાર જીવો જેઓ તેનું કામ તથા ઇચ્છા બજાવનારા દુતો છે, એ સઘળાંઓનો તે પેદા કરનાર છે, એમ તેઓ કબુલતા હતા......ઇજીપશીયનોના કહેવા પ્રમાણે ખુદા એકલોજ છે અને '**એકજ** છે, અને **તેના**

સાથે બીજો કોઇ પણ હઇયાતી ધરાવતો નથી; ખુદા એકુજ છે, અને તેણેજ સઘળી વસ્તુઓ બનાવી છે. ખુદા એક આત્મા છે, તે સર્વે આત્માઓમાં પવીત્રાત્મા અને ઇજીપશીયનોનો મોટો મીનોઇ આત્મા છે......ઇશ્વર સર્વે આરંભોનો પીતા છે. ખુદા અમર આત્મા છે, તે અમર તેમજ અનહદ છે, અને તે હંમેશાં ટકી રહેશે; તે અસંખ્ય યુગો થયાં ચાલુ નીભેલો છે, અને હંમેશગી સુધી તે નીભશે......પરમેશ્વર સત્ય છે, અને તે સત્ય ઉપરજ જીવે છે તથા સત્યજ તેનો ખોરાક છે. તે સત્યતાનો રાજા છે, સત્યતા ઉપર તેનો આધાર છે, તે સત્યતા ઘડે છે અને સૃષ્ટીમાં બજા લાવે છે......ખુદા માતપીતા તથા મોટો બાપ અને મોટી મા છે, તે ઉત્પન્ન કરે છે અને જન્મ આપે છે, પણ તેને કોઇ ઉત્પન્ન કરી શકતું નથી. દેવોનો તે બાપ છે અને દેવતાઓના પીતાનો પીતા છે, તેણે પોતાનો અવાજ (નાદ, લોગોસ,) કાઢયો, અને દેવતાઓ હઇયાતીમાં આવયા.......પરમેશ્વરને જેઓ માન આપે છે તેમની તરફ તે દયા બતાવે છે, તથા તેની પાસે જે કોઇ જાય છે તેની અરજ તે સાંભળે છે. જોરાવર સામે નબલાનો તે બચાવ કરે છે, અને જે બંધમાં પડેલો હોય છે, તેની અરજો તે સાંભળે છે; બળવાન તથા નબળાં વચ્ચે તે અદલ ઇન્સાફ આપે છે. જે ઇશ્વરને પીછાને છે, તેને ઇશ્વર પણ પીછાને છે; જે તેની સવા બજાવે છે, તેને તે સારો બદલો આપે છે; તથા જે તેની પુઠ ચાલે છે, તેનું તે રક્ષણ કરે છે.[1] ”

---

૧. ઇ. એ. વોલીસ બડજ M. A. Litt. D. D. Lit. ની કીતાબ નામે “ઇજીપશ્યન ધર્મ.” અસલી ઇજીપશીયન તથા જરથોસ્તી ધર્મોનો, ખ્રીસ્તી પાદરીઓએ દેખીતો છુટથી લાભ લીધેલો લાગે છે, કારણ કે તેમનામાંની અનેક બીનાઓ, તથા વીચારો, બોલો અને ફરમાનો ખ્રીસ્તી ધર્મ તરીકે પસાર થાય છે. નીષ્પક્ષપાતી અભ્યાસીઓની નજરે જોતાં ખ્રીસ્તી ધર્મ તે અસલી ધર્મોની નકલ જેવોજ મોટે ભાગે દેખાય છે.

૮. તાલસુરવાળાં, સારી પેઠે જાણીતાં થયલાં, મારાં અંતઃકરણનો સઘળો ઉભરો પ્રગટ કરનારાં ગીતોથી, બેઉ હાથો ઉંચા કરીને, ઓ મઝદા! હું તને પહોંચું. અષોઇની મારફતે અને ક્રીયાકામોના બળીદાનોની મારફતે તથા પવીત્ર મનની મારફતે, હું તુંને પોતાને ખરેખર પહોંચું.

અહુરને પહોંચવાની મહત્વેચ્છાઓ.

વીવેચન: સુફીઓ જેમની રીતભાતો તરફ આપણે બેદરકાર અને તીરસ્કારની નજર ફેંકીએ છીએ, તેમની તરફ મીત્રભાવ બતાવવામાં હજુર કાંઇ અડચણ છે વારૂં? પ્યારથી થલથલ ભરપુર એક દીલ, પોતાની પ્રીયાનીજ યાદ કર્યા કરે છે; દરેક ઠેકાણે તે તેણીનીજ શોધમાં ફરે છે, તેણીનેજ જુએ છે, તથા તેણીનેજ આવકાર આપે છે; તેણીનાજ વખાણો ગાયા કરે છે. ક્રીયાઓમાં અર્પણ કરવામાં આવતાં બળીદાનો કે જેમની સામે હાલના દીવસોમાં અજ્ઞાનપણાને લીધે ઘણું બોલાય છે, તેમને ઉપલા ફકરામાં અહુરમઝદને પોતાને પહોંચવાના એક પગથીઆં તરીકે જાહેર કરવામાં આવે છે. આ અગત્યના ફકરામાં, ક્રીયાકામોને જે મોટી પદવી આપવામાં આવી છે, તે જોઇને ભલે આળસુઓ અને અધર્મીઓ, અને ભાનભુલેલાઓ ફીકકા પડે; ખુદા કરેને તેઓ હજુ પણ પોતાની ભુલ જોય અને તે સુધારવાની હીંમત બતાવે! ખરેખર તે સાહેબે જે શીક્ષણ આપણુને આપ્યું છે તે જોકે તદન પુરતું છે, તોપણ આપણે તેનો તુચછકાર કરીએ છીએ, અને તેને આપણા તરફ અપાર કૃપા અને મહેર બતાવીને જે આપણુને આપ્યું નથી, તે આપણે માંગીએ છીએ. બીચરના સખત બોલો અત્રે આપણે યાદ કરીશું. જે શખ્સ “એક આખું અઠવાડયું સ્વાર્થી કામોમાં ગુજારે, અને એક આતવારનો આખો દીવસ ધાર્મીક કામોમાં વાપરે, તો તે એક ખરો ઢોંગી અને કંગાલ અધમ ખ્રીસ્તી ગણાય; ઘણાક ખ્રીસ્તી લોકો એવા છે, કે જેઓ એમ ધારે છે, કે આતવારની બંદગીનો દીવસ, અ

હવાડયાંના સઘળાં પાપોને ધોઇ કાઢવા માટે બસ છે !"

૯. ઓ અહુર (હું) તારા ભજનો ગાનાર, તે કીર્તનોથી, તેમજ અશોઇથી, તથા પવીત્ર મનના કાર્યોથી, તને પહોંચુ ! જે ઈચ્છાને મેં અષોઇથી મનમાં રાખી છે તેને હું વળગી રહું છું, માટે એક ખરાં ડહાપણ ધરાવનાર માણસની માફક, હું પણ તને ઢુંડનાર થાવું અને તાબેદારીથી (તારી) આજુજીભરી પ્રાર્થના કરૂં !

અહુરને શોધનાર.

વીવેચન: અહુર તરફનો માર્ગ અત્રે દેખાડવામાં આવયો છે. અહીઆં ચંચળ ગણાતા જીદદી લોકોની જાણને માટે, ખરેખરાં ડહાપણવાળા પુરૂષના મહત્વેચ્છા શું હોવી જોઇએ, તે સમજાવવામાં આવયું છે. સૌથા પવીત્રમાં પવીત્રની શોધમાં જવું, અને તેમ કરતા સંસારી તેમજ લૌકીક બાબદમાં, કુદરતના નીયમોને ગરીબાઇથી નમવું, એ એક અનુભવથી મેળવેલો બોધ છે, કે જે બીનઅનુભવીઓને સમજ પડતો નથી. જ્ઞાનની રોશનીથી પ્રકાશીત થયલાં ભેજાંઓ સારી રીતે જાણે છે, કે સૃષ્ટીમાં જે પણ બને છે, તે વાજબી છે, અને ઇનસાફની રાહે બને છે, તથા તે યથાયોગ્ય હોવા ઉપરાંત આપણને મદદગાર થઇ પડે છે. વળી તે બળવાન રક્ષકો, જેમને તે સર્વમાં પ્રાચીન પીતામહે ઇનસાફનું ત્રાજવું તથા દયાના અમૃતનો ઝરો સોંપેલો છે, તેમની સંમતી, માહીતી અને ટેકા વીનાં, કોઇપણ ચીજ બનવા પામતી નથી.

૧૦. જેબી કાર્યો હું તેઓ (બંદગી, અષોઇ, અને પાક મકસદ અને કામો)ની મારફતે એકેક પછી કરૂં, તે પવીત્ર મનને લીધે, લોકોની નજરમાં માનને લાયક લેખાશે.

ઓ ! પવીત્ર અહુર! તારાઓ, સુર્ય, તથા બામદાદ એ સર્વે તારી કીર્તીને ખાતરજ ફરે છે.

મનની પવાત્રાઇ. અહુરની કીર્તિનાં ગાવામાં આવતાં ગીતો.

વીવેચન: એ ફકરાનો પહેલો ભાગ અશોઇના મુળ હેતુની અગત્યતા જાહેર કરે છે. બીજી એ અગત્યની બાબદની નોંધ લેવામાં આવે છે, કે આકાશમાં જે અસંખ્ય, મોટાં ગ્રહમંડળો ફેરાઓ ફરે છે, તે ફકત અહુરની કીર્તિની સાબેતી છે.

૧૧. ઓ મઝદ! અશોઇની મારફતે, જયાંસુધી હું બળ તથા સત્તા ધરાવું, ત્યાંસુધી તારી વખાણોનો ગાનાર તરીકે, જેમ પેહલાથી હું ઓળખાતો આવયો છું, તેમ ઓલખાઉં

નેકીના કામો કરનારાઓની ઇચ્છા, કે જે ઉંચમા ઉંચ તબકકાવાળી હોય છે, તે સૃષ્ટીનો પેદા કરનાર તેમના અશો મનને લીધે પુરી પાડે છે.

વખાણુ. મીનોઇ વચન.

વીવેચન: અત્રે કબુલાત આપવામા આવે છે, કે જેઓને ખરો ભકતાભાવ અને પાક ઉમેદો હોય છે, તેઓ છેવટે પોતાની નેમને પહોંચે છે. કારણ કે કુદરતી નીયમજ એવો છે. બીશપ હોલ બરાબર કહે છે કે "આપણા પોતાનાજ હાથો શીવાય આપણો બીજો કોઈબી દુસ્મન નથી. જો આપણી પોતાની મલીનતા આપણને ફસાવે નહીં, તો શયતાન આપણને કોઈ પણ રીતે હરકત કરી શકે નહીં; આપણે જો નાસબર નહીં બની જઇએ, તો સંકટો આપણને કાંઇ પણ ઇજા કરી શકશે નહીં."

વોહુક્ષત્ર ગાથા.

યસ્ન ૫૧.

ઓ! પવીત્ર ગાથાઓ તમારી સ્તુતી થાઓ!

૧. **ભલી સત્તા** કે જે ઘણી સહાય કારક છે, તેમજ યોગ્ય દોલત સમાન છે, તે નેકી અને અશોઇભર્યાં કામોથી, આ બાદી અને સુખ ફેલાવે છે.

ઓ! મઝદ! હવે અમારે માટે જે ઉત્તમ હોય, તે અમે કરીએ!

વીવેચનઃ જે સત્તા અશો લોકોથી સારી રીતે વાપરવામાં આવે છે, તેનેથી શું આશીરવાદો નીપજે છે, તે અત્રે દરશાવેલા આપણે જોઇએ છીએ.

ભલી સત્તા.

ક્રાઇસ્ટે એવું ફરમાન આપ્યું હતું કે, જેમને શીર વધુ જોખમદારી હોય, તેઓને વધુ બોજો ઉપાડવાનો છે. "અને સાહેબનો જે ખીદમતગાર તેની મરજી જાણવા છતાં (તે પ્રમાણે ચાલવાને) પોતે તૈયાર ન થયો હોય, અથવા તો તેની મરજી પ્રમાણે કરતો ન હોય, તેને ઘણા ફટકાઓનો માર પડશે. પણ સાહેબની મરજી જે જાણતો નહી હોય, અને ફટકાને લાયકના કામો જો તે બજાવે, તો તેને (ફક્ત) થોડાજ ફટકાનો માર પડશે. કારણ કે જેને ઘણું આપવામાં આવ્યું છે, તેની પાસેથી ઘણું માંગવામાં આવશે; અને જેને લોકોએ ઘણી ચીજો સોંપી હશે, તેની પાસેથી ઘણું માંગવાનો તેમને હક રહેશે." કારણ કે હું તમને કહું છું, "કે દરેક જણ જેની પાસે તે (કૃપા, મદદ, વીગેરે સારી રીતે વપરાયલી) છે તેને તે આપવામાં આવશે; અને જે તે ધરાવતો નથી, તે માણસ જેટલુંબી ધરાવતો હશે, તેટલું પણ તેની પાસેથી ખુંચવી લેવામાં આવશે." (સેંટ લ્યુક ૧૨. (૪૭ અને ૪૮), ૧૯. (૨૬)).

આ ફકરાની છેવટે એવી પણ બંદગી કરવામાં આવે છે, કે આપણે માટેની તેમજ જરથુસ્ત્રને માટેની મઝદની મરજી (the Lord's will) ની આડે, કોઇ પણ મનુષ્યની મરજી આવે નહીં, અને આપણો જન્મવાનો હેતુ બરાબર બજા લાવવામાં આવે! જે શખ્સને, પોતાને લાયકની જીંદગી અને કાર્યને પડતાં મુકીને, ફક્ત દુન્યાઇ હઇયાતીની જરૂરીઆતો પુરી પાડવા માટેજ શ્રમ લેવાની ફરજ પડે છે, તેની હંમેશની એજ ફરીઆદ હોય છે, કે તેની કારકીરદી જુદી થવી જોઇતી હતી. આ ફકરાની આખેરમાં દર્શાવેલી ઇચ્છાનો એવો પણ અર્થ થઇ શકે, કે ઇશ્વર સાથનો મેલાપ કરવા માટે સઘળા દુન્યાઇ ખયાલો તથા કલ્પનાઓથી ભણનારનું મન મોકળું બને!

૨. અશોઇને માટે, ઓ મઝદ અહુર! હું તને પહેલી પદવી ધરાવનાર સમજું છું, અને તને પણ તેજ મીસાલ ગણું છું, ઓ (સ્પેન્ત) આરમઇતી! મારી ઉમેદો પાર ઉતાર; પવીત્ર મનથી બંદગીઓ કરવાના લાભોનો બદલો અમને બક્ષ!

વીવેચનઃ જયારે નેમો પાક હોય છે, એટલે કે નીશ્સ્વાર્થી હોય છે, ત્યારે બંદગી એવી રૂપની હોય છે, કે મુખ્ય કરીને સઘળાં દુઃખી અને આફતમાં આવી પડેલાંઓ ઉપર, અહુરની રેહેમદીલીના આશીરવાદો માંગે છે. ખરી બંદગી સઘળાંને મનની શાંતી, આબાદી, અને પ્રકટીકરણમાં વૃદ્ધિ તથા ભલાંઓને બહોળી સત્તા ઇચ્છવામાં સમાયલી છે.

મઝદ અહુર અને આરમઇતી, મહત્વેચ્છા પુરી પાડનારાઓ છે.

જરથુસ્ત્રની તેમજ દરેક જરથોસ્તીની બંદગી, હંમેશાં આજ રૂપ ઉપર રચાવી જોઇએ! આપણા પોતાના કાંઇક લાભોની માંગણી કરવી, એ એક જાતનું મઝદ સાથે સાટું કરવા સમાન છે, જે તદન જડવાદી હોવા સાથે, બંદગીને અતી નીચ તબકકા ઉપર ઉતારી પાડે છે. કારણ કે શું આપણે એટલું પુરતું ધરાવતા નથી, કે જે માટે તે હકતાલાની વખાણ ગાઇ, તેના હંમેશા આભારી રહીએ?

લોર્ડ જીસસને માટે એવું કહેવાયલું છે, કે "તે દેવળમાં ગયો અને જેઓ ત્યાં વેચાણો કરતા હતા તેમને બહાર કાઢવા લાગયો, તથા જેઓ ખરીદી કરતા હતા તેમને પણ બહાર હાંકી મુકયા; તથા તેમને

આ પ્રમાણે કહયું, કે પવીત્ર લખાણોમાં એવું જણાવેલું છે, કે **મારૂં** (ઇશ્વરનું) ઘર **બંદગીનું** ધામ છે. પણ **તમે** તેને (ધંધા મારફતે)[1] ચોરી અને લુટફાટનું રહેઠાણ બનાવ્યું છે. અને તે રોજ દેવળ માં બોધ આપતો. પણ યાહુદીઓના વડા પાદરીઓ અને લેખકો, અને લોકોના મુખીઓ (આ હીમ્મતથી બોધ પળાવ વાની તેની જબરીને લીધે) તેની ખરાબી કરવા ચાહતા હતા, અને શું કરવું તે તેમને સુઝતું ન હતું. કારણ કે **સઘળા** લોકો તે (ક્રાઇસ્ટ) ને **ઘણાજ ધ્યાનથી** સાંભળતા હતા." (સેંટ લ્યુક ૧૯ (૪૫થી૪૮)). એ પ્રમાણે લોર્ડ જીસસે બંદગી અને દેવળની મારફતે જેઓ દુન્યાઇ નફો શોધતા હતા, તેમને ચોખા ઇનસાફની રૂએ, હાંકી કાઢયા. એમ કરવાને ભારી કારણ હતું, સબબ કે એવી બંદગી કરનારાઓ ખુદ પોતે પાદરીઓ હતા, જેઓએ તો લોકોના અધ્યાત્મિક (spiritual) રાહબર થવુ જોઇતું હતું!

૩. જેઓ **કામોથી, અશોઇથી,** (સાચી) **જબાંનથી,** અને **પવીત્ર મન ની બંદગીથી** ઓ અહુર! **તને** પોતાનો **વડો** ગણે છે, (અને) જેમનો તું ઓ મઝદ! પહેલો પ્રકાશ આપનાર છે, તેઓ પોતાની કીર્તીને લીધે **તારી** અંદર **આમેઝ થઇ** જશે.

સયતા. મઝદમાં આમીજ થનાર.

વીવેચનઃ અહુરને અગમ્ય તરીકે નહીં પણ આપણા રાહબર તરીકે પીછાણવામાં આવે છે. એક વડો તેના ચેલાઓનીજ જાતનો હોવો જોઇએ. તેટલા માટે માનવીજાત પણ ખુદાતાલાનીજ જાતની છે. ત્યારબાદ, આ બાબદ તદન સ્પષ્ટ કરવા માટે, એવી કબુલાત આપવામાં આવી છે, કે જે પ્રતાપી જીવોએ, અહુરની સાથે **પોતાની** મરજી એકત્ર કરી છે, તેઓ મઝદની અંદર આમીજ થઇ જશે! "અત્રેની આપણી હઇયાતીનો અંત એજ છે, કે આપણે વધુ અને વધુ દઇવીક બનીએ; અને દુન્યાની અંદર વધુ ઉદાર તથા હીંમતવાન થવાથી આપણે તેવા થઇશું; અને આપણને કાંઇ ફકત મોજમજાહ કરવા, ભોગો ભોગવવાજ નહીં, પણ બળવાન અને ઉમદા ખવાસના બનવા માટે, આ ભુમી ઉપર મોકલવામાં આવ્યા છે," એવું બ્લીચરનું કહેવું છે. બીજો લેખક આપણને આ પ્રમાણે સલાહ આપે છે, કે "તમારાં દરરોજનાં કામકાજમાં ખુદાને ખેંચી લઇ આવવાની તજવીજ કરો; તે માટે **તેની** સલ્લાહ લઓ; **તેના** સેવામાં તે (કામ) અર્પણ કરો, તેમાં **તેની** મદદ માંગો; માણુસજાતને માટે નહીં, પણ તે સાહેબને માટેજ તે બજાવો; તમને લોભ લાલચોનું ખેંચાણ થાય, તે વેળા એ **તેની** સહાયતા માંગો."

સત્ય બોલવાની અગત્યતા બાબે, સત્યકામની અતી સુંદર કથા, જે ભકતોના મન હરી લે છે, તે અત્રે આપણે ટાંકીશું:–

સત્યકામ, હતો જે સચ્ચાઇનો ભંડાર,
ગરીબ જબાલાએ જેને દીધો અવતાર,
ઇચ્છા થઇ તેની મેળવવાને જ્ઞાન,
ભેદો છુપા તેમજ શ્રેષ્ટાઇનું ભાન.
ગયો તે એક દીવસ પુછવા મા પાસ,
ખબર કાઢી બાપીકા નામ વીષે ખાસ.
"મા હું છું કાલજીમંદ, કહીદે ભરમ,
કયાંથી આવ્યો હું, કઇ મારી તોખમ?"
આડે રસ્તે ચુકેલી ગરીબ જબાલા તે બાઇ
નીચું જોયું શરમથી પણ જાળવી
સચ્ચાઇ.

"પાપી હું બની ને ભમી હરદમ,
જુવાનીમાં આપ્યો મેં તને જન્મ;
નથી હું જાણુતી તારા બાપનું નામ,
નથી મને ખબર તારી તોખમ નીશાન.
દેજે માતાના આડ નામની ઓળખ,
પાપી રસ્તે ભુલેલાં જીગરના હે! બાળક."
અહેવાલ તે સાંભળી શરમથી થઇ
પરેશાન,

ગઉતામાં પાસે ગયો તે જુવાન.
"હું છું એક ઉત્સાહી ચેલો, મારા બાપા!
ઇચ્છા છે મારી આત્મજ્ઞાન મુજને
આપ."

---

૧. દેવળોમાં અર્પણ કરવાની વસ્તુઓ, કબુતરો ઇત્યાદી વેચવાનો હલકો પેશો કરવામાં ધર્મગુરૂઓ ગુટાયલા હતા.

માયાથી ગઉતમાએ દીધો આવકાર,
પુછયો તે ચેલાને કયાંથી આવ્યો તેનો સાર.
"કેહ મને તુજનું તોખમ ખાનદાન,
કેહ મને તુંજનું નામ ને નીશાન!"
સત્યકામ, હતો જેને સચ્ચાઇનો પ્રેમ,
શરમાયો પણ સત્ય તે બોલ્યો એમ,
"માતા મારી ભટકનીએ કીધાં પાપો,
જુવાનીમાં તેણીએ જન્મ મને આપ્યો.
નથી હું જાણતો બાપ મારો કોણ,
ગુમ છે ઓલાદ અને ખાનદાની
ઓળખાણ.
ગરીબ જબાલા છે મારી માત,
અને મારૂં પણ નામ રાખ્યો જબાલા,
હે તાત!"
અટકાવી તે જવાનને રૂષી તે બોલ્યો,
"સબર દોસ્ત વફાદાર, સર્વ ભરમ
તેં ખોલ્યો,
લાયક તું છે થવા બ્રાહ્મણ એક,
જે હીંમતથી ઉચરે છે સચ્ચાઇનો
બોલ હરેક.
પવીત્ર બળતણ તું લાવ મારી પાસ,
શીખવીશ હું ઉત્તમ પાઠો તને ખાસ.
બતાવીશ તુંને સર્વે પાક કલમો અસલી,
કારણ તારી વાણીમાં નથી જુઠો
બોલ નકલી!"
સત્યકામ ચોપાસથી બળતણ લાવ્યો,
હીંમત અને જુવાનીના જોમમાં આવ્યો.
ગુરૂના ઢોરોની સંભાળ લેતો,
ગુરૂની સેવામાં તે ખડો રેહતો.
ખેતર અને જંગલમાં ફરતો તે જેમ,
વીચારમાં ગરક તેનું દીલ થતું તેમ.
કુદરત તેના આતુર મનને આપતી રાહત,
દેતી સહાયભરી રોશનીને નીગેહ
બાનીનો હાથ.
મેળવતો રોશની ઢોરો પાસે,
જેમની કરતો પાસબાની તે સાબુત,
હતા જેમાં ગોધાઓ પુષ્ટ
અને મજબુત,
મેળવતો તે રોશની,
ફેલાતો જયારે રાતનો અંધકાર,
જોઈને રાતની સગડીનો ઝળકતો અંગાર,
જોઇને ઝળકતું અને સુંદર
રાજહંસ જયારે,
ઉડતું આકાશમાં તે ઉલટમંદ ત્યારે;
જોઇને જળ કુકડી જેનો મનોહર દેખાવ,
સજી સુંદર રંગો,
અને દમામદાર પીછાંનો ભરાવ
નીહાળતાં, તુરંગો
ઉડતા તેના મનની અંદર
બેસતો જયારે એકલો તે કોઇ દોસ્ત વગર
સળગાવતો જયારે સાંજનો તે આતશ
ઢોરો સઘળાંને તે કરતો એકદસ્ત
નીહાળતાં ઉંચ તેમજ નીચ સર્વે
વસ્તુની માંહે
સમાયલો કાંઇક ભેદ તે જુવાન્યાને
જાહેર થાય!
છેવટે નીહાળતાં મીનોઇ રોશનીનો તાપ
પડયો તેના કપાળપર
સચ્ચાઇનો છાપ.
આવ્યો તે નઝદીક રૂષી ગઉતામા નાથ,
હર્ષીત અને પ્રકાશીત ચેહેરાની સાથ.
સત્યતા પાક અને પવીત્ર ડહાપણ,
લાવે છે હંમેશ આનંદને
દયાનો સદગુણ.
"જો! ચમકે છે[1] રોશની
તારા શીરના ઉપર,
બ્રાહ્મનું તેં શું પીછાણ્યું છે છત્તર!
ફકત જેઓ પીછાણે તે
સચ્ચાઇનો સ્થંભ,
તેઓનેજ આવે એવો અંતરની
ખુશાલીનો રંગ!
મીઠાશથી દીધો તે જુવાને જવાબ,
"ભેદ તે ખોલવા મેં કોશેશ કીધી, બાબ.
માનવીને છોડીને ગયો કુદરતની પાસ,
શ્રેષ્ટ સચ્ચાઇનું મુળ જયાંથી
મેળવ્યું ખાસ.
અનંત આકાશના નીર્મળ છત્તર હેઠળ,
આસમાન, અને પૃથ્વી,
તથા બહોળું જલ,
સુર્ય, અને ચંદ્ર અને અમર આત્મ,
છે સર્વે ખુદા, છે સર્વે બ્રહ્મ!"

૪. ભલાઇની સત્તા કયાં છે? માર
કંઇ બાજુથી મળી શકે છે? અષો
(અને) આબાદી પોતાનાં પગલાં કઇ બ
જુએ લઇ જાય છે? સૌથી ઉત્તમ અશે
મન શામાં છે? ઓ મઝદ! તારી સત્તા
કયાં છે!

---

૧. રોમેશ્ચંદ્ર દત્ત, સી. આઇ. ઇ. ન
ઇંડીઅન કવીતા (Indian Poetry.

ઉંડા સવાલો. જ્ઞાન માર્ગ.

વીવેચન: એરવદ કાવસજી એદલજી કાંગા નીચે પ્રમાણે એ સવાલોના અનુક્રમે જવાબો આપે છે. બીજી દુન્યામાં; પરોપકાર અને સ્વભોગના કામોથી; જે શખસ જુઠાણું અને મગરૂરીને ધીકકારે છે તે; કોઇને પણ બુરૂં નહીં ઈચ્છવામાં; આખી સૃષ્ટીની પેદાયશ ઉપર. મજકુર સવાલો દરેક વીચારવંત મનમાં તદન કુદરતી રીતે ઉભા થાય છે. અને જયારે માનવી ખરાં દીલના ભાવથી અને પાક મનથી તેમનો ખુલાસો માંગે છે, ત્યારે તેને બહુ ઉંડા અભ્યાસ કરવા અને સબુરી રાખવા પછી તે મળી જાય છે. આવી ઉમદા બાબદો વીષે જ્ઞાનની રોશની માંગવામાંજ ખરે ખરી બંદગીઓ સમાયલી હોવી જોઇએ, અને જે પ્રશ્નોના આપણુ દરેક જણે ચોકસ ખંતીપણાથી ઉત્તરો મેળવવાના છે, તે માટે જરથુસ્ત્ર સાહેબ આપણને યાદ આપે છે. મનન શા ઉપર કરવું, ધ્યાન (meditation) માં જઇને શું બીનાઓ ઉપર ચીત્ત ચોંટાડવું, તે અત્રે જણાવવામાં આવ્યું છે. આપણે બીજે ઠેકાણે શરેહમાં ગઉતમ બુધ્ધે મનન કયા વીષયો ઉપર કરવા ફરમાવ્યું છે, તે જોઇ ગયા છીએ. કોઇ પારકા માનવીના જવાબો આપણને સંપુર્ણ ખાત્રીપુર્વક જણાતા નથી, અને તેટલા માટે આપણા પોતાના જાતી અનુભવને આધારે, ઉંડા સવાલોના સત્ય જવાબો કયા છે, તે આપણે જાણવું જોઇએ. નીચલા ફકરામાં આ સવાલોના જવાબો મળી આવે છે.

૫. એક ઉદ્દયોગી (માણસ), જે પોતાના કાર્યો, અશોઇ અને નમ્રતાને લીધે બુધ્ધીશાળી છે, તે આ સવાલો મુકે છે, કે જેથી કરીને (તેમના જવાબો મેળવવાથી) નેકીની મારફતે તે દુન્યામાં આબાદી ફેલાવે. જે બળવાન અને નીતીમાન (હોય છે તે) ખરા આગેવાન સરદાર (ગુરૂ) તરફ, ઇનસાફના કાયદાને અનુસરીને, માનથી જુએ છે.

ઉદ્દયોગ. અશોઇ. નમ્રતા. સરદારી.

વીવેચન: જેમ આગળ વારંવાર ઉદ્દયોગની વખાણુમાં બોલવામાં આવ્યું છે, તેમ અત્રે પણ બોલવામાં આવે છે. તેના દેખીતાં કારણો છે. "બેપરવા આળસાઇથી કદી પણ મોટો ગ્રન્થ રચી શકાતો નથી, અથવા કોઇપણ જાણવા જેવી શોધ થઇ શકતી નથી, અથવા કોઇ દીલને વીસ્મય કરે એવું ઉમદા બાંધકામ ઉભું કરી શકાતું નથી, અથવા કોઇ ઉત્તમ ગાયન ગાઇ શકાતું નથી, અથવા કાંઇ વખાણવાલાયક ચીત્રો દોરી શકાતાં નથી, અથવા હીંમતભર્યાં સખાવતી સાહસો તેનાથી માથે ઉઠાવાતાં નથી."

ગઉતમ બુધ્ધે માનવીને આળસ કરવા સારૂં દુન્યાથી ભાગી જવાને ઉશ્કેર્યો નથી. તેથી ઉલટુંજ તેણે શીખાડયું છે. તે કહી ગયો છે કે જે ભીક્ષુકો આરામને ખાતર દુન્યાથી અલગ થશે તેઓને જરાપણ ફાયદો થશે નહીં. આળસ ધીકકારવા જોગ છે. બુદ્ધનો ધર્મ કોઇને પણ ઘરબાર વીનાનો થવાને અથવા દુન્યા ત્યાગ કરવાને ફરમાવતો નથી, પણ માત્ર જેને તેમ કરવાની પ્રેરણા થાય તેજ દુન્યા છોડે તે તેને સજાવાર છે. પણ માનવીઓ ચાહે તો દુન્યામાં રહીને કારીગરો, વેપારીઓ અથવા સરકારી અમલદારો બને, અને ચાહે તો પ્રેરણા મુજબ દુન્યાથી દુર થઇને અષોઇથી ધ્યાનમાં મશગુલ થાય, તોપણ પોતપોતાના કામમાં તેઓએ પોતાનું આખું જીગર નાખવું જોઇએ. વળી જો તેઓ કમળના ફુલની માફક પાણીમાં રહી અને ભીજાય નહીં, દુન્યામાં રહી અને અદેખાઇ અને ધીકકારથી પરહેજ કરે અને હવસી જીંદગી નહીં પણ સત્ય જીંદગી ગુજારે, તો જરૂર ખરી ખુશાલી અને શાન્તી તેમના મનમાં વાસો કરશે.

હઇયાતીના સવાલોનો જ્ઞાનના પ્રકાશથી તોડ કાઢવા માટે સહાયતા મેળવવા સારૂં બંદગી કરવામાં આવે છે, અને દુન્યાની આબાદી તથા સુખ વધારવાને માટે, તેમનો જવાબ માંગવામાં આવે છે. ખાલી જીજ્ઞાસા કે જેને પંપાળવાની ક્રિયાને ઘણીક વાર કેળવણીનું નામ આપ

વામાં આવે છે, તે તૃપ્ત કરવાના હેતુથી, આ સવાલો પુછવામાં આવતા નથી.

દરેક પવીત્ર આત્માને સરદાર ઉપર શ્રદ્ધા આવે છે, કારણ કે તે સમજીને પીછાણી શકે છે, કે તેનાં કરતાં ચઢીઆતાં લોકો પણ છે, અને તે એટલી મોટી પંકતીનાં છે, કે આપણી અક્કલમાં પણ તેમની અશોઇ, મોટાઇ, પ્યાર, ક્ષમા, દયા, તથા સ્વભોગ ઉતરી શકે નહીં. કુદરતનો જે ભલો કાયદો એવું નીર્માણ કરે છે, કે દરેક ઉતરતાં પ્રાણીએ (જીવે), પોતાના કરતાં શ્રેષ્ટને માન આપવું, અને તેના બદલામાં દરેક ચઢીઆતા જીવે, પોતા કરતાં ઉતરતાનું રક્ષણ કરવું તથા સંભાળ લેવી, તે અત્રે સમજાવ્યો છે.

અહીં ફરીને સરદાર અથવા ગુરૂને વીષે ઇશારો આવ્યો છે,[1] જે ઉપરથી ગુરૂની આવ્યશકતા સંબંધી આપણે તોલ કરી શકીશું.

૬. જે કોઈપણ (અહુર મઝદને) ખુશી કરવાની મતલબથી, તેને બળીદાન અર્પણ કરી, તેની વખાણ ગાય છે, તેને અહુરમઝદ પોતાની બળવાન સત્તા પ્રતાપથી, ભલાના કરતાં વધુ ભલું બક્ષે છે. વળી જે કોઇ બંદગી અર્પણ કરતો નથી, તે દુન્યાની અંતની ઘડીએ ખચ્ચીતજ ખરાબીમાં પડશે.

બળીદાન સાથની સ્તુતી. બંદગીથી પરહેજ રહેવું.

વીવેચનઃ અહીં 'યેંઘહે હાતામ'ના બળવાન મન્ત્રની યાદ આવે છે. હવે પછીના એક ખાસ પ્રકરણમાં તે મન્ત્રની આપણે વધુ તપાસ લઇશું. તે મન્ત્રમાં કબુલાયું છે, કે ઇજશ્ને અથવા આરાધના કરવામાં જે વધારે ઉત્તમ છે, તે નર અથવા નારીને મઝદ પોતે પીછાણે છે. બંદગીઓ અને ક્રીયાકાર્મોનું બળીદાન, એક ચેલાને કાંઇ સાધારણ દુન્યાની માલમતા મેળવવા માટે શકતીવાન બનાવતું નથી, પણ તે કરતાં વધુ ઉત્તમ મીનોઇ જ્ઞાન તથા ખુદાની ભેટની બક્ષેસો મેળવી આપે છે.

'ભલાના કરતાં વધુ ભલું' એ શબ્દોનો અર્થ અમર્ગી અને ખુદાની ભેટ તરીકે આપણે કરી શકીએ. આત્માની અમર્ગી વીષેનું મત સઘળા પુર્વ તરફનાં ધર્મોમાં સાધારણ રીતે જોવામાં આવે છે. તેમનામાંનો એક ઘણોજ પ્રાચીન, જે ઇજીપ્શીયન છે, તે ધર્મ જોડયું શરીર (etheric double), ઉરવન (soul), જીગર, આત્મીક બુધ્ધી અથવા જીવાત્મા, શકતી, છાયો અને નામ, એ આઠેની મેળવણીથી અથવા ભેગાં કાર્યથી માનવી બન્યું છે, એમ જણાવે છે. આ આઠ ભાગોમાંથી જોડયું શરીર, જીગર, શકતી, છાયો અને નામ કાઢી નાંખવાથી ત્રણજ ભાગો બાકી રહેશે......ત્યારે આપણે કહી શકશું કે, એક માણસ શરીર, ઉરવન અને જીવાત્માનું બનેલું છે. પણ શું આ ત્રણે ઉંચ સ્થીતીમાં જાય છે, તથા મરણ બાદ જીવી શકે છે? ઇજીપશીયન લખાણો આ સવાલનો પકો જવાબ આપે છે; એક નેક માનવીનું ઉરવન અને જીવાત્મા શરીરમાંથી નીકળી જઇને સ્વર્ગસુખ (અમર્ગી) પામેલાંઓ સાથે, તથા બેહેશતમાં ભલાં લોકો સાથે રહે છે; પણ સ્થુલ શરીર પાછું જીવતું થતું નથી, (જો કે તેના શરીરને ખુશબોઇ ભરીને 'મમી' (mummy) તરીકે સાચવી રાખવામાં આવે છે), અને એવું માનવામાં આવતું હતું કે શરીર પોતાની કબર કદી પણ છોડતું નહતું.........ઇજીપ્શીયન મુડદાંઓ એવું બોલતાં જણાવવામાં આવે છે, કે "મારો આત્મા ખુદા છે, મારો આત્મા હમેશગી છે."[2]

૭. ઓ મીનોઇ મઝદ! મોટી આબાદીના ફેલાવનાર, મને તું કે જેણે જાનવરો, પાણી, તથા વનસ્પતી પેદા કર્યાં છે, (તે) મારાં અશો મનને ખાતર

---

૧. ગુરૂની જરૂર્યાત વીષે જુઓ આ પૂસ્તકનાં પાનાં ૧૫૬ થી ૧૫૮. વળી જુઓ યસ્ન ૨૯. (૨), ૩૦. (૯), ૩૧. (૨ અને ૪), ૩૪. (૧૩), ૪૩. (૧૪), ૪૪. (૧૬ અને ૧૭), ૪૬. (૩, ૯ અને ૧૬), ૪૮. (૧૦ અને ૧૨), અને ૪૯. (૭ અને ૮). વળી જુઓ 'અહૂનવર' ઉપરનું હવે પછીનું પ્રકરણ.

૨. ઇ. એ. વોલીસ બડજ, એમ. એ. નો "ઇજીપ્શીયન ધર્મ."

તનદરોસ્તી, અમગીર્, જોર, સત્તા તથા ધર્મ વીષેનું જ્ઞાન આપ !

તનદરોસ્તી, અમગીર્, સત્તા, જ્ઞાન.

વીવેચનઃ આ ગાથામાનાં બીજાં કે કાણુંઓની માફક અત્રે એકનેક મનથી નીપજતા લાભોનું વર્ણન કરવામાં આવ્યું છે. જે શખસનું મન પાક હોતું નથી, તેને આ સઘળા ફાયદા એકઠા મળે એમ ધારવું બેહુદું છે. ધર્મનું સૌથી શ્રેષ્ટ જ્ઞાન એ કે અષો મનવાળા માનવીને જાહેર કરવામાં આવે છે, જ્યારે મગરૂરીની ધુંઇમાં મસ્ત થયલા, અપવીત્ર લોકો, એ સર્વને કલ્પીત તથા પોકળ માને છે. જે દીશામાં આગળ વધવાનો ખરો માર્ગ છે, તે તરફ જોવા માટે તેમની દ્રષ્ટી તેમજ શોધક બુધ્ધીની ઉંડીજ ખીલેલી ન હોવાને સબબે, આગળ વધવાની શકતી બાબેજ તેઓ ના પાડે છે, અને એ રીતે ઘણાજ મકકમપણાથી તેઓ ખોટે રસ્તે દોરવાઇ જાય છે. જેમને આત્મીક અંધાપો હોય છે, અથવા જેઓને આંખો છતાં દેખાતું નથી, કે જે જાતનું દર્દ હાલના વખતની 'આત્માને, કચડી નાંખવા ઇચ્છતિ કેળવણીથી નીપજયુ છે, તેવા છતી આંખે આંધળાઓની કંગાળ હાલત, દયાજનક છે. કાંઇપણ સુકાન અથવા યંત્ર વીના, કોઇ પણ જાતનો નકશો અથવા ચોકસ હેતુ વગર, કોઇ પણ જાતની સંગીન ખુશાલી અથવા સધીઆરા વગર, આસપાસના નાખુશ સંજોગોના કડવાસને સારૂં કાંઇ પણ ઓષડ ધરાવયા વીના, લાકડાનાં ટુકડાઓની માફક, લાચાર રીતે, જીંદગીના મહાસાગરમાં તેઓ બાપડા આમતેમ ધસડાયા કરે છે !

ઉપલા ફકરામાં તંદરોસ્તીની બક્ષેસ વીષે જે કબુલાત આપવામાં આવે છે, તેને માટે એકસ્ટર કહે છે, કે "જેઓએ તંદરોસ્તી, તેમજ મંદવાડ વેઠયાં હોય છે, તેઓ જાણે છે, કે એક આસુદું, તનદરોસ્તીભર્યું શરીર અને ખુશાલ સંતોષી જીવ, અને મનના (વાજબી) હુકમોને તાબે થવાની ઉત્સાહ તથા હોંશ, એ ખુદાનું દરેક કાર્ય બજા લાવવામાં અમુલ્ય મદદ આપે છે."

ગઉતમ બુધ્ધને માટે લખાયલું છે, કે તેનું શરીર ગળાઇ ગએલું અને સોટી જેવું બની ગયું હતું. તેની પવીત્રાઇ દેશમાં મશહુર થઇ, અને દુર, દરાઝથી તેને મળવા અને તેના આશીષો મેળવવા સારૂં લોકો આવવા લાગયાં. તોપણ તેને સંતોષ મળ્યો નહીં. રોશની શોધવા નીકળયો અને શરીરની કષ્ટીઓ વેઠવાથી તે મળી નહીં. તેની ઇચ્છાઓ ભસ્મ થઇ નહીં. તેથી તેણે આ પ્રમાણે વીચાર કર્યો, કે "મારૂં શરીર નબળું પડતું ગયું છે, અને મારા લાંબા અપવાસોથી રોશની વધી નથી. માટે એ કષ્ટિનો માર્ગ ખરો નથી. મારે હવે શરીરને ખોરાક આપીને મજબુત કીધા પછી, મારાં મનને શાંત બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ." ત્યારે તે નદીમાં સ્નાન કરીને બહાર ચાલતો હતો, તે વેળાએ નબળાઇથી તમ્મર ખાઇને પડયો. તે પ્રસંગે તેને નન્દી નામની પાસેના ગામના વડાની છોકરી, ત્યાંથી જતી હતી તેણે ખોરાક આપયો, તે ખાધો, તેથી તે ટટાર થયો. અને તે વખતથી તેના ચેલાઓ સમજવા લાગયા કે ખાવા માંડયું તેથી તેની પવીત્રાઇ ઘટી, માટે તેને તેઓ ત્યજી ગયા.

ત્યાર કેડે તેણે મધ્યમ માર્ગ અખત્યાર કર્યો. ખાવું પીવું મીજાનસર રાખયું અને સંપુર્ણ બશારતે પહોંચયો. પછી ઉપદેશ કર્યો, કે શરીરની કષ્ટીઓથી તો દુન્યવી જ્ઞાન પણ નથી મળતું, તો ઇંદ્રીઓ ઉપર કાબુ કેમ મેળવાય? જેપણ પોતાની બતીમાં પાણી રેડશે, તે અંધારામાં ઉજાસ મેળવી શકશે નહીં, અને જે સડેલાં લાકડાંથી આતશ સળગાવા માગશે તે નીષ્ફળ નીવડશે. કષ્ટીઓ દુખદાયક અને વ્યર્થ છે. ફકત શારીરીક દલદેસરીથી હવસના શોલાઓ કેમ બુઝાય? જયારે હવસ મરે, ત્યારેજ ફતેહ મેળવેલી ગણાય. શરીરની જોગવાઇઓ રીતસર પુરી પાડવાને ડરશો મા. શરીરને ત

---

૩. આ સાથે આપણે મી૦ બર્ગસનની 'ક્રીએટીવ એવોલ્યુશન' અને બીજી ચોપડીઓના અભયાસની ભલામણ કરીશું.

નદરૂસ્ત રાખવું તે એક ફરજ છે. તે ન હોય તો ડહાપણ અને મનની સ્થીરતા મેળવી અને જાળવી શકાયજ ક્યાંથી? આ મધ્યમ માર્ગ છે. તે બંને અતેરાંઓ (extremes) થી માનવીને બચાવે છે. ત્યાર પછી ઘણોક વખત સુધી બુદ્ધનાં શીષ્યોએ સ્મશાન અને ઉકરડાઓ ઉપરથી જડતાં બળેલાં ચીંથડાંઓ પેહેરવાનું ચાલુ રાખ્યું. ત્યારે તેમને અનેક દર્દો લાગુ પડયાં. હવે બુધ્ધે તેમને દવાઓ લેવાની પરવાનગી અને હુકમ આપયો. જયારે વળી એક ભીક્ષુક શીષ્યના ઉંધાડા ફરવાથી તેનો પગ ચીરાઇ અને સુજી ગયો, ત્યારે ગઉતમ બુધ્ધે પોતાના શીષ્યોને જોડા ઇત્યાદી પહેરવાનું ફરમાવ્યું. કોઇપણ ભીક્ષુકને નગ્ન ફરવાની મનાઇ કરી. વળી જયારે ગઉતમ બુધ્ધ રોશની મેળવીને સંપુર્ણ ડહાપણ પ્રાપ્ત કરી ચુકયો, ત્યારે કદાચને મંદવાડ ભોગવતો હતો, ત્યારે રાજાઓ રાજવંશી તબીબોથી તેને સાજા કરવાને માંગણી કરતા હતા, જે તે સ્વીકારતો હતો. ત્યારે આપણે જોઇ શકયા છીએ કે શરીરની આરોગયતા જાળવવાને, અક્કલ પસંદ રીતે, દરેક મધ્ય મસર સાધન અખતયાર કરવાને, બુધ્ધે ફરમાવયું હતું.

એફ૦ ડબલ્યુ૦ ફરાર અને બક્ષટનના નીચલા વીચારો ઉપરથી આપણે શીખીએ છીએ, કે શાન્ત પણ મજબુત અને દ્રઢ મનની શકતી કેવી હોય છે. "આપણી મેહેનત કરતાં આપણી દીલસોજીથી વારંવાર આપણે વધુ ભલું કરી શકીએ છીએ, અને આપણા પોતાના અંગત લાભ માટેના જાતી લોભ થકી ગમે એટલી જીવતોડ કોશેષથી જેટલું મેળવી શકશું, તે કરતાં પણ વધુ, લાયકાતની પીછાણ કરવાથી તથા અદેખાઇથી પરહેઝ રેહવાથી દુન્યાની વધુ સરસ સેવા બજાવી શકશું." "જેમ જેમ વધુ લાંબો વખત હું જીવું છું, તેમ તેમ મારી વધુ ખાત્રી થતી જાય છે, કે માનવીઓ વચ્ચેનો મોટો તફાવત, એટલે કે, નબળાં અને બળવાન, મોટાં અને નીર્જીવ વચ્ચેનો તફાવત કાંઇજ નહી પણ મજબુત, અજીત, ઠરાવ અને શ્રમ અને તે ઠરાવ પાર પાડવા અથવા તો જીત મેળવવા અથવા તો મુશકેલીઓ સામે લડતાં મરવાને પણ બીહવું નહીં, તેમાં સમાયલો છે."

૮. અહો! મઝદ! ખરેખર હું તારા (કાયદાઓ) જાહેર કરીશ, કારણ કે માનવી જાતે એક વીચારવંત આદમીને શીખવવું અવશ્યનું છે, કે એક દુષ્ટ માણસ માટે સજા નીર્માણ થએલી છે, અને અશોઇને ટેકો આપનારને સુખ મળશે. જે કોઇ એક સાચી સમજવાળા આદમીને માથરેની ખુબીઓ સમજાવે છે, તે પોતે પણ ખરા આનંદ (સુખ)માં રહે છે.

વીવેચન: દરેક માણસની જીંદગીમાં કેટલો મોટો ફેરફાર થઇ જાય, જો ફકત તેની આપણે ખાત્રી કરી આપી શકીએ કે દરેક જુઠાણું, દરેક પસાર થતો ગુસ્સાનો ઉભરો, અદેખાઇ, અંતસ, કીનો, કપટ, દરેક બુંડું વચન તથા દુષ્ટ કાર્ય, પ્રતીકાર્ય અને બદલામાં તે માણસને માટે જરૂરજ જુઠાણું, દગો, ફટકો, ગુસ્સાનું ઝનુન, અદેખાઇ અને કીનો કપટ ધસડી લાવે છે?

આપણે ખરી વાત સમજવાની કોશેષ કરીએ અને ધ્યાન રાખીએ, કે એક માયાળુ નજરથી અથવા ભલા બોલથી બજાવેલી હેતભરી સેવા, અથવા ખુદાના બંદા તરફ એક સાધારણ સહાયતાનો લંબાવેલો હાથ, એ સર્વે, જીંદગીના ખજાનામાં, જવાહીરો ભરી મુકવા બરોબર છે. તે જવાહીરોનો આતશથી અથવા કોઇપણ સળગી ઉઠનારી વસ્તુથી, નાશ થઇ શકતો નથી. અને વળી જયારેબી આ નીચલી દુન્યાના કડવા અનુભવો અને સંકટો હેઠળ આપણે ગુંગળાઇએ છીએ, અને જયારે આપણને શું કરવું તે કાંઇ સુઝસમજ પડતું નથી, ત્યારે જીંદગીની કંગાલીઅતમાંથી આપણને છોડવવાને, તે આપણાં ભલાં કાર્યો, વીચારો અને વચનો બખતસર આપણી મદદ માટે આવીને તઇયાર ઉભાં રહે છે. ત્યારે પોતાની તીજોરીઓમાં એવા બેમુલા જવાહીરો ભરી મુકવાની તક કયો સમજુ માનવી જવા દેશે? પણ ઘણાક લોકો એવું માને છે, કે આ ખુદાઇ વચનો, ફકત માનવી જાતને નીતીને સીધે

રસ્તે દોરવવા માટેની પકકા લોકોની ઢોંગી બનાવટ છે, અને તેની પુઠે ઉભી જાતના કુદરતી કાયદાનું બળ તો છેજ નહીં. તેઓ સમજી શકે છે, કે આતશ બાળે છે અને તેથી તેઓ તેનેથી દુર રહે છે, પણ માનસીક, નઇતીક અને આત્મીક ભુવનો ઉપરબી, તેજ જાતનાં કાયદાઓ કાર્ય કરે છે, અને બુરાં કાર્યો બાળે છે અથવા દુઃખ આપે છે, એ સમજવાને તેઓની સમજશકતી હજુર ઘણી મંદ છે. જીંદગીના ઉપરટપકેનાં અનુભવો ઉપરથી તેઓ શકમંદ રહી જાય છે, તેમાં નવાઇ શી?

ત્યારબાદ જેઓ સમજશકતી ધરાવતા હોય છે અને બાનઅકલી નહી હોતા, તેવા લોકોને ધર્મ તરફની ફરજો વીષે ઉપદેશ આપવા માટે, ઉપલો ફકરો આપણને ફરમાવે છે. ધામીર્ક શીક્ષણોને લોકપ્રીય કરવાનું કામ, અને આ દુન્યામાં તોફાનના વમલમાં સપડાયલા, પણ ધામીર્ક શીક્ષણો માટે જીજ્ઞાસા ધરાવતા, મુસાફરોને બ્રહ્મજ્ઞાન પુરૂં પાડવાનું કામ, આપણને સુખ આપશે તે વીષેની ખાત્રી આપે છે. આપણને આગળ આવી ગયલા ફકરાની યાદ આપવામાં આવે છે, કે "જે સુખ ફેલાવે છે, તેને સુખ પ્રાપ્ત થાય છે," ઉશ્તા અહ્માઇ યહ્માઇ ઉશ્તા કહ્માઇચીત.

૯. હે મઝદ! તારા બળતા આતશની મારફતે તથા **કાયદા. માંથરો.** તારા પ્રવાહી લોખંડની મારફતે, બેઉ લડવૈયાઓને તું જાહેર (કસોટી) કરે છે. અને એ રીતે સાબેતીઓ રજુ કરીને બન્ને દુન્યાઓમાં, પાપીને તું શીક્ષા કરે છે, અને નીતીવાન ઉપર સુખના આશીષો વરસાવે છે.

વીવેચનઃ એવું માનવામાં આવે છે કે પ્રાચીન વખતોમાં થતી સખત કસોટીઓ વીષે, અત્રે બોલવામાં આવે છે. દોષિત ધારવામાં આવતા ગુનેહગારોને તે કાળમાં આતશની બળતી ચેહમાંથી પસાર થવું પડતું હતું. અને હાલના વખતની રૂઢી પ્રમાણે મોટા મોટા પ્રવીણ ધારાશાસ્ત્રીઓ મારફતે પોતાનો બચાવ કરવાને બદલે, પોતાનાં શરીર ઉપર ઉકળતો લોખંડનો રસ નમાવવો પડતો હતો. આવી જાતના ઇનસાફની નોંધ લેવાયલી, કોઇ કોઇ ઠેકાણે આપણી નજરે પડે છે ખરી. તોપણ ધામીર્ક લખાણો સાધારણ માનવીઓની વચમાં ઇનસાફ આપવાની એવી કઢંગી, નાપસંદ રૂઢીને વજન આપે, એવું માનય રાખવું મુશ્કેલ લાગે છે. કુદરતનું તોલ વાજબી છે, અને કુદરતની નજર સર્વે ચીજો નીહાળે છે, માટે સચાઇ સાબેત કરવાના એવા સંશયયુકત સાધનોની તેમને કાંઇજ જરૂર રેહેતી નથી. ઉપલા ફકરાનો તરજુમો વધારે સહી થવો જોઇએ, અથવા એ લખાણ પછવાડેથી દાખલ કરવામાં આવયું પણ હોય. વળી એટલું વધુ સંભવીત દીસે છે, કે આ કોઇ મહાન ગુપ્ત કસોટી હોય, કે જેમાંથી બીજાં કોઇ ભુવન ઉપર આત્મજ્ઞાનીને પસાર થવું પડતું હોય. યાદ રાખવું જોઇએ, કે અરદીબહેશત અમેશાસ્પંદ આતશની તેમજ સૃષ્ટીના કાયદાઓની પાસબાની કરે છે.

આ ફકરાની છેવટે કર્મના કાયદા વીષે ખુલ્લું લખવામાં આવ્યું છે, જે જણાવે છે કે કર અને જો.

૧૦. ઓ મઝદ, તે માણસ જે આની (ધામીર્ક શીક્ષણોની) સામે થાય છે, તેની ધારણા મને દુઃખ દેવાની છે, તે દ્રુજની ઓલાદનો છે. એવાં માણસો પાપી હોય છે. હું તો અષોઇને વખાણું છું. (ઓ મઝદ!) તુંને અર્પણ કરેલી સાચા દીલની બંદગીના બદલામાં (હું) નેકી મેળવું.

વીવેચનઃ અત્રે ઝરથુશ્ત્ર જાહેરમાં બોલતો સંભળાય છે. તે કહે છે, કે જે કોઇ અહુર તરફથી તેને સોંપવામાં આવેલી, ઉંચ ધર્મ સમજાવવા માટેની સાબેતીઓની બળવાન નીશાનીઓ તરફ, ધ્યાન આપતો નથી, અને તે (ઝરથુશ્ત્ર)ને વધુ વેદનામાં નાખવા ઇચ્છે છે, તે માહાજ્ઞાની સાહેબ સામે બળવો ઉઠાવે છે, અને ખચીતજ પાપી છે. માણસ જાત એવી છે, કે પોતાના દોસ્તો તથા ખરા ખેરખાહો તરફ આવીજ રીતની બેવફા ચાલ સદીઓ સુધી ચલાવતી રહેશે. તે સ્વાર્થીઓને પાસે રાખીને, પરમાર્થીઓને નીત્ય કાઢે છે; ખરા સ્નેહિઓને હમેશ રડાવે છે, અને કપટીને હસાડે છે.

અને આપણામાંના જેઓએ ઇતીહાસ વાંચયો છે, તેઓ બરાબર સમજે છે, કે ઝરથુશત્રથી ઉતરતે દરજજેના પેગામ લાવનારાઓ, જેઓ કાંઇક સત્તાથી બોલવાનો હક ધરાવે છે, તેઓ તરફ પણ તેમના ભાઇબંધો આજ પર્યંત એવીજ જાતની ચાલ ચલાવે છે. એવા એક પેગામ્બર બાબને, અડધી સદી ઉપર ઇરાનમાં ધાતકીપણે રીબાવવામાં આવયો હતો. દરેક જગયાએ અને લગભગ દરેક સદીમાં, એવો એક મહાત્મા આપણી ઝાંખી નજર સામે, મીનોઇ ખયાલોને મજબુતી આપવાને સારૂં, તથા ખુદાઇ આતશની ચીંગારી રોશન રાખવાને સારૂં, આવ્યા કીધો છે. પણ તેમના હરીફો જેમને જરથુશ્ત્રે દ્રુજની પેદાયશના ગણુયા છે, તે જુઠા દગાખોરો, ખચીતજ સામે ઉભા થતાજ ગયા છે, અને નાસ્તીકપણું અથવા અધર્મીપણાની તરફેણમાં સઘળાઓને ખેંચી લઇ જવામાં, કેટલેક અંશે ફત્તેહમંદ નીવડયા છે. હાલના કેટલા બધા જરથોસ્તીઓએ આ રીતી અખત્યાર કરી છે, તેનો ખયાલ કરવો મુશકેલ નથી.

જરથુશત્ર છેવટે કહે છે, કે તે જે બંદગીઓ અર્પણ કરે છે, તે પોતાના એ કલપેટા લાભને અર્થે નહીં, પણ અષોઇમાં મજબુતી મેળવવાની ખાહેશથી અર્પણ કરે છે.

૧૧. હે મઝદ! કયો માણુસ સપીતમાન જરથુસ્ત્રનો ખરો દોસ્ત (છે)? અથવા કોણે અષોઇથી (ધર્મબાબે) સવાલો પુછયા હતા? કોણની મારફતે સંપુર્ણ મનશ્ની (મેળવી શકાય)? અથવા કયો પવીત્ર મનનો, ખાલેસ દીલનો શખસ, (એવી) મહાન ફરજ બજાવવા માટે જણાયલો છે?

વીવેચનઃ આ સવાલો આ પ્રસંગે બરાબર બંધબેસતા હોય એમ લાગતું નથી. કદાચ એમ હોય, કે એ ફકરો બરાબર સમજી શકવામાં આવયો ન હોય. તે સવાલોના જવાબો આપણે આ રીતે અનુક્રમે વાળી શકીએ,—જરથુસ્ત્રનો ખરો દોસ્ત તે છે, કે જે મઝદના કાયદાઓને તાબે થાય છે; ઉત્સાહ ધરાવનાર ચેલાઓજ હંમેશા ધાર્મીક ભેદો માટે સવાલ કરતા રહે છે; દરેક ધર્મના વડા ગુરૂ (પેગમબર)ની મદદથી સંપુર્ણ, પવીત્ર મન ગ્રહણ કરી શકાય છે. તે મનશ્ની ધરાવનાર સાચા દીલનું આદમી, સર્વવ્યાપક મઝદ (પરમાત્મા)માં જઇ પહોંચવાને સરજાયલો છે, કે જે સ્વાર્થનો પુરેપુરો ત્યાગ કરી દે છે.

૧૨. સ્પીતમાન જરથુશત્ર જે આ (વખતે) પેગમબરની ઉંચી પદવીએ પહોંચેલો છે, (તેને) ખરેખર સૃષ્ટીક્રમ વીરૂદ્ધ અનીતીમાન કામ કરનારાઓ[1] અને અધર્મીઓ, એ બે જાતો (આ) નીચલી ભુમી ઉપર ખુશી કરતા નથી. (તેમની) અસ્વચ્છ શકતી(નો ગેરઉપયોગ) કર્યાથી, તેને તેઓ ખરેજ નાખુશ કરે છે.

વીવેચનઃ આપણા વખતમાં, અધર્મીપણાના પાપને, ઘણાજ ઉંડી નજરના, ડહાપણભર્યા અને "ઉપયોગી પ્રમાણીકપણા" તરીકે ઉકમાઇ સાથ વખાણુવામાં આવે છે. આ અર્વાચીન ધર્મના દસ્તુરો અને મોબેદો, જેઓ આવા બદગોઇભર્યા ઇશ્વરનીંદક વીચારો પ્રચારમાં જુએ છે, તથા કેળવણી અને 'સુધારા' નામ હેઠળ તેનો પ્રસાર થતો દેખે છે, તેઓને શીર એક ઘણીજ ગંભીર ફરજ બજાવવાની રહી છે, જેની યાદ ઉપલો ફકરો આપે છે!

૧૩. અષો માનવીઓનો ધર્મી માર્ગ બેશક દુષ્ટ (અધર્મીઓના) માર્ગથી ચઢીઆતો છે; જે દુષ્ટની રૂહ (soul) નેકીના માર્ગના પ્રખ્યાત ચીનવત પુલ ઉપર ચઢવાને તલપે છે; અને પોતાની જબાન તથા કાર્યોને લીધે, (તેમાં નીષ્ફળતા) મળવાથી, તેણીને ઘણો પસ્તાવો તથા દલગીરી પેદા થાય છે.

ધર્મની શકતી.

વીવેચનઃ દરેક માનવીના અંતઃકરણમાં પેહલાં બે શકતીઓ કાર્ય કરે છે. ખરાબ તથા સારી બેઉ બાજુની ખાસ અગત પીછાણવી જોઇએ છે. પ્રકૃતીને લોભ લાલચની મોહીની હોય છે, તથા જીવાત્માને મધુર હાવભાવ હોય છે. એ બેઉ

---

૧. Sodomites, ગુલામબારગી કરનારાઓ.

સામસામા લડે છે, અને બીચારા એક ગરીબ માનવીની રૂહ જે ખુદા તરફ મુસાફરી કરતી જાય છે, તેને અકળાવી ગભરાવીને, ગુંચવણમાં નાંખે છે. કેટલીકવાર એ બે હરીફ શકતીઓમાંની એક. અને કેટલીકવાર બીજી શકતી જીત મેળવે છે. પ્રકૃતીના ખેંચાણને શરણ થવાથી તેની પાછળ આવતાં ભયંકર દુઃખદરદોનો અનુભવ મેળવવા પછી, રૂહની જીત શરૂ થાય છે. અને જયારે પ્રકૃતીને બરાબર સમજવા પછી, ખયાલી મોહીની તરીકે તેને ફેંકી દેવામાં આવે છે, ત્યારે તે જીત સંપુર્ણ થાય છે. એ ઉપરથી આપણે જોઇશું, કે આખરે જીવાત્મા તરફ દોરવી લઇ જનારો નેક માર્ગ, દુષ્ટ માર્ગને પાછળ નાંખી દે છે. અપવીત્ર લોકોને મોડેવહેલે પશ્ચાતાપ કરવાનો વખત આવે છે, અને એમ થાય છે ત્યારેજ તેમનો સુધરવાનો સંભવ જણાય છે.

૧૪. કરપો કોઇબી જાતની નાદરબક્ષેશથી, ભરપુર દોસ્તી બાંધી શકતા નથી, અથવા તો કોઇપણ જાતનું લાયક કામ બજાવી શકતા નથી. ના તેમના કાર્યોથી, ના તેમની સલાહથી, ઢોરોની (સૃષ્ટિની સર્વે હૈયાતીઓની) સંભાળ લેવા માટે તેઓ શીખવી શકે છે. તેમની એવી રીતથી દરૂજના રેહઠાણ તરફ છેવટે તેઓ કુચ કરી જશે.

કરપો.

વીવેચનઃ કરપોની મીત્રાચારી સારૂં પરીણામ કદી લાવતી નથી, પણ ફકત દુર્ગુણો અને નાપાકીનો ફેલાવો કરે છે. તેમનું એક મોટામાં મોટું પાપ એ છે, કે તેઓ ઢોરોની બરાબર સંભાળ અને જતન લેતા નથી. આપણે હવે જરથોસ્તી ધર્મની વલાણ અને હેતુ સમજી શકયે છીએ. જેઓ ઢોરોની સંભાળ લેતા નથી તેમને જયારે એ મોતેબર ધર્મ તુચ્છકારી કાઢે છે, ત્યારે શું ખોરાક માટે ઢોરોનો જાન લેવાની તે હીમાયત કદીએ કરી શકે? જયાં સુધી તેમને ફરી તક મળશે નહીં અને જયાં સુધી તેઓ પ્યાર તથા દયાનો ખરો રસ્તો પસંદ કરશે નહીં, ત્યાં સુધી સદીઓ વેર દરૂજના રેહઠાણમાં તેમનો વાસો રહેશે. "ગવોઇ" (જેનો અર્થ અત્રે "ઢોરોની(સારૂં)" કર્યો છે, તે)નો અર્થ "જગતની સઘળી હઇયાતીઓ સારૂં" એ પ્રમાણે જેમ વાજબી છે, તેમ કરીએ, તો કુદરતના નીયમની બહોળાઇ, અચંબો ઉપજાવે એવી થઇ જશે. પછવાડે આવી ગયેલા બુદ્ધ અને ક્રાઇસ્ટે જરથુશત્ર સાહેબના આ મોતેબર કલામને આધારેજ, જો સારી સૃષ્ટીમાં વસતાં પ્રાણીઓ તરફ પ્યાર અને સંભાળ શીખાડી ગયા છે, તો તેમાં અચરત થવા જેવું કાંઇ નથી. ક્રાઇસ્ટે કહ્યું છે કે Love thy God, and love thy neighbour as thyself, એટલે, ઇશ્વર ઉપર પ્યાર કર અને તારા પાડોશીને તારા પોતાની માફક ચાહ. અને કહેવામાં આવ્યું છે, કે આ બે ફરમાનોમાં આખું ખ્રીસ્તી ધર્મ શાસ્ત્ર (Gospel) સમાએલું છે. તેનાં કરતાં પણ વધારે વીશાળ હેત ગાથાનો ઉપલો ફકરો શીખાડે છે. તે તો સૃષ્ટીની સઘળી હુઇયાતીઓની સંભાળ શીખાડે છે.

૧૫. મગવો (દીક્ષા પામેલા ચેલાઓ) ને માટે જે બદલો જરથુસ્ત્રે પેહલાંથી ખાસ ઠેરવી રાખયો છે, તે તમને (જરથુસ્તીઓને) (તમારાં) પવીત્ર મન તથા અષોઇ (નેકી) ને ખાતર, આશીરવાદો સાથે આપવામાં આવશે. (તે બદલો) ગરોનમાન છે, જેમાં અહુરમજદ સઉથી પહેલાં દાખલ થયો હતો.

મગવોનો બદલો.

વીવેચનઃ એક ભલા કાયદો બાપોકાર જાહેર કરવામાં આવે છે, કે જે કોઇ પવીત્ર માર્ગ ઉપર ચાલે છે, તે એકજ સર્વોતમ અંતર ધારણાને પામે છે. ગરોનમાન (આપણે આગળ એક પ્રસંગે જોઇ ગયા છીએ તેમ) કાંઇ એક રહેઠાણ નથી, કારણ કે અહુરમઝદ જે સઘળે ઠેકાણે રહે છે, તે એક ચોકકસ જગયામાજ કાંઈ સમાઇ શકે નહી. વળી તે વતરોગે જીવાત્માને પણ કોઇ જાતની હદ હોઇ શકે નહીં. જયાં પણ ખાલી જગયાનો ખ્યાલ કરી શું, ત્યાં દરેક ઠેકાણે અહુરમઝદ છે. ગરોનમાન સૌથી શ્રેષ્ટ ભાનની હાલત હોવી જોઈએ, કે જે કોઇ પણ

જાતના અપવાદ વીના સઘળાં અપો માનવીઓથી મેળવી શકાય.

૧૬. ગુસ્તાસ્પ રાજાએ નીતીવાન ચાલચલણુ અને વાજબી કારભારના પ્રભાવથી, તથા પોતાના પવીત્ર હુતુથા મેળવેલું જ્ઞાન, જાતી અનુભવથી સાબેત કરી ચુકયો છે. તે એક ડહાપણવાળો અને પરોપકારી રાજકર્તા છે. તે આપણું ભલું જ કરશે.

વીવેચનઃ ખરે માર્ગે ચાલવાથી જે ઉમદા ભેદોનો આપ

ગુસ્તાસ્પ રાજા. ણુને ખરેખરો આત્માનુભવ પ્રાપ્ત થાય છે, તેનો અહીં આપણુને એક દાખલો મળે છે. અહુરમઝદ જે સર્વવ્યાપક છે તેની સાથે આપણા આત્માને જોડવાને માટે, આપણે હાડકાં ભાંજવાની, ભુખે મરવાની, નીરૂપયોગી શારીરીક કષ્ટિઓ વેઠવાની, અથવા તો માથાં ફાડીને લોહી કાઢવાની કાંઇ જરૂર નથી. બેશક ગુશતાસ્પના આ આત્માનુભવનો જાણીતો દાખલો, દુન્યાનાં બીજાં માનવીઓને એક ઉત્તેજન સમાન થઇ પડે છે. દુન્યામાં ઘણાક ઉત્સાહભર્યા ઉમેદવારો ધર્મના લાંબા રસ્તાના જુદા જુદા તબકકાઓ ઉપર છે, અને એવો દાખલો રજુ કરવાથી, એક ધાર્મીક લખનાર મોટા ફાયદાઓની બેશક આશા રાખી શકે.

શ્રી કૃષ્ણ કહે છે કેઃ-

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन
आर्तो जिज्ञासुर्थार्थी ज्ञानी च भरतर्षभ ।
तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते
प्रियो हि ज्ञानिनोऽत्यर्थहं स च मम प्रियः ।
उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम्
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ।
बहुनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ।

એટલે "એ અરજુન! જેઓ મારી પુજા કરે છે, તેવા નેક લોકો, ચાર પ્રકારના હોય છે, એક તો દુઃખી લોકો, બીજા તો જ્ઞાનની રોશની માટે આરજુ રાખનારાઓ, ત્રીજા ખરી સત્યતાની તલબ કરનારાઓ, અને ચોથા ડહાપણવાળાઓ. ભારતના એ મુખી! આ બધામાં બુધ્ધીશાળી ડાહયા પુરૂષો હમેશાં અઇકયતા જાળવીને, એકુનીજ (મારીજ પરમાત્માનીજ) ભકતી કરતા હોવાથી તેઓ શ્રેષ્ટ છે. હું એક ડાહયા માનવીને અતીશય વાહલો છું, અને તે મને પ્યારો છે. (ઉપર જણાવેલા ચાર પ્રકારના) આ સઘળાઓ ઉમદા છે, પણ એક ડાહયા આદમીને હું ખરેખર મારા પોતાના (આત્મા) જેવોજ ગણું છું. પોતાના આત્મામા લીન થયલો હોવાને લીધે, હું જે સર્વથી ઉંચ માર્ગ છું, તેમાં તે મકકમ ચોંટી રહેલો છે. ઘણાક જન્મોના ધકકાઓ ખાધા પછી,[1] એક સંપુર્ણ ડહાપણવાળો આદમી મારી પાસે આવે છે, અને ત્યારે "સર્વ વાસુદેવજ (શ્રી કૃષ્ણ) છે" એમ તે મહાત્મા, જેના જેવો બીજો મળવો બહુ દુર્લભ છે, તે પૂકારે છે." (ભગવદગીતા (૭ (૧૬ થી ૧૯)).

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम्
एतज्ज्ञानामिति प्रोक्तमज्ञान यदतोऽन्यथा ।

એટલે, આત્માના ડહાપણમાં મકકમપણું (અને) તત્વજ્ઞાનની ખરી મતલબની સમજણ, એ ખરી સુજ્ઞતા કહેવાય; એથી ઉલટું સઘળું અજ્ઞાનતા છે. (ભગવદ ગીતા ૧૩, (૧૨)).

૧૭. હલુબ કુટુંબના ફરષોસતરે પોતાનું ઉંચ સ્થાને ચઢેલું શરીર મને બતાવયું છે. જો સર્વ શકતીવાન મઝદ અહૂર, તેનું (આવું) ખુશનુમાં (શરીર) ધર્મના ભલાને માટે, મને (પણ) આપે

---

૧. જરથોસ્તી ધર્મમાં પુનર્જન્મનો ખ્યાલ કેટલે ઉંડે દરજ્જે પ્રસરેલો છે, તે મી૦ રતનજી ફરદુનજી ગોરવાળાનાં Speigal Memorial Volume માં "The Immortal soul: Its Preexistence, Persistence after Death and Transmigration" નામના રીસાલામાં બહુ સંભાળભરી રીતે તપાસવામાં આવ્યા છે. તે ઉપર ઉત્સુકોનું લક્ષ ખેંચવું વાજબી દીસે છે. વળી જુવો આ પુસ્તકના આગલા પાના ૧૬૬ અને ૧૬૭.

તો ઠીક થાય ! અષોઇ મેળવવાને ખાતર (મઝદ અહુરની) સ્તુતી ગાવો.

વીવેચન: કેટલાક તરજુમો કરનારાઓ એમ ખુલાસો કરે છે,

ફ્રશોસ્તર. કે ફ્રશોસ્તરની દીકરી જેને ધર્મને ફેલાવવા સારૂં ફ્રશોસતરની લાગવગ મેળવવાને માટે, જરથુસ્ત્ર પરણુવા માંગતો હતો, તેને માટે આ ઇશારો છે. પણ એ તો ખાલી એક કલ્પના છે. એ ફકરો બરાબર સમજાવવા માટે વધુ જ્ઞાનનો પ્રકાશ જોઇએ છે. કદાચ જરથુસ્ત્ર પોતાના ધર્મના વધુ બળવાન ફેલાવાને માટે, ફ્રશોશતરની ઉન્નતી પામેલી વ્યકતીની મદદ મેળવવાની, ઇચ્છા ધરાવતો હોય, તેથી તે આ પ્રમાણે બોલ્યો હોય.

૧૮. હુબ કુટુંબનો જામાસ્પ હકીમ, ડહાપણુ અને ઝડપ, અષોઇની મારફતે મેલવેલી સત્તા, અને અંત:કરણને સંતોષ આપે એવી શુદ્ધ ખાહેશોની આરજુ રાખે છે.

ઓ અહુર મઝદ ! જેનેથી તું ખુશી થાય, તે તું મને આપ !

વીવેચન: અંત્રે વળી વીશેષ નામો લખલ કર્યાથી, કાંઇક ઘોટાળો થયલો માલમ પડે છે. તેનો ભેદ સેહેલથી સમજી શકાતો નથી. એમ પણ કદાચ હોય, કે જામાસ્પને એક નમુનેદાર ચેલા તરીકે બતાવવામાં આવયો હોય, કે જેની અહીં દર્શાવેલી પવીત્ર ઇચ્છાઓની નકલ થવી જોઇએ. એ ફકરાનો એક ઇતીહાસ તરીકે ભાવાર્થ ભાગ્યેજ થઇ શકે. અને આપણે આગળ જોઇ ગયા તેમ, એ નામોનો કાંઇક છુપો અર્થ પણ સાથે સાથે હોવો જોઇએ.

૧૯. ઓ સ્પીતમાનના કુટુંબના મેદીઓમાહ ! જે કોઇપણ ધર્મની મારફતે બરાબર શીખેલો અથવા દીક્ષા પામેલો (initiated) હોયછે, અને દુન્યામાં વસનારાઓ તરફ પ્યાર બતાવીને અને પેતાની જીંદગીનાં કાર્યોથી પવીત્ર બનીને, જે મઝદનો કાયદો જાહેર કરે છે, તે અમારા ભકત તરીકે ગણાયલો છે.

વીવેચન: આગળની માફક અત્રે પણ ઓ મેદીઓમાહ !

મેદીઓમાહ ! એ જાતનો પૂકાર લાવવાનું કાંઇ ખાસ કારણુ જણાતું નથી. બાકીનો ફકરો એક ધાર્મીક વાયજ કરનારના ગુણો બરોબર ખુલાસાથી દર્શાવે છે, અને એક લાયક પુરૂષથી અપાતી ધાર્મીક વાયજને, ધર્મના એક મોટા સ્થાપક તરફથી કેટલું માન મળે છે, તે જણાવે છે. ખરૂં જોતાં તો એક ધર્મ ગુરૂ આ પૃથવી ઉપર પેગમ્બરને એક પ્રતીનીધી દેખાવો જોઇએ, અને જો તે પણ પોતાના વડાના જેટલોજ પવીત્ર મનનો, પ્યારભર્યા અંત:કરણવાળો, અને સ્વભોગી હોય, તો પછી તે એક ખરેજ મોટો જીવતો જાગતો, કીર્તીવાન સતાધીકારી પુરૂષ બની શકે. પણ જયારે તે એક ભાડુતી ભણતર કરનાર તરીકે કાર્ય કરે છે, અને પોતાને તેમજ પોતાના કુટુંબને દુન્યવી સુખમાં રાખવા માટેજ ફકત ભાષણો આપે છે, ત્યારે તે એક ધર્મ ગુરૂ નહીં, પણ એક ધંધાદારી તરીકે દેખાય છે. તેવા માણસને ક્રાઇસ્ટે પવીત્ર દેવળના સ્થાનમાંથી, તે જગયાને સારૂં નાલાયક ઠેરવીને, ચાબકા મારીને બહાર કાઢયો હતો. અસલના જમાનાથી હમણાં સુધીમાં એવા પણુ મોબેદો થઇ ગયા છે, કે જેઓ સાદા અને ગરીબ હાલતમાં હોવા છતાં, પોતાનાં ટોળાં તરફનું માન તથા તેની તરફની આભારની લાગણી આકર્ષતા આવ્યા છે. તેનું કારણ એ છે કે, તેમની જીંદગીનો આતશ પવીત્રાઈથી બાળવામાં આવ્યો છે, અને મીનોઇ આત્માની ભેદી શકતીઓમાં તેમનું જે યકીન છે, તે એટલું ચુસ્ત છે, કે તેની મારફતે વધુ અથવા ઓછા પ્રમાણુમાં, તેઓ પોતે પણ, તે શકતીઓ મેળવવાને સામર્થવાન બન્યા છે.

૨૦. તમે (અમેશાસ્પંદો) જેઓ સઘળા એકજ મરજી ધરાવો છો, તેઓ અષોઇ, પવીત્ર નેમો અને બંદગીના બદલામાં અમને સુખ બક્ષો. મઝદના પરમસુખને પહોંચવાની અમે આતુર (ઇચ્છા રાખીએ) અને તે(મઝદ)ને અમે નમ્રતા સાથ યાદ કરીએ !

અમેશાસ્પંદો.

નમ્ર દીલની બંદગીઓ.

વીવેચનઃ અહીં પેહલાં તો, હંમેશની માફક અહુરમઝદ નહિં, પણ અમેશાસ્પંદોને આરાધવામા આવે છે. જે મહત્વેચ્છા ખરા દીલની અને જુસ્સાવાળી હોય છે, તેનો બદલો પરમસુખ, જે અહુરમઝદ પોતામાં છે, તે બક્ષીને વાળવામાં આવે છે. સુખનો અર્થ શું છે, તેનો કાંઇક ઉડતો ખયાલ શ્રી કૃષ્ણની મહેરબાનીથી, આપણને આપવામાં આવે છે.

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम्
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ।
ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ।
शक्नोतीहैव यः सोढुं प्राक शरीरविमोक्षणात्
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ।
योऽन्तः सुखोऽन्तरा रामस्तथाऽन्तर्ज्योतिरेव यः
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ।
लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ।
कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम्
अभितोब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ।

અર્થઃ–જેનો આત્મા બહારના સ્પર્શોમાં બંધાયલો નથી તથા જેણે યોગથી પોતાના આત્મા બ્રહ્મની સાથની અઇક્ય કરી નાંખીને, પોતાના આત્મામાંજ ખુશાલી છે, તે અવીનાશી સુખ ભોગવે છે. જે ખુશાલીઓ (ઇંદ્રીયોના) સ્પર્શથી ઉત્પન્ન થાય છે, તેઓ ખરેજ દુઃખોને જન્મ આપે છે. કારણ કે ઓ કઉન્તેય! તેમની સર્વેની શરૂઆત તથા છેડો હોય છે; તેવાં સુખમાં એક ડાહયો પુરૂષ ખુશાલી માનતો નથી! જે કોઇ શરીરમાંથી મુકત થવાની અગાઉ, પોતાની તૃષ્ણાઓ અને હવસો ઉપર મજબુત કાબુ મેળવે છે, તે અૈકયતા ધરાવનારો અને (ખરો) સુખી માનવી છે. જે અંદરખાનેથી સુખી છે, જે અંદરખાનેથી ખુશાલ રહે છે, જે અંદરખાનેનો મીનોઇ પ્રકાશ ધરાવે છે, તે યોગી બ્રહ્મની સાથે મળી જઇને હંમેશગીવાળા બ્રહ્મની શાંતી ભોગવે છે. રૂષીઓ જેઓના પાપો નાશ પામેલાં હોય છે, જેમનો દ્વન્દ્વભાવ (duality) નાબુદ થયલો હોય છે, જેમની ઈંદ્રીઓ કાબુમાં આવેલી હોય છે, અને જેઓ સઘળા જીવોનાં ભલાંને માટે કાલજી ધરાવે છે, તેઓ હમેશગીની શાન્તી મેળવે છે. પોતાના આત્માને જેઓ બરાબર ઓળખે છે, જેઓ કામ,ક્રોધ રહીત બનયા છે, જેઓ અભીલાષા અને મનોવીકૃતીથી છુટા થયલા છે, તથા જેઓએ પોતાના ચીત્તને વશ કરેલું છે, તેમનેજ બ્રહ્મની ખરી શાંતી મળી શકે છે. (ભગવદ ગીતા ૫ (૨૧ થી ૨૬)).

૨૧. એક માનવી સંપુર્ણ પવીત્ર મનની મારફતે પોતાના ડહાપણ, જબાન અને કાર્યથી, દુન્યાની અંદર પોતે આબાદી ફેલાવે છે. તેના ધારમીકપણામાટે મઝદ અહુર તેને સુખ આપનાર અષોઈ (નેકી) બક્ષે છે, તથા તેની પવીત્ર ધારણાને માટે તેને સત્તા બક્ષે છે. આ ભલા આશીર્વાદની હું માંગણી કરૂં છું!

વીવેચનઃ ડહાપણના પ્રતાપ વીષે આપણને હાફીઝ સમજાવે છે, કેઃ

રેહબરે જાનત દરીન તારીક જાય,
જૌહરે ઇલમસ્તો ઇલ્મે જાનફ્ઝાઇ.
તુ દરીન તારીકી બી પાઓસર,
ચુન સીકન્દર માન્દેહ બી રાહોબર.
શબ મખુસ્પો રૂઝહમ ચીઝી મખુર,
ઇન તલબ દર તુ પદીદ આયદ મગર.

અર્થઃ આ અંધારી જગામાં તારા જાનનો રાહબર માત્ર ઇલ્મ (જ્ઞાન) છે, જે જાનને બહોળો કરે છે. તું આ અંધકારમાં પગ, માથાવીનાનો, સીકન્દરની માફક રસ્તાથી ભુલો પડેલો છે. રાત્રીમાં સુતો નહીં અને દીવસે ખાઇશ મા. ત્યારે આ (જ્ઞાન)ની શોધની તલબ તારી અંદર ખરેખર પેદા થશે. (બહુ મુશકેલીથી, માર્ગ ઉપર ચઢવાને આરઝુ થશે.)

ગર શવી કાને બસુલ્ફે ઇન જહાન,
તા અબદ ઝાયે બમાની જાવીદાન.
હસ્ત દાયમ સલ્તનત દર માઅરીફત,
જહદ કુન તા હાસલ આયદ ઇન સીફત.

અર્થ: જો આ જહાનનું રાજ્ય મેળવવાથી તું સંતોષ પામીશ, તો હમેશગી સુધી ખાલી હાથનો રહી જશે. ખરી સલતનત (બલ) જ્ઞાનમાં સમાયલી છે, માટે કોશીષ કર કે તે જ્ઞાન તને પ્રાપ્ત થાય.

હસ્ત મુરીરા હમીન્જા અય અજબ,
કુતે સદ પીલ આખેર બી સબબ.

અર્થ: આ જગ્યા (જ્ઞાન મેળવવા) માં અજાયબ જેવું છે, કે ફક્ત એક કીડીને, કોઇપણ (જાહેર) કારણ વીના સો હાથીઓ જેટલું બળ હોય છે. (ઇંગ્રેજીમાં કહેવત છે, કે knowledge is power, એટલે જ્ઞાન પોતેજ કઉવત છે.)

પવીત્ર મનસત્તા. એક પવીત્ર મનનો માનવી આખી સૃષ્ટીનો મદદગાર છે. દુન્યાના એક ખુણામાં બેઠેલો હોવા છતાં, અલબત બહારની દુન્યા પર ઝાઝી નહીં, પણ મીનોઇ ભુવનો ઉપર, તેની શકતીની અસર બહુ બહોળી થાય છે. ઇશ્વર એક પાક મનશનીવાળાને સત્તા સોંપવાને ઘણો ખુશી છે. પણ સાધારણ રીતે જોતાં એવો કોઇ નેક નીષ્ટા અને મનવાળો માનવી મળવો બહુ કઠીણ છે.

૨૨. આગલા તેમજ હાલના વખતમાં જેઓ ઇજશનેની ક્રીયા પવીત્રાઇથી કરવામાં સર્વોત્તમ છે, તેમને મઝદ અહુર પીછાણે છે; તેમના પોતાના નામોથી હું તેમને યાદ કરૂં છું, અને સાચ્ચા પ્યારથી હું તેમની નજદીક પહોંચું એવી દુઆ ચાહું છું!

યજશને કરનારાઓ. વીવેચન: આ 'યેંધહે હાતામ'ના મન્ત્રનું એક સ્વરૂપ છે. તે મન્ત્ર આગળ ચાલતાં એક ખાસ પ્રકરણમાં સમજાવવામાં આવ્યું છે. તે મોટા આત્માઓ જેઓ મઝદ અહુરની ઇજશને એટલે સ્તુતીની બુલંદ ક્રીયા, તેનો અર્થ અને તેથી નીપજતી અસરો સમજીને કરે છે, તેમને નમુનાઓ (ideals) તરીકે માન સાથે યાદ કરવામાં આવે છે. આવા વૃધ્ધી પામેલા જીવોને પહોંચવાને, દરેક સાચો જરથોસ્તી ઇચ્છા રાખે છે. પણ ધાસ્તીથી અથવા બહારનો ઢોંગી દેખાવ અથવા નકલ કરવાથી નહીં, પણ ફક્ત ખરાં દીલના તેમની તરફના પ્યારથી, તે મુરાદ હાંસલ થઇ શકે છે.

વહીશતોઇશત ગાથા.
યસ્ન ૫૩.

હે! પવીત્ર ગાથાઓ તમને નમન કરૂં છું!

૧. જ્યારે મઝદ અહુરે સ્પીતમાન જરથુસ્ત્રને બે બક્ષીસો આપી, (એટલેકે) (એક) હમેશ માટેની પવીત્ર જીંદગી, અને (બીજી) જેઓ તેને દુ:ખ દેતા હતા, તેઓ બે ભલા ધરમને લગતા બોધો અને કાર્યો શીખવાની જ્યારે ઉલટ બતાવવા માંડી, ત્યારે સ્પીતમાન જરથુસ્ત્રની મોટામાં મોટી ઉમેદો હાંસલ થઇ.

વીવેચન: પેહલી બક્ષીસ નીચ ભાનની ઉપર વેહેવારૂ રીતે ઉચ ભાનની છેવટની જીત મેળવવી તે છે. ત્યારે તે ઉચ ભાન શાંતીથી અને વગર નડતરે, પોતાના દઇવીક પીતાની મરજી બજાવવાને માટે મોકળું થાય છે.

પવીત્ર, અમર્ગ જીંદગી, અપવીત્રો ઉપર જીત.

આ હાલતે પહોંચતાં સુધીમાં, અંદર ખાનેની અવારનવાર હારજીતની લડાઇ ચાલુ રહે છે, અને માણસની ભીત્તરની ચઢતી પડતી, એ પ્રમાણે થયા કરે છે. તથા માનવી પોતાના ઉચ ભાનની જીત વીષે અચોક્કસ હોવાને લીધે, પોતાની ખામીઓની યાદથી બેસબર બનીને, અતી દુ:ખી થાય છે. અને આપદા અને વીપત્તીનો મારો ન ખમાવાથી, તેનું હઇયું પસ્તાવા અને સંકટના બોજા હેઠળ કચડાઇ જાય છે. તે આતુર અને નાહીમ્મત બની જાય છે. જ્યારે તે કસોટી મજબુત થાય છે, ત્યારે તે લાલચને શરણ થાય છે. તેથી તે વારંવાર નાઉમેદ બનીને, નીરાશીભર્યા વીચારોમાં ઘણીક વેળાએ ગરકાવ થાય છે. ત્યારે તેને પોતા માટે શરમની લાગણી પેદા થાય છે, અને તેથી તેની નમ્રતા જલદી વધવા માંડે છે. એ પ્રમાણે તે ધીરજ તથા મધ્યમતા શીખે છે. અને આપણું યકીન તથા નબળી કાંતી ઉપર અતીશય બોજો નાંખવા વીના, ધીમે કદમે અને તબક્કે તબક્કે જે કુદરત આપણને ઉપર લઇ જાય છે, તેનું ડહાપણ તે પીછાણી શકે છે.

સમતોલપણું મેળવવા પછી, ઉપલા ફકરામાં જે અમર, પવીત્ર જીંદગી માટે પ્રાર્થના કરવામાં આવે છે, તે ઉપયોગી અને દીલપસંદ માલમ પડશે. મઇત્રયીની નીચલી કથા બરાબર બતાવી આપે છે, કે એક અમર જીંદગી માટેની ખરી મહત્વેચ્છા, એક ચેલાને કેવાં સર્વો-તમ ડહાપણ તરફ દોરવી જાય છે:–

ગયો જ્યારે યજ્ઞવલક્ય નેક સંત,
ગુજારવા જંગલમાં જીંદગીનો અંત.
અર્શો તેની પ્રીયા મઇત્રયીને,
કહ્યાં આ સુંદર વચનો તેણીને,
"દુન્યાઇ દોલત ને સુખ તમામ,
છોડું છું હું પાછળ મારી, સત તું જાણ.
હત્યાયણી[1] લેશે તેણીનો ભાગ,
તું પણ મઇત્રયી લેજે તારો પોતાનો લાગ."

તે નેક દીલની પ્રીયા પુછે છે તેને,
"દુન્યાની ચીજો બેમુલ મળશે મને,
તો શું મને મુકતી પ્રાપ્ત થશે તેથી,
જીંદગી મારી અમર બનશે શું તેથી?"

"નથી તેઓ લઈ જતાં મુકતીની પાસ,
નથી તેઓ આપતાં ઉંચ વૃત્તી કાંઇ ખાસ.
પૈસા તો કરશે તને, પ્રીયા મારી સુખી,
દોલતવાન માનવીની જીંદગીમાં તુંને મુકી."

"નકામું છે તે સુખ, મુજ મનથી તમામ,
ખ્યાલી છે તે, દ્રવ્યનો દોલ ને દમામ.
શીખવ મુજને મુકતીનો માર્ગ જે ખાસ,
જીંદગીની અમર્ગીનો મેળવું જેથી ભાસ."

"મઇત્રયી મુજની પ્રીયા જે મીઠી હંમેશ,
ઉપજે છે મુજનું વ્હાલ તુજપર આથી વીશેષ.
મુકતી જે આપે છે ખજાનો ને માલ,
આપી તે તને કરીશ હું ખરેજ નીહાલ!
વફાદાર એક સ્ત્રી તેમજ પુરૂષમાં સમાય છે જે પ્યાર;
દોસ્તીનો છે જે મજબુત ગાંઠનો ગજરાનો હાર;
બાળક તેમજ માબાપને ખેંચે છે જે વહાલ;
ઢોર જાનવરની પાસબાનીનો રહે છે જેથી ખ્યાલ;

---

૧. યજ્ઞવલ્કયની એક બાયડી હત્યાયણી અને બીજી મઇત્રયી હતી.

બહારની સઘળી ચીજોનો આકર્ષીક જે પ્યાર,
અંદરના હૃદયના ગુણુનો છે તે એક ભાગ.
વહાલ તારૂં શરૂ કર આત્મા તરફનું,
જગત સારી માંગશે ફાયો, જોઇ તારૂં હઇયું!
ઢોલના અવાજનો સાંભળી એક નાદ,
કોણુ પકડી શકશે તે મોટો સાદ?
ખુશાલીના એક હીંગામે વાંસલીની એક ફુંક,
અટકાવી તું શકશે તે અવાજ નાજુક?
સારંગીનો એક તાર જે કાઢે છે ઉંડો અવાજ,
કોણુ કરશે હીંમત ખુબી તેની ઝાલવાને કાજ?
અટકાવો એક વાર તે ઢોલ, વાંસળી યા તાર,
અને બંધ કરશો તેમાંથી નીકળતો અવાજ તે વાર!
એજ રીતે આત્મા તારાં દીલમાં બજાવે છે કામ,
જે કાબુમાં રાખે છે દેખીતી કુદરત તમામ.
કારણુ આત્મા તારો ધરાવે છે કુદરત સાથ સંબંધ,
બળવાન પરમાત્માનો જે ગણાય છે એક ખંડ.
આતશમાંથી નીકળે છે જેમ એક કાળી વાદળી,
ઉડે છે જે હવા અંદર ભીન્ન ભીન્ન આકાર બદલી,
બળવાન તે પરમાત્મામાંથી નીકળે છે તે માફક હજારો આકાર,
વસે છે જે જીવો કુલ જગતમાં હારોહાર!
બહોળી તે સૃષ્ટીને આપ્યો તેણેજ જન્મ,
વેદ, શાસ્ત્ર સઘળા તેનાજ ધર્મ.
દીધી તેણેજ અકકલ દ્રષ્ટી અને સર્વ ઇન્દ્રી,
હમા દુન્યા અને પહાડ, અને દરીયો નદી.
છે તે બીલોર જેવો સ્વચ્છ કંચન,
નથી તેને આકાર કે અંગ, વળી છે સર્વ કાળોને મંદ.
તેમાંથી થઇ છે કુદરત સર્વે આકારો,
તેની અંદર ગરક થશે સઘળી દુન્યાંઓ."
બોલી ઉઠી મઇત્રી, "પ્રીય, વાહલા મારા!
સમજી નથી શકતી હું બોલ તમારા,
સ્ત્રી જાતની અક્કલ, તથા બુધ્ધી છે કમ,
અશક્ત છે તે સમજવા સચાઇનો ભેદભરમ."
યજ્ઞવલકે કહ્યુ, "નથી બોલવું એમ ઠીક;
પકડો જો તમ સત્યતાના એક અંશ લગરીક,
ખુલ્લી જોશો પરમાત્માને ઝળકતો તમામ,
સુર્યના તેજ મીસાલ છે તેનો દોલ દમામ.
બહારની દુન્યાઓમાં છે તે હાજર,
સુર્ય, તારાના મંડળમાં તે પડે છે નજર.
કુલ જહાંનની પેદાયશને આપે છે તે ગતી,
એવો છે તે પરમાત્મા મોટો જગપતી.
હસ્તી તેની અનદીઠ પણુ દેખાતી બહાર,
આકાશ તેમજ બહોળી પૃથવીમાં જાહેર.
છે તે સર્વવ્યાપક, નજર તેની ચોપાસ,
કહેવાય છે બ્રહ્મ, ખરો તેજ ખુદાવંદ ખાસ."[1]

ઉપલા ફકરામાં અશો પેગંબરના પ્યાર અને જ્ઞાનની રોશનીની મારફતે, તેના દુશમનોનાં મનોને પવીત્ર ધર્મ તરફ દોરવવાનાં કાર્યને અતી અગત્યતા આપી છે. તે બનાવને મોટી ખુશાલીથી વધાવી લેવાયલો દેખાડયો છે.

૨. હવે જયારે ભલા વીચારો, ભલા બોલો તથા ભલાં કાર્યોથી, તેમજ શુધ્ધ ધર્મશાસ્ત્ર તથા ક્રીયાકામો સાથની બંદગી ઉપર **યકીન** રાખીને મઝદની કીર્તી (ગાવાને તેઓ આતુર છે), (ત્યારે) રપીતમાન જરથુસ્ત્રના ધર્મને માન્ય રાખનારાઓ કએ ગુસ્તાસ્પ અને ફરષોસ્તર, જેઓ ધાર્મીક જ્ઞાન ધરાવે છે, તેઓ તેમને અષોઇના માર્ગો (એટલે કે) સોશયન્તનો ધર્મ જે અહુરે બનાવયો છે, તે શીખવશે.

યકીન. બંદગી. સોશયંતનો ધર્મ.

વીવેચન: આ ફકરા ઉપરથી માલમ પડે છે, કે જરથુશત્ર હવે ધર્મનો પ્રચાર કરવાનું કાર્ય, પોતાનાં જ્ઞાનની રોશની પામેલા અને માનીતા વીશ્વાસુ ચેલાઓ, કએગુસ્તાસ્પ તથા ફરષોસ્તરને સોંપે છે. અત્રે એક અગત્યની નોંધ એ કરવાની છે, કે આ ધર્મ 'માજદીઅસની' તરીકે જણાયલો છે, તથા 'જરથુશ્તી' તેમજ 'આહુઇરિ' અને સોશયન્તના ધર્મ તરીકે પણ તે લેખાય છે. હા

1. રોમેશચંદ્ર દત્તની Indian Poems.

લના ફકરામાં તે ધર્મ 'સોશયન્ત' અને 'અહુરના' ધર્મ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. તેનો અર્થ બરાબર ધયાનમાં ઉતારવો જોઇએ. જયારથી પહેલવહેલી માણસ જાતે પૃથવી ઉપર જન્મ લીધો, ત્યારથી, એટલે લખો અને કદાચ કરોડો વર્ષથી, સોશયન્તો પૃથવી ઉપર આવતા રહયા છે વળી આપણે જોયું છે, કે તેવા બીજા સોશયન્તોની ભવીષ્યમાં આવવાની રાહ જોવાનું ગાથાઓમાં શીખવયું છે.[1] "સોશયંતોનો ધર્મ" એ વાકય ઉપર હવે આપણે વીચાર કરીએ. દુન્યાના સઘળા લોકોને અને સર્વ કાળમાં શીક્ષણ આપવાનો બોજો, કાંઇ એકલા અષો જરથુશત્ર ઉપર નાંખવામાં આવયો નથી તેનું કારણ દેખીતું છે. ઇતીહાસ તેમજ સદીઓ ભુલાઇ જાય છે અને તેની સાથે જે શખસોની યાદ સદીઓ વહી જવાને લીધે ભુસાઇ ગયલી હોય છે, તેઓનો શીખાડેલો ધર્મ પણ નાશ પામે છે. અને એ રીતે સલુક વગરના નવા નવા ચેલાઓના ખોટાં ખરાં મતોથી, તે ધર્મ ગુંચવણમાં પડી જાય છે. અલબતા માણુસજાતનો આ વીસરભાવ, તેની રાહબરી કરનારા સરદારો જાણી ગયા હતા, અને તેના ભયંકર પરીણામોથી લોકોનો બચાવ કરવા અર્થે, સોશયનતો અથવા તારકો તરીકે જણાયલા ઉંચ જીવોને દુન્યામાં મોકલીને, પ્રાચીન યકીન અથવા ડહાપણ, ચોકકસ વખત વીતવે, ફરી અને ફરી સજીવન કરવાનું, તેઓએ દરૂસ્ત ધાર્યું છે. ત્યારે કયો જરથોસ્તી ખાત્રીથી કેહેવાની હીંમત કરશે, કે જો જરથોસ્તના મીનોઇ લખાણોનો દરેકે દરેક ટુકડો મલી આવે, તોપણ જરથુસ્ત્રના પોતાના લખાણમાં, સઘળા દેશો અને કાળને લગતું અખુટ જ્ઞાન મળી આવશે? જયારે ગાથામાં અનુમાનસીધ્ધ વચન આપવામાં આવયું છે, કે દુનયાને પ્રકટીકરણના સીધા રસ્તા ઉપર ચલાવવાને માટે સોશયંતો આવી ગયા છે, અને ભવીષ્યમાં પણ આવશે, ત્યારે એવા એકજ પેગમબરના લખાણમાંથી આ અખુટ જ્ઞાનની આશા રાખવાની શું જરૂર છે?

'બાબ' મજબુતીથી માનતો હતો, કે "જયારે પણ જરૂર જણાતી હતી, ત્યારે ખુદાતાલા પૃથ્વી ઉપર એક પેગંબર (સોશયન્ત) ઉભો કરતો હતો, જેની સાથે મીનોઇ જ્ઞાનની રોશનીની એક ચોપડી તે મોકલતો હતો, અને હજી પછી પણ ભવીષ્યમાં જરૂર જણાતાં યઝદાન તેમ કર્યાંજ કરશે." તે કહે છે, કે "ધર્મોની (બેવકુફીભરી) હરીફાઇથી, (જગતની) ભાઇબંધીમાં જે (ખોટી) નડતલો નડે છે, તે દુઃખદાયક બાબદ ઇતીહાસ ઉપરથી સીધ્ધ થાય છે. વળી તે હરીફાઇ નરમ હોવાને બદલે વટલાવવાના ધામીક ઝનુનથી વધુ તીક્ષણ બનેલી હતી, એમ પણ જણાય છે." બાબનો ચેલો મીરઝાં હુસેન અલી, જે બહાઉલ્લા તરીકે જણાયલો છે, તેણે બાબનું કામ ચાલુ રાખયું અને નવા ધર્મના બી રોપવાનો અથવા તો નવો પંથ સ્થાપવાનો, તેણે દાવો કર્યો નહીં. તેથી ઉલટું તેણે તો એવું શીખવયું, કે સઘળા ધર્મો એકજ મીનોઇ મુળમાંથી નીકળયા છે. જે દઇવીક માનવીઓના બોધો અને સતા ઉપર દુન્યાના ધર્મો સ્થપાયલા છે, તેમના બોધો માત્ર ફરી ઉચ્ચરવાને તે ઈચ્છતો હતો. એવા ફરીથી આપવામાં આવેલા બોધો દુનયાની આબાદી માટે અવશ્યના થઇ પડયા હતા, કારણ કે લોકો બેદરકાર બની ગયા હતા, અને તેમના વીચારો તથા જીંદગીમાં હલકાઈ તથા છાલકાપણું આમેજ થયલું દીસતું હતું. દરેક માણુસે જે ધર્મમાં જન્મ લીધો હોય તેજ ધર્મને વફાદાર રેહેવાનું તેને ફરમાન આપયું હતું. પણ જે કાંઇ તે ધર્મની ખુબીઓ તથા બળની આડે આવતી બાબદો હોય, તે રદ કરવાને પણ તેણે ફરમાવયું હતું. ધર્મના સ્થાપકના ખરા મર્મની પીછાણ આ રીતે હરકતો દુર કરવાથીજ થઇ શકે, અને તે ચેલાઓ તે ધર્મના મર્મને[1] ખરાં દીલથી તાબે થઇ, તેને શરણે જવાને, તેણે હુકમ આપયો હતો.

૧. જુઓ આ ગ્રંથના પાન ૨૨૪ ની ફુટ નોટ.

૧. 'ખુદાતાલાનો પ્રકાશ'; જુવો ઇગ્રેજી પુર્વ તરફના ડહાપણવાળી ચોપડીઓ.

૩. હૈચતસ્પના કુટુંબની એ તું પૌરૂચીસ્તી! એ તું સ્પીતમાનની ઓલાદની જરથુસ્તની સઉથી નાની બેટી! જે શ્રખશ અષોમન તથા પવીત્રાઇને પુર વફાદારીથી વળગેલો છે, તેને મઝદે તારો સરદાર નેમયો છે; તેટલા માટે તેની સલ્લાહ લેવાની ચાલુ રાખજે, અને તારા સંપુર્ણ પવીત્ર મનથી તથા તારી પુર્ણ ભલી સમજ શ્રકતીથી, હમેશાં ડહાપણભરી રીતે વર્તજે.

પૌરૂચીસ્તી.

વીવેચન: એવું કહેવાયલું છે, કે ફરશોશતરનો ભાઇ જામાસ્પની સાથે પોરૂચીસ્તીના લગન થયલાં હતાં, તેને માટે અત્રે ઇશારો કરવામાં આવ્યો છે! એ ફકરાનો છેલ્લો વાકય એ મતને હંમેશની માફક ટેકો આપતો નથી, કે અહીં ફકત પૌરૂચીસ્તીને તેના ધણીને તાબે રેહેવા માટે તથા તે જેમ ચલાવે તેમ ચાલવા માટે, એક શીખ આપવામાં આવી નથી! ફકરાની છેવટમાં પાક મનના ફરમાનોને વળગી રહેવાની સુચના થઇ છે. એ ઉપરથી માલમ પડે છે, કે અષોમનની પૌરૂચીસ્તી ઉપર નેમાયલો સરદાર (ગુરૂ), કોઇ મોટો સત્તાધારી હોવો જોઇએ. પૌરૂચીસ્તીનો અર્થ "સપુર્ણ અથવા પુખ્ત ડહાપણવાળી" થાય છે. પૂર્ણચિત્ત એ અર્થ ઉપલા ફકરાને બરાબર બંધબેસ્તો થઈ પડે છે. અને 'દીકરીઓ' બોલ વારસામાં મળેલાં ડહાપણ, અથવા તો ચેલીઓને લાગુ પડતો હોય, એ બહુ સંભવીત છે.

૪. (તેનો જવાબ એ છે કે) ખરેખર હું તેને ચાહીશ અને સુરસાઇ કરીશ.

જે કોઇ પણ પવીત્ર રહીને, પોતાના બાપ તરફ, પોતાના ધણી તરફ, પોતાના તાયફા તરફ અને કુટુંબ તરફ (તથા) સઘળા અશો માનવીઓ તરફ વફાદાર રહેશે, તેણીના પાક દીલની ઇચ્છાઓ સંપુર્ણ રીતે પાર પડશે, અને મઝદ અહુર તેણીની ભલી નેમોને ખાતર, હંમેશગી માટે તેણીને (દઇવીક) ગાયનોનું રેહઠાણ આપશે!

એક ખરી સ્ત્રી.

વીવેચન: અત્રે સ્ત્રીજાતીની ફરજો વર્ણવેલી છે તથા પુરૂષના જેટલોજ ઉંચો તેણીને દરજ્જો ચીતારવમાં આવેલો, આપણે જોઇએ છીએ. તેણી આત્માવાળી છે, બલકે પુરૂષથી ઉતરતી પણ નથી. અલબત કામની વહેંચણી બરાબર કરવા માટે, ખરેખરી ડહાપણભરી રીતે, તેણીના અમલ અને ફરજોનો ક્રમ પુરૂષથી તદ્દન વેગળોજ છે. પણ પોતાની ફરજો ('ધર્મ') સંપુર્ણ રીતે બજાવીને, પોતાના સ્વામી (ગુરૂ) ની મરજી તેણી રાખે છે. જોકે તેણીની ફરજનુ તત્વ અને ક્રમ જુદું હોય છે, પણ જે પ્રમાણે પોતાની ફરજો સંપુર્ણ રીતે બજાવવાને પુરૂષ બંધાયલો છે, તેજ પ્રમાણે તેણી પણ પોતાની વેગળી ફરજો બજાવવાને અત્રે જોખમદાર ઠરી છે. (મહાજ્ઞાની) સાહેબની દરબારમાં, જાત ન્યાત, પુરૂષ અથવા સ્ત્રી વચ્ચેનાં તફાવતો રાખવામાં આવતા નથી, અને જે કોઇ નર, નારી, જરથોસ્તી હોય કે ન હોય, અને અહુરની મરજીની અંદર જ પોતાની મરજી સમાવી દે, અને પોતાને ખાતર નહીં, પણ તે મીનોઇ મરજી બર લાવવા માટે પોતાથી બનતું કરે, તેજ માનવી યકીનદાર તથા ફીરતારની દરબારમાં બેસવાને લાયક ગણાયલું છે.

જયારે ક્ષત્રી અર્જુને પોતાના વર્ગની ફરજ પ્રમાણે લડાઇ કરવાને ના પાડી, ત્યારે શ્રી કૃષ્ણે તેને આ બોધ દીધો:

अथ चेत्त्वामिमं धर्म्यं सङ्ग्रामं न करिष्यसि
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ।

અર્થ—જો તું આ ભલી લડાઇ ન કરશે, તો તારી ફરજ ચુકીને, તારૂં માન ખોઇને, તું પાપી બનશે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।

અર્થ—પોતાની ગમે એવી સાધારણ ફરજ હોય, તે બજાવવાનું, બીજા (કોઇ ભલતાજ વર્ગ)ની ફરજ સારી રીતે બજાવવા કરતાં પણ ઉત્તમ છે. પોતાની ફરજ

બજાવતાં મરણ પામવું એ બહેતર છે. બીજા કોઇની ફરજ (બજાવવા ખાહેશ કરવી) ભયભરેલી છે.[1]

૫. જે કન્યાઓ પરણે છે તેમને તથા તમને, હું નીચલા બોલોમાં સલ્લાહ આપું છું. એ મારા (બોલો) ઉપર ધ્યાન આપજો. ધામીર્ક લોકો પાસે કેળવણી લઇને, પાક મનશનીવાળી જીંદગી ગુજારજો, અને એકેકને હંમેશા ચાહતાં રેહજો, કે જેથી તેમના (?) જીવો સુખી બની શકે.

પવીત્ર મન.

પ્યાર.

વીવેચનઃ કેટલાકોનું કેહેવું એમ છે, કે આ સલાહ પરણતાં જોડાંઓને આપવામાં આવે છે. પણ આપણે તો હારલીનો તરજુમો જે નીચે પ્રમાણે છે, તે વધુ પસંદ કરશું:—"હું આ બોલો (તમે) જુવાન કુંવારીકાઓ જેઓ પરણવા (દીક્ષા લેવા) ચાહતાં હોય, તેમને કહું છું તે ધ્યાન દઇને સાંભળો. આ કાયદાઓ મારફતે ભલા મનની દુન્યા વીષે જ્ઞાન સંપાદન કરો. આ (પવીત્ર ફરમાનો) પ્રમાણે તમે એક બીજાને મેળવી શકશો, કારણ કે તેથી તેણીને સંપુર્ણ સુખ હાંસલ થશે."

કોઇ પણ રીતે જોતાં આપણને ચેતવણી આપવામાં આવે છે, જે હાલના વખતમાં આપણે ધ્યાનપર લેવી જોઇએ. તે એ છે, કે ધામીર્ક, અશો તથા સબુરીવાળા માનવીઓને હાથેજ કેળવણી અપાવી જોઇએ, અને વહેમીલા, અવીશ્વાસુ, નાસ્તીકોને હાથે નહીં અપાવી જોઇએ.

એક બીજાં તરફના પ્યારને માટે ઉપર જે બોધ દેવામાં આવયો છે, તે બાબે ખ્રીસ્તી લખનારાઓનું નીચે દર્શાવેલું અવલોકન આપણે તપાસીશું.[2] "પ્યાર માલેકી (ધરાવે) છે. જેઓને આપણે ચાહીએ છીએ, તેમની ઉપર આપણી માલીકી છે. સૃષ્ટી પરમેશ્વરની છે, કારણ કે તે તેને ચાહે છે." વળી કહેવામાં આવયું છે, કે "એક માતા જયારે બચાને ઝુલો નાખે છે તથા તેની સંભાળ લે છે, ત્યારે બહાર ગમે એટલાં તોફાન થાય, તોએ તે બચ્ચાંને તેની શી પરવા હોય છે? તેમજ જો ખુદાતાલા આપણું રક્ષણ કરે છે અને આપણી સંભાળ લે છે, તો જીંદગીમાં ગમે એટલાં તોફાનો, ચાહે એવા જોશથી આપણી આસપાસ ઉભાં થાય, તો તેની આપણને શી દરકાર છે?" વળી બીજો લેખક કહે છે, કે "માનવી જાતને એકેક સાથે જોડાણ કરનાર એવો એક પણ ઉતમ ગાંઠ નથી, કે જે આપણને ખુદા સાથ તેજ વેળાએ વધુ મજબુતીથી જોડતો નથી, તથા જે આપણા મનની અંદર કીરદીગાર તરફની સઘળી ઉદાર તથા ઉમદા લાગણીઓનો પાયો નાંખતો નથી."

વળી જે. પલ્સ ફ્રોર્ડ ટીકા કરે છે, કે "એક માનવીનું મોટું ઉદાર દીલ એક ઉમદા ખુદાઇ વાજીંત્ર છે! એવાં એક દીલમાંથી કેવી ઉમદા અસરો આસપાસ ફેલાય છે! જે દીલમાં ખુદાનો વસવાટ છે, તે ઘણા દીલોને, બલકે ઘણી સદીઓ પર્યંત સુર્યસમાન ચલકાટ અને ગરમાવો આપે છે."

"આપણો ખુદા, આપણો સંસારી પીતા અને તેજ માફક દઇવીક પીતા પણ છે. દરેક માણસના ઘરમાં તેનું યજ્ઞકુંડ હોય છે. માટે માનવીએ બેદરકાર ઉપયોગથી તેને ભાંજી નાંખવા તથા તેની રાખ વેરી નાંખવા કરતાં, સંભાળમાં રેહેવું જોઇએ." એ પ્રમાણે રસ્કીન વીચારવંત ટીકા કરે છે.

અને હવે એક બીજા લેખકના વીચારો ઉપર ખયાલ કરો, જે કહે છે કે, "જેટલો બધો આપણાથી આપી શકાય એટલો તથા જેટલાં બહોળાં પ્રમાણમાં આપી શકાય, એટલો પ્યાર આપણે આપવો જોઇએ. કારણકે કુદરતમાં ગરમી જે ભાગ ભજવે છે, તે માણુસાઇ ભુવનમાં પ્યાર ભજવે છે. કારણ કે જેની ઉપર તે પોતાનો પ્રકાશ ફેંકે છે, તેની તે વૃદ્ધી કરે છે, તથા ખીલવે છે, અને સુંદર બનાવે છે. લોકોને તે વધુ મજબુત બનાવે છે, તથા તેમની

---

૧. ભગવદગીતા અધ્યાય ૨, શ્લોક ૩૩ મો, અને અધ્યાય ૩, શ્લોક ૩૫ મો.

૨. વળી જુઓ આગલા પાન ૧૩૨ થી ૧૩૯, ૧૭૫, ૧૭૬, ૨૦૮ વીગેરે.

હાલત હોય છે તે કરતાં વધુ ઉતમ બનાવવામાં, તે તેમને મદદ કરે છે."

ડોકટર ડંકન કહે છે, જે "પ્યાર કર" એટલા બોલોમાં સઘળો કાયદો સમાઇ ગયો છે. "ખુદાતાલા એજ પ્રમાણે પ્યાર દેખાડતો આવ્યો છે," એટલા બોલોમાં આખો ખ્રીસ્તી ધર્મ સમાઇ જાય છે. એ એટલી તો સ્પષ્ટ બીના છે, કે એકકી વેળાએ બચચાંઓ તેમજ જંગલી અભણો (અને શ્યાણાઓ) માટે, તે એક કાયદો, તેમજ ધર્મ છે.

અને હવે આપણે નીચલી મીઠાશભરી અધ્યાત્મીક લીટીઓ ઉપર ખયાલ કરીશું.

"ઓ! શાદીની એક મીજલસમાં બેસવું,
પ્રીય વધુ લાગે તેના કરતાં ફરવું,
ભલા દોસ્તોની સંગત સાધી;
વળી મંદીરે જવું, પ્રીતી તેમની સાથે બાંધી!
મંદીરે જવુ, ચાલવું તેમની સાથે ખાસ,
બંદગી કરવી ભેગા થઇ સર્વે ચોપાસ.
પુરૂષ તેમજ બાળક તથા પ્રીય સર્વે દોસ્ત,
જુવાન્યા અને સુંદર સઘળી નાજનીનો નીર્દોષ.
ઝુંકાવે શીર દરેક જણ તે મોટા પીતા પાસ,
ગુંઠણમંડીયે પડી માંગવું સૌએ, નેક પોતાની આસ."
સલામ! તુંજને છેવટની સલામ હું કરૂં,
અને ભલા મારા શાદીના મેહમાન
(મારા આત્મા) તુંજને શું કહું.
મહોબત જે રાખે પશુ પંખી તેમજ માનવી ઉપર,
જીંદગી તેનીજ છે ખરી, પાક છે તેનુંજ જીગર.
ઉત્તમ તેની બંદગી જેની **મોહબત** છે સર્વો-તમ,
ચાહે છે જે **સઘળી** નાની મોટી ચીજો તમામ.
કારણ કે વાહલો તે ખાવીંદ, જે આપે છે આપણને પ્યાર,
કુલ ખલકતનો તે માલેક ચાહે છે સર્વેને અપાર.

Wherefore came out from among them (idolaters) and Be ye separate, saith the Lord, and touch not the unclean thing (of idolaters), and *I will receive* you, and will be a *Father* unto you, and ye shall be my *sons and daughters* saith the Lord Almighty (2. Corinthians, VI (17-18))...As we have opportunity, let us do *good* unto *all men*, especially unto them who are of the household of faith (Christians). (Galitians (10)).

અર્થ: ઇશ્વર કહે છે કે તેઓ (મુર્તી પુજકો)ની વચમાંથી તે સારૂં નીકળી, જઇને જુદા પડો, અને તેઓ (મુર્તી પુજકો)ની અપવીત્ર (દેવોને અર્પણ કરેલી) વસ્તુને અડકશો મા, અને હું તમને **આવકાર દઇશ**, અને હું તમારો **પીતા** જેવો બનીશ અને તમે **મારા બેટા, બેટીઓ** થશો......જયારે પણ આપણને તક મળે ત્યારે આપણે **સર્વે** માનવીઓનું **ભલું** કર્યે, ખાસ કરીને તેઓનું ભલું કર્યે કે જેઓ (ખ્રીસ્તી) ઇમાન ધરાવે છે. (એજ ધોરણ ઉપર, જરથોસ્તીઓએ ખાસ કરીને પારસી કોમના કલ્યાણ અર્થે શ્રમ લેવો જોઇએ, અને સાથે સાથે કુલ જહાનના મનુષ્યો તરફ બને તેટલા ચાહથી ભલાઇ કરવી જોઇએ.)

૬. પણ ઓ તમ પુરૂષો તથા સ્ત્રીઓ! દુજ (જુઠાણાનો) નો રસ્તો તથા તેની વૃધ્ધીને જાહેર રીતે બંધ કરો. દુજની સેવાના સંબંધમાંથી તમારા શરીર ને છુટું કરો. દુષ્ટ બોરેહ (અથવા નામોશીભર્યા સાધનો) મારફતે મેળવેલું સુખ માણસજાતનો નાશ (કરે છે.)

પાપી માણસો જેઓ અશોઇને ઇજા કરે છે, તેમના (તેમને પગલે ચાલવાથી) થી તમે તમારી મીનોઇ જીંદગીનો નાશ કરો છો.

જુઠાણાનો શેતાન. દુજની પુજા. દુષ્ટ બોરેહ. આત્મીક જીંદગીનો નાશ.

વીવેચન: આપણો **રાહુબર**[1] સંભાળથી પસંદ કરવા માટેનું અત્રે ફરમાન આપવામાં આવ્યું છે. કોઇ વાર એવા તબકકા ઉપર આપણે આવી પહોંચયે છીએ, કે જે વેળાએ અપવીત્ર અધર્મી માણસોની

૧. જુઓ અહૂનવર ઉપરતું હવે પછી આવતું પ્રકરણ.

મદદથી, આપણી હલકી ઇચ્છાઓ ઘડી ભર પાર પડેલી જોઇ, આપણામાં સુખ સંતોષની લાગણી પેદા થાય છે. ફાઉસ્ટનો દાખલો લઇશું, કે જેનું નામ ગથેએ અને રેનલ્ડસે અમર કીધું છે. તેણે બાવીસ વર્ષ તુલીક આ દુન્યાઇ વીષયી મોજમજાહો, પેટ ભરીને ભોગવવાના બદલામાં, બીલઝીબબ (એટલે શેતાનના વજીર) ને પોતાનો આત્મા વેચવાનું સાટું કયું હતું. એ તો ફક્ત ભુલચુકને આધીન થયલી મા ણસજાત તરફથી બનતા, દરરોજના બના વો જેવોજ એક છે. પોતાના ભાઇબંધો આગળ મોટાઇ દેખાડવાના તીવ્ર લો ભથી, આડે રસ્તે દોરવનારી જાદુઇ જ્ઞાન વીદયાની કાંઇક થોડી શકતી મેળવવા કાજે, ઘણાક સેતાનીઅતભર્યા ભોગો લોકો આપે છે તથા નજીસ મંત્રો ભણે છે ખરા. એવી શકતીઓને આ ફકરામાં સખત રીતે વખોડી કાઢવામાં આવી છે, અને ચેતવણી આપવામાં આવી છે, કે તેઓ આપણી મીનોઇ હયાતીનો નાશ કરે છે, કે જ્યાં મરણ પછી પણ તે દુષ્ટ લોકો, પરીઓ, દેવ, દેવીઓ ઇત્યાદી જેમની મદદ લેવામાં આવી હોય છે, તેઓ પેલા બાપડા ભુલેલા જીવોને, પોતાના કાબુમાં રાખે છે, અને અસંખ્ય સુદીઓ સુધી, તેમને પોતાની ઘાતકી ચું ગાલમાં પકડી રાખે છે. વળી પોતાની મરજીની સતાથી, તેઓનો ભ્રષ્ટમાં ભ્રષ્ટ ઉપયોગ કરે છે, કે જે વીષેનો ખયાલ મેળવવો હોય, તો દીલમાં ભુત અથવા શેતાન આવયો હોય છે, તે વેળાનો ભયંકર દેખાવ ફકત યાદ કરવો જોઈએ.

અસ્વચ્છ અથવા કાળું જાદુ કાંઇ વેહેમ નથી, પણ એક જીવતી જાગતી સંસ્થા છે, જેના આપણા બીનઅનુભવી, ઓછી કેળવણી પામેલા, અસંખય ભાઇબંધો ભોગ થઇ પડયા છે. તેઓ એવું માનવાની ભુલ કરે છે કે જે લોકો એવાં કાર્યો બજાવે અથવા એવા દેખાવો જુએ, કે જે સાધારણ માનવીઓ બજાવી અથવા જોઇ શકતા નથી, તેઓને આગલ વધેલા પવીત્ર જીવો તરીકે માનીને, તેમને પુજવા જોઈએ. ખરૂં છે, કે એવો એક આત્મા કદાપી આગળ વધેલો પણ હોય, પણ ઘણાખરા એવા લોકોમાં ખાલી ઢોંગીઓ, બડાઇ હાંકવાવાળા, અને લીસી જબાનવાલા હોય છે, જેઓએ અપવીત્ર રસ્તાઓ અખતયાર કરેલ હોય છે. તે રસ્તાઓ આત્માનો નાશ કરીને, ધીકકાર, એકલપેટાઇ તથા દરૂજના માર્ગ તરફ લઇ જાય છે. હમે શાં અવલોકન કરવું જોઇએ, કે એવો એક 'સાધક' એક સાદી મીતાહારી જીંદગી ગુજારવા પછી, નરમાસભરી નીર્દોષતાથી, કાંઇપણ ઢોંગ વીના, અને પોતાની નજર સામે પવીત્ર, ઉદાર, પ્યારભર્યા, વૃદ્ધીજનક, સહાયકારક ખયાલો રાખીને, એ અખતરાઓ બતાવે છે કે કેમ. જો આ સદગુણો તેનામાં ન હોય, તો તેનાથી ખુબ ચેતીને જરૂર પરહેજ કરજો. તે પોતાના ઝળકાટથી તમને આંજી નાંખશે, અને એક પતંગીઆની માફક તેની ઝળકતી રોશનીમાં તમે બળીને ભસ્મ થશો, અથવા તો તેના લલચાવનારા દીપકના ચીકકટ તેલ ઉપર તમે ચીટકી બેસશો.

ઘણાક દાખલાઓ આ લેખકની આંખ આગળથી પસાર થઇ ચુકયા છે, જેમાં કેટલાક બીનઅનુભવી લોકો, કેહવાતા 'યોગી' અથવા 'સાધુ' ઉપર ભરૂસો મુકીને ભોળવાયા અને પસ્તાયા છે. આજે પણ આ બીના જોવામાં આવે છે, અને કદાચ કોઇપણ એવો કાળ આવશે નહિં, જ્યારે 'ઢોંગીઓ' બાપડા 'એવકુફો'ને બહેકાવી અને ફુસલાવીને, તેમની મારફતે પોતાની કોઇ મતલબ સાધવાને અચકાશે. વળી કેટલાક હઠયોગના કોઇક પ્રયોગો કરી જાણનારાઓ, હૃદયના ધપકારાઓ એક કલાક સુધી બંધ કરનારાઓ, વીચાર વાંચનારાઓ, પ્રાણ બ્રહ્મરંધ્રમાં ખેંચી લેનારાઓ, જેઓ ૧૫, ૨૫ દીવસ મુડદાંના જેવી સ્થિતીમાં પડી રહિ શકે છે, ભવીષ્ય ભાખી જાણનારાઓ, ચોરાયલી અમુક વસ્તુ કયાં છે તે જોઇ શકનારાઓ, મરેલાંઓનાં રૂવાનો સાથે વાતચીત કરી શકનારાઓ, ઇત્યાદી ઘણાક જોવામાં આવે છે ખરા. પણ તેઓમાં આવી કોઇક નજીવી વીચીત્ર શક્તિ હોય, તેથી તેમનેથી અંજાઇ જવું ન જોઇએ. એ

શક્તિ દેખાડીને તેઓ પોતાનાં ખીસાં ભરે છે અથવા ખોટી કીર્તિ ખાટવા ચાહે છે. પણ તેઓ માત્ર કોઈક અસાધારણ શક્તિ ધરાવવાથીજ, આપણા વીશ્વાસને પાત્ર અથવા પવીત્ર લેખાવા ન જોઇએ, એટલું ખુબ ધ્યાનમાં રાખવું અવશ્યનું છે. ખુદ અષોઇમાં જે બળ છે, તેજ માત્ર પવીત્ર છે, અને દેખાવ કરવાની શક્તિઓ, ભુલાવો ખવાડનાર, અહંકાર ઉત્પન્ન કરનાર, હવસોની જાળમાં સપડાવનાર નીવડે છે. માટે તેમને હિન્દુ શાસ્ત્રમાં લલચાવનાર સ્ત્રીઓની ઉપમા આપી છે, અને તેમનેથી સદંતર અલગ રેહવાને ફરમાન આપવામાં આવ્યું છે. કયો માનવી શક્તિ ધરાવતો હોવા સાથે અષો છે, એ જાણવા સારૂં, કેટલોક અનુભવ અને અધ્યાત્મિક જ્ઞાનનો ભારે અભ્યાસ કરવો જોઇએ. તે બન્નેની ગેરહાજરીમાં માનવીઓ ઘણીક ઉલથાપો ખાય છે, અને ધર્મ અથવા મીનોઇ જીંદગીના નામના ઓઠાંઓ પાછળ, જે જે છળકપટો થાય છે, તેમના ભોગો થઇ પડે છે. ત્યારે આટલું જાણવા કે કે વીચીત્ર બનાવો જોવા અથવા દેખાડવાની શક્તિ, અને અષોઇ અથવા દૈવીકપણા (divinity) ને, ભેળી નાખવાની ભુલ કરવી, મુનાસેબ નથી.

૭. તમારી ભીત્તરની તૃષ્ણા, જેના મુળ તમારા (દીલની) અંદરના છેક ઉંડાણમાં પેવશ થઇ ચુક્યાં છે, તે જયારે તદન બહાર કાઢી નાખવામાં આવશે, (અને) જયારે પાપી વીચારોને એકદમ જડમુળથી ઉખેડી નાખવામાં આવશે, ત્યારે તે મહાન કાર્યનો તમને બદલો મળશે. (તેટલા માટે) આ પેહેલવાની (હફ્તેખાન જેવા) પરાક્રમ માટે, તમારી કમર કસો, (નહીં તો કે) છેવટે "અફસોસ! અફસોસ!"ની દયાજનક બુમો મારવી પડશે.

વીવેચન: આપણી રાહબરી માટે ચોકકસ ફરજોના કાયદાઓ, ગાથાઓમાં આપ્યા પછી, શું ન કરવું તે પણ હવે બતાવવામાં આવે છે.

જયારે ગૌતમ બુધ્ધની તેના ભીક્ષુક અવતાર માટે બીમબીસર રાજાએ દયા બતાવવા માંડી, અને તેને પોતાની છોકરી અને રાજપાટ આપવાની લાલચ દેખાડી, ત્યારે તે બોલ્યો, કે "જાળમાં સપડાયલી માછલી, જાળનો લોભ કરે છે કે? સાપના મુખમાંથી નીકળેલું સસલું તે મોઢામાં ફરીને જવાની આરજુ કરે છે કે? જે દીવાથી હાથ બલ્યો હોય, તેને જમીન ઉપરથી ઉંચકવાને કોણ રાજી થાય છે? આંધળાને આંખોની રોશની મળવા પછી, તે પોતાની આંખો બગાડવાની ખાહેશ કરે છે કે? માંદો તાવ આવ્યા પછી ઠંડક આપનાર દવા ચાહે છે. તેની તાવ વધારવા માટે આપણે તેને ગરમ દવા આપીશું કે? મારી દયા કરો મા. બલ્કે જેઓ રાજપાટની જંજાળ અને દોલતના ગમના બોજા હેઠળ કચડાતા હોય, તેમની દયા ખાજો. તેઓ હમેશ બીહે છે, કે જે વસ્તુઓથી તેમને મોજ મળે છે, તે કદાપી ગુમાઇ જાય, અને વળી મોત પાછળ તેઓ પોતાનો ખજાનો અને રાજદંડ સાથે લઇ જઇ શકનાર નથી. મોત પછી, મુવેલા ફકીરના કરતાં રાજાની કોણ વધુ દરકાર કરે છે? મારૂં જીગર કોઇ એકલપેટી વસ્તુ શોધતું નથી. મેં રાજગાદી ખુશીથી છોડી છે, અને જીંદગીની જંજાળમાંથી છુટવાનું પસંદ કરયું છે. મને નવી બંધનો અને ફરજોમાં બાંધવાની કોશેષ કરશો મા. હું મારી સત્યની શોધ બંધનો વગર પુરી કરીશ."

આપણને સબુરી શીખાડવાને માટે, એક જાણીતો સંસ્કૃત શ્લોક ટાંકવામાં આવે છે:-

अधोऽधः पश्यतः कस्य माहिमा नोपचीयते

उपर्युपरि पश्यन्तः सर्व एव दरिद्रति ।

અર્થ:-નીચે નીચે જોવાથી કોઇ પણ (આપણા કરતાં) વધારે મહીમાવાળો (પૈસાદાર) જણાતો નથી. ઉપર અને ઉપર (વધુ નાણાવાળાઓ તરફ) જોવાથી, આપણે પોતાને દરીદ્ર જેવા જોઇએ છીએ.

જે સલ્લાહ બુધે સદીઓ પછી આપી હતી, તેજ સલ્લાહ અહીં આપણને આપવામાં આવે છે, કે "સદગુણ સજો, દીલ પાક કરો અને દુષ્ટતાથી દુર રહો." આ

ત્મીક વૃધ્ધીના દાદર ઉપર આપણો પગ ઠેરવીને મુકવા માટે, હાલ તો આપણી જીંદગીનો ટુંક અરસો આપણા હાથમાં છે. જેઓ 'હાલની' તકો ગુમાવશે, તેમને માટે દલગીરી, પશ્ચાતાપ તથા વીલાપ રહેશે, અને તે પુરતો પસ્તાવો કરવાને, તેઓને ફુરસદનો ઘણો લાંબો વખત મળશે. એક સાબારણ નીતીના સબકો આપનાર, કે જેને ચોક્કસ ધર્મમાં લોકોને વટલવવા માટે બોલવા સારૂં પઇસા આપવામાં આવે છે, તેવા મીશનરીનું આ કાંઇ ખોટું ટાહેલું નથી. પણ તે ઉંચમાં ઉંચ કાયદાઓનું, એવા એક નરનું પુખ્ત અને પ્રસીધ્ધ મત છે, કે જેની સાફ દ્રષ્ટી આગળ જીંદગીની ચોપડી ખુલ્લી પડી હતી, જે કુદરતની અપાર સંપુર્ણતા સાથે એટલો તો એકાગ્ર થઇ ગયો હતો, કે તે સંપુર્ણ જ્ઞાનથી લગભગ સર્વજ્ઞાની લગોલગ આવી ગયો હતો! એક પાપીનો ફેજ કેવો હોય છે, તે વીષેનો સારાંશ એક ઠેકાણે બરાબર આપવામાં આવ્યો છે કે, "જયાંસુધી આપણે પાપ કરવા લલચાવાના છીયે ત્યાંસુધી શેતાન આપણી આગળ એક ટુકડાખાઉ છે; જયારે આપણે પાપ કરી ચુકયે છીએ, ત્યારે તે એક જુલમગાર જેવો છે." આ શીખામણ કદી ભુલવી નહીં.

'સઉથી મોટામાં મોટું પ્રાક્રમ' જેવીષે ઉપલા ફકરામાં ઇશારો છે તે. અહુર મઝદને પહોંચવામાં સમાયલું છે. જે લોભ લાલચને માટે ઉપર બોલવામાં આવ્યું છે, તે માટે જીસસ ક્રાઇસ્ટ આ પ્રમાણે કહે છે "કોઇપણ શખસ બે શેઠોની સેવા બજાવી શકે નહીં......ખુદા અને કુબેર (દોલતનો દેવ) એ બેઉને તમે એકજ વળાએ પુજી શકશો નહીં. તેટલા માટે હું તમને કહું છું, કે તમારી જીંદગીનો વીચાર કરતા ના, કે તમે શું ખાશો, શું પીશો, અથવા તે તમારા શરીર વીષેનો, કે તમે શું પહેરશો, એ બાબેનો કદી વીચાર કરતા ના. શું ખોરાક કરતાં જીંદગી વધારે નથી, અને ઘરેણાં કરતાં શરીર વધારે નથી?...... તેટલા માટે એમ જરા પણ વીચાર કરશો ના કે તમે ખાશો શું? અથવા પીશો શું? અથવા કપડાં કયાંથી પહેરશો? (કારણ કે મલેચ્છ (કાફર) લોકો બસ એવીજ નીર્જીવ ચીજો માંગે છે;) કારણ કે તમારો દઇવીક પીતા જાણે છે, અને (યાદ રાખે છે) કે આ સઘળી વસ્તુઓની તમને જરૂર તો છે. પણ પેહલાં તમે ખુદાના રાજય અને **તેની** અપોઇ શોધો; અને આ સઘળી ચીજો તો તમને આપોઆપ બક્ષવામાં આવશે. તેટલા માટે કાલનો વીચાર કરશો મા; કારણ કે કાલનો વીચાર કાલે થઇ રહેશે. આજ દીવસનું દુઃખ આજના દીવસ (માટે) પુરતું છે. (તેમાં શા માટે કાલના દુઃખનો ઉમેરો કરો છો?)" "જે કોઇ પોતાના પીતાને અથવા માતાને મારા (આત્મા) કરતાં વધુ ચાહે છે, અને જે પોતના દીકરા અથવા દીકરીને મારા કરતાં વધુ ચાહે છે, તે મારી આગળ આવવાને લાયક નથી. અને જે મારા મોકલેલાં સંકટો (જીંદગીના નીમેલાં સુખ દુઃખો અને વીપતીઓ) વેદતો નથી તથા મારી પુઠે ચાલતો નથી, તે મારો ચેલો થવાને લાયક નથી. જે (નીચ ભુવનની) જીંદગી પ્રાપ્ત કરે છે, તે ખરેખર (આત્મીક) જીંદગી ગુમાવી દે છે અને જે મારે ખાતર (દુન્યવી) જીંદગી છોડી દે છે, તેને ખરી જીંદગી મળશે."

"જે કોઇ માણસ મારી પાછળ આવવા ચાહે છે, તેણે પોતા ઉપર કાબુ રાખવો (સઘળી ઇંદ્રીયવીષયી હઇયાતીનો ત્યાગ કરવો) જોઇએ, અને પોતાનાં સંકટો વેઠવાં જોઇએ, અને મારી પુઠે ચાલવું જોઇએ. કારણકે જેબી કોઇ પોતાની (નીચ) ભુવન ઉપરની જીંદગી **સંભાળશે,** તે તે (ઉંચ ભુવન ઉપરની જીંદગી) ખોહશે, અને જેબી કોઇ મારે ખાતર પોતાની (દુન્યવી) જીંદગી ખોહશે, તેને તે (ઉંચ હોશ) મળશે. કારણકે (તમેજ વીચાર કરો કે) એક માણસને આખી (બહારની) દુન્યા પણ મળે, તોપણ જો પોતાનો આત્મા (જેમાં સઘળું પરમસુખ, જોર તથા ડહાપણ સમાયલું છે) તે ગુમાવી દે, તો તેને શું ફાયદો હાસલ થાય? અથવા પોતાના આત્માના બદલામાં એક માનવી શુ લેવાની આશા રાખે છે (જયારે જગતમાં એવી અમુલ્ય ચીજ મળતીજ નથી)? કારણકે માનવી મા

ત્રનો બેટો (આત્મા) તેના બાપની કીર્તી ગાવાને ફરેશ્તાઓ સાથે આવશે; અને પછી તે દરેક માણસને પોતાના કાર્યો પ્રમાણેનો બદલો આપશે." (સેંટ મેથ્યુ ૬, (૨૪ ૪.) ૧૦, (૩૭-૩૯,) ૧૬, (૨૪-૨૭.) "અને જો હું મારાં દીલને એમ કહીશ, કે ઘણા વર્ષો સુધી ચાલે એટલું દ્રવ્ય તેં ભરી રાખયું છે; માટે હવે બેફીકર રહે, અને ખાઈ પીને મજાહ કર. પણ ખુદાતાલા તો મને કહેશે, કે અરે મુર્ખ! આજે રાત્રે તારા પ્રાણને, તારાં શરીરમાંથી ખેંચી લેવામાં આવશે (યાને તારૂં મરણ નીપ જશે), ત્યારે આ સઘળી એકઠી કરેલી ચીજો કોણ કને જશે? જે પોતા માટે ધન દોલત એકઠું કરે છે, તે એવોજ (બેવકુફ) છે, અને ખુદાઈ (આત્મીક) ખ જાનો તે સંગ્રહી રાખતો નથી......બી હશો મા! (મારાં) નાનકડાં ટોળાંઓ, કા રણ કે તમારા પીતાની ખુશી તમને ભીત રનું દઈવીક રાજય આપવાની છે. તમા રી પાસે જે હોય, તે વેચી નાખો અને તે સખાવતમાં (આપી દેઓ) વાપરો; તમારી પાસે એવી કોથળીઓ રાખો, કે જે જુની થાય નહીં; એટલે કે એવો દઈવીક ખજાનો કે જે કદી ખુટે નહીં અથવા તો જયાં કદી ચોર આવી ને લુટી શકે અથવા જેને કદી ઉધાઇ લાગે નહીં. કારણ કે જયા તમારો ખજાનો છે, ત્યાંજ તમારૂં દીલ પણ રહેશે." (સેંટ લ્યુક ૧૨, (૧૯-૩૫)). "ખરેખર, ખરેખર, હું તમને કહું છું, કે એક ઘઉંનો દાણો ભોંયની ઉપર બહાર પડે અને કોહીને મરી ન જાય, તો (તેને કાંઈ પણ ફળ પ્રાપ્ત થયા વીના) તે એકલો અટુલોજ રહેશેઃ પણ જો (ભોંય માં રોપવા પછી) તે મરી જાય, તો તે મોટો પાક આપશે. જે પોતાની (નીચલી) જીંદગીને ચાહે છે, તેને તે ખોવી પડશે; અને જે આ દુન્યામાં પોતાની (શારિરીક) જીંદગીને તુચ્છકારે છે, તે (પોતાની ઉંચ જીંદગીને) હંમેશગી સુધી સાચવી રાખશે." (સેંટ જોન ૧૨, (૨૪-૨૫)). તેટલા માટે તેજ માફક તમારામાંનો જે બી કોઇ તેની પાસે જે સઘળું હોય તે તજી દેશે નહીં, તો તે મારો ચેલો બની શકશે નહી. મીઠું સારૂં છે; પણ જો મીઠું (ચેલો) પોતાનો ખારાશ ગુ માવે છે, (એટલે કે દુન્યાઈ ચીજોને વળ ગી રહીને અશોધ ખોહી દે છે,) તો પછી (ખોરાકમાં) તેનો સ્વાદ શું રેહશે? મટટી તરીકે અથવા તો ખાતર તરીકે પણ તે વપરાસમાં આવશે નહીં, પણ લોકો તેને (બીલકુલ નકામું તરીકે ગણી ને) ફેંકી દેશે. જેને સાંભળવાને કાન છે, તે ભલેને સાંભળે!" (સેંટ લ્યુક ૧૪(૩૩-૩૫)).

માન ખાટવાની હોંશ પણ લોભ લાલચ તરીકે લેવાય છે. અને જીસસ ક્રાઇસ્ટે કહ્યું છે, કે "સઘળાં લોકો મારા નામને ખાતર તમને ધીકકા રશે; પણ જે (પોતાના સંકટો) છેવટ સુ ધી ખમશે, તેને બચાવી લેવામાં આવ શે." (સેંટ માર્ક ૧૩.(૧૩)). "તમે જે ઓ હાલ ભુખમરો વેઠો છો, તેમની ઉ પર ખુદાના આશીરવાદો છેઃ કારણ કે ત મને પુરતુ ભોજન (આખરે મળશે). જેઓ હમણા રૂવો છો, તેઓના ઉપર પણ ખુદાઇ આશીરવાદો છે; કારણ કે આખરે (ઉચ ભુવનો ઉપર) તમે હસ શો. જયારે લોકો તમને ધીકકારશે, અને જયારે તેમની સંગતથી તેઓ તમને દુર કરશે, અને તમને ઠપકો આ પશે, અને માનવી જાતના બેટા (ક્રાઇ સ્ટ)ને ખાતર તમારૂં નામ દુષ્ટ ગણશે, ત્યારે તમે ખુદાના ખરા આશીરવાદ પામશો. તે દીવસે ખુશાલ થજે, અને ખુશાલીથી કુદકા માર્જે, કારણ કે જો, તારો બદલો બેહેશ્તમાં (આત્મીક દુનયામાં) મોટો છે. કારણ એજ પ્રમાણે તેઓના (સાધારણ લોકોનાં) બાપદાદાઓ પેગંબરો સાથ વ ર્તતા આવયા છે, (તેમની ઉપર જુલમ જબરદસ્તી ચલાવવામાં આવી છે તથા તેમને મારી નાખવામાં આવયા છે)." (સેંટ લ્યુક ૬, ૨૦-૨૩).

તમને બોધ દેવામાં આવે છે, કે તમા રાં શરીરની સલામતી માટે પણ અધીરા થવું નહીં. "જેઓ શરીરને મારી નાંખે છે, તેમનાથી બીહતા મા. તેઓ શરીરને મારવા પછી કાંઇ પણ વધુ કરી શકશે નહી (એટલે, મોત બાદ પણ વધુ વખત શીક્ષા આપવાનું

તેમના હાથમાં નથી). પણ તમારે કોણથી બીહવું જોઈએ, તે માટે હું તમને ચેતાવીશ. મારી નાંખવા પછી જે તમને દોજખમાં (એટલે કે અંધકાર ભર્યાં અને આગળ વધી ન શકે એવી હાલતના ભાનમાં) મોકલવાની શકતી ધરાવતો હોય, તેનેથી ડરજો, હું તમને કહું છું, કે **તેનાથી ધ્રુજજો"** (સેંટ લ્યુક ૧૨, ૪–૫).

લોભ લાલચ.

પાપી વીચારો.

એ બાબદમાં શ્રી કૃષ્ણ કહે છે, કે, "પાણીથી ભરપુર મહાસાગર તેની અંદર સર્વે નદીના પાણી રહે છે, તે છતાં છલકાતો નથી. તે માફક જેના દીલમાં ઇચછાઓ ઉભી થવા છતાં, જે તેમનેથી હાલતો અથવા દોરવાતો નથી, તેને શાન્તી મળે છે; પણ જે ઉત્સાહથી ઈચ્છાઓ માંગ્યાજ કરતો હોય, તેને શાન્તી કદી પ્રાપ્ત થઇ શકતી નથી. સઘળી તૃષ્ણાઓ અને તલપોથી અલગ થઈને, પોતાનાં હુંપણાના એકલપેટા વીચાર વગર, જે સઘળી દુન્યવી ઉમેદો છોડી દે છે–તે ખરી શાંતીમાં પેશે છે." (ભગવદગીતા ૨, (૭૦.૭૧)). "(કર્મોનો) પરીત્યાગ અને કર્મનો યોગ, એ બંને સર્વથી ઉંચામાં ઉંચ પરમાનંદ તરફ લઇ જાય છે. એ બેમાં કર્મનો યોગ, કર્મના ત્યાગ કરતાં ખરેખર અધીક ઉત્તમ છે. જે કોઇ શખસ કોઇપણ ઇચ્છા રાખતો નથી અથવા તો કાંઇપણ રીતનો ધીક્કાર ધરાવતો નથી, તે સર્વ ચીજનો નીત્ય ત્યાગી તરીકે ઓળખાવો જોઇએ. અકે કથી સામસામી દ્વંદ્વ (duality) શકતીઓ અને હાલતોમાંથી છુટો થઇને, ઓ મહાબાહુ! બંધનમાંથી તે સહેલથી મુકત થાય છે,......જેનો આત્મા બહારના સ્પર્શોથી આકર્ષાતો નથી તથા જેણે યોગથી હંમેશગી (પરમાત્મા) સાથે પોતાના આત્માને અઇકય કરી, પોતાના આત્મામાં જે ખુશાલ રહી શકે છે, તેનેજ અવીનાશી સુખ પ્રાપ્ત થાય છે." (ભગવદગીતા ૫ (૨. ૩. ૨૧)). બદલાની આશાથી સ્વતંત્ર રહીને, (પોતાની) ફરજ તરીકે જે પણ (જીંદગીના) કાર્યો બજાવે છે, તે એક સન્યાસી છે, તેજ ખરો યોગી છે. જેની પાસે (ઘરનો) આતશ ન હોય અથવા જે ક્રીયા કરતો બંધ થયો હોય, તે ખરો યોગી કહેવાતો નથી. જે પરીત્યાગ કહેવાય છે, તેનેજ તારે યોગ તરીકે ઓળખવો, ઓ પાંડવ! અને (યાદ રાખજે કે) સાધીક શકતી (ભવીષ્યને માટે ગોઠવણ કરનારી કલ્પના શકતી)નો ત્યાગ કર્યા વીના કોઇપણ યોગી થઇ શકે નહીં....જયારે તેના વશ કરવામાં આવેલા વીચાર, ઇચ્છવા લાયક ચીજોની તૃષ્ણાથી મુકત થઇને, તેના આત્મા ઉપરજ ચોંટાડેલો હોય છે, ત્યારે "તે અઇકય થએલો ગણાય છે". "કલ્પનાશકતીથી નીપજતી સઘળી ઉમેદો અને અભીલાષાઓનો કોઈ પણ અપવાદ રાખયા વીનાં, સંપુર્ણ ત્યાગ કરી, મનની અંદર દરેક બાજુથી થતો ઇંદ્રીય બુધીક સમુદાયના જમાવનો અટકાવ કરી, સ્વસ્થપણાથી કાબુમાં લાવેલી તર્કશકતીની મારફતે, રફતે રફતે તેણે શાંતી મેળવવી જોઇએ. આત્માની અંદર મનને રોકી રાખીને, બીજી કોઇ પણ ચીજનો તેણે વીચાર કરવો જોઇએ નહી." (ભગવદગીતા ૬.(૧૨, ૧૮, ૨૫)). મારી સાથની ઐકયતામાં આશ્રો લઇને, તારાં હલકાં ભાનને કાબુમાં રાખી, કાર્યોનો સર્વ બદલો લજી દે. (ભગવદગીતા, ૧૨ (૧૧)). કોઇ પણ મગરૂરી અથવા ખયાલી મોહમાયા વગર, વળગણ (attachment) ના દુર્ગુણ ઉપર જીત મેળવીને, પોતાનાજ આત્માની અંદર વસવાટ કરતા, ઈચ્છાઓ તર્ક કરી બેઠેલા, તથા સુખ અને દુઃખ વીગેરેની સામસામી લાગણીઓથી જેઓ છુટા થએલા હોય છે, તેઓ (યોગીઓ) મોહથી મુકત બનીને, તે અવીનાશી માર્ગ કાપે છે, (ભગવદગીતા ૧૫.૫). ઓ કુન્તીના બેટા, પ્રકતીના સ્પર્શો, જેમનેથી ઠંડી અને ગરમી, સુખ તથા દુઃખ ઉત્પન્ન થાય છે, તેઓ અસ્થીર રીતે આવે છે અને જાય છે. પણ તેમને બહાદુરીથી વેઠ ઓ ભારત! અરે માનવી જાતના સુખી! જે માણસને આ ચીજોથી સંતાપ ઉપજતો નથી, અને જે ખુશાલી તથા દલગીરીમાં એક સરખું સમતોલપણું જા

ળવીને દઢ રહે છે, તે અમગીર્ મેળવવાને લાયક છે. (ભગવદગીતા ૧૧, (૧૪ અને ૧૫)).

૮. દુષ્ટ લોકોનો પરાજય થાઓ! તેમને ધીક્કારથી હસી કાઢવામાં આવે, અને તેઓ શોકમાં ગરકાવ રહે! જેઓ અપ! સત્તા ધરાવે છે, તેમનેથી તેઓ દુઃખ પામે તથા તેઓને જખમો (ખરાબી) પહોંચો! કુટુંબો અને રહેઠાણોમાંથી તેમને અ રતરફ કરવામાં આવે. (પાપી દુષ્ટ માણસ) એ ફાંસાઓમાં પડો અને બેડીમાં જકડેલા હાથો તેને હલાવવા પડો! સર્વથી બુરી મરકી તેને જલદીથી પટકી નાખે!

વીવેચનઃ પાપી લોકો પોતાના બદ કર્તુકોથી દુન્યામાં જે આફત ફેલાવે છે, તેઓ ઘણા ભયંકર શ્રાપોને પાત્ર અત્રે ઠરેલા છે. જો કે ઉપલા ફકરામાં એથી ઉલટું જ લખેલું હોય એમ જણાય છે, તો પણ દુષ્ટ લોકોને આપણે કાંઇ તુચ્છકારશું નહીં, પણ તેમના ધીક્કારવાજોગ ગુણો સાથે બાથોબાથ લડીશું. તે લોકોની જીંદગીને આપણે બુરૂં ઇચ્છશું નહીં, પણ સઘળા નીતીના તેમજ કાયદેસર સાધનોની મદદથી, તેઓથી જે દુર્ગુણ દેખાડવામાં આવતો હોય, તેનો નાશ કરવાને આપણે હંમેશાં તઇયાર રહીશું. આગલી યસ્નોમાં અપાયલા પ્યારના બોધો આપણે ભુલી જવા ન જોઇએ. દુષ્ટ વીચાર આપણો મોટામાં મોટો વેરી છે, અને તેના પંજામાં જેઓ સપડાયલા છે, તેઓ ઉપર હુમલો કરવાને બદલે, આપણે તેમના પણ વેરીની ઉપર હુમલો કરવો જોઇએ; કારણ કે વાંક સઘળો તે (ખરાબ વીચાર)નોજ છે; તે દુષ્ટ વીચારમાં સપડાયલાં શરીરોનો શો દોષ?

આપણે ભુલવું ન જોઇએ, કે આપણે સઘળાં માણસાઇ ખવાસ ધરાવીએ છીએ, અને દરેકમાં મંદ પડી રહેલું ખુદાઇ તત્વ તો હોય છેજ. વળી જેઓ હાલ અધોઇથી વેગળાં થઇને ભટકે છે, તેમને માટે પણ, લાંબા વખત પછી, કોઇક એવો સુંદર સમો આવશે, જયારે તેઓ પોતાના પીતાની ગોદમાં ફરીને જઇને બેસશે. સાધારણ રીતે, જે માનવી ભયંકર વામ માર્ગી જાદુગર ન હોય, તે માત્ર કીનોકપટ અથવા ધાતકીપણાના વીચારથી આડે રસ્તે જતો નથી, પણ પોતાની હલકી ઇચ્છાઓની, અંદરખાનેની પ્રેરણાઓને તૃપ્ત કરવાને માટેજ, તે બુરો માર્ગ અખત્યાર કરે છે. ત્યારે માણસાઇ નબળાઇ અને વીલાપનું આ કારણ જાણવા પછી, આપણે હંમેશાં દયાળુ રેહેવું જોઇએ. પ્યાર તથા માયીથી, અહુર તરફ લોકોને પાછા ખેંચવાની આપણે કોશેષ કરવી જોઇએ. આવી વળાણ અખત્યાર કર્યા બાદ, દરેક જાતની નાપાકી સામે આપણે હીંમતથી લડત મચાવીશું, અને કોઇપણ કારણ માટે તેમ કરવાથી પાછા હઠશું નહીં.

જો આપણે યાદ કરીશું કે આગલા ફકરાઓમાં, ઉધરતા આત્માઓના પ્રકટીકરણના ઉત્તમ કારણ અર્થે, ભલું બુરૂં બેઉ અહુરમાંથીજ પેદા થયાં છે, એમ જણાવ્યું છે, તો શ્રાપોથી ભરપુર આ હાલનો ફકરો, ગાથાઓ સાથે બીલકુલ બંધબેસતો જણાતો નથી, અને એવો કાંઇક વહેમ ઉત્પન્ન કરે છે, કે આ ફકરો પછવાડેથી કોઇએ ગાથાઓમાં અધીકાર વીના ઉમેર્યો હોય! ગાથાના ઘણાક ફકરાઓમાં, પ્યારના મુખ્ય સદગુણ ઉપર, તદન યોગય રીતે અતિષય ભાર મેલવામાં આવેલો આપણે જોઇએ છીએ. જીંદગીનાં દુષ્ટ, કાલાં પાસાં ઉપર જેટલું ઓછું બોલશું તથા ઓછો વીચાર કરીશું, તેટલી વધુ સહેલાઇથી, આપણે તેને દુર રાખી શકશું, અને આપણાં શ્રમ વેઠતાં ભાઇબંધો માટે પણ, એજ પરીણામ મેળવવાનું સહેલ કરી આપી શકીશું. હાલના વખતની **"નવા વીચાર"(New Thought)ની** હીલચાલનો, અને પુરાણા જમાનાથી ચાલતા આવેલા જાદુઇ ઈલમનો ભેદી નીયમ એ છે, કે દરેક માનવીનો મજબુત વીચાર, તે માણસની ચાલચલણ તથા નીતી રીતી ઘડે છે. અને તેની મજબુત મનશકતી, તે ચાહે એટલી હદ સુધી, તેની આસપાસના સંજોગોમાં ફેરફાર કરી શકે છે. કારણ કે છેવટે તો માણસાઇ ઇચ્છાશકતી બાતેનમાં દઈવીકજ છે. તેટલા માટે મનમાંથી પાપ વીષેના સઘળા વીચારો અને બદ દુવાઓ તદન કાઢી નાંખવાની, આપણે જરૂર જોઇ શકીએ છીએ.

૯. ખોટાં યકીનવાળા લોકોને લીધે, તારા ખરા ભક્તીભાવ ધરાવનારા ધર્મના ઉપાધ્યાઓને દુ:ખ ખમવું પડે છે. જે ઓ જાણી જોઇને અષોઇની (સામે જાય છે અને) હાની કરે છે, તેઓ પાપી ગણાય છે. એવો એક ખરો ગુરૂ કયાં છે, કે જે તેમની એવી દુષ્ટ સ્વતંત્રતા તથા જીંદગીનો નાશ કરે? ખરેખર એ મઝદ તારી સત્તા (એવી છે), કે એક ગરીબ માણસ, જે પવીત્ર જીંદગી અખત્યાર કરે છે, તેની તું ઉન્નતી કરે છે.

અધર્મીપણાને ફેવામાં આવતા શ્રાપો.

વીવેચન: નાસ્તીકપણાનો ફેલાવો મોબેદો અને પાદરીઓના કામમાં હરકત નાખી, તેને બહુ મુશ્કેલ બનાવે છે, એમાં કાંઇ શક નથી. જેઓ જાણી બુજીને કાયદાની સામે થાય છે, તેઓજ ખરી રીતે ગુનેહગાર છે. જે ઓ અનજાણપણે અથવા તો અજ્ઞાનતાથી એવે ખોટે માર્ગે દોરવાય છે, તેમનામાં અને ઉપલા લોકોમાં મોટો તફાવત છે.

ખોટું યકીન.

ગરીબ પણ પવીત્ર માણસની ઉન્નતી.

અહુરના અમલનો ઇનસાફ કેટલો વાજબી છે, તે એ ઉપરથી જણાય છે, કે ગરીબમાં ગરીબ માણસને બેહેસ્ત તરફ આગલ વધવાને, એક મોટામાં મોટા શ્રીમંત માણસના જેટલોજ સંભવ છે. ખુદ ગરીબાઇની વખાણમાં જેરમી ટેલર આ પ્રમાણે લખે છે. "ગરીબાઇ એવી હાલત છે, કે જે લોભ લાલચથી દુર છે, ભયની વેળાએ સહીસલામત છે, એકજ જંજાલ શીવાય ખુદાઇ સહાય હેઠળ સલામત છે, અને સ્વર્ગમાં રોજની જેની બરદાસ્ત થાય છે, અને જેના નીભાવ અર્થે ખુદાતાલા પોતે રોજનું એકેક ફરમાન મોકલે છે. તે એક એવી શ્રેષ્ટ હાલત છે, કે જે ક્રાઈસ્ટે બુલંદ અવાજે પોતાને માટે કબુલ રાખી હતી, અને જે માટે ઘણાક શાણા લોકો રોજની પ્રતીજ્ઞાઓ લે છે."

"ગરીબાઇથી તમો શું ડરો છો? ગરીબ લોકોને ક્રાઇસ્ટે આશીર્વાદ પામેલા માનતો હતો. મેહેનત કરવા માટે શું તમને ડર લાગે છે? કોઇબી કસરતબાજને પરસેવો પડયા વગર ઇનામ મળતું નથી. ખોરાક કેમ મેળવશો તેનો શું તમને વીચાર આવે છે? આસ્થાવાળાને ભુખની પણ ધાસ્તી હોતી નથી. ભુખમરાથી તવાયલાં તમારાં શરીરને, ખુલ્લી જમીન ઉપર નાખવા માટે, શું તમે બીહો છો? યાદ રાખજો કે મહાન ગુરૂ પોતે તેવી હાલતમાં તમારી સાથેજ સુશે. પીખાયલા બાળવાળાં માથા સાથ ફરવાને તમને શું આંચકો લાગે છે? સોચો કે તે ટાંકણે તમારૂં માથું ક્રાઇસ્ટ પોતેજ છે. અત્યંત એકાંતવાસમાં રેહવાની શું તમને ધાસ્તી લાગે છે? તે એકાંતવાસમાં જીન્નતમાં ફરતા હોવ, એવું તમે અનુભવશો. એકાંતવાસમાં જેટલી વખત તમે બહેસ્તનું ધ્યાન ધરશો, તેટલી વેળાએ તમે એકલવાઇ, નીરાધાર હાલતની બહાર નીકળી જશો!" (સેંટ જરોમ, હીબર્ટ લેકચરો, પાનુ ૧૬૫).

એસાઇના સેંટ ફ્રાન્સીસે, પોતાના જોડયા અમીર ઉમરાવો સાથે, મોટી પદવી ઉપર રહી, મોજશોખ અને એશઆરામ ભોગવવાને બદલે, ધાર્મીક ખ્રીસ્તી સાધુઓની સાથે સાથે, ગરીબાઇ તથા નીંદા કબુલ કરી. ટારસસવાળા પોલે ખુદાના ધાર્મીક માણસો સાથે સંકટ વેઠવાનું પસંદ કર્યું હતું. ગઉતમબુધ્ધે સ્વસ્થપણે, પણ કીર્તીથી, મોટામાં મોટો પરીત્યાગ (Great Renunciation) પ્રાપ્ત કર્યો હતો. હીબરૂ ભજનો ગાનાર ધર્મગુરૂ એવું કહે છે, કે "દુષ્ટ બદકર્મોના (શ્રીમંત) ધામોની અંદર રેહવા કરતાં, મારા ખુદાના ઘરના દરવાન તરીકે રેહેવું, હું પસંદ કરીશ." બહાઉલ્લા પણ આવા સાદા, તોપણ મોતેબર દાખલાઓની પુઠે ચાલ્યો હતો. તે ઈરાનના એક વઝીરનો દીકરો હતો, અને એક ઉમરાવ તોખમનો, કુલીન, ધનવાન પુરૂષ હતો, પણ તેણે ગરીબાઇ, નીંદા, દુ:ખો, પરીત્યાગ, અને સર્વથી ઉતરતી પંક્તી પસંદ કીધી. બહાઉલ્લા ઉપદેશ કરતો હતો, કે "દોલતમાં ધાસ્તી અને ભય છુપાયલાં છે; આ દુન્યાની ધનદોલતનો કાંઇ ભરોસો નથી; જેપણ નાશવંત અને ચલીત

(ફેરફારને આધીન હોય) છે, તે આગળ કોઈપણ વેળાએ ગણકારવામાં આવયું ન હતું, અને હાલ પણ તે દરકાર કરવાને લાયક નથી.'' મહમદ પેગંબરની મીસાલ તે પણ પુકાર કરતો હતો કે 'ગરીબાઈ મારી કીર્તી છે.' ''તું સોના, રૂપાંની ઇચ્છા કરે છે, અને અમે તેનેથી અલગ થવા ચાહીએ છીએ. તારૂં દ્રવ્ય તું તેમાંજ માને છે, જયારે તેનેથી છુટા થવામાં, હું તારી ખરી દોલત સમાયલી સમજુ છું. મારી જીંદગીના કસમ છે! એ મારો પોતાનો અનુભવ છે, જયારે ઉપલી તો તારી કલ્પનાશકતી છે; તારા વીચાર સાથ મારો વીચાર કેમ મળે! ગરીબાઇથી દલગીર થતો ના, અથવા તો તવંગીરીમાં નભરવસ બનતો ના. સર્વે કાળે ગરીબાઇની પછવાડે ધનદોલત આવેછેજ. અને હમેશ ધનદોલતની પછવાડે ગરીબાઇ આવનાર છેજ.........ધનદોલતના વીચારોનો કચરો તારાં મનમાંથી કાઢી નાખ, અને ગરીબાઇના બહેશતમાં સંપુર્ણ શાન્તી સાથે દાખલ થા. એમ કરવાથી મોતના ઝરામાં છુપાયલો અમગીંનો મીઠો રસ તું ચાખશે. જો નસીબદેવી તારી ઉપર પ્રસન્ન થાય, તો તેથી ફુલાઇ રખે જતો. જો તારી ઉપર કાંઇ નામોશી આવી પડે, તો તેથી દલગીર થતો ના; કારણ કે એ બેઉ પોતાનો વખત આવવે, રહી જશે. જો તું અમગીંનું રાજય જોઇ શકે, તો ખરેખર આ નાશવંત દુન્યાઇ ચીજો તું છોડી દેશે. પણ તે અમર રાજયને છુપું રાખવામાં અને આ દુનયાઇ ચાઇ ચાઇને ખુલ્લી પ્રસીધ્ધ બનાવવામાં, ડહાપણ સમાયલું છે. અને તે શું છે તે માત્ર પવીત્ર ખાલેસ અંતકરણોનેજ માલમ છે.''

ખરૂં સુખ અશોઇથી મળે છે. તેટલાં માટે જાતી મેહનતથી તે જરૂર મેળવી શકાય છે. વાસ્તે કોઇએ બીજાઓની અદેખાઇ કરવાની કાંઇ જરૂર નથી અને વળી આપણે હંમેશાં યાદ રાખવું જોઇએ, કે

'જંગી એક અખંડતાના છીએ
આપણે સર્વે ભાગ,
છે કુદરત જેનું શરીર, અને ખુદા
આત્મારૂપી ચેરાગ''.

છેવટે વાંચનારા સુજ્ઞ નર, નારીઓને મારી નમ્ર વીનંતી છે, કે દીનનેજ તમારા ગુરૂ તરીકે સ્વીકારશો. તેજ માર્ગનો દીપક છે, અને તે જાળવવા માટે જીવનો જોખમ આવી પડે, તોપણ ડરશો મા. ધર્મનું તખ્ત અષોઇ છે, અને તે તખ્તના જવાહીરો, પ્યાર અને ઇનસાફ છે. સત્ય અષોઇમાં વસે છે, અને દરેક જીવ જે અષોઇ પ્રાપ્ત કરવાને ખાહેશ કરે છે, તે જીવ સત્ય મેળવવાને ખરેખર લાયક બને છે. જીવતરની નેમ અને હેતુ સત્ય છે. દુન્યાઓ સર્જવામાં આવે છે, કે તેમની અંદર સત્ય આવીને વાસો કરે. જેઓ સત્ય શોધતા નથી, તેઓ જીંદગીની નેમ ભુલ્યા છે. સત્ય સર્વવ્યાપક, અમર અને અતિકીર્તિમાન છે. દુન્યાઓનો નાશ થશે, પણ સત્ય અમરજ રહેશે. જેઓ સત્ય માર્ગે ચાલે છે, તેઓ જરૂર સુખી હોય છે. ધર્મે બુરાઇનું મુળ પીછાણ્યું છે, માટે ખુશ થાઓ! મુક્તીનું અચુક સાધન ધર્મ મેળવી આપે છે. મનનો મોહ અને મોતના ડરને ધર્મ દુર કરે છે. દુઃખી અને આઝાબ પામેલાને ધર્મ શાન્તી બક્ષે છે. દરેક ઘાયલ થયલા માટે, ધર્મ મલમ પુરો પાડે છે, અને ભુખ્યાને રોટલી મેળવી આપે છે. તરસ્યાને પાણી અને નીરાશીને આશા આપે છે. અંધકારમાં હોય તેને અજવાળું, અને સત્ય પુરૂષને અપાર સુખ મેળવી આપે છે.

તમે ઘાયલ થયેલાઓ, મલમ લગાડી સાજા બનો! ભુખ્યાઓ પેટ ભરો! થાકેલાઓ આરામ કરો! અંધારામાં બેઠેલાઓ હવે દીવા તરફ નજર ઉંચકો! એકલા પડી ગયલાઓ હવે આનંદ કરો! સત્ય ઉપર પુર્ણ વીશ્વાસ રાખો! આપણે સર્વે આપણો માર્ગ જોઇ અને આપણાં પગલાંઓ મકકમ રીતે આગળ લંબાવી શકીશું.

માત્ર સત્ય આપણાં દર્દો સાજાં કરે છે, દોજખ એટલે દુઃખ અને અંધકારમાંથી બચાવે છે, જીંદગી અને મોતમાં દીલાસો આપે છે, અને ભુલોનાં પરીણામો ઉપર જીત મેળવે છે.

ખરા આત્મા અને હલકા હવસ વચ્ચે તફાવત પીછાણો! હવસો અને નીચ ભ

નને બુજાવવું અને એકલપેટાઇને લજવું, તેજ મોક્ષ, અમગીર્ (અમેરેતાત) અથવા નીર્વાણ છે. મોજશોખને માટે નજીવતાં જે સત્ય (અષ) ઉપર આધાર રાખે છે, તેજ ખરા આનંદને પહોંચે છે. જે હવસના મોજાઓમાંથી છુટીને શાન્તી પ્રાપ્ત કરે છે, તેની દેવતાઓ પણ અદેખાઇ કરે છે. તેમાંજ મુક્તિ, બહેસ્ત, (વહીશ્તેમ અહુમ) અને અમર જીંદગી છે. ખુદ દીનની નેમ મુક્તિ (વહીશ્તેમ અહુમ) છે, તે ઉપર લક્ષ ચોંટાડો!

અષોઇ પાળો, નીતીમાન અને અકકલ પસંદ જીંદગી ગુજારો. દુન્યવી ચીજોનાં ક્ષણભંગુરપણા ઉપર મનન કરો, અને મનને ઉંચ હાલતમાં રાખો. બહારની કોઇપણ વસ્તુઓ ઉપર નહીં, પણ તમારાં પોતાનાં મનની અંદર, તમારી ખુશાલીનો આધાર રાખતાં શીખો! સત્ય જે જાતીભોગ (ખએત્વદથ), પ્યાર અને સેવાથી મેળવાય છે, તે કોઇ સાધુનેજ માટે નહીં, પણ દરેક મોબેદ અને બેહદીન અને ધર્મગુરૂ વર્ગની બહારના વર્ગોના માનવીને માટે, એકસરખી રીતે જાહેર થયું છે. અનેક મોબેદો અને સાધુઓ દોજખ (અચીશ્તેમ અહુમ) માં વાસો કરે છે, અને નમ્રમાં નમ્ર, દુન્યામાં વસતા, અનેક રંક લોક, દુન્યાનું કલ્યાણ કરવા જતાં, દીનદાર સન્તો, રીશીઓ અને પેગમબરોની સાફમાં જઇ બેસે છે.

માટે મહાન પેગમબર અષો જરથુસ્ત્રને નમીને, તેનો બતાવેલો રાહ નમ્રતાથી કાપો, અને અહુરમઝદ પોતાના ઉત્તમ, મધુર, દઇવીક, આશીર્વાદો તમારી ઉપર ખરેજ વરસાવશે! અથ જમ્યાદ યથ આફ્રીનામી.

આપણે અધ્યાતમીક ભુવનોમાંનો આ નમ્ર પ્રવાસ, પવીત્ર અવસ્તાના બોલોથી સમાપ્ત કરીશું.

"આપણે તેને અહુરમઝદ, મઝદ અને અતી ઘણા વૃદ્ધિ પામેલા તરીકે પુંજીએ છીએ. આપણાં શરીર અને આત્મા વડે તેની આરાધના કરીએ છીએ. તેને અને અશો નર અને નારીઓના ફ્રેરોહરોને (રૂહોને) આપણે વખાણીએ છીએ. અરદીબેહેશ્ત સઉથી ખુબસુરત (અને) ઝલકતા અમેશાસ્પંદ (અને) સઘળા આશીર્વાદોની આપણે સ્તુતી ગાઇએ છીએ."[1] (યસ્ન ૩૭, (૩ અને ૪)).

"જેથી કરીને આપણે તે (ધર્મના) બોલોને દેશોના કલ્યાણ કર્તા તરીકે પહોંચી (એટલે બજાવી) શકીએ, (અને) તે બોલોનો લાભ મેળવીને, ધર્મનો પ્રસાર કરીએ.અને (દુન્યાના) ફ્રેતેહમદ મદદગારો બની શકીએ. અને (એ પ્રમાણે) નેકવીચારો, નેક બોલો, અને નેક કાર્યો કરવાવાળા અશો લોકોની, માફક, આપણે પણ અહુરમઝદના માનીતા, વાહલા અને ઘણાજ ચપળ કાસદો બનીએ!" (યસ્ન ૭૦ (૪)). આમીન!

શાન્તિ!

---

૧ અત્રે આ ઘણીજ જાણવાજોગ બીના આવેલી છે, કે અહુરની વખાણની સાથે અશો નર અને નારીઓના ફ્રેરોહરોને પણ વખાણવામાં આવયાં છે. જ્યારે અરદીબેહેસ્ત અમેશાસ્પંદની વખાણ પણ, તેઓની પાછળ કરવામાં આવી છે. અર્થ એ છે, કે અશો નર નારીઓના ફ્રેરોહરો કેટલાં પ્રતાપી છે, તથા તે ફ્રેરોહરો, પેદાના કરનાર અહુરમઝદ અમેશાસ્પંદ સાથે કેટલાં તો ઘાડાં જોડાણમાં છે, તે જણાવવા સારૂં, તેઓની વખાણની પછી અરદીબેહેસ્ત અમેશાસ્પંદની સ્તુતિ કરવામાં આવી છે!

અવસ્તાની રોશણીનો વધારો.

અષેમ વોહૂ.

અર્થ: 'અષો (અષ વહિસ્ત) સર્વોત્તમ ભલાઇ(ભલો) છે; સુખ (ઝલકાટ) (તેથીજ) છે; સુખ (ઝલકાટ) તેને (મુબારકબાદી છે, મુબારકબાદી તેને જે) સર્વોત્તમ અષોઈ (અષ વહિશ્ત) ને ખાતર અશો છે.'

મી૦ વેસ્ટ અષેમ વોહૂનો નીચલો તરજુમો દાદીસ્તાને દીનીકનાં તરજુમામાં રજુ કરે છે.

'રાસ્તી સર્વોત્તમ ભલું છે; તે આશીર્વાદ છે; આશીર્વાદ તેને હોજો જે રાસ્તીમાં સંપૂર્ણ પવીત્રાઇ (ના અમેશાસ્પંદ)ને પહોંચ્યું હોય.'

વીવેચનઃ અષેમ વોહૂ, અહુનવર, અને યેંઘહે હાતામની બંદગીઓ ઘણીજ વખાણવા લાયક અને અસરકારક છે, એમ ઈજશ્નેના ૬૧ મા હામાં જણાવવામાં આવ્યું છે. અવસ્તામાં તેટલી અગત્યતા તો ફક્ત ઐર્યેમાઇશ્યોની બંદગી જે યસ્ન હા ૫૪) ની બનેલી છે, તેને આપવામાં આવી છે. હાદુખ્ત નુસ્કની પ્રથમની પરગરદમાં[1] જણાવ્યું છે, કે એક માણુસ સહવારમાં ઉંઘમાંથી બીછાના ઉપરથી ઉઠતાં, મન સ્વચ્છ કરીને, ફક્ત એકજ અષેમ વોહૂ ખરી સમજથી ભણી જાય, તો તે પ્રમાણે ભણેલી 'અષેમ વોહૂ', બીજી વખતે ૧૦,૦૦૦ ભણાયલી 'અષેમ વોહૂ' જેટલી કીમતી છે. અને વધુ, હાદુખ્ત નુસ્કમાં જણાવવામાં આવ્યું છે, કે મરણની વખતે મન પાવન કરીને એક 'અષેમ વોહૂ' જો ભણવામાં આવે, તો તેની કીમત ખનીરથ કેશ્વર, જે સાત કેશ્વરોમાં મોટાઇમાં સર્વોપરી ભોગવે છે, તેની કીમત જેટલો છે. ૨

---

૧ વળી જુઓ સદદર, બાબ ૮૦). ત્યાં જણાવ્યું છે, કે ખાતી વખતે ભણેલી ૧ અષેમ, સાધારણ ૧૦ અષેમની બરોબર છે, અને ઉંઘમાં કોરવાળનાં ભણેલો ૧ અષેમ, ૧,૦૦૦) અષેમની બરાબર છે.

૨. સદદરમાં જણાવ્યું છે, કે આવા અષેમની કીંમત આ જહાન, તેમજ પેલી (મીનોઇ જહાન) એ બન્નેની કીમત જેટલી છે.

સદદરમાં ફરમાવ્યું છે, કે જયારે કોઈ જરથોસ્તી મરણ પામતું હોય, ત્યારે તેના દીકરા, દીકરી, અને સગાંઓએ તેની પાસે પશ્ચાતાપના બોલો બોલાવીને, તેના મોઢાંમાં અષેમ વોહૂના કલામ મુકવો. ખરો પશ્ચાતાપ તેને કહિએ છીએ, કે જે કરવા પાછળ ફરીથી તેજ ગુનાહ ન થાય; પણ પશ્ચાતાપ પછી ફરીને તેજ ગુનાહ થાય, તો પહેલો ગુનાહ કાયમજ રહે છે, (માફ નથી થતો, એટલે કે, તેની અસર ખતમ થતી નથી.)

સદદરમાં આગળ ચાલતાં લખ્યું છે, કે અહરેમને જયારે સત્યના મીનોને જોયો, ત્યારે ૩૦૦૦ વર્ષ સુધી તે બેભાન પડયો. અને અષેમ (અષોઇ) સત્યમાં (સમાયલો) છે, અને તે માટે અષેમ વોહૂ વારંવાર પઢવામાં આવે છે.

દીનકર્દમાં જણાવ્યું છે, કે જયારે બેહમન, અરદીબહેસ્ત અને આતરબુરઝીન મહેર, વીશતાસ્પની દરબારની અંદર, તેના આખા મહેલને દૈવીક ઝલકાટમાં વીંટાળીને છાપરાંની વચમાંથી ઉતરી આવ્યા, ત્યારે તેમણે વીશ્તાસ્પ પાદશાહને ખાસ ભલામણ કરી, કે જરથુસ્ત્રની દીન કબુલ કરવી, અને અહુનવર અને અષેમ ભણવા, અને દેવોની પૂજા છોડી દેવી.

હવે આપણે અષેમ વોહૂનો અર્થ અને ભેદ તપાસ્યે. પ્રથમનું વાકય આ છે. "અષોઇ, પવીત્રાઇ, સર્વોત્તમ ભલાઇ અથવા ખુબીવાળી છે." તેમજ અષ વહિશ્ત (અરદીબહેશ્ત અમેશાસ્પંદ) ભલો છે, એ અર્થ પણ ઉઠાવી શકયે છીએ. હવે આપણે અવસ્તા ઉપરથી શીખ્યા છીએ, કે આતશ, કાયદા અને રચના ઉપર, અષ વહિશ્ત અમેશાસ્પંદ મુવક્કલ છે. ત્યારે અહુરમઝદે અષ વહિશ્તની મારફતે સ્થાપેલી રચના અને મુકરર કરેલા નીયમો અને રક્ષણ કરેલો આતશ, 'વોહૂ' એટલે ભલા છે, એવું

અષેમના બુલંદ કલામમાં જણાવવામાં આવ્યું છે. **માટે આપણી સૃષ્ટિ ભલા કાયદાની સંભાળમાં સોંપાયલી છે,** એમ માનીને આપણે દુન્યામાં વર્તવું જોઇએ. તેમ કરવાથી અફડાતફડી, લોભ, અને ઇન્તેજારી, જીંદગી અને મનમાંથી દુર થાય છે, અને મન શાન્ત થાય છે. અને જયારે મન સ્થિર થાય છે, ત્યારે અપવીત્રાઇ સાથે બાથોબાથ લઢી શકે છે, અને એવાં નીર્મળ મનથી ભણેલી 'અષેમ વોહૂ' કેટલી કીમતી છે, તે આપણે ઉપર જોઇ ગયા છીએ. વળી બીજી રીતે જોઇએ તો, **અષોઇ જો ભલાઈ** હોય, તો ભલાઇ, એટલે આપભોગથી બીજાઓને **મદદ કરવા** માટેના વીચારો, વચનો અને કાર્યોનેજ, આપણા ધર્મમાં અષોઇની ઉપમા આપી છે.

મજકુર **ભલાઈના કાયદા**[1]ના અમલમાં આપણે છીએ, એવું આપણી દીનમાં જાહેર કરવામાં આવ્યું છે, તો પછી તેને શરણે જવામાંજ સર્વોત્તમ ડહાપણ છે, અને જો બીજી કોઇ મતલબને ખાતર નહિં પણ માત્ર અષોઇનેજ ખાતર તેને શરણે જઇએ, તો તેજ સર્વોત્તમ ગણાય. કાયદો ભલો છે, એમ મનાવવા માટે 'અષેમ વોહૂ'ની બુલંદી, બાપુકાર અવસ્તામાં જાહેર કરવામાં આવી છે. તે રાત દીવસ આપણે ભણયે છીએ, ત્યારે જો સમજીને ભણયે, તો આપણી જીંદગીના શકો, ચીંતાઓ અને ચટપટોનો નાશ થાય. બુરૂં કરી અથવા બોલીને આપણું ભલું થશે, આપણને દુન્યવી સાધન મળવાથી સુખ થશે, એવો ભુલભર્યો વીચાર, જ્યારે કાયદો ભલોજ છે, એમ જાણયે અને સ્વિકાર્યે, ત્યારે આપણા મનમાં કદી રહે નહિં. આપણી ફ્રવષી તો પવીત્રજ છે. એક આરસી ગમે એવી ખરડાયલી, રાખ, માટીથી બગડેલી હોય, તોપણ સફા કર્યાથી તેની અંદર જોઈ શકાય છે, અને લાકડાના તકતાને ચાહે એટલો ઘસો, તોપણ પારદર્શક કદી ન થાય. તેમ જીવ તો જાતેજ આરસીના જેવો છે. તેને ચલકતો કરવાને કાંઇ મહેનત નથી પડતી. ફકત તેની ઉપર હવસોનો મેલ ચઢવા ન દો, અથવા ચઢયો હોય તે ધોઇ નાખો, તો તેનું ફરેસ્તાઇ સ્વરૂપ જાહેર થઇ જશે. માટે **સમજીને** ભણેલી અષેમ વોહૂ, ખરેખર એક આશીર્વાદ સમાન મંત્ર, આપણા મન અને આત્માના નીરબતમાં નીવડે છે.

હવે 'અષેમ'માં આગળ ચાલીને જણાવવામાં આવ્યું છે, કે "અષોઇ સુખ છે." આટલું આપણે હૈયાંથી સમજયે, તો સુખ છોડીને અપવીત્રાઇની નજદીક જવાની લાલચજ આપણને ન થાય. ત્યારે અષોઇમાં સુખ છે એમ માનવું, અને માનીને તે વિષે ખાત્રી કરી લેવી, એ દીનદારનો ધર્મ છે. પૈસાજ સુખ છે, ખેતાબો અને ચાંદોજ સુખ છે, વાડી, બંગલાઓજ સુખ છે, 'મારે તેની તલવાર' (might is right), 'ફાવ્યો ડાહયો,' 'ખા પી અને અમન, ચમન કર,' 'ભલાઓ ભુખા રહે છે,' એવી એવી ભ્રાન્તિઓ મગજમાં લાવનારાઓ, 'અષેમ વોહૂ' ભણે છે, તોપણ 'અષેમ' '**વોહૂ**' (ભલી અને કારગર) **નથી,** એવું મનમાં માને છે. તેથી તેઓ ઢોંગી અથવા અધર્મિ ગણાવા જોઇએ. યસ્ન હા ૮ ના ચોથા ફકરામાં ગંભીર ચેતવણી આપી છે અને સ્પષ્ટ સમજાવ્યું છે, "કે આ ઉમ્મરે પહોંચેલા (તથા) ક્રિયા (અથવા **બંદગી**) કરનારા માઝદયસ્નોમાંનો **જે** કોઇ (બંદગીના) આ કલામ ભણે (પણ તે) **કબુલ**

---

1. For verily I say unto you, till heaven and earth pass, one jot or one tittle shall in no wise pass from the *law*, till all be fulfilled. (St. Matthew V. 18.)

સરોશ યસ્ત હાદોખ્ત, કરદા ૧–૩ માં આ ભલા કાયદાની યાદ કરવામાં આવી છે. "માઝદયસ્ની કાયદો (એટલે કે મઝદને પૂજનારાઓનો કાયદો) સઘળી ભલી ચીજોનો સર્વથી સાચ્ચો આપનાર છે, (જે ચીજો) ભલા કાયદાની પેદાયશો (ઊત્પત્તી ગણાય) છે, તેવોજ જરથોસ્તી કાયદો પણ છે." (ડારમેસ્ટેટેરનો તરજુમો). તે કાયદાનું નામ 'વીદએવો અહુરતકેષો' એટલે, 'દેવોના તરીકાથી જુદો, અહુરનો કાયદો' અથવા 'દએન' છે.

રાખે નહિં, તો (તે) જાદુગરની (હાલતે) પહોંચે છે."

હવે જેઓ નીશદીન પરોપકારી કાર્યો કરે છે, જીંદગી જનસમાજ અને પ્રાણી માત્રના ભલાં અર્થે ગુજારવા માટે આપેલી અનામત, ટ્રસ્ટ છે, એવું કબુલી લે છે, તેઓ અતઃકરણ અને મનમાં જે આનંદ ભોગવે છે, તે અને ફક્ત તેજ ખરૂં સ્વર્ગના જેવું ખાલેસ સુખ છે, અને તે જીવતાં જીવત ચાખી શકાય છે. આપણે દરેક જો ચાહતાં હોઈએ, તો પરદુઃખ ભંજન, કર્તુક, વચનો અને વીચારો કર્યે અને વમાસ્યે, અને ત્યારે તે સુખ અનુભવી શકયે. વખત બરબાદ ન કરતાં, તે પૂરવાર કરી જોવામાંજ સ્યાણપણ, વીવેક, બાહોશી, અને શોભા છે; શા માટે તમે પોતે જો એ બાબદ શકમંદ હોવ, તો આ ઘડીથી અનુભવી ને ખાત્રી કરી લેવા માટે હિમ્મત ન પકડો? ધર્મના બોલો અચુક છે. આપણે ઉપર જોયું તેમ ક્રાઈસ્ટે કહયું છે, કે 'આ દુન્યા અને આસમાનનો અન્ત આવશે, પણ મારાં (દીનના) વચનોનો અન્ત કદી આવનાર નથી.' તેઓ કદી ખોટાં પડનાર નથી, કારણ કે અષ વહિસ્તનો અચુક, અચલ, નીયમ શું છે, તેટલુંજ દર્શાવનારાં તે વચનો છે. માટે જો ધર્મની આ એક સર્વથી નામચીન બંદગી પણ ફરી ન શકે તેવી હોય, તો વીશ્વાસ રાખીને, માત્ર તે પ્રમાણે વર્તો અને વીચારો અને ઉચરો, અને આ દૈવીક મનુષ્યની કાયા છે, તેમાંજ જીન્નત અને ગરોનમાનનું સુખ ભોગવો! તમે રાજા જેવા છો, જે ઉંઘમાં પડીને, સ્વપ્નો જોઇને, પોતાને ફકીર સમજે છે. આ સ્વપનારૂપી સંસારમાં પોતાનો રાજવંશી, ફરેશતાઇ ઓધ્ધો કેમ ભુલી જાવો છો?

'સુખ' કોણને? ઉશ્તવદ ગાથાનો હા ૪૩ મો ફકરો પહેલો, જવાબ દે છે, "ઉશ્તા અહ્માઇ યહ્માઇ ઉશ્તા કહ્મા ઇચીત્", એટલે કે સુખ તેને (હોય છે) જેનાથી કોઇને પણ સુખ (પહોંચે છે). અને અષેમ વોહૂ કહે છે, કે 'સુખ' જોઇતું હોય, તો સર્વોત્તમ અષોઇનેજ માટે અથવા અષ વહિસ્ત અને તેના ભલા નીયમને તાબે થવા અને અનુસરવાનેજ માટે, (અને બીજી હલકી મતલબ રાખ્યા વીના) અષો થવું જોઇએ. અષાઇને માટે અષો થવું, એ એટલાજ માટે ભારી લાગે છે, કે આપણે સમજયે છીએ, કે અષો થવા જતાં દુન્યવી સુખનાં સાધનો અને તકો હાથમાંથી છટકી જાય છે. પણ 'અષેમ' સુખજ છે, એમ જો માન્યે, અને અનુભવ્યે, તો પછી સુખ મેળવવાનું તો કદી ભારી ન લાગે એ દેખીતું છે. માટે જે **સમજીને** અષેમ વોહૂ ભણે, તે અષોઇજ સુખ છે એમ માને, તેથી તે સઘળી અપવીત્રાઇ ઉપર મોટામાં મોટી જીત સહેલામાં સહેલી રીતે, અને તાબડતોબ મેળવવાને ભાગ્યવંત નીવડે છે, અને સાથે સાથે ન વર્ણવી શકાય એવો આનંદ પણ ભોગવે છે.

ધર્મને આફત સમાન ગણનારાઓ, ધર્મથી નહાસી જાય છે, તેને ધીકકારે છે, અને તેના ફરમાનો ઉંધાં વાળવાનો પ્રયત્ન કરે છે. પણ તેવાં ભાઇ, બહેનોને જણાવવાની આપણી ફરજ છે, કે ધર્મ કેદીની ઝાંઝરો પગમાં નાખતો નથી, બેડીઓ હાથમાં ઘાલતો નથી, ગળામાં તોક પેહરાવતો નથી, શરીરમાં ત્રાસ વરતાવતો નથી, અને મનને કચડી નાખતો નથી. હરગીઝ નહિં. આપણું ખરૂ **સુખ–જે આપણા પોતાની ઉપરજ આધાર રાખવાથી મળે,** અને જે સદા કાળ સુધી આપણા કબજામાંજ રહે, જે મેળવવા પછી પસ્તાવો, સંતાપ, શીક્ષા અથવા દુઃખ, (જે દુન્યવી સુખની પછી નીત્ય ભોગવવાં પડે છે, તે) કદી વેઠવાં પડતાં નથી, જે મેળવવાથી અહુરમઝદ પોતે રાજી થાય છે, અને જે મેળવવા કેડેજ અહુરમઝદ અને તેની મહાન શકિતઓ સાથે સંબંધમાં આવી શકાય છે,–તે સુખ મેળવી આપવા માટે આપણા અષો, રમ્ઝગો, પ્યારથી ભરપૂર, પેગમબર સાહેબ જરથુશત્રે આપણને ધર્મ શીખાડયો છે. અહુરમઝદ યશ્તમાં, અહુરમઝદ આપણો સર્વથી મોટો પોષનાર, ચાહનાર અને ફાયદો કરનાર છે, એવું જણાવ્યું છે. કમનસીબ તે માનવીઓનાં, જેઓ અહુરમઝદ, જેની પાદશાહિ સર્વથી મોટી છે, અને જે પ્રાણીઓને મોટામાં મોટી મદદ

કરના છે, તેની પનાહ, દીનને આધીન થઇને મેળવીને, તેના આશ્રા હેઠળ મળતાં અપાર સુખને ખોઇ બેશે છે, અને અજ્ઞાનપણામાં અથવા દુર્જી હવસના રાજ્ય અને તાબા હેઠળ જઇને, બાવરા અને આકુળ, વ્યાકુળ બની જાય છે.

આપણે 'દીનદારી' શું છે તે સમજીશું, તો આ "ભલો (ભલાઇનો) કાયદો" પણ સમજીશું. 'દીન', 'દએન' નો અર્થ **નીયમ** છે. ત્યારે જરથુશત્ર સાહેબે અહુરમઝદના કાયદાઓ જાણીને જાહેર કર્યા, તેમનેજ આપણે 'દીન' તરીકે ઓળખ્યે છીએ. જરથુશત્ર સાહેબની પાછળ આપણે ત્યારે ચાલેલા કહેવાઈએ, કે જ્યારે આ સૃષ્ટિની અંદર સુખ અને દુખ ઉપજાવનારા, અંધકાર અને રોશની ફેલાવનારા, આગળ વધારનારા અને પછવાડે રાખનારા વીગેરે **કાયદાઓ** આપણે સમજીને, તેઓને આધીન થઇને ચાલ્યે, અને ભલાઇ તરફ લઇ જતા કાયદાઓની મદદથી સંપૂર્ણ સુખ, શક્તિ, અને જ્ઞાન મેળવવાને હામ ભીડીએ. 'દીન' યશ્તના ફકરા ૩) માં આપણને શીખાડવામાં આવ્યું છે, કે 'દીન' ઇઝદને આરાધવાથી, તેની હમકાર અષો 'ચીસ્ત'[1] માનવીની નજદીક આવે છે, અને ત્યારે જે અહુરમઝદે નીરમાણ કર્યું છે, તે બને છે. એટલે કે, ત્યારેજ દુન્યા ઉપર સલાહ અને શાન્તિ પથરાય છે, અને આરાધનારને પૂર કૌવત મળે છે, જેથી આ દુન્યાના ભયંકર બીયાબાનો, તેમજ મીનોઇ જહાનના ભેદી ભુવનો ઉપરના રસ્તાઓ, તે સહેલાઇથી પસાર કરી શકે છે, પહાડો જેવી બીકટ મુશકેલીઓ તે ઓળંગી શકે છે, અને આ સ્થુલ અથવા પેલી મીનોઇ જહાનની નદીઓ અને જંગલો, સઘળાં આસાનીથી પાર કરી જાય છે. વળી 'દીન' યશ્ત ફકરા ૭) માં ફરમાવ્યું છે, કે 'દીન'ના કાયદાઓ પાળવાથી 'ચીસ્ત' દીનદારને બે પગનું જોર, બન્ને કાનની સાંભળવા કાજે તીક્ષ્ણ શકિત, બન્ને બાજુઓ માટે કૌવત, આખાં શરીરની સંગીન તનદરૂસ્તી, તનથી નીપજતું સંપૂર્ણ સુખ, અને તે સાથે વળી મીનોઇ શક્તિઓ, જે 'કર' માછલી, અને 'ઘોડો,' અને 'સોનેરી કંઠ રાખતું ગીધ' ધરાવે છે, જેને કેટલાકોએ દીર્ઘ દ્રષ્ટિ (clairvoyance) માની છે, તે સઘળી આશીર્વાદો જરૂર મળે છે.

હવે અષ વહિશ્તના કાયદાઓ શા માટે રચાયા છે, અને તેમની છેવટની નેમ શું છે, તે સમજીશું, તો તે કાયદાઓને 'ભલા' શા કારણસર કહ્યા છે, તે જણાઇ જશે, અને તેમને વફાદારીથી વળગી રહેવાને આપણે તઇયાર થઇશું. આ સવાલ હસ્તીની અસુલયાતનો છે. આપણી ઇન્દ્રીઓ અને મનની અંદર વસતી ઉંચમાં ઉંચ શક્તિ, જેને આપણી પવીત્ર અવસ્તા વાણીમાં 'ફ્રવષી' તરીકે ઓળખયે છીએ, જેને હીન્દુઓ 'આત્મા' તરીકે પીછાણે છે, અને જેને ખ્રિસ્તિઓ અને ઇસલામીઓ 'soul', રૂહ, ને નામે ઓળખાવે છે, તેનું ખરૂં આગળ વધવું જે નીયમોને આધારે થઇ શકે છે, તે નીયમો અષ વહીશ્તે મુકરર, સ્થાપી રાખ્યા છે. કયાંથી આવ્યા અને કયાં જઇશું, એ ભેદી સવાલો દરેક અષો નર, નારી પોતાની બુદ્ધી મુજબ ઉકેલે છે. જેઓ ધર્મનો પ્રકાશ નમ્ર બનીને કબુલ રાખે છે, તેઓ એ સવાલો સમજવામાં અને સંતોષકારક રીતે તેમનો નીર્ણય કરવામાં, ઘણો વખત ખોહતા અથવા ઘણી ઉલથાપો ખાતા નથી. પણ જેઓ મગજની હદવાળી શક્તિ ઉપર મુસ્તાક બનીને, પોતાની એજ શક્તિને આધારે તે સવાલોનો જવાબ મેળવવા નીકળે છે, તે જવાબ એક ૭૦, ૮૦ વર્ષની ટુંક જીંદગીમાં, પોતાની ટુંક શક્તિથી, કદી પણ મેળવી શકયાનો એકે દાખલો રજુ થયો નથી. બલકે તેઓના સંબંધમાં એવું બનતું આવ્યું છે, કે એક કહેવાતો ફીલસુફ એ સવાલોનો જવાબ એક આપી ગયો છે, ત્યારે બીજો, જુદોજ આપી ગયો છે, ત્રીજો, તેનેથી ઉલટોજ આપી ગયો છે, અને એ પ્રમાણે ચાલી રહયું છે, અને જવાબો આપતાં આપતાં એવી દલીલો અને ગુંચવાડાઓ તે દરેક બરપા કરી ગયો છે, કે તેથી આજ દીવસ સુધી, બાપડા 'દીન'ની રોશણી ત્યાગ કરી બેઠેલા, સંખ્યાબંધ મગજ મગરૂર માનવીઓ, ગોતાં ખાયાજ કરે

---

૧. સંસ્કૃત ચિત્, અવસ્તા ચિત્, એટલે મન, જ્ઞાન.

આજની પાશ્ચાત્ય ફીલસુફીઓ અને શાસ્ત્રો તપાસવાથી, આ અને ક ઉંફાવનાર ગુંચવાડાઓ, સમજ વીનાના, ધર્મનો આશ્રો છોડી જનારાઓને કેટલા આજીઝ કરે છે, તે તાબડતોબ દેખાઇ આવે છે. માટે નમ્રતા અખ્તયાર કરીને, આ જીંદગી અને સદા કાળની હસ્તી માટેનો આધાર માત્ર મગજ ઉપરજ ન રાખતાં, આપણે અચુક 'દીન'નું અજવાળું આપણી મદદે બોલાવીશું. ત્યારે આપણે પહેલવી ધર્મ પુસ્તક બુન્દહેશમાં, બીજા પ્રકરણના ૧૦ મા ફકરાને એકાનથી કબુલીશું. ત્યાં પડદો ખુલ્લો કરવામાં આવ્યો છે, કે અહુરમઝદે બુદ્ધ (બઓધંગ) અને ફ્રવષિઓ (જેઓ શરીર વીનાની માનોઇ શક્તિઓ છે) તેમને સવાલ કર્યો, કે "તમને વધારે પસંદ આ બેમાંનું શું છે, કે (૧) તમને સૃષ્ટિમાં હુ શરીર આપું, અને તેમાં રહિને દુજની સાથે યુદ્ધ કરીને દુજને પાયમાલ કરો, અને તે પ્રાક્રમ બજાવ્યાથી તમે પાછાં પૂર્ણ અને અમર અને ભય અને ચીંતા રહિત બની જાઓ, અથવા (૨) દુજ જે અષોઇનો નાશ કરનાર છે, તેની સામે, હું પોતેજ તમારી તરફેણમાં રહી, તમને બચાવ આપ્યાજ કરૂં, અને તમને કદી લઢવું ન પડે." ત્યારે માનવીઓની ફ્રવષીઓએ જવાબ વાળયો, કે "પહેલો જણાવેલો માર્ગ અખ્તયાર કરીશું; એટલે કે અમે સૃષ્ટિમાં શરીરો ધારણ કરી, દુજની સામે થઇ, તેને મારી હઠાવી, તેની લાલચોના હુમલાઓથી મુકત થઇને, છેવટે હમેશગીને માટે (આપબળથી) અમર, સંપૂર્ણ અને સુખી બનીશું."

હવે એ માનવીઓની ફ્રવષીઓ, સૃષ્ટિમાં શરીરો પહેરીને હાલ ઉતરી છે, અને તેઓ આ ભુમી ઉપર વસતાં સઘળાં સ્ત્રી, પુરૂષો ઇત્યાદીનાં શરીરોની અંદર કાર્ય કરી રહિ છે. આપણે તેજ ફ્રવષીઓ છીએ, જેમણે અહુરમઝદને ઉપર જણાવ્યા મુજબ અસલ કબુલાત આપી હતી, તે પ્રમાણે દુજ, એટલે જુઠાઇ, દુષ્ટપણાં, અને અનાત્મવાદની સામે લઢવાનું છે. તેમ હીમતથી લઢશું, તો અહુરમઝદે વચન આપયું છે, તે પ્રમાણે અમરગી, સંપૂર્ણ પ્યાર, સુખ, જ્ઞાન અને શક્તિ, અને મુક્તિ મેળવવાનો આપણો કુદરતની ઉપર હક થશે. અને યાદ રાખવું જોઇએ, કે અહુરમઝદનું વચન કદી ઉઠ્ઠું પડે નહિ. તેણે બોલ આપ્યો, તે પ્રમાણે જરૂર બનશે. માત્ર શરત એટલીજ છે. કે આપણે આપણો બોલ પાળવો જોઇએ, અને દુજ સામે ખરાં અંતઃકરણથી, દરેક પળે, સુતાં, ઉઠતાં, ચાલતાં, અને બેસતાં, લડત મચાવવી જોઇએ. **દીનદારો** આવાં મોટામાં મોટાં સાહસ બજા લાવવા માટે બીડું ઝડપે છે, અને દુખો, આફતો અને હેબતનાક વીચારો, તેમનાથી ઝટ દુર થાય છે. અને ત્યારે જે પ્રમાણે જરથુશત્ર સાહેબ, અને તેમના જાયેનશીનોએ અહુરમઝદનું વચન પોતાના બાબમાં ખરૂં પડેલું અનુભવી શકયા, તેજ પ્રમાણે દીનદારો આજે પણ, જરાએ સંદેહ વીના, તે વચન બર આવેલું જોશે. દીનદારો સમજી શકશે, કે જો એક હાથીની પીઠ ઉપર એક ટન ઘાસ લાધ્યું હોય, તો તે બાપડો ભારે મુસીબતથી ચાલી શકે. પણ તેજ એક ટન ઘાસ જો હાથી ખાઇ જાય, તો કેટલો મજબુત બને ? તેમ દીનદારો જો મુસીબતોનો બોજો માથાં ઉપર મુકે નહી પણ ખાઇ જાય, એટલે તેમનો વીચાર શીક્ષણ મેળવવાને ખાતરજ કરે, તો તેમના ભાર હેઠળ તેઓ કદી કચડાશે નહીં, અને ઝટ આગળ વધશે.

હવે ત્યારે આપણે જે **'ભલો કાયદો'**[૧] જોઇ ગયા છીએ, તે ફકત આ **'દુજ' સામે કેમ લઢી શકાય છે,** તેનો બારીકીથી નીયમો સમજાવનાર છે, એમ ઓળખી શકીશું. અને કવીએ જે કહયું છે, તેની કદર બુજીશું. તે કહે છે કે:

"રસ્તા ઉપર ઝટ ચાલો, એટલે દીન કબુલ કરો અને તેના ફરમાન જાળવો. ફકત ધિક્કાર હૈયામાં દાખલ થવાથી દલગીરી ઉત્પન્ન થાય છે. દુખ ફકત

---

૧. ગૌતમ બુધ્ધે આ કાયદો The Good Law તરીકે, દુન્યાને કરી શીખાડયો છે.

ઇચ્છાઓ અને હવસોથીજ પેદા થાય છે, બીજા કોઇ કારણથી નથી ઉપજતું. આપણે ફક્ત ઈંદ્રિઓથીજ છેતરાઇએ છીએ, બીજા કોઇ આડે માર્ગે દોરવનારથી આપણે ભુલથાપ નથી ખાતા. વળી જે માનવી પોતાનો **એક પણ** નીચ હવસ પગ હેઠળ મજબુતીથી કચડી નાખે છે, તે ખરેખર રસ્તા ઉપર ઘણો આગળ વધ્યો છે એમ જાણવું. દીનને શરણે જાઓ, કારણકે તેમાંથીજ દુખ સાફ કરનારા અને તરસ મટાડનાર ઝરાઓ ફુટે છે. વળી તેમાંથીજ અમર ફુલો ઉગે છે, જેઓ આપણા આખા રસ્તા ઉપર પમરાટ અને ખુબસુરતી પાંથરી દે છે. તમે એક ઘડી પણ માનતા નહિ, કે તમે (તમારી ફ્રવષિ) હવસો, ઇચ્છાઓ અથવા મનની બેડીથી બંધાયા છો. ના; દરેક પ્રાણીના હૈયામાં તો ગરોનેમાનનુજ સુખ સમાયલું છે. માટે ભલાઇ કરતાં, દરેક પ્રાણી શ્રેષ્ટ બનતું જાય છે. વળી તેજ કારણથી અવશ્યનું થઇ પડયું છે, કે તમે દરેક પોતપોતાની બેડીઓમાંથી મુક્તિ મેળવવાને કોશેશ કરો. તે બેડીઓ તમેજ તમારી કરણીથી બનાવી છે, અને તમે એકલાજ દીનની મદદ લઇને તે બેડી ભાંજી નાખી શકશો. તમારૂં સઘળું દુખ માત્ર તમારીજ કરણીથી બનાવ્યું છે, અને તમારી ઉપર અહુરમઝદ કદી પણ દુખ મોકલતો નથી. માટે ઉઠો, જાગૃત થાઓ, હૈયાંને વધુ છેતરાવા દો નહિં, અને દીન ફરમાવે છે તે જાતનું જીવન ગાળતાં ચટપટ શીખો. **'હું પણું' મુકો, હૈયામાંથી હવસ ઉખેડી નાખો, ફરજો અદા કરો, અને દીવસો ઇજા અને કલંક વીનાના પસાર કરો.** તેમ કરતાંજ મુશકેલીઓ **સહેલ** થશે, અને મરજી મક્કમ બનશે".

અવસ્તા વાણી પ્રમાણે અહુરમઝદ, વોહુમન, અપ વહિસ્ત, ક્ષથ્ર વૈર્યો, સ્પેન્ત આરમૈની, હઉરવતાત અને અમેરેતાત એ સાત શક્તિઓ 'અપોઉરવીમ અહુરમઝદ', જે એ સાતેનો પીતા, ઉત્પન્ન કરનાર અને ટેકાવનાર છે, તેમાંથી નીકળી છે. એમને અમેશાસ્પંદો (એટલે અમર આગળ વધનાર, વધારનાર શક્તિઓ) ને નામે ઓળખાવી છે. એમનાંમાં સર્વથી મોટી ત્રણ શક્તિઓ અહુરમઝદ, વોહુમન અને અષ વહિસ્ત અમેશાસ્પંદો છે. અષ વહિશ્તના કાયદાઓ પાળવા શીવાય આસ્નીદેહ ખેરદ, એટલે ફ્રવષીની જાતી, અક્કલ ખીલતી નથી, અને વોહુમનની મદદ મળતી નથી. વોહૂમનની મદદ વીના અહુરમઝદની સાથે છેવટે ભેટવાનું કાર્ય પાર પાડી શકતું નથી. માટે 'અષેમવોહૂ'નો કલામ હરદમ યાદ કરી, તે **બજા લાવી** અને અષવહિશ્તની મદદ મેળવીને, વોહૂમન અને અહુરમઝદની ભેટ લેવાની, તેમની સાથે મળી જવાની, ઉંચમાં ઉંચ નેમ રાખવાને, માઝદયસ્ની દીન શીખાડે છે, તે ભુલશો નહિ! જીસસ ક્રાઇસ્ટે પણ કહયું છે, કે 'Blessed are they that hear the word of God and keep it' (St. Luke II, 28), એટલે, જેઓ અહુરમઝદનો બોલ (હુકમ) **સાંભળી**, તે પ્રમાણે **ચાલે** છે, તેઓનું ખરેજ કલ્યાણ થાય છે. શ્રી કૃષ્ણ ભગવત ગીતામાં ૩) જા અધ્યાયની ૩૧) મી કડીમાં કહે છે, કે "જેઓ મારૂ **શીક્ષણ પાળે છે,** જેઓ ઇમાનથી ભરપૂર છે અને નીંદાથી અલગ છે, તેઓ (નીચલાં ભુવનો ઉપર કાર્ય કરવામાંથી) મુક્તિ પામે છે."

હવે આપણે અષોઇ ('અષેમ') બદલના કેટલાક ફકરાઓ આપણા પવીત્ર અવસ્તાના લખાણોમાંથી તપાસીને, 'અષોઇ' વીષે વધુ સમજણ મેળવવાને પ્રયત્ન કરીશું.

"રાસ્તી (અષોઈ)ને લીધે જેમને તેં (ઓ અહુરમઝદ!) બેહમનની ખરી પેદાયશ તરીકે પીછાણયા છે, તેમની ખાહેશ સંપૂર્ણ રીતે બર લાવ[1]!"

આ ફકરામાં અહુનવરમાં જણાવેલી બાબદનો ભેદ મળે છે. ત્યાં બેહમનની બક્ષેસ, મઝદને માટેના કાર્ય કરનારાઓને મળે છે, એમ લખ્યું છે. અહીંયાં અષો નર, નારીને ખુદ બેહમનની પોતાની પેદાયશ તરીકે કબુલી છે, અને અષોની

૧. ગાથા યસ્ન ૨૮, ૧૦.

ખાહેશ પૂરેપૂરી રીતે બર આવે એવી દુઆ ચાહી છે. ખરેખર કોઇની પણ ઉમેદ સંપૂર્ણ રીતે પાર પડશે, તો તે આખરે અષોઇનીજ હાર પડશે, કારણ કે ભલા કાયદા પ્રમાણે એ તો નીરમાણ થયું છે.

"કયારે અષોઇ, નેક વમાસન અને (પોતાની ઉપરનો સંપૂર્ણ) કાબુ મને મળશે? ઓ અહુર! (અને અહુરના હાથ હેઠળના સરદારો) તમે (આ) મોટાં સાહસ બજાવવાને માટે, હવે અમને પૂરતી મદદ આપો!" ૧

અષોઇને અખત્યાર કરવાનું કાર્ય એટલું મહાન છે, કે તેને 'સાહસ' તરીકે ઓળખ્યું છે, અને તે બજા લાવવા માટે અહુર અને અમેશાસ્પંદો, યઝદો અને ગુરૂઓની મદદ ચાહ્યા વીના છુટકો નથી.

"તે બે (સ્પેના અને અંગ્રે) મીનોમાંથી જે દુષ્ટ છે, તેણે સર્વથી બુરૂં કાર્ય પસંદ કર્યું. સર્વથી શ્રેષ્ટ આબાદી ફેલાવનાર (સ્પેના) મીનો, જે સર્વથી મજબુત આકાશ તરફ મુકામ કરે છે, તેણે અને વળી જેઓ ઇમાન રાખીને નેક કાર્યોથી અહુરમઝદને ખુશી કરે છે, (તેઓએ પણ) અષોઇ પસંદ કરી." ૨

આ ઠેકાણે અષોઇ તો ખુદ સ્પેનામીનોએ પણ પસંદ કરી, એવું જણાવ્યું છે, અને જેમ યસ્ન ૨૯-૧૧ માં **નેક વીચાર અને નેક મન,** અને હવસ ઉપરના **કાબુને** અષોઇ ગણી છે, તેમ અહિંયા દીનચુસ્ત, નેક **કાર્યોને** પણ અષોઇની અંદર સમાઈ ગએલાં જણાવ્યાં છે.

"ઓ મીનો અમારી ખંત અને અષોઇના બદલામાં, તે પૂર્ણ આનંદ, કે જે તેં (નીડર) લડવૈયાઓ અને દીન આગાહો માટે મુકરર કરી છે, તે બક્ષ." ૩

"જે વીદ્વાન બન્ને હસ્તીઓને માટે અષોઇ સાંભળે અને વીચારે (તેજ) ઓ અહુર! રાસ્ત **સુખનો** ઉપર રાજ્ય કર્તા અને **જબાન** ઉપર કાબુ રાખનાર (થાય છે.) તારા પ્રકાશીત આતશની મારફતે ભલી લડાઈ (જે ફ્રવષી અને દ્રુજ, નીચ મનસ અને લાગણીઓ વચ્ચે મચેલી જ રહે છે, તેમાં) ચલાવે છે." ૪

અહિં જ્ઞાની પૂરૂષ, જે અષોઇના કાયદાનો પૂરેપૂરો વીચાર કરીને તાબે થાય, તેનેજ નીત્ય સાચું વચન બોલવાની શક્તિ રહે છે, એવું બતાવી આપ્યું છે. વળી તેવા પૂરૂષથીજ દરેકની છાતીમાં અંગ્રેમીનોનું હમેશને સારૂં રાજ સ્થપાતું અટકાવવાને, ફતેહમંદ લડાઇ થઇ શકે છે. અષોઇની ઉપર **મનન કરવા** અને તેને તાબે થવાથીજ આ બની શકે છે.

"ઓ મઝદઅહુર! જે પણ મરદ અથવા ઓરત મારી ઉપર એતેકાદ રાખે, અને **અષોઇને ખાતર** અષોઇ અમલમાં મુકે, અને સત્તા (હોય તે) ભલાં મનથી ચલાવે, તેમને હું (જરથુશત્ર) તારી આરાધના તરફનો માર્ગ દેખાડીશ, (અને) તે સર્વને ચીનવત પુલની પેલી પાર જવાને શક્તિવાન કરીશ." ૫

ઠેકઠેક નર અને નારી બન્ને, મઝદને એકસરખી રીતે વહાલાં છે, તે જણાવ્યું છે. વળી જરથુશત્ર સાહેબ વચન આપે છે કે ખરી ભક્તિનો માર્ગ (path, way), તેઓ અષોઈને ઇમાનથી અમલમાં મુકનાર દરેક નર અને નારીને, સ્પષ્ટ બતાવીને, ઉચ મીનોઇ જહાન ઉપર પહોંચવાનો ચીન્વત પુલ, પસાર કરાવી લઇ જશે. સોચો હમદીન ભાઈઓ અને બહેનો!

"જે કોઇ મારે, જરથુશત્રને ખાતર, ખચીત **અષોઇથી** અને આખાં દીલની મરજીથી **કાર્ય** કરશે, તેને માટે ફરતી ધરતી ઉપર મનને લગતી સઘળી આશીર્વાદો મુકરર થઇ છે, (અને) તે મીનોઇ જહાનમાં બદલા (ઇનામ)ને પાત્ર (લાયક) ગણાશે. આ ઓ સર્વજ્ઞ મઝદ તેં પોતે મને શીખાડયું." ૬

અષોઇ પ્રાપ્ત કરવાની અને મીનોઇ જહાનને ખાતર કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા હોય, ત્યારે મન પવીત્ર થાય

---

૧. ગાથા યસ્ન ૨૯, ૧૧.
૨. ગાથા યસ્ન ૩૦-૫.
૩. યસ્ન ૩૧-૩.
૪. યસ્ન ૩૧-૧૯.
૫. યસ્ન ૪૬-૧૦.
૬. યસ્ન ૪૬-૧૯.

છે, અને વળી મીનોઇ હસ્તીમાં ઉત્તમ બદલો મળે છે, એ મહાન કાયદો જરથુશત્રને મઝદે પોતે વહિ (revelation)થી શીખાડયો હતો.

"જો સર્વોત્તમ મનશની, (અને) વચન અને કાર્ય **અષોઇ**થી કર્યાં હોય, (અને બદલાની આશા વીના કર્યાં હોય,) તો તેના ઇવઝમાં સ્પેનામીનોની મારફતે, મઝદ અહુર આપણી ઉપર સુખ, અમર્ગી, આનંદ અને સંપૂર્ણ ભલાં મનની નવોઝેશો કરે છે." [1]

અષોઇને પ્રતાપે, મોટામાં મોટી અને સંપૂર્ણ જીતો, જે મન ઉપરની અને મોત ઉપરની, અને દુખ ઉપરની છે, તે સઘળી હાંસલ થશે, એમ નીરમાણ થએલું અત્રે દરશાવવામાં આવ્યું છે.

"ઓ મઝદ અહુર! તું ફરશોસ્તરને મદદ અને રક્ષણ કરવાનું બળ અને **અષોઇની સરદારી** ઇનાયત કરશે. તે મારે (ભણનારને) માટે (પણ) હું તારી પાસે માગું છું, જેની મારફતે તારી આદીલ પાદશાહિમાં હમેશને માટે અમે સઘળાંઓને પ્યારા બન્યે." [2]

ભલા નર ફરશોસ્તરને, બીજાઓનું **રક્ષણ કરવા માટે** અષોઇની સરદારી પ્રાપ્ત થઇ. અને આપણને પણ તે મળે, કે જેથી મઝદ અહુરના ભલા કાયદાઓના છાયા હેઠળ, ભલાઇ કરીને, જગતના સઘળાં પ્રાણીઓના સદા માટે વહાલા બનયે, એવી દુઆ અને આશા, અહિં કરવા અને રાખવામાં આવી છે!

"હઇથ્યા વરૂશ્તાંમ્ હ્યત્ વસ્ના ફરષોતેમેમ્"[3] એટલે "રાસ્તી (સત્ય)ના કાર્ય કરનારાઓની જે ખાહેશ (હોય છે), તે સર્વોત્તમ દરજ્જેની છે." ત્યારે આપણે સમજી જવું જોઇએ, કે રાસ્ત કાર્ય કરનારાઓ જે ખાહેશ કરે, તે સર્વથી વધુ બળવાન હોય છે. માટે જો આપણી ખાહેશ મોટામાં મોટી પણ હોય, અને તે ખુદ અહુરમઝદના દર્શન મેળવવાની પણ હોય, અને જો તે મેળવવાને ખાતર રાસ્તી (સત્ય) કરવા નીત્ય કોષશ કર્યે, તો જરૂર તે મુરાદ પાર પડશે.

'Blessed are they which do hunger and thirst after righteousness for they shall be filled. Blessed are the *pure* in heart, for they shall *see* God. Blessed are they which are persecuted for *righteousness'* sake: for theirs is the kingdom of heaven.' (St. Matthew V. 6, 8, 10.)

એટલે બાઇબલમાં જણાવ્યું છે, કે જેઓને **અષોઇ**ની ભુખ અને તરસ છે, તેઓનું કલ્યાણ થશે, કારણકે તેઓની ભુખ અને તરસ મટાડવામાં આવશેજ. જેઓનાં હૈયાંઓ પવીત્ર છે, તેઓનું કલ્યાણ થશે, કારણકે તેઓ ખુદાને જોશે. જેઓની ઉપર પવીત્રાઇ અથવા સત્યતાને ખાતર જુલમ ગુજરે, તેઓ આશીર્વાદ પામેલા છે, કારણકે તેમને મીનોઇ રાજય મળશે.

'Therefore take no thought, saying, What shall we eat? or, What shall we drink? or Wherewithal shall we be clothed? (For after all these things do the gentiles seek:) for your heavenly Father *knoweth* that ye have need of all these things. But seek ye first the kingdom of God, and his *righteousness*, and *all these things shall be added* unto you.' (St. Matthew V. 31-33.)

ક્રાઇસ્ટ કહે છે, કે 'શું ખાઇશ, શું પીશ, અથવા કયાંથી કપડાં મળશે, એ સવાલો કરશો નહિ. (એવું તો અધર્મિ-લોક કરે છે:) કારણ કે તમારો મીનોઇ પીતા **જાણે છે તો ખરો**, કે એ સઘળાંની તમને જરૂર છે [માટે તે પ્યારથી

---

૧. યસ્ન ૪૭–૧.

૨. યસ્ન ૫૯–૮.

૩. જુઓ અહુરમઝદ ખુદાએ, અને દરેક નીઆયશ, યશ્ત, ઇત્યાદી. એ મનત્ર "ક્ષનઓથ્ર અહૂરહે મઝ્દાઓ, તરોઇદીતે અંગ્રહે મઇન્યેઉશ્" થી શરૂ થાય છે.

પુરાં પાડશે]. પણ પ્રથમ તો તમારે મીનોઇ રાજ્યની અને ઇશ્વરે સ્થાપેલી **અષોઇ**ની શોધ કરવી જોઇએ, અને તે વેળાએ મજકુર સઘળી જોઇતી વસ્તુઓ, તમને આપોઆપ પુરી પાડવામાં આવશે.'

ભગવદ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં, શ્રી કૃષ્ણે જણાવ્યું છે, કે "ઓ પાર્થ! આ અથવા આવતી દુન્યાની હસ્તીમાં, તે (પૂરો યોગ નહિં સાધેલો પૂરૂષ) નાશ પામતો નથી. ઓ મારા પ્યારા, જે પણ **રાસ્તી** (અષોઇ) બતાવે છે તે કદી પણ દુખમાં પડતો નથી." આગળ ચાલતાં સાતમા અધ્યાયમાં તેઓ કહે છે, "જે **રાસ્ત** (અષો) પૂરૂષો મને ભજે છે, તેમના ચાર વીભાગો છે, દુખી, જ્ઞાન શોધનાર, તત્વને ખોળનાર, અને જ્ઞાની. ઓ ભારતોના સરદાર! એમનામાંનો **(અષો) જ્ઞાની** જે હમેશ (જગતમાં) સંપીને રહે છે, અને એક (પરબ્રહ્મન)ને ભજે છે, તે સર્વો-તમ છે; હું જાનીને સર્વથી વહાલો છું અને જાની મને પણ વહાલો છે."

બહાઇઓનો ગુરૂ—અબદુલ બહા, **અષોઇ**ની બહુજ જાણવા જોગ સમજણ આપે છે. તે કહે છે, કે "To be selfless is to be pure," એકલપેટાઇ ત્યજવામાંજ અષોઇ છે.

મનુ કહે છે કે "મીનોઇ જહાનમાં માનવીના સાથીઓ, નહિં તેનાં મા, કે બાપ, કે સ્ત્રી, કે બાળકો, કે સગાંઓ થશે, પણ માત્ર **પવીત્રાઇ** તેની સાથ રહેશે. દરેક પ્રાણી એકલું જન્મે છે, એકલું મૃત્યુ પામે છે, એકલું સદગુણોનો બદલો અને દુષ્ટ કાર્યોનાં ફળો મેળવે છે. મરણ પાછળ પણ જે એકલો મીત્ર માનવી પાસે રહે છે, તે **અષોઇ** છે."

કુરાનમાં મહમદ પેગમબરે, ખુદાના ફરમાવવાથી લખ્યું છે, કે "જયારે પ્રાણ કંઠે ચઢે છે, ત્યારે આસપાસવાળાંઓ પૂછે છે, કે સાજું કરવા માટે તાવીજ કે માંદળીઉં કોણ લાવશે? અને ત્યારે જણાશે, કે તે માનવીની આખેરની ઘડી આવી લાગી છે, અને તેના પગ ઉપર પગ ચઠી જશે, અને ખુદા તરફ તેને હંકારવામાં આવશે. તે ઘડીએ માનવી પોતાના ભાઇ,મા, પીતા, ઓરત અને બચ્ચાંઓની નજદીકથી ઉડી જશે. જયારે તે દીવસ આવી લાગશે, ત્યારે દરેકને પોતપોતાનુંજ સંભાળવું પડશે. ખુદાએ આકાશ અને પૃથ્વિ એવા કાયદાનુસાર બનાવ્યાં છે, કે દરેક જીવડાને તે જે પણ કરે, તેનો બદલો પહોંચાડવામાં આવે છે, અને સઘળાંઓ ઇજાથી બચે. ખચીત સર્વથી શ્રેષ્ટ ખાધખોરાક તૈયાર કરવાનો છે, તે **અષોઇનોજ** છે."[1]

વળી બીજી બાજુએ કુરાનમાં જણાવ્યું છે, કે "ઓ બની આદમ! ખચીત ખુદાએ તમને સ્ત્રી અને પુરૂષ બનાવી, તમને જુદી, જુદી પ્રજાઓમાં વહેંચી નાખ્યાં છે, કે તમે એકમેકને ઓળખો. પણ તમારામાંનો સર્વથી ઉમદા અને માનને વધુ લાયક ઇશ્વરની આંખોમાં તેજ છે, જે બુરૂં કરવાને વધારેમાં વધારે ડર રાખે છે. ખરેખર જેઓ ઉચરે છે, કે ઇશ્વર અમારો સરદાર છે, અને ત્યારબાદ **નેક રસ્તે** ચાલે છે, તેઓને બીહવાનું અથવા દુખી થવાનું નથી. તેઓ સ્વર્ગવાસી છે, જેઓ સ્વર્ગમાં પોતાની નેકીના બદલામાં **હમેશગી** માટે રહેશે. ખરેજ જેઓ મુસલમીન દીનદાર હોય છે, કે યહુદી, ખ્રિસ્તિ, અથવા સેબ્યનો હોય છે, અને ઇશ્વર અને હવે પછીની જીંદગીમાં માને છે, અને **અષો** અને ભલાં હોય છે, તેમને તેમનો કીરતાર બદલો આપે છે, અને તેમને કદી ડરવાનું અથવા ગમ ખાવાનો નથી."[2]

એજ મીસાલ સેન્ટ પીટર બોલ્યો હતો, કે "સાચ્ચે, ઇશ્વર કોઇની રાખ રખાવત રાખનાર નથી, પણ દરેક **પ્રજામાં જેપણ** તેનેથી ડરે છે, અને **અષોઇ** પાળે છે, તેને તે મહાન ઇશ્વર કબુલ રાખે છે."

મહમદ પેગમબરના વચનો નીત્ય યાદ કરવાં જોઈએ, કે, "દીનદારોને 'અમે માન્યે છીએ' એટલુંજ ફકત બોલવાને લીધે શું કસોટી ઉપર ચઢાવવામાં નહિં આવશે? ખરેખર,.

---

૧. કુરાન ૭૫. (૨૬–૩૦); ૮૦. (૩૩–૭); ૩૨. (૨૧); ૨. (૧૯૩).

૨. કુરાન ૪૯. (૧૩); ૪૬. (૧૨૪); ૨. (૫૯).

ખુદાએ દીનદારોનાં શરીરો તેમજ માલ-મતા વેચાતાં લઇ લીધાં છે, (તેથી તેઓની ઉપર તેમનો કાંઇ હક રહેતો નથી.)" અને છેવટે શ્રી કૃષ્ણે કહયું છે, કે "જે સઘળી ઇચ્છાઓ છોડીને, ખાહેશ રહિત પોતાનું **સ્વકૃત્ય** (ફરજ) બજાવે છે, અને નમ્ર બની **એકલપેટાઇથી વેગળો**[1] થાય છે, તે સર્વોત્તમ શાન્તિ મેળવે છે. એને, ઓ પાર્થ ! સદાકાળની સ્થીતી કહી છે. તે મળવા પછી કોઇને જરાપણ મોહ, માયા, અથવા વીસ્મય રહેતી નથી!"

ત્યારે હવે બીજા દરેક મહાન ધર્મની સમંતિથી, આપણે અષેમ વોહુના બળવાન મંત્રની ખરી **ભેદી** ખુબી સમજી શકશું, અને તેને ખરેજ માન આપતાં શીખીશું !

---

૧. અબદુલ બહાએ ઉપર જણાવ્યું છે તેમ, "એકલપેટાઇ રહિત બનવાનેજ" '**અષોઇ**" ગણવી જોઇએ.

યથા અહૂ વઈર્યો.

અર્થ: મીનોઇ રક્ષણકર્ત્તા (અથવા અહૂ અથવા અહુરમઝદ) જેમ સ્વતંત્ર મરજી ધરાવનાર (છે), તેમજ દીનનો સરદાર (કામેલ આથ્રવન) અષોઇ (અષ વહિશ્ત) વીગેરેને પ્રતાપે (છે). (અથવા જેમ દીનનો તેમજ દુન્યામાં સરદાર અષોઇ વીગેરે માટેજ પસંદ કરવો જોઇએ). આ હસ્તીમાં મઝદને માટે કાર્ય કરનારાઓને વોહુમનની નીઆમત (નીર્મળ મન અને પ્યાર મળે છે). અને અહુર માટે (કાર્ય કરનારાઓ સારૂં) સર્વોત્તમ શક્તિ (ક્ષથ્રવૈર્યો, અથવા ઇચ્છવા જોગ રાજ્ય[૧] નીરમાણ થયું છે), જે (એટલે, અહુર) પવીત્ર દરવીશો (પાક જીવો, devotees, ભકતો) માટે ગુરૂ (વાસ્તર, pastor) મુકરર કરે (છે).

વીવેચન: આ અહુનવર આપણા પાક મઝહબમાં સર્વથી બળવાન મંત્ર ગણાયો છે. હિન્દુ ભાઇઓ ગાયત્રીના મંત્રને જેવી શ્રેષ્ટમાં શ્રેષ્ટ બંદગી તરીકે માન્ય રાખે છે, તેવીજ આ અહુનવરની બંદગી છે. આપણે અવસ્તામાં અહુનવરની ખુબી દેખાડનારાં લખાણો ઇજશ્નેના હા ૧૯)માં, અને સરોષ યશ્ત હાદોખ્ત કરદા ૧)માં ખાસ જોઇએ છીએ. વળી દીનકર્દ માંપણ અહુનવર મંત્રને ઠેકેઠેક વખાણ્યો છે, અને અહુનવરના ગાવા (ની ધ્રવની) થી દેવોના શરીરો વીખેરઇ ગયાં અને જાય છે, એમ જણાવ્યું છે. ઝાદ સ્પરમ અને શાયસ્ત લાશાયસ્તમાં પણ તેની ખુબીઓ જણાવી છે.

પ્રથમ આપણે જુદા જુદા અભ્યાસીઓએ એ મંત્રનો કેવો તરજુમો કર્યો છે, તે જોઇશું, અને ત્યારબાદ એની મહત્વત્તાનો ભેદ સમજવાનો પ્રયત્ન કરીશું.

એરવદ કાવસજી એદલજી કાંગા નીચલો તરજુમો રજુ કરે છે:

જે પ્રમાણે પાદશાહ પોતાની મરજી પ્રમાણે ચાલનાર (છે), તે પ્રમાણે દસ્તુરાન દસ્તુર અશોઇ ઇત્યાદિને લીધે (પોતાના કામમાં) (આપએખ્તયાર છે). બહમનની બક્ષેસ આ દુન્યાનાં અહુરમઝદને માટેના કાર્યો કરનારાઓની (છે); જે શખ્સ ગરીબ લાચારોને માટે પાસબાની કરનાર (અથવા પોષણ કરનાર) થાય છે, (તે ગોયા) અહુરમઝદને માટે (તમામ ખલકતની) પાદશાહિ (કબુલ રાખે છે).

---

૧. "Kingdom (within) to be desired," જે અર્થ મીલ્સે યસ્ન ૧૬૩ ના તરજુમામાં ખોલ્લો કર્યો છે. "Wished for Kingdom," "Good Kingdom","Kingdom to be desired" નો અર્થ દસ્તુર પેશોતન મેમોર્યલ વોલ્યુમ માં, મી૦ જેકસને આપ્યો છે (જુઓ પાન ૧૫૯). વળી જુઓ યસ્ન ૪૧, ફકરો ૨ જો, "ઓ! અહુરમઝદ તારી **ભલી પાદશાહિ**ને સદાને સારૂં અમે પહોંચ્યે"; યસ્ન ૫૧, ફકરો ૨ જો, "મને ઇચ્છા લાયક પાદશાહિ (સત્તા) બક્ષ!;" યસ્ન ૩, ફકરો ૧૬ મો, "(તારી) પાદશાહિમાં જેમાં સુર્ય (હમેશ) પ્રકાશે છે (અથવા સુર્યને જુએ છે) અથવા જે સુર્ય જેવી તુરમંદ છે"; યસ્ન ૩૧, ફકરો ૪ થો, "મહાભારત સત્તા"; યસ્ન ૩૦, ૮ મો ફકરો, "તારૂં રાજ્ય ઓ મઝદ!"; યસ્ન ૩૧–૬, "તે રાજ્ય ઓ મઝદ! જે વોહુમનોને લીધે આગળ વધે છે (આબાદ રહે છે)"; યસ્ન ૩૦–૮," તારૂં રાજ્ય ઓ મઝદ, વોહુમનો સ્થાપશે"; યસ્ન, ૩૨–૬, "તારાં રાજ્યમાં ઓ મઝદ! જે તમારૂં અને અષનું છે"; યસ્ન ૩૪, ફકરો ૧૦ મો, "તારાં રાજ્યમાં, ઓ મઝદ"; યસ્ન ૪૮–૯, "તારાં રાજ્યમાં હમેશગી સુધી"; યસ્ન ૫૧–૪, "તારાં રાજ્યની મારફતે, મઝદ!"; યસ્ન ૩૪–૧૫, "તારાં રાજ્યથી, ઓ અહુર! તું જગતને મરજી પ્રમાણે (બુરાઇને દુર કરી નાખીને), **સજીવન** (તાજી) કરશે."

બુન્દહેશ પ્રમાણે ક્ષથ્રવૈર્યનું કાર્ય ગરીબો (અથવા ભકતો) માટે અહુરમઝદ આગળ સીફારશ કરવાનું છે. વળી હપ્તન યસ્ત ફકરા ૭ માં ભણ્યે છીએ; કે "ક્ષથ્રવૈર્યો અમેશાસ્પંદને અમે વખાણ્યે છીએ, ચોખ્ખી ધાતુને વખાણ્યે છીએ, ગરીબ (અથવા ભક્ત) નું પોષણ કરનાર (ક્ષથ્રવૈર્ય) ને અમે વખાણ્યે છીએ."

ડા૦ સ્પીગલ નીચલો તરજુમો આપે છે:

જેમ ખુદાવંદની મરજી છે, તેમ (તે) અષોઈને લીધે હાકીમ (છે). વોહુમનોથી દુન્યામાં મઝદને માટે કાર્યો (જે કોઈ કરે છે, તેને) બક્ષીસો (મળશે). અને અહુરને (આપણે) પાદશાહિ (આપયે છીએ,) જયારે ગરીબોને મદદ આપયે છીએ.

મી૦ ડારમેસટેટર નીચલો તરજુમો રજુ કરે છે:

ખુદાવન્દની મરજી તેજ અષોઇનો કાયદો છે[1]; વોહુમનોની દોલત તેને આપવામાં આવશે જે મઝદને માટે આ દુન્યામાં કાર્યો કરે છે, અને જે શક્તિ અહુરે આપી હતી તે, તે (સાહેબની) મરજી પ્રમાણે ગરીબોને સાહાય કરવામાં વાપરે છે.

ડા૦ હારલે આ પ્રમાણેનો તરજુમો જાહેર કરે છે:

જે પ્રમાણે એક સંપૂર્ણ શ્રેષ્ટ સાહેબ છે, તેજ મુજબ દીનનો એક સરદાર અષોઈ (જાળવવા અને ફેલાવવા) માટે છે, (તેમજ) નેક વીચારોને અને મઝદની સત્તાને લગતાં કાર્યોને અમલમાં મુકનાર તે છે. બળવંત પાદશાહિ અહુરને લગતી છે; તેણે આ (દીનના સરદાર)ને લાચારોનો રક્ષણકર્ત્તા (ભર્વાડ) નીમ્યો છે.

મી૦ ગેલ્ડનર નીચલો તરજુમો રજુ કરે છે:

જેમ તે (ઝરથુશત્ર) ઇચ્છવાજોગ આત્મિક સરદાર છે, તેમ તે ધાર્મિક ગુરૂ દરેક સત્તા સાથ છે, જે મઝદ તરફની જીંદગીથી નીપજતા ભલા વિચારોથી ઉપજતાં કાર્યો કરાવનાર છે. તો પણ પાદશાહિ અહુરની છે, તેણે ગરીબોના રક્ષણકર્ત્તા તરીકે તેને આપ્યો (મોકલ્યો) છે.

ડા૦ હાઉગ તેનો અર્થ આ મુજબ કરે છે:

જે પ્રમાણે દૈવીક સરદાર પસંદ કરવો જોઇએ, તેજ પ્રમાણે દુન્યવી શીક્ષક (આત્મિકગુરૂ) પસંદ કરવો જોઇએ, અને તે અષોઇને ખાતર; જે (શીક્ષક) મઝદને માટેના કાર્યોના વીચારો આપનાર થાય; અને સત્તા સરદાર (અહુ)ની છે, જેને તેણે (મઝદે) ગરીબોના રક્ષણ માટે આપ્યો છે.[2]

ડા૦ મીલ્સ (આફ્રીને ગાથામાં) તેને નીચલો અર્થ કબુલ રાખે છે:

જેમ અહુને (માન આપવું અને) પસંદ કરવો ઘટે છે, તેમ રતુ, જે અષોઇના નીયમ પ્રમાણે (રાજ્ય કરે છે), તે મનની ભલાઇનો, તેમજ અહુરને માટેનાં જીંદગી કાર્યોનો પેદા કરનાર છે. અને રાજ્ય મઝદનું છે, જેથી ગરીબોને પોષણકર્તા મળે.

એરવદ ખુરશેદજી એરચજી પાવરીએ અહૂનવર ઉપર એક વીદવતાભરેલો રસાલો લખ્યો છે. તેમાં તેઓ બતાવવાની કોશેષ કરે છે, કે અહૂ માત્ર જરથુશત્ર સાહેબ જેઓ અહૂ અને રતુ હતા, તેમનું જન્મચરીત્ર સંક્ષેપમાં આપે છે. તેઓ અહૂનવરનો નીચલો અર્થ આપે છે:

"(૧) (અહુરમઝદ કહે છે કે) અહુ અને રતુ તરીકે (ઝરથુશત્ર સાહેબ) સંપૂર્ણ અષોઇથી આરાધનાને લાયક છે.

(૨) તે અષો મનથી આ દુન્યામાં નીપજતાં (સર્વોત્તમ) કાર્યો મઝદને અર્પણ કરશે (કરે છે.)

(૩) તે ગરીબોને આશ્રો આપનાર પોતાનું આત્મજ્ઞાન (spiritual

---

૧. વંદીદાદની ૧૦ મી પરગર્દમાં ભણયે છીએ, કે "પવીત્રાઇ માણસને માટે જન્મથીજ સર્વોત્તમ છે. અએ જરથુશત્ર! તે પવીત્રાઈ એ માઝદયસ્નની દીન છે."

૨. જુઓ પારસીઓના ધર્મ ઉપરના ડા૦ હાઉગના નીબંધો પા. ૧૨૫, ૧૪૧, (આવૃત્તિ બીજી).

teaching) અહુરને ખચીત અર્પણ કરશે (કરે છે.)"[1]

તે એરવદ સાહેબ નીચલા વધુ તરજુમા એ પોતાના રીસાલામાં પેશ કરે છે. નૈર્યો સંગ ધવલનો આ તરજુમો છે:

'જેમ માલેકની મરજી છે, તેમજ જે પણ લાયક છે, તેની તરફનું ફરમાન. અહુરમઝદની દુન્યામાં કરેલાં કાર્યોનો બદલો, "વોહુમન" ભલાં મનથી (મળે છે). અહુરમઝદનું રાજય તેનું છે, જે લાચારોને મદદ કરે છે.'

દસ્તુર કામજી સોરાબજી મહેરજીરાણા આ અર્થ આપે છે:

'જે મહાન અહુરમઝદની મરજી છે, જેણે આ બુલંદ ધર્મમાં મને જન્મ આપ્યો છે, તે હું બજા લાવીશ. જે તેને પસંદ છે, તે કરીશ, અન્ય કાંઇજ નહિં. બેહમન અમેશાસ્પંદ મને નેક ખાહેશો બક્ષો, કે જે મને સદગુણોનાં ઇનામ જેવી થઇ પડે, કારણ કે, ત્યારેજ જે મહાન અહુરમઝદ ચાહે છે, તે હું કરીશ. અહુરમઝદનું વહિસ્તેમ અહુમ તેને માટે ખુલ્લું છે, કે જે અષો છે, અષો સાથે ભેલાય છે, અષો અને ગરીબોનો બચાવ કરે છે, દાન આપે છે, અને સત્ય બોલે છે. અહુરમઝદે તેવા ગુણવંતા માટેજ વહિસ્તેમ અહુમ બનાવ્યું છે.'

દસ્તુર અરદેશર રૂસ્તમજી મુલ્લાં ફીરોજ આ અર્થ બતાવે છે:

'દરેક નેક કામ એવી રીતે કરવું જોઇએ, કે તે અહુરમઝદની મરજી મુજબ હોઇને, તેને પસંદ આવે. અહુરમઝદ આપણને ત્યારેજ ભલું મન આપે છે, જયારે આપણે દુન્યામાં દરેક ભલું કાર્ય કરીએ છીએ. જેઓ ગરીબોના રક્ષક બને છે, તેઓને અહુરમઝદ રાજય બક્ષે છે.'

દસ્તુર એદલજી દારબજી સનજાણા આ અર્થ રજુ કરે છે:

'જેમ અહુરમઝદની મરજી છે તેમ, તેના ફરમાન સર્વે સદગુણી (કાર્યો)માં (પાળવાથી), (અને) આ દુન્યામાં ભલાં કાર્યો કરવાથી, મઝદ પવીત્ર મનની બક્ષીસ આપે છે. જેઓ દરવીશો, (તપસ્વીઓ, જોગીઓ, ascetics) ને રક્ષા આપે છે, તેમને અહુરમઝદ તરફથી રાજય (વહિસ્તેમ અહુમ) મળશે.'

દસ્તુર એરચજી સોરાબજી મહેરજીરાણા અને મીનોચેરજી શાપુરજી વાચ્છા, આ અર્થ આગળ ધરે છે:

'જેમ અહુરમઝદની મરજી છે, તેમ અષોઇને લીધે, ધર્મગુરૂ અહુરમઝદને પસંદ પડતાં કાયો બદલ વીચારો આપનાર છે. જે પણ લાચાર અને તંગદસ્તોને પોષસે, તે અહુરમઝદને પાદશાહિ આપશે.'

શેઠ ખ. રૂ. કામાનો અર્થ નીચે પ્રમાણે છે:

'જેમ અહુરમઝદ ઈચ્છે છે, તેજ પ્રમાણે (તે માનવી) પણ ઇચ્છે છે, જે સદગુણન. માર્ગમાં સત્યતાથી વર્તે છે. (અહુરમઝદ) ભલાં મન અને કાર્યોનો બક્ષનાર છે. આ દુન્યાનું રાજય પણ અહુરમઝદ (તે લગતુંજ) છે. જેઓ પણ લાચાર છે, તેમને માટે અહુરમઝદ (શેઠ તરીકે) ખેતરનો માલીક મેળવી આપે છે.'

એર્વદ તેહમુરસ દીનશાજી અંકલેસરયા આ અર્થ ઉઠાવે છે:

'જેમ આ દુન્યાના વેહવારને પોતાની મરજી મુજબ દોરવવાને માટે એક સરદાર (રાજા) છે, તેમ એક ધર્મગુરૂ (દસ્તુરાન દસ્તુર) અષોઇને લીધે સ્વતંત્ર કાર્ય કરવાને સત્તા ધરાવે છે. જેઓ અહુરમઝદ માટે આ ભુમી ઉપર કાર્ય કરે છે, તેમને

---

૧. આ અર્થના ટેકામાં, તે એરવદ સાહેબ, અહૂનવદ ગાથાના હા ૨૯ ના ફકરા (૬, ૮), અને હા ૩૩ ના ફકરા (૧૪), હા ૩૪ ના ફકરા (૫), અને યસ્ન હા ૪૪ના ફકરા (૧૬), યસ્ન હા ૫૭ ના ફકરા (૧૦), હા ૩૪ ના ફકરા (૫), યસ્ન હા ૧૯, અને વળી વીસ્પર્દ કરદા ૨ ના ફકરા (૪), આવાં યશ્ત ફકરા ૮૯, ૯૧, ફરવરદીન યશ્ત ફકરા ૮૮ (૨૦), ૯૧, ૯૨, અને ૧૫૨, યસ્ન ૧૪(૨), યસ્ન ૧૯(૧૪ ૧૫), જમ્યાદ યશ્ત ફકરો (૭૯), યસ્ન ૯ ના ફકરા (૧૦), યસ્ન ૧૦ ના ફકરા (૧૬), ઇત્યાદીનો હવાલો આપે છે. આ નાનકડાં લખાણમાં કેટલીક જાણવા જોગ બીનાઓ સમાવવામાં આવી છે. જુઓ તેમના 'The Ahunavar Formula and Zarathushtra's Biography' નામનો રીસાલો.

સારૂં બેહમનની બક્ષીસો છે. જે પણ ગરીબોને રક્ષણ આપે છે, તે ગોયા અહુરમઝદને પોતાના પાદશાહ તરીકે માન આપે છે.'

મી૦ બી. ડી. બરૂચાનો તરજુમો:

'જેમ સર્વથી અષો અહુર, તેમજ અષોઇ પાળનાર (યોગી, સન્ત) પોતાની અષોઇને ખાતર છે; ભલાં કાર્ય કરનારો, દુન્યાને પાવન કરવા સારૂં છે; અને જેઓને અષોઇનું બળ છે, તેઓએ સન્તો (યોગીઓ) પાસે અષોઇ મેળવી છે.'

હવે આ કીમતી અહૂનવર માટે યઝશને હા ૧૯ માં જણાવ્યું છે, કે અહુરમઝદે જરથુશત્ર સાહેબને કહયું, કે આસ્માન, પાણી, જમીન, ગાય, ઢોર, ઝાડપાન, આતશ, અષો નર, દેવો, દુષ્ટ માણસો, તમામ હાડમંદ દુન્યા, અષોઇના તોખમની અહુરમઝદની પેદા કરેલી સર્વે ચીજો અને સુર્યની આગળ, અને અમેશાસ્પંદોના પેદા થવા પછી, જે બુલંદ મનત્ર અહુરમઝદે પોતે જાહેર કર્યો હતો, તે અહૂનવરજ હતો. એટલે કે, સઘળી પેદાયશોની આગળ જે ધ્રુવની જગતમાં ફેલાઇ હતી, તે આ અતિમહત્વના કલામ મારફતે થઇ હતી. ત્યારે અહૂનવર ઉપર જગતની રચના અથવા તેના અમુક ભાગની રચના ગોઠવાઇ હોય, એવું સમજાય છે. એ વીચાર ખાત્રીપૂર્વક લાગે છે, કારણ કે સદરહુ હાના ફકરા ૧૫) માં લખ્યું છે, કે " સર્વથી શ્રેષ્ટ અહુરમઝદ અહૂનવર બોલ્યો, અને (તે પ્રમાણે) તમામ (સૃષ્ટિ) બનાવી." વળી યજશ્નેના ઉપલા હામાં અહુરમઝદે જણાવ્યું છે, કે જે બંદગીઓ હું કદી પણ બોલ્યો હતો, હમણા બોલું છું અથવા હવે પછી બોલાશે, તે તમામમાં અહનવરની બંદગી સર્વોત્તમ છે. તે કલામ તમામ હાડમંદ દુન્યાની બુલંદી જેટલી ઉંચાઇ ધરાવે છે. તેને શીખનારો **મોતથી** (એટલે mortality[1]), **મરણ, જીવનથી**, બચે છે, (એટલે મુક્તિ, મોક્ષ મેળવે છે). વધુમાં ત્યાં જણાવ્યું છે, કે પૂરેપૂરો, વચ્ચે કાંઇ બોલ્યા અથવા વધઘટ કર્યા વીના, એક અહૂનવર ભણાય, તો તે આખા સો ગાથા ગાઇને ભણાય તેની બરોબર છે. તે ઉપરાંત જે કોઇ તે અહૂનવરને મનમાં યાદ કરે અથવા આસ્તેથી ભણીને ગાએ, અથવા ગાઇને વખાણ કરે, તો અહુરમઝદ પોતે તેના રવાનને (ચીનવત) પૂલ ઉપરથી ૩ વખત, સર્વોત્તમ રહેઠાણ અથવા હસ્તી સુધી, સંપૂર્ણ અશોઇ સુધી, અને સર્વથી શ્રેષ્ટ રોશણીઓ સુધી પહોંચાડશે. આખા અહૂનવરને જે બરોબર ન ભણે, તેને બહેસ્તથી દુર લઇ જવામાં આવે છે. હવે આપણાં નીચલાં ચાર શરીરો તનુ, ઊસ્તાન, કહેરપેમ, અને તેવીષીને, ઊપલાં બે ઝલકતાં શરીરો બઓધાગ અને ઊરવાન, અને ત્રીજી ફ્રવષીની સાથે જોડાણ કરવું જોઇએ, અને રફતે રફતે આ જોડાણ પછી એકતાન, યોગ,(harmony, union) થાય છે, તેના ત્રણ તબક્કા હોય છે. એટલે પહેલે ઊરવાન, પછી બઓધંગ, અને છેવટે ફ્રવષી સાથે એ નીચલાં શરીરોના ભાનનો યોગ કરવો પડે છે. માટે અહુરમઝદ યથા અહૂવૈર્યોની મદદથી **ત્રણ વખત** સર્વોત્તમ રહેઠાણ અથવા હસ્તી (એટલે, કદાચ 'ફ્રવષી'), સંપૂર્ણ અશોઇ (જેને અષેમ વોહુમાં 'ભલાઇ,' તરીકે ઓળખી છે,–'ઉરવન') અને શ્રેષ્ટ રોશણીઓ (એટલે, કુદરતી કાયદાઓનું 'ઉંચ માનસીક'–'બઓધંગ'નું જ્ઞાન)સુધી પહોંચાડશે.યજશ્નેમાં વધુ લખ્યું છે, કે અહૂનવરનો ભણનાર, મઝદને ભલા વીચાર કરનારાઓના સરદાર તરીકે, ભલા મનના મુળ અને દોરવનાર તરીકે, અને કાર્યોના કરનાર તરીકે, (એટલે, સઘળું તે પોતે એકલોજ, જે જીવે છે, તેજ કરે છે, એમ) ઓળખે છે. વળી (તે ભણનાર) સઘળી શક્તિ (પાદશાહિ) અહુરનીજ છે એમ કબુલે છે, (Thy Kingdom come)! અને દરેક પવીત્ર દરવીશ માટે ગુરૂ અને પાસબાન, મુકરર થયો હોય છે, જે ગુરૂ વળી સ્પીતમાનનો દોસ્ત તરીકે લેખાય છે, તે આ ભણનાર કબુલ રાખે છે.

---

[1] આ અર્થને, સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટમાં ૩૭) માં વોહ્યુમમાના બાકો નસ્ક ફ્રેગમેન્ટમાંની શરેહ ઉપરથી, ટેકો મળે છે.

વધુ, એજ હામાં અહૂનવરને તમામ પાદશાહિ કલામ, તમામ બંદગીનું ભણતર તરીકે જણાવ્યો છે. તેને સંપૂર્ણ તરીકે ઓળખાવ્યો છે, જે ભણવાની સાથે અંગ્રેમઇન્યુશ અહુરમઝદ સાહેબ પાસેથી નાઠો, (અને આપણી પાસેથી પણ જો બરોબર સમજીને, ખરાં જીગરથી ભણુયે તો નાહસે). આગળ ચાલતાં જણાવ્યું છે, કે અહૂનવરમાં ત્રણ તત્વો ભલા વીચાર, સુખન અને કાર્યોના સમાયલા છે. એટલે એવું ભાસે છે, કે મઝદ અને અહુરને માટે "કાર્ય કરનારાઓ" તે સાહેબો માટે સર્વે **વીચાર અને વચનો, કાર્યોની** ઉપરાંત અર્પણ કરે છે. વધુ જણાવ્યું છે, કે એ અહૂનવર ચારે તબકકાને લગતો છે, એટલે આથ્રવન, રથેશ્તાર, ખેડૂત અને કારીગર એ સઘળાઓને માટે તે છે. આ ઉપરથી એવું અનુમાન ઉપજે છે, કે આ ચારે ભીન્ન ભીન્ન વર્ણ અથવા જ્ઞાતીઓ માટે, જોકે હિન્દુ શાસ્ત્રોમાં જુદા જુદા ધર્મો (એટલે ફરજો), મુકરર કરવામાં આવ્યા છે, તોપણ જરથોસ્તી દીન પ્રમાણે આ અહૂનવરનો મનત્ર એટલો ઉચ છે, કે તે ચારે જ્ઞાતીઓને બંધબેસ્તો થઇ પડે છે, અને ચારેને લાગુ પડી, તેઓની મુક્તિનું સાધન થઇ પડે છે. એટલુંજ નહિં, પણ રૈયત અને રાજાઓનો ધર્મ પણ હિન્દુ શાસ્ત્રોમાં જુદો જુદો દર્શાવ્યો છે, જયારે અહૂનવર તો ચારે જ્ઞાતી જેઓમાં રૈયત આવી ગઈ, તે ઉપરાંત પાંચે સરદારો અથવા રાજાઓને એકસરખી રીતે લાગુ પડે છે; એટલે કે ઘર, ગામડાં, ટોળાં, અને પ્રાંતના રાજા અને જરથુશત્ર સાહેબ પોતાને પણ, અહૂનવર બંધબેસતો થાય છે. હવે 'મઝદ' અને 'અહુર' ને માટેના 'કાર્ય કરનારાંઓ', જે સઘળાં વીચાર, વચન અને કાર્યો, તે સાહેબો માટેજ વાપરે છે, તે કેવા હોય છે, તે જણાવ્યું છે. જેમ પવીત્ર ખવાસના માનવીઓ, અષો વીચારને સર્વથી વધુ અગત્યતાનો લેખે છે તેમ લેખીને, તેઓ **વીચાર** કરે છે. તેઓએ કેવાં **વચન** ઉચરવા જોઇએ, તેનો જવાબ મળે છે, કે ફકત માત્ર જે વૃદ્ધિ કરનાર છે, તેજ બોલે છે; કારણ કે તે અક્કલ પસંદ અને આગળ વધારનાર છે. અને ઇશ્વરસ્તુતી સાથે, અને રાસ્તી અને પવીત્રાઇને સર્વથી શ્રેષ્ટ માન્ય રાખીને, **કાર્યો** કરે છે. એટલે વીચાર, વચન અને કાર્યો ભલતાંજ નહિં, અથવા માનવી હુંપણાના મોહથી શ્રેષ્ટ ગણે તે નહિં, પણ પાક અવસ્તામાં ઉપર જણાવ્યા મુજબનાંજ હોવાં જોઇએ. ત્યારેજ અહૂનવરના કલામમાં શીખાડેલો ધર્મ પાળેલો ગણાય. હવે આ શીક્ષણ મઝદે પોતે, દરેક અષો માણસ, જેણે શરીરમાં હોવા છતાં ઉંચ ભાન ખીલવ્યું હતું, તેને આપ્યું હતું, અને તેવાને હવે પછી પણ આપશે, એવું યજશ્નેના ઉપલા હામાં જણાવેલું અને સુચવેલું છે. આ જાહેર કરનાર સાહેબ સંપૂર્ણ જણાવ્યો છે, જે એકજ શરતે દર્શન આપે છે, તે એ, કે જે માણસને તે જાહેર થાય, તે અષો હોવો જોઇએ, અને પોતાની મરજી પ્રમાણે નહિં, પણ મઝદની મરજી, તેના હુકમ, અને તેના ધર્મ પ્રમાણે ચાલનાર હોય (doer of the Will of God).

ભગવદગીતામાં ૧૮ માં અધ્યાયની ૬૬ મી કડીમાં શ્રી કૃષ્ણે જણાવ્યું છે, કે "સર્વે ધર્મને છોડીને મારા એકલા પાસે આશ્રા અને શરણ માટે આવ, અને ફીકર નહિં કર, હું તને મુક્તિ બક્ષીસ...જે આ **સર્વોત્તમ ગુપ્ત જ્ઞાન** મારા ભકતોને **શીખાડશે**, ત્યારે મારે માટે શ્રેષ્ટ પ્યાર બતાવવાને લીધે, **જરૂર** તે મને પહોંચશે." અને શ્લોક ૨૩ માં જણાવ્યું છે, કે "જે કર્મ (ધર્મમાં) **ફરમાવેલું હોય, અને** ફળની આશા વીના, અને કોઇ પણ વલગણ વીના અને ગુસ્સા અથવા દ્વેષ વીના

કર્યું હોય, તેજ માત્ર **અષો,** સાત્વિક ગણાય છે."૧

હવે અહૂનવરમાં જણાવેલા મઝદ અને અહુર માટે કાર્ય કરનારાઓ, તે મહાન સરદારોનોજ આશ્રો લે છે, માટે તેમને સર્વોત્તમ સુખ, શક્તિ અને જ્ઞાન, જે મઝદ છે, તે પ્રાપ્ત થશે; જેથી આ દેખાતી જગતના બંધનમાંથી, તેઓ ખરેખર હમેશને માટે છુટી જશે.

દીનકર્દ પ્રમાણે જરથુશત્ર સાહેબને, જયારે કીકો અને કરપનોએ મારી નાખવાનો કીસદ, તેઓ જન્મયા અને ત્યારબાદ કર્યો, ત્યારે વોહુમન તે મહાગુરૂની અક્કલમાં દાખલ થયો અને તેમની પાસે જન્મ પામતાંજ હસાવ્યું અને **એક જાતની અહૂનવરની** કલામ ભણાવી. વળી એજ કીતાબમાં લખાયું છે, કે અહુરમઝદે હદીશ (ફરીસ્તા)ને જણાવ્યું છે, કે અનાજને દુજથી જાળવવા માટે, એ અહૂનવર ભણવા જોઇએ.૨ વળી જયારે અષો જરથુશત્ર ઉપર ઉત્તર તરફથી દુજ ધસી આવ્યો, અને 'માર જરથુશત્રને!' એવો ભયંકર અવાજ કાઢયો, ત્યારે તે અષો પયગમબર, મોટે સાદે અહૂનવર ભણુયા, અને તુરતજ દુજ ગભરાટમાં પડી, ત્યાંથી ઉભી પુછડીએ નાઠી. વળી દુજના શરીરો એવી જાતની સ્થુલ પદાર્થના બન્યાં છે, કે તેમને તોડી નાખવાને, અહૂનવરનો મંત્ર પૂરતો થાય છે. એથી તેમના શરીરોને તોડનાર તરીકે, અહૂનવરને દીનકર્દમાં ઓળખાવ્યો છે.૨ હવે જયારે આતશની ઉંચ ધ્રુવનીને લીધે, તેની અગળ જે પણ વસ્તુ મુકી હોય, તેની કમ્પનાઓ પણ ઘણીજ વધી જઇને, આખરે તે ચીજની રગેરગ, રજકણે રજકણ, અણુએ અણુ છુટાં પડે છે, તેને આપણે બળી જવા અથવા નાશ પામવાની ક્રિયા તરીકે પીછાણુયે છીએ. તેજ મીસાલ અહૂનવરનો અતિ બળવાન ધ્રુજનીઓવાળો મન્ત્ર ભણવાથી, દુજોનાં નાપાક શરીરો ભાંગી, ટુટી જાય છે. માટે અહૂનવર ભણતાંને વાર, દુજો જમીનની અંદર છુપાઇ જાય છે, અને જેમ જમીન અથવા રાખમાં દાટેલી વસ્તુને આતશની ધ્રુવની પહોંચતી અને બાળતી નથી, તેમ કદાચને અહૂનવરનો કલામ જમીનની નીચે જઇને, તેમને પહોંચી ન શકતો હોય, એવું લાગે છે, તેથી તેઓ તેના પાતાલના ભીત્તરમાં આશ્રો લે છે.

દીને મેન્યો ખીરદમાં **અહૂનવરને** ખુદ પેદા કરનાર અહુરમઝદનો કલામ તરીકે કબુલ્યો છે.

ઝાદ સ્પરમમાં અહૂનવર બદલ ખુલ્લું જણાવ્યું છે, કે (૧) જે અહુરમઝદની મરજી પ્રમાણે છે, યોગ્ય છે, અને જે તેવું નથી, તે શરૂઆતથીજ નુકસાનકારક છે, કારણ કે તેમાં તે સાહેબની મરજીથી જુદાઇ ઉપજી છે. (૨) વળી જે અહુરમઝદની મરજી પાળે છે, તેને નેક બદલો મળે છે, અને નથી પાળતો તેને પોતાના કર્મથીજ ચીનવત પૂલ ઉપર આઝાબ પડે છે. છેવટે (૩) અહૂનવરમાં જણાવેલું છે, કે અહુરમઝદની સત્તાથી ગરીબો માટે વૃદ્ધિ થાય છે, અને કષ્ટિ દુર થવા પામે છે. વળી એક માનવી અમર ખજાનાઓ ખરી રીતે પોતાનો ત્યારે કરે છે, કે જયારે તે તંગ હાલતના લોકોને બક્ષે છે. આ (૩) બાબદોનાં ભેગાં બળથી દેખાતી સૃષ્ટિમાં

---

१ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम्
अफल प्रेप्सुना कर्मयत्तत्सात्त्विकमुच्यते ।

Jesus said, Blessed are they that hear the word of God and keep it. (Luke XI. 28). Behold to obey is better than *sacrifice,* and to hearken, than the fat of rams. (I.Sam. XV, 22)

જીસસે કહયું, કે 'જેઓ **ઇશ્વરની આજ્ઞા સાંભળીને,** તે બજા લાવે છે, તેઓનું કલ્યાણ થશે.' '**સાંભળો!** ભોગ આપવા કરતાં (ઇશ્વરને) **તાબે થવું** વધારે સારૂં છે, અને મેંઢાઓની ચરબી(ના ભોગ) કરતાં, (ઇશ્વરનો સુખન) **સાંભળવું** (સરોષ) વધારે પસંદ કરવા જોગ છે.

૨. સરોષ યશ્ત હાદુખ્ત (કરા ૩)માં અહૂનવરને સર્વથી વધુ જોરાવર, દુજને મારનાર, મન્ત્ર ગણ્યો છે.

(ભલાઇ અને બુરાઈ વચ્ચે) જે હરીફાઇ ચાલી રહી છે, તેમાંથી રસ્તાખીઝ અથવા ફ્રષોકેરત થશે. એટલે કે, પહેલવહેલાં ખરી દીનદારી અને યકીન પ્રાપ્ત થશે, કે અહુરમઝદ દુષ્ટતાથી વેગળો, પવીત્ર અને પવીત્ર મરજી રાખનાર છે; બીજું, ભલાઇનો સારો બદલો મળશે, અને ગુનાહો માટે ચીનવત પૂલની બીક માનવીમાં ઉત્પન્ન થશે; અને ત્રીજું, પ્રાણીઓની એકમેકની મદદ થશે, (જે ભલાઇ કરવા સામે દરેકનો હલકો ખવાસ બળવો કરે છે,) અને તેમાંથી ભીત્તરની લડત ઉભી થશે, જે લડતના પરીણામમાં, ફ્રષોકેરતની નવી અમર જીંદગી હાસલ થશે.

હવે આ ઝાદ સ્પરમના વીવેચન ઉપરથી સાફ દેખાઇ જાય છે, કે સૃષ્ટિનું પ્રકટીકરણ કેમ ચાલી રહ્યું છે, તેનો પરદો અહૂનવર મારફતે ખોલ્યો છે. (૧) અહુરમઝદની **મરજી** તેજ સારી જગત માટે કાયદો છે; તે મરજી સર્વથી ભલીજ છે; (૨) તે મરજીને નમવાથી, સુખ અને નેકી, અને તેની સામે બળવો ઉઠાવવાથી, દુખ અને માયામાં વધુ લપટ પ્રાપ્ત થાય છે, અને (૩) એ મરજી પૂરેપૂરી પાળવાથી, સુખ અને નેકીની પાછળ, ફ્રષોકેરત, એટલે બીજી વખતનું જીવતર, જે ફકત ફ્રવષીમાંજ ભાન ખુલવાથી નીપજે છે, તે મેળવી શકાય છે. તેને કોઈકો મુક્તિ તરીકે ઓળખે છે. ટુંકમાં, જ્યારે ફ્રવષી અહુરમઝદમાંથી નીકળીને, નીચે ઉતરીને, અથડામણમાં પડી, ત્યારે તેને અહુરમઝદ સાથે યોગ કરાવવા માટે, અહુરમઝદની મરજી પાળવાનો સહેલો અને સીધો રસ્તો છે, એમ અહૂનવર મારફતે દેખાડવામાં આવ્યું છે!

ઝાદ સ્પરમમાં બતાવ્યું છે, કે જેમ અહુનવરની ત્રણ કડીઓ છે, તેમ ગાથાઓને પણ ૩ લીટી, ૪ લીટી અને ૫ લીટીવાળા ફકરાઓ, એવી ત્રણ જાતના ફકરઓમાં, જુદા પાડી શકાય છે. વળી અહુનવરની દરેક કડીને બે વીભાગમાં છુટી પાડી નાખવામાં આવે છે, ત્યારે તેના ૬) વીભાગ બને છે. તેજ પ્રમાણે ગાથાઓના વીભાગ છે, એટલે ગાથા અહુનવઇતી, યસ્ન, ગાથા ઉશતવઇતી, ગાથા સ્પેનતોમદ, ગાથા વોહુક્ષથ્ર અને ગાથા વહિસ્તોઇસ્ત. વળી જેમ અહૂનવરના ૨૧) શબ્દો છે, તેમ ગાથાઓના પણ ૨૧) વીભાગો છે, એટલે કે પહેલો વીભાગ અહૂનવર, બીજો વીભાગ અષેમ, ત્રીજો વીભાગ યેંઘેહહાતાંમ, ચોથો વીભાગ ઐર્યમન (અથવા સાત હાની યસ્ન), અને પાંચથી એકવીસમા વીભાગો અનુક્રમે પાંચે ગાથાના ૧૭) હાઓ. (નુસ્કોના પણ ૩, ૬ અને ૨૧ વીભાગો કર્યા છે, તે સાથે સાથે જણાવવામાં આવ્યું છે.)

બાકી નુસ્કની પહેલવી યસ્ત ૧૯) માં જણાવ્યું છે, કે **પ્રકટીકરણ** કરવા માટે અહુરમઝદે અહૂનવર ગાયો, અને પ્રકટીકરણ સંપૂર્ણ થવાથી તેનો છેડો આવ્યો (આવશે).

વળી ઝાદ સ્પરમમાં જણાવ્યું છે, કે હાદુખ્ત નુસ્ક પ્રમાણે સઘળી વાણીઓમાં સર્વથી ફતેહમંદ વાણી અહૂનવરની છે.

દીનકર્દ પૂસ્તક ૮ માં જણાવેલું છે, કે 'અહૂનવરની પહેલી પૈદાયશ, યસ્તોના ગાથાઓ છે, જેમાં ધર્મનું મુળ દેખાડી આપ્યું છે. વળી અહૂનવરનો શરૂઆતનો શબ્દ 'અહુ' તે ગાથાની શરૂઆતના શબ્દ 'અહ્યા' ને મળતો છે, અને અહૂનવરનો છેવટનો શબ્દ 'વાસ્તારેમ' તે ગાથાના છેવટના બોલ 'વહ્યો' ને મળતો છે. અને આ નાના કલામ (અહૂનવર) માં મઝદને આરાધના કરનારી સઘળી દીન સમાવી દેવામાં આવી છે.' એ ઉપરથી સમજાય છે, કે અહૂનવરમાં સઘળો બોધ, સર્વ શક્તિ અને સર્વ ગુણોના ભેદોનો **અરક** આવી ગયો છે. વળી ગાથાઓ ફકત અહૂનવરને સમજાવનાર વીવેચન હોય, એવું ઉપલી સરખામણી ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે. અહૂનવરમાં છેવટે "દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ" આવે છે, અને કુલ ગાથાઓને છેડે પણ એજ ભાવાર્થના શબ્દો "યા એરેઝેજ્યોઇ દાહી દ્રિગ-ઓવે વહ્યો" આબેહુબ મળી આવે છે; અને તે દીનકર્દના કહેવાને ટેકો આપે છે. ત્યારે ફકત હવે અહૂનવરમાં સમાયલા **ગુપ્ત જ્ઞાનને** સંપાદન કરવા માટે, આપણે નીત્ય પ્રયત્ન કરવો જોઇએ, એવો સાર આપણને મળે છે. જ્યારે

અહૂનવરના દરેક બોલ સમજાવવા એક આખું નુસ્ક આપણા ધર્મ સ્થાપકે રચ્યું હતું, ત્યારે તે નુસ્કની ગેરહાજરીમાં તે સમજવાનું કાર્ય કેટલુંક અઘરૂં છે, તે આપણે સાફ સમજી શકયે છીએ.

વળી દીનકર્દમાં જણાવ્યું છે, કે સુદકર નુસ્ક પ્રમાણે, અહૂનવર જરથોસ્તી દીનનો શરૂઆત અથવા બુન છે. કાર્યોમાં ફતેહ મેળવવા માટે અહૂનવર ભણવો જોઈએ. કોઇને કાંઇ કહેવું હોય તો અહૂનવર ૧) ભણવો, અને જયારે કોઇ પાસે કાંઇ માંગવું હોય અથવા કામ ઉપર જવુ હોય, ત્યારે પણ ૧) ભણવો. આશીશ આપતાં અહૂનવર ૨) ભણવા. જયારે જગત ઉત્પન્ન કરનાર સરદારોની આરાધના કરવી હોય અથવા ઋતુની ક્રિયાઓ કરવી હોય, ત્યારે ૪) ભણવા. દેવોને મારી હઠાવવા ૫) ભણવા.[1] શક્તિ મેળવવા અથવા લડાઇમાં જીત મેળવવા ૬) ભણવા. અમેશાસ્પંદોની આરાધના માટે ક્રિયા કરવા માટે ૭) ભણવા. પવીત્ર લોકના ફરોહરોની આરાધનાની ક્રિયા માટે ૮) ભણવા. જમીનમાં બીજ નાખતી વેળાએ ૯), અને બાળક ઉત્પન્ન કરવાની ક્રિયા વેળાએ ૧૧) ભણવા. જયારે બાયડી માંગવા જવું, ત્યારે ૧૧) ભણવા. પહાડ ઉપર ચઢવા જવું હોય ત્યારે ૧૨), અને કોઇ લોકોથી ભરપૂર જગ્યા ઉપર જવા નીકળવું હોય ત્યારે ૧૩) ભણવા. વળી તે નુસ્કમાં જણાવ્યું છે, કે નેક નૈયતથી અહૂનવરનો દરેક શબ્દ મોટે સાદે ભણેલો હોય, તેથી એક દેવની શક્તિ તુટે છે, અને દુશ્મન (અંગ્રેમીનો)થી જાન અને માલનો બચાવ થાય છે.

દીનકર્દના વર્સતમાનસર નુસ્કમાં જણાવ્યું છે, કે અહૂનવર રાજયકર્તા તેમજ ધર્મના વડા ગુરૂમાં સમાવેલા હોવા જોઇતા, દુન્યવી અને મીનોઇ ગુણો અને **સત્તા** વીષેનું વર્ણન કરે છે. 'મારી ઇચ્છાઓ જરથુશત્ર એ છે, કે મીનોઇ સરદારી અને ધર્મગુરૂ તરીકેની સત્તા મળે, કારણ કે તને એક મીનોઇ રાહબર આપવામાં આવ્યો છે.' ત્યારે ધર્મગુરૂ વીના હોવું, એજ દેવોનો કાયદો બન્યો, અને અહુરમઝદ અને અમેશાસ્પંદો (જેઓને અહૂનવરમાં યાદ કર્યા છે તેઓ)ને સરદાર અને ધર્મગુરૂઓ તરીકે કબુલવાથી, ભલાઇ ઉત્પન્ન થાય છે.

આગળ ચાલતાં દીનકર્દના એજ નુસ્કમાં રોશન કર્યું છે, અને તે બહુજ નોંધવા જોગ છે, કે અહુરમઝદે જરથુશત્ર સાહેબને અસલ ધર્મ શીખાડયો, અને અહુરમઝદ પોતે જગતના જોતી તરીકે **અહૂનવરની અંદર વસ્તો રહયો છે,** અને ફ્રષોકેરતર[2]ના જમાનામાં જરથુશત્ર સાહેબ જગતના જોતીની પદવી અખતયાર કરશે.

દીનકર્દની બાકો નુસ્કમાં અહૂનવરને સર્વથી ગુપ્ત અને સર્વે સમાવી લેનાર શબ્દોની રચના, જેમાં ધર્મનું સર્વજ્ઞ ચૈતન્ય સમેટી લેવાયું છે, એવી પ્રકારનો મન્ત્ર ગણ્યો છે. અહૂનવરમાં 'અહૂ' તરીકે જણાવ્યો છે, તે પેદા કરનાર અહુરમઝદની પહેલી પેદાયશ છે, અને 'વૈર્યો' એટલે 'મરજી' એ અહુરમઝદની બીજી પેદાયશમાં દાખલ થઇ. વળી ક્રિયામાં એક અહૂનવર ઇન્તેજારી વીના ભણાયલો હોય, તે ૧૦૦ ગાથાઓ તેવીજ ઇન્તેજારી વીના ભણાય, તેની બરોબર લેખ્યા છે. અને અહૂનવરને અધુરો ભણવાનું અઝીમ ગુનાહ તરીકે ગણાયું છે.

જગેજગ કેટલા અહૂનવર કયારે ભણવા, કે જેથી પવીત્રાઇ સાબીત બને, તે વંદીદાદમાં જણાવવામાં આવ્યું છે. વળી જયારે ઉત્તર તરફથી દેવોનો દેવ અંગ્રેમીનો ધસી આવીને, જરથુશત્ર સાહેબને મારી નાખવાને બુઈતી (બુતપરસ્તી) દુજને ફરમાવ્યું, ત્યારે જરથુશત્ર અહૂનવર મોટા અવાજે પઢયા, અને ઇરાનવેજની દાઇતી નદીને કીનારે (ફુલ પાન

---

૧. આપણે જુદી જુદી સંખ્યામાં અથેમ, યથા, ઇત્યાદી ભણયે છીએ, તેનો મર્મ હવે સમજી શકીશું.

૨. બુન્દહેશમાં જણાવ્યું છે કે ફ્રષોકેરત પહેલાં, અહુરમઝદ પોતે જોતી તરીકે અને સરોશ યઝદ રાસ્પી તરીકે, જગત ઉપર ઉતરી આવીને, ઇજશ્ને કરશે.

વીગેરેનું) બલીદાન આપ્યું, અને પોતે મઝદ-યસ્ની હોવાનો એકરાર કર્યો, તેટલામાં ડરીને બુઇતી દુજ ત્યાંથી પલાયન કરી ગયો. ત્યાર બાદ જરથુશત્ર સાહેબે અંગ્રેમીનોની પૂઠ પકડીને અહૂનવરો ભણતા ગયા, જે ઘર જેટલા મોટા પત્થરની માફક તેની ઉપર જઇને પડયા, તેથી તે હેરાન થઇ, કોઇ મોટું રાજ તેમને આપીને તે સાહેબને લલચાવા ગયો; પણ તેઓ તે લાલચથી જરા પણ ડગમગ્યા નહિં. તે ઉપરાંત તેઓએ જણાવ્યું, કે મારાં હથયારો હાવનીમ, ક્રિયાનાં પયાલાંઓ, હોમ અને મઝદે શીખાડેલો મન્ત્ર, એજ છે, અને તે સર્વોત્તમ છે.

જમ્યાદ યસ્તના ફકરા ૮૧) માં આપણને જણાવવામાં આવ્યું છે, કે "વળી ચોમેર ફેલાયલી, માત્ર અહૂનવરની બંદગી, જે અષો જરથુશત્ર ગાઇને ભણ્યા, (અને) ત્યારકેડે વધુ મોટે સાદના ગાયનથી (ભણ્યા), તે કારણથી તમામ દેવોને (તેમણે) ઇજશનેને સારૂં નાલાયક, આરાધનાને સારૂ નાલાયક (બનાવીને), જમીનમાં દટાએલા કીધા."

યશ્તનો ટુકડો, જે મી૦ ડારમેસ્ટેટેએ સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ટના ૨૩ મા વૉલ્યુમનાં ૩૧૧ મે પાને આપ્યો છે, તેના ફકરા ૪) થામાં આ પ્રમાણે વાંચ્યે છીએ, " ઓ ! જરથુશત્ર ! તે સત્ય અહૂનવર સુખન ઉચરવાથી, તે મન્ત્રના ભણવાથી, **જાન અને અષોઇનું બળ અને ફતેહ** વધે છે." સરોષ ફતેહમંદી ઉપર મુવક્કલ એક યઝદ છે. તે સરોષ પોતે ફતેહ કેમ મેળવે છે, તે યસ્ન ૫૭ ના ૨૨ મા ફકરામાં જણાવેલું છે. "જે (સરોષ) તું ફતેહમંદ **હથયાર** (થવાને), **અહુનવરે** તથા હફતન યસ્તે તથા ફત્તેહમંદ ફષુષમાંથ વાણીએ તથા તમામ યજશ્નેના કરદાઓએ કબુલ રાખ્યું.[1]" એ મન્ત્રોના હથયારોથી તે ફીરોઝગર બને છે.

યજશ્ને હા ૯ ના ૧૪ મા ફકરામાં લખાયલું છે, કે " ઓ ! જરથુસ્ત્ર ! ચોમેર ફેલાયલી અહૂનવર પહેલવેહલાં **ઇરાનવેજમાં** તું (જે) વખણાયલો (છે તે) ગાઇને ભણ્યો, (અને) ત્યારબાદ વધારે મોટે સાદે (ગાઇને ભણ્યો)."

યજશ્ને હા ૮ ના ૧ લા ફકરામાં ભણનાર દુઆ કરે છે, કે "અહુરમઝદની, અહૂનવરની, રાસ્ત બોલેલા સુખનની, નેક, ભલી દુઆની, જોરાવર દામીઉપમનની, હોમની, માંથ્રની, તથા અષો જરથુશત્રની વખાણ (હોજો) !"

વંદીદાદ પરગર્દ ૧૧ મીના, ફકરા ૩) માંર ફરમાવ્યું છે, કે "એટલા માટે આ (નીચલા) કલામો કે જે ઘણાજ ફત્તેહમંદ તથા ઘણાજ તન્દુરસ્તી આપનાર છે, તે તારે ભણવા જોઇએ. (એટલે કે) પાંચ અહૂનવર તારે ગાઇને ભણવા જોઇએ..**અહુનવર તનને બચાવે** છે..." અહિં અહૂનવરની શરીરને રક્ષણ આપવાની શક્તિ, જે સરોષ બાજમાં પણ પ્રગટ કરવામાં આવી છે, તે દર્શાવી છે. વળી માંથ્રથી એક જાતનું સરોષનાજ જેવું માનવીનું તન બને છે, તે પણ અહૂનવરથી ટેકાવી, અને બચાવી રાખી શકાય છે.

વીસ્પર્દ કરદા ૧ ના ફકરા ૪) થામાં ઈશારો છે, કે "ગાવાને માટે કામ આવતો અહૂનવર, જે અષો તથા અષોઇનો સરદાર, તેને હું ઇજન કરૂં છું, (તથા) બીજલુસમાં આદરમાન આપું છું."[3]

વીસ્પર્દ કરદા ૧૦ ના, ફકરા ૨)જામાં "અહૂનવરને, અહુ તથા રતુને તથા મઝદયસ્ની દીનની ઉપર ઉસ્તેવારીને, મારી વખાણથી **પહોંચવાને** હું ઇચ્છું છું," એમ ભણનાર બોલે છે.

વીસ્પર્દ કરદા ૨૩ ના, ફકરા ૨)જામાં આપણે નમાઝ કર્યે છીએ, કે "આ

---

૧. **સરોષને 'માથ્રના તનવાળો' કહયો છે, તે પણ હવે વધુ સારી રીતે સમજાશે.**

૨. વધુ ફકરાઓ ૮,૧૧,૧૪ અને ૨૦ માં પણ એવીજ જાતનું ફરમાન છે. જુઓ વળી પરગર્દ ૧૭, ફકરાઓ ૬ અને ૮; પરગર્દ ૧૮, ફકરાઓ ૪૩ અને ૪૯; પરગર્દ ૧૯, ફકરાઓ ૨,૧૦ અને ૧૧, જયાં જુદી જુદી વખતે કેટલા અહૂનવર ભણવા તે, વીગેરે દર્શાવ્યું છે.

૩. એજ પ્રમાણે વીસ્પર્દ કરદા ૨ ના, ફકરા ૬) ઠામાં અહૂનવરને યાદ કીધો છે.

બદલાને અમે યાદ કર્યે છીએ (અથવા આ બદલાને માટે અમે ભોગ આપ્યે છીએ). આ **સુખાકારી** (bliss)ને અમે યાદ કર્યે છીએ. આ **તનદરૂસ્તીને** અમે યાદ કર્યે છીએ. આ **આબાદીને** અમે યાદ કર્યે છીએ. આ **વૃદ્ધિ** (evolution) ને અમે યાદ કર્યે છીએ. જે (બદલો, સુખાકારી, આબાદી અને વૃદ્ધિ) અહુનવર (તથા) ઐર્યમનમાં[1] (જણાવેલાં) છે."

આફ્રીનગાને રપીથ્વનમાં અહુરમઝદને અષો જરથુશત્ર નીચલો સવાલ પૂછે છે. "તેને શું પુણ્ય, શું બદલો હાંસલ થશે, જે રપીથ્વનની બંદગીથી રપીથ્વન સરદારને વખાણે છે, જે રપીથ્વનને ધુવેલા હાથોથી, પાંથરેલી બરસમ સાથે, ઉંચે ધરેલા હોમથી, **ચલકાટથી** બળતા આતશથી, મોટે સાદના અહુનવરથી, હોમથી ભાજવેલી જબાનથી, અને **માંથ્રથી બંધાયલા શરીરથી** પુજે છે. ત્યારે અહુરમઝદે જવાબ વાળ્યો કે, એ અષો જરથુશત્ર! જેમ દક્ષીણ તરફનો પવન આખી હાડમંદ દુન્યાને **આગળ વધારે** છે, **ફરરાખી** આપે છે, અને **લાભકારક સુખ** મેળવી આપે છે, તેમ (તેટલી મદદ કરીને) એવો માણસ લાયક બને છે, (અને તેટલી મદદ અને ભલાઇના પ્રમાણમાં ગંજાવર) બદલો તેને મળશે."

ડા૦ મીલ્સે અવસ્તાના કટકાઓ (Fragments) માના ૯ માની અંદર, નીચલા વીચારો સમાયલા છે. "અહુનવરને મઝદે પસંદ કરેલી બંદગી તરીકે, (માન આપવું અને) પસંદ કરવી જોઇએ... અહુનવર મઝદનો મનત્ર છે. તે શબ્દો ઘણોજ યોગ્ય છે. તે મનત્ર માથ્રસ્પેન્ત શબ્દ છે, જે **નહિં જીતાયલો, નહિં છેતરાયલો, ફતેહમંદ, કપટથી વેગળો, તન્દરૂસ્તી** અને **જીત મેળવનાર મઝદનો બોલ** છે; જે જેવો બોલાય છે, તેવો તેના બોલનારને સર્વથી શ્રેષ્ટ ફતેહ બક્ષે છે. એ તે મનત્ર છે, જે એશમ (દેવ)ના બોલો સામે સર્વેથી વધુ મદદગાર અને **ફતેહમંદ, જે તનદરસ્તી આપનાર, અને સાજું કરનાર, જે પ્રકટીકરણ કરનાર, જે વૃદ્ધિ કરનાર અને ખીલવનાર**

૧. ઈજશ્ને હા ૫૪) માં, ઐર્યમન તરીકે જણાયલો છે.

છે. તેને માટે ભણનારે સારી ભેટ અર્પણ કરવી જોઇએ."

અશીશવંઘ યશ્તના કરદા ૨-(૨૦) માં ભણયે છીએ, કે અંગ્રેમીનો પૂર મરકીવાળો આ પ્રમાણે બોલ્યો. "તમામ **યઝદો** મારી મરજી ઉપરાંત મને ચીરી શકયા નથી; પણ જરથુશત્ર **એકલો મારી** મરજી ન હોવા છતાં, મને પહોંચી (મારી હઠાવી) શકયો. અહુનવૈર્યનાં, કત (માપના)[2] જેટલા મોટા પત્થર જેવાં હથ્યાર મારફતે, (જરથુશત્ર) મને મારે છે; ધાતુ (ને પીગળાવી નાખે તે) ની માફક અષ વહિશ્તની[3] મારફને મને બાળી નાખે છે. (જરથુશત્રે) આ પૃથ્વિ ઉપરથી જતું રહેવું, મારા હકમાં વધારે સારૂં છે[4], (એમ પોતાના માથ્રનાં બળથી પૂરવાર કર્યું છે)!"

બુંદહેશમાં બાબ ૧) માં અહુરમઝદ પોતે અહુનવર ગાતો દેખાડયો છે. વળી ત્યાંજ જણાવ્યું છે, કે ઇશ્વરપ્રેરીત જ્ઞાન (revelation) પ્રમાણે, જયારે અહરેમન સૃષ્ટિમાં પહેલો ઉભો થયો, ત્યારે અહુનવરના ૩ માંનો પહેલો ભાગ, અહુરમઝદ ભણયો. ત્યારે ડરથી અહરેમને પોતાનું શરીર (દેર) સંકોચાવ્યું; અને બીજો ભાગ ભણયો, ત્યારે અહરેમન પોતાની ગુઠણમંડીએ પડયો; અને ત્રીજો ભાગ અહુરમઝદ ભણયો, ત્યારે અહરેમન હવેરો બાવરો બની ગયો, અને અહુરમઝદના પ્રાણીઓને ઇજા કરવાને અશકય બની ગયો, અને ૩૦૦૦ વર્ષો પર્યંત આ રીતે સંતપ્ત અને આકુલ, વ્યાકુલ રહ્યો.

હવે આપણે આપણા પવીત્ર ધર્મના લખાણોમાંથી મળતી સમજણ લઇ ચુકયા છીએ. કાંઇક રીતે એ સઘળાંનો ભાવાર્થ જાણયો છે. હવે એ મનત્રને આપણે બારીકીથી તપાસવો જોઇએ. માટે આપણો આ પ્રકરણની શરૂઆતમાં અહુનવરનો જે ખાસ અર્થ કર્યો છે, તે ઉપર લક્ષ ચોંટાડીશું.

---

૨. એક ઘરના જેટલા મોટા.

૩. અષેમ વોહુ.

૪. આ અવસ્તાવાણી ઊપરથી, જરથુશત્ર સાહેબ કોઇ સાધારણ માનવી નહિં, પણ મીનોઇ યઝદો કરતાં, આ ગેતીમાં, વધુ બળવાન ફરેસ્તા અથવા યઝદ તરીકે, પૂરવાર થાય છે.

અહૂનવર 'અહુરમઝદ'ની **મરજી** જાહેર કરે છે, અને તે મરજીને દુન્યાના ખરા રક્ષકો અને તારનારા, પવીત્ર **ધર્મગુરૂઓ, તાબે** થયા છે, તેટલા કારણસર (એટલી **ભક્તિને** લીધે), આ નાની, મોટી પદવીના ગુરૂઓ પણ, અહુરમઝદ જેટલાજ **સ્વતંત્ર** (શક્તિવાળા), પૂરતી અષોઇથી બની શકે છે, એવી આનંદકારક વધાઇ અને **ઉમેદ,** માનવીની આંખ આગળ ધરવામાં આવી છે. વળી માનવીનું ફરે તાસ્ના દરજજે પહોંચવાનું સરોષ યઝદ અને બેહમન [1] અમેશાસ્પંદની મદદથી થાય છે. આ મદદ મેળવવાની ચાવી મઝદને માટેના **કાર્યો** **('કર્મ')**[2] છે. હવે બેહમનની બક્ષીસો અને મદદ કયાં છે? ભલું, નીર્મળ **મન (જ્ઞાન)** અને **પ્યાર** પોતેજ છે! જ્યારે જગતના પ્રાણીઓ ઉપર પ્યાર રાખવાથી, મન સ્વચ્છ અને શાન્ત બને છે, ત્યારે તે **મનમાં** ખુદ અમેશાસ્પંદો અને અહુરમઝદ વાસો કરે છે.

ત્યારબાદ જણાવ્યું છે, કે અહુરને માટે જીવનારાઓને સારૂં ઇચ્છવાજોગ રાજ્ય, (Kingdom of Heaven within), નીર્માણ થયું છે. તેની સાથે વળી બહુજ નોંધવાજોગ આશા આપી છે, કે જે પણ જીવો તૈયાર, આતુર અને લાયક હોય છે, (જેમને આપણે તરજુમામાં "પવીત્ર દરવીશો" ને નામે ઓળખ્યા છે), તેમને એ રાજ્યમાં પ્રવેશ કરતાં શીખાડવા માટે, રાહબર આપોઆપ મળશે. કારણકે જેમ જીવતરનું સુખ, દુખ અને મોત મુકરર કરીને જન્મ આપવામાં આવે છે, તેમ દરેક માનવીનો રાહબર કયો મહાન ગુરૂ થશે, તે પણ નીયમસર સરજાયલું હોય છે. આપણા અષો પેગમબર સાહેબના જાયેનશીનો અને ચેલાઓ હજારો થઇ ગયા છે, જેઓ અમર કાયાઓ તરીકે આપણા ટોળા ઉપર **નીગેહબાની** કરી **રહ્યા છે,** તેમનામાંના કોઇ પણ એક, જયારે એક જરથોસ્તી, ખરા ચેલા તરીકે મન, વચન અને વર્તન ચલાવે છે, ત્યારે દયા અને મહેરથી, રાહબરી કરવાને કબુલે છે. અને તે કયો મહેરબાન દરેક માનવી ને માટે જુદો, જુદો નીમાયલો છે, તે તે માનવીના જન્મની પહેલાં નક્કિ થયું હોય છે.

યસ્ન હા ૧૯, અને ફકરા ૧૪ માં અર્થસુચક અને અચુક રીતે શહાદત મળે છે, કે "જ્યારે તેને પ્રાણીઓ માટે (રાજ્યકર્તા તરીકે) કબુલ, 'ઓ મઝદ' બોલીને રાખે છે, જ્યારે તે (ભણનાર) તેને એ બોલોમાં પ્રાણીઓ સ્વાધીન કરે છે, ત્યારેકે રાજ્ય તે અહુરને માટે કબુલે છે, અને કહે છે 'તારૂં એ અહુર રાજ્ય છે'. અને ગરીબો (દરવીશો)ને માટે તે એક રક્ષણકર્તા 'યીમ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ'ના બોલોથી કબુલ રાખે છે, એટલે કે **સ્પીતમના દોસ્ત તરીકે."** આ છેવટના શબ્દો જોકે ખુલ્લા છે, તોપણ સાધારણ રીતે સમજાયા નથી. તે ભણનાર, જે રક્ષણ કર્તા (અથવા ગુરૂ)[3], સઘળા દરવીશો (અથવા ભકતો) ની જીંદગી ગુજારતા જરથોસ્તીઓનો મદદગાર બને છે, તેને સ્પીતમના દોસ્ત તરીકે ખચીતજ કબુલ કરે છે. કારણકે સ્પીતમ (જરથુશત્ર)નું કામ, હાલ તુરત તો આ પૃથ્વી ઉપર તે ગુરૂ કરે છે, માટે સ્પીતમ (જરથુશત્ર) પોતે તેને પોતાના દોસ્ત તરીકે ખુશીથી કબુલ રાખે છે.

સર્વો-તમ કાયદો શું છે, તે હવે અહૂનવરમાં જાહેર **થએલો** જણાઇ આવ્યો. **'અહુરમઝદ'ની મરજી,** તેજ અનહદ, બેઠીનાર વખતથી, તે હમેશગી સુધી,

---

૧. એ અમેશાસ્પંદ સાથે ઓળખ બીજી બાજુએ કરીશું. ભલાં મન અને શાન્તિ અને સંપ અને પ્યાર, આસ્નીદેહ (એટલે ભીત્તરની કુદરતી, જાતી) અક્કલ અને બહારથી ઇન્દ્રિઓ અને મન મારફતે મેળવેલી અક્કલ ઉપર, તે મુવક્કલ છે, અને ધિક્કારને મારી હઠાવવા માટે સર્વથી બળવાન છે.

૨. विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते
અર્થ—જે જ્ઞાન અને કર્મ (अविद्या) એ બન્ને જાણે છે, તે કર્મથી મોતની પેલી પાર જઇને, જ્ઞાનથી અમર્ગી ચાખે છે. (वाजसनेयसंहितोपनिषत्).

૩ જુઓ ફુટનોટ પાન ૨૨૪, અને ૨૪૬.

કાયદો રહેશે. હવે તેની મરજી ચાહે તે હો, તેજ કાયદો. આપણા સુર્ય ગૃહ મંડળમાં એક મરજી, અને બીજા બેશુમાર તારાઓના ગૃહ મંડળો જે દરેકમાં આપણા ગૃહમંડળમાં છે, તેવાંજ અસંખ્ય અને ભાત ભાતના પ્રાણીઓ અને ફરીશતાઓ વસે છે, ત્યાં અહુરમઝદની મરજી જુદી હોય, તોપણ તે દરેક ગૃહ મંડળ માટે, જે તેની મરજી તેજ કાયદો, જે તેની મરજી વીરૂધ્ધ તે નાફરમાની, અનીતી, અંધકાર, દરૂજી, અસત્ય એવું લેખાય છે. તેમાં શી નવાઈ ? તેણે સંપૂર્ણ અને અચુક પ્યારને લીધે, એ સઘળાં ગૃહ મંડળો બનાવ્યાં, કે તેમાં વસતાં પ્રાણીઓને હરએક પ્રકારે મન, વાચા અને કાર્યોમાં પૂર્ણ બનાવીને, તેઓને નમુનેદાર બનાવે. ત્યાર પછી પોતાની અનહદ જ્ઞાન, સુખ અને શક્તિમાં તેઓને આમીઝ કરી, તેમને ન કલ્પી શકાય એવી ઉંચ પદવી તે આપે! આપણો તે એકજ મોટામાં મોટો અને ખરો ચાહનાર, ખરો પીતા, ખરો ગુરૂ, અને ખરો દોસ્ત છે. શરીર, મન, પ્રાણ અને રૂવણી આપણે તેના હાથમાં મુકી દીએ, શરણુ કરી દીએ, તો તે અખંડ, અવીચલ, જ્ઞાની એ વીશ્વાસને પાત્ર ખરેજ છે. ત્યારે તેની માયાભરી મરજી જો કાયદા તરીકે સ્થપાય, તો તેમાં આપણને હુલ્લડ અથવા તકરાર કરવાને સબબ શો ? હવે અહુરમઝદની મરજી સૃષ્ટિને માટે કાયદો છે, અને તે આ દેખાતી તેમજ આજ આગળ બેકીનાર વખતમાં જે સૃષ્ટિઓ થઇ ગઇ, અને જે હવે પછી થવાની, એ સઘળાં માટે એ સામાન્ય નીયમ છે.

પણ આપણી હાલની જગતને માટે, અહુરમઝદની મરજી મુજબ, જે ખાસ કાયદો છે, તે અષોઇનો, (પવીત્રાઇનો) કાયદો છે. તે કાયદો પણ અહૂનવરની પહેલી લીટીના બીજા ભાગમાં (અથા રતુશ્ અષાત્ ચીત્ હચામાં) દર્શાવ્યો છે, અને તે અષેમ વોહુ[૧]માં વધુ સ્પષ્ટ કર્યો છે. માટે હવે અષેમ વોહુને પણ આપણા ધર્મમાં જે બુલંદ મરતબો બક્ષેલો છે, તે સમજાય છે, અને અહૂનવર અને અષેમ વોહુ વચ્ચેનો સંબંધ ખુલ્લો થાય છે.

આ કાયદો ખુલ્લો કર્યા બાદ બેહમનની બક્ષેસો તે ભાગ્યશાળી નર, નારીને માટે નીર્માણ થએલી જણાવી છે, જે મઝદને માટે કાર્યો કરનાર છે. તે કાર્યો કેવાં હોવાં જોઇએ, તે હુમત, હુખ્ત અને હ્વરશ્તમાં સમાઇ ગયું છે. અને તેનું ફળ કાંઈ દુન્યવી સુખજ તરીકે માત્ર નહિં, પણ બેહમનની બક્ષેસ તરીકે મળે છે. આપણા હીન્દુ ભાઇઓ "સત, (શક્તિ, સત્ય), ચીત્ત, (જ્ઞાન, ડહાપણ), આનંદ (સુખ)" ને નામથી ઈશ્વરને ઓળખે છે. તેમાનાં **ચીત્ત, આનંદ,** બેહમનથી મળે છે, જે અમેશાસ્પંદ જ્ઞાન અને પ્યાર ઉપર મુવક્કલ છે. અષોઈ ખીલવવાથી દુન્યવી, સ્થુલ જ્ઞાનજ નહિં, પણ આસ્નીદેહ બેરદ મેળવાય છે, જેથી મીનોઇ જહાન અને દેખાતી જહાનના સઘળા ભેદો અને સઘળું જ્ઞાન **(ચીત્ત)**, પૂરેપૂરાં ખુલ્લાં થાય છે. પ્યાર ખીલવવાથી અને ધિક્કાર દુર કરવાથીજ સુખ મળી શકે છે, એ દરખાસ્ત આ પુસ્તકમાં પુરવાર થઇ ચુકી છે. બહુ સરખું મનન અને વર્તન કરવાથી, એ વીષે હરેક માનવીથી ખાત્રી કરી શકાશે. હવે જ્યારે દરેક પ્રાણી ઉપર સંપૂર્ણ પ્યાર હોય છે, ત્યારે સંપૂર્ણ સુખ મળે છે. તેને **આનંદ,** એટલે અહુરમઝદની ખુશાલી તરીકે, આપણે ઓળખયે છીએ. હવે હીન્દુ ભાઇઓ પ્રમાણેની ઇશ્વરની ત્રીજી સીફત **'સત'** અથવા શક્તિ છે, તે પણ " અહુર માટે

---

૧. આ દેખાતી સૃષ્ટિમાં મઝદ અહુરની મરજી એવી છે, કે અષોઇ પાળવી, તે અષેમ વોહુ જાહેર કરે છે. એ અષોઇની તોખમની ચીજો સઘળી ઉભી થઇ, તે પહેલાં મઝદ અહુરે અહૂનવર જાહેર કર્યો, (જુઓ યસ્ન હા ૧૯-૧). તેમાં જેપણ મઝદ અહુરની મરજી તેજ મોટામાં મોટો કાયદો (અને ફકત **અષોઈજ નાહેં**), એવું દર્શાવ્યું છે.

કાર્ય કરનારાઓ સારૂ" નીર્માણ થઇ છે, એવું અહૂનવરમાં જણાવ્યું છે. વળી રતુ, દીનનો સરદાર, કામેલ આથ્રવન, અષોઇને લીધે, ખુદ અહુરમઝદ જેટલો 'સ્વતંત્ર' એટલે કૌવતવાળો અને પ્રકૃતિ ઉપર કાબુ ધરાવનાર છે, એ પણ અહૂનવરમાં જણાવ્યું છે. 'ક્ષથ્રેમ'નો અર્થ સર્વોત્તમ શક્તિ, અથવા રાજ્ય પણ થાય છે. ત્યારે એક અહૂનવરના મંન્ત્રમાં સત, ચીત, આનંદની ગતીએ કેમ પહોંચાય, તેનો ભેદ ખોલ્યો છે. માટે તે અહુરમઝદનો સર્વથી જોરાવર, ફત્તેહમંદ કલામ છે, એમ કહેવામાં સરાહધાત નથી. વળી તેનું બીજું પણ કારણ આ છે, કે યસ્ન ૩૦–૧૦ માં જણાવ્યું છે, કે "જેઓ પવીત્ર કિર્તીમાં જન્મયા છે, તેઓ જ્યારે **મઝદ**, **વોહુમન** અને **અષ** (વહિસ્ત) ના ધામમાં **જોડાશે**, ત્યારે તુરત અંગ્રેમીનોનું બળ તુટશે." અને અહુરમઝદ યસ્ત પ્રમાણે, **અહુર** (મઝદ), **વોહુમન, અષ** અને **ક્ષથ્રવૈર્યો** એ ચારે નર અમેશાસ્પંદો, જેમનું નામ અહૂનવરના મન્ત્રમાં ખાસ લેવામાં આવ્યું છે, તેમની સાથે બીજા ત્રણ નારી શીકલના અમેશાસ્પંદોના નામો દર્શાવનારા માથ્રસ્પેન્તના ભાગને, **સર્વથી વધુ ફતેહ, હિમ્મત, ખોરેહ, અસર, તન્દરૂસ્તી,** આપનાર, દેવો, અને (દુષ્ટ) લોકોની **ખરાબી તોડનાર,** મનને બહુજ **મદદગાર** અને જીવને **પાક કરનાર** લેખ્યો છે, તે યાદ રાખવું જોઇએ.

હવે આપણે એરવદ કાવસજી એદલજી કાંગાનો તરજુમો વાંચીશું. તેમાં "ગરીબ લાચારોને પાસબાની કરનાર થાય છે, તે અહુરેમઝદ માટે પાદશાહિ (કબુલે છે)," એવા તરજુમા ઉપર ધ્યાન લગાડીશું. એમાં અહુરમઝદના સર્વે પ્રાણીઓના કલ્યાણ અર્થે, પરોપકાર, પરદુઃખભંજન, સ્વાર્થ ત્યાગ, સ્વભોગ, બતાવનારના પવીત્ર **પ્યારના** લક્ષણની વખાણ થઇ છે. કારણકે અહુરમઝદને ખલકતનો ખરો પાદશાહ ગણયે, તો એ ગુણ ખીલવવોજ પડે. ખરો પાદશાહ દુન્યવી, ભુલભરેલા રાજા જેવો હોતો નથી. ખરો પાદશાહ તો રૈયતનો રક્ષણ કરનાર, ચાહનાર, દોસ્ત અને પીતા જેવો હોય છે. માટે અહુરમઝદ તેવે (ideal) પાદશાહ છે, તે અંતઃકરણપૂર્વક ત્યારેજ કબુલયે છીએ, કે જયારે તેની સઘળી રૈયત અથવા તો ખલકતનાં સર્વે પ્રાણીઓને, તેનાં બચ્ચાં અને આપણાં ભાઇ, બહેનો તરીકે ચાહિએ. (The Fatherhood of God and the Brotherhood of Man and all God's Creatures), અહુરમઝદનું પીતાપણું અને માનવી અને સઘળાં પ્રાણીઓનું બંધુપણું છે, એ સીધ્ધાંત ત્યારે આપણને અહૂનવરમાંથીજ મળી આવે છે.

ડા૦ સ્પીગલના સદરહુ તરજુમા ઉપરથી એવો ભાવાર્થ નીકળે છે, કે અહુરમઝદ ખુદાવંદ છે, તે ફકત તેની સંપૂર્ણ અષોઇને લીધે છે. બીજું, મઝદને માટેના કાર્યો બેહમનથીજ,—એટલે તેની પોતાની આપણામાં જે શક્તિ મુકાયલી છે, જેને 'બઓધંગ' (શરીર?) તરીકે અવસ્તામાં ઓળખ્યું છે, તે ખીલવવા પછીજ–કરી શકાય છે, એવું સમજાય છે. એટલે કે માનવી ગમે એટલું ચાહે તોપણ, સાધારણ શક્તિ, અને અક્કલ વાપરે અને ખીલવે, ત્યાં સુધી મઝદના કાર્યો કરી શકે નહિં. પણ તે ઉપરાંત, આગળ વધીને, જ્યારે બઓધંગ ખીલવે, ત્યારેજ મઝદને લાયકના કાર્યો કરવાને, તે કુદરત મેળવી શકે છે.

ડા૦ હાઉગનો તરજુમો આ મહાન મનત્રને બીલકુલ ડાળ, પાંખડી વીનાનો બનાવી દે છે. તેમાં મુખ્ય ભાર ગુરૂની ઉપર મુકવામાં આવ્યો છે, જે અષોઈને ખાતર પસંદ કરવો જોઈએ, અને ગરીબોના રક્ષણ માટે નીરમાણ થયો છે, એવું સમજાય છે.

ડા૦ મીલ્સના તરજુમામાં રતુ (ગુરૂ) ઉપર વળી ભાર મુકાયો છે, જે અષોઇના કાયદા પ્રમાણે, રાજ્ય કરે છે, અને તનની ચઢતી પદવી અને અહુરને લગતાં કાર્યો ઉપજાવે છે, એમ જણાવ્યું છે. છેવટે મઝદે પોતાનું રાજય ગરીબો [સન્તો?]ના પોષણને ખાતર સ્થાપ્યું છે, એમ જણાવવામાં આવ્યું છે.

દસ્તુર ફ્રામજી સોરાબજી મહેરજીરાણાનો અર્થ છુટથી થયો છે, અને ધ્યાન પહોંચાડવા લાયક છે.

દસ્તુર એદલજી દારબજી સંજાણા અને મી૦ બી. ડી. બરલાના તરજુમાઓમાં ગરીબોનું નહિં, પણ યોગીઓ (દરવીશો)નું રક્ષણ કરવાથી, અહુરમઝદનું રાજ્ય અને અષોઇનું બળ મળે છે, એમ જણાવ્યું છે. શેઠ ખ. રૂ. કામા 'વાસ્તારેમ' નો અર્થ તદન ઉતારી પાડે છે. જે પણ નોકરી વીનાનો હોય, તેને 'ખેતીનો માલેક' નોકરી મેળવી આપે છે, એવો તદન જુજ, અને આ બુલંદ મન્ત્રને નછાજતો, અર્થ કરીને, તેઓ અટકે છે. 'ખેતર' ક્ષેત્રમાં જમીન, આ ભુવન, મનના ભુવન અને તે ઉપરાંત અનેક ભુવનો સમાઈ જાય છે. તેવાં 'ક્ષેત્ર'નો માલેક કોઇ મહાન રાહબર, ગુરૂ શીવાય કોણ હોઇ શકે? ધર્મના મોતેબર અર્થને કોરે મુકીને, અમુક લોકો માથ્રવાણીની બંદગીઓના જે નીર્જીવ અર્થો ઉઠાડવા બહાર પડે છે, તેઓ ધર્મની સેવા કરવાને બદલે, તેને હસવા સરખો, તુચ્છ દેખાડે છે. એ કેટલી અફસોસકારક બીના છે!

હવે અહૂનવર કેટલો બુલંદ છે, તે આપણે જોયું. તેની સાથે ખ્રિસ્તી બાઇબલની ઇશ્વરની સર્વથી શ્રેષ્ઠ બંદગી સરખાવીશું, તો જણાશે કે અહૂનવર કેટલો બહોળો વીસ્તાર રોકે છે, જેમાં બાઇબલની તે બંદગી ફકત એક ખુણું રોકે છે. (૧) Our Father which art in heaven, Hallowed be Thy name. એટલે અમારો મીનોઇ પીતા જે કૈલાસમાં વસે છે, તેનું નામ પૂજય ગણાવો. (૨) Thy Kingdom come.[૧] તારૂં રાજય ચાલુ થયું છે. (૩) Thy will be done on earth, as *it is* in heaven. જેમ મીનોઇ જહાન અથવા સ્વર્ગમાં તેમજ દુન્યા ઉપર, તારી મરજી મુજબ થાઓ (૪) Give us this day our daily bread. આજને દીવસે અમારા શરીર માટે જોઇતી રોટી આપ (૫) And forgive us our debts, as we forgive our debtors. અને અમે જેમ અમારા દેવાદારોને માફ કર્યે છીએ, તેમ તું અમને પણ માફી આપ. (૬) And lead us not into temptation, but deliver us from evil. (૭) For thine is the Kingdom, and the power, and the glory for ever. Amen. અને અમને લાલચમાં ઉતારતો નહિં, પણ બુરાઇથી છોડવજે: કારણકે રાજ્ય (ક્ષથ્રેમ), સત્તા અને કીર્તિ સદા સુધીની તારીજ છે. આમીન. વળી બીજી જગ્યાએ જીસસ ક્રાઇસ્ટને પૂછ્યું કે ધર્મમાં સર્વથી મોટું ફરમાન કયું છે. ત્યારે તેણે જવાબ વાળયો (૮) Thou shalt love the Lord thy God with all thy heart, and with all thy soul, and with all thy mind. And (૯) Thou shalt love thy neighbour as thyself. On these two Commandments hang all the law and the prophets. એટલે તારે પ્રથમ ઇશ્વર ઉપર સઘળાં અંતઃકરણના બળ, સઘળા જીવ અને આખાં મનથી પ્યાર કરવો.બીજું, તારા પાડોશીને તારા પોતાની બરોબર ચાહવો આ બે કાનુનો ઉપર સઘળો ધર્મ અને સઘળા પેગમબરોના ફરમાનો લટકે છે.

હવે આપણે સદરહુ (૧) થી (૯) મી બાબદો તપાસીશું, તો તે અહૂનવરમાં સમાઇ ગઇ છે, અને તે ઉપરાંત અહૂનવરમાં બીજી વધુ બાબદો આવી ગઇ છે, એમ જણાશે. (૧) 'મીનોઇ પીતાનું" નામ અહૂનવરમાં અત્યંત માનથી લીધું છે. પહેલે 'અહૂ', પછી 'મઝદ', પછી 'અહુર' એમ તેના જુદાં જુદાં સ્વરૂપોના નામો લેવામાં આવ્યાં છે. (૨) ઉપર જોઇ ગયા છીએ, કે જ્યારે ગરીબને મદદ થાય છે, ત્યારે અહુરમઝદને માટે પાદશાહિ કબુલ રાખવામાં આવે છે, ઇત્યાદી અહૂનવરમાં જાહેર કરવામાં આવ્યું છે વળી એ વીચાર અને (૩) બન્ને 'યથા અહૂવૈર્યો'માં, એટલે જેવી અહુરમઝદની મરજી, એટલા બોલોમાં સમાઇ

---

૧. વળી એવીજ બંદગી કુરાનના સુરા ૫ માં, ૧૨૦ મી કડીમાં છે: **God's is the Kingdom of the heavens and the earth and what is in them, and He is over all things powerful.**

જાય છે. તેની મરજી તેજ આ અને મીનોઇ જહાનોમાં કાયદો છે, એવું આપણે જોઇ ગયા છીએ. (૪) થી બાબદ ગરીબોને લાગુ પડે છે, જેઓને રોટલી માટે રાહ જોવી પડે છે, અને અહૂનવર પ્રમાણે, મઝદે ગરીબોના પોષણ સારૂં પોતાનું રાજ્ય સ્થાપ્યું છે, એવો એક અર્થ નીકળે છે. (૫) મી બાબદ બેહમનની પ્યારની બક્ષીસ, જે મઝદ માટે કાર્ય કરનારાઓને મળે છે, તેનું માફી કરવાનું (દયાનું), માત્ર એકજ પાસું દેખાડે છે. (૬) અષોઇના કાયદામાં, લાલચ અને પાપથી દુર રેહવાનું સમાઇ જાય છે. "અષાત્ ચીત્" તો બહુજ બહોલું ક્ષેત્ર રોકે છે. (૭) તારૂંજ રાજય છે, એ ખ્યાલ 'યથા અહ્‌વૈર્યો' માં સમાઇ જાય છે. વળી 'ક્ષથ્રેમ'નો અર્થ રાજ્ય, સત્તાજ થાય છે. (૮) અને (૯) ફકત બેહમનની મારફતે પ્યાર અને જ્ઞાનની જે બક્ષીસો સંપાદન થાય છે, તેમાંની પ્યારની બક્ષેસ ઉપર વજન મુકે છે. આટલી સરખામણી ઉપરથી અહૂનવરનું ઉંડાણ જણાઇ આવશે.

આપણે ઉપર જોયું તે પ્રમાણે, અવસ્તામાં અહૂનવરને **હથયાર** તરીકે ઓળખાવ્યો છે. હવે આટલું યાદ રાખવું જોઇએ, કે જુનામાં જુની માન્યતા, ૨૦મી સદીની નવામાં નવી શોધો ઉપરથી, અચુક રીતે પૂરવાર થઇ છે, કે આપણી દેખાતી જડ જગત, આંખે દેખાય નહિં એટલા બારીક અણુઓ (રજકણો) ના, એકમેક સાથે સમાગમમાં આવ્યાથી, ઉભી થઇ છે. તે અણુઓ એકમેકની સાથે સંપીને, પ્યાર કરીને રહે છે, ત્યાંસુધી અમુક ચીજ હસ્તીમાં રહેલી દેખાય છે. જેવો તેના અણુઓમાંથી આ સંપ અથવા પ્યાર કોઇપણ કારણસર દુર થાય છે, તેવીજ તે વસ્તુ દેખાતી બંધ પડે છે અને તેના અણુઓ વીખેરાઇ જાય છે. આઇસનાં અણુઓ એકમેકને બહુજ ચાહે છે. એ ચાહના ઓછી થાય, ત્યારે પાણી બને છે. અને હજુર ઓછી થાય છે, ત્યારે અનદીઠ વરાળ થઇ જાય છે. તે પછી વરાળના પાણીના દરેક અણુનો પ્યાર ઘટવાથી, બે ટુકડાઓ થાય છે, અને હાઇડ્રોજન અને ઓક્ષીજન નામની બે ગેસો, તે વરાળથી નીપજે છે. હાઈડ્રોજનના અણુમાં પણ પ્યાર અથવા આકર્ષણ કમી થવાથી, ભંગાણ પડવે સુક્ષ્મ (astral) પદાર્થમાં તે ફેરવાઇ જાય છે, ઇત્યાદી. વળી અણુઓ જેટલા ઝડપથી એકમેક સાથે અથડામણમાં આવે છે, તેટલા વધુ પ્રમાણમાં, એક વસ્તુ ગેસ (હવા)નું રૂપ ધારણ કરે છે. જેમ અણુઓ વધુ ધીમેથી એકમેક સાથે સમાગમમાં આવે અને રહે છે, તેમ વસ્તુ વધારે જડ અને સ્થુળ બને છે. વળી જડવાદી શાસ્ત્ર પૂરવાર કર્યું છે, કે સૃષ્ટિમાં સર્વે પદાર્થો બની છે, તે અનદીઠ અણુઓ, જેઓ બહુજ ઝડપવાળી કમ્પનામાં પડયા છે, તે **કમ્પનાવાળા અણુઓથીજ** રચાયલી છે. એ કમ્પના વધે ત્યારે સુક્ષ્મ અવસ્થા, (એટલે અદ્રશ્ય અવસ્થા, જે વધી જતાં દેખાતી જગતમાંથી **નાશ** થાય છે, તે) એક વસ્તુ ગૃહણ કરે છે, અને તે ઘટે છે ત્યારે જડ હાલત અખત્યાર કરે છે. દુન્યામાં સઘળું રચાયું છે, તે કમ્પનાઓને અમુક ધોરણ અને પ્રમાણ ઉપર ટેકાવી રાખવાથી, બન્યું છે. તે ધ્રુવનીઓ વધે તો નાશ થાય અને ઘટે તે. એકદમ બીજો ફેરફાર થઇ જાય. આ સઘળું આજની સર્વથી આગળ વધેલી જડવાદશાસ્ત્રો કબુલ રાખે છે.

ત્યારે આ કમ્પનાઓ (ધ્રુવનીઓ, ધ્રુજનીઓ) કેમ વધે અથવા ઘટે) છે તે વીષેનો કાયદો જે જાણે, તે આખી દેખાતી જગતમાં ચાહે તે ફેરફાર કરી શકે. કારણ કે આજની જડવાદ શાસ્ત્ર પણ, લગભગ કબુલ રાખવા લાગી છે, કે છેવટે સઘળી ભીન્ન, ભીન્ન દેખાતી પદાર્થો, પત્થરથી તે માનવીના શરીર પર્યંત, **એકજ અસલ પદાર્થ** અથવા પ્રકૃતિના અણુઓમાંથી, જુદા. જુદા પ્રમાણમાં અને ઘાટ અથવા આકૃતિમાં આમેજ થવાથી, અને જુદી, જુદી ધ્રુજનીઓમાં નખાવાથી, પેદા થઈ છે. ત્યારે દેખાતી જગતમાં ધ્રુવનીનું શાસ્ત્ર જાણનાર, બનાવી, પેદા કરી, પાલન કરી, તેમજ તોડી નાખી શકે છે. અહુરમઝદે જે રૂહીએ જગત બનાવ્યું, તે **'બોલ'** કહેવાય છે, જેને હિન્દુ ભાઇઓ 'વાખ' અને યુનાનીઓ 'લોગોસ'ને નામે ઓળખે છે. અહુરમઝદ વળી 'બોલ', મન્ત્રની

મારફતેજ તોડે છે. ત્યારે આપણુને પણ બનાવવું અથવા તોડવું હોય, તો એજ ધોરણ અખત્યાર કરવું જોઈએ. માટે સર્વે ઠેકાણે અષોઇની શક્તિ અને સાધનો બરપા કરવાને, આપણી પવીત્ર, એજમતી, ધ્રુવનીના ગુપ્ત કાયદાઓ ઉપર રચાયલી, **માથ્રવાણી,** અહુરમઝદે જરથુશત્ર સાહેબને શીખાડી. માટેજ હિન્દુ ભાઇઓ સંસકૃતને 'દેવનગરી' તરીકે માન આપી, તેના અસલ 'દેવનગરી' મન્ત્રોને અતી બળવાન માંને છે. તેજ કારણ સારૂ કુરાનની અસલ અરબીમાં કલામો, અને યહુદીમાં ઇસરાઇલોની અસલ બંદગીઓ, એજમતી ગણાય છે. ત્યારે આ ગુહ્ય નીયમને અનુસરીને, દાદાર અહુરમઝદે જરથુશત્ર સાહેબને દરેક પલીદી, દુજી, અને દેવો સામે લડવાને કારગર લાગે એવો, ફતેહમંદ, ધ્રુવની ઉત્પન્ન કરનાર, અહૂનવર શીખાડયો. ત્યારે માથ્રવાણી ભણવામાં વહેમ નહિં, પણ સર્વેથી ઉત્તમ અક્કલ અને કારણ સમાયલાં છે. કાંઇ આંખ વીચીને, આંધળું યકીન રાખનારજ તે માથ્રવાણીને માન આપતો નથી. પણ દરેક અક્કલમંદને, દુન્યાની ભેદી રચ્યના સમજવાથી, માથ્રવાણી કેવી બુલંદ છે, તે રોશન થાય છે. એ બાબદ ઉપર સેંકડો પુસ્તકો લખી શકાય એટલી બહોળી છે, અને બેહમનનું ગ્નાન જે તલબ કરતો હોય, તેને એ વીષય ઉપર સેંકડો ગ્રંથો મળશે, જેમાંથી તેણે તે પ્રાપ્ત કરવાની હરદમ કોષેશ કરવી જોઈએ.

યેંઘ્રહે હાતામ્.

અર્થ: "હસ્તિવાળાઓમાંના જે યસ્ન (યજ્ઞ) કરવામાં વધુ સારો છે, તેને મઝદ અહુર અષોઇને પ્રતાપે પીછાણે છે; (તેઓમાંના) તેઓ (નરો) અને તેણીઓ (નારીઓ)ની સાથે અમે એકતાન થઇએ છિએ."

અષેમ અને અહૂનવરની પછી, જરથોસ્તી મન્ત્રોમાં યેંઘ્રહે હાતામનો મન્ત્ર, સર્વથી ચઢયાતો ગણાય છે. તેમાં સ્વભોગ આપનાર અથવા ખરી ભક્તિ કરનારની, ખુદ મઝદ અહુર પીછાણ કરે છે એમ જાહેર થયું છે. અને તે (નર અથવા નારી) ના બરોબર્યા થઇ તેમની સાથ એકતાન થવાની, આ મહાન મન્ત્ર માં શીખાડયા પ્રમાણે, દરેક સાચ્ચો જરથોસ્તી ખાહેશ દેખાડે છે, અને કોશેષ કરે છે. 'યજ્ઞ' (સ્વભોગ)ના તથા 'યસ્ન'(મઝદ અહુરની પૂર્ણ ભક્તિ)ના વખાણ દરેક શ્રેષ્ટ ધર્મે ગાયા છે. અને જરથોસ્તી ધર્મ તેમને ઘણીજ ઉંચ પદવી આપીને, જરથોસ્તીઓ આગળ એક સર્વથી શ્રેષ્ટ નમુનો ધરે છે. **જેઓનો** વીચાર કર્યે છિએ, તેમના જેવા બન્યે છીએ. As a man thinketh in his heart, so is he. માટે આ દુન્યાના વીરા યોગીઓ, ભકતો અને જાન ફેશાન મઝદ પરસ્તોની હરદમ યાદ કરવાને, બુલંદ યેંઘ્રહે હાતામનો આ મન્ત્ર આપણને શીખાડે છે. મનશની ઉપર આ મઝદયસ્ની ધર્મનો પાયો રચાયલો કહેવાય છે, તેની આ મુસ્તકીમ સાબેતી છે, કે નૂરી નમુનાઓનાં, મનમાં નીત્ય સ્મરણ કરાવનાર યેંઘંહે હાતામ્ મન્ત્રને, આખી અવસ્તામાં એક અનુપમ પદવી આપી છે. જેમ શારીરીક સોબતથી, તેજ પ્રમાણે મનથી પણ સતસંગ, એટલે ભલાઓની સંગત, થઈ શકે છે. અને તેવી માનસીક સતસંગનો લાભ, તેમજ તેમની ફ્રવષીઓ સાથેનું એકતાન (યોગ), યેંઘ્રહે હાતામની દમબદમ, ફરી ફરીને યાદ કરવાથી મેળવી શકાય છે.

એ યેંઘ્રહે હાતામ્ વોહુ ક્ષથ્ર ગાથા, યસ્ન ૫૧) ના ૨૨) મા ફકરામાં વધારે સ્પષ્ટ સમજાવ્યો છે. ત્યાં ભણ્યે છીએ કે "જેઓ આગળ થઇ ગયા અને હાલમાં હસ્તિ ધરાવે છે, (તેમનામાંના) અષોઇથી ઇજશ્ને કરવામાં શ્રેષ્ઠ (જેઓ છે), (તેઓને) મઝદ અહુર પીછાણે છે. તેવાને તેમના **પોતાના નામથીજ** હું યાદ કરૂં, અને ખરી **મહોબતથી** તેમની નઝદીક હું પહોંચું." અહિયાં ભણનાર પોતાના નમુનાઓ વધારે અચુક રીતે, તેમના ખુદ નામો લઇને, પોતાની નજર આગળ ધરે છે. ત્યારે જણાઇ આવે છે, કે મુર્તિપૂજા નહિં, પણ નમુના ઉપર ચીવટ ધ્યાન (Idealism) નો માર્ગ, આ શ્રેષ્ઠ મન્ત્રની મારફતે, જરથોસ્તીઓને દેખાડવામાં આવ્યો છે. મુર્તિપૂજા જરથોસ્તીઓ કરતાં ઉતરતી બુદ્ધિવાળાઓને માટેજ હતી, અને આગળ વધેલા જરથોસ્તીઓને આ વધુ ઉંચ માર્ગ બતાવવામાં આવ્યો છે. જેવું એક માનવી વીચારે છે, તેવોજ તે બને છે, એ શીક્ષણ બહુજ ગંભીરાઇથી આપણે અત્રે શીખ્યે છીએ.

વીસ્પર્દ કરદા ૧) ના ફકરા ૪) માં ભણ્યે છીએ, કે "અષોઇના વખત સરેઘને હું ઇજન કરૂં છું (તથા) મીજલસમાં માન આપું છું. ગાવાને માટે (અથવા પાકીઝગીથી ભણવા લાયક) અહૂનવર, અષો (તથા) અષોઇનો સરદાર (તે) ને, હું ઇજન કરૂં છું (તથા) મીજલસમાં માન આપું છું. વખાણને પાત્ર અષેમ વોહૂ, અષો, અષોઇના સરદારને હું ઇજન કરૂં છું, (અને) મીજલસમાં માન આપું છુ. સારી પેઠે વખાણેલો યેંઘ્રહે હાતામ્, અષો, અષોઇના સરદારને હું ઇજન કરૂં છું (અને) મીજલસમાં આદરમાન આપું છું." આ રીતે ત્રણે બળવાન મન્ત્રોને એકજ ફકરામાં યાદ કરીને, ક્રમ પ્રમાણે તેમની પદવી કેટલી ઉંચ છે, તે જણાવ્યું છે.

પહેલવી કીતાબોમાં યેંઘ્રહે હાતામનો આ પ્રમાણે ખુલાસો આપવામાં આવ્યો છે, જે પણ જાણવાજોગ છે. તે મન્ત્રમાં અહુરમઝદ અને તેના અમેશાસ્પંદોનીજ વખાણ છે, એમ તે પુસ્તકોમાં જણાવ્યું છે. "જીવવાળાઓમાં એક ભલી હસ્તી માટે ભક્તિમાં આવો હોય છે (એટલે, અહુરમઝદ જે સાહેબ માલેક છે તેને માટે ક્રિયા કરે), (ત્યારે તેવાની) અષોઈને લીધે અહુરમઝદ તે પીછાણે છે. (અને ફરજ તેમજ ભલાં કાર્યોનો બદલો શું છે, તે

તે સાહેબ જાણનાર હોવાથી, તે બદલો બક્ષે છે.) હું મીજલસના નર અને નારી (અમેશાસ્પંદો)ને વખાણું છું (કારણકે તેઓ નર તેમજ નારી અમેશાસ્પંદો ભલાં છે.)"

દીનકર્દની ૯ મી કીતાબના ચોથા બાબથી ઉપલા વીચારને ટેકો મળતો નથી, બલકે આપણે પ્રકરણની શરૂઆતમાં જે અર્થ જોયો, તેની યાદ થાય છે. "ત્રીજી પરગર્દ યેંઘ્રે હાતામ્ માણસ જાતની ધીમે ધીમે વૃદ્ધિથી ઉપજતી બનાવટને લગતી છે, અને તેઓ જયારે ૫૦ વર્ષની ઉમર સુધી જીવે છે, ત્યારકેડે તેમના ધીમે ધીમે ખાક બનવાને લગતી છે; અને જેપણ પોતાની જીંદગીના સર્વથી શ્રેષ્ઠ ટાંકણે, માણસજાતના સંબંધમાં ઘણી ખુશ રીતે જીવન ગાળતો હોય, તેની ઉપર મોત આવી ચઢવાને લગતી છે. અને લાયકોને તેમની અષોઇને સારૂં ચાહને લીધે, દુન્યવી હસ્તીનું સુખ બક્ષવામાં આવે છે, અને બીજાઓ રહી જાય છે, અથવા તેમનું સત્યાનાશ વળે છે. અને વધુ એ, કે તે માલદાર પૂરૂષ કે જે લાયક અરજદારને કાંઇ પણ આપતો નથી, તે દેવોથી બનેલો છે, દેવો તરફ કુચ કરે છે, અથવા તેણે જુઠું કર્યું છે."

દીનકર્દની કીતાબ ૯)ના ૨૭ મા બાબને વર્તમાનસર નુસ્ક તરીકે ઓળખયે છીએ. તેમાં જણાવ્યું છે, કે યેંઘ્રેહે હાતામ્ વીષે અહુરમઝદે સ્પીતમાન ઝરથુશત્રને આ પ્રમાણે ફરમાવ્યું, કે "અમે જે અહુરમઝદ અને અમેશાસ્પંદો છીએ, તેમને સારૂં આ બોલો (યેંઘ્રેહે હાતામ્) જે અમારે માટેની ક્રિયા અને નમનને લગતા છે, તે તું ઉચર, કારણ કે ઓ ઝરથુશત્ર ! તે બોલો પાણી, ઉરવરો, અષોની ફ્રવષીઓ અને મીનોઇ અથવા ગેતીની હસ્તીના ફરેસ્તાને લગતી તારી ક્રિયા (જેવા) છે." અને આ પ્રમાણે કરવાને ઝરથુશત્ર સાહેબે કબુલ્યું, એમ જણાવવામાં આવ્યું છે.

વળી તેજ કીતાબના ૪૯ મા બાબમાં જણાવ્યું છે, કે યેંઘ્રેહે હાતામમાં અહુરમઝદ અને તેના નીતીમાન કાયદાઓની ભક્તિ શીખાડી છે. વળી તેની મારફતે અષો નર અને નારીઓની ક્રિયા થાય છે. જેથી ગોયા અમેશાસ્પંદોને નમન થાય છે.[1] વધુ, તે અમેશાસ્પંદોમાંના દરેકને નમન કરવાથી, તેમને, સૃષ્ટિને બનાવવા અને તેની વ્યવસ્થા કરવામાં, કૌવત મળે છે.

ઝાદ સ્પર્મમાં જણાવેલું છે, કે અહૂનવરના ૨૧ વીભાગો છે, તેમ ગાથાઓના પણ છે. એટલે કે (૧) અહૂનવર; (૨) અષેમ વોહૂ; (૩) યેંઘ્રેહે હાતામ્; (૪)થી (૨૦) ગાથાના ૧૭ હા; અને (૨૧) યસ્ન ૩૫ થી ૪૧. તે ઉપરથી સમજાય છે, કે યેંઘ્રેહે હાતામને પણ **ગાથાઓના એક ખાસ ભાગ** તરીકે લેખ્યો છે. અને ખરેખર તેમ હોવું જોઇએ, કારણકે દરેક હાની આખેરીએ યેંઘ્રેહે હાતાંમ્ અવશ્ય કરીને ભણવામાં આવે છે.

પહેલવી એહમન યસ્ત, બાબ ૨), ફકરા ૬૪)માં યેંઘ્રેહે હાતાંમ્નો ગોયા તરજુમો આપ્યો છે, તે મનન કરવા લાયક છે. "જીવતાઓમાંના જેઓ, આ રીતે ભલાંઓ માટે આદરમાન સાથે, અહુરમઝદની ઝાઝી ભક્તિ કરે છે, તે અહુરમઝદ અષોઇને લીધે જાણે છે; અને જે પણ અહુરમઝદ જાણે છે, તે સઘળું તેને અષોઇની મારફતે, ફરજ અને નેક કાર્યોના બદલામાં બક્ષે છે. અને ભેગા મળેલાઓમાંના એવા નર અને નારીઓને હું નમન કરૂં છું. તેમજ નર અને નારી અમેશાસ્પંદો જેઓ ભલાં છે, તેમને હું આરાધું અને નમું છું."

શાયસ્ત લાશાયસ્તમાં જણાવ્યું છે, કે "યેંઘ્રેહે હાતામનું એ વખત ભણવું, અહુરમઝદ અને અમેશાસ્પંદોની ભક્તિને સારૂં, અને બુરા મીનો અને બુરી પેદાયશના નાશને સારૂં છે."

આપણે હવે અવસ્તા અને પહેલવી લખાણોમાં યેંઘ્રેહે હાતામની બંદગી વીષે શું જણાવ્યું છે, તે જોઇ ગયા છીએ. થોડોક વખત તેમાં સમાયલી મહત્વતા ઉપર ચીત લગાડશું.

કુરાનના સુરાહ ૧૬, ની કડી ૯૯ માં જણાવ્યું છે, કે "નર અથવા નારીમાંનું

---

૧. અષો નર અને નારીઓનો દરજ્જો કેટલો ઉચ્ચ છે, તેનું આ ઉપરથી અનુમાન કરવું જોઇએ. વળી જુઓ ૫૮ નોટ, પાનું ૨૪૮ મું.

જે પણ, ભલાઇ કરે છે, **અને** ઇમાનદાર છે, તેને **અમે** (ખુદા) જલદીથી ખુશાલી ભરી જીંદગીમાં જાગૃત કરીશું, અને **અમે** ખચ્ચીતજ તેને ઘટતા સર્વથી ઉત્તમ ઇનામનો બદલો આપીશું."

એ બંદગીમાં અષો નર, નારીઓની આપણે યાદ કર્યે છીએ, એમ એકરાર કર્યે છીએ. આપણું મન અષો લોક ઉપર ફેરવ્યું હોય, તો આપણાં વચનો અને કાર્યો પણ અષો બનવા પામે છે, અને જીંદગીમાં સુખ ભોગવી શકાય છે. હલકા, હવસી અને ધિક્કાર ધરાવનાર સ્ત્રી, પૂરૂષોના વીચારોથી, પાપ અને દુઃખ ઉત્પન્ન થાય છે. માનવીને આ મહાન કાયદાની હેઠળ મુકવામાં આવ્યો છે, કે તેણે પોતાની કોશેષોથી આગળ વધવું, અને તે જે પણ કરશે. તેની અસરો, સારી કે નરસી, તેને બાંધી રાખશે. કોઇ પણ **ભલો** અથવા **દૈવીક** પુરૂષ અથવા સ્ત્રી, કોઇની મહેરબાનીથી અથવા ભોગજોગે, એવા ભલા અને ખુદાઇ સ્વભાવનું બની શકતું નથી, પણ દૈવીક વીચારોમાં વર્ષો સુધી વસવાથી, એવી હાલતે, **આપબળેજ** પહોંચાય છે. તેજ રીતે બુરા વીચારો ઘણા કાળ સુધી સેવવાથી, માનવી હેવાન્યતની હલકાઈની સપાટી ઉપર ઉતરી પડે છે.

ત્યારે આપણને બહુજ આનંદ બનાવનાર આ નીયમ જણાય છે, કે માનવી પોતાના વીચારોનો માલીક છે. અને તે વીચારોથી ચાહે તેવી ચાલચલણ બનાવી શકે છે, અને વીચાર, વાચા અને વર્તણુંક ઉપર કાબુ ધરાવ્યાથી, પોતાની **હાલત, સંજોગો** અને **નસીબ,** દીલ ચાહે તેવાં બનાવી અને ઘડી શકે છે. અને આ નીયમ ખરો છે, એવું પૂરવાર પણ કરવાનું, દરેક માનવીના હાથમાંજ છે. પોતાના વીચારો તપાસો, કબજામાં રાખો, અને યોગ્ય જણાય તેમ બદલો, અને તમારી અને બીજાઓ ઉપર નીપજતી તેમની અસર જુવો, અને તમારી જીંદગી અને સંજોગો કેમ ધીમે ધીમે બદલાય છે, તેનું અવલોકન ખુબ કરો ! અને સર્વે કારણો અને અસરો સબુરીથી શોધતા ચાલો, અને દરેક અનુભવ, ગમે એવો નજીવો હોય, તેમાંથી આ કાયદો રવાર થએલો જોતા ચાલો, અને ડહાપણ ગૃહણ કરો. કારણ કે જીસસ ક્રાઇસ્ટે પણ વચન આપ્યું છે, તે ખરૂં છે, કે "જે પણ શોધે છે, તેને જડે છે; જે કોઇ બારણું ઠોકે છે, તેને સારૂં (જ્ઞાન વીગેરેનું) બારણું ખોલવામાં આવે છે." પણ તેમ કરવા સારૂં સબુરી, અભ્યાસ અને નીયમીત શ્રમની જરૂર છે.

सुचिन्तितं चौषधमातुराणां न नाममात्रेण करोत्यरागम.

અર્થ: દવાનો વીચાર કરવા અને માત્ર તેના નામ દેવાથી, રોગીષ્ટને સાજો કરી શકાતોજ નથી. તેજ પ્રમાણે ફક્ત મન ઉપર જીત અને ગુપ્ત જ્ઞાન મેળવાય, એવો ખ્યાલ કરીને બેશી રહેવું ન જોઇએ, પણ તે મેળવવા માટે **મહેનત** ખેંચવી જોઇએ.

માનવી જેમ પોતાના મનના વીચારો બદલતો જાય છે, તેમ તેના આત્માને જુદા પાઠો શીખાડવા સારૂં, સંજોગો ફેરવાતા જાય છે. આત્મા જેવા વીચારો કરે છે, જે જે ચાહે છે, તે પોતા તરફ અચુક રીતે ખેંચે છે, અને જેનેથી બીહે છે, તેપણ સાથે સાથે આકર્ષે છે. સાધારણ માનવીઓ જે માંગે છે તે મેળવતા નથી, પણ જે પોતે **હોય** તેજ મેળવે છે. રફતે, રફતે અષોઇ મેળવવાથી દુઃખો જાય છે. સોનાને ભઠ્ઠીમાં કયાં સુધી લોકો નાખે છે, તે ઉપર મનન કરો ! જ્યારે સોનું સ્વચ્છ થયું, અને તેમાંથી સઘળી મલીનતા બળી ગઇ, પછી તેને ફરીને આતશમાં જલાવવામાં સારજ નથી. તેમ અષો થયા કેડે, માનવી ઉપર દુઃખો અથવા જન્મો મોકલવામાં આવતાં નથી.

આપણો કોઇપણ ગુપ્ત વીચાર છુપો રહેતો નથી, પણ તેની **ટેવ** બાઝે છે, અને ટેવની અંદરથી **સંજોગો** જન્મ લે છે. હવસી ખ્યાલોમાંથી છાકટ અને છકેલપણાની ટેવ નીપજે છે, અને તેમાંથી બીખારીપણા અને દર્દીપણાના સંજોગો ઉત્પન્ન થાય છે. વળી તેથી ઉલટું, ભલા વીચારોમાંથી મધ્યમતા અને મન ઉપર કાબુની ટેવ બંધાય છે, અને તેમાંથી રાહત અને આરામના સંજોગો પ્રગટે છે. આ રીતે માનવી જે પણ ભલા કે ભુંડા વીચારો મનમાં બહુજ રમાડે છે, તેઓને તૃપ્ત કરવાને

સારૂં કુદરત તકો પૂરી પાડે છે. માટે માનવી જો હાની પહોંચાડવાના ખ્યાલો છોડી દે, તો જહાન તેની તરફ પણ માયાથી વર્તશે; જો નબળાઇ ત્યજે, તો પોતાના ઠરાવો મક્કમ બનાવવાને તેને તકો મળશે. "ઢીલ થાય ત્યારે બેસબુર બનશો મા, પણ ડહાપણ ધરાવનારની માફક દમ પકડજો; કારણકે જ્યારે માનવીનો આત્મા જાગે છે અને અંતઃકરણથી હુકમ ફરમાવે છે, ત્યારે ફરેશ્તાઓ અને દેવો પોતે તે હુકમને તાબે થાય છે, એ નીશ્ચીત જાણજો."

ત્યારે આપણે કુદરતના આ બીજા, ભીજા નીયમો ઉપર ગોર કરતાં, યેથ્રુહે હાતામ્ મારફતે ઘડી ઘડી ભલાં નર, નારીઓની, તેમના **નામ** અને **જીવન ચરીત્રની યાદ,** અને **વખાણ કર્યે** અને તેમની સાથે **એકતાન** થવાની ખાહેશ બતાવ્યે છીએ, તેની કેટલી બહોળી, સંગીન અને અક્કલ પસંદ અસરો થાય છે, તેનો કાંઇક ખ્યાલ કરી શકયે છીએ.

હવે યેથ્રુહે હાતામના મન્ત્રમાં બીજો એક ભેદ સમાયલો છે, તે તરફ ધ્યાન પહોંચાડીશું. કુદરતનો એવો કાયદો છે, કે કોઇ જાતના ચોક્કસ ઠરાવ અને **નેમ રાખયા શીવાય** જે પણ વીચારો થાય છે, તે વીચારો વ્યર્થ જાય છે. **નેમ વીના જીંદગીમાંથી** અથવા કોઇ પણ કાર્યમાંથી **પસાર થવાથી,** ચીંતાઓ, બીહકો અને સંતાપો ચઢાઇ કરી આવે છે, અને માનવીને દુઃખી અને નીષ્ફળ બનાવે છે. જ્યાં પણ નબળાઇ બતાવવામાં આવે છે, ત્યાં ત્યાં આ માઠાં પરીણામો નીપજે છે. કારણકે આ સૃષ્ટિ **શક્તિ (ક્ષથ્રેમ)ના** પ્રકટીકરણના કાયદા ઉપર રચાઇ છે, અને જે પણ **શકિત ખીલવતું** નથી, તે આ કાયદાથી ઉલટું જઇને, તેના કડવાં ફળો ચાખે છે.

નેમવીનાના વીચારો ચલીત અને ભમતા હોય છે. તેમનેથી ક્ષણીક કલ્પનાઓ અને તૃષ્ણાઓ ઉભી થાય છે. આ બધાં મળીને માનવીને ગાંડા હાથીની માફક, દરેક દીશામાં ફોકટનો રખડાવે અને ભમાવે છે. તેથી માનવી નબળો અને અસ્થીર થાય છે. માટે માનવીએ જો એ નબળાઇમાંથી છુટકારો મેળવવો હોય, તો તેણે પોતાના હૈયાંમાં દરેક મુખ્ય બાબદ વીષે પૂરો વીચાર કરી, સલાહ લઇ, અભ્યાસ કરી, અને ત્યાર બાદ તે દરેક બાબદમાં તેણે શું **નેમ** રાખવી છે, તે મુકરર કરવું **જોઈએ.** ગમે એટલી વેળાએ આ નેમ પાર પાડતાં હાર મળે, તે ન ગણકારતાં તેણે **તે નેમ બર લાવવાની પોતાની સર્વથી મહાન ફરજ સમજવી જોઇએ.** અને આજ રીતે તે ખંત રાખવાથી, ફરી ફરીને કોશેષો કરવાથી, છેવટે આત્મનીગ્રહ (પોતાની ઉપર કાબુ) અને એકચીતપણું ગૃહણ કરી શકશે. ફતેહ નથી મળતી ત્યારે પણ, જેટલી વખત પ્રયત્ન કરવામાં આવે છે, તેટલી વખત શકિત અને ચપળતા વધે છે. પણ શ્રી કૃષ્ણે જે વચન આપ્યું છે, કે મનને વશ કરવા માટે રસ્તો છે, તેજ વચન પાળવાથી માનવીમાં મનથી ઉતરતી જે સઘળી ઇન્દ્રિઓ છે, તે પણ કબજામાં લાવી શકાય છે.

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते[1]

"બેશક ઓ મોટા હાથવાળા, (અરજુન!) મનને કાબુમાં લાવવું મુશકેલ છે, અને તે ભામટું છે. તોપણ નીત્ય **અભ્યાસ** અને **વૈરાગ્યવૃત્તિ** (સ્વભાવ) રાખવાથી, મન પણ કબજામાં લાવી શકાય છે."

જે પ્રમાણે શરીરે નબળો માનવી, નીયમીત કસરત કરવાથી, સંભાળ ભર્યો ખોરાક અને સબુરીથી શીક્ષણ લેવાથી, જાણીતા, નહાનપણમાં નાજુક બાંધાવાળા, પહેલવાન સેન્ડોની માફક, મજબુત મલ બની શકે છે, તેજ રીતે માનવી ચાલચલણ, નીતી અને મનના વીચારોને પણ, અભ્યાસથી કેળવી અને મહા બળવાન બનાવી શકે છે, એમાં સંશય નથી. ફકત એટલું ધ્યાનમાં રાખવું જોઇએ, કે જે માનવી આ જાતનો શ્રમ લેતો હોય, તેને મનમાં શંકાઓ અને ડરો રાખવા નહિં, કારણ કે તે બન્ને નીષ્ફળતાનાં મુળો છે. તેઓને મનમાં દાખલ કરવાથી તુરતજ શક્તિ, દ્રઢતા, અને ઉત્સાહ ભાંગી જાય છે. આપ-

---

૧. ભગવદ્ગીતા અધ્યાય ૬ ઠ્ઠો, શ્લોક ૩૪) મો.

ણેથી બજાવી શકાશે, અને ફતેહ મેળવી શકાશે, એવાં જ્ઞાન અને એવાં ઇમાન રાખવાથીજ, અથાગ ઉદ્યોગ અને મહેનત કરવાની દ્રઢતા નીપજે છે. પણ જો અમુક ફતેહ મેળવી શકાય તે વીષે શકો અને ડરો હોય, તો એ જાતનાં જ્ઞાન અને ઇમાન બન્ને મેળવવાં દુર્લભ થાય છે. તે જ્ઞાન અને ઇમાનની ગેરહાજરીમાં, શ્રમ લેવાની ઉલટજ ગુમ થઇ જાય છે. માટે આપણે ચોક્કસ યાદ રાખવું જોઇએ, કે જ્યારે **અમુક નેમ** રાખીને આપણે **વીચારો** કર્યે છીએ, ત્યારે સ્વાભાવીક રીતે, તેમની અંદર ઉત્પન્ન કરવા, સૃજવાની બળવાન શક્તિ બરપા થાય છે.

ત્યારે હવે આપણે સમજી શકીશું, કે **જીગર** અને **મનની નેમો** જેટલી **ઉંચ** અને **આત્મિક** હોય, તેટલાં પરીણામો વધુ ઉત્તમ આવે છે, અને ફતેહ વધુ ઉંચ ભુવનો ઉપર મેળવાય છે. શરીરે, ધંધામાં, સાહિત્યમાં, અક્કલમાં અથવા આત્મિક ભુવન ઉપર, જે પણ મેળવી શકાય, તે સઘળું એકજ નીયમને આધારે મેળવાય છે. માટે એ સર્વેમાંથી કયું અને શું માગવું, એટલે **શું નેમો રાખવી,** તે માનવીના પોતાના હાથમાંજ છે. જે થોડુંજ મેળવવા ચાહતો હોય, તેને થોડોકજ **ભોગ** આપવો પડે છે. જે બહુ પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય, તેણે અધિક ભોગ આપવો જોઇએ, એ કુદરતનો અચલ નીયમ છે. માટે નેમો પાર પાડવા સારૂં, તે નીયમ હમેશ લક્ષમાં રાખવો જોઇએ, અને ઝડપથી આગળ વધવા માગનારે જાતીભોગ (યજ્ઞ) અધિક પ્રમાણમાં આપવાને હામ ભીડવી અને રાજી રેહવું જોઇએ.

આપણાં સઘળાં દુ:ખો, અને પાપો, કુદરતના નીયમોના ઉલંઘન કરવાથી નીપજે છે. ઇન્દ્રિઓ ઉપરનો કાબુ ખોહવાથી, પાપો કરવાની લાલચ થાય છે. ત્યારે જીવને ઇન્દ્રિઓના તોફાનથી બચાવી લેવા સારૂં, મન ઉપર સંપૂર્ણ કાબુ મેળવવો જોઇએ. કારણ કે દરેક રૂવાનમાં ફ્રવષી વસે છે, જે ગુરૂ છે, અને તે હાલ આપણી મંદ, સુસ્ત, અસ્થીર અને અનીયમીત જીંદગીને લીધે, ઉંઘમાં પડયો છે, તે ગુરૂને જાગૃત કરો. કાબુથી શક્તિ મળે છે, મનશની અને શાન્તિથી કાબુ મળે છે. માટે પ્રયત્ન કરો, ઉત્તમ નર, નારીઓના દાખલાઓની નકલ કરો, તો ખરેખર તમારૂં દૈવીક ભાન ખુલશે. યેથ્રે હાતામ્ આ સઘળી બાબદો સંક્ષેપમાં સમજાવે છે. તે એકલાં મન્ત્ર ઉપર હજારો ગ્રન્થો લખી શકાય એમ છે. માટે તે પ્રબળ મન્ત્રને પણ, અવસ્તામાં અતિ અગત્યનું લેખ્યું છે, તે બરહક છે, એમ શીર નમાવી આપણે કબુલ રાખીશું.

આ તર્કે આપણે **જીંદગી નમુનેદાર કેમ બનાવી શકયે** તેની તપાસ કરવાની જરૂર છે. માટે આપણે થોડીક વાર તે વીષય ઉપર નીગાહ રાખીશું. ઝરથુશત્ર સાહેબે અવસ્તામાં શું શું શીખાડયું છે, તેની ટુંક તપાસ લઇને, આ પણે આ અહેળી બાબદ હાલ ખતમ કરીશું.

એક તીવ્ર ઇચ્છાવાળો આત્મજ્ઞાન સંપાદન કરવાને ઉત્સાહ ધરાવનાર પુરૂષ, જયારે ખુદાશેનાસ ગુરૂ (વાસ્તારેમ્)ની આગળ જઇ, અધ્યાત્મિક વૃદ્ધિને સારૂં તેની રાહબરી માંગે છે, ત્યારે તેને એવું શીક્ષણ આપવામાં આવે છે કે, તેણે પોતાના મન અને લાગણીઓને અનુસરતો **નમુનો** (Ideal) પસંદ કરવો જોઇયે. તે નમુનો ફકત હાલના અથવા આગળના જમાનાનો કોઈક ગુરૂ અથવા પેગામ્બરજ પુરો પાડી શકે છે; કારણ કે આત્મશક્તિનો અધિકાર તે વર્ગોની બહાર કોઇના હાથમાં હોતો નથી. વળી પૃથ્વિ ઉપરના બીજી કોઇ પણ રીતે આગળ પડેલાં અને ગમે એવાં વખણાયલાં સ્ત્રી-પુરૂષો, આત્મવિદ્યા અને બ્રહ્મવિદ્યા, આ ગુરૂઓ અને પેગામ્બરોની બરોબર સમજી, શીખી અને શીખવી શકે નહિ, અને તે ઉપર અમલ કરવાને તો કેવળ અશકય છે; તેથી ફરમાવ્યા પ્રમાણે એ નમુનો મુકરર કરવો પડે છે. ત્યાર બાદ શીક્ષણ આપવામાં આવે છે, કે તે **નમુનાને** ખુલ્લી આંખોથી, પુર ધ્યાનથી, અને ખુલતી જતી હોશ અને વધતા જતા પ્યારથી **પહોંચવાની** (તેની સાથે **એકતાન** અને **એકત્ર** બનવાની), **તીક્ષણ ખાહેશ** રાખવી જોઇયે. તેવી ઇચ્છા હોય તો પુરતી **સબુરી** બતાવીને, જયારે તે નમુનાને પહોંચવા સારૂ પુરતો વખત આપવામાં આવે છે, ત્યારે આખરે ફતેહ મળે છે, એવું વચન આપવામાં આવે છે.

આપણા પવિત્ર મઝહબ પ્રમાણે ભલાં મનની પ્રાપ્તી, દરેક આત્મજ્ઞાની માટે અવશ્યની છે. **યજશ્ને** હા ૪૮ ના ૩ જા ફકરામાં, આપણને આ ઉંચમાં ઉંચ વચન આપવામાં આવ્યું છે કે, "અએ મજદ! ભલાં મનની અક્કલથી (દરેક મનુષ્ય) **તારા જેવા** થઇ શકે." એટલે કે ખુદ યજદો અને અમશાસ્પંદોના આ પરમકૃપાળુ અને પરમકીર્તિવંત નમુના, 'મજદ'ના જેવો પણ, એક માનવી ભલાં મનના જ્ઞાનથી બની શકે છે. ભલાં મનથીજ નેક, મદદગાર, આગળ વધારનાર, નીંદા અને પાપ રહિત અને રવાનને પુખ્તિ આપનારા વિચારો થઇ શકે છે. તે 'ભલું મન' (હુમત) મેળવવું કેટલું બીકટ છે, તે જેઓએ આત્મજ્ઞાન સંપાદન કરવાને થોડોક પણ પ્રયત્ન કર્યો હશે, પોતાની લાગણીઓ અને હવસોને દબાવવાની જરા પણ કોશેષો કરી હશે, અને પોતાના મનને સ્થિર કરવાને થોડાંક વર્ષો પર્યંત પ્રમાણીક મહેનત કરી હશે, તેમનેજ બરોબર રોશન છે. **મન ઉપર ફત્તેહ મેળવનાર** દુનિયાંનો મોટામાં મોટો જીતનાર અથવા વીરો લેખાય છે. આજકાલ યુરોપ, અમેરીકા વિગેરે પરદેશોમાં, મન ઉપર ફત્તેહ મેળવવાને શીક્ષણ, આપવા કાજે, અનેક સંસ્થાઓ ઉભી થઇ છે. તેઓ ઘણીક ભારી કિમ્મતની ચોપડીઓ મારફતે, તે શીક્ષણ આપવાનો દાવો કરી રહ્યા છે. તે શીક્ષણ આપણા પૂર્વના દેશોમાં જળવાઇ રહેલા, પવિત્ર ધર્મો અને સુફીઓ અને આત્મજ્ઞાનીઓના ઉપદેશોના માત્ર પડછાયા સમાન છે. આપણા પૂર્વ દેશોના પેગામ્બરો, અને તેમની જગ્યા રાખનારા મહાન ચેલાઓએ, પુરાણા વખતથી, મન ઉપર ફત્તેહ કેમ મેળવી શકાય, તે આપણને અનુપમ રીતે શીખવ્યું છે. તે પેંઘડે હાતામમાં સમાયલું શીક્ષણ આ છે કે, "એક નમુના (Ideal) પ્રમાણે ચાલચલણની બાંધણી કરવી." અષોઇના માર્ગમાં કોઈ પણ દરજ્જે પહોંચવું હોય, તો આ તેની ચાવી છે.

ત્યારે આપણે પ્રથમ તો વિચાર કરવો જોઇયે, કે તે **'નમુનો' મનમાં કેમ રચાય છે.** તે જાણવા માટે આપણે અવસ્તાના કદીમ કલામો તરફ નજર દોડાવવી જોઇયે. **યજશ્નેના** ૩૫ માં હાના ૩ જા ફકરામાં આપણે ભણીયે છીયે કે, "અએ અષો, સોહામણા અહુરમજદ, બન્ને હસ્તીઓને માટે હૈયાત (માણસો)ના કાર્યોમાંના જે સર્વથી શ્રેષ્ઠ હોય, તેઓને અમે પસંદ કરીયે છીયે, (તેમની ઉપર) અમારૂં **ચિત્ત** લગાડીયે છીયે, (તે પ્રમાણે) અમે **બોલીયે** છીયે, તથા (તે પ્રમાણે) અમે **કર્તવ્યો** કરીયે છીયે." વળી આગળ ચાલતાં **યજશ્ને** હા ૬૯, ફકરા ૧ માં, આપણે આ પ્રમાણે ભણીયે છીયે:—"જેઓ થઈ ગયા છે, તથા છે, તેઓમાનાં જેઓ અષોઇથી **યજશ્ને કરવામાં** સર્વોત્તમ (છે), (તથા જેમને) મજદ અહુર પીછાણે છે, તેવા(ઓ)ને તેઓનાં **પોતાના નામથી,** હું ઇજું, તથા દોસ્તીથી હું પહોંચું." હવે **વીસ્પર્દના** કરદા ૨ થી ૫ માં આપણે આ રીતે પ્રાર્થના કરીયે છીયે:—"આ જોર તથા બરસમ વડે, સરદારોની આરાધના કરનાર અષો મરદ, જે નેક વમાસેલા વિચારને, નેક બોલેલા સખુનને, તથા નેક કરેલાં કાર્યને મજબુત પકડનારો, તથા જે આબાદી કરનાર, તાબેદારીને તથા સોશ્યન્તના માંથ્રને, માન આપનાર (એવા અષો મરદને), યજશ્નેમાં હું યાદ કરૂં છું, જેના કાર્યોથી. પવિત્રાઇની મારફતે, મુલકો આબાદ બને છે."

ત્યારે આપણા દીન–આઈનના ફરમાન મુજબ આપણી ફરજ છે કે, હાલની દુનિયામાં પવિત્રાઈ બદલ ખાસ જાણીતાં બનેલાં નર–નારીઓ, તેમજ આગલા વખતમાં જીવન ગુજારી ગયલાં મહાન અષો સ્ત્રી–પુરૂષોના સદ્ગુણો ઉપર ધ્યાન લગાડવું. તેથી જુદા જુદા વિચારો મનમાં ભેગા થાય છે. તે ખ્યાલો, સૌંદર્યતા, સત્યતા, એકદીલી, દયા, પતીવ્રત, સ્વભોગ, ઉદારતા, ફીદાગીરી, વીગેરે **ગુણો,** જે મન અને હૈયાંને ખુશાલી અને ફરરાખી બક્ષે છે, તેમનાં **ઉંચમાં ઉંચ નમુનાના** હોય છે. હવે ગમે એવા પુરાણા વખતનાં અથવા હાલનાં નર–નારીઓ, જેઓ પેગામ્બરીને દરજ્જે પહોંચ્યાં નથી, તેઓ ચાહે એવાં મહાત્માઓ કહેવાતાં હોય, તોપણ કેટલેક દરજ્જે અપૂર્ણ દેખાય છે. તે છતાં, એક દાખલામાં જે ગુણની કસર જણાય, તે બીજા

મહાન દાખલામાં સંપૂર્ણ જણાય છે. ત્યારે આવાજ વિચારોમાંથી, માનવીનું મન રફતે રફતે એક જંગી, શુરવીર, પ્રકાશિત અને પૂજ્ય નમુનો કલ્પનામાં ઉભો કરે છે, જેની અંદર સઘળા ગુણો અને શક્તિઓ, સર્વથી ઉંચ અને પૂર્ણ દરજ્જે પહોંચેલાં દેખાય છે, અને જે હરએક વાતે મનમોહક, અને આપણે કોઇએ પણ પૃથ્વિ ઉપર જોયો અથવા અનુભવ્યો હોય, તે કરતાં અધિક દીલપસંદ જણાય છે. હવે ભિત્તરની ફ્રવષીનું ભાન, જે વેળાએ એકાદ બે પળ શાંતિ અને બંદગીના વખતમાં ખુલે છે, તેજ વેળાએ આ નમુનો એકાએક અતિ ઝળકાટવાળો અને માત્ર કલ્પિત નહિ, પણ ખરેખર હસ્તી ધરાવતો હોય, એવો ફ્રવષીને દેખાય છે. તેનું કારણ એ છે કે, આપણા જીવે ચીતારેલો આવો દરેક નમુનો, તે ઉત્તમમાં ઉત્તમ સત્ય, શ્રેષ્ટમાં શ્રેષ્ટ અને સદ્‌ગુણી ડહાપણ, અને સર્વોત્તમ શક્તિ, જે **અહુરમઝદ** છે, તેનો આપણાં સ્થુળ મનમાં ફક્ત એક ક્ષણવારનો પડછાયો છે. તે પડછાયા અને ખરા **અહુરમઝદની** વચમાં, માનવી અને તેના સ્થુળ ભુમી ઉપરના પડછાયાની વચમાંના તફાવત કરતાં, ઘણો અધિક ફરક છે. તોપણ આવો નમુનો, અનીર્વચનીય અહુરમઝદ સાથે સરખાવતાં, જો કે અધુરો છે, તોપણ માનવીના હાલના દરજ્જાને ઘણોજ આગળ વધારનાર છે. કારણ કે જેમ એક પ્લાન અથવા નકશાને આધારે, એક ઘર તેમજ મોટામાં મોટો અને સુંદરમાં સુંદર મહેલ બાંધી શકાય છે, અને પ્લાન વિના તે કઢંગો બન્યા વિના રહે નહિ, તેમ એ ઉંચ, અધુરા નમુનાના પ્લાનના આધારેજ, આપણી ચાલચલણ, હાલના કરતાં વધુ ઉમદા ધોરણ ઉપર બાંધી શકીયે છીયે.

મનને એક ભાંગુટુટું ઘર સમજી લ્યો. સાધારણ મન જુની ઇંટો, રાખ જેવા ચુના, સડેલા ભાલો અને ભારવટયાઓ અને ખોદાઇ ગએલી જમીનનું બનેલું હોય છે. હવે મનના ઘરને તદન નવેસરથી પ્લાન કરીને, વોહુમન[1] ને રેહવા લાયક પવીત્ર મહેલમાં ફેરવી નાખી શકાય છે. તે સાહસ પાર પાડવા માટે મનના ઘરની દરેક સડેલી ઇંટ અને લાકડું, જોઇ, તપાસીને નાલાયક તરીકે ઓળખીને, ફેંકી દેવાં જોઇએ. વળી તેને દરેકને બદલે, પેલા મહેલના આરસપાનના પત્થરો અને સુગંધી સુખડ, અને મજબુત સ્ટીલના ખાંભાઓ, અને સુશોભીત દરવાજાઓ અને મેડીઓ અને ઝરૂખાઓનોજ **ખ્યાલ** મનમાં **રાતદીવસ** રમાડવો જોઇએ. વળી આ કામ કરતી વેળાએ, જુનું ઘર એક દમ બેશી ન જાય, તેને સારૂં, **સબુરી** અને **દ્રઢતાના** મુદ્દાઓ આપવાની જરૂર છે. હવે મનનો જાણીતો નીયમ આપણે જોયો છે, કે જે પણ ખ્યાલ મજબુતીથી, હેતથી, વીશ્વાસથી, અને ખાલેસ જીગરથી મનમાં વસાવ્યો હોય, તે રહિં જાય છે, તે મહેલની રચના નવેસરથી બનાવવાને પૂરતો છે, અને આપોઆપ જુના અયોગ્ય, સડી ગએલા ભાગોને બહાર ખીસેડીને, તેમની જગ્યા લઇ લે છે. મન જેટલી દ્રઢતાથી અષોઇનો મહેલ બનાવવાને ઇચ્છશે, તેટલી ઝડપથી, નબળા, પાપી, ઇન્દ્રિયવિષયી, એ કલપેટા, અધર્મિ, દુઃખદાયક વીચારો, પોતાની મેળેજ મનમાંથી નીકળી જશે. અને એ હલકી જાતના નવા ખ્યાલો મનમાં ઘસી આવવા માગતા હોય તોપણ, મન આગળથી જેમ ફરતાં ચક્ર ઉપર નાખેલી વસ્તુ તાબડતોબ ઉડી જાય છે, તેમ દુર થઈ જાય છે. સબુરી, સંતોષ અને ભક્તિ હૈયામાં રાખવાથી, આ દેખીતો બીકટ મહેલ, દરેક નર,નારી ઉભો કરીને, અહુરમઝદ, અમેશાસ્પંદો અને યઝદોને, તેમાં આ યોગબળથી ડર વીના અને પૂર્ણ આનંદથી આમત્રણ કરી શકે છે. માત્ર આપણે એટલી ખાસ સાવચેતી રાખવી જોઇએ, કે હલકા વીચારોને કાઢવાને સારૂં તે વીચારો સામે લડવા ન જતાં, રૂડા વીચારોનો આશ્રો લેવો ઘટે છે. અને આપણે જાણયે છીએ, કે મનમાં એકજ વખતે રૂડા અને ભુંડા વીચારો રહી શકે નહિ, માટે તે નીયમ આપણને સહાય આપશે, અને તેથી અનિષ્ઠ ખ્યાલો આપોઆપ વીદાય થઇ જશે. ત્યારે છેવટે ભારી શ્રમ ખેંચીને જો મનના ઘરની એકેએક જુની ઇંટ, સડેલું લાકડકામ, ખવાઇ ગએલો ખીલો અને રેફુ, રંગ, ઇત્યાદી

---

૧. અથવા કોઇ પણ મહાન નમુના (Ideal).

ચીપીચીપીને બદલવાની કાળજી રાખીને, એકપણ સડેલી વસ્તુ રહેવા દેવામાં ન આવે, અને સદરહુ મહેલનો સામન તેને બદલે સજવા અને રચવામાં આવે, તો અમર્ગિના વાસાને સારૂં બેમીસાલ ધામ તૈયાર થવા પામે, જેમાં રહિને, નમુનેદાર (Ideal) અપાર જ્ઞાન શક્તિ, પ્યાર અને સુખનું હાસલ કરવાનું સહેલ થઇ જાય!

'નમુના'ની બાંધણી કેમ થાય છે, તે આપણે જોઇ. મહેલ બંધાઇ ચુકો. અને હવે મહેલની અંદર 'નમુના'ની ઉભી કરેલી મુર્તિને કેમ ભજવી તે તપાસ્યે. અને વળી 'નમુના પ્રમાણે'ની 'ચાલચળણ'ની બાંધણી કેમ થાય છે, તે જોઇશું. તે બન્ને કાર્યો પાર પાડવાની ચાવી 'મનન' છે. ત્યારે સમજુ માનવી, દર દીવસનો અમુક ભાગ (જે દર વર્ષે વધ્યાજ કરવો જોઇયે, તે) પોતાના ઉપર જણાવ્યા પ્રમાણે રચેલાં 'નમુના' અથવા પોતાના 'પેગામ્બર'ના નમુના ઉપર, મક્કમપણે અને ખરા ધ્યાનથી વિચાર કરવાને, રોકયાજ કરશે. દરરોજ તેજ નમુનાના સઘળા ગુણોના દીલપઝીર ચિત્રની, બારીકે બારીક રેખા ઉપર, ધ્યાન કરશે. આ ચિત્ર હવે ચાલ ચળણના નકશાની ગરજ સારશે. ત્યારે દરરોજનાં અંતઃકરણપૂર્વક મનનથી, તે માનવીનાં જીગર અને જીવમાં, તે નમુના માટે તે સાચું માન અને પ્યાર પ્રગટશે, જે પૂજા અથવા આરાધના તરીકે લેખાય છે. હવે આરાધનાના સંબંધમાં આપણને ખસુસકરીને આટલું ફરીને યાદ કરવાનું છે કે, આરાધના કરનાર દૃઢ અને ખાલેસ હોય, તો પૂંજાની સંકલ્પ કરેલી મુર્તિ અથવા શક્તિના જેવોજ, દરેક બાબદમાં આબેહુબ બને છે. આવી આરાધના, જે એકલી ખરી કાર્યસાધક લેખાય છે, તે તદન **એકચિત્ત** બનવાથી થઇ શકે છે. હવે **એકચિત્ત** કેમ બનવું, તે તપાસવું જોઇયે.

તદન **એકાગ્રચિત્ત** થવા સારૂં કોઇ સહેલો, સુતરો રસ્તો જણાયલો નથી. જેને એવું મક્કમ ચિત્ત મેળવવાની આરઝુ હોય, તેને દુનિયાની સંસારી જીંદગીની હરએક પળ, **ભલી રીતે** અને **ઉપયોગી** રીતે, વાપરવી પડે છે. વળી દરેક પળે જે કાર્ય હાથમાં હોય તેની ઉપરજ **સઘળું ધ્યાન** રોકી રાખવાની રૂડી આદત પાડવાની અવશ્ય જરૂર છે. કાર્યો નિર્જીવ દેખાય તો ચિંતા નહિ, પણ તે નિર્જીવ દેખાતાં કાર્યો કેવી નિષ્ટાથી બજા લાવવામાં આવે છે, તેમાં મનનો કેટલો ભાગ પુરેપુરો રોકવામાં આવે છે, તે ઉપર ચાલચળણના બંધારણનો સઘળો આધાર રહે છે. જીંદગીનાં દરેક નાના મોટાં કાર્યમાં, જો મન **એકચિત્ત** થતાં શીખશે, તોજ આપણે જોયા તેવા ઉંચ 'નમુના' ઉપર, આખરે, દર દીવસના અમુક વખત પર્યંત, આખાં હૈયાંથી **એકાગ્રચિત્ત** થઇ શકાશે. આવી રાત-દીવસની પ્રમાણીક મહેનત અને ઉલટથીજ મન ઉપર સંપૂર્ણ કાબુ મેળવી શકાય છે. ફકત દરેકે એવી અંતઃકરણ-પૂર્વક કોશેષ કરી, આ સિદ્ધાંતને પુરવાર કરી જોવાનો છે. જો શંકા હોય તો તે દુર કરવાનો રસ્તો સીધો અને સ્વચ્છ છે. સમાધાની તો દરેકે **જાતી અનુભવ**થી મેળવવાની છે. કોઈ પારકાનો અનુભવ, એક દાખલો બેસાડયા ઉપરાંત, આત્મિક પ્રગટીકરણમાં કારગર થતો નથી. વળી એકાગ્રચિત્ત થવાની આવશ્યક્તા વીષે કાંઇપણ શક હોય, તો તે દુર કરવા સારૂં, પવિત્ર અવસ્તાવાણીની મદદ લઇશું. **યજશ્ને** હા ૪૩, ફકરા ૧૫ માં આપણે ભણીયે છીયે કે, "તને, અએ મઝદ અહુર! ખચિત મેં આબાદી કરનાર તરીકે ગણ્યો, જ્યારે ભલાં મન સાથે (સરોશ યઝદ) મારી નજદીક આવ્યો, અને હુશીયારીથી મને જણાવ્યું કે, **એકાગ્રચિત્ત** સર્વથી ઉત્તમ ચીજ છે."

ઉપર આપણે 'નમુના' અને 'ચાલચળણ'ની રચના કેમ થાય છે તે જોયું છે. ત્યારકેડે, એ 'ચાલચળણ' કેવી હોવી જોઇયે, તેનો થોડીક બારીકીથી અભ્યાસ કરીશું. પુરેપુરો અભ્યાસ કરવા માટે તો ગ્રંથોની કોઇ પણ સંખ્યા બસ થઇ શકે નહિ. તેવા અભ્યાસ માટે, આપણી આસપાસ વસતાં જીગરોનો, પ્યાર અને દીલસોજીથી અભ્યાસ કરવો જોઇયે છે. તે કાર્ય બજાવવા માટે, કુનેહ, યુક્તિ, અને ખરાં બંધુપણાંની મોટી જરૂર છે. આપણે આ લખાણમાં એ બહોળા વિષયની ટુંક

૧. જુઓ પાન ૧૧૪ થી ૧૧૭ માં.

તપાસ લઇશું. આપણી પાક અવસ્તા-માંથીજ હાલ તરત આપણે વિચારો એકઠા કરીને સંતોષ પકડીશું. તે આપણને અશોઇ, ધૈર્ય, મક્કમ નિશ્ચય, પ્રમાણીકપણું, રાસ્તી (સત્યતા), હિમ્મત, અહિંસા, સખાવત, જાતીભોગ, પરોપકાર, સર્વે જીવો તરફ દયા, ક્રોધરહિતપણું, નીંદારહિતપણું, લોભરહિતપણું (એટલે સંતોષ), નરમાસ, સહનશીલતા, માફી અને અહંકારરહિતપણું શીખાડે છે. એ ગુણોમાંના મુખ્ય કયા શબ્દોમાં અને ક્યાં શીખાડેલા છે, તે જોઇશું. એ સઘળા 'ચાલચળણ'માં ભેગા કરવાથી, માનવી ખરેજ ફરેશ્તો બને છે, અને પોતે આ ખનીરથ બામી ઉપર વસ્તો હોવા છતાં, વહીસ્તેમ અહુમ (બહેશ્ત)નાં સુખી ભાનમાં, દાખલ થઇ જાય છે. એવી રીતની ચાલચલણ બનાવવા માટે, કેવા પ્રકારની નીતિની જરૂર છે, તે આપણે હવે પછી જોઇશું.

અશોઇ મેળવવા માટે, પાને પાને આપણી પવિત્ર દીનમાં ભલામણ કરવામાં આવી છે.[1] વળી ભાર મુકીને આપણને અવસ્તા શીખવે છે કે, 'અએવો પથાઓ યો અષહેઃ વીસ્પે **અન્યેશામ્ અપંથામ્**,' એટલે, માર્ગ માત્ર એકજ છે, તે અશોઇનો; બીજા સર્વે રસ્તાઓ ખોટા. **યસ્ન** ૪૬ ના ફકરા ૧૦ માં આપણે વાંચીએ છીયે કે, "જે કોઇ, અએ અહુરમઝદ! મરદ અથવા ઓરત, પોતાનો એતેકાદ મારી (અહુરમઝદી જરથોસ્તી) દીન તરફ લાવે, તથા જે કોઇ અશોઇને ખાતર અશોઇ અમલમાં મુકે, તથા ભલી મનશ્નીથી (પોતાની) સત્તા ચલાવે, તેઓને હું (જરથુશ્ત્ર) તારી આરાધના તરફ (નો ખરો ભેદી) માર્ગ બતલાવીશ, અને તે સઘળાઓને ચીન્વત પુલ હું પસાર કરાવીશ." **યજશ્ને**ના ૬૦ માં હાના ૧૧ અને ૧૨ માં ફકરાઓમાં એક ચેલો પુકાર કરે છે કે, "સર્વથી શ્રેષ્ટ અશોઇથી, સરસ અશોઇની મારફતે, ઓ અહુરમઝદ! તને અમે જોઇયે, તારી નજદીક આવીયે, તારી **હમેશની દોસ્તીએ** અમે પહોંચ્યે."

યજશ્ને હા ૫૮ ના ૪ થા ફકરામાં આપણે ભણીયે છીયે કે, "અશો (માનવી) આબાદી કરનાર, ફતેહમંદ તથા સર્વોત્તમ છે. . . વળી તે (અશો) માણસ **અશોઇથી, ઉદ્યોગથી, સખાવતથી, જ્ઞાનથી, નમ્રતાથી**, તથા અહુરમઝદના **આતશના મારફતે**, (જગતની) **આબાદીને** હમેશાં બચાવશે (તથા) સંભાળશે." અને **યજશ્ને**ના હા ૮ ના ૬ ઠ્ઠા ફકરામાં દુઆ ગુજારવામાં આવી છે કે, "અશો (માનવી) પોતાની મરજી પ્રમાણે રાજ્ય કરનારો થાય !" તે ઉપરથી અનુમાન ઉપજે છે કે મરજી પ્રમાણે રાજ્ય કરવા માટે, અશોઇ પુરતી છે.

હિમ્મત અને ધિક્કાર રહિતપણાને માટે પણ, આપણને શીક્ષણ મળ્યું છે. **માહ બોખ્તારના નીયાએશ** ફકરા ૧૦ માં આપણે ભણીયે છીયે કે, "અય પુર ખોરેહવાળા યઝદો ! અય પુર તનદરૂસ્તી આપનાર યઝદો ! (મને) હિમ્મત તથા ફતેહ આપો !" વળી મોટી **હોમ યશ્ત** ફકરા ૧૯ માં ભણીયે છીયે કે, "અય દર્દને પાછળ રાખનાર હોમ! હું તારાથી મુરાદ એ માંગું છું કે, જમીન ઉપર **મુરાદ પામેલો, હિમ્મતવાન, સંતોષી, ખરાબીને તોડનાર**, અને **જુઠ્ઠાઇને મારનાર** તરીકે ફરૂં. પાંચમી બક્ષેશ એ માંગું છું કે, જમીન ઉપર ફત્તેહમંદ, લડાઇમાં (બદીને) **જીતનાર, ધિક્કારને તોડનાર** (એટલે સુલેહ–સંપજ વધારનાર) તરીકે હું ફરૂં."

સખાવત વિષે **મોટી હફ્તન યશ્ત**ના પેહેલા કરદામાં આપણને શીક્ષણ આપ્યું છે, કે "અશોઇની સરદારીમાં તથા અશોઈના અમલમાં (રહીને) હૈયાતી ભોગવનારામાંનો કોઇ શખ્સ, બન્ને હસ્તીમાં સર્વથી ઉત્તમ જીંદગી ગુજારવા ચાહતો (હોય, તેણે) સખી (થવું જોઇયે)." એજ યશ્તના કરદા ૪ માં દુવા ગુજારવામાં આવી છે કે, "વળી અમે અશો તથા ખાલેસ થઇયે, અને સખાવતની મારફતે (તને ઓ અહુરમજદ!) પસંદ પડેલા થઈયે!" **યજશ્ને**ના હા ૫૨ ના ૩ જા કરદામાં આપણે ભણીયે છીયે કે, "સારાં ખેરાતનાં કાર્યો તથા અશોઇના

૧. વળી જુઓ 'અશેમ વોહુ' ઉપરનું પ્રકરણ, પાન ૨૪૯ ઇત્યાદી.

કાર્યો, જે ઘણુંજ ચઢતે દરજ્જેના તથા વધુ ભલાં (લેખાય છે, તથા) પાછળથી (પરીણામમાં મદદે) પહોંચનારાં, (તથા) લાંબો વખત સુધી (આપણને) રક્ષણ કરનાર (છે, તેમને હું વખાણું છું), જેથી કરીને સર્વથી મોટી, સર્વથી શ્રેષ્ટ અષોઇ અમને મળે."

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे

देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ।

श्लाघ्य: स एको भुवि मानवानां स उत्तम:

सत्पुरुष: स धन्य:

यस्यार्थिनो वा शरणागता वा नाशाभिभङ्गा

द्विमुखा: प्रयान्ति ।

અર્થ:'એવા કોઇને પણ દાન આપવું, જે તેના બદલામાં કાંઇ કરતો નથી. અને તે દાન યોગ્ય જગ્યાએ, અવસરે અને લાયક માણસને આપવું જોઇએ, એમ માનીને આપ્યું હોય, તે અષો, શુદ્ધ, અથવા સાત્વિક દાન લેખવું.

ભુમી ઉપરના માનવીઓમાંથી તેજ વખાણુવાલાયક, ઉત્તમ, ધન્યવાદને લાયક, સતપૂરૂષ છે, કે જેને ત્યાં ભીક્ષુક જાય, તે આશાભંગ મોઢાં વડે, કદી પાછો ફરે નહિં.'

જાતીભોગના મહાન સદ્‌ગુણ માટે આપણી જાણીતી "ફ્રેસ્તુએ હુમતોએ-બીયસ્ચા" ની બંદગીમાં વારંવાર (જેમકે ખુરશેદ મહેરની નીયાએશમાં) ભણીયે છીયે કે, "તમામ નેક વમાસણ, વાણી અને કરણીને મારી મનસ્ની, ગવશ્ની, કુનસ્નીથી વખાણું છું, અને અખત્યાર કરૂં છું. . . (મારી) યજશ્ને તથા **નીયાએશ** (એટલે બંદગી), તેમજ મારા પોતાના બદનના **જાનને** મનશ્ની, ગવશ્ની, કુનશ્નીથી તથા અંતઃકરણથી, તમો અમશાસ્પંદોને હું **અર્પણ** કરૂં છું." આગળ ચાલતાં **મોટી હોમ યશ્ત** કરદા ૧૩ માં આપણે ભણીયે છીયે કે, "હોમને નેમાજ હોજો. . . અય હોમ! આ મારૂં શરીર, જે સુંદર દેખાય છે, તે તને હું **અર્પણ** કરૂં છું." એજ **યશ્તના** કરદા ૧૯ માં જણાવ્યું છે કે, "અય હોમ! તારો ફીદા થયલો સ્તુતી ગાનાર હું બનીશ. (કારણ કે) અહુરમજદે ફીદા થયલા સ્તુતી ગાનારને અષવહિસ્ત (અમશાસ્પંદ)ના કરતાં વધારે ભલી પેદાયશ ગણી છે." **યસ્ન** ૩૪ ના ફકરા ૧માં જરથુસ્ત્ર સાહેબ આ પ્રમાણે બંદગી કરતા જણાવ્યા છે, જે દરેક જરથોસ્તીએ પણ કરવી જોઇયે કે, "જે કાર્ય, સુખ તથા ભક્તિને લીધે અમને અમ્મરપણું, અષોઇ, હકુમત (પાદશાહી), તથા સુખ મળે છે, તે અય અહુર! સર્વથી પહેલાં તને હું **અર્પણ** કરૂં છું." **યજશ્નેના** હા ૫૫ ના ફકરા ૧ માં, જાતીભોગ કેટલી હદ સુધી આપી શકાય છે, તે આ પ્રમાણે વર્ણવ્યું છે: "આ તમામ હસ્તીની માલમતા, (અમારાં) તન, હાડકાં, જીવ, શરીરની કાઠી, પ્રાણ, બુદ્ધિ, રવાન તથા ફરોહર—એ સર્વે વૃદ્ધિ કરનાર ગાથાઓને, (જે) સચ્ચાઇની ઉપર ચાલનાર સરદારો છે, તેમને અમે **અર્પણ** કરીયે છીયે."

રાસ્તી એટલે સત્યતા માટે **મહેર યશ્ત**માં આ અપક્ષપાત અને બુલંદ નિયમ જાહેર કર્યો છે, કે "ઓ જરથુસ્ત્ર! બુરા માણસ સાથે કે અષો હમદીન સાથ કોલ કર, (તે હરગેઝ તોડતો) ના, કારણ કે બુરા સાથનો તથા અષો માણસ સાથનો—એ બન્ને સાથના કોલો, (એકસરખા) છે. જેઓ કોલ તોડતા નથી, તેમને અહુરમજદનો આતશ, સર્વથી રાસ્ત રસ્તો બક્ષે છે."

આ પ્રમાણે આપણે ચાલચલણ માટે અવશ્યના, કેટલાક મુખ્ય ગુણો, અવસ્તાવાણીમાંથી જોઇ ગયા છીયે. એક પછી એક દરેક ગુણને પીછાણવો જોઇયે, અને પાક મજદયસ્ની જરથોસ્તી દીનમાં ફરમાવ્યા મુજબ, તે માત્ર મોઢેથીજ વખાણવા નહિં, પણ ગ્રહણ કરવા માટે કોશેષ કરવી જોઇયે. વળી મીનોઈ જેહાનમાં દાખલ થવા માટે, બલકે ઉડીને પેસવા માટે, **મનનું સમાનપણું** મેળવવું જોઇયે. એટલે કે, દુનિયાંના ક્ષણીક અને ચળીત સુખો અને મોજો, તેમજ દુઃખો અને બીકોથી, માનવીએ જરા પણ દોરવાવું ન જોઇયે. દુઃખ આવી પડે ત્યારે તે માત્ર પાઠો શીખવવાને માટે, આપણને મજબુત બનાવવાને માટે, આપણા પાપો ધોવાને માટે આવ્યું છે, અને સુખ ચેંચાઇ આવે ત્યારે પૂણ્યોના બદલા તરીકે, જુદાજ

ગુણો ખીલવવાને કાજે, અને ક્ષણવાર માટે આવ્યું છે, એમ ડહાપણથી સમજીને, મનને નિત્ય સ્થીર; શાંત અને ફરેશ્તાઇ **સમતોલપણામાં** રાખવું જોઇયે. **યસ્ન** ૩૪ ના ૭ મા ફકરામાં સવાલ કરવામાં આવ્યો છે કે, "ઓ મજદ! તારી પરસ્તેશ કરનારાઓ કયાં છે, કે જેઓ નેક મનશ્નીને હૈયે ધરીને, દીનના ફરમાનોને ખરી દૌલત તરીકે (ગણીને), **સુખમાં તેમજ દુ:ખમાં પૂરતી હુશીયારીથી** બજા લાવે." મનની એ સ્થીતી રાખવાથી, આ જેહાનની ભારેમાં ભારે આફત અને સર્વથી વધુ મનમોહક સુખ, એ બન્ને આવી પડે તોપણ, આ ફરેશ્તાઇ સ્થીરતાને પ્રતાપે, માનવીના હૈયામાં વસતી શાંતિ અને ધીરજમાં, એક પલકારા સુધી પણ ભંગાણ પડવા પામતું નથી. વળી બહારના બદલાતા અથવા અકળાવનાર સંજોગો અને ફેરફારો, હવાની લેહરીની માફક તેની ઉપરથી ગુજરી જાય છે. ત્યારે તે માનવીની ફ્રવષી અતિ મજબુત બને છે, તેની હોશ વળી બહોળી થાય છે, અને 'દુનિયાંના આત્મા'ની સાથે તે વધુ એકત્ર બને છે. આ કોશેષ કરવા જતાં પહેલી બારીમાં તેના મનને એવું લાગે છે ખરૂં, કે સુખ અને દુ:ખના વિચારો ભુલવાથી, દુનિયાંના લોકોથી તે સદંતર વીખુટો અને જુદો પડી ગયો છે. પણ રફતે રફતે તે અષો માણસના મનથી, દુનિયાનાં સઘળાં દુ:ખ દેનાર પ્રાણીઓ અને સંજોગો, દુ:ખ દેનાર તરીકે ઓળખાતાંજ અટકી જાય છે. તે વેળાએ 'દુનિયાંના આત્મા'માં અને અહુરમઝદના હૈયાંમાં જે આનંદ અને શાંતિ સમાયલાં છે, તે એ અષો નરનાં જીગરમાં, આ જે યોગ સાધન છે, તેની મારફતે ઉતરે છે.

હવે નમુના પ્રમાણે ચાલચલણ રચવા ચાહનાર નર, સમતોલપણું મેળવવે, પોતાના મન ઉપર કાબુ ધરાવતો જાય છે, તેથી તે હિમ્મતવાન બનતો જાય છે. ધીરજ અને પ્યારમાં તેને હવે આગળ પડવું જોઇયે. જરથુસ્ત્ર સાહેબ માટે **ફ્રવરદીન યશત**ના ૨૩ મા ફકરાના ૮૮ મા વિભાગમાં વર્ણન આપ્યું છે કે, "જેણે સઘળી હસ્તીઓને પસંદ કરી, અને તેમની ઉપર **પ્યાર** કર્યો," તેમને પગલે દરેક સાચ્ચા જરથોસ્તીએ ચાલવું જોઇયે. માટે કોઇ પણ વસ્તુ અથવા પ્રાણીને ધિક્કારવું ન જોઇયે, બલકે તેઓ ગમે એવો અણગમો ઉપજાવે, તોપણ તેમની ઉપર હેત કરવું જોઇયે. "Love those that hate you, and be good to them that despitefully use and persecute you."[1] આ નિયમ પાળવાથી, સર્વે પ્રાણીઓનો તે માનવી મિત્ર બને છે. હવે જે વેળાએ ધિક્કાર, જે દુર્ગુણ અંગ્રેમીનોનો મોટામાં મોટો શૃણગાર અને મદદગાર છે, તે પોતાના જીગરમાંથી તે અષો ચાલચલણ રચનાર નર હાંકી કાઢે છે, તે વેળાએ પોતાને ફેરવાઇ ગયલો અને સમતોલ થતો જોશે. ખાસ કરીને તેનાં જીગરમાંથી બિહિક જે માત્ર નુકસાન કરવા અને ધિક્કારવાથીજ ઉત્પન્ન થાય છે, તે દુર દફે થયલી સ્પષ્ટ જોશે. તેનું કારણ જણાવવામાં આવ્યું છે કે, "Perfect love casteth out fear," એટલે (ઇશ્વરનો) સંપૂર્ણ પ્યાર ડરને હાંકી કાઢે છે. આપણે પોતાની ચાલચલણ, પોતાની વાણી અને લખાણોથી દુશમનો ઉભા કરીયે છીયે. આપણે પ્રાણીમાત્રને ચાહવાને અને પોષણ કરવાને બદલે, જુલમગાર, ત્રાસ વરતાવનાર, સઘળી ઇચ્છવાજોગ ચીજો ઝુંટવી અથવા લુટી લેનાર, અને નબળાઓને સતાવનાર તરીકે વર્તિયે છીયે. ત્યારે શું નવાઇ કે, પ્રાણીઓ આપણેથી દુર નાહસે છે, અને આપણને પણ ધિક્કારે છે? જે બહાર દેખાય છે, તે અંદરના ખવાસનું પરીણામ છે. જે જે ધિક્કાર જગતમાં આપણી તરફ દેખાડવામાં આવે છે, તે આપણા ભિત્તરના ધિક્કારની આબેહુબ આકૃતિ છે; અને દુશમનો હોવાને લીધે, અને ધિક્કારેલા નિયમોનું ઉલંઘન કરેલું હોવાને લીધે, હૈયામાં ડર દાખલ થતો જાય છે. પણ પૂર્ણ દયાવંત જીગરને, બહારના ધિક્કારથી કોઇ પણ અલવલ આવી શકે નહિ, અને તેને ખાત્રી હોય છે, કે પોતે કર્મથી જે શીક્ષાઓને પાત્ર બન્યો છે, તે શીવાય એક તુકારો સાંભળવા જેટલી પણ

[1] વળી જુવો પાન ૬, ૧૩૨ થી ૧૪૪, ૧૭૫, ૧૭૬, ૧૮૫, ૨૦૮, ૨૩૮ ઇત્યાદી.

આપદા, તેને ખમવી પડનાર નથી. ત્યારેજ આપણે ઇતિહાસમાં વાંચીયે છીયે, કે દરેક દેશ અને કાળમાં, સંપૂર્ણ પ્યારવાળો માનવી, જંગલોમાંથી ફાડી ખાનારાં જાનવરોની વચમાંથી, સર્પો અને નાગોની વચમાંથી, વાઘો, રીંછો અને વરૂઓની વચમાંથી, ઇજા પામ્યા વિના, ખુશાલ ચાલી જઇ શકે છે. દયાને લીધે તે ડર વિનાનો બને છે, અને ડહાપણ મેળવતો જાય છે, તેમ સમતોલપણામાં દ્દઢ બનતો જાય છે.

હવે તે નમુનેદાર ચાલચલણ બનાવનાર પુરૂષ, સઘળી દુનિયવી વસ્તુઓ, વળગણો, અને બંધનો બદલની હરેક ઇચ્છા, (desire or passion), પોતાનાં પવિત્ર હૈયામાંથી બહાર કાઢી નાખતાં શીખે છે. ત્યારે અષો જરથુસ્ત્ર સાહેબના જીગરના જેવું તેનું હૈયું હવસ વિનાનું, બેડી વિનાનું અને બોજા વિનાનું બને છે, અને અહુરમઝદનાં સઘળાં પ્રાણીની ફકત સેવા કરવા, અને તે દાદારની મરજી પ્રમાણે વર્તવાની ખાહેશ રાખનો તે થાય છે. એ સેવા અને આધિનતાની મદદે, તે અહુરમઝદની મુલાકાત છેવટે કરી શકે છે. તે ભેટ કરવાની આ નમુનેદાર ચાલચલણ બાંધનારની ઉમેદ હોવી જોઇયે, કારણ કે તે આપણને અવસ્તામાં ઠેકેઠેક શીખવ્યું છે.[1] **મોટી હુપ્તન યશત**ના કરદા ૧ થી ૫ માં આપણે એકરાર કરીયે છીયે કે, "પાદશાહી, સર્વોત્તમ પાદશાહી મઝદ અહુરને હોજો! મઝદ અહુર જે સર્વથી ઉત્તમ અષોઇ છે, તેની ઉપર **અમે મન** લગાડીયે છીયે, (તેને) અમે કબુલ રાખીયે છીયે. તથા તેને **અમારો પોતાનો તરીકે** ગણીયે છીયે." વળી **યજશને** હા ૫૦ ના ૯ માં ફકરામાં આરઝુ દેખાડીયે છીયે કે, "ઓ મઝદ! તારો ભજન કરનાર, (હું) તે બંદગીઓની અને ભલાં મનથી કરેલાં કાર્યોની, અને અષોઇની મારફતે **તને હું પહોંચું.** જયારે મારી નેક નૈયતની ખાહેશમાં હું મકકમ છું, ત્યારે એક ડહાપણભર્યા પુરૂષની મીસાલ હું **તને શોધનાર** બનું, અને તારી પાસે આધિનતાથી અરજ કરનાર બનું!"

આ ચાલચલણ નમુનેદાર બનાવવાનું મહાભારત કાર્ય, મજબુત અને પ્રમાણીક કોશેશ, સબુરી અને ખંત રાખ્યા વિના કદી બજા લાવી શકાતું નથી. અવિચાર, બેપરવાઇ, અથવા અકસમાતથી, કોઇ પણ જમાનામાં આવી ચાલચલણ થાય, એવું ગુમાન કરવું એહમકાઇ ભર્યું છે. સંગીન મહેનત, કે જેમાં માનવી ખુદ પોતાનું ભાન પણ ભુલી જઈને, ઇંદ્રીઓમાં સાધારણ માનવી જેટલી મોજ લે છે, તેટલીજ મોજ મહેનતમાં મેળવીને, મહેનતથી વેગળો થવા જયારે માનવી કુદરતી રીતે ના પાડે છે, ત્યારેજ તેનો 'તામસીક' સ્વભાવમાંથી છુટકારો થયલો ગણવો જોઇયે. ત્યારે તે 'સાત્વિક,' અષોઇનો ગુણ ગ્રહણ કરવાને લાયક બને છે. જગતના પ્રાણીઓના જીવો સાથે **યોગ** કરી અને **એકત્ર** બનીને, અષોઇના કાયદાનુસાર મહેનત જયારે થાય છે, ત્યારે કુદરતના નિયમ પ્રમાણે, ફ્રવષીનો ભિત્તરનો આતશ સળગીને પ્રકાશીત બને છે, અને ભિત્તરની અપાર શક્તિઓ ખીલવા માંડે છે. આ મહેનતમાં, કોઇ પણ **એકલપેટી નેમ** પુરી પાડવાની ઇચ્છા, સમાયલી હોવી ન જોઇયે. ત્યારે મહેનત, મુક્તિનું એક સાધન થઇ પડે છે. એટલું તો કબુલ કરવું જોઇયે, કે આ સઘળા ઉપર જણાવેલા તબક્કાઓમાંથી પસાર થતી વેળાએ, કેટલીક વખતે આગળ વધતા પુરૂષની આંખ આગળ અંધકાર ફરી વળે છે, સઘળા સંબંધોમાંથી જુનો સ્વાદ ચાલી ગયલો જણાય છે, અને જીવવાનું તેમજ આગળ વધવાનું અકારૂં લાગે છે. પણ તેણે યાદ રાખવાનું છે કે, આ દુનિયાં ઉપરના શોખના મરવાથીજ, ઉંચ હાલતમાં જન્મ લેવાય છે. 'Give up thy life (in the flesh), that thou may'st find it (in the Spirit).' આવી વર્તણુક બનાવવાથી આખરે દયાવંત યઝદો અને અમશાસ્પંદો, આવી જીવતોડ મહેનત અને અંતઃકરણપૂર્વક ઉલટની પીછાણ કરે છે, અને તે માનવીના મીનોઇ ભાન ઉપર પડેલો દુન્યવી પડદો ખીસાડી નાખે છે.

માટે **આતશની નીયાયશમાં** ફકરા ૪ અને ૫ માં ઉદ્યોગની માંગણી કરવામાં આવી છે કે, "અય આતશ અને ખરે

---

૧. જુઓ ઉપલું પાન ૩૭.

પગે ઉભું રહેવાની શકિત, દહાડા તથા રાત્રીના ૧/૩ ભાગ શીવાયના વખતમાં જાગૃતી, પોતાના કાર્ય ઉપર ઉસ્તવારી, ખબરદારી, સ્વાનને માટે હુશીયારી, તથા જે અક્કલ મળવા પછી ઘટતી નથી, પણ વધે છે, તે, અને મરદાંનગીનું કૌવત—એ સઘળું, ઓ આતશ! અમને (તું) આપ." ફકરા ૯ મા આગળ ચાલતાં આપણને જણાવ્યું છે કે, "આતશ જ્યારે આદરમાન પામેલો હોય છે, ત્યારે દુવા દે છે કે, "તને કામ કરતું (ઉમંગી) મન થજો! (તારી) જીંદગી કામ (મહેનત) કરતી થજો!" અને તેથી ઉલટું, **યજશ્ને** હા ૩૧ ના ફકરા ૧૦ માં જાહેર કર્યું છે કે, "અય મઝદ! કમાઇ કરનાર **આળસુ** માનવી, દીનના સારા કાનુનોનો ફાયદો મેળવનાર (બની શકતો) નથી."

વળી યસ્ન ૨૯, ફકરા ૧)માં ઉદ્યોગને માટે દુન્યાના આત્માએ અરજ કરી હતી તે આપણે જોયું છે.[1] તેજ યસ્નના ફકરા ૫)માં આપણને ખાત્રી આપી છે, કે પ્રમાણીક જીંદગી ગુજારવામાં નુકસાન નથી અને ઉપયોગી લોકોને પાપીઓની નજદીક જવાની ગરજ રેહતી નથી.[2] વળી ભણનાર ખચીત માને છે, કે ઉદ્યોગ વીના સુખ નથી મળતું, તેથી યસ્ન ૩૧ ના ફકરા ૩ જા માં, તે માંગે છે, કે ઉમંગી ઉલટ અને સત્યતાના બદલામાં, જે અનંત સુખ હિમ્મતવાન લડવૈયાઓ અને ધર્મના ભેદ ઉકેલનારાઓને માટે નીર્માણ થયું છે, તે મળે.[3] યસ્ન ૩૪ ના ૧૪ મા ફકરામાં ભલાં મનના, ડહાપણભર્યાં કાર્યો કરનારને મઝદના અષો ડહાપણ પ્રાપ્ત થાય છે, એમ જણાવ્યું છે.[4] પરોપકારી કાર્યોના બદલામાં તનદરસ્તી, જોર અને સુખ હાંસલ થાય છે, એમ આપણને યસ્ન ૪૩ નો પેહલો ફકરો શીખાડે છે.[5] વળી શક્તિ હોવા છતાં, જે ભલાને મદદ કરવાથી પાછળ પડે છે, તે ખરી રીતે બદ પેદા યશને લગતો ગણાય છે, એમ યસ્ન ૪૬ ના ૬ ઠા ફકરામાં જણાવ્યું છે.[6] **એટલે** 'Inaction in a deed of mercy is action in a deadly sin.' દુરાની ફ્રયાનના વંશમાંથી કીર્ત્તિમાં કેટલાકો જન્મયા છે, કે જેઓ પોતાની અષોઇ અને ઉદ્યમથી આર્મૈતીના દેશો આબાદ કરે છે, એમ યસ્ન ૪૬ના ફકરા ૧૨)માં આપણને સમજાવ્યું છે.[7] આપણને ચેતવણી આપવામાં આવી છે, કે ગુસ્સાવાલાઓ અને અદેખાઓ, ઉપયોગી હોઇ શકતા નથી, અને બુરાં કાર્ય કરનારાઓ, શયતાનો અને દ્રુજોને મદદ આપે છે.[8] જરથુસ્ત્ર સાહેબ યસ્ન ૪૯ ના ફકરા ૯માં, સ્પષ્ટ જણાવે છે, કે તેના ફરમાનો, દુન્યાને ફાયદો કરનાર અને ઉદ્યોગી માનવીજ, બજા લાવી શકશે.[9]

આ પ્રમાણે જયારે માનવી ઉમંગથી પ્રગટીકરણમાં આગળ વધે છે, ત્યારે આપણે જોયું તેમ યઝદો અને અમશાસ્પંદોનું ધ્યાન તેની તરફ ખાસ ખેંચાય છે. અને તેથી તેન લાયકનો કોઇ રાહબર અથવા ગુરૂ, તેને મેળવી આપવામાં આવે છે. તેના સાથમાં રહીને, તે માનવી અષો સરોષ, આતર, અષવહિસ્ત અને બહમન સાથે મુલાકાત કરી શકે છે. જરથુસ્ત્ર સાહેબને એજ પ્રમાણે હોમ ગુરૂ મળ્યા હતા, અને ત્યાર બાદ ઉપર જણાવેલા મહાન યઝદ, અમશાસ્પંદો, ગાથાવાણી વિગેરેમાં જણાવ્યા મુજબ, તેમને ભેટયા હતા. છેવટે, બહમન અમશાસ્પંદે દયા અને મોહબતને લીધે, જરથુસ્ત્ર સાહેબને ખહ્લેઅદન કરાવીને, અહુરમજદની મીનોઈ હજુરમાં પહોંચાડયા હતા. ત્યાં તે મહાન અમશાસ્પંદની યારી અને શીક્ષણથી, પેગામ્બર સાહેબના મનના સઘળા ગુંચવાડાઓ નાબુદ થયા. તે મહાન હાલતે આપણ દરેકે હિમ્મત, ઉલટ, કોશેષ, અને લાયકાતથી પહોંચવાનું છે. ત્યારે અષો જરથુસ્ત્ર સાહેબને આપણા નમુના તરીકે રાખવા જોઇયે. વફાદારી, યકીન અને ભક્તિભાવથી, રાત–દીવસ તેમની

૧. જુઓ આગલું પાનું ૪૪ મું. ૨. જુઓ પાનું ૪૯મું. ૩. જુઓ પાન ૬૪ મું, અને વળી ૬૯ મું. ૪. જુઓ પાન ૧૦૫ મું. ૫. જુઓ પાન ૧૦૬ મું. ૬. જુઓ પાન ૧૬૦ મું. ૭. જુઓ પાન ૧૬૫ મું. ૮. જુઓ યસ્ન ૪૯, ફકરો ૪ થો, પાનું ૨૦૦) મું. ૯. જુઓ પાન ૨૦૪) થું. વળી જુઓ પાન ૨૨૩ મું, યસ્ન ૫૧, ફકરો ૫) મો.

મદદ ચાહવાથી, તેમની બળવંત ફ્રવષી, આ કાર્યમાં આપણને સહાય કરશે, તે માટે વિશ્વાસ રાખવો જોઇયે. અને ઇનસાનીયતમાંથી ફ્રેસ્તાના દરજજામાં પહોંચવાને, આ સીધો રસ્તો જે જરથુશ્ત્ર સાહેબે દેખાડયો છે, તે ઉપર ઉસ્તવાર રહી, આપણી દુનિયાં ઉપર વસ્તાં આપણાં નાનાં-મોટાં ભાઇ-બહેનોને, આપણે તે શીખાડવો જોઇયે. કારણ કે **યજશ્ને** ૩૫ ના ૬ ઠ્ઠા ફકરામાં, દરેક દીનદારને ફરમાન આપવામાં આવ્યું છે કે, "વળી (કોઇ પણ) મરદ અથવા સ્ત્રી, કોઇ સારી બાબદો (પોતે) ખરેખર જાણતા હોય તો (તેમની ફરજ છે કે) તે જાહેર કરે, (તે પ્રમાણે) પોતે અમલ કરે, તથા બીજાઓ જેઓ ઘટતી રીતે તે પ્રમાણે ચાલે (એવા જણાય), તેમને તે શીખવે." જરથુશ્ત્ર સાહેબના અનેક ચેલાઓ, આ રસ્તો કાપીને અહુરમજદ સાથે એકત્ર થયા છે, ત્યારે આપણે પણ આશાવંત જીગર સાથે, તે ઉપર હિમ્મતથી ચાલવાને, આ ઝડપથી બરબાદ થતી જીંદગીમાં, તુરત ઠરાવ કરીને, કમ્મર કસવી જોઇયે!

અષો સ્રોષ યઝદ.

'સ્રઓષ' 'સ્રુ' ધાતુ ઉપરથી નીકળ્યો છે, જેનો અર્થ 'સાંભળવું' થાય છે. ત્યારે 'સ્રઓષ' એટલે સાંભળનાર અથવા 'તાબેદારી" થાય છે. તેનો અર્થ વળી "સંભળાવનાર" પણ થાય છે. સ્રઓષને દીનનો દીન શીખાડનાર તરીકે ઓળખાવ્યો છે, તેની સાથે આ છેવટનો અર્થ બહુ બંધબેસતો થઇ પડે છે. વળી અવસ્તામાં જાહેર થએલું છે, કે અહુરમઝદે સ્રઓષને શીખાડયું, અને સંભળાવ્યું, અને તેણે જરથુસ્ત્રને તે પાછું કહિ સંભળાવ્યું.

અષો **સરોષ** યઝદ સર્વે યઝદોમાનો એકલોજ યઝદ છે, જેનું નામ ગાથામાં લેવામાં આવ્યું છે. **સરોષ** એક અમેશાસ્પંદ તરીકે પણ લેખવામાં આવ્યો છે, અને વોહુમન, અશવહિશ્ત, ક્ષથ્રવૈર્યો, સ્પેન્ત આર્મઇતી, હઉરવતાત, અમેરેતાત અને **સરોષ** એ નામો, કેટલીક વખત અમેશાસ્પંદોને આપવામાં આવ્યાં છે. આ સ્થુલ ભુમીના માણસનું ભાન, તેના હલકા હવસોને લીધે, ઉંચ ભુવન ઉપર કાર્ય કરતું અટકયું છે. પણ જ્યારે પવીત્રાઇને લીધે, ઉંચ ભુમી ઉપર હોશ ખુલવાની લાયકાત, કોઇ નર, નારીને હાંસલ થાય છે, ત્યારે **સરોષ** યઝદ તેને મદદગાર થઇ, તેની મીનોઇ હોશ ખોલે છે. માનવી અને અમેશાસ્પંદો વીગેરે ઉંચ હસ્તીઓ વચ્ચેનો સંબંધ જોડી આપનાર, મહાન **સરોષ** યઝદ છે. વળી કહયું છે, કે તેની પરવાનગી વીના ચીનવદ પૂલ ઉપરથી, કોઇ પણ માનવી પસાર થઇ શકતું નથી. તે અશવહિશ્ત, આતશ, અને એહેરામ સાથે હમકાર છે.

સરોષ યઝદનું જે બ્યાન અવસ્તામાં[1] મળે છે, તે આ પ્રમાણે છે. તે જોરાવર, બુલંદ કદવાળો, શુરવીર, ખુબસુરત, તંગ કમ્મર બાંધીને ફરનાર, હિમ્મતવાન અને સર્વથી મોટી ફતેહવાળો, દુન્યાની વૃદ્ધિ કરનાર, તેજવાળો, પ્રતાપવાળો, તમામ વધારાની અને આબાદીની ચોકસી કરનાર, ઉંઘાયા વીના, જાગૃતપણે ઉંચકેલાં હથયારથી, સહવારના પહોરમાંથી હાડમંદ દુન્યાની હસ્તીઓનું રક્ષણ કરે છે. અને તે દર દીવસ અને દર રાત્રે એ હાથમાં હથયાર સાથે ત્રણ, ત્રણ વેળાએ, હાડમંદ દુન્યામાં ઉતરી આવે છે. જ્યારથી અંગ્રેમીનો અને સ્પેનામીનોએ મળીને દુન્યાની શરૂઆત કરી, ત્યારથી **સરોષ** યજદ નીગેહબાની કરવામાં એટલો ઇંતેજાર રહે છે, કે તે ખુશ ઉંઘાતો પણ નથી. જેમ સહવારથી તે હથયાર ઉંચકીને ચોકસી રાખે છે, તેમજ સુર્યના અસ્ત પામવાના વખતથી પણ હથયાર ધરીને, હાડમંદ હસ્તીનો તે બચાવ કરે છે. તેને અહુરમઝદની પેદાયશનો સીપેહસાલાર તરીકે અવસ્તામાં ઓળખ્યો છે. અહુરમઝદને સરોષે સર્વથી પહેલે ૩, ૫, ૭, ૯ અને ગુંટણ જેટલી બરસમથી આરાધ્યો, અને **અંગ્રે અને સ્પેનામીનોને સરોષે** પહેલે આરાધ્યા. અને તેણે જરથુશત્રના ૫) ગાથા, બંદગીને લગતા ઠેરવેલા કાયદા મુજબ, ગાયા હતા. તે સારૂં તેને **મહેન્તુ, પવીત્રાઇનો** યઝદ લેખ્યો છે. વળી આપણે હવે પછી જોઇશું તેમ, અહુરમઝદ રસ્તાખીઝ અથવા ફ્રશોકેરતના વખતમાં 'જોતી' બનીને બલીદાન આપશે, અને તે વેળાએ **સરોષ** તેના 'રાસ્પી' તરીકે ઉભો રહેશે, અને તે બન્નેની મહાન ક્રિયાથી અહરેમન છેવટે તુટેલો થશે, અને તે સદંતર શેકસ્ત પામેલો અને લાચાર બની જશે.

તે અષો છે, તથા અષોઇ પાળનારાઓને ઘણોજ મદદગાર થાય છે. તે બામદાદના ઝઝકલાનાં વખતથી એશમ (એટલે ગુસ્સાના) દેવ સાથે સખ્ત લડાઇ કરે છે. દેવોથી તે બીહતો નથી, પણ **સરોષથી** દેવો ડરે છે, અને તેઓ તેના બળ આગળથી અંધકારમાં નાહશી જાય છે. જેપણ **સરોષ**ના કૌવતને તુચ્છકારે છે, તેનું માથું **સરોષ** ભાંજી નાખે છે. દુષ્ટ મરદ, ઓરત અને હસ્તીને ખરાબ કરનાર દુજને, તે મારનાર છે. તેનો આપણી ઉપર કેટલે

---

૧. જુઓ યસ્ન હા ૫૭. સરોષ યસ્ત હાદુખ્ત, જે રવીથ્વન શીવાય બીજી કોઇપણ ગેહમાં ભણાય છે, અને સરોષ યસ્ત વડી, જે બહુ કરીને રાત્રીએ ઉંઘમાં સરોષની મદદ માટે ભણાય છે તે, ઇત્યાદી.

અનહદ ઉપકાર છે, કે તેની હિમ્મત, ફતેહ, સારાં ડહાપણ તથા વીદયાને **લીધે, અમેશાસ્પંદો** હફતેકેશ્વર જમીન ઉપર પાસબાની કરે છે. અપવીત્ર દુજોના લશકરો **સાથની** લડાઇઓમાંથી ફતેહ મેળવીને, તે અમેશાસ્પંદોની મીજલસમાં પાછો ફરે છે. જવાનોમાં તે બહુજ દ્રઢ, ચાલાક, અને સર્વથી વધુ ઝડપમાં કાર્ય કરનાર છે. તે મઝદની સઘળી પેદાયશનો **સંભાળનાર** અને **પોષનાર** છે.

તે માથ્રના તનવાળો છે. માંથ્રવાણી ખાસ તેનું સુંદર શરીર બનીને રહે છે, અથવા તે Word incarnate છે, એટલે તે 'વાખ, વાણી'નો **અવતાર** છે.[1] ત્યારે જયાં પણ માંથ્રવાણી ભણાતી હોય, ત્યાં **સરોષ** યઝદ તેના અંતરાત્મા અથવા ફ્રવષી તરીકે હાજર હોવો જોઇએ, એવું સીધ્ધ થાય છે. અહુરે તેને દીન શીખાડી, અને તેથી તે પ્રવીણ થઇને, હવે પોતે દીનના **કાયદા** શીખાડનાર તરીકે, હાડમંદ હસ્તીમાં ફરતો ફરે છે. અહુનવર, હપ્તન યશ્ત, ફતેહમંદ ફશુપ્ માંથ્ર, અને યજશનીના તમામ કરદાઓ—એ સઘળી બંદગીઓએ **સરોષ**નું હથયાર બનવાનું કબુલ રાખ્યું. તે ઉપરથી એવું જાહેર થાય છે, કે એ બંદગીઓ પઢવાથી, સરોષ યઝદ જેટલી ફતેહ મેળવે છે, તેટલીજ ફતેહ અષોઈના સંબંધમાં, અને દુષ્ટ મરદ અને ઓરત ઉપર, અને એશમ અને બીજા દેવો અને દરૂજો ઉપર, મેળવી શકાય છે. એજ હથયારોથી સરોષ પોતાની જયો મેળવે છે.

ચાર સફેદ રંગના ચકચકતા, સોહામણા, **પવીત્ર, શીઆણા,** અજબ ઝડપ ધરાવનાર, **મીનોઇ મરજી** પ્રમાણે ચાલનાર ઘોડાઓ,[2] સરોષની ગાડી ખેંચી લઇ જાય છે. તેનું ઘર ૧૦૦૦ થાંભલાવાળું, મજબુત, અંદરથી પોતાની મેળે પ્રકાશીત, બહારથી તારાઓથી શૃણગારેલું, અલબુર્જની સર્વથી ઉંચી ટોંચ ઉપર આવેલું છે. હવે સરોષ યઝદના આ ઘરનો ઇશારો કદાચને એમ કર્યો હોય, કે માનવીના અંદરના ચક્રોમાંના અલબુર્જ નામના ચક્ર, જેમાં ૧૦૦૦ પાતરીઓ ચકચકતી દેખાતી હોય, તેની ટોંચ ઉપર, મન શાન્ત થવા પછી, હોશ ખેંચી લઈ જવાથી, સરોષનો મેલાપ થઇ શકતો હોય. બાકી એ મીનોઇ યઝદ અથવા અમેશાસ્પંદને રહેવાની જગા, તેની બહાર, કયાંથી હોય? વળી અવસ્તામાં અલંકારમાં જણાવ્યું છે, કે સરોષ પોતે મુક્લેસ સ્ત્રી અને પૂરૂષનું મજબુત બાંધેલું ઘર છે. તેનો **અર્થ** એવો થાય છે, કે સરોષ અષોઇનો મદદગાર હોવાથી, સમુળગા નીરધન લોકો જેઓ અષો હોય, તેમને પણ, પૂર્ણ રક્ષણ આ અને મીનોઇ જહાનમાં આપે છે. જે ઘર, મોહલા, કસબા અને દેશમાં સરોષ ચાહવામાં આવતો હોય, અને જે ઘરમાં મનશની, ગવશની અને કુનશની ધરાવનાર શખસ હોય, ત્યાંથી દુખ દેનાર અડચણો આપોઆપ સરોષની યારીથી દફે થાય છે.

સરોષ તથા આસતાદ યઝદની ફતેહો સર્વથી મોટી ગણાય છે. **સરોષ,** મહેર અને રશ્ને યઝદો ચીન્વત પુલ ઉપર નીગેહબાનો છે, અને અષો શીવાય બીજા કોઇને, તે પસાર કરવામાં મદદ આપતા નથી.

હોમે સરોષને[3] અલબુર્જ ઉપરની સર્વથી ઉંચી ટોંચ ઉપર આરાધ્યો. સરોષ પાસે અવસ્તાવાણીમાં આપણને આ દુવાઓ માંગતાં શીખાડયું છે. 'અમારા ઘોડાઓને કૌવત બક્ષ, તનને જોર બક્ષ, અદેખાઓને જેર કરવાનું, દુશ્મનોની સામે થવાની હીમ્મત, વેરીઓને તોડી પાડવાનું બળ બક્ષ, અને મોતથી, એશમ દેવથી અને લશકરોથી રક્ષણ, અને દેખાતી, અને અનદીઠ ભુવનોની, બન્ને હસ્તીઓમાં અમારી પાસબાની કર!'

અશીશવંઘ યસ્ત કરદા ૨), ફકરા ૧૬) માં લખાણ આવ્યું છે, કે "અહુરમઝદ જે યઝદોમાં સર્વથી ચઢતો (તથા) જે યઝદોમાં શ્રેષ્ટ, (તે) તારો (અશીશવંઘનો) પીતા (છે); (તારી) માતા

---

૧. વળી જુઓ ઉપલા 'અહુનવર'ના પ્રકરણના પાન ૨૬૭ અને ૨૭૩.

૨. **મનને** ગુપ્ત અલંકાર પ્રમાણે, **ઘોડો** લેખ્યો છે.

૩. સરોષને ફરવરદીન યસ્ત કરદા ૨૪ (૮૫) માં આરાધ્યો છે. વળી જુઓ વીશ્તાસ્પ યસ્ત. ફકરો (૧૪).

અસપનદારમદ (છે); તારો ભાઇ ભલો **સરોષ** અષો, બુલંદ દરજાનો, (અને) હિમ્મતવાન રશ્ને (અને) બહોળાં ખેતરવાળો, દશ હજાર આંખવાળો તથા હજાર કાનવાળો મહેર યઝદ (છે); અને (તારી) બહેન માઝદયસ્ની દીન (યઝદ) છે." તે ઉપરથી સરોષની સગાઇ જણાય છે. તેના હમકારો આપણે જોયા તેમ અશવહિશ્ત, આતર અને બેહરામ છે; અને તેની બહેનો અશીશવંઘ અને દીન, નારી શીકલના યઝદો છે; અને તેની પણ મા અસપનદારમદ અમેશાસ્પંદ છે; અને તેના ભાઇ એો રશ્ને અને મહેર યઝદો છે. એટલું યાદ રાખવું જોઈએ, કે આપણા પવીત્ર મઝહબમાં નારી યઝદો નથી, પણ નારી શીકલ, સ્વરૂપ, અથવા બહારના દેખાવ વાળા યઝદો છે. એટલે કે જાતીનો ભેદ યઝદોમાં નથી, પણ ફકત થોડાક નર, અને થોડાક નારીના જેવા આકારના આવે છે. કારણકે જે અષોઈ, ઈંદ્રિયવીષય રહિતપણાં, પ્યાર, જ્ઞાન, અને **સંપૂર્ણતાની** ટોંચ ઉપર યઝદો છે, ત્યાં નર અને નારી, એ બન્નેની જાતી હોવાનું કારણજ નથી રહેતું.[1]

આફ્રીને પેગમબર જરથુશત્રમાં ફકરા ૫)માં વાંચ્યે છીએ, કે "તમારાથી ૧૦ છોકરા જન્મ પામજો! ૩ આથ્રવન જેવા, ૩ રથેશ્તાર જેવા, ૩ આબાદી કરનાર ખેડુત જેવા, અને ૧ ગુશતાસ્પ જેવો (પાદશાહ) થાય! ખુરશેદ (યઝદ) જેવો તેજ ઘોડાવાળો થજે! માહતાબ જેવો રોશનીવાળો થજે! આતશ (આદર યઝદ)ના જેવો ચળકાટવાળો થજે! મહેરના જેવો તેજીવાળો થજે! અશો **સરોષના** જેવો ખુબસુરત તથા ફતેહમંદ થજે! રશને જેવા સાચ્ચા દીન પ્રમાણે ચાલનાર તું થજે! અહુરમઝદના પેદા કીધેલા બેહરામના જેવો દુશમનને મારનારો તું થજે! રામ ખાસ્તર (યઝદ) જેવો પૂર આસાનીવાળો થજે! કેખશરૂના જેવો દરદ વીનાનો (તથા) મરકી વીનાનો થજે." અહિયાં (૧) ખુરશેદ, (૨) માહતાબ, (૩) આદર, (૪) મહેર, (૫) **સરોષ,** (૬) રશ્ને, (૭) બેહરામ, (૮) રામ ખાસ્તર, (૯) કેખુશરૂ, એ (૯) મહાન શક્તિઓમાંનો (૫) મો એટલે વચલો (અને media-tor) **સરોષ** દેખાય છે. એ ૯ શક્તિનો માણસ સાથે કેટલો નીકટમાં નીકટ સંબંધ છે, તે ભેદી અવસ્તાના બારીક અભ્યાસ ઉપરથી રોશન થાય છે. સરોષ બાજ દર વખતે કુસ્તી પાદયાબ પછી ભણાય છે, તો **સરોષની** હમેશ પનાહ મેળવી શકાય છે. જાગૃતપણે રાત અને દીવસો તે કાર્ય કરનાર યઝદને ઇજીએ, તો બેકીનાર સુખ અને રક્ષણ આપણે હિસ્સે આવી પડે છે.

વીશ્તાસ્પ યશ્ત ફકરા ૪૦)માં જણાવ્યું છે, કે "જરથુશત્રે જુવાન સુલતાન વીશ્તાસ્પને કહયું, કે 'અમેશાસ્પંદો સાથે વાતચીત કરજે, અષો, ભક્તિવાળા **સરોષ** સાથે અને બુલંદ કદના નૈર્યોસંઘ, અને આત્રો અહુરે મઝદાઓ પુથ્ર, અને ઇચ્છવા જોગ કેઆની ખોરેહ સાથે વાતચીત કરજે!'" એ ઉપરથી પૂરવાર થાય છે, કે **સરોષ** વીગેરે સાથે જેમ જરથુશત્ર સાહેબે પોતે વાતચીત કરી, તેમ તેના શાગીર્દો પણ અલબત કરી શકે છે. ફકત એ મહાન કાર્ય બજા લાવવા માટે, જેમ ૧૦, ૧૫ વર્ષો એમ. ડી., એલ. એલ. ડી., વીગેરે ડીગ્રીઓ મેળવવા માટે કાઢવામાં આવે છે, તેને બદલે તેટલાં વર્ષો, ખરેખર અષો બનીને, જરથુશત્ર સાહેબે અને તેમના માહન ચેલાઓએ શીખાડેલો માર્ગ અખત્યાર કરવામાં આવે, તોજ એ સાહસ કર્મ બની શકે. આજકાલ આળસ અને એશઆરામ પછવાડે દોડનારાઓ, એ મરદાનગીભર્યું કાર્ય કયાંથી માથે ઉઠાવે?

વંદીદાદની ૧૮) મી પરગર્દમાં જાગૃત **સરોષના** પોતાના પક્ષી તરીકે, **મરઘાને** ઓળખાવ્યો છે. તે પરગર્દમાં મરઘો કુદરતમાં શું અગત્યનું કાર્ય કરે છે, તે જણાવ્યું છે. **ઉમંગી સરોષ** પોતે મરઘાને જલદીથી ઉઠાડીને, તેની મારફતે જહાનનાં પ્રાણીઓને મદદ કરે છે. એજ પરગર્દમાં **સરોષને** દુજ સાથે જે વાતચીત થાય છે, તે નોંધવા જોગ છે. વળી સરોષ યશ્ત હાદુખ્તમાં **સરોષની**

---

૧. બાઇબલમાં પણ લખ્યું છે: "For angels marry not, neither are they given in marriage."

નીચલા યઝદો વીગેરેની યાદ કરી છે, તે ઉપરથી તેમની સાથે **સરોષ**ને ઘાડી નીસબત* છે, એવું અનુમાન નીકળે છેઃ–(૧) રશ્નેનું તન, (૨) મીથ્રનું તન, (૩) પવીત્ર ગોવાદ (વાએ, પવન)નું તન, (૪) મઝદયસ્ની કાયદાનું તન, (૫) અર્મતાત (જે દુન્યાને આબાદ કરે છે અને વધારે છે, તેનું તન, (૬) અશીશવંઘનું તન, (૭) ચીસ્તીનું તન, (૮) યઝદોના શરીરો, (૯) માથ્ર સ્પેન્તનું શરીર,[1] (૧૦) દેવોના નાશ કરનાર કાયદાનું શરીર,[1] (૧૧) જુના વખતનાં (ધર્મ) શીક્ષણનું તન, (૧૨) અમેશાસ્પંદોનાં શરીરો, (૧૩) સોશ્યન્તો અથવા અષો ગુરૂ લોકોના શરીરો, (૧૪) અષોઇની આખી (દેખાતી અને અનદીઠ) હસ્તીના તમામ જાનદારોનાં શરીરો. વળી એજ યશ્તમાં 'અએષ્મ' દેવની સામે થવા, **સરોષ**ને અહુરમઝદે પેદા કર્યો છે, એમ જણાવ્યું છે. 'અએષ્મ' ગુસ્સાનો દેવ છે. માટે **સરોષ** ગુસ્સાને દબાવી દેનાર છે. તે વાસ્તે તે જુવાન લેખાયો છે. તેનું એક કારણ આ છે, કે ગુસ્સા રહિત જીંદગી, ખુશાલ (cheerful) જીંદગી, હસતી જીંદગી, ગુજારવાથી ચહેરો અને શરીર જુવાન લાગે છે, અને સચવાઇ રહે છે, જયારે ક્રોધથી તે બેફાયદા ઉકળીને, નાતવાન બને છે.[2]

અહુરમઝદ યશ્તના ફકરા ૯)માં, અહુરમઝદ જરથુશત્રને કહે છે, કે "અય ઝરથુશત્ર! યજશ્ને કરવા માટે લઇ જવાયલી ભેટોથી, દહાડો અને રાત (તારે) મને ઇજવો જોઇએ; હું જે અહુરમઝદ (તે) તારી મદદને સારૂં તથા ખુશીને સારૂં **આવીશ**; જે ભલો, અષો **સરોષ** (છે તે) તારી મદદને માટે તથા ખુશીને માટે આવશે; પાણીઓ તથા ઉરવરો તથા અષોનાં જે ફરોહરો (તે), તારી મદદને અને ખુશીને સારૂં આવશે."

મહેર યશ્તના ફકરા ૪૧) માં જણાવ્યું છે, કે "(કોલ તોડનારાઓને) મહેર યઝદ આગળથી બીધરાવે છે, રશ્ને યઝદ સામેથી બીધરાવે છે, (અને) અષો **સરોષ** યઝદ બે બચાવનાર યઝદો તરફ, બધી બાજુએથી જોશભર પવનથી ફુંકીને હંકાલે છે."

મહેર યશ્તના ફકરા ૫૨) માં જણાવવામાં આવ્યું છે, કે "જયારે કોઇ ખુરૂં જાણનારો (તથા) ખુરૂં કરનારો ધસારો કરીને આવે છે, ત્યારે (તેની સામે) બહોળાં ખેતરવાળો મહેર યઝદ ઝડપથી (તથા) શેતાબ પગલાંથી, પોતાની ગાડી જોડે છે, (તથા) શુરો અષો **સરોષ** યઝદ (તથા) દાનેશમંદ નૈર્યોસંઘ ફરેશ્તો (પણ તેમ કરીને ગાડીમાં બેસીને સામે જાય છે); અને લશકરની સફમાં મારેલું અથવા હિમ્મતથી મારેલું હથયાર, (તે) મહેર મારે છે."

મહેર યશ્તના ફકરા ૧૦૦) માં આ બયાન આપ્યું છે, કે "તેની (મહેરની) જમણી બાજુ તરફ ભલો, અષો **સરોષ** યઝદ ગાડીમાં જાય છે; તેની ડાબી બાજુએ બુલંદ દરજાનો, હીમ્મતવાન રશ્ને યઝદ ગાડીમાં જાય છે. તેની બધી બાજુ તરફ પાણી, ઓરવર (ઉપર મુવક્કલ ફરેશ્તાઓ અને) અષોનાં ફરોહરો ગાડીમાં જાય છે."

સરોષને ભજનાર પોતાના હૈયાંમાંથી ગુસ્સો દુર ન કરે, તો 'અએષ્મ'નો ભજનાર લેખાવો જોઇએ. જેઓ દીનદાર હોવાનો ફાંકો રાખે છે, તેઓએ પોતે કોણને 'ભજે' છે, કોણના ભકતો છે, તે જાણવું હોય, તો પોતાની ચાલચલણ તપાસી જોવી જોઇએ. દરેક દુર્ગુણ સાથે બળતવારીથી લઢવામાં પાછળ પડનાર પૂરૂષ, તે દુર્ગુણ ઉપર મુવક્કલ દેવ અથવા દ્રુજનો સાથી, મદદગાર અથવા પૂંજારી ઠરે છે. અને તેથી જયાંસુધી તેવી પૂંજા છોડે નહિં, ત્યાંસુધી માથ્રવાણી અને મઝદયસ્ની કાયદાથી ઉપજતા મીનોઇ ચમતકારો, કદી પણ સમજી, પીછાણી અથવા અનુભવી શકે નહિં, તેમાં નવાઇ શું અને વાંક કોણનો? જ્યાં નીતી નીપૂણ હોય છે, ત્યાં બ્રહ્મ વીદ્યાનો માર્ગ સરળ, સેહલો અને ભય રહિત બને છે.

---

૧. આપણે જોયું છે કે 'માંથ્ર' પણ સરોષનું શરીર છે.

૨. હિન્દુ શાસ્ત્ર પ્રમાણે માનવીના ૬ મહાન રીપુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર છે.

યસ્ન ૧) ના ફકર. ૭) માં, ભણનાર બોલે છે, કે "અષોઇવાળા, ફતેહમંદ, તથા દુન્યાની આબાદી કરનાર અષો **સરોષ** યઝદને[1] હું ઇજન કરૂં છું તથા મીજલસમાં આદરમાન આપું છું."

યસ્ન ૨) ના ફકરા ૭) માં, યસ્ન ૬) ના ફકરા ૧૭ માં, અને ઉશહેન ગેહ ફકરા ૭) માં **સરોષ**ને આ પ્રમાણે યાદ કરવામાં આવ્યો છેઃ "ખુબસુરત, ફતેહમંદ, દુન્યાની વૃદ્ધિ કરનાર (તથા) પવીત્ર, અશો **સરોષ** (યઝદ), અષોઇનો સરદાર (તે) ને ઇજશ્નેમાં હું યાદ કરૂં છું."

યસ્ન ૩) ના ફકરા ૧) માં, આ પ્રમાણે ભણવામાં આવે છેઃ "અહુરમઝદની (તથા) અમેશાસ્પંદોની ખુશનુદીને માટે, અષોઇવાળા, ફતેહમંદ, દુન્યાની આબાદી કરનાર **સરોષ**ની ખુશ્નુદીને માટે, ઉપર મુકેલી જોર સાથની બરસમથી, હાવનના વખતમાં ખોરાક, મ્યઝદ ('મેજ', ફ્રુટ), પાણી, ઉરવર, (તથા) ગોશોદો (ગાયમાંથી નીકળેલું માખણ ઇત્યાદી), ઇજશ્નેમાં હું તૈયાર કરવાને ચાહું છું." ફકરા ૨૦)માં આ પ્રમાણે ભણાય છેઃ "શક્તિવાન, માંથ્રના તનવાળા, જોરાવર હથ્યાર રાખનાર, અહુરમઝદના તરીકા મુજબ ચાલનાર, વખણાયલા નામવાળા, અષો **સરોષ** યઝદની ખુશ્નુદીને માટે ખોરાક, મ્યઝદ, પાણી, ઉરવર (તથા) ગોશોદો ઇજશ્નેમાં તૈયાર કરાવાને હું ચાહું છું."

યસ્ન ૪) ના ફકરા ૨૩)માં ભણનાર કહે છે, કે "(અહુરમઝદને) ખુશાલ કરવાને માટે જોરાવર, માંથ્રના તનવાળા; જોરાવર હથ્યાર રાખનાર, અહુરમઝદના તરીકા મુજબ ચાલનાર, વખણાયલા નામવાળા અષો **સરોષ** યઝદને માટે, સ્પીતમાન અષો જરથુશત્રના ફરોહરને માટે, અહુરમઝદના પૂત્ર આતશને માટે, આ (ભેટ તેમની) આરાધના કરવાને, ખુબીઓ ગાવાને, (તેમને) ખુશનુદ કરવાને, તથા (તેમની) વખાણ કરવાને માટે અમે જાહેર કર્યે છીએ."

યસ્ન ૧૫) ના ફકરા ૩) માં ભણનાર આ વચનો ઉચ્ચરે છેઃ "આ જગ્યાએ ઘણોજ ફાયદો કરનાર, અને અષો **સરોષ** અહુરમઝદની ઇજશ્નેને માટે હાજર થાએ! તે અમારેથી પહેલેથી તે છેવટ સુધી ચહવાયલો થાએ! એ પ્રમાણે આ જગ્યાએ ઘણોજ ફાયદો કરનાર, અષો **સરોષ** અહુરમઝદની ઇજશને માટે હાજર થાએ, જે અમારેથી ચહવાયલો છે!"

યસ્ન ૧૬) ના ફકરા ૫) માં અને યસ્ત ૨૨) માં **સરોષ**ને માત્ર યાદ કર્યો છે, વળી યસ્ન ૨૪) ના ફકરા ૪) માં **સરોષ**ને ભેટો જાહેર કરવામાં આવે છે. અને તેની આરાધના કરવાને, ખુબી ગાવાને, ખુશ્નુદ કરવાને, વખાણ કરવાને સારૂં, ભેટો અર્પણ કરવામાં આવેલી, જાહેર કરી છે.

યસ્ન ૨૭) ના ફકરા ૬) માં[1] ભણીએ છીએ, કે "**સરોષ** ભલો છે, જે ઘણી કીર્તિથી યજશ્નેમાં શામેલ થાય છે, અને તે મજબુત મદદ આપતો હાજર રહે!"

યસ્ન ૩૩) ના ૫) માં ફકરામાં **સરોષ** યઝદને સારૂં આ પ્રમાણે લખ્યું છેઃ "સર્વે યઝદોમાં શ્રેષ્ઠ, તારો (ઓ અહુરમઝદ!) **સરોષ** યઝદ (છે), (તે)ને મદદને માટે અરજ કરીને હું બોલાવું છું."

યસ્ન ૪૩) ના ૧૨) માં ફકરામાં ભણનાર કહે છે, કે "જયારે (તેં) મને કહ્યું છે, કે પૂરતી રીતે અષોઇને પહોંચનારો (તું છે, ત્યારે,) મને જે કાંઇ નહિ સાંભળવા લાયક (હોય), તે તું જાહેર ના કરતો. **સરોષ** અષોઇ મુજબ ચાલનારો, મોટા દબદબાથી મારી નઝદીક (બશારતને સારૂં) આવે, તેની પહેલાં હું તૈયાર થાઉં છું, જેથી દીનને ખાતર લડનારાઓને, બદલામાં તારી આશીર્વાદ હાસલ થાય". આ ઉપરથી દરેક જરથોસ્તીને બશારત થઇ શકે, અને તે બશારત **સરોષ** આપી શકે છે, એમ ખુલ્લું જણાય છે. ઇનસાન અને અહુરમઝદ વચ્ચેનો **જોડાણ કરનાર** (Mediator) **સરોષ** છે, એમ પણ

---

[1] આજ બ્યાન યસ્ન ૩), ફકરા ૯) માં, યસ્ન ૪), ફકરા ૧૨) માં, યસ્ન ૭) ના ફકરા ૯) માં, આવ્યું છે.

[1] જુઓ સેક્રેડ બુકસ ઓફ ધી ઇસ્ટ, વાલ્યુમ ૩૧.

રોશન થાય છે. દરેક માનવી જયાંસુધી બશારતને માટે તૈયાર નથી થતો, ત્યાંસુધી તે મેળવવાને નાલાયક હોય છે, અને બશારત મેળવે તો બહુ નુકસાનીમાં ઉતરે. માટે પ્રાર્થના કરવામાં આવી છે, કે લાયકાત પેહલાં બશારત સાંભળવી તેને સજાવાર નથી, માટે તે સંભળાવવામાં ન આવે. વળી **એજ યસ્નના** ફકરા ૧૩) માં ભણનાર કહે છે, કે "તને ઓ મઝદઅહુર! મેં ખચીત આબાદી કરનાર ગણ્યો, જયારે **(સરોષ)** બેહમનની **મારફતે** મારી પાસે આવ્યો." અને ફકરા ૧૫) માં એજ બોલો ફરીને વાપરયા પછી, આગળ વધીને ભણનાર બોલે છે, કે "(આવ્યા પછી) હુશ્યારીથી **(સરોષે)** મને જણાવ્યું, કે એક સંતોષી વીચાર (અથવા **એકાગ્રચીત**) શ્રેષ્ટ છે." આ ઉપરથી જણાય છે, કે **સરોષ** ભેટી શકાય છે, અને તેને ભેટવાનો માર્ગ એકાગ્રચીત અથવા જેને હિન્દુ શાસ્ત્રો 'તપસ' કહે છે, તેજ છે. જરથુશત્ર સાહેબે ૧૦ થી ૧૫ વર્ષ સુધી આ પ્રમાણે એકાંત વાસમાં, પહાડને મથાળે[1], એકાગ્રચીત કરીને, **સરોષની** મારફતે બેહમનની, અને બેહમનની મારફતે અહુરમઝદની ભેટ લીધી હતી.

યસ્ન ૫૬), ફકરા ૧, ૨, અને ૫) માં ભણયે છીએ, કે "આ મુકામમાં ઘણોજ આબાદી કરનાર અને પવીત્ર, જેને અમે ચાહિએ છીએ, તે અહુરમઝદની ઇજશને સારું, **સરોષ**, શરૂઆતથી છેવટ સુધી હાજર થાય! આ મુકામમાં ભલાં પ્રાણીઓની વખાણ કરવાને માટે તથા અષોના ફરોહરો જે અમને વાહલાં છે, (તથા) તેમના રવાનો, જેમને અમે ચાહિએ છીએ, તેમની ઇજશને સારું, **સરોષ** શરૂઆતથી આખર સુધી હાજર થાય! ખુબસુરત, ફતેહમંદ, દુન્યાની વૃદ્ધિ કરનાર (તથા) પવીત્ર અષો **સરોષ,** અષોઇનો સરદાર, (તેને) અમે ઇજયે છીએ."

યસ્ન ૬૦)ના ફકરા ૫ અને ૬) માં ભણનાર આ રીતે પઢે છે, "આ ઘરમાં તાબેદારી નાફરમાનબરદારીને મારે! સલાહસંપજ કજીઆકંકાસને (મારે)! સખાવત બખીલીને (મારે)! સભ્યતા મગરૂરીને (મારે)! સત્ય બોલેલો સુખન, અષોઇને તોડનારા જુઠા બોલેલા વચનને મારે! જેથી આ (મુકામ)માં અમેશાસ્પંદો અષો **સરોષ** (યઝદ)ની મારફતે, ભલી યસ્નઓ અને આરાધનાઓ, સારી યજશ્ને તથા આરાધના, સારી ભેટ, તન્દરૂસ્તી આપનારી ભેટ તથા દોસ્તી ભરેલી ભેટ માંગે (અથવા ઈચ્છે)!"

યસ્ન ૬૫)ના ફકરા ૧૧)માં પાણીઓ પાસેથી પુશ્કળ જાતની મુરાદો, તથા પોતાની મેળે બરદાસ્ત કરનારી ઓલાદ, કે જે બહુ આશીર્વાદો પાથરે છે, તેમની માંગણી કર્યા બાદ, ફકરા ૧૨)માં, અષો **સરોષને**, પાણીઓ, જમીન, ઉરવરો, અમેશાસ્પંદો વીગેરેને અરજ ગુજારવામાં આવી છે, કે તેઓ તે બક્ષેસો ઇનાયત કરે.

યસ્ન ૬૬)ના ફકરા ૧)માં અહુરમઝદ, અમેશાસ્પંદો અને **સરોષ** વીગેરેની ખુશાલીને માટે, અષોઇથી ઉંચે ધરેલી હોમને લગતી, જીવામને લગતી, હધાનેપતને લગતી જોર, ભણનાર અરદવીસુરને પવીત્રાઇથી અર્પણ કરે છે.

યસ્ન ૭૦)ના ફકરા ૩)માં ભણનાર માંગે છે, કે "અષો **સરોષની**, વીગેરેની સત્યતા, અમને આપો." અને ફકરા ૭ માં અષો **સરોષને** માત્ર વખાણવામાં આવ્યો છે.

વીસ્પરદના ૧૧)મા કરદાના ૧૬)માં ફકરામાં **સરોષ** યઝદને બીજા યઝદો સાથે યાદ કર્યો છે. અને કરદા ૧૫) ના ફકરા ૨)માં આ પ્રમાણે લખાયું છે. "ઘણોજ ફાયદો કરનાર અષો અહુરમઝદ, જે અમને વહાલો (છે, તેની યજશ્ને કરવા) માટે, (તથા) યસ્ન હપ્તનંઘહાઇતીને (જે) ફતેહ આપનાર, તથા પાક (તે) બીજું કાંઇ વચ્ચે બોલ્યા વીના, (અથવા) વચમાંથી કાંઇ મુકી દીધા વીના ભણવાને માટે, (તેને) કબુલ રાખવાને માટે, બુલંદ દરજજો આપવાને માટે, (તેની ઉપર) હૈયું લગાડવાને માટે, (તેનું) સ્મરણ કરવાને તથા (બીજાઓને તે) સમજાવવાને

---

૧. પહાડોના મથાળાંઓ ઉપર, આપણી પાક ખોરદેહ અવસ્તા પ્રમાણે, અનેક ભલા નરોએ, અહુરમઝદ અને યઝદોને ઇજયા હતા.

સારૂં, આ મુકામમાં **સરોષ** હાજર હોજો." આ ઉપરથી માથ્ર સાથનો **સરોષનો** ન્રાડો સંબંધ ફરીને પ્રગટ થાય છે.

વીસ્પરદ કરદ્દા ૧૬) ના ફકરા ૧) માં ત્રળી **સરોષ** યઝદને યાદ કીધો છે.

દાદીસ્તાને દીનીકના ૩)જા બાબના ૧૩) મા ફકરામાં, એક નેક માણુસનું બયાન આપતાં આ પ્રમાણે લખાયું છે. "અને આશીષો આપતાં, તેજ પવીત્ર દોસ્તીમાં, ઘટતી કીર્તી ગાવામાં અને સમજદાર વખાણમાં, તે એવો મુસ્તકિમ છે, કે જાણે બેહમન તેના વીચારમાં વસતો હોય, **સરોષ** તેના વચનમાં અને અર્દ (અષવહિસ્ત) તેના કાર્યોમાં હાજર હોય[1]...**સરોષનું** વચનોમાં રહેવું ત્યારે થાય છે, કે જયારે સમજુ માનવી સત્ય બોલે છે, અને અણુસમજુ માણુસ, સત્ય અને દસ્તુરોના વચનો સાંભળનાર થાય છે.'

એજ પુસ્તકના બાબ ૧૪) ના ફકરા ૫૪) માં જણાવ્યું છે, કે "મરણુ પછીની ત્રણ રાત્રીના હિસાબ માટે, અષો **સરોષ** અને રશ્ને રાસ્ત, ભલાઇનાં અને ભુંડાઇનાં કામોનું તોલ કરવામાં રોકાય છે."[2]

એજ પુસ્તકના બાબ ૩૧) ના ફકરા ૧૧) માં જણાવ્યું છે, કે "માનવીઓના કર્મોના હિસાબ લેનારા અહુરમઝદ, વોહુમન, મિથ્ર (મહેર), **સરોષ,** અને રશ્ને છે, જેઓ દરેકનો હિસાબ પુર ઇનસાફથી કરશે."

એજ પુસ્તકના બાબ ૮૧) માં, **સરોષની** ક્રિયાઓ કેમ કરવી, તેનું કેટલુંક બયાન આપ્યું છે.

સરોષ, જે દેવોના હુમલાઓથી ખાસ કરીને રાત્રે, દુન્યાને બચાવે છે,[3] અને જે 'અએષમ,' એટલે ગુસ્સાના દેવને મારી કાઢે છે, તેને એ દેવોને મારી કાઢવામાં કુતરો અને કુકડો, મદદગાર થાય છે, એમ બુનદહેશના બાબ ૧૯) ના ૩૩) માં ફકરામાં જણાવ્યું છે. **સરોષનું** ખાસ ફુલ લાલ ગુલદાઉદી (શેવટી, chrysanthemum) છે, એમ બાબ ૨૭ ના ફકરા ૨૪) માં જણાવ્યું છે.

બુનદેહશ બાબ ૩૦) ના ૨૯ થી ૩૨ માં ફકરાઓમાં લખાયું છે, કે "ત્યારપછી અહુરમઝદ એહરેમનને મારે છે. વોહુમન અકોમનને મારે છે, અષવહિશ્ત અન્દરને મારે છે, ક્ષથ્રવૈર્યો સાવરને મારે છે, સ્પેન્તઆરમૈતી તરોમતને મારે છે, હઉરવતાત તૈરીવને મારે છે, અને અમેરેતાત ઝાઇરીકને મારે છે, સત્યવાદ અસત્યવાદને મારે છે, અને **સરોષ** અએષમને મારે છે. ત્યારે એહરેમન અને આઝ એ બે દેવોજ છુટા રહે છે; અને અહુરમઝદ દુન્યામાં 'જોતી' તરી કે આવે છે, અને **સરોષ** 'રાસ્પિ' બને છે, અને અહુરમઝદ પોતાના હાથમાં કુસ્તી રાખે છે, કુસ્તીનું ભણતર ભણવાથી એહરેમન અને આઝ આજીઝ થઇ જાય છે, અને જે રસ્તે તે આકાશમાં પેઠો, તેજ રસ્તે અંધકારમાં તે પાછો ગુમ થઇ જાય છે. ગોકીહર સાંપને પીગળાવેલી ધાતુમાં બાળે છે, અને દોઝખમાં જે દુર્ગંધ અને અપવીત્રાઇ હતી, તે બાળી નાખે છે, **અને દોઝખ તદન પાક થઇ જાય છે.** જે છુપાવાની જગ્યામાં એહરેમન પેઠો હતો, તે તે (પીગળાવેલી) ધાતુમાં અહુરમઝદ પોતે મુકે છે; દુન્યાની વૃદ્ધિને માટે દોઝખની જગ્યા તે છોડવે છે; અને **તેની મરજીથી** સૃષ્ટિની ફ્રષોકેરત[4] થાય છે, અને દુન્યા (સૃષ્ટિ) અમરગીને પામે છે."

ઝાદસ્પરમના બાબ ૧૧) ના ફકરાઓ ૬) અને ૭) માં લખ્યું છે, કે

---

૧. યસ્ન ૪૩) ૧૩) માં બેહમન અને સરોષના માનવીની નઝદીક આવવા વીષે, જણાવવામાં આવ્યું છે. ત્યાં 'બેહમન મારી પાસે આવ્યો' છે, તેને બદલે ખરૂં જોતા તરજુમો, 'બેહમનની મારફતે (સરોષ) મારી પાસે આવ્યો,' એમ વાંચવું જોઇએ. જુઓ પાન ૧૧૩ ની છેવટની ૨ લીટીઓ.

૨. વળી જુઓ દીનકર્દ કીતાબ ૮, બાબ ૪૪, ફકરો ૧૬.

૩. દીનકર્દ કીતાબ ૯), બાબ ૨૮), ફકરા ૩)જામાં, અષો **સરોષ** અમેશાસ્પંદો સાથે મળીને, દુઃખ દેનારાઓથી ઉત્પન્ન થતી મુસીબતો ટાળે છે, એવું જણાવેલું છે.

૪. Renovation રસ્તાખેજ.

આતશે બેહરામ **સરોષ**નો મદદનીશ છે, જે ડાકણો અને જાદુઇથી નીપજતી હાનીથી, પ્રાણીઓને બચાવે છે.

વંદીદાદ પરગર્દ ૧૮, ફકરા ૨૨ અને ૨૩ માં લખ્યું છે, કે "ત્યારે રાતના ત્રીજા ભાગને માટે અહુરમઝદનો આતશ **સરોષ**ને અરજ કરે છે કે, અએ ખુબસુરત અષો **સરોષ**! મદદને માટે (આવ) (કે તેથી), દેવની રસમ પ્રમાણે ચાલનાર આઝીશ દેવ મારી જીંદગીનાં મોતને માટે આવી પહોંચે, તેની પહેલાં આ હાડમંદ દુન્યાનો (કોઇ માનવી) બન્ને ધોએલા હાથો વડે, કોઈપણ પાક ફાંઘેલી કાઠીઓમાંની (કાઠી), મારી આગળ લાવે. ત્યારે, અએ સર્વથી પવીત્ર જરથુશત્ર! તે પરોદર્શ નામનો મરઘો, જેને (હલકી) પ્રકારના લોકો કહર્કતાસ નામથી ઓળખે છે, તેને અષો **સરોષ** (ઉંઘમાંથી) જાગૃત કરે છે. ત્યારે તે મરઘો ઉદ્યોગ આપનારી બામદાદને વખતે, અમુક પોકાર કરે છે."

બેહમન યશ્તમાં કેરશાસ્પના છેવટના પરાક્રમ વીષે લખવામાં આવ્યું છે. આપણે જાણ્યે છિએ, કે એક વખત કેરશાસ્પે ગુસ્સે થઇને આતશ ઉપર ફટકો માર્યો હતો, તેથી તેને વહિસ્તેમ અહુમમાંથી બાકાત કર્યો હતો. તે કેરશાસ્પને ખાતર જરથુશત્ર સાહેબે ભલામણ કરી હતી, કારણકે તે કેરશાસ્પને હાથે, દુન્યામાંથી ઝુહાકનો છેવટના જમાનામાં નાશ થનાર છે. હવે બેહમન યશ્તના ફકરાઓ ૫૯)થી ૬૨)માં જણાવ્યું છે, કે અહુરમઝદ છેવટના કાળમાં **સરોષ** અને નૈર્યોસંઘ ફરીશ્તાને ફરમાવશે, કે "આપના કેરશાસ્પનું શરીર, તે ઉઠે ત્યાં તુલીક હલાવો." ત્યારે **સરોષ** અને નૈર્યોસંઘ તેની નજદીક જઈને, ત્રણ વખત બુમ મારી રહયા પછી ચોથી વેળાએ હાંક મારશે, ત્યારે કેરશાસ્પ જાગૃત થશે, અને ઝુહાક સાથે લડવા જશે, અને તેના માથાં ઉપર ફટકો મારીને બેજાન કરશે, અને દુન્યામાંથી ઉજ્જડપણું અને વીપત્તી દુર કરશે, અને સુખનો જમાનો[1] શરૂ કરશે.

૧. ક્રમ પ્રમાણેનો નવો સત્ય યુગ?

શાયસ્તલાશાયસ્તના બાબ ૨૨)માં **સરોષ**ની મદદથી **લોભ, ક્રોધ** અને **તંગી**ની દુરી અને નાશ થાય, એવી દુઆ કરવામાં આવી છે. બાબ ૨૩) માં સરોષનો ખાસ ખવાસ **તેજી** અને **ચાલાકી** લેખ્યો છે.

દીને મૈન્યો ખીરદ બાબ ૨), ફકરા ૧૧૪) વીગેરેમાં લખાયું છે, કે "(ગુજરવા બાદ) પહેલા ત્રણ દીવસ અને રાત (માનવીનું) રૂવાન શીરના તાલક આગળ બેસે છે. અને ચોથે દીવસે બામદાદે, તે રૂવાન—અષો **સરોષ**ની, **ભલા** વાએની, અને જોરાવર બેહરામની યારીથી, અને (સામી બાજુથી) અસ્તોવીદાદ (યમરાજ), **બુરા** વાએ, ફ્રઝીસ્તો અને નીઝીસ્તો ખવીસો, અને અએષમ દેવ જે બુરી નીષ્ટા વાળો છે તે, બુરૂં કરનાર અને જોશથી હુમલો કરનાર છે, તેમની વીરૂદ્ધતાની વચમાં,—હોલનાક, બુલંદ ચીનવતપુલ, જેની આગળ દરેક અષો અને દુષ્ટ આવે છે, ત્યાં પહોંચે છે. ત્યાં એક તરફથી બુરૂં ચાહતો, હુમલો કરનાર, અએષમ દેવ, અને પ્રાણીઓને ગળી જનાર અને કદી પણ ધરાઇ ન શકે એવો અસ્તોવીદાદ હોય છે; અને બીજી તરફ મીથ્ર (મહેર) અને **સરોષ** ભલામણ કરનારાઓ છે, અને ખરૂં તોલ કરનાર રશ્ને છે, જે કોઇ પણ રૂવાન, ગમે તો તે ભુંડું અથવા રૂડું હોય, અથવા ગમે તો તે અમીર અથવા રાજકર્તાનું હોય, તેની કદીએ પક્ષ ખેંચતો નથી...અને જ્યારે એક અષો માનવીનું રૂવાન, તે પૂલ ઉપરથી પસાર થાય છે, ત્યારે તે પૂલ એક ફરસંગ જેટલો પહોલો બની જાય છે, અને તે અષો રૂહ અષો **સરોષ**ની મદદથી તે પૂલ વટાવી જાય છે...આગળ ચાલતાં તેને એક સુગંધી લેહકી મળે છે, જે સઘળી જણાએલી ખુશબોઇઓ કરતાં વધારે પમરાટવાળી હોય છે. ત્યારે અષોનું રૂહ **સરોષ**ને પ્રશ્ન કરે છે, કે "આ તે કેવી લેહકી છે, જેના જેવી સુગંધવાળી લેહકી કદીએ મને દુન્યામાં પહોંચી ન હતી? [2]"

૨. વોહુમન અમેશાસ્પંદ અકોમન અથવા બુરા વીચારને મારનાર છે, તેમ સરોષ અએષમ એટલે ગુસ્સાના દેવને ખાસ જેર કરનાર છે.

ત્યારે સરોષ ઉત્તર દે છે, કે "આ લેહકી જે આટલી મગમગતી છે, તે બહેસ્તમાંથી આવી છે".

(દુષ્ટના ગુજરવા પછી) ચોથે દીવસે વીઝારેશ દેવ આવીને, તે દુષ્ટ રૂહને બહુજ બુરાં કમંદથી બાંધે છે, અને અષો સરોષની વીરૂધ્ધતા છતાં, તેને ચીનવદ પૂલ આગળ દોરવી લઇ જાય છે. ત્યારકેડે આદીલ રશ્ને, તેની દુષ્ટતાની મારફતે તે દુષ્ટ રૂહને પીછાણે છે. અહરેમને અહુરમઝદ સાથે અનહદ વખતમાનાં ૯૦૦૦ વર્ષ સુધી સલાહ કરી;... અને જ્યારે તે ૯૦૦૦ વર્ષ પૂરાં થાય છે, ત્યારે અહરેમન બીલકુલ લાઇલાજ થઇ જાય છે, અને અષો સરોષ અએષમને મારે છે..."

દીને મૈન્યો ખીરદના બાબ ૪૪) ના ફકરા ૨૪) થી ૩૫) માં જણાવ્યું છે, કે "અહુરમઝદે બીજી સઘળી જગ્યાઓ કરતાં ઇરાનવેજને વધુ ઉત્તમ બનાવ્યું. તે ઈરાનવેજનો આ ગુણ છે, કે તેમાં વસનારા નર, નારીઓની જીંદગી ૩૦૦) વર્ષની છે, અને ગાય ઢોરની ઉમર ૧૫૦) વર્ષની છે. તેમને દુખ અને દર્દ કમ હોય છે. તેઓ જુઠું બોલતાં નથી, રૂદન કરતાં નથી, અને તેઓના શરીરો ઉપર લોભ કમ ગલ્બો કરે છે. જયારે ૧૦) માણસોની વચમાં એક રોટલી વેંહચીને ખાય છે, ત્યારે પણ તેઓ સંતોષ પામે છે. અને દર ૪૦) વર્ષને અંતરેજ એક મરદ, ઓરતનાં જોડાંને પેટે, એક બાળક જન્મ લે છે. તેઓનો કાયદો ભલાઇ છે, અને તેઓનો દીન પોર્યોતકેશ છે; અને તેઓ મરણ પર્યંત અષોજ રહે છે. તેઓનો ધર્મગુરૂ ગોપેતો છે, અને તેમનો સરદાર અને રાજા સરોષ છે."

દીને મૈન્યો ખીરદ બાબ ૬૨) ના ફકરા ૫) અને ૨૫) માં સવાલ અને જવાબ આપ્યા છે, કે સરોષનું મકાન કયાં છે. ત્યાં જણાવ્યું છે, કે સરોષનું મકાન અરેઝહી[1] માં મુખ્ય કરીને છે, અને ત્યાર પછી સવહિમાં અને આખી દુન્યામાં છે, (કારણ કે તે અધ્યાત્મિક (spiritual) અને તેથી સર્વવ્યાપક છે).

સદ દર કીતાબના બાબ ૨૧) ના ફકરા ૧૦) માં જણાવ્યું છે, કે રોટલી ખાવા પછી, મોઢું ધોઇને, ૪ અષેમ અને ૨ યથા ભણવા, અને દરેક અષેમથી જુદી જુદી પેદાયશ અથવા મહાન યઝદી શક્તિની ખુશનુદી થાય છે. તેમાંની ૨ જી અષેમથી અષો સરોષની આરાધના અને ખુશાલી થાય છે.

સદ દર બાબ ૪૭) માં જણાવ્યું છે, કે એક બાળક ૭ વર્ષની ઉમ્મરની અંદર ગુજરી જાય, તો તેને માટે સરોષની ક્રિયા કરાવવી જોઇએ. કારણ કે બાળકનાં માબાપ બહેસ્ત કે દોઝખને લાયક હોય, તે પ્રમાણે બાળકને પણ બહેસ્ત અથવા દોઝખ મળે છે. પણ જો બાળકની સરોષની ક્રિયા થાય, તો તે બાળકની રૂહ, તેનાં આઝાબમાં ગરક થયલા માતપીતાથી અલગ બનીને, મીનોઇ જહાનમાં યઝદો આગળ તેમને સારૂં સીફારશ કરી શકે છે, અને તેમને માટે રહેમ માંગી શકે છે. બાળક નીદોર્ષ હોવાને લીધે, આવા કઠણ સંજોગોમાં પણ, તે આટલું ખાસ બળ ધરાવતું હશે !

સદ દર પ્રકરણ ૫૯) માં જણાવ્યું છે, કે ઝીનદેહ રવાનની ક્રિયા કરાવ્યા કરવી જોઇએ, કારણ કે તે સરોષને પહોંચે છે. સબબ એ છે, કે જો એ ક્રિયા એક અથવા અનેક વાર કરાવી હોય, અને કાંઇ સબબ સારૂં એક જરથોસ્તીના ગુજરવા બાદ સરોષની ક્રિયા નહિં થાય, તોપણ ઝીનદેહ રવાનની ક્રિયા થએલી, તેથી સરોષ મદદગાર બને છે, અને મરણ બાદના ૩ દીવસ તે રૂવાનની નીગેહબાની કરે છે, અને તેને દરેક ભય અને નુકસાનમાંથી બચાવી લે છે. એક બાળકના અવતરવાની વખતે દાઇની જેટલી જરૂર છે, તેટલીજ આ ઝીનદેહ રવાનની ક્રિયાની, મરણ પહેલાં જરૂર છે.

એવો રેવાજ છે, કે ઉમ્મરે પહોંચેલા જરથોસ્તીની સરોષે આખી જીંદગી સુધી નીગેહબાની કરેલી હોવાથી, તેના મરણ બાદ ત્રણ સરોષ[2] ભણાવવા જોઇએ.

---

૧. અવસ્તામાં દુન્યાના સાત વીભાગ કર્યા છે, તેમના નામો—અરેઝહી, સવહિ, ફ્રદધ્ફ્રષુ, વીદધ્ફ્રષુ, વોઉરૂબરેશ્તી, વોઉરૂઝરેશ્તી, અને ખનીરથબામી. અરેઝહી પશ્ચીમનો અને સવહિ પુર્વનો મુલક સમજવામાં આવે છે.

૨. સરોષ યઝદની ક્ષ્નુમનની ક્રિયા.

પણ બાળકે **સરોષની** એટલી બધી પનાહ મેળવેલી અને તેનો ઉપકાર ઉઠાવેલો ન હોવાથી, તેના ગુઝર પામ્યા કેડે, એક સરોષ ભણાવેલો કાફી છે.

ઇરાની રેવાયતોમાં જણાવ્યું છે, કે જયારે તેહમુરસે દીવબન્દે અહેરેમનને ૩૦) વર્ષ સુધી પોતાના ઘોડા તરીકે કાબુમાં રાખ્યો હતો, ત્યારબાદ તેણે તેહમુરસની બાયડીને ફુસલાવીને પૂછી લીધું, કે તેહમુરસને તે એહરેમન ઉપર સ્વારી કરતાં કયારે ડર લાગતો હતો. તે જાણી લઇ, અને એક વખતે અલબુર્ઝ પર્વત ઉપરથી ઉતરતાં, તેહમુરસને તેણે નીચે નાખી દીધો, અને તેને ગળી ગયો. આ વાતની ખબર **સરોષ** યઝદે યીમને પહોંચાડી, અને **સરોષે** યીમને અહરેમનને ખુશી કરવાની સલાહ આપી. યીમે તે પ્રમાણે અહરેમનને ખેંચવાને માટે વનમાં જઇ ગાવા માંડયું. તેથી અહરેમન હાજર થયો. યીમે તેની ખુશામદ કરવા માંડી, અને અહરેમન એક વખતે નભરવસ ઉભો હતો, ત્યારે તેના પેટમાંથી તેહમુરસને ખેંચી કાઢીને, તેના મુર્દાને દુખ્મામાં મુકયું. આમ કરવાથી યીમના હાથને રગતપીત થઇ, જેથી તેને બહુ ત્રાસ ઉપજયો. પણ અકસ્માતથી તે હાથ ગોધાના નીરંગને લાગો, તેથી સાજો ગઇ ગયો. નીરંગને શરીર સાફ કરવાના ઇલાજ તરીકે ભલામણ કરવામાં આવ્યો છે, તેનું આ એક કારણ જણાવવામાં આવે છે.

અર્દાવિરાફનામા પ્રમાણે અર્દાવિરાફને બહેશ્ત અને દોઝખ બતાવવા, અને તેમની સમજણ આપવા કાજે, **સરોષ** અને **આદર** યઝદો ગયા હતા.

આપણે જોઈ ગયા તેમ **સરોષ** યઝદના હમકારો અરદીબહેશ્ત, આદર, અને બેહરામ છે. એ ત્રણે હમકારો એના જેવાજ ઝળકતા, દબદબાવાળા, શક્તિવાળા અને ફતેહ,ફીરોઝી મેળવનારા છે. એ ચારે સાથે મળીને સૃષ્ટિને પોષે છે, સ્વચ્છ કરે છે, આગળ વધારે છે અને દરેક દુષ્ટ વીચાર, દુષ્ટ લાગણી, દેવ અને બુરી હસ્તીથી બચાવે છે, અને છુટકારો આપે છે.

ત્યારે **સરોષની** આરાધના આપણે જોઇ ગયા તે પ્રમાણે, ઠેકે ઠેકે અવસ્તા, ઇત્યાદીમાં થઇ છે. **સરોષની** ઇજશ્ને, યશ્ત, બાજ, વંદીદાદ, આફ્રિન્ગાન, **સરોષની** ક્ષ્નુમનવાળું ગેહસારણું, અને **સરોષની** ક્ષ્નુમન સાથની પતેત, એ **સરોષને** લગતી ખાસ અલાહેદી બંદગીઓ છે. મરણ બાદ પણ **સરોષના** આફ્રિન્ગાનનું, ભણવાનું, ત્રણ રાત્રી સુધી, અઇવેસ્રથ્રુમ ગાહમાં, ચાલુ રાખવામાં આવે છે. અને તેનું કારણ આપણે **સરોષની** નીગેહબાની જીવતાં જીવત રાત અને દીવસ હોય છે, અને ચીનવદ પુલ પસાર થાય ત્યાંસુધી, મરવા બાદ, તેની રાહબરી હોય છે, તે યાદ કરશું, તો સમજાઇ જશે.

જે મહાન કાર્ય **સરોષ** આખી સૃષ્ટિમાં કરી રહ્યો છે, તેની દરેક જરથોસ્તીએ નકલ કરીને, તેનાજ **ગુણો**, પોતાથી બને તેટલા પ્રમાણમાં, જીંદગીમાં બતાવવા અને ખીલવવા જોઇએ. આપણે જોઈ ગયા તેમ, યેંધ્હે હાતામની બરક્ત અને એઝમત ભરી બંદગી, આવા મહાન નમુનાઓ (Ideals), આપણી આંખ આગળ નીશદીન રાખીને, યથાશક્તિ પ્રમાણે તેમની **બરોબરી** કરવાને, અને તેમને ખરાં જીગરથી નમન, અને તેમની ઇજશ્ને કરી, તેમની સાથે **એકતાન** બનીને, **તેમને પહોંચવાને,** આપણને શીખાડે છે. યઝદાન કુલ જહાનને તે પરાક્રમ બજાવવાનું બળ આપો, અને અમેશાસ્પંદો, **સરોષ** અને અન્ય યઝદો, તેમાં પોતાની હેતવંતી સહાયતા આપો!

સર્વ જગતને સંપૂર્ણ સુખ! શાન્તિ! શક્તિ! જ્ઞાન! અને રોશની!

સમાપ્ત.

વેચવાનાં પુસ્તકો.

---

૧. Light of the Avesta and the Gathas.

અસલ કીમત રૂ. ૪. ઘટાડેલી કીમત રૂ. ૨. (થોડી નકલો બાકી છે.)

૨. 'બ્રહ્મજ્ઞાન.' અસલ કીમત આના બાર. ઘટાડેલી કીમત આના છ.

૩. 'કર્મ' (બાકી ફક્ત બે ડજન નકલો). કીમત આના છ.

૪. 'મુંબઈ નગરીનાં જરથોસ્તી ધર્માદા ખાતાંઓની ટીપ.'

(બાકી ફક્ત ચાર ડજન નકલો). કીમત આના ચાર.

પોસ્ટેજ જુદું.

લખનાર—મી૦ ફરેદુન કે. દાદાચાનજી, બી. એ., એલ. એલ. બી., સોલીસીટર.

ઠેકાણું:–૩૬૧, હોર્નબી રોડ, મુંબઈ.